શ્રી આગમોદ્ધારક સંગ્રહ ભાગ ૧૪

णमोऽत्थुणं समणस्स भगवओ महावीरस्स

# ષોડશક પ્રકરણ

( સદ્ધર્મદેશના શ્લો. ૧૪ )

# વ્યાખ્યાન સંગ્રહ ભા. ૨

—: દેશનાકાર :—

પરમપૂજ્ય આગમોદ્ધારક–આચાર્ય–
શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ

—: સંશોધક :—

ગણિવર્ય શ્રી ચંદનસાગરજી મહારાજ

—: અવતરણકાર :—

મુનિશ્રીસૌભાગ્યસાગરજીમહારાજ

પ્રકાશક :—

જૈન પુસ્તક પ્રચારક સંસ્થા

પ્રથમ આવૃત્તિ નકલ ૫૦૦.

[વિક્રમ સંવત–૨૦૧૩] [મૂલ્ય રૂા. ૨-૧૨-૦

શ્રી આગમોદ્ધારક સંગ્રહ ભાગ ૧૪

णमोऽत्थुणं समणस्स भगवओ महावीरस्स

# ષોડશક પ્રકરણ

( સદ્ધર્મદેશના શ્લો. ૧૪ )

# વ્યાખ્યાન સંગ્રહ ભા. ૨


—: દેશનાકાર :—

પરમપૂજ્ય આગમોદ્ધારક-આચાર્ય-
શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ

—: સંશોધક :—

ગણિવર્ય શ્રી ચંદનસાગરજી મહારાજ

—: અવતરણકાર :—

મુનિશ્રીસૌભાગ્યસાગરજીમહારાજ



પ્રકાશક :—

જૈન પુસ્તક પ્રચારક સંસ્થા

પ્રથમ આવૃત્તિ નકલ ૫૦૦.

[વિક્રમ સંવત-૨૦૧૩] [મૂલ્ય રૂા. ૨-૧૨-૦

પ્રકાશક-

શાંતીચંદ છગનભાઈ ઝવેરી
ગોપીપુરા કાજીનું મેદાન,
સૂરત

પ્રાપ્તિ સ્થાન
જૈનાનન્દ પુસ્તકાલય
ગોપીપુરા—સૂરત

મુદ્રક
વસંતલાલ રામલાલ શાહ
પ્રગતિ મુદ્રણાલય ખપાટિયા ચકલા,
સૂરત

# પ્રકાશીય નિવેદન

પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય શ્રી આનન્દસાગર-સૂરીશ્વરજી મહારાજશ્રીએ સં. ૨૦૦૨માં સુરતમાં આપેલા શ્રી ષોડશકજીના વ્યાખ્યાનોનું મુનિશ્રી સૌભાગ્યસાગરજી મહારાજે અવતરણ કરેલું છે. આનો પ્રથમ ભાગ વિક્રમ સં. ૨૦૦૫માં છપાયો છે. તેમાં પહેલા વ્યાખ્યાનથી ૨૩ સુધીના વ્યાખ્યાનો વાંચકોને અર્પેલાં, ૨૪મા વ્યાખ્યાનથી ૫૮ સુધીનાં વ્યાખ્યાનો આ બીજા ભાગમાં વાંચકોને અર્પેલાં છે. તથા તેઓશ્રીના પ્રણીત બે ગ્રન્થો સાનુવાદ અર્પ્યાં છે આ ગ્રન્થ છપાવતાં પૂજ્ય દેશનાકાર મહર્ષિના વક્તવ્યમાં મારી સમજફેરથી પ્રેસદોષથી જે કંઈ ક્ષતિ આવી હોય તે બુદ્ધિમાનોએ ક્ષંતવ્ય કરી સુધારીને વાંચવું.

પ્રકાશક

પૂજ્ય આચાર્ય શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજીના ઉપદેશથી શ્રી સુરત છાપરીઆ શેરીના જૈનસંઘ ઉપાશ્રયના જ્ઞાનખાતાની ઉપજમાંથી ભેટ

# આગમોદ્ધારક

## આચાર્ય શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ

**જન્મ :** સંવત ૧૯૩૧ અષાઢ વદ ०)) કપડવંજ

**દીક્ષા :** સંવત ૧૯૪૭ મહા સુદિ ૫ લીંબડી

**પંન્યાસપદ :** સંવત ૧૯૬૦ અષાઢ સુદિ ૧૦ રાજનગર

**આચાર્યપદ :** સંવત ૧૯૭૪ વૈશાખ સુદિ ૧૦ સુરત

**ધ્યાનસ્થસ્વર્ગવાસ :** સંવત ૨૦૦૬ વૈશાખ વદ ૫ સુરત

ગીતાર્થ સાર્વભૌમ, આગમસમ્રાટ્ શિલાતામ્રપત્રોત્કીર્ણાગમકારક, બહુશ્રુત



પૂ. આચાર્યશ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ

## પ. પૂજ્ય મુનિરાજ શ્રી મહેન્દ્રસાગરજી મહારાજનો
## —સંક્ષિપ્ત જીવન પરિચય—

બનાસકાંઠા જિલ્લાના **વાવ** ગામમાં ધર્મનિષ્ઠ શ્રદ્ધાળુ સુપ્રસિદ્ધ **ભગાણિ** કુટુંબમાં પારેખ **હેમચંદ રવચંદ**ના સુપત્નિ **હસ્તુબેન**ની કુક્ષિએ **સં.** ૧૯૭૨ના કારતક શુદ અગિયારસના દિવસે આપણા આ ચરિત્રનાયકનો જન્મ થયો. પુત્રનું શુભ નામ **તારાચંદ** રાખવામાં આવ્યું. શેઠ **હેમચંદભાઈ**ને ચાર પુત્રો હતા. તેમનાં નામ **રીખવચંદ, ચીમનલાલ, તારાચંદ, શાંતિલાલ.** છેલ્લા બે પુત્રોએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી. તારાચંદભાઈને પોતાની માતુશ્રી તથા લઘુ બંધુ સાથે મેસાણા આવવાનું થયું. ત્યાં ધર્મનિષ્ઠ શેઠ ભીખાભાઈ હાથીભાઈની અપૂર્વ સહાય મળતાં સ્કુલનું શિક્ષણ તેમ જ ધાર્મિક જ્ઞાન સારા પ્રમાણમાં ગ્રહણ કરાયું. આગળ જતાં મેસાણામાં ધર્મસંસ્કાર માટે સુપ્રસિદ્ધ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરવા લાગ્યા. તેઓશ્રીની બુદ્ધિ ઘણી કુશાગ્ર હોવાથી જે જે ભણવા માંડે તે ઝટઝટ કંઠસ્થ થઈ જાય. ધર્મશિક્ષણની સાથે ધાર્મિક–આચારમાં પણ ઓતપ્રોત બન્યા.

વિ. સં. ૧૯૮૭માં પોતાના વડિલબંધુ રીખવચંદભાઈ અમદાવાદ વસતા હોવાથી ત્યાં જવાનો પ્રસંગ આવ્યો. ત્યાં વિદ્યાશાળામાં તે વખતે બીરાજમાન પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદ–સાગર સૂરીશ્વરજી મહારાજના પરિચયમાં આવવાનું થયું. તેમની પાસે અભ્યાસ કરતા તેમ જ હૃદયંગમ શૈલીથી થતાં વ્યાખ્યાનો સાંભળતાં વૈરાગ્ય ઉત્પન્ન થતાં તેજ સાલના આશો શુદ અગિયારસના શુભ દિવસે તારાચંદભાઈએ નાની ઉંમરમાં ભાગવતિ દીક્ષા ગ્રહણ કરી. તેમનું શુભ નામ મુનિશ્રી મહેન્દ્રસાગરજી રાખવામાં આવ્યું. અને આગમોદ્ધારકના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. દીક્ષા લીધા બાદ જ્ઞાન, તપ, ક્રિયા, વૈયાવચ્ચ વિગેરે દરેક બાબતમાં ઉત્તરોત્તર આગળ વધવા લાગ્યા. આગળ ઉપર ઘણા સારા વિદ્વાન આચાર્ય બનશે તેવું બધાને લાગવા માંડ્યું. એટલી બધી ઝડપથી તેઓએ

વિકાસ સાધ્યો હતો. તેમ જ બુદ્ધિની તીવ્રતાથી ગમે તેવી ગૂંચ હોય તો પણ તુરત ઉકેલ આણી આપતા. તેઓ ઉપર પૂ. આગમોદ્ધારકશ્રીની અસીમ કૃપાદૃષ્ટિ વર્તતી. દીક્ષા લીધા પછી ત્રણેક વર્ષ પસાર થતાં સં. ૧૯૯૦માં પૂ. આગમોદ્ધારશ્રીનું ચાતુર્માસ મેસાણા ગામમાં થયું. સાથમાં તેઓશ્રી પણ હતા. ત્યાં તેઓએ પોતાના સંસારી લઘુબંધુ શાંતિલાલ જે ત્યાં પાઠશાળામાં અભ્યાસ કરતા હતા તેમને પણ પોતે લીધેલ મોક્ષમાર્ગે વળવા પ્રેરણા આપી. તે પ્રેરણાના સિંચનથી ચાતુર્માસ બાદ શાંતિલાલે દીક્ષા લીધી. તેમનું નામ મુનિશ્રી સૌભાગ્ય સાગરજી રાખીને પોતાના શિષ્ય બનાવ્યા. બંને ગુરૂ શિષ્ય જ્ઞાન, ધ્યાન, તપ, ક્રિયા વૈયાવચ્ચ વિગેરેમાં સતત ઉદ્યત રહેવા લાગ્યા. પરંતુ પૂર્વકર્મનો ઉદય કેવો અને કયારે આવી પહોંચે એ કોણ જાણી શકે છે? આ આપણા ચરિત્ર નાયક શ્રી મહેન્દ્ર સાગરજી મહારાજની તબીયત અશાતાના ઉદયે સં. ૧૯૯૧માં બગડવા માંડી. છ વર્ષ સુધી કાયમ નિષ્ણાતોના ઉપચારો તથા બની શકે તેટલા સર્વપ્રયત્ન કરવા છતાં ન જ સુધરી. તેમની તબીયત સુધારવા માટે તો શીહોરના સ્ટેશન નજીકની ધર્મશાળામાં બે મહિના પૂ. આગમોદ્ધારકશ્રીએ સ્થિરતા કરી. પરંતુ અશાતાનો ઉદય વધવાનો જ હોય ત્યાં શું થાય? આટલી બધી અશાતા હોવા છતાં સહનશીલતા ગુણ અપૂર્વ હતો. સમય પસાર થતાં સં. ૧૯૯૬ના ભાદરવા વદ ૬ને દિવસે સવારના સાડાત્રણ લગભગ સિદ્ધક્ષેત્ર (પાલીતાણા)માં ચોવીશ વર્ષની યુવાન વયે સ્વર્ગવાસ સિધાવ્યા. તેઓશ્રી સ્વર્ગવાસ પામતાં સમુદાયમાં તથા બીજે બધે પણ 'એક ભાવિ મહાન પુરૂષ અકાળે ગુમાયો' એમ બધા વ્યથિત હૃદયે કહેતા હતા.

તેઓશ્રીનો જ્ઞાનધ્યાન માટેનો ઉત્સાહ, ગુંચવણભર્યા કાર્યોમાં સૂઝ ને માર્ગદર્શન, વૈયાવચ્ચ, પઠન પાઠન પ્રવૃત્તિશીલતા વિગેરે હજી પણ પ્રેરણા દાયક તરીકે યાદ આવ્યા કરે છે. આવા ગુણધારક પૂ. ગુરૂદેવને ભુરિ ભુરિ વંદના હો.

**ગુણવંતલાલ જેચંદભાઈ ડાર**

પૂજ્ય

# મુનિરાજશ્રીમહેન્દ્રસાગરજીમહારાજ

જન્મ : સં. ૧૯૭૨ના કાર્તિક સુદ અગિયારસ, વાવ (જી. બનાસકાંઠા)



દીક્ષા : સં. ૧૯૮૯ માગશર સુદ અગિયારસ, રાધનપુર (અમદાવાદ)

સ્વર્ગવાસ—સં. ૧૯૯૯ ભાદરવા વદ ૬ (સિદ્ધક્ષેત્ર)

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स
अनन्तलब्धिनिधानाय श्रीगौतमगणधराय नमः

# ષોડશક પ્રકરણ

## વિભાગ બીજો

## ( સદ્ધર્મદેશના )

દેશનાકાર
પરમપૂજ્ય, બહુશ્રુત, આગમોદ્ધારક, આચાર્યદેવેશ
શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ

卐 વ્યાખ્યાન ૨૪ 卐

સં. ૨૦૦૨ના અષાડ વદ ૧, સોમવાર ૧૫–૭–૪૬
સુરત

वचनाराधनया खलु धर्मस्तदबाधया त्वधर्म इति ।
इदमत्रधर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ॥१२॥

**ઈશ્વરને કર્તા માનનારાઓ ઇશ્વર માટે એકમત નથી.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને રચતાથકાં આગલ સૂચવી ગયા કે–આ સંસારમાં જેઓ સંજ્ઞીપંચેન્દ્રિયો વિચારવાળા છે. તેઓ બે રસ્તે હમેશાં વિચાર કરે છે. તે કીયા ? કાં તો પોતાનો અનુભવ, કાં તો અનુભવવાળાના શબ્દો, આ બે દ્વારાએ પોતાના હિતની પ્રાપ્તિનો અને હિતના નિવારવણનો વિચાર કરી શકે છે.

સર્વ મતવાળા–દર્શનવાળા આસ્તિકો પરસ્પર દેવની વ્યક્તિઓ ગુરૂવ્યક્તિઓ અને ધર્મની વ્યક્તિઓને અંગે મતભેદવાળા છે. પણ દેવગુરૂધર્મપણાના અંગે કોઇ પણ ભેદવાળા નથી. દરેક આસ્તિકો દેવગુરૂધર્મને માનવાને તૈયાર છે. કોઈ આસ્તિક પોતાને હું પરમેશ્વર–ગુરૂ–ધર્મને નથી માનતો તેમ કહેવા તૈયાર નથી; દરેક આસ્તિકો દેવાદિ માનવા તૈયાર છે. તેઓ દેવાદિને માને છે, પણ કોના આધારે! તો પોતે અનુભવથી કે અનુભવીના વચન દ્વારાએ માને છે. કોઇને પોતાના દેવ પ્રત્યક્ષ નથી જૈનેતરોને મહાન ઉપાધિ, કેમ? જૈનેતરોને દેવ સૃષ્ટિના સર્જનહાર તરીકે માનવાના હોય. શૈવ શિવને, વૈષ્ણવો વિષ્ણુને દેવ તરીકે માનવા તૈયાર છે. એક વખત જૈનો કહે કે તમે બધા સૃષ્ટિના સર્જનહારનું નક્કી કરી આવો! પછી મનાવવા તૈયાર થાવ. ઈશ્વરની સત્તા સામે બંડખોરો છે, બધા એક મુદ્દાના થઈને આવો! કોણ સૃષ્ટિના સર્જનહારી? ઈશ્વરને કર્તા જૈનો તો માનતા નથી ને? ના. આ બધું દુનિઆનું તો કુદરતિ પુદ્ગલના સ્વભાવનું છે; ઈશ્વરે નહિ પેદા કરેલી જાત તે પોતે પેદા કરી લે છે.

ખચ્ચરની જાત મનુષ્યે કરી કે બીજાએ? ઘોડા ઘોડીને ઉંચી કરી, આંબામાં કલમ, ફલાણા ઝાડમાં ફલાણું તે કોને કર્યું? સ્વાભાવિક કે આપણા ઉદ્યમનું. સૃષ્ટિના સર્જનમાં કિંમત ગણો તો કુતરીઓ ભુંડણીઓની કિંમત વધારે ગણવી. તે જેટલા સર્જે છે પેદા કરે છે તેટલા બીજા નથી સર્જતા–પેદા કરતા. જૈનો સૃષ્ટિના સર્જનને સ્વાભાવિક માને છે. લુણની, લોઢાની, પત્થરની, કોલસાની અને અબરખની ખાણમાં પડેલો કચરો અમુક વર્ષે લુણપણે, પત્થરપણે, કોલસાપણે, અબરખપણે થાય છે. જેઓ સ્વભાવિક સર્જન ન માને તેને ઈશ્વરની ડગલે પગલે ગુલામી માનવી પડે છે. મનુષ્યે લીંબોડી વાવી એટલે એને-ઇશ્વરને આખો લીંબડો બનાવવો જોઈએ. બીજ વાવે તેમાં આખું ઝાડ કરવામાં ઇશ્વર બંધાયો.

**જૈનો પરમેશ્વરને કઈ રીતે માને છે ?**

જૈનો પરમેશ્વરને માને છે પણ તે સ્વતંત્રતાના સર્જનહાર તરીકે; તે કઈ રીતે માને છે ? આત્મા અનાદિકાલથી પુદ્‌ગલની પરાધીનતામાં કર્મની જંજીરમાં જકડાઈ સપડાઈ રહેલો છે. તેમાંથી પોતે મુક્ત થાય અને બીજાને કરાવે છે. તેથી તે સ્વતંત્રતાના સર્જનહાર, તેથી જ પરમેશ્વરને ઉપકારી ગણે છે.

ઇશ્વરના આડતીયા ! દરેક આસ્તિકો ગુરુમાનવા તૈયાર છે. જેઓએ ઈશ્વરને કર્તા તરીકે માનવો હોય તેને ગુરૂ એટલે ઈશ્વરના આડતીઆ. તમે ગુરૂને આપો એટલે ઇશ્વર તમને આપે. ગુરૂ જેટલું લે તેટલું ઈશ્વર આપવા બંધાયો. આજકાલ જાહેરખબર થાય છે. ફલાણો છોકરો ફલાણો ભાગીદાર આવો છે માટે મારે હિસાબે લેણદેણ કરવી નહિ. આટલું રાજીનામું ફારગતિ જાહેર થઈ શકે છે, આ ફારગતિ ઈશ્વરથી નથી થતી. ઈશ્વર કેટલાનું ચૂકવશે. પાદરીનું, આગાખાનનું, વૈષ્ણવનું કોનું કોનું ચૂકવશે આવું–જૈનશાસનમાં નથી.

કોઇ ગુરૂને દાન દે તો સુપાત્ર ગણાય, તેનું ફલ જીનેશ્વર આપે તેમ નથી. જે પુણ્ય કરશે તે તેના આત્માનું કલ્યાણ કરશે. બીજાઓએ લાભ શામાં માન્યો ? સંસારવ્યવહારમાં; ત્યારે જૈનોએ ત્યાગ દાન શીલ વિગેરેમાં લાભ માન્યો.

ધર્મનું સ્વરૂપ બીજાએ અને જૈનોએ કયું માન્યું ? વિવેચન મતાંતરે જુદુ છે. પણ મુખ્ય રીતે બધા દેવ–ગુરૂ–ધર્મને માને છે. કયા દેવ, કયા ગુરૂ, કયો ધર્મ માને છે તે વાતો પેટા ભેદમાં છે. વિચાર કરીએ તો બધા આસ્તિકો દેવ ગુરૂ ધર્મને માને છે.

બધાઓ દેવને શાના આધારે માને છે. ? આસ્તિકોએ પોતાના દેવને દેખ્યા નથી, પણ ગુરૂને માન્યા છે ધર્મને માન્યો છે દેખ્યો છે. પણ તે દેવે કહેલા વચનના આધારે મનાય છે, જે મનુષ્ય જે મત સ્વીકારે તે તેના ગુરૂ અને ધર્મને માને

તેનો પલટો દેવ માનવા ઉપર; બીજીવાત જગતમાં દેવને નામે ધર્મ છે. વિષ્ણુ જેમાં દેવ મનાય તે વૈષ્ણવ, શીવને દેવ માને તે શૈવો. ઇસુ જેમાં દેવ મનાય તે ક્રિશ્ચિયન. મહમદ જેમાં દેવ મનાય તે મુસલમાન; તેમ જીનેશ્વરના નામે જૈનો છે. પણ તેમાં ફરક કયાં? દેવ જો સાચા મળી ગયા તો ગુરૂ ધર્મ માનનારો સાચે રસ્તે આવે, દેવ ખરાબ મલ્યા તો ગુરૂધર્મ માનીએ તે ખોટા રસ્તે; કોઇ જાણીને ખોટું માનવા તૈયાર નથી. પણ સાચા જુઠાની પરીક્ષા થતી નથી. કોઈ સાચાને કોઈ ખોટાને વળગ્યા, આતો પરોક્ષ છે કારણ કે દેવ પ્રત્યક્ષ નથી. તેથી કયા સાચા ગુરૂ–ધર્મ, કયા ખોટા ગુરૂ ધર્મ તે નક્કી થાય નહિ.

**વચન વિશ્વાસે–પુરૂષ વિશ્વાસ.**

શાસ્ત્રકારે 'વચન વિશ્વાસે પુરૂષવિશ્વાસ' કહ્યો, પણ 'પુરૂષવિશ્વાસે વચન વિશ્વાસ' ન કહ્યો; કલ્પસૂત્રમાં સાંભળીએ છીએ તેમાં વિશ્વાસ શબ્દ મહાનતાવાચક છે તેથી એ અર્થ ગંભીર વિસ્તારવાળો છે. પુરૂષના ઉપર ભરોસો આવ્યો હોય, સાચા ઉત્તમ ગણ્યા હોય તે શાથી? જે વચન નીકળે તે ભરોસાદાર લાગે તેથી. જે તમારી બારાખડી તેના અક્ષરો છે ને? છોકરું અને મોટા બોલે તેમાં બારાખડી અને શબ્દ સરખા છે. મોટા બોલે તો વિચાર કરવો પડે પણ છોકરૂ બોલે ત્યારે કંઇ વિચારવાનું નહિ, તેમ કહી દો છો. પરંતુ વકતા બુદ્ધિશાળી તેથી તેના વચન પર વિચાર કરવો પડે છે. તેમ સન્માનલાયક વ્યક્તિ તે હોય કે જે વચન ઉચ્ચારે તે ઉપર વિશ્વાસ કરવો પડે, આ વચન વિશ્વાસ તે સન્માનને અંગે છે.

ચાલુ વાત ભરોસો મેલવા ઉપર ચાલે છે, પણ ભરોસો પહેલાં વ્યક્તિનો કે વચનનો? વચનની પરીક્ષાદ્વારાએ વ્યક્તિને ઉત્તમ ગણીએ કે વ્યક્તિને ઉત્તમ ગણીને પછી વચનનો વિશ્વાસ ગણીએ છીએ. યુક્તિસર બુદ્ધિથી યોગ્ય બોલે છે કે નહિ તેનો નિયમ ન હોય તેવાના વચન ઉપર વિચાર કરવા બેસીએ છીએ?

ના. ભરોસો સેંકડો વખત તેના વચનથી આપણને સાબિત થયો ત્યારે આ ભાઇ સાચો છે. એમ ચોક્કસ કહો છો.

**દેવનો ભરોસો ક્યારે ?**

વચનની સત્યતા દ્વારાએ દેવનો ભરોસો, શાસ્ત્રદ્વારાએ દેવ પ્રત્યક્ષ છે નહિ. દેવ પ્રત્યક્ષ હતા ત્યારે મહાવીર મહારાજને ગૌતમ સ્વામીએ માન્યા, તે શાથી? તેઓ સાચા છે તેથી માન્યા કે મહાવીર મહારાજ કહે છે તેથી માની લીધા? મહાવીર સાચા તેથી માન્યા છે. આજના કાળમાં દરેક જાતવાળાને શાસ્ત્રના વચન દ્વારાએ પોતાના પરમેશ્વરને માનવા પડે, હયાતિ વખતે જે માર્ગમાં નથી આવેલા તેને વચનદ્વારાએ દેવપણું માનવાનો વખત રહે છે.

**દેવની માન્યતા શાસ્ત્રના આધારે**

આ૦ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે કહ્યું છે કે—

यदीयसम्यक्त्वबलात्प्रतीमो भवादृशानां परमस्व (मात्म)भावं।
कुवासनापाशविनाशनाय नमोऽस्तु तस्मै तव शासनाय् ॥
(महा० स्तोत्र) श्लो० ॥२१॥

હે ભગવાન ! તમારા શાસનને નમસ્કાર છે. આથી એક અપેક્ષાએ તમને નહિ; તમે કેવા છો તે મેં નજરે દેખ્યા જાણ્યા જોયા નથી. જે આ બતાવે છે કે તેઓ આવા હતા, શાસ્ત્રોના-શાસનના સુંદરપણાને અંગે બરોબર તમારા પર ભરોસો આવે છે; તમારા જેવા વીતરાગ પરમાત્મા તેના જે જે ઉત્તમ સ્વભાવો-ગુણો-ધર્મો આ બધા દ્વારાએ તમોને જાણીએ છીએ; આ સિવાય અમારી પાસે બીજું કંઈ સાધન નથી; તમારા જેવા ઉત્તમ સ્વામિના ઉત્તમગુણો જે જાણી શકીએ છીએ; તમને સાક્ષાત્ દેખ્યા નથી, તમારી પાસે સાક્ષાત્ સાંભળ્યું નથી, પણ શાસ્ત્રનું સાચાપણું છે તેથી અમે જાણ્યા તમોને, જડપણાનો પવન આત્માને લાગે તેમાં વાંધો નહીં, તેમાંથી બચી શકીએ તો આ

શાસ્ત્રના આધારે, તમે તેમાં આડા નથી આવતા; અન્યમતના વાંધાએ તમે ગુરૂ અને ધર્મને પણ આડા નથી ઉભા રહેતા. જે બીજાના વાંધાએ પડે તેને કાઢનારૂ કોઈ હોય તો આ શાસ્ત્ર, કુવાસનાના પાશો જે વડે બંધને પડેલાને નાશ કરે તે તારૂં શાસન છે; માટે તારા શાસનને અમે નમસ્કાર કરીએ છીએ.

**શ્રોતા કેવા જોઇએ ?**

આ૦ હેમચંદ્રસૂરિજી મહારાજ જણાવે છે કે—

**श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश ! तत् ।**
**त्वच्छासनस्य साम्राज्यमेकच्छत्रं कलावपि ॥ वीतरा० ॥**
**प्र. ९ श्लो० ३ ॥**

હે ભગવાન ! આ કલિયુગ છે છતાં તેમાં સાંભળવાવાળો, શાસ્ત્રની શ્રધ્ધાવાળો, જેમ તેમ હોય તેમ નહિ; પરીક્ષા માટે કહે છે કે–એક ગામ હતું ત્યાં સાધુમહારાજ વ્યાખ્યાન વાંચે છે. તેમાં વસતિ થોડી હતી જાણકાર આદમી ફકત એક જ છે, તેને અડચણ ઉભી થઈ, ઘરમાં કોઈ છોકરો મરી ગયો તેથી નથી આવ્યા, વ્યાખ્યાનનો વખત થયો બધા કહે કે મહારાજ વાંચો ! ત્યારે મહારાજે કહ્યું કે ફલાણા શેઠ નથી આવ્યા, આવા ઉત્તરો આપવા માંડયાઃ 'આજકાલ ખાલી ચણો વાગે ઘણો' તેમ અમે શું સાંભળનારા નથી ! સાંભળનાર નથી માટે સાધુએ અહિં વિચાર્યું કે આ શ્રોતાઓમાં શ્રોતાપણું નથી આવ્યું, આથી એક કથા વ્યાખ્યાનમાં કહી. એક રાજા રયવાડી ગયો હતો, જંગલમાં ભૂલો પડયો, અને ઘોડો થાકયો હતો પોતાને પણ ભૂખ લાગી તરસ લાગી હતી. આથી તે એક ઝાડ નીચે બેઠો. તેની નીચે કીડી જોઇ તે કીડી રાજાને ગમી; રાજા તો તેને જોડે લાવ્યો, તેને રાજી કરવા માટે હીરામોતીના દાગીના કરાવ્યા; શેઠ વ્યાખ્યાનમાં નહોતા આવ્યા પણ શ્રવણનો રસ હતો આથી ઘેર શોકમાં આવેલાને પુછયું કે મહારાજે વ્યાખ્યાનમાં શું કહ્યું ?

શ્રવણ કરવા ગયેલાઓએ કહ્યું કે મહારાજે આવી કથા કહી. ત્યારે શેઠ વિચાર્યું કે કીડી માટે આટલા ઘરેણાં! બીજે દહાડે વ્યાખ્યાનમાં શેઠ આવ્યા. શોક ક્યાં? સંસારમાં, ધર્મમાં નહીં. તેથી બીજે દહાડે વ્યાખ્યાનમાં આવીને શેઠ બેઠા, શેઠને કીડીના દાગીનાની વાતે ચટપટી લાગી હતી. આથી મહારાજને પુછ્યું કે વ્યાખ્યાનમાં આવી વાત આવી હતી? કે તેમના કહેવામાં ફેર છે? ના, વાત આવી હતી. તો મારે તેમાં પુછવાનું કે તે કીડી કેવડી? મહારાજે ઉત્તર દીધો કે આ બધામાં અક્કલ નથી; કીડીના ઘરેણાં કરાવ્યાનું કહ્યું તેમાં હા હા કરી.ગયા પણ એકે એ ન પુછ્યું કે મહારાજ કીડી કેવડી? 'આણું તાણું કંઇ ન જાણું શેઠ વચનપ્રમાણું' એ તો સાહેબ! અણસમજુ છે, પણ આપ તો જુઠ્ઠી વાત ન બોલો, આથી આપને વસ્તુ સ્વરૂપે પુછું છું કે કેવડી? અથવા ગોળા ગબડાવ્યા? આ પ્રમાણે શેઠે કહ્યું. મહારાજે જણાવ્યું કે કીડી નામની બાઈ ઉપર રાગ થયો આથી તેને જનાનામાં નાંખી આણા માટે રાજાએ ઘરેણાં કરાવ્યાં. કહેવાનું એ છે કે સત્યમાર્ગ 'श्राद्धः श्रोता' શ્રોતા શ્રદ્ધાવાળો જોઈએ, અણસમજુશ્રોતાઓ આગળ ગુરૂએ ગાડા ગબડાવ્યાં?

**જૈન-શાસ્ત્રને જુઠ્ઠા કહેનારા, જૈનશાસ્ત્રને માનનારા નથી.**

હું કહું છું માટે માનો! એ આ શાસનમાં ન ચાલે. અહિં ચોથમલજી નથમલજીનું સમકિત નથી ચાલતું હું કહું તે માનો! તે આ શાસનમાં નથી ચાલતું. શાસ્ત્રકાર કહે છે કે વક્તા અને શ્રોતા બન્નેય શ્રદ્ધાવાળા જોઇએ, એ બેનું જોડું મલી જાય. હે પ્રભુ! તારા શાસનનું ચક્રવર્તીપણું છે. કળિયુગ છે છતાં પણ એક છત્રી તારૂં સામ્રાજ્ય છે. એમ કોના આધારે શ્રોતાનું શ્રાવ્યપણું અને વક્તાનું બુદ્ધિશાળીપણું તે તેઓના વચનના આધારે છે. વચનના આધારે દેવગુરૂધર્મને જાણવાનું, જૈન હોય કે જૈનેતર હોય પણ સર્વને પોતપોતાના દેવાદિને માનવાનું સાધન માત્ર વચન છે. તે સિવાય પોતાના દેવાદિને કોઇપણ જાણી શકે

નહિ. કારણકે–ધર્મપણું તે ઇન્દ્રિયનો વિષય નથી. ગુરૂપણું દેવપણું તે બન્ને પણ ઇન્દ્રિયનો વિષય નથી. એ બધું આપણા અનુભવનો વિષય નથી. તો આટલો બધો આધાર શાની ઉપર? દરેક મતવાળા દેવ ગુરૂ ધર્મમાં આધાર પોતાના મતના શાસ્ત્રના ઉપર રાખે છે. વૈષ્ણવો ભાગવતના આધારે, શૈવો સ્મૃતિના નામે, બ્રાહ્મણો વેદના આધારે, તેમ દરેક પોતપોતાના મતના શાસ્ત્રના આધારે માને છે. બ્રાહ્મણ કહે કે વેદ પડયા ખાડમાં! હું કહું છું તે માનો! તેને બ્રાહ્મણ કહી શકાય? શૈવ કહે પુરાણ ગયું લાયમાં! ભાગવત ગયા પાણીમાં તેવું બોલનારને વૈષ્ણવ કહી શકાય? ના. તેવી રીતે જૈનશાસ્ત્રોને જુઠ્ઠા–અસિદ્ધ–અપ્રમાણ કહેનારો તે જૈનશાસ્ત્રનને માનનારો ન ગણાય, છતાં તે જૈનશાસનને માને તો માનનારાઓને ઠગવા માટે; ઠગારાપણું ન હોય તો જેના આધારે દેવાદિને જાણે અને બીજાને જણાવે છે તેને જુઠ્ઠા અપ્રમાણ કેમ ગણાવે? જે માનીએ છીએ તે શાસ્ત્રના આધારે.

**શાસ્ત્રની પરીક્ષા કરવી જોઇએ.**

શાસ્ત્ર તો દરેક મતવાળા માને છે, ક્રિશ્ચિયન બાઈબલને, મહમદી કુરાનને, બ્રાહ્મણો વેદને, શૈવો પુરાણને માને છે. માટે **बहुलवाद परीक्षावतार**—જે વસ્તુ ઘણી હોય ત્યાં ચોકસી કરવી પડે. એક જ ચીજ હોય તેમાં સાચા ખોટા પણાનો ભેદ નથી હોતો, પણ ઘણી ચીજો હોય તો ચોકસાઇ કરવાની રહે છે, શાસ્ત્રો દરેક મતવાળાનાં જુદાં જુદાં છે. કોઈ મત શાસ્ત્ર વગરનો નથી. આમાં સાચુ શાસ્ત્ર કયું? તે પરીક્ષામાં ઉતરો! પરીક્ષાદ્વારાએ વચનને તપાસવું જોઇએ. તેમાં જે વચન સિદ્ધ થાય તે વચનદ્વારાથી દેવાદિપણાની શ્રદ્ધા કરવી.

**મનુષ્યપણુ દુર્લભ અને અનંતપણાની ઘટના.**

દેવની–ગુરૂની–ધર્મની શ્રદ્ધામાં મૂળ કોણ? વચન, સમ્યક્ત્વની જડ વચનમાં છે. આ વાત વિચારશો તો સમજાશે કે

આ આત્મા અનંતી વખત મનુષ્યપણું પામ્યો, તેને તો દુર્લભ કહીએ છીએ, તે તો અનંતીવાર પામ્યો તે કેમ મનાય ? 'दुल्लहे खलु माणुसे भवे' અનંતી વખત મનુષ્યપણું આવ્યું, આમ બે વાત કરો છો તો તે પ્રમાણ કઇ રીતે ગણાય ? વાત ખરી, કયા મુદ્દાએ' અનન્તી વખત જે મનુષ્યપણું આવ્યું તે કેટલા કાળે અનંતી વખત આવ્યુ ? અનંતા કાળે, મનુષ્ય થયેલો તે મનુષ્ય થઇ શકે છે. પૃથ્વીકાયાદિનિગોદમાં અનંતાપુદ્ગલપરાવર્તો ચાલ્યા જાય ત્યારે મનુષ્યપણું પામે આવી રીતે આવ્યો તો તે દુર્લભ એવી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી ચાલી ગઈ પછી મનુષ્ય ભવ અનંતા થાય કે નહિ થાય ?

'અનંતા ભવોમાં હાથીઓના જેટલું જ્ઞાન ભણ્યો, આ હાથી અહિંનો ગણવાનો નહિ. અહિંના હાથીનું માન તેમાં ન મનાય, કારણ કે દરેક આરે જુદુ પ્રમાણ હોય છે. મહાવિદેહના અવસ્થિત કાળનો હાથી લેવાનો છે. એક હાથી જેટલી રુસનાઇથી એક પૂર્વ, લખાય, ત્યાંથી આગલ ડબલ ડબલ હાથી પ્રમાણ સહિંથી લખાયેલા પૂર્વો બધા અનુક્રમે જાણવા; નવલભાઈ જેવા કહે કે એટલું બધું શું ? આ અવસર્પિણીમાં અસંખ્યાતા કેવલિ થયા તેમનું ચરિત્ર લખવા બેસે તો કેટલું થાય તે વિચારો ? કેવલિના ચરિત્રને અંગે બધા ગણધરો, ચૌદપૂર્વિઓ, સાધુઓ, મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન તીર્થંકરના જાતિ-બલ-કુલના ચરિત્રો હોય તો કેટલા પ્રમાણનું થાય, અસંખ્યાત દ્વીપની અસંખ્યાતિ માટી ખરીને ? હા, તેના રૂપો જુદાને ? હા. અસંખ્યાતા દ્વીપોમાં રહેલી માટી-પાણી-વનસ્પતિના સ્વભાવોનું નિરૂપણ કરે તો તેના જીવો જુદા જુદા ને ? હા, અસંખ્યાતા દ્વીપોમાં રહેલી માટી-પાણી-વનસ્પતિના સ્વભાવોનું નિરૂપણ કરે જુદુ જુદુ ને ? હા. આ માટીના સંયોગને આ માટીવાળો મળે તો આમ આમ થાય ! કલ્પના કરી લો તો આ માટીપણાનો છેડો કયાં ? તેમાં હાથીનું શું. તેવા લાખ હાથીઓ હોય તો યે શું એવા હાથીના હાથી જેવા જ્ઞાનો પણ અનંતી વખત ધરાવ્યા.'

**એકડો કેમ થયો નહીં?**

દેશોનદશપૂર્વ સુધી ભણ્યા, તીર્થોધ્ધારો કર્યા, પ્રતિમાઓ ભરાવી, સામાયિક–પ્રતિક્રમણ–પૂજા વિગેરે પણ અનંતીવાર કર્યાં. અનંતી વખત આ કર્યું પણ એકડો ન થયો. કયા કારણે એકડો ન થયો? વચનના ભરોસે આવ્યો નહી તેથી, વક્તાના ગુરૂના ધર્મના ભરોસે ગયા. તેના આધારે જીંદગીઓ અર્પણ કરી; ઘરબાર ભાગી ગયા હતા અને પછી નીકળ્યા હતા તેમ નહી. બધું કર્યું. પણ ન્યૂનતા વચનના વાવેતરમાં રહી. આથી અનંતી વખત સાધુપણું, દેશવિરતિપણું લીધું, નવગ્રૈવેયક ગયા છતાં પણ એકડો ન થયો કારણ? વચનના વિશ્વાસમાં ન આવ્યો તેથી. માટે હરિભદ્રસૂરિજી કહે છે કે–ભયંકરમાં ભયંકર હોય તો વચન ઉપર વિશ્વાસ ન હોય તે છે. વિશ્વાસ કેવો હોવો જોઈએ તે ઉપર દ્રષ્ટાંત વિચારવા જેવું છે. ચંદ્રગુપ્તની નાની ઉંમરની વાત છે. ચાણાકયે નંદના રાજ્ય ઉપર હલ્લો કર્યો ત્યારે નંદના ઘોડેશ્વરો દોડયા હતા, શા માટે? ચંદ્રગુપ્ત અને ચાણાકયને પકડવા, ચંદ્રગુપ્તથી તો હવે બચાય તેમ હતું નહીં. પકડવા નીકળેલા નજદીક આવી ગયા. ત્યાં તળાવ હતું, ચાણાકય ધોવા લાગ્યો ચંદ્રગુપ્તને તળાવમાં મોકલ્યો, પેલો તરતો તરતો અર્ધો ગયો. ત્યાં તો પેલા સ્વારો આવ્યા અને પુછયું કે અરે! ચંદ્રગુપ્તને જોયો? ત્યારે કહ્યું કે અલ્યા પેલો જાય! આ કોણ બોલે છે! ચાણાકય જ તેને બતાવે છે. પેલાને પાણીમાં ઉતરવું પડે તેમ હતું એટલે, ઘોડા ઉપરથી નીચે ઉતરવું જોઈએ; આથી તે ઘોડા ઉપરથી જલ્દી ઉતરી ગયો, અને જ્યાં તળાવમાં જવા લાગ્યો એટલે ફટ લઈને ચાણાકયે પેલા સીપાઈને ઉરાડી મૂકયો. પછી ચંદ્રગુપ્તને બહાર કાઢીને આગળ ચાલતાં પુછયું કે સીપાઈ આવ્યો ત્યારે મેં તને પકડવા મોકલ્યો તે વખતે તેં શું ધાર્યું હતું? ત્યારે ચંદ્રગુપ્તે કહ્યું કે 'વડીલ કરે તે ફાયદા માટે' આવો વિશ્વાસ વચન ઉપર ન આવે તો ભયંકરમાં ભયંકર પરિણામ

આવે છે. જે અનંતા ભવો ગયા છે તે વચન ઉપર ભરોસો નહીં આવવાથી ગયા છે, વચન ઉપર ભરોસો આવે ત્યારે નજીક મોક્ષનું ચિહ્ન 'आणाए धम्मो' શાસ્ત્રદ્વારાએ ધર્મ-તપ-સંયમ, માટે 'वचनाराधनाय' વચનની આરાધના જ ધર્મ; વચનની પરીક્ષા કેવી રીતે કરવાની તે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

---

## 卐 વ્યાખ્યાન ૨૫ 卐

**અનંતા ભવોમાં એકજ ધ્યેય.**

'वचनाराधनया खलु'-શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આજીવ અનાદિકાલથી રખડપટ્ટી કરી રહેલો છે. અનંતા જન્મો અને મરણો કર્યા છે. ભવોભવમાં પણ એક વસ્તુ એની ધારણામાં હમેશાં રહી છે, તે એવી રીતે રહી છે કે કોઈ દિવસ ખસી નથી અને ખસવાની પણ નથી. સર્વ જાતિ ગતિમાં ફર્યો ત્યાં પણ એજ ધ્યેય હતું. કયું ધ્યેય? તો સુખની પ્રાપ્તિ. કેમકે એકેન્દ્રિયમાં સુખનું સંવેદન છે, તેને સારૂં લાગે છે. બેઈન્દ્રિયાદિની જાતિમાં સુખને સારૂં ગણેલું છે. નારકી વિગેરે ગતિમાં સુખને સારૂં ગણેલું છે. ૮૪ લાખ યોનીમાં સર્વ ભેદોમાં ભટક્યો ત્યાં પણ સુખને સારૂં ગણ્યું છે. આ આત્મા સર્વકાલ સુખની ઈચ્છાવાળો છે.

**પોતાની જેમ સર્વ જીવોમાં જોવું એટલે શું?**

આ૦ હેમચંદ્રસૂરિજી મહારાજે બીજાના શ્લોકને ફેરવીને સુધારી નાંખ્યો. 'आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति' પોતાના આત્માની માફક બીજા જીવોને જુવે તે ખરેખર જોનારો ગણાય. આ રીતે તો જુલ્મ થવા માંડે, પોતાને બુદ્ધિ ન હોય તો, નિરોગી હોય તો, રોગી હોય તો તે જગતમાં બધાને પોતાના

જેવા છે. તેમ માનવા, જોવા લાગે. પોતાના જીવની માફક બીજાને ગણવો તે કઈ અપેક્ષાએ તે સમજવું જોઇએ, લાભ ગુણ અને અવસ્થાએ **'पुढो सत्ता पुढो कम्मा'**–જગતના દરેક જીવો અને દરેકના કર્મો પણ જુદા છે. કર્મ પોતપોતાને ભોગવવું પડે. માડી જેવી પણ જે છોકરો વહાલો હોય તેની આંગળી પાકે તો તે દેખીને દુઃખી થાય છે. પણ દુઃખ ઓછું કરનાર ન થાય. સ્હામાના સુખદુઃખના ભાગી છીએ તે તો કહેવાનું! બાકી કોઈ કોઈના સુખદુઃખમાં ભાગ લેતું નથી. પોતાના કરેલા કર્મો પોતાને જ ભોગવવાં પડે છે. આખા ઘર માટે શાક સમારતા હોય તે શાક ખાનારૂ આખું કુટુંબ છે, પણ શાક સુધારતાં આંગળી કપાય તો દુઃખ કોને થાય? ચોર ચોરી કરીને માલ લાવે તેના ભાગીદાર કોણ? બધા. ચોર–ખુની પકડાય તો સજા કોને થાય? ચોરી ખુન કરનારને થાય, કરનારને ફલ ભોગવવાં પડે છે. તેમ કોઈનું કરેલું કર્મ બીજુ કોઈ ભોગવી શકતું નથી. સર્વને પોતાનાં કર્મ ભોગવવાં પડે છે. તેથી દરેક પોતપોતાના કર્મ પ્રમાણે સુખદુઃખ મેળવે છે. તમારા આત્મા જેવા બીજાને દેખવા તે દુઃખસુખની અપેક્ષાએ. **'आत्मवत् सर्वभूतेषु दुःखसुखे प्रिया-प्रिये'** જેમ પોતાના આત્માને સુખની પ્રીતિ અને દુઃખની અપ્રીતિ થાય છે તેમ બીજાને પણ છે, જેવો આ આત્મા પોતાના સુખ માટે તલપાપડ થાય છે અને દુઃખ નિવારવા માટે ઉંચો નીચો થાય છે. તેવો બીજાના આત્મા માટે થયો? આ વાત વિચારશો ત્યારે તીર્થંકરપણાની જડ માલૂમ પડશે.

**તીર્થંકર નામ કર્મ રાયણ જેવું છે**

શાસન ચલાવવાનું કહીએ પણ તેની જડ કઈ! પારકાના દુઃખે દુઃખી, સુખે સુખી. પારકાના સુખને અંગે તીર્થંકરોને જેટલી વ્યગ્રતા છે તેટલી પોતાના સુખમાં નથી. આવું જ્યારે થાય ત્યારે જગતના ઉદ્ધાર માટે સંયમ તપસ્યા–પરિષહો આદિ સહે છે. ભાષ્યકારે કહ્યું છે કે–બીજા જીવોને ઘેર બેઠાં

કેવલજ્ઞાન મેળવતાં આવડે છે, અન્નલિંગે મોક્ષ મેળવતાં મોક્ષે જતાં આવડે છે, શું તીર્થંકર મહારાજ આવડત વગરના છે? ના, તો પછી શા માટે ગૃહિલિંગે કેવલજ્ઞાન મેળવી મોક્ષ નથી મેળવતા? આ બધી સંયમની કડાકૂટ શા માટે કરે છે? સ્વયં તરવાવાળો વગરવાહુને પાર ઉતરે, શક્તિ ન હોય તે તો આલંબન લે; પણ તીર્થંકર મહારાજ આલંબન લે તે અંગે મંદ-શક્તિની કલ્પના થાય નહીં.

ઘરના આંગણે મધ મળે તો પહાડમાંથી મેળવવા કોઈ જાય નહી; જેને આંગણે મધ ન હોય તે પહાડમાંથી ખોળીને લાવે. તેમ બીજા જીવો અલ્પશક્તિ–અસમર્થ–સામાન્યસંઘયણ જ્ઞાનવાળા તે સંયમદ્વારાએ કર્મને અને તપસ્યા દ્વારાએ કર્મને રોકે–તોડે; પણ તીર્થંકર મહારાજ સર્વશક્તિ સામર્થ્યવાળા તેમને આ શું કરવાનું. જુવાન મનુષ્ય લાકડીનો ટેકો લઇને ચાલે તો હસવું આવે. ઘરડે ઘડપણે લાકડી લઇને ચાલે તો ચાલવું શોભે. તેમ અહીં પણ તીર્થંકર મહારાજ જેવા સમર્થ ટેકો લઇને ચાલે તે લોકોને હસાવવા જેવું ને? બીજા ગૃહિલિંગે કેવલજ્ઞાન પામ-નારા અને સિધ્ધ થનારા, અન્યલિંગે કેવલજ્ઞાન કરનારા અને સિધ્ધ થનારા તેઓની તાકાત કરતાં અનંતગુણી તાકાત, તે પણ આ જન્મમાં શું, પણ પહેલાના જન્મોમાં હતી, જે વખતે તીર્થંકર નામકર્મ નિકાચિત કરે તે વખતે અનંતા સંસારને છેદી નાંખે છે; પરંતુ અનંતા સંસારને છેદવાની શકિત તીર્થંકરમાં શું નહિ હોય કે દીક્ષા લેવી પડે? મુંડન કરાવે ત્યારે ત્રણ ચપટી જેટલું રાખે? તીર્થંકર નામકર્મ નિકાચિત કરનાર અનંતા સંસારનો નાશ કરે પણ ત્રણ ભવ રહેવા દે. દરેક તીર્થંકરો નામકર્મ નિકાચિત કરવામાં અનંતા સંસારનો છેદ કરે પણ ત્રણ ભવને રહેવા દે; તીર્થંકર નામકર્મ તે રાયણ જેવું છે. રાયણોમાં પણ પોતાની વાવેલી રાયણનાં રાયણો કોઈ ખાય નહિ. કેમકે તે ફલેજ સો વર્ષે તેવી રીતે તીર્થંકર નામકર્મ નિકાચિત કરતાં ત્રીજે ભવે જ તીર્થંકર નામ-

કર્મ ફલે છે તે સિવાય ફલતું નથી. રાયણ ફલે સો વર્ષે પણ વાવવાવાળો તે ખાય જ નહિ. જે તીર્થંકરપણું નિકાચિત કરે છે તે તેનું તે ભવમાં અને આવતા બીજા ભવમાં ફલ ન મેળવે,

તીર્થંકર નામકર્મના ફલ માટે ત્રણ ભવ રહેવા જોઈએ, તેથી તે સિવાયનો અનંતો સંસાર નાશ કરે. જેની શક્તિ ત્રીજા ભવથી અનંતો સંસાર નાશ કરવાની છે તેવો જીવ લાકડીના ટેકે ચાલવા નીકળ્યો તે મશ્કરી કે બીજું કંઈ? ઘરમાં દોટ મુકવાવાળો બ્હાર લાકડી લઈને વાંકી કેડે ચાલે તો તેને ઢોંગ કરનાર મનાય છે. તેમ આ તીર્થંકર મહારાજ જેઓ પહેલા ભવથી આવી જબ્બર શક્તિ ધરાવનારા તેઓ ગૃહસ્થપણુમાં કેવલજ્ઞાન અને મોક્ષ ન મેળવે અન્ય લીંગે પણ ન મેળવે અને બીજાની માફક સાધુ થાય, તપસ્યા કરે–ઉપસર્ગ–પરિષહ સહન કરે, આ ઢોંગ કે બીજું કંઈ! આ વાત તીર્થંકરની શક્તિની અપેક્ષાએ કહી, જેને અનંતા સંસારનો નાશ કર્યો તેને એક ભવનો નાશ કરવા માટે લાકડી લઈને કેવલજ્ઞાન લાવે તે ઢોંગ નહી તો બીજું શું? તેમાં આટલો બધો પ્રયત્ન એમના જેવા સમર્થને શું? બીજાઓ કેવલજ્ઞાન મેળવી શકયા છે મેળવી શકે પણ છે તેમ શાસ્રકારો પોતે કહે છે.

**તીર્થંકરોને કઠીન માર્ગ સ્વીકારમાં હેતુ.**

બીજો રસ્તો વિદ્યમાન છતાં શા માટે આવા કઠીન રસ્તે ચાલે છે? ડોસાને ચલાવવો હોય તો જુવાન મનુષ્યે પણ જોડે ડગલે ને પગલે ડચકાતાં ચાલવું પડે તો તેને ઢોંગ કહેવાય નહી. તેમ અહિં પણ તીર્થંકર દીક્ષા લે, વ્રતો લે, પરિષહો, ઉપસર્ગો સહન કરે તે આ સંસારરૂપી જીવ ડોસાને માટે છે. વગર વ્રતે વગર દીક્ષાએ પોતે કેવલજ્ઞાન મેળવે અને મોક્ષે જાય તેવા સમર્થ છે. છતાં કોઇ કાલે કોઈ તીર્થંકરે તેવું કર્યું નથી. અનંતો કાલ ગયો; જશે, અનંતી ચોવીશી થઈ; થશે. પણ કોઈ તીર્થંકર

ગૃહસ્થપણામાં કેવલજ્ઞાન પામી તીર્થ સ્થાપીને મોક્ષે ગયા તે બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહીં.

જુવાન-સમજુ માણસ ડોસાની જોડે હોટ મુકતો નથી પણ ડોસાની જેમ ચાલે છે. છોકરાને ચલાવવો હોય તો તે બચ્ચાને અંગે ધીમે ચાલવું પડે છે. તેમ અહિં તીર્થંકર મહારાજ તે હોટમાં હોડ મુકવામાં શકિતવાળા છતાં સંયમદ્વારાએ ઉપસર્ગ પરિષહ સહન કરીને ઘાતિ કર્મોનો નાશ કરીને કેવલજ્ઞાન પામે અને તીર્થને સ્થાપે.

**રિવાજો ગરીબ તાલેવંતને પાલવે તેવા હોય.**

જગતની શાંતિ માટે! એમની શાંતિ પોતે મેળવી શકે તેવા છે. ઘરના આંગણે ફલ મળે તેમ હોય તો પહાડમાંથી કોણ મેળવે, તેવી પરિણામની ધારા ગૃહસ્થપણામાં લાવી શકે તેવા છતાં મોક્ષના રસ્તા માટે હું આ નહિ કરૂં તો આ બીજા જીવો કેમ કરી શકશે! તમારા જુના કાલના શેઠીયા ખ્યાલમાં આવશે, તેઓ ન્યાતમાં રિવાજ કરે તે ગરીબમાં ગરીબને પાલવે તેવો કરે. જામલીનો જામો, તે કયારે ? પરણે ત્યારે. કારણ ? તે ગરીબ શુધ્ધાંને પોષાય તેવો છે. ત્યારે રિવાજ એવો પાડવો કે આખી ન્યાતને પોષાય. ચહાય કોટીધ્વજની છોકરી હોય તો પણ ચોરીમાં જાય તો ચુંદડી પહેરીને જવું પડે. મોતીની ઓઢણી ન પહેરાવાય, કારણ કે કેટલા ઘરોમાં તેવું બની શકે ? આખી ન્યાતને પહોંચવું જોઈએ તેવા રિવાજ રખાય, આગલ તીર્થંકર મહારાજને મોક્ષમાર્ગ વહેવડાવવો તે તમામ જીવોને અનુકુલ યોગ્ય હોય તો સંયમ ઉપસર્ગ પરિષહ દ્વારાએ મોક્ષ મેળવવો તે છે. પારકા માટે આટલું દુઃખ ભોગવવું તે બીજે કયાં છે. આભવના દુઃખના નાશ માટે પ્રવૃત્તિ આ રસ્તે થશે, માટે મારે આ બતાવવું જોઈએ.

દુનિયામાં કુંભારની કળા દેખાડવા માટે રૂષભદેવજી મહારાજને કચરાવાળા હાથ કરવા પડ્યા. તેમ તીર્થંકરો સર્વશક્તિમાન

છે.વગર સંયમ લીધે, પરિષહ–ઉપસર્ગ સહન કર્યા વગર, કેવલજ્ઞાન પામે તેમ હોવા છતાં જગતના જીવોના કલ્યાણ માટે સંયમ આદરીને પ્રયત્ન કરે છે. જગતના જીવોના દુ:ખોને પોતાના જેવા નહિ ગણો તો અધિક કયાંથી ગણુશો ? હું દુ:ખ વેઠીને પણુ એને દુ:ખમાંથી છોડાવું.

**કલ્પસૂત્ર દરવર્ષ સાંભળવામાં હેતુ.**

મહાવીર મહારાજના પરિષહો–ઉપસર્ગો સાંભળીએ છીએ. વર્ષો વર્ષ એનું એ. આટલા વર્ષો સાંભળવા છતાં આત્માને કાંઇ ફાયદો નથી થયો તો બંધ કર્યા પછી ફાયદો કયાંથી થવાનો ? દરેક વર્ષે મહાવીર મહારાજનું ચારિત્ર સાંભળીએ, છતાં આ આત્મા સમજતો નથી. તો બંધ કરે શું થાય ?

જેને સંયમની વાત પેટમાં શૂળ જેવી લાગે છે તેવા જુવાની-આને સંયમની વાત થાય તે ગમતી નથી, માટે ન જોઈએ તેવું બોલે છે. દીક્ષામાં નંખાય તેટલા પથરા નાંખ્યા તેમાં ચાલ્યું નહીં, હવે સંયમની વાત બંધ કરીને પજુષણુમાં કલ્પસૂત્ર સાંભળવું નહીં. બીજું બીજું સંભળાવવું અને સાંભળવું, આ માટે વ્યાખ્યાન માળા મુકવી છે. પજુષણુ માનવા છે અને મુકવી છે તેને પોક; જેઓના પેટમાં સંયમની શૂલ ભોંકાય છે તેઓએ સંયમમાર્ગથી ચલાયમાન કરવા માટે વ્યાખ્યાનમાળા જુદી ગોઠવી છે. દરેક વર્ષ મહાવીર મહારાજની તપસ્યા પરિષહો–ઉપસર્ગો ક્ષમા–સહન-શક્તિને સાંભળ્યા છતાં–કહેવત છે કે—"સાંભળી સાંભળીને ફૂટયા કાન પણુ ન આવી હૈયે સાન" તે બંધ થાય તો શું થાય ! સંયમી તે શૂલ જેવા લાગે, સંયમ અને તેની કથા શૂળ જેવી લાગે તેવાના આત્માને વેદના કરતી હોય તો સંયમ છે. સંયમ કેમ ? તેની વાર્તા તેમને શૂળ કરે છે તે મટાડવા માટે આકાશ પાતાળ એક કરે છે, પણુ શાસનના ભકતો તો વિચારે છે કે એના જેવા હજારો પાકે તો પણુ ૨૧૦૦૦ વર્ષ સુધી બંધ થવાનું નથી આ વાત પ્રાસંગિક છે.

આપણા દુઃખોના નાશના માટે રસ્તો પોતે જે લે તે તેવો લે કે બીજા જીવોના માટે યોગ્ય હોય, આવું કરતાં પોતાને દુઃખ વેઠવું પડે તો વેઠવા તૈયાર થાય. આ બને ક્યારે? જે જીવો તીર્થંકર હોય તે જ તૈયાર થાય છે, માટે આવા જીવો 'आत्मवत् सर्वभूतेषु' આત્માની માફક સર્વ ભૂતમાં વર્તે છે. જ્યાં અધિક ગણ્યો ત્યાં સરખું ગણીને ન ચાલ્યા. તેને માટે પોતે દુઃખ ભોગવ્યું. જેવી સુખની પ્રીતિ આપણને છે તેવી જ બીજા જીવને સુખની પ્રીતિ છે. જગતના સર્વ જીવો ગતિ–જાતિ–યોની ભેદોમાં ફર્યા પણ ત્યાં એક સાધ્ય હમેશાં ઉભુ રહે છે, તે કયું? સુખ. તે સાધવાની ધારણા કોઈ ભવ–ગતિ–જાતિમાં ખસી નથી. પણ એક વાત ધ્યાનમાં રાખો–કે લાકડાની તલવાર લઇને લઢવા નીકળે તે બચ્ચાં, પણ યોદ્ધાઓ લાકડાની તલવાર લઇને ન નીકળે. તેમ અહિં આગળ સુખની ઇચ્છા દરેકને છે, જે સુખ માગે છે તેને તેના લાયકનું સાધન મેળવ્યું છે.? ના. સુખને યોગ્ય સામગ્રી મેળવવી જોઇએ.

સુખ કેવું જોઇએ છે?

જમવા બેસો ત્યાં એકલું પકવાન્ન પીરસ્યું હોય તો તે એકલું નહીં ખવાય, વચમાં દાળ શાક જોઇએ. મીઠારસમાં સ્વાદિષ્ટતા માટે બીજા રસની જરૂર છે. તેવી રીતે સુખમાં સ્વાદફેરમાટે દુઃખની ઇચ્છા નથી. ત્યારે જેમાં લેશ દુઃખ હોય જ નહિ, સંપૂર્ણ છતાં સ્વપ્નમાં મળેલી ચક્રવર્તીની દશામાં થતો આનંદ એમાં કંઈ અધુરૂ છે, પણ તે આનંદ દુનિયાદારીનો આનંદ છે એ આનંદ આંખ મીંચે જાય, સ્વપ્નાનો આનંદ આંખ ઉઘડે જાય. ચક્રવર્તિપણાનું સ્વપ્નું આવે તો બસ છે? ના; આ જીવો સુખ એવું ઇચ્છે કે પછી તે ખસવું ન જોઇએ. જે સુખ છે તેમાં દુઃખ હોય તો તે સુખ' દુઃખ રૂપ જ થવાનું. વચમાં દુઃખ ન જોઇએ, અને સુખ ખસીને દુઃખ ન આવવું જોઈએ; તે પણ સાગરપમો સુધી એ પર્યાપ્તાપણા જેવું સુખ થાય. તેવું બધા પર્યાપ્તાના

ભવ કરે તેમ નહી, એવું સુખ જોઈએ છે કે જેમાં બાકી કોઈ સુખ ન હોય તેવું સંપૂર્ણ સુખ માંગે છે.

**સુખના સાધનો કોણ સમજે.**

સુખનું સાધન કયું ? જડપદાર્થ–કંચન–કામિની–કુટુંબ–કાયા, આ ચારમાં તું સુખ ધારે છે, તે તો સુખને આપશે કયું કે 'બોલ લીધી લાકડાની તલવાર' અને લઢવું ત્યારે સહસ્રયોદ્ધા થયાને ! તે કયા ધ્યેયવાળો કરે ? આવી સુખની ઇચ્છાવાળો પુદ્ગલમાં રમણતા કરે તે કોઈ દહાડો જય ન કરે; તેમાં કંચનાદિ જાય પણ ખરૂં, મરણ પહેલાં કંઈ ન જાય તે તો નક્કી નથી? આ જીવનને અંગે વીમાવાળા નથી. સુખ ઉપરથી નાશ ન પામે તેવું અને દુઃખ વગરનું સંપૂર્ણ સ્થિતિનું સુખ જોઈએ છે. આ સુખ કેવી રીતે મળવાનું. તે કયાં? સામાન્ય સુખ બધી ગતિ જાતિ વ્યક્તિમાં છે. આવા સુખનો વિચાર? જે સુખ હું ઈચ્છું છું, તેના સાધનો હું મેળવું તે વિચાર્યું? સુખના સાધનો કેવલ મનુષ્ય ભવમાં છે. તેમાં પણ કોણ સમજે ? જેઓ સર્વજ્ઞ ભગવાનના વચનને સાંભળનારા સમજનારા છે તેઓ જ સમજે છે. બીજાઓ પોતાના પાપોની દરખાસ્ત રજુ કરી શકતા નથી, જનધર્મી સિવાય બીજા ભવની દરખાસ્ત રજુ કરવાના નથી.

**સુખની અરજી લખનાર જીનવચનો છે.**

એકેન્દ્રિયવિકલેન્દ્રિય ભવો દાવાવાળા છે પણ તેઓ તેની અરજી કરવાની આવડત વગરના છે. તેમ સંજ્ઞીપંચેન્દ્રિયનો દાવો નોંધાય, લખાય. પણ તે લખનાર કોણ ? આ એક જ કારકુન ! જીનેશ્વરના વચનો સિવાય આ અરજી લખનાર કોઈ કારકુન નથી, 'મારે સુખ' વગર દુઃખવાળું સંપૂર્ણસુખ, નાશ ન થાય તેવું જોઈએ. તે અરજી જીનેશ્વર ભગવાનના વચનમાં છે. માટે વચનની આરાધનામાં ધર્મ.

'વેદ ગાંધીનું સહિયારું' ઊંટના વિવાહમાં ગધેડા વેદ ભણવા બેસે અને ઊંટનું રૂપ કેટલું બધું, એમ વખાણે ત્યારે ઊંટોને ગધેડાનું

ગાયન વખાણવું પડે. 'अहो रूपं अहो ध्वनि' પરસ્પર નિચોડ ન નીકળે, રૂપ ન હોય તો પણ રૂપ વખાણવું પડે. સ્વર હોય કે ન હોય પણ વખાણવું પડે. તેમ અહિં વચનને દેવ વખાણે, દેવને વચન વખાણે. દરેક શાસ્ત્રમાં–વૈષ્ણવમાં વિષ્ણુને માને ભાગવતથી, ભાગવતનો મહિમા વિષ્ણુ ઉપરથી. બાઇબલના આધારે ઇસુનો મહિમા, તમારે દ્વાદશાંગીનો આધાર જીનેશ્વર, જીનેશ્વરનો મહિમા દ્વાદશાંગીના આધારે, આ ઘરની સાક્ષીના ટોળાં એકઠાં કર્યા, પણ બહારના સાક્ષી જોઇએ. તેમ તીર્થંકરોના વચનો દેવે વખાણ્યા, દેવ શાસ્ત્રને વખાણે. વચનદ્વારાએ દેવ નહીં, તે વાત વેગળે મૂકો ! પણ સ્વતંત્ર પરીક્ષા કરો તો તે કોની થાય? તે પરીક્ષા જીનેશ્વરની થાય કે વચનની થાય ! જીનેશ્વરની પરીક્ષા કરીને આપણે પ્રવર્ત્તવાનું વચનના આધારે, જે વખતે સાક્ષાત્ હતા તે વખતે પ્રવૃત્તિ બધી વચનના આધારે. વચનની પરીક્ષા નક્કી થાય તો જીનેશ્વર અને વચન બેયની પરીક્ષા થાય. એમના ચરિત્રો ઉપરથી નક્કી કર્યા કે આ વીતરાગ છે.

જે મનુષ્ય રાગદ્વેષની પરિણતિમાં ન હોય તેને રાગદ્વેષના ચાળા ન આવે. એક આબરૂદારને નાગો કહો તો તે લઢવા આવે, તેમના દેવની–ઇતરના દેવોની મૂર્તિ વસ્ત્ર વગરની ઉભી રાખો તો તે લઢવા આવે. તેઓ લુગડાવાળી સ્થિતિમાં આબરૂ માને છે, રૂપ લાજમાં મહત્તા માને છે. તેમ રાગદ્વેષના પરિણામી, મહેલ લાડી વાડીમાં રાચવાવાળી તેમની છબી ઉભી હોય તો તો રાજી થાય. શસ્ત્ર–સ્ત્રીવાળી મૂર્તિ-છબી હોય તો તેમાં રાજી થાય, આ બતાવે કોણુ ? લાડી વાડી વિગેરે જોડે નહિ એવી છબી બને કોની ? વીતરાગ' સિવાયની કોઇની મૂર્તિ એવી બને નહીં. આ એની છે કે બીજાની તેની શંકા થાય, પણ વચનની કરીએ તો આ વીતરાગ ! તેમ વચનની થાય, આ વાત વિચારશો !

**શંકા, રોગ અને સન્નિપાત જેવી છે.**

પરંતુ મુખ્ય વાતમાં તમામ અણુવ્રતો–મહાવ્રતો તેનું મૂલ કયું?

તો સમકિત; સમ્યક્ત્વ અને અતિચાર બંને કહીને કરવાની ફરજ સમજીએ; શંકા આકાંક્ષા વિગેરે પાંચ રાખો છો ને? આ એક જ ઝાડની ડાળીઓ છે. કાંક્ષા એ પણ જે ઝાડની ડાળ તેજ ઝાડની ડાળ આકાંક્ષા વિગેરે છે; વચનના આદરમાં શંકા જાય, પદાર્થમાં શંકા જાય ત્યારે કાંક્ષા શંકા વિચિકિત્સા થવાનાં. પરિચય માટે વખત આવે, નિશ્ચલ હોય તો પાંચ થતા નથી. શંકા પણ શાસ્ત્રકાર કહે છે કે તમને શંકા માત્ર પાલવતી નથી. છતાં કેટલીક શંકાને આ પાંચેને અમે રોગ ગણીએ, કેટલીને સન્નિપાત ગણીએ. ફરક કયો તે વિચારી લેશો! રોગ અને સન્નિપાત જેવી શંકા છે. રોગ જેવી શંકા કઈ, તો જીવ છે કે નહિ? તે અસંખ્યાત પ્રદેશી છે કે નહિ? કર્મ કરનારો, ભોગવનારો છે કે નહિ? ધર્માધર્માકાશાસ્તિકાય છે કે નહિ? તો આ રોગ ગણ્યો, આ શાસ્ત્ર છે કે નહિ તે સન્નિપાત ગણ્યો, શંકાનુ મૂળ થડ કાંક્ષા વિચિકિત્સાછે તેમાં મોટી શંકા કઈ, તો પ્રવચનની. આ દ્વાદશાંગી તીર્થંકરની કહેલી છે કે નહિ? એ શંકા તે સર્વશંકા, વચનને અંગે' માટે વચનની બરોબર આરાધના કરો! તેમાં એક અંશ પણ મલિનતા નહિ રાખો! તેની બરોબર આરાધના કરો તો ધર્મ, માટે અહિં વચનની પરીક્ષાનો વખત રહ્યો. વચનની પરીક્ષા કેવી રીતે કરવી તે અધિકાર અગ્રે વર્તમાન.

---

## 卐 વ્યાખ્યાન ૨૬ 卐

**'वचनाराधनया खलु'**

**ભટકતી જાત.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ષોડશક પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં સકલ-ગતિમાં–જાતિમાં–યોનિના ભેદોમાં આ જીવ ભટક્યો તે એવો

ભટકયો કે દુનિયામાં એવી ભટકતી જાત નથી. કેટલીક ભટકતી જાતો છે, પ્રાચીનકાળમાં લુંટફાટના બનાવો બનતા હતા. ત્યારે લોકોને જેમ તેમ જવું પડતું હતું, તો તે કેવી રીતે જતા? જેમ આપણે કહીએ છીએ કે ટોપલે ઘર, તેઓ ઘરમાં એવી ચીજો રાખતા કે જ્યારે જવું પડે ત્યારે ટોપલામાં નાંખી ચાલતા થવાય, તેમ પોતાની મિલ્કત કુટુંબો સાથે લેતા જાય, તે કયા ! તો લુવારીયાની જાત. તેઓ જે જગો પર ચાર છ મહિના રહે છે ત્યાંથી તે બીજે જાય ત્યારે માલ કુટુંબ અને કમાઈ સાથે લઈને જાય, પણ તેમાં સ્થાનમાત્ર છોડે બીજું રાચરચીલું-ધન-કુટુંબ છોડવાનું નહીં. ત્યારે આ જીવ એવી રીતે ભટકયો કે જીંદગી સુધી જહેમત ઉઠાવવી, દુનિયાની દૃષ્ટિએ બહાર કંચનાદિ માટે રક્ષિત કરવા, વધારવા, પેદા કરવા જવાનું પણ થાય, ત્યારે પણ બધાને છોડવાના; મૃત્યુ પામ્યા એટલે જીંદગીની જહેમતે જોડેલું તે બધુંએ મિનિટ-સેકંડમાં સરકાવી દેવાનું.

વહાલામાં વહાલી કઇ ચીજ ?

આ શરીરને ક્ષણે ક્ષણે ધારણ પોષણ રક્ષણ કરતા રહ્યા છીએ. એક પણ જીવ શરીરના પોષણ-ધારણ-રક્ષણ કર્યા વગરનો હોતો નથી. અમે બીજા કામો કરીએ છીએ શરીર ઉપર નથી બેઠા ! વાત ખરી, પણ બીજા કામોમાં તમારૂં લક્ષ કયાં? શરીરના રક્ષણ ઉપર. પાણિયારી પાણીનું બેડુ લઈને આવતી હોય સાથે સહિયર મળે તો વાત કરે માથું ડોલાવે, પણ લક્ષ બેઢા ઉપર ! તેમ અહીં આગળ જગતના જીવો જવું આવવું વિગેરે કરે પણ લક્ષ શરીરના રક્ષણ ઉપર, જીંદગી તે સર્વને વહાલામાં વહાલી ચીજ છે.

બાદશાહ અને બીરબલ સભામાં બેઠા છે, વાતચીત ચાલતાં વાત ચાલી કે મનુષ્યને વહાલી ચીજ કઇ? ત્યારે કોઇ કહે ધન, કોઈ કહે બાયડી, કોઈ કહે કુટુંબ, કોઈ કહે પુત્ર વહાલા, ત્યારે બીરબલે કહ્યું કે એ બધી કહેવાની વાતો પણ ખરું વહાલું તો પોતાનું જીવન. તે વખતે કહેનારે કહ્યું કે જીવન વહાલું છે તો

દરબારની ચાકરીમાં વેડફો છો કેમ ? ત્યારે બીરબલે કહ્યું કે આ ચાકરી જીવનના પોષણ માટે છે, પણ વેડફવા માટે નથી. આ વખતે બાદશાહના મગજમાં બરોબર ઉતર્યું નહીં, કારણ કે બાદશાહ રાજસ્થિતિમાં દેખે તો મરવું એટલે કંઈ નહિં, તે તો આ જીંદગી વહાલી કયાંથી ગણાવે ! સાંજે બગીચામાં ગયા તેમાં ખાલી કુવો છે પાણી નથી, તેમાં વાંદરી વીહાઈ છે. ત્યાં આગળ બાગવાનને કહ્યું કે પાણી નાંખ ! જ્યાં એક કોશ નાંખ્યો ત્યાં બચ્ચાને ઉપર રાખીને પોતે ઉભી રહી. ત્યારે બાદશાહે કહ્યું કે દેખ બીરબલ બચ્ચાને લઈને ખડી ઉભી છે. જ્યાં બીજો ત્રીજો કોશ નાંખ્યો ત્યાં તો વાંદરીના નાકે પાણી આવ્યું ત્યારે બચ્ચાને નીચે નાંખીને તેના ઉપર ઉભી થઈ, ત્યારે બાદશાહે કહ્યું કે 'જુલમ ! બચ્ચાને નીચે ડાલકે ઉપર ખડી હુઈ!' પાણી કઢાવી નાંખ્યું. આ જીવને શરીર વહાલું લાગે છે આથી તેને ક્ષણે ક્ષણે પોષીએ-વધારીએ છીએ, તેનું પોષણ કરવાની ધારણા રાખીએ છીએ, તેને છુટું પડવા દેવા માગતા નથી. જીંદગીની જહેમતે ધારેલું શરીર તે મિનિટમાં મુકવું પડે.

**છ શક્તિઓ મેળવીને મેલવાની છે.**

શ્વાસની-ઇન્દ્રિયોની-વિચારની શક્તિવાળી જે છ પર્યાપ્તિઓ છે તે-એટલે જીવોની સ્વતંત્ર તાકાત-આહાર કરવાની, શરીર બાંધવાની, ઇન્દ્રિયો, શ્વાસોશ્વાસ અને મન-વિચારની તાકાત, તેને જીંદગીભર સાચવી-વધારી-પોષી છતાં મિનિટમાં મેલી જવાની. કયા જન્મમાં મહેનતથી મેળવેલી આ છ શકિતઓ મેલી નથી ? દરેક ભવમાં મુકી દીધી છે. ત્યારે આ પ્રજા કઈ ? તો મેળવીને મેલીને જવાવાળી રખડતી પ્રજા.

**આ રખડપટ્ટીનો છુટકારો.**

તેવી કોઇ ચીજ મળે કે જે ચીજ મેળવી તે મેળવી પણ મેલવી પડે જ નહીં ? હા. કંઇક તો આત્માની ચીજ તે મેળવી તે મેલવી પણ મેલવાની નહીં.

સમ્યક્દર્શન ક્ષાયિક થાય, મેળવાય તો તે અનંતો કાલ જાય છતાં જીવથી છુટુ પડે નહીં.

**જિનેશ્વરનો મૂળ ગુણ નિરૂપણ.**

ક્ષાયિકભાવનું જ્ઞાન તે અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાલચક્રો જાય છતાં પલ્ટો ન થાય, નાશ થાય નહીં. જ્યારે દેખો ત્યારે તેવુ ને તેવુ.

અનંત સુખ અનંત વીર્ય જે આત્માની સિદ્ધિઓ–ગુણો છે તે મેળવ્યા મેલવા પડતા નથી. તે મેલવાય કેમ ? જગતમાં નિયમ છે કે સારૂં સહુને ગમે. માટે જૈનમત અને અન્યમતમાં ફરક પડે છે. અન્યમતવાળા હુકમથી કરાવે, ફલાણાએ આમ કરવું તેમ કરવું. જૈનશાસ્ત્ર હુકમને વળગતું નથી. જીનેશ્વર મહારાજ શું કહે છે ? હુકમ નહીં, ઈષ્ટની સિદ્ધિના અને અનિષ્ટના કારણો દેખાડી દે, તેથી તે તરફ લોકો આપોઆપ દોરાય અને ત્યાંથી હઠવા પણ માંડે જગતને જે ઇષ્ટ અને જે અનિષ્ટ છે તેના કારણો દેખાડવા, તે ધ્યાનમાં રાખીએ તો જીનેશ્વરનો ગુણ કયો ગણવામાં આવ્યો છે તે સમજાય. ખરો ગુણ એકજ' બાર ગુણોમાં બાકીના ગુણો તો તેના ડાળ પાંખડા, એ ગુણ કયો ? કયું મૂલ ગણીએ છીએ. પદાર્થનું યથાસ્થિત નિરૂપણ કરવું જીવાજીવાદિક પદાર્થનું જગતને નિરૂપણ કરવું. જગતમાં જીવનું સ્વરૂપ શું, આવા સ્વરૂપવાળો જીવ, કર્મ કેમ આવવાના, બંધાવવાના, રોકાવવાના, તોડવાના કારણો કયા, અને મોક્ષના કારણો કયા ? તે બધુ નિરૂપણ કરવું, દીપક–સૂર્ય–ચંદ્ર જેમ તમારા હાથપગ પકડીને ખસેડતા નથી, તમારા હાથમાં પકડીને હીરાને આપતા નથી. દીપકઆદિનું કામ તો ઝાંખરૂં દેખાડી દેવું તે જેથી ચાલનાર આપોઆપ ખસે, હીરો દેખાડી દેવો પછી તેની ઈચ્છાવાળો લેવા લાગે.

**જ્ઞાન અતિશયનો ફાયદો.**

કર્મ કેવા ખરાબ છે; કયા દ્વારાએ આવે છે, કેમ રોકાય છે, કેમ બંધાય છે, કેમ તૂટે છે, તે જવાથી આત્માની જ્યોત પ્રગટ

કેમ થાય છે તે જણાવવું, માત્ર વસ્તુનું સ્વરૂપ જણાવવું. આપણે જિનેશ્વરના કેવલજ્ઞાનને દેખતા નથી. તેમના આત્મામાં રહેલું જ્ઞાન તે બહાર જતું નથી. તેથી બીજાના ઉપયોગમાં આવે નહીં પણ જગતના પદાર્થો જાણીને જણાવે, જ્ઞાનાતિશયનો ફાયદો આમાં છે ?

શા માટે પૂજા કરે. અરિહંતના સમોસરણની રચના શા માટે ? ગણધરો માટે સિંહાસનો શા માટે ? તો કેવલ યથાસ્થિત પદાર્થો જણાવે છે માટે ! આ વિચારશો તો સમજાશે કે મહાવીર મહારાજને કેવલજ્ઞાન થયું, આથી તેમના જ્ઞાન અતિશય દ્વારાએ ફાયદો થયો છે.

**પ્રભુને કેવલજ્ઞાન જ્યાં થાય ત્યાં દેશના દેવી પડે.**

કેવલજ્ઞાન થયું ત્યાં આગળ સર્વવિરતિવાળો કોઈ થવાનો નથી, શાસનની સ્થાપના થવાની નથી, છતાં ઇન્દ્રોએ દેશના અંગે ત્યાં ગણધર, દીક્ષા, સર્વવિરતિ કોઈ લેવાનું નથી છતાં એ સમોસરણ રચ્યું. તેની રચના માટે અલ્પ–ક્ષણવાર દેશના દેવી પડી, તે નિષ્ફળ દેવી પડી. તો પછી દેવી પડી કેમ ? તો તેને આશ્ચર્ય ગણ્યું છે. ઇન્દ્રોએ જે સમોસરણની રચના કરી તે દેશનાની દૃષ્ટિએ. તેથી તે તીર્થંકરનો કલ્પ છે કે કેવલજ્ઞાન સાથે સમોસરણ થાય ત્યાં દેશના દેવી પડે. દેશનાની અપેક્ષાએ ઈન્દ્રોને સમોસરણ રચવાનું.

જિનેશ્વરનો પૂજાતિશય, કેવલજ્ઞાનનો ઉપયોગ, અને વીતરાગ માનીએ છીએ તે શાથી ? તેમ અપાયાપગમ અતિશયથી મોહનો નાશ કર્યો તે આપણે શાથી જાણીએ ? તો વચનદ્વારાએ આ જે યથાસ્થિત વસ્તુને જાણવી તે પ્રમાણે કહેવી તે કેવલજ્ઞાન વગર બને નહી. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયાદિ પદાર્થો અને અતીત અનાગતની બધી હકિકત કહેવી તે કેવલજ્ઞાન વગર બને નહી. વીતરાગ–સર્વજ્ઞના અંગે સર્વજ્ઞપણું દેશનાને લીધે માન્યું. ઇંદ્રોની પૂજા, આઠ પ્રતિહાર્યો, આ બધુ દેવતા કરે છે. જેમ રાજાની જોડે બોડીગાર, પટાવાળો છડી-

વાળો બધે હોય છે. તેને પ્રતિહાર કહેવામાં આવે છે અને એ પ્રતિહારનું કામ બરોબર હાજરી પૂરવી. અહિં આગળ દેવતા ચોવીશ કલાક હાજરી પુરીને આ વસ્તુ રાખે. અશોકવૃક્ષાદિ આઠ, સમોસરણ ન બને તો પણ આ આઠ તો હોયજ.

**ભોગી જીવ કે અજીવ ?**

ઢુંઢક ભાઇઓ? પરમેશ્વરને તમે ભોગી કહો છો; પણ પહેલાં તો તમે જૈન છો કે મિથ્યાત્વી! ભોગી જીવ હોય કે અજીવ હોય? પ્રતિમા જીવરૂપ સંજ્ઞી પંચેન્દ્રિય છે કે અજીવ? કોઈ પણ મનુષ્ય અજીવને ભોગી કહી શકે? તેવું બોલે કોણ? જૈનની જડ ન જાણી હોય તે. અમે તો પ્રતિમાને અંગે ભગવાન કહીએ છીએ; તમે પ્રતિમાને ભગવાન માનો છો? જો માનતા ન હો તો તમે અમારી પૂજાને અંગે ભોગી બનાવ્યાનુ કેમ કહો છો? તમે ભગવાન ન માનો તો મહાવ્રતધારી થઇને ભગવાનને ભોગી બનાવ્યા કેવી રીતે. પ્રતિમા તે ભગવાન ખરાને? તમે જો સાચું બોલનારા હો અને જુઠું બોલનારા ન હો તો અને દ્રવ્યથી મહાવ્રતધારી હો તો પ્રતિમાને ભગવાન માનો! કાંતો મહાવ્રતો ફરીથી લો! નહિ તો કહો કે હું ખોટું બોલ્યો છું તેથી મહાવ્રત ફરીથી લો. બે રસ્તા છે તમારી પાસે. હવે આપણી વાત ભગવાનની જે પૂજા કરીએ છીએ. તેમાં તેમને ભોગીપણું માલમ પડે છે?

**સામાન્ય કેવલી અને તીર્થંકર કેવલીની ઓળખ.**

સામાન્ય કેવલી અને તીર્થંકર કેવલી જતા હોય તેમાં ઓળખ શી? તીર્થંકરકેવલીમાં છત્ર ચામરાદિ હોય, વિહાર કરે ત્યારે પણ હોય, દેવો આકાશમાં રહી ચામરો વિંજતા રહે, છત્ર જોડે ચાલે, વિહાર કરે ત્યાં પણ સિંહાસન સહિત દેવતા આગળ ચાલતા રહે, ત્યારે સામાન્ય કેવલી અને તીર્થંકરકેવલીનો ફરક સમજાય.

**રાગદ્વેષ ન હોય તો ભોગી ન ગણાય.**

વીતરાગ કેવલી તેમાં છત્ર ચામરાદિ છે તેથી તેમને મહા ભોગ

ખરો કે નહી ? સાક્ષાત્ ભગવાનમાં છત્ર ચામર ભામંડલ સિંહાસન છે તે વિહારમાં પણ જોડે, હવે આ ભોગમાં કયું બાકી રહ્યું. દેવતાઓ ૨૪ કલાક છત્ર ચામરાદિને જોડેને જોડે રાખે તેમાં ભગવાનને ભોગીપણું કેમ નહિ ? ભગવાનને તેમાં રાગદ્વેષ નહોતા તેથી ભોગીપણું નહોતું. ભોગના સાધનો જોડે છતાં તેમાં રાગદ્વેષ ન હોય તો ભોગી ન ગણાય. આ તો જીવ નથી; રાગદ્વેષ નથી તેમાં ભોગીપણું શા માટે બોલ્યા. ભોળા જીવોને ભગવાનથી ભડકાવવાને ! તમે શું ભોગી બનાવવાના હતા ! તાંબા ઉપર સોનું રસી દીધું હોય, ચાંદીમાં સોનું રસી દીધું હોય, તેમાં જો તમને ભોગીપણું લાગે છે તો દેવતા જે સિંહાસન ચામર વિગેરે કરે તેની કિંમત એટલી બધી કે આખી દુનિયાની કિંમત ન પહોંચે, તેવામાં ભોગીપણું થયું નહી તો આ બનાવટીપણામાં ભોગીપણું કઇ રીતે થઈ ગયું ! આ ન્યાય કોના ઘરનો. જેને જૈનશાસનની થીયેરીનો તત્ત્વોનો–શાસ્ત્રોનો વિચાર કરવો નથી ને માત્ર બકવું છે, બકવાટ ન હોય તો ભક્ત મનુષ્યે ભકિતથી ભગવાનની પૂજા કરી તેથી ભગવાનને ભોગી બનાવ્યા તે બોલાય કેમ ? જીવ સંજ્ઞીપણામાં રાગદ્વેષ હોય તો ભોગી બને, પ્રતિમાને નથી છતાં ભોગી બોલે છે. તેથી તેને ભૂત વળગ્યું છે માટે બોલે છે.

**સમોસરણ નૈમિત્તિક છે.**

પ્રાતિહાર્ય–જે વિહાર સુદ્ધામાં સાથે રહેવાવાળા તેથી તેનું નામ પ્રાતિહાર્ય, સમોસરણની રચના બધે ન હોય. જ્યાં પહેલાં સમોસરણ ન બન્યું હોય ત્યાં દેવતા સમવસરણ જરૂર કરે, પહેલાં થયું હોય અને ત્યાં નવો દેવતા આવે તો સમવસરણ થાય. નૈમિત્તિક સમવસરણ, નૈમિત્તિક એટલે નિમિત્તથી બનવાવાળુ છે. ત્યારે પ્રાતિહાર્ય આઠ તે નિત્ય ચીજ તે પણ શા માટે કહો છો ? તો તીર્થંકરની પ્રભાવના માટે અને દેશનાના અંગે નિત્ય રહે છે.

**જિનેશ્વરના વચનો કેવા છે.**

પ્રાતિહાર્યો–સર્વજ્ઞ–વીતરાગ અને તેમનું પૂજ્યપણું તે બધું

વચન ઉપર આધાર રાખે છે, તેમના વચનોને આપણે માનીયે. તે નથી કરવાનું કહેતા કે નથી ફરી જવાનું કહેતા પણ જે કરવાથી ઈષ્ટની સિદ્ધિ થતી હોય, જે કરવાથી અનિષ્ટ બનતું હોય તે બતાવે; જૈનશાસન ઇષ્ટના કારણો અને અનિષ્ટના કારણો બતાવીને હિતાહિત જણાવનાર છે. પણ હુકમદ્વારાએ હું કહું છું માટે આમ કરશો તેવું કંઈ નહી. આ કરવાથી આટલું ઈષ્ટ, આ કરવાથી આટલું અનિષ્ટ થાય છે. તને ઇષ્ટ હોય તે રસ્તે અને અનિષ્ટ ન હોય તેવે રસ્તે જા! આવી રીતના જીનેશ્વરના વચનો છે; તે વચનો જ્યારે શ્રદ્ધાગત થાય ત્યારે એના અનુસારે આ રખડંપટ્ટી શાથી થઈ, શાથી બચીએ તે વિચારમાં આવે. માટેજ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી મહારાજે કહ્યું છે કે–'अयमात्मैवसंसार' આત્મા–શુદ્ધ ચૈતન્યમય શુદ્ધ સ્વરૂપવાળો છતાં રખડવાવાળો, કષાય અને ઈન્દ્રિયની લડાઈમાં હારી ગયો છે.

**ઈન્દ્રિયો કષાય પાછળ ઉત્પાત કરનારી છે.**

સંસાર અને મોક્ષ તે બહારની ચીજ નથી પણ અંદરની ચીજ છે કષાય અને ઇન્દ્રિયોથી જીતાયેલો છે. જે આત્મા તે સંસાર છે. જેને કષાયો નથી જીત્યા તેનાથી ઇન્દ્રિયો નથી જીતાતી, કષાયના હાથાથી ઇન્દ્રિયો અનર્થ કરે છે, તે હાથો ન હોય તો અનર્થ નથી કરી શકતી; વીતરાગ કેવલિ મહારાજ પાંચે ઇન્દ્રિયવાળા છે, તેઓ ઇન્દ્રિયોથી તેના વિષયો જાણે? તો ના. ઇન્દ્રિયો છતાં તેનાથી ન જાણે તે કેમ બને? પહેલાં પુછનારે ધ્યાનમાં રાખવું કે સતીઓ સતીઓ પુછે તો ૪૯ થયા, તેમાં એક સતીયું સતીયું એમ ગણીને કહે છે. આ ક્ષયોપશમ ઇન્દ્રિયે એક બે ત્રણ ચાર સાત એવી રીતે ગણવા જવું. કેવલજ્ઞાનથી સંપૂર્ણ અવયવ આવે, સીધુ જણાતું હોય તો ઇન્દ્રિયદ્વારાએ જાણવા કોઇ બેસે નહી.

આથી ખુલાસો થયો કે જે આ કુતર્કવાદી હતા તેઓ કહે કે તમારા સર્વજ્ઞ ભગવાન બધું જાણે! બરોબર જાણે! તો જે આ વિષ્ટા ખાય તેનો સ્વાદ આવે તે તમારા સર્વજ્ઞ જાણે કે નહીં?

જાણે છે, તો અશુચીનો ખ્યાલ આવવો જોઈએ. અનુભવ અને જ્ઞાનસંજ્ઞા જુદી છે. નજરે તેમાં ખાતા દેખે છે કે નહીં? વિષ્ટા ખાધી તે તારી આંખમાં આવ્યું. જાણીને બોલે છે તેને વિષ્ટા ખાતા જાણ્યું. તેને થયું તેથી તને તેમ થયું. ઈન્દ્રિય અને ઇન્દ્રિય વચ્ચે ભેદ પડે, તો આતો ઇન્દ્રિય અને અતીંદ્રિયજ્ઞાનમાં એકઠાપણું કયાંથી, તે બીચારાને ખ્યાલ નથી કે અનુભવ સંજ્ઞા ઔદયિક, ક્ષાયોપશમિકે થાય કે તે સંજ્ઞા ક્ષાયિક ભાવે થાય. તેને હલકી પાડીને ઔદયિક ભાવવાળી સંજ્ઞામાં જોડી દેવી. સર્વવસ્તુને જાણનારા કેવલજ્ઞાનદ્વારાએ, ઈન્દ્રિયદ્વારાએ સર્વજ્ઞ અને વીતરાગને જાણે નહીં. ઈન્દ્રિય સંબંધી કર્મબંધ સકષાય હોય તેને, ઈન્દ્રિયો કષાય પાછળ ઉત્પાત કરનારી છે.

ક્ષમાના ભેદ.

કષાયને જીતવામાં શાસ્ત્રકારે કહ્યું કે જીતાય બે પ્રકારે એક લૌકિકરીતિએ અને બીજુ તત્ત્વની રીતિએ. ક્ષમા પાંચ પ્રકારની છે, માર્દવ–આર્જવ મુક્તિ તે પણ પાંચ પ્રકારે છે. કેટલીક વખત મનુષ્ય ક્રોધને કાબુમાં રાખે તેમ કેટલીક વખત ક્રોધને કાબુમાં નહીં મુકયો અને બદલો વાળીને કંઈક બોલી દીધુ તો ફાયદા બધા બંધ થઈ જશે! ઉપકાર કરનાર મનુષ્યે કઈ આક્રોશ કર્યો હોય તો ક્રોધ નહીં કરતાં સાંભળ્યું ન સાંભળ્યું કરી દઈએ, કેમ? બોલશું તો બધું ગુમાવી દઈશું. ઉપકાર કરનારો છે, ઉપકાર થયો છે માટે સહન કર્યું, તે ઉપકારીતાને અંગે તે ઉપકાર ક્ષમા છે. (૧) તેમ સરકારી લશ્કરી મનુષ્ય અજુગતું બોલી ગયો તે સાંભળ્યું ન સાંભળ્યું કરીએ તે સાથી' તો જુલમને અંગે સહન કરીએ, તે અપકાર ક્ષમા છે. (૨) ચંડકૌશીઆ જેવા કોઈ જીવનો વિપાક દેખ્યો ત્યાં વિચારે, સાધુપણું લીધેલું તેવો જીવ ક્રોધને અંગે કાળા નાગમાં આવ્યો તેથી આપણે કરવો નહીં. વિપાક જોવાથી જે ક્ષમા કરવામાં આવે, તે વિપાકક્ષમા છે. (૩) આ ત્રણ ક્ષમા મિથ્યાત્વીઓ પણ કરે. સમકિતિ કઈ ક્ષમા કરે?

વચન અને ધર્મ. ક્રોધથી ફાયદો કે નુકશાન હોય તે મારે જોવાનું નથી, પણ ભગવાને તેને નુકશાનવાળો ગણ્યો છે, માટે મારે તેને છોડવો જોઈએ તો તે વચનક્ષમા (૪) ગણાય. તે વચનક્ષમામાં આગળ વધ્યો. વધતો વધતો અમૃત અનુષ્ઠાનનો વખત આવ્યો ત્યારે મારા આત્માનો ધર્મ-શાંતિ, ક્રોધ એ આત્માનો ગુણ નથી આત્માને ગુણ ધારીને જે ક્ષમા કરવી તે ધર્મક્ષમા (૫) ધર્મ ક્ષમા કઈ વાડીની? તો વચન ક્ષમાની વાડીની, પહેલાં દંડથી ચક્ર ભમાવ્યું હોય પછી દંડને કોરાણે મૂકે તો પણ ચક્ર ભમે, અસંગ-અનુષ્ઠાનમાં આત્મા ગુણ જાણીને ક્ષમામાં આવે. તે વચન ક્ષમા, પહેલાં કરી તેથી વચનક્ષમા, અસંગઅનુષ્ઠાનરૂપી ધર્મ ક્ષમા. તે લોકોત્તર ક્ષમા, કષાયને જીતવાનું થાય તે વચનદ્વારાએ, વચન-ક્ષમાદ્વારાએ ધર્મક્ષમા આવતી હોવાથી શાસ્ત્રકાર બે પ્રકારની ક્ષમા કહે છે. તેમાં મૂળ જડ વચનની ક્ષમા છે. માટે '**वचनाराधनया**' વચનની આરાધના દ્વારાએ ધર્મ કરવો ક્ષમાનો ગુણ-શાંતિ ધારણ કરવી તે છે. તે વચનદ્વારાએ કરવામાં આવે તો લોકોત્તર માર્ગ અને મોક્ષને આપનારી થશે. પણ ઉપકાર લજ્જાથી કરવામાં આવે તો આત્માનો ગુણ અને ચારિત્રનું ચિહ્ન બનતું નથી.

વચનદ્વારાએ ક્રોધને, માનને, માયાને અને લોભને જીતાય. જ્યારે વચનદ્વારાએ ચારે જીતાય ત્યારે તેને લોકોત્તર તત્ત્વમાં ગણાય છે. તીર્થંકરના જે વચનો છે તેની આરાધનાદ્વારાએ ધર્મ છે. વચનનું સ્વરૂપ શું? દરેક શાસ્ત્રવાળા વચનને માને છે, અને તે પણ આરાધના કરે છે. વચનમાં ફરક કયો? તીર્થંકરનું કહેલું તેમ કહીને ફરક નથી પાડતા. કુરાન બાઈબલ, પુરાણ ભાગવત, વિષ્ણુ, ઈસુ, મહમદ અને શૈવના નામે તેઓએ ભગવાન અને શાસ્ત્ર વખાણ્યા. તેમ જીનેશ્વર સારા! શાસ્ત્રમાં કહેલું છે માટે સારા, શાસ્ત્ર સારાં તે શાથી? તો જીનેશ્વરે કહ્યું છે માટે; વચનની પરીક્ષામાં કયું વચન વ્યાજબી તેમાં

વક્તાને વ્યાજબી ગણવો પડે. સોનાની પરીક્ષા કસોટીથી થાય તેમ આ વચનની પરીક્ષા તે સ્પર્શન રસનાદિનો વિષય નથી, તો કયા સાધનોથી વચનની પરીક્ષા થાય તે જે બતાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

---

## 卐 વ્યાખ્યાન ૨૭ 卐

**અભવ્યને ભવ્યપણાની શંકા થાય નહીં.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને રચતા થકા આગલ સૂચવી ગયા કે–આ સંસારમાં આજીવ અનાદિ કાલથી રખડતો રખડતો મહામુશ્કેલીએ મનુષ્ય ભવને મેળવી શકયો. આપણે વિચાર કરીએ તો મનુષ્યભવ પહેલાં કઈ સ્થિતિ હતી ? કાંતો એકેન્દ્રિય યાવત્ તિર્યંચની. જ્યારે તે સ્થિતિ હોય તે વખતે મનુષ્યપણાનો વિચાર સરખો પણ આવે ખરો ? વિચાર જ ન આવે તે શું સારૂં છે ? તે સમજ કયાંથી ? તે સમજ ન આવે ત્યાં સુધી મનુષ્યપણું મેળવવા માટે આપણી ઇચ્છા થઇ તે કયાંથી. જગતમાં નિયમ છે કે–જેઓને વસ્તુનું સ્વરૂપ–ઇષ્ટપણું સમજાય ત્યારે જ તે વસ્તુની ઇચ્છા થાય. પણ તે ન સમજાય તો તેને ઇષ્ટ ન ગણીએ, તેવું મેળવવાની ઇચ્છા થાય નહી. એટલું જ નહી પણ મળશે કે નહી તેટલી શંકા પણ ન થાય. આ વાત બીજી બાજુ વિચારશો તો માલમ પડશે કે જે શાસ્ત્રકારે જણાવ્યું છે–અભવ્યજીવ જે હોય તેને અભવ્ય કે ભવ્ય હું છું તેવી શંકા થાય જ નહી. કારણ ! શંકા થવામાં શો વાંધો ? શંકા એ તો જ્ઞાનરૂપ છે તે કોઈની રોકી રહે નહી, જ્ઞાન તે કોઈનું રોકયું રહે નહી, અગ્નિનો જેમ દાહક સ્વભાવ છે. આપણે સત્તર વખત ના પાડીએ પણ બીજાના મનમાં ઠસે છે તોજ ના કહે એ જે જ્ઞાન થયું તે રોકયું રોકાતું નથી તેવી તે ચીજ છે. બહારના પદાર્થો જ્ઞાનને રોકી શકતા નથીજ યારે તેને ન રોકે તો શંકાને કયાંથી રોકે.

**શંકા કયારે થાય ?**

હવે શંકા કયારે ? ઉભય સ્વરૂપજ્ઞાનવાળાને હોય. સાપ જાણ્યો દેખ્યો માન્યો છતાં સાપ છે કે દોરડું તે શંકા પડે. દોરડા અને સાપનું સ્વરૂપ જાણતો હોય તે જો જાણેલાને સાચુ માનતો હોય ત્યારે જ સાપ છે કે દોરડું તેવી શકા થાય. જેના મનમાં એમ હોય કે જગતમાં સાપ જેવી દોરડા જેવી ચીજજ નથી, તેને સાપ છે કે દોરડું તે શંકા નહી થાય. ત્યારે શંકા કયાં થાય તો બન્ને પદાર્થોના સ્વરૂપો, તેની હયાતી સમજે ત્યારે જ શંકા થાય, તે ન સમજાય-ન મનાય ત્યારે શંકાને અવકાશ રહેતો નથી આ નિયમ જગતનો મનમાં લઇએ તો શંકા કયારે ? ઉભયપક્ષનું જ્ઞાન સમજણ સત્તા માનીએ ત્યારે જ શંકા થાય. તેમ અહીં હું ભવ્ય છું કે અભવ્ય છું તે શંકા કોને ! જેને ભવ્યપણાનું અભવ્યપણાનું સ્વરૂપ જાણ્યું માન્યું હોય તેને, અને જે સ્વરૂપે કહેવાય છે તે વસ્તુ તત્ત્વ છે એમ માન્યું હોય ત્યારપછી પોતાને અંગે શંકા થાય કે હું ભવ્ય હોઈશ કે અભવ્ય ? જ્યારે ભવ્ય અને અભવ્યપણું જાણ્યું અને માન્યું, ભવ્યપણું કઈ ચીજ ! તો મોક્ષની લાયકાત, વિચાર કરો ! મોક્ષ માન્યા વગર મોક્ષની લાયકાત મનાય ખરી ? મોક્ષની લાયકાત ન મનાય ત્યાં ભવ્યપણું ગણાય ખરૂ ? અભવ્ય એટલે મોક્ષને માટે નાલાયક, મોક્ષને માન્યા વગર ભવ્યપણું અને અભવ્યપણું મનાય નહી. મોક્ષ જેવી કોઈ ચીજજ નથી એમ માનનારાને ભવ્યપણું અભવ્યપણુ તે ચીજ જ નથી, ભવ્યપણું અભવ્યપણું ચીજ જ નહી એ કોને? મોક્ષ ન માને તેને, ત્યારે તે ચીજ કોને ? જે મોક્ષમાને તેને, અત્યારે મોક્ષ તેને માન્યો જ્યારે તેને મોક્ષ સુંદર માન્યો હોય ત્યારે ભવ્યપણું સારૂ અને અભવ્યપણું ખરાબ લાગે, સારૂ-ખરાબ બે હોય ત્યારે જ શંકાને અવકાશ હું ભવ્ય હોઈશ કે અભવ્ય ? જો ભવ્યપણું મોક્ષ અને તેની લાયકાત સારી ન લાગી હોય તો ભવ્ય અને અભવ્ય હોય તો તેને શું ? તેને તે શંકાનો અવકાશ કયાં. મોક્ષને લાયક પોતાને માને તેનું

નામ ભવ્ય, મોક્ષની ન લાયકાત તેનું નામ અભવ્યપણું. મોક્ષની લાયકાત સુંદર છે તે માને તો શંકા થાય કે હું ભવ્ય કે અભવ્ય ? બન્ને પદાર્થોનું સ્વરૂપ હોય તેમાં ઇષ્ટાનિષ્ટ જાણવામાં આવે ત્યારે જ શંકાને અવકાશ, બન્ને પદાર્થો તેનું સ્વરૂપ ઈષ્ટા-નિષ્ટાપણું માનવામાં આવે નહીં ત્યાં સુધી શંકાને અવકાશ હોતો નથી.

**મનુષ્યપણુ કેમ મલ્યુ ?**

મૂળવાતમાં આવો જે વખતે એકેન્દ્રિય–વિકલેન્દ્રિય–તિર્યંચ-પણામાં હતા તે વખતે મનુષ્યપણુ સમજતા હતા ? ના. મનુષ્ય કોને કહેવાય તેનું સ્વરૂપ સમજતા હતા ? ના. તેમાં ઇષ્ટપણું સમજતા નહોતા તો પછી ત્યાં શંકાને અવકાશ નહીં. તો પછી વ્યાપ્તિનો અવકાશ કયાંથી ? તે ન હોતું છતાં મનુષ્યપણું મલ્યું શાથી ? તે ચોક્કસ જ મલ્યું છે, કારણ કે તે પ્રત્યક્ષ છે. દેવપણું વિગે-રેમાં હજુ શંકા રહે. સિદ્ધની ગતિ વિચારવાની. કેમ મનુષ્યપણું બન્યું ? આપણો તેને અંગે બોધ નહોતો, તેને સારૂં ન હોતુ ગણ્યું, તે મેળવવા માટે પ્રયત્ન નહોતો છતાં મલ્યું કેમ ? કારણ શું ! નદીમાંના પત્થરનું મૂળ કયાં ? તો પહાડ, હવે પહા-ડનો વિચાર હતો કે પાણીનો વિચાર હતો કે આને ગોળ કરૂં, ત્યારે શું અટોલનો–ગોળપત્થરાનો વિચાર હતો કે હું ગોળ થાઉં. અથડાતાં પીટાતાં જે જે ખુણો વધારે ઘસાતો ગયો અને તૂટતો ગયો, ભલે પહાડ પાણીની મરજી ન હોય તો પણ તેનો ખુણો તૂટતો અને ઘસાતો ગયો ત્યારે અટોલ થયો છે. તેમ આ જીવે મનુષ્યપણું જાણ્યું નથી, તેનું સ્વરૂપ તપાસ્યું નહોતું, મનુષ્યપણાનું મહત્ત્વ જાણ્યું નહોતું તેથી ઈચ્છા ન્હોતી કરી, તેથી તેના કારણો મેળવવાની ઈચ્છા ન્હોતી. છતાં કારણો મલ્યાં અને મનુષ્યપણું મલ્યું તે અટોલના ન્યાયે.

**કર્મની કેદ.**

કર્મે મનુષ્ય કરવા ધાર્યા હતા અને કર્યા, આપણે થવાનું

હતું અને થયું તેમ ન્હોતું. સજાપુરી થાય પછી નવો ગુન્હો ન હોય તો કેદમાંથી છોડવો પડે, ચ્હાય જેવો ગુન્હો હોય તેને જેલમાં નાંખ્યો ત્યાં જો નવો ગુન્હો ન કરે તો ગુન્હાની મુદત પુરી થયે તેને છુટો કરવો પડે. તેમ આ જીવ કર્મની કેદમાં પડયો છે. કર્મની સજા ભોગવી અને નવા કર્મ કર્યા નથી, તેથી નીચે ન ગયો. નવા કર્મ કર્યા હોત તો નીચે જાત, કેદીને નવાગુન્હાની સજા માફ થતી નથી પણ કેદ વધે.

**મિથ્યાત્વી અને સમ્યગ્દૃષ્ટિના કર્મ બન્ધમાં ભેદ.**

તેમ અહિં કર્મ ભયંકર બંધાય તો નીચે ઉતરવામાં નવાઈ નથી. પણ એકલા કર્મ ભોગવ્યા નવાં બાંધ્યા નહી ત્યારે મનુષ્યપણું મલ્યું, એટલે અકામ નિર્જરાએ મલ્યું. તેની અંદર કારણ શું ? તોડે, ભોગવે વધારે અને બાંધે ઓછું, ત્યારે જ મનુષ્યપણામાં આવે. આ વાત નક્કી કરીએ ત્યાં શાસ્ત્રને વાકયથી સાંભળનારો જે તત્ત્વને નહી સમજનારો છે તે શંકા કરે કે-જગતમાં કર્મ બાંધવાનો તોડવાનો નિયમ કયો ? આ જીવ સમયે સમયે કર્મ બાંધે અને તોડે તેમાં નિયમ કયો ? કર્મને મિથ્યાત્વી તોડે થોડાં અને બાંધે વધારે, કેમકે યથાપ્રવૃત્તિકરણ સિવાયની જે નિર્જરા તે બધી અકામ નિર્જરા, ૬૯ કોડાકોડ સાગરોપમ અને તેના ઉપર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ તોડે તો પણ તે નિર્જરાને અકામ નિર્જરા ગણી છે. જ્યાં મિથ્યાત્વીને અપૂર્વકરણઅનિવૃત્તિકરણનો અધિકાર નથી માની શકતા. ત્યાં યથાપ્રવૃત્તિએ લાવીએ કયાંથી ! ઘણું બાંધે અને તોડે થોડું ભોગવે સમયના અને બાંધે સીત્તેરના; વિચારો ! શું બાંધે અને શું તોડે ? જેટલા સમ્યક્ત્વ નથી પામ્યા તે બધા કઈ સ્થિતિમાં ? ભોગવે સમયના અને બાંધે કોડાકોડ સીત્તર તેથી નિર્જરા ઓછી અને બંધ વધારે. મિથ્યાત્વી જીવ અલ્પ નિર્જરા કરે અને ઘણાં બાંધે.

**સંયતો ને કર્મબંધમાં ભેદ,**

પ્રમત્ત સંયત તે જેવાં બાંધે તેવાં તોડે. પ્રમત્ત સંયત સુધી જેવો બંધ તેવી નિર્જરા, ચોથા ગુણઠાણાની શરૂઆતથી અપૂર્વકરણ સુધીની સ્થિતિ અંતઃ કોટાકોટીની તેનાથી અધિક કે ન્યૂન નહી. નિર્જરે અસંખ્યાત અનંત ભવના, જેવું નિર્જરે તેવું બાંધે. પણ જ્યાં અપ્રમત્તથી આગળ અપૂર્વકરણાદિમાં ચડયો ત્યાં પોતાના ઘણા નિર્જરે, પરંતુ જગતના જીવોના કર્મો ત્યાંથી નીકળીને પોતાનામાં આવે તો તે બધાને તોડી નાંખે તેવી તાકાત તે વખતે હોય પણ એનો ઉપાય ત્યાં નથી.

**મિથ્યાત્વી બહુ બાંધે અને થોડુ છોડે, સમકિતિને તેમ નહી.**

કોઇના કર્મો કોઇનામાં આવતા નથી. દુનિયામાં બે મથાળાની હુંડીમાં લઈ જાય કોય અને ભરવા પડે બીજાને; તેમ કર્મમાં નથી; પણ જેને કર્મ કરેલાં હોય તેને ભોગવવાં પડે. બીજામાં બીજાના કર્મો જતાં નથી. બીજાના કર્મો પોતાનામાં આવે નહિ. પોતાના તોડે તેથી ઘણુંજ નિર્જરે ત્યારે બાંધે થોડું. મિથ્યાત્વી બાંધે ઘણુ અને તોડે થોડું. મિથ્યાત્વીને અનંતાનુબંધી કષાયવાળા ગણાય. 'अनन्ताननुबध्नन्ति' આથી સંસારની વૃદ્ધિ માટે અનંતા જન્મો બાંધે. જે જે સમયે અનંતાનુબંધીનો ઉદય તે તે સમયે અનંતા બંધાવે. અનંતાનુબંધીના ઉદય વગર મિથ્યાત્વીપણું ન હોય મિથ્યાત્વ સમયે સમયે અનંતા જન્મો વધારનાર થાય છે. માટે મિથ્યાત્વી બહુ બાંધે અને થોડું તોડે; સમકિતિ જેવું બાંધે તેવું તોડે.

**દેવોને વિરતિ કેમ નહીં ?**

જે માણસને સમ્યક્ત્વ મળ્યું તે નવપલ્યોપમમાં શ્રાવક બને. આ શ્રાદ્ધપ્રતિક્રમણ વિગેરેમાં જણાવેલું છે જ્યારે આવું શાસ્ત્રકારે નક્કી કર્યું તો પછી રહાય તો ભવનપતિમાં જાય કે રહાય તો સૌધર્માદિ દેવલોકમાં જાય પણ બધે અંતઃકોડાકોડ સાગરોપમની સ્થિતિ રહે છે. તેમાંથી ઓછી થતી નથી. માટે

દેવતાને વિરતિ હોય નહી, અંશે પણ ન હોય તો શ્રાવકપણું કયાંથી ? કારણ. શું આ વચન ખોટું કે તે વચન ખોટું. એક બાજુ શાસ્ત્રકારે સાગરોપમનું આયુષ્ય કહ્યું અને બીજી બાજુ નવ પલ્યોપમે વિરતિ જણાવી, દેવતાને વિરતિ હોય નહી, આનો સંબંધ કેવી રીતે મેળવવો. મનુષ્ય અક્કલથી ન વિચારે તો તેને સવળી વસ્તુ અવળી લાગે પણ સવળી ન લાગે નવપલ્યોપમ સ્થિતિમાંથી ખુટવા જોઈએ અને સરવાળે ઓછા થવાં જોઇએ ત્યારે દેવલોકમાં સરવાળે ઓછાં થતાં નથી પણ જેવા ભોગવે તેવાં બાંધે છે. સમ્યક્ત્વ વખતે જે સ્થિતિ હતી તેમાં ઓછાં થાય ત્યારે ને ? જેવાં ભોગવીને ઓછાં કરે છે તેવાં જ નવાં બાંધે છે. દેવતાના ભવમાં જેટલું ભોગવે તેટલું જ બાંધવાનું, દેવો તેત્રીશ સાગરોપમ જેવા નવ પલ્યોપમ જેટલાં કર્મ ઓછાં કરી શકે નહીં, કારણ જેવાં બાંધે તેવાં ભોગવે. તેથી નથી દેવતાને દેશ-વિરતિ. ચોથાથી અપૂર્વકરણ સુધીની સ્થિતિ અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય. કહેવાનું તત્ત્વ એ છે કે આ સિદ્ધાંત કર્યો કે મિથ્યાત્વી ઘણાં બાંધે અને થોડાં તોડે,

**મિથ્યાત્વી તોડે થોડાં અને બાંધે વધારે તે બાહુલ્યતાની અપેક્ષાએ.**

સમકિતિ પ્રમત્ત બુદ્ધિવાળા જેવાં બાંધે તેવાં તોડે. અપૂર્વ કરણથી આગળ વધે ત્યારે થોડાં બાંધે વધારે તોડે. અમે બાંધ્યાં થોડાં અને વધારે તોડયાં તેથી અપૂર્વકરણાદિમાં આવ્યા હતા અને તેથી મનુષ્યપણામાં આવ્યા ? વાત ખરી. આ દુનિયામાં પાણીમાં તણાય અને મરી જાય, સાપ કરડે તે મરી જાય તેમ કહીએ છીએ હવે તેમાં શું તણાયેલા કોઈ જીવ્યા નથી ? સાપ કરડયા છતાં કોઈ જીવ્યા નથી ? તો કઈક સાપ કરડયા છતાં જીવ્યા છે. પાણીમાં તણાયા છતાં જીવ્યા છે. છતાં કહીએ છીએ કે સાપ કરડે તો મરી જવાય ! કેમ ? સેંકડે નવાણું મરે, ડુબે તે મરી જાય, સાપ કરડવામાંથી, ડુબવામાંથી કોઈક બચે. તેમ આ તો અનંતાના એકે પ્રરૂપણા છે. અનંતા મિથ્યાત્વીમાંથી

એક મિથ્યાત્વી નીકળે અને આગળ વધે. તિર્યંચની ગતિમાંથી મનુષ્ય ગર્ભજ નીકળે કેટલા? તો આંગળાના વેઢા જેટલા. કોઈ જીવ વિશેષને અંગે થોડું બાંધવાનું વધારે તોડવાનું બને તેમાં નવાઈ નથી. જો તે ન માનીએ તો આ જૈનશાસનને પાણીમાં નાખવાનું! જૈનશાસન નિસર્ગ અને અધિગમથી સમકિત પામવાનું કહે છે ને? હા. મોક્ષે છ મહિનામાં એક જવો જવો ને જવો જ જોઇએ. તે નિયમ કેવી રીતે સચવાશે? મિથ્યાત્વી ઘણાં બાંધે અને થોડાં તોડે તેમાં સચવાય? આ જો નહી રાખીએ તો તે સમકિતિ થાય ક્યાંથી? ને તે ન પામે તો આગળ વધે ક્યાંથી? આ બધું બને સમકિત પછીને? હા. પણ સમકિત પામ્યાની, વ્રતની, કેવલજ્ઞાનની, મોક્ષની વાત ક્યારે મનાય? મિથ્યાત્વીમાં ઘણાં બાંધે અને થોડાં તોડે એમાં આ અપવાદ ન રાખીએ તો તમે અને તમારું શાસન પાણીમાં જાય. તેમાં શું? સગીમાને છોકરો કપાય તેમાં પેટ બળે પણ ઓરમાન માતાને છોકરાના કકડા થાય તેમાં અફસોસ ન હોય. તેમ જે જૈનશાસનને માનનારા છે તેને સમકિત વગેરેની વાત ઉડે તે ન પાલવે. પણ જેને જૈનશાસન નથી માનવું તે એમ કહે કે તે ભલે પાણીમાં જાય; જેઓ શાસ્ત્ર ન માને ત્યારે તેને જ્યાં અનુભવની યુક્તિ બતાવી એટલે તે ચૂપ.

**મનુષ્યપણું કેવી રીતે મલ્યું?**

ચાર નાસ્તિકો જીવ નથી એમ કહેતા આવ્યા અને પુછયું કે મહારાજ જીવ છે તેનું પ્રમાણ શું? ત્યારે ત્યાં શ્રાવક બેઠો હતો તે તવેથો લાલચોળ કરીને લાવ્યો અને જરીક અડકાવવા ગયો ત્યારે તે ખસ્યો, કેમ ભાઇ! ખસવાનો ડરવાનો ભય કોને? જીવને કે જડને? આ થાંભલો કેમ નથી ડરતો? મોઢે ના ના કહે છે પણ અંદર તો છે. તેમ જે શાસ્ત્રથી ન માને તેને અનુભવની યુકિતથી સમજાવવો પડે. વધારે બાંધતાં બાંધતાં છેડો ક્યાં લાવીશ! દરેક જીવ વધારે બાંધે, જ્યાં દશાની જાવક અને

એકની આવક ત્યાં ચ્હાય જેટલી મોટી સંખ્યા હોય, જેમાં કર્મ પુદ્ગલો અનંત અને જીવો અનંતા. આ પ્રમાણે અનંતાનંત લેવા પડે, તો તે જગતમાં માશે નહી. માટે કર્મનો અભાવ થવાનો વખત આવશે. મિથ્યાત્વીઓ છે તે તોડે થોડાં અને વધારે બાંધે તે બાહુલ્યક નિયમ, પણ સાર્વત્રિક નિયમ નહી. તે સાર્વત્રિક નિયમ કરીએ તો સમકિત, વ્રત, કેવલજ્ઞાન, મોક્ષ પામવાનો વખત ન રહે.

આપણો જીવ અપવાદમાં દાખલ થયો. જે જીવો ઘણું ભોગવે અને થોડું બાંધે એ અપવાદમાં દાખલ થયા ત્યારે મનુષ્યપણું પામ્યા. અકામ નિર્જરાએ તે અપવાદનું સ્થાન. મનુષ્યપણુ આવવાથી શાસ્ત્રકારે કહ્યું કે તું કેટલાં પગથીઆં ચડયો છે નિસરણીના ! તે ખ્યાલમાં રાખ. જે જેને હોય તે તેને જાય તેથી તેનો વિચાર થાય. તેમ અહીં જેને મલ્યું હોય તેને વિચારવાનું, પલળવાનો ડર જે ઢાંકયા હોય તેને, પણ નાગાને પલળવાનું નહી. માટે તેને વિચાર હોયજ નહી. તમે કેટલી સ્થિતિએ ચડયા છો તે વિચારો તો માલમ પડે કે મારૂં જશે કેટલું ? માટે શાસ્ત્રકારે પહેલાં ભવ્યોને દેશના દેતાં જણાવ્યું કે–પહેલું સ્થાન સૂક્ષ્મપણામાં હતું, તેમાંથી બાદરપણામાં તેમાં પણ એકેન્દ્રિય ત્યાંથી આગળ વિકલેન્દ્રિયમાં ત્યાંથી આગળ તિર્યંચપંચેન્દ્રિયમાં આવ્યા, ત્યાંથી આગળ વધતાં મનુષ્યપણુ મલ્યું, તેમાં પણ આર્યક્ષેત્ર મલ્યું, તેમાં પણ ઉત્તમકુલ, ઉત્તમ જાતિ, દેવગુરૂની જોગવાઈ મળી. કેટલાં પગથીઆં ચડ્યા તે ધ્યાનમાં દો ! હવે અહીંથી ખસ્યા તો શું થાય ?

**અપ્રતિપતિત સમ્યક્ત્વી, દેવ અને મનુષ્યમાં જ જાય.**

અહીંથી ખસવાનું થાય જ નહીં અને સ્થિર થઈને આગળ વધવું હોય તો તેવો રસ્તો છે ? હા, કયો તે જીનવચનની પરિણતિથી છોડવાલાયકને છોડવા લાયક, આદરવા લાયકને આદરવા લાયક, જાણવા લાયકને જાણવા લાયક છે તે નિશ્ચિત કરવામાં

આવે તો ન પડે. તેથી વિશેષાવશ્યકકારે સમ્યકૂત્વની વાતમાં જણાવ્યું કે—'एवं अपडिवडिए देवमनुज०' અપ્રતિપતિતે સમકિતમાં બે પ્રકારના જન્મો હોય; કયા ? એક દેવતાના અને બીજા મનુષ્યના. પણ ત્રીજો પ્રકાર જ નહી. તિર્યંચોમાં સમકિતિ જાય, તેમ છતાં તમે અહીં દેવ મનુષ્ય બે કેમ લીધા ? વાત ખરી; ક્ષાયિક સમકિતવાળો તિર્યંચગતિમાં અને નરકગતિમાં જાય તે વાત કબુલ. ભાષ્યકાર જે કહે છે કે–અપ્રતિપતિત સમકિતવાળો દેવ અને મનુષ્યમાં જાય તે પણ કબુલ. તો આ બે વાત કેમ મનાય. 'અજવાળું હોય તો અંધારું નહી અને અંધારું હોય તો અજવાળું નહિ' તે બન્ને પરસ્પર ન રહે તેમ અહીં સમ્યકૂત્વ ક્ષાયિકવાળો તિર્યંચમાં અને નરકમાં જાય તે કબુલ. ક્ષાયિક સમકિતવાળો દેવ અને મનુષ્યમાં જન્મ પામે, તે બે વાત કઈ રીતે માનવી ? હવે તને પુછીએ કે સવારના સાંજના સંધ્યાકાળમાં શું લઇશ ? તેને અંધારું કહીશ કે અજવાળું કહીશ ? અમુક અપેક્ષાએ જે બેય સાથે, તેમાં અંધારાનો કયો ભાગ લેવો અને અજવાળાનો કયો ભાગ લેવો હોય તો રાત્રિ ગઈ પ્રભાત થશે. તેમ અહિં કયો ક્ષાયિક સમકિતવાળો નરકે ગયો, તિર્યંચમાં ગયો તો જેને પહેલાંથી આયુષ્ય બાંધ્યું હોય તે. પણ સમકિત પામ્યા પછી આયુષ્ય બાંધે તેનો દેવ કે મનુષ્યપણા સિવાય અવતાર હોય જ નહીં. માટે ત્યાં આગળ નારકી તિર્યંચ ગતિ ન ગણી. પણ અપ્રતિપતિત સમકિતિ હોય તો દેવ અને મનુષ્યમાં જન્મ ગણ્યો.

**વચનની પરિણતિ ન થવાથી નુકશાનો.**

તેમાં આપણે મનુષ્યપણું પામ્યા, સંપૂર્ણ પંચેન્દ્રિયાદિપણું પામ્યા અને દેવ ગુરૂ ધર્મની જોગવાઈ પામ્યા. પરંતુ તે પામ્યા છતાં સફલ ન થઈ શકે. જોગવાઈ સફળ ન થાય, અરે વર્તન પણ સફલ ન થાય. જે જે સાધુના લાયકના વર્તન શ્રાવકના લાયકના બધા વર્તન તેમાં તાકાત નથી. ઘાસમાં ભડકો ભલે જબરજસ્ત થાય પણ રસોઇમાં કામ ન લાગે પણ રસોઈમાં બે લાકડાનો

નાનો ભડકો હોય તો કામ લાગે. તેમ જે વચનની પરિણુતિ વગરનુ સમ્યક્ત્વનુ, દેશવિરતિનુ, સર્વવિરતિનુ અનુષ્ઠાન તે બધા ઘાસના ભડકા સરખા છે.

કાર્ય કયારે બને? વચનની પરિણુતિ થાય ત્યારે; આ જીવે અનંતી વખત ઓઘા–મુહપત્તિ–ચરવળા–કટાસણાં કર્યાં છતાં કેમ ઠેકાણું ન પડયું? તો વચનની પરિણુતિ થઇ નહોતી તેથી, વચન પરિણુતિ નહિ થયેલી હોવાથી સમ્યક્ત્વ–દેશવિરતિની કરણી ઘાસના ભડકાની સ્થિતિમાં રહી. અને જ્યાં વચનની પરિણુતિ થઇ ત્યાં કંઈ ન કરે તો યે મોક્ષને લાયક અર્ધપુદ્ગલપરાવર્તની છાપ. આ છાપ વચનની પરિણુતિ વાળાને, પણ સમકિત–દેશવિરતિ–સર્વ વિરતિની કરણીને નહીં. વરની મા વરને વખાણે તેમાં વરની આબરુ નથી વધતિ. અહિં આગળ તમે જિનેશ્વરના વચનને-જિનેશ્વરના મતને અનુસરીને વખાણો તેથી જિનવચનની કિંમત થઈ ગઇ એમ નહીં પણ બીજો વખાણે ત્યારે કિંમત થઈ ગણાય. તમે જિનમતના અનુસરનારા થઇ ને વખાણો તેમાં નવાઈ શી? જૈનશાસનના હિસાબે સમ્યક્ત્વ-દેશવિરતિ અને સર્વ વિરતિની કરણી કરતા આત્માને છાપ આપનારા મહર્ષિઓ' વચનની પરિણુતિ અને તેની વાત બીજાની અપેક્ષાએ સાબીત કરવા તૈયાર છે. વેદાંતિ વૈષ્ણવો જૈનવચનને સારૂં કહેવા નહી આવે, પણ એક વાત ધ્યાનમાં રાખવી કે–બાયડી ધણીનું સાક્ષાત્ નામ નહી લે પણ આડકતરૂં નામ લેશે. સાક્ષાત્ નહી કહે પણ યુક્તિમાં આવશે ત્યારે હા! હા! કરવી પડશે. હવે કઇ યુક્તિ છે કે જેથી તેને કબુલ કરવું પડે, પણ નામથી ન બોલે.

### યુક્તિવાળું વચન માનવા લાયક.

તે મહર્ષિઓને પણ કેટલાક અવળી રીતે ગોઠવે છે. તેને અવળી રીતે કેવી રીતે ગોઠવે છે? તીર્થંકર અને અન્ય મતમાં પક્ષપાતવાળા નથી. તે તો મતભેદના સહિષ્ણુતાવાળા હતા તેજ

વચનથી કહીએ છીએ કે કટ્ટરમાં કટ્ટર તે હતા બીજામતને કબુલ કરે તેવા નહોતા.

'**पक्षपातो न मे वीरे**' આ કહીને સહિષ્ણુતાની કયાં ઘોર ગોઠવી અને પક્ષપાતનો નિષેધ કેમ કરવો પડયો. '**पक्षपातो न मे वीरे**' બોલ્યા પણ બૌદ્ધે ન બોલ્યા. જિનેશ્વર ઉપર તુંહી તુંહી રહીને તે માટે કહેવું પડયું. '**न द्वेषः कपिलादिषु**' કહ્યું પણ **कुवादिषु** ન કહ્યુ, કેમ ? ત્યાં છાયા નથી, રાગની પુરેપુરી છાયા છે અને દ્વેષની પુરેપુરી છાયા છે. તેઓ જિન ઉપર અને કપિલાદિ ઉપર વ્યકિત તરીકે પક્ષપાતી અને દ્વેષી નથી, પણ હું લક્ષણોથી પક્ષપાતી અને દ્વેષી છુ. કિન્તુ વ્યકિતગત પક્ષપાત નથી માટે '**युक्तिमद्वचनं यस्य**'–તમારે અને મારે બન્નેને માનવું પડશે કે જેનું વચન યુક્તિવાળુ હોય તે માનવું. હવે શ્લોકના અર્થને વિચારે નહિ અને જેમ તેમ ગોઠવે તે શા કામનું.

'**यत्र यत्र समये यथा**' રહ્રાય તો બૌદ્ધ–વૈષ્ણવ શાસન હોય, કોઇ પણ નામ હોય, તેને બેઠો કે ઉભો માનો તેની અડચણ નથી. પણ અમે એકજ પુછીએ કે તેને માનનારાઓ તેને ગુણવાળો કે દોષવાળો માને છે ? કર્મથી ભારે થયેલો કે કર્મથી રહિત માને છે ? જો દોષરહિત અને કર્મરહિત માને તો આપો આપ તારે માનવું પડશે કે બીજાએ માનેલામાં વિચારતાં તેઓ દોષરહિત નથી, તેથી તેને વીરને માનું છું. મતની સહિષ્ણુતા નહોતા માનતા પણ તેમાં રાત દિવસ જેટલો ફેર છે. તે યુક્તિથી પુછીએ તો તે જીવ શબ્દ ન બોલે પણ આવું જોઇએ તે બોલવું પડે. હવે યુક્તિ કઈ તે કેવી રીતે સાબીત કરશે ? તે અધિકા અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૨૮ 卐

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે-આ સંસારમાં આ જીવે અનાદિકાલથી રખડતાં રખડતાં અનંતા પુદ્‌ગલપરાવર્ત કર્યા તેમાં આંગળના અસંખ્યાતમા ભાગ જેટલી કાયાની શક્તિવાળો હતો. ત્યાં વચન કે વિચારની શક્તિ તેટલો કાળ તેને આવી નહી. સામાન્ય એકેન્દ્રિયમાં સૂક્ષ્મ નિગોદમાં વિકલેન્દ્રિયમાં અનંતો-અસંખ્યાતો-સંખ્યાતો કાલ રખડયો. તેમાં અનંતા પુદ્‌ગલ-પરાવર્તોનો કાલ પુરો કર્યો. તેમાં કાયા સિવાય કંઈ હતું નહી.

### અહેશાન બડા કે ઓજાર?

બુઢ્ઢો ચાલે પણ લાકડી જોઇએ. તેમ ક્ષાયોપશમિકની બુદ્ધિ તે લાકડીના ટેકા જેવી છે. શૂરા સરદારની શક્તિ હથિયારના સામર્થ્યમાં રહેલી છે. શૂરો સરદાર હોય તેને હોશિયાર અહેશાન, અહેશાન ન હોય તો તે કઇ કરી શકે નહી.

આપણે સાંભળીએ છીએ કે બાદશાહે બીરબલને પુછ્યું કે બીરબલ! હથિયાર બડા કે અહેશાન બડા? બીરબલે કહ્યું કે ખ્યાલ તે બડી ચીજ! હથિયારકા ઉપયોગકા ખ્યાલ આછે તબ ઉપયોગ નહી હોય તો હથિયાર કયા કરેગા! શી ખબર પડે? તું બડા શાથી કહે છે? બાદશાહે સાંજે હાથીની સાઠમારી થવાની છે હાથીને ગાંડો કરે દારુ' આથી દારૂ પીવડાવીને તેને બીજા હાથી સામે લડવા તૈયાર રાખ્યો, બીજો હાથી જ્યાં છોડયો ત્યાં નીશાની કરી દીધી ત્યારે માવતે ગાંડા હાથીને છોડયો અને દરવાજો બંધ કરી તે નીકળી ગયો. ત્યારે અંદર બીરબલ રહ્યો, બાદશાહે કહ્યું કે અરે બીરબલ! કયા દેખ રહા હૈ? આ ગાંડો હાથી આવી રહેલો છે ત્યારે બીરબલને હાથમાં કંઈ ન આવ્યું એટલે

ત્યાં કુતરૂં સુતુ હતુ તેનો પગ વિંજતા હાથીના લમણામાં ફેંકયું. ત્યારે બાદશાહ કહે કે તેં કયા કીયા? હાથી આ નવી ચીજપણે વિચારમાં પડયો, એટલામાં બીરબલ બારણું ઉઘાડીને નીકળી ગયો. બાદશાહને કહ્યું કે–કયું સાહેબ! હથિયાર બડા કે અહેશાન તે દેખ લો! જબ અહેશાન ન હો તો હથિયાર કયા કરતે? સામને અપને કુતેકું ઓજાર બનાયા. ઓજાર વિના અહેશાન ક્યાંથી આવ્યું?

સંસારી જીવ કેવલજ્ઞાનની સ્થિતિમાં નથી ત્યાં સુધી જ્ઞાન-શક્તિ ફેરવવા માટે ઓજારની અપેક્ષા રાખે છે તે વિના કામ થતું નથી આ ઉપરથી શંકા થતી કે તમે જીવ માનો! તેની શકિત માનો! તે કબુલ પણ જે જુવાનમાં જીવ તે બાલપણામાં અને તેજ વૃધ્ધપણામાં–જીવ છે. જે બુઢ્ઢામાં નહી અને જુવાનમાં તાકાત છે તે બાલમાં તાકાત કેમ નહી? જીવ તો ત્રણેમાં સરખો છે. જો તાકાત શરીરની માનો તો હજી મનાય, પણ જીવની શક્તિ માનો તો બાલ–યુવાન–વૃધ્ધપણામાં જીવ તો તેજ છે, આથી બધે તે શક્તિ રહેવી જોઈએ. શકિતમાં ફેર કેમ? સર્વ જગોપર જીવ સરખો છે માટે શકિત રહેવી જોઈએ, પુદ્દગલના ઘરની શકિત તેમાં જીવને ઓઠા રૂપે રાખો છો! પુદ્દગલ જડ છે, એય ખરાબ સ્થિતિમાં હોય. પણ આત્મા સારી સ્થિતિમાં હોય તો તે પ્રમાણ! સારી ખરાબ બેય શકિતવાળો હોય છે. કારણ કે ગ્લાન અને આરોગ્યવાળો આત્મા તેનો તે છે. જે આત્મા નિરોગીપણામાં તેજ આત્મા રોગીપણામાં, તો તેમાં અત્માની શક્તિ ઓછીવત્તિ કેમ? માટે પુદ્દગલના ઘરની શકિત છે તેવું કહેનારે સમજવું કે–શકિત આત્માના ઘરની; કપાય તરવારથી પણ તે કાપનાર નહી. પણ કાપનાર તો' મનુષ્ય કાપી શકતો નથી કાપનારી તરવાર છે. છતાં તે સાધન છે આથી ગુન્હેગારી તરવારની ગણી કકડા કરવામાં આવ્યા કે ખુનીને ફાંસી દેવામાં આવી? કારતુસ–રીવોલ્વર–તરવાર વગેરે હથિયારો છે. જેવા હથિયાર હોય તેવાજ ઘા થાય; શકિત જબરજસ્ત છે,

જુઓ મહારાણા પ્રતાપમાં સિંહ જેવી શકિત હતી; તે રાજકુમાર અવસ્થામાં હતા ત્યારે કોઇકે મશ્કરીમાં કહ્યું કે આપ તીરમાં ભલે તીરંદાજ પણ તરવારમાં આપણી તલભારશકિત નહી ચાલે ! ત્યારે પ્રતાપ મહારાણાએ કહ્યું કે ચાલે કે ન ચલે તે તો મોકા ઉપર માલમ પડે. દુનિયામાં આંબાના દર્શન હોય તો કેરી દેખવામાં આવી જાય. દુનિયામાં પદાર્થ મોકો હો કે ન હો તો પણ દેખવામાં આવે પણ મનુષ્યની તાકાત તો મોકો હોય ત્યારે દેખવામાં આવે છે. તરવારથી કાટનેમેં દૂર નહિ. આ કેળનું ઝાડ છે તે કાપી દો ? પેલાએ કેળના થડમાં લોઢાનો સળીઓ ઘાલી દીધો. કહી દીધું કે તૂરત મહારાણાએ ઓળખ્યો, જ્યાં તરવારનો ઘા કર્યો ત્યાં કેળ અને લોઢાનો સળીઓ તે બેયના કકડા થયા. હથિયારમાં તરવાર હતી તેથી તેને કેળ સાથે લોઢાનો સળીઓ કાપ્યો. કિન્તુ લાકડી હોત તો શું કરત ? મોકે હથિયાર હોય તો શક્તિ ખુલ્લી પડે

**એકલા પુદ્દગલમાં પોઢવું નહીં.**

આપણે તો સાધન મળે તે પ્રમાણે શક્તિ, શક્તિ છતાં પણ જેટલાં સાધન મળે તેટલાં ફોરવીએ, બાળપણામાં રોગીપણામાં વૃદ્ધપણામાં સાધન નબળું છે તે કેવી રીતે શક્તિ ફોરવે ! તીવ્ર હથિયારથી તીવ્ર તાકાત થાય પણ વધ કરવાની તાકાત બાળક વગેરેમાં નહી એકલા હથિયારની તાકાત તેવું માનનારની અક્કલ કેવી ?

જીવ ન માનવો અને પુદ્દગલ જે સાધન તેની શક્તિ માનવી તેની અક્કલ કઇ ? તેને વિચાર કરવો ઘટે ! શરીર બે મણનું ધૈર્ય ફોરવે તો દશ મણને ધક્કો મારે. આ સાધન તરીકે ન હોત અને સાધ્ય તરીકે હોત તો આના પ્રમાણથી વધારે પ્રમાણવાળું કામ થાત નહી. પણ અંદર બીજી શક્તિવાળો છે માટે તે પુદ્દગલ દ્વારાએ શક્તિની ફોરવણી દેખીને એકલા પુદ્દગલમાં પોઢવું નહી. જીવની જ્યોત જોવી. જીવ જ્યોતવાળો છે

તેની શકિત ફેરવનાર, અનાદિ કાળથી તેને હથિયાર કાયાનું મલ્યું. અનંતા પુદ્ગલપરાવર્ત સુધી કાયાનું સાધન મલ્યું. અનંતી પુણ્યાઈ વધી એમ કહીએ તો ચાલે.

**વ્યવહારરાશીમાં આવ્યા તે સિદ્ધનો ઉપકાર:**

ભાગ્ય આપણું કે એ સિદ્ધ થયા. આપણા નશીબે એક સિદ્ધ થયા. આપણે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં, મોક્ષે ગયા તેઓ જ્ઞાન દર્શનાદિના બળે ગયા, તેમાં નશીબને શો સંબંધ ? અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં આવવાનું કયારે બને? જેટલા મોક્ષે જાય તેટલા આવે ત્યારે.

**सिज्झंति जेत्तिया किर इह संववहारजीवरासीओ ।**
**एंति अणाइ वणस्सइरासीओ तेत्तिया तम्मि ॥**
**( विशेषणवती ) गाथा ६०-१५ ॥**

જેટલા જીવમોક્ષે જાય તેટલા અવ્યવહારરશીમાંથી વ્યવહાર રાશીમાં આવે. શશલો જાય અને જગ્યા ખાલી પડે ત્યારે હાથીને પગ મુકવાનું બને. મેઘકુમારનો જીવ હાથી હતો તે વખતે શશલો ખસ્યો તો પગ મુકવાનું સ્થાન થયું. તેમ વ્યવહારરાશીમાંથી જીવ મોક્ષે જાય ત્યારે તમારે માટે જગ્યા થાય. નહી તો જગ્યા ન થાય. આ વાત ખ્યાલમાં લો તો માનવું પડે કે આપણા નશીબે જ તેઓ મોક્ષે ગયા, તે મોક્ષે ગયા એટલે આપણે બહાર આવવાનું બન્યું. જગતનો નિયમ કયો ? જેટલા જીવ વ્યવહારરાશીમાંથી મોક્ષે જાય તેટલા અવ્યવહારમાંથી વ્યવહારમાં આવે. જ્યારે મોક્ષે જાય ત્યારે તમારે બહાર આવવાનું. તે ન જાય તો તમારે બહાર આવવાનો વખત નહી, પહેલો ઉપકાર એ થયો કે આપણે તે સિદ્ધ થવાને લીધે વ્યવહારરાશીમાં આવવાને પામ્યા. માટે સિદ્ધપણાનો ઉપકાર માનીએ તો સમકિતિ થઇએ.

સમકિતિ થઇને આત્માના ગુણોને માનીએ, સિદ્ધ માનીએ ત્યારે આત્માનું અવિનાશીપણું મનાય, ચ્હાય જીવ લો, પુદ્ગલ

હો તો તે અવિનાશી છે, તેનો દાખલો નથી પણ દાખલો હોય તો માત્ર સિદ્ધનો.

પહેલાની વાત કરૂં છું. વસ્તુસ્થિતિ વિચારીએ તો સિદ્ધ મહારાજે આપણા ઉપર કયો ઉપકાર કર્યો? અવ્યવહારમાંથી વ્યવહારમાં આવ્યા એ અનાદિથી સૂક્ષ્મમાં રખડતા હતા ત્યાંથી બાદરમાં આવ્યા તે સિદ્ધ મહારાજનો ઉપકાર. અનાદિ સૂક્ષ્મમાં અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી રખડતાં ગઈ, પછી પૃથ્વીકાયાદિમાં આવ્યા ત્યાં પણ બલ કાયાના ઓજારનું કામ પડયું. અનંતી પુણ્યાઈ વધીને આગળ વધ્યા ત્યારે વચનનું બલ આવ્યુ. કાયાના બલ કરતાં વચનનું બલ વ્યાપક છે.

**બેઇંદ્રિયમાં વચન બલ મલ્યું તે કેવું?**

કાયાનું બલ તે જડસાપણું વચનનું બલ તે સમજણ, કાયાથી દોરીએ તો બલાત્કાર અને સમજાવીને દોરીએ તો ડહાપણ, વચનનાયોગથી કામ થાય તે ડહાપણ, કાયાથી જે કરવામાં આવે તે જુલમ, ગુંડાગીરી. અનંતી પુણ્યાઈ આવી ત્યારે વચનને પામ્યા. ભાષાના પુદ્ગલો લઈને ભાષાપણે પરિણમાવી ને બીજાને કહેતાં છતાં ભાષા કઈ મેળવી? છોકરાનુ રમકડું. છોકરાને હાથી, ગાય, ઘોડા વિગેરેનું રમકડું હોય પણ તેને વિભાગ કરવાનો નહી. કારણ! રમકડું છે, છોકરો તો રમકડું દેખ્યુ એટલે રાજી! પછી તે ચ્હાય જેનું હોય તેમાં તેને કંઈ નહી. તેમ બેઇન્દ્રિયમાં વચનયોગ મલ્યો. માટે વિકલેન્દ્રિયને ભાષા વચનયોગ માન્યા છતાં ઢંગધડા વગરનું માટે અસત્યામૃષા કહીએ, પણ ભાષાના વ્યવહારમાં તે નહી. આવ! બેસ! બોલીએ તે સત્ય કે અસત્ય? તો તે સત્ય કે અસત્ય નહી. તેમ દરેકમાં લઈ લો, માટે તેનુ નામ અસત્યામૃષા. આ બધું સંખ્યાતા સાગરોપમ સુધી તો ગયા.

**દિગમ્બરોની અશબ્દધ્વનિની માન્યતાનું ખંડન.**

વચનનો મહિમા કહેવા બેઠા છીએ. આપણે વચનનો મહિમા આપીએ છીએ ત્યારે આપણા કહેવાતા ભાઈઓ દિગંબરો તીર્થ-

કરોના વચનને અક્ષર વગરના માને છે. તીર્થંકરોની દેશના અશબ્દધ્વનિ તેમાં દુનિયા સમજી અને તેથી જગદ્ગુરૂ બન્યા, તે કોના ઘરનો ન્યાય. હારમોનિયમમાં શબ્દની છાયા પડે છે ત્યારે આ તો અશબ્દધ્વનિ કેવલજ્ઞાન પામીને જગદ્ગુરૂ માનવા છે. ઉપદેશ છે પછી અશબ્દધ્વનિવાળા કેવી રીતે ઉપદેશક બન્યા? શી રીતે શાસ્ત્રના દેશક? જગતના જીવના ઉદ્ધારનું ફલ તીર્થંકરપણું એ કેમ બન્યું? જગતનો ઉદ્ધાર કરનારે બધી ભાષા લેવી જોઇએ. અત્યારે અહીં તો દિગંબરોએ ભાષાનો ભમરડો માન્યો. અશબ્દધ્વનિ માનનારો ભાષાનો ભમરડોવાળો કે બીજું કંઈ! તેના કરતાં પોપટ મેના સારાં ને' તે શબ્દ બોલે છે. આ દિગબરોમાં દેવ થાય ત્યારે શબ્દધ્વનિ નીકળી જાય. પહેલાં શબ્દધ્વનિ હોય. કેવલજ્ઞાન થયું એટલે જીભે તાળા વસાયા; મુંગાનો બીજો અવતાર. ત્યાં એમ કહીએ તો ચાલે કે મુંગા માનવાનુ કારણ શું? તેમાં કારણ–તેને પોતાને બોલવું હોય ત્યારે ઔદારિક પુદ્ગલો લે તેથી આહાર માનવો પડે. તે નહી માનવા માટે અશબ્દધ્વનિ માની લીધો. જ્યારે વિકલેન્દ્રિય જાનવરોમાં પણ અશબ્દધ્વનિ છે, પંચેન્દ્રિય જાનવરમાં શબ્દધ્વનિ છે ત્યારે તેમને તો દેવ થાય ત્યારે શબ્દરહિત ધ્વનિ છે.

**વાચ્યવાચક તરીકે ભાષા અસંજ્ઞીમાં ન હોય.**

મૂલવાતમાં આવો! જ્યાં સુધી વિકલેન્દ્રિયપણું ત્યાં સુધી શબ્દ ભાષા ખરી પણ કઈ? શબ્દના નિર્દેશ વગરની. તેમાંથી મનુષ્યમાં આવ્યા; જ્યાં સુધી મનુષ્યમાં ન આવ્યા હોય ત્યાં સુધી ભાષાનો વાચ્ય કે વાચક તરીકે ભાવ હોય જ નહી. અમુક પદાર્થ કહેલો છે, તે શબ્દ ધાર્યો, પદાર્થ ધાર્યો, તે સંજ્ઞીપંચેન્દ્રિય-મનુષ્યમાં વ્યવહારના પદાર્થોની ભાષા વ્યવહારથી જણાતી પ્રવૃત્તિને અત્યારે માનીએ છીએ. પહેલાં કહેવાતી નહોતી તેમ ન કહી શકો. માનવી વિગેરેનો વ્યવહાર મનુષ્ય ઉત્પત્તિથી ચાલુ છે. અર્થાત્ મનુષ્યોમાં અનાદિકાળથી ચાલુ છે દુનિયાની

વ્યવહાર ભાષામાં, કુટુંબના વ્યવહારમાં કુશળ થયો પણ આનું શું ?

આ' કોણ ?

જયારે તીર્થંકર ભગવાનો કેવલજ્ઞાન પામીને દેશના દે ત્યારે આતમરામનું બને. આ કોણ ? કયાં છે ? આ' કેમ બગડયો ? કેમ સુધરે ? તેની ગતિ, જાણપણું તે કયાં ? એકેન્દ્રિય-વિકલેન્દ્રિયના–અકર્મભૂમિના વ્યવહારમાં નહી. કર્મભૂમિમાં પણ આ તીર્થંકરોના પ્રતાપે તીર્થંકરોનું વચન આત્માની સર્વસ્થિતિમાં. પહેલા મૂળ તરીકે આ વાત તો જયારે સૂત્ર વંચાય છે તેમાં—

जयइ सुआणं पभवो। तित्थयराणं अपच्छिमो जयइ।
जयइ गुरुलोगाणं। जयइ महप्पा महावीरो॥ नंदी गा०२॥

જગતના જેટલા આત્માના શ્રુતજ્ઞાનો, જેટલા દર્શનો, શાસ્ત્રો તે બધાની જડ તમે ધ્યાનમાં રાખજો. ભક્તો ભગવાનને ઉંચા ચડાવવામાં ભૂલ કરેજ નહી, દરેક મતને અંગે દેખીએ તો દરેક મતના ભકતો ભગવાનને ઉંચા ચડાવવામાં ભૂલ ન કરે. તેમ તમે પણ તમારા ભગવાનને ઉંચા ચડાવવામાં ભૂલ ન કરો !

બીજાઓ અરિહંત, બુદ્ધ કહે, તો તમે છે એમ કહો છો.

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्,
त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात्।
धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानात्,
व्यक्तं त्वमेव भगवान् ! पुरुषोत्तमोऽसि ॥ भक्त० ॥२५॥

આ વખતે તમે આમ કહ્યું. વાત ખરી કે જગતમાં સાચું લેણુ હોય અને લેણદાર દાવો કરે ત્યારે દેણદાર ઉભુ લેણુ કાઢીને પોતે દાવો કરે, આ સાચાને મારવાનો રસ્તો જ ને ? હા. પરંતુ ન્યાયની કોર્ટમાં તે ન ચાલે. આને દાવો આટલો કર્યો, જાવ એય' તેમ ન્યાયાધીશ ન કહે, પણ સાચો દાવો કરે તો તે તપાસવાની જરૂર ગણે. આ આપણા પણ મગજમાં બુદ્ધિ હોય તો'

આ આમ દાવો કરે છે આ તેમ દાવો કરે છે, માટે જાવ બે ? પણ વ્યાજબી કોણ કરે છે તે તપાસવું જોઈએ ! તે ન કરીએ તો સમજુ ન કહેવાઈએ પણ બેવકૂફનો બોડીગાર્ડ, આ'એ આમ કહે છે આ'એ તેમ કહે છે માટે બેય તેવા છે; આવું અક્કલ-વાળો નહિ કહે. આ કહે કે શિવજીની સ્તુતિ કરતાં અરિહંત–બુદ્ધ–વિષ્ણુ કહેવાઓ ? તમે જિન, તમે પુરૂષોત્તમ, શંકર–બુદ્ધ એવા શબ્દોમાં તમારે એક વાત ખ્યાલમાં રાખવાની કે અમે શંકર–બુદ્ધના નામને નથી વળગાળતા' પણ અમે કયાં વળગાડીએ છીએ.

> यत्र तत्र समये यथा तथा योऽसि सोऽस्यभिधया यया तया।
> वीतदोषकलुषःस चेद्भवानेक एव भगवन्नमोऽस्तु ते॥
> ॥महा० स्तो०॥' ॥३१॥

રાગાદિના દોષો જ્ઞાનાવરણકર્મોની મલિનતા તે બે જેને ટળ્યા હોય તે પછી તે બુદ્ધ શંકર ગમે તે હોય, આ સ્વરૂપ જ ! આ સ્વરૂપ જ જે હોય તે આ જે સર્વશાસ્ત્રોની જડ, જૈનશાસ્ત્ર છે, બીજી કોઈ પણ જડજ નથી, આ વચન તે ભક્તિભાવનું નથી. પણ સ્વરૂપનું છે. કેમ ? દરેક આસ્તિકે જીવન શબ્દ વાપર્યો છે, જીવ–આત્મા પુરૂષ ક્ષેત્રજ્ઞક્ષેત્ર એવા શબ્દો આત્માને માટે વાપર્યા આત્માનું કથન કર્યું તે દેખીને થયું કે દેખ્યા વગર એ સાચું કથન કરનાર કોણ ? જે પદાર્થને દેખે તે મૂલ કથન કરનાર ગણાય. દેખ્યા વગર અનુકરણ કરનાર ગણાય. આ આત્મા–સ્પર્શ રસ, ગંધરૂપ, શબ્દદ્વારાએ જાણવો, તો દરેક મતવાળાને કહેવું પડે કે તે ઉપરના કારણે જણાતો નથી. અરૂપી આત્મા દરેક મતવાળા માને છે. તેનું જ્ઞાન કરવાનું સાધન તમારામાં છે ? જે સાધનથી અરૂપીનું જ્ઞાન થાય તેનું નામ તો કાઢો ? તમારામાંથી ? તેનું નામજ તમારી પાસે નથી. માટે જ્ઞાનના વિભાગો પાડયા છે. તે જગતની દ્રષ્ટિએ પણ કલ્પિત નહી. પ્રત્યક્ષ પરોક્ષ અનુમાન ઉપમાન કલ્પિત કેમ કહો ! આ જગતમાં પહેલવહેલી શક્તિ જીવને માટે સર્વવ્યાપક

કઈ હોય ? માત્ર શરીરથી સ્પર્શ જાણવાની મનુષ્યની ઉત્પત્તિમાં પહેલું શું થાય ? તો શરીર, શરીર વગર કોઇને જીભ હોય ? જીભ હોય અને શરીર ન હોય તેવો જીવ નથી.

**મતિજ્ઞાન જાણે અને શ્રુતજ્ઞાન જણાવે' શ્રુતનું તત્ત્વ શું ?**

સ્પર્શન ઈન્દ્રિયનો વ્યંજનાવગ્રહ–અર્થાવગ્રહ–ઈહા–અપાય અને ધારણા તે જ્ઞાનયોગ મૂળમાં ગણ્યા. તેનાથી વધ્યો ત્યારે રસઘ્રાણ ચક્ષુ–શ્રોત્ર ઇન્દ્રિય, આ ક્રમ કોઈ જગો પર લાવો ? આવી રીતે મતિજ્ઞાનનો ક્રમ, તેમજ પાંચે ઇન્દ્રિય અને મનની શક્તિ થઈ. જ્યારે શ્રુતમાં સમજવા અધિકારી નથી તો ભરોસો કરવા માટે અધિકારી ક્યાંથી ? સર્વજ્ઞના વચનો ઉપર ભરોસો તે શ્રુતજ્ઞાનનું ખરું તત્ત્વ છે. અમુક મુદ્દત પહેલાં દીવાને લાઈટ નહોતા કહેતા. અત્યારે લાઇટ કહો છો. જેવો સંકેત હોય, તે પ્રમાણે કહેવાય છે. તેના ઉપર શ્રુતજ્ઞાનનું તત્ત્વ નહીં. અતીન્દ્રિય પદાર્થોને જ્ઞાનદ્વારાએ જાણવા, તે તે પદાર્થ માત્ર વિશ્વાસ ભરોસાથી માનવાના, મતિજ્ઞાન પોતે જાણે અને શ્રુતજ્ઞાન બીજાને જણાવે, પણ તત્ત્વ ત્યાં નથી. પરંતુ અતીન્દ્રિય પદાર્થો અતીન્દ્રિયદૃષ્ટિવાળાના કહેવાથી જે માનવામાં આવે ત્યાં શ્રુતનું ખરું તત્ત્વ. આત્મા નામનો પદાર્થ કયો ! તે જેને દેખ્યો નથી તે કહે શાનો, અને કહે તો મનાય કેમ ! માટે કહે છે, જેઓ સ્પર્શન રસન ઘ્રાણ ચક્ષુ શ્રોત્રની મદદ વગર પદાર્થોને જાણનારા હોય તે જ આત્માને દેખે અને તેજ આત્માનું ખરું સ્વરૂપ કહી શકે. તે આત્માનું ખરું સ્વરૂપ દેખનારા અતીન્દ્રિય જ્ઞાનવાળા કોણ ? તો વીતરાગ પરમાત્મા. અતીન્દ્રિય પદાર્થોનું નિરૂપણ તે કેવલજ્ઞાનીનું હોય, બીજાનું નહીં.

**દરેક વક્તા પોતાના વચનની કિંમત વધારે !**

આ ઉપરથી એક વાતનો નિવેડો આવી ગયો. આગમો જિનેશ્વરને અને જિનેશ્વર આગમોને વખાણે, ગીતા વિષ્ણુને વિષ્ણુ ગીતાને, બ્રહ્મા વેદને વેદ બ્રહ્માને, મહમદ કુરાનને કુરાન મહમદને, ક્રાઇસ્ટ બાઇબલને બાઇબલ ક્રાઈસ્ટને વખાણે તો આ

બધું સરખું ને! પરમાર્થ શો? દરેક વક્તા પોતાના વચનની કિંમત વધારનારા, સહુએ પોતાના વચનની કિંમત વધારી પછી તેમને તેની વધારી. તે અહિં નિર્મૂળ કરી દીધી, અહિં વચન-દ્વારાએ વીતરાગની કીંમત નથી પણ પદાર્થ નિરૂપણદ્વારાએ. જીવ-કર્મ જ્ઞાન–મોક્ષને કોણ દેખે? વચનદ્વારાએ વીતરાગપણું નહીં, પદાર્થ દ્વારાએ વીતરાગપણું છે. તેનું નિરૂપણ કર્યું છે માટે એમને કહ્યા પછી અનુકરણ કરવું તે દુનિયાનો રિવાજ છે. ત્યાગધર્મનું અનુકરણ કર્યું શા માટે? તેના ભગવાનને ત્યાગધર્મ અને ગુરૂને પણ ત્યાગધર્મની જરૂર નથી. માને શા માટે? અરે વગર ધર્મે ગુરૂદેવપણું આવે છે તો ધર્મને શું કરવાનો?

**શાસ્ત્રોની મૂળજડ વચન છે.**

દુનિયામાં ધર્મની પ્રસિધ્ધિ થઈ માટે આપણે કંઇક કરવું જોઇએ! તમે ગુરૂ શબ્દ વાપર્યો એટલે તેઓએ આથી અનુકરણ કરીને બાયડી છોકરાવાળા હોય તેને ગુરૂ માની લીધા. શાસ્ત્રના અર્થ બરોબર જણાવે તે ગુરૂ, જેઓ પોતે આચરણ કરે અને બીજાને બતાવે તેનું નામ ગુરૂ છે. હવે લાવો આ બીજાઓમાં એકલું ગુરૂમાં દેશકપણું છે. જેને ધર્મોપદેશ સિવાય બીજી મતલબ નહીં તેવા કોણ? તો કોઈ નહી, પણ આનું અનુકરણ તેઓને જૈનના અનુકરણે ધર્મ ગુરૂ શબ્દ રાખવો પડયો છે, તે ઓમાં ગણાતા દેવોએ આત્માકર્મમાં અનુકરણ જૈનોનું જોઇને કર્યું. કર્મ–મોક્ષ માટેના શાસ્ત્રો છે. તેની મૂળ જડ હોય તો વચન છે માટે કહે છે કે તીર્થંકરો સર્વધર્મશાસ્ત્રો ગુરૂદેવપણાની જડ રૂપ આત્મીય પદાર્થોને જણાવનારૂ જે વચન તેની આરાધના દ્વારાએ ધર્મ થાય છે. વક્તાદ્વારાએ વચનની પરીક્ષા કરી. વિષય–સ્વરૂપ–પરિગ્રહદ્વારાએ વચનની પરીક્ષા કરવાની રહે છે. વક્તા આવા' માટે વચનને અમે માનીએ છીએ, જે પદાર્થ કહે તે પોતે જાણનારા છે માટે માનીએ છીએ. સ્વરૂપ–વિષય–ગ્રહણદ્વારાએ વચનની પરીક્ષા કરવાની તે કેવી રીતે થાય તે અધિકાર અગ્રે વર્તમાન

❀

## 卐 વ્યાખ્યાન ૨૯ 卐

### અનંતા જન્મોમાં મેળવ્યું શું ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક પ્રકરણની રચના કરતા થકા આગળ સૂચવી ગયા કે-આ સંસારમાં આ જીવ અનાદિકાલથી રખડ્યા કરે છે, એ રખડંપટ્ટીનો જેને ભાસ થાય તેને જ માર્ગમાં આવવાનું બને. જ્યાં સુધી આ આત્મા રખડંપટ્ટી કરે છે એવો ભાસ ન થાય ત્યાં સુધી દરેક જીવો જિંદગીમાં જહેમત ઉઠાવીને જર જોરૂ જમીન વિગેરે ભેગુ કરે છે અને જિંદગીને છેડે મૂકીને ચાલતો થાય છે, તેથી સરવાળો શૂન્યમાં આવે છે. જગતમાં જેને સરવાળે સરવૈયામાં શૂન્ય નીકળે તે વેપાર ન કરે પણ આ જીવ તો અનંતાજન્મથી સરવાળે શૂન્યનો વેપાર કરતો આવ્યો. જેને આવી રખડપટ્ટીનો ખ્યાલ નથી. દરેક ભવમાં આ જીવ કંચનાદિ બહારની અને અંદરની અપેક્ષાએ આહારાદિની તાકાત મેળવે છે તો પણ સરવાળે શૂન્ય આવે છે. આવાં સરવૈયાં જેમાં નીકળે તેવો વેપાર કરતો આવ્યો. નાના બચ્ચા જો એકવર્ષ બેવર્ષ નાપાસ થાય તો મુંઝાય અને જ્યાં ત્રણ વર્ષ નાપાસ થાય તો મરવા તૈયાર થાય, તેમ આપણી અનંતા જન્મોની મહેનત નિષ્ફલ ગઈ પણ તેનો વિચાર આવતો નથી. કેમ ? તો દરેક જન્મમાં શું કર્યું તે વિચારો!

न सा जाइ, न सा जोणी न तं ठाणं न तं कुलं।
न जाया न मया जत्थ सव्वे जीवा अणंतसो ॥२३॥
तं किंपि नत्थि ठाणं, लोए वालग्गकोडिमित्तंपि।
जत्थ न जीवा बहुसो। सुहदुक्खपरंपरा पत्ता ॥२४॥
(वैराग्यशतक)

લોકમાં વાળે ફરસાય એવો એક પ્રદેશ નથી કે જ્યાં દરેક જીવો અનંતી વખત જન્મ્યા મર્યા ન હોય એવું કોઈ સ્થાન નથી. આપણા જન્મો અને મરણો કેટલા થયા ?

અનંતા કર્યા અને મેળવ્યું શું? તો કંઈ નહિ, દરેક જન્મે મેળવ્યું અને મેલ્યું, બીજો ઉપાય જ નહી. જ્યાં ઉપાય હોય ત્યાં વિચાર કરવાનું રહેને! નિરૂપાય વસ્તુમાં બુદ્ધિમાનોને વિચાર કરવાનો ન હોય. કોઈ બુદ્ધિમાન આકાશમાં ફુલ કેમ ઉગતુ નથી, ઘોડાને શીંગડા કેમ નથી ઉગતા, એવો વિચાર કરે છે? ના કારણ? તેમાં ઉપાય નથી, નિરૂપાય વસ્તુ માટે બુદ્ધિમાનને વિચાર કરવાનો રહેતો નથી. દરેક કુલ–યોનિમાં જન્મ લેવો ત્યાં મેળવવું અને તે મેળવેલું મેલવું પણ સાથે કંઇ લઇ જવાનું નહી. નથી જન્મ બંધ થતો, નથી મેળવવું બંધ થતું, નથી મેળવવાનું બંધથતું; કેમ તો તેનો ઉપાય જ નથી. વાત ખરી'– પણ ઉપાય નથી કોને? જેમ પાંગળાને ફુલથી ભરેલા ઝાડ ઉપરથી ફુલ લેવાનો રસ્તો નથી, તેમાં પાંગળા અને લુલાને ઉપાય નહી. જેને હાથ પગ સાબીત છે, તે કહે કે ઉપાય નથી તો તેવા મનુષ્યને માણસાઈવાળો ગણવો કે કેમ? તે વિચારો! તેમ અહીં જન્મ મરણ–જરા થાય તેમાં મેળવીને મેલવું પડે છે તો તે બંધ કરવાનો ઉપાય છે? હા.

મેળવેલું મેલવું પડે નહી તેવો ઉપાય છે! પોતાની ચીજમાં પણ જર–જોરૂ–જમીન પારકી. જેમ આંગળીથી નખ વેગળા એટલા વેગળા. આત્માનું અને જરાદિનું સ્વરૂપ કયું? પારકું મેળવો અને રાખવા માંગો તો રહે કેટલું? તેનો ઉપાય જડે કેમ? તે તો બને નહી, માટે તેમાં નિરૂપાય. શૂરાસરદારના હાથમાં હથિયાર હોય અને શત્રુના વચનો સહન કરે તો તે ક્ષત્રિયને લજ્જાસ્પદ છે; તેમ તું પણ આત્માને અનંતશક્તિનો ધણી માને છે કે નહી? સુભટ છે, શસ્ત્ર છે, વિચાર કર કે અનાદિ કાળથી તને બળ મળતું આવ્યું છે, બલ તે તો આત્માનું ઓજાર છે, કયું બલ? કાયા, કાયા દ્વારાએ અનાદિ કાલથી તું બલને ધારણ કરનારો છે, કયા ભવમાં તને કાયા નહોતી મળી. એક પણ જન્મ આ જીવને કાયાના બલ વગરનો નહોતો.

**કાયબળ ક્યાં વેડફાય છે?**

કાયયોગ વગરનો જીવ નહીં. અયોગી ગુણઠાણે જાય ત્યારે કાયબલ ન હોય. કાયબલ અનાદિનું છે તે કેળવ્યું ક્યાં? પૌદ્ગલિક પદાર્થો મેળવવામાં છોકરો તનતોડ મહેનત કરે, શક્તિ વેડફી નાંખે, પણ શેમાં? ગેડી દડા પતંગમાં. પણ મિલકત કે આબરૂના સ્થાને શકિત વેડફી ન હોય. મહેનત કરે થાકી જાય, લોથ થઇ જાય, પણ શેમાં? ભમરડા અને પતંગમાં. તેમ આ જીવને કાયયોગ મલ્યો અને મહેનત કરી' તો શેમાં કરી? વિષયો મેળવવામાં. કાયયોગે એ કામ કર્યું.

અનંતા પુદ્ગલ-પરાવર્ત પછી વચનનું બલ મલ્યું. બોલવાને અંગે શો સંબંધ? વાત ખરી' બહેરા મુંગા હોય કે ન હોય? હોય. પણ મુંગા જન્મના હોય'તે બહેરા જરૂર હોય છે જેને વચન બોલવા સાંભળવાની તાકાત નથી. તેની શ્રોત્ર ઇન્દ્રિય કામ કરે નહી. માટે વચનબલ મલ્યું, વચનબલ મલ્યું-તેમાં ધંધો શું કર્યો? ફલાણે સાકર છે! લાકડું છે! ફલાણે ખસો! ફલાણે દોડો! કીડીનો સ્વભાવ મીઠાશ હોય ત્યાં દોડે, રાખોડો હોય ત્યાંથી ખસે, આવી જાનવરની દશા છે.

**બેનસીબ કોણ?**

સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવ્યા-તેમાં શરીર-સ્થાન અને સંતાનની રક્ષાના વિચારમાં રહ્યા. ઢોરઢાંખરમાં મનનું બલ ખર્ચ્યું, મનનો ઉપયોગ પૌદ્ગલિક વસ્તુ મેળવવામાં ગયો. પણ આત્માની વસ્તુ માટે નથી થયો. માટે જણાવે છે કે મહાનુભાવ! આ ત્રણ બલ મલ્યા. તમે કર્મભૂમિમાં આવ્યા. સર્વજ્ઞ ભગવાનના વચનને સાંભળવા જેટલી તાકાત તમારામાં આવી, સર્વજ્ઞના વચનો કાને પડયા છતાં તે ધ્યાનમાં ન આવે. અર્થ પ્રમાણે પ્રવર્તવું છતાં શ્રદ્ધા પ્રતિતી ન થાય તો પછી ન મળે; જેતે લે' તે બેનશીબ, કે જેને મળેલું નકામું જાય છે તે બેનશીબ! બેમાં બેનશીબ વધારે કોણ? હાથમાં આવેલું જાય છે તે.

તેમ અહીં સર્વજ્ઞ ભગવાનના વચનો સાંભળવા અને સમજવાની તાકાતવાળા આપણે બન્યા. અનંતા પુદ્‌ગલપરાવર્તો ગયા છતાં એ જિનેશ્વરના વચનો સાંભળવા અને ધારવાની શક્તિ આ જીવને મળી નથી. આ જીવે અનંતી વખત તીર્થંકરની દેશના સાંભળી. જીવ, વચન, અને તીર્થંકરો તેના તેજ હતા, છતાં તે રસ્તે કાર્ય ન થયું તો હવે જવાનું કામ શું ? અહીં આગળ તીર્થંકર મહારાજનો ખુદ સમાગમ અનંતી વખત જીવને થયો. અનંતી વખત તેમના વચનો સાંભળ્યાં પણ જેમ ખેડુત ઘઉં કે ડાંગર વાંવે. આખુ ચોમાસુ જાય તેમાં કંઈ ન હોય પરંતુ એટલો વરસાદ હવા થાય ત્યારે તેમાંથી તે ઉત્પન્ન થાય છે, વાવ્યા સાથે ન થયું તેથી વરસાદ હવા નકામી નથી. તેમ અહીં પણ એ અનંતી, વખત મળ્યું છતાં કેમ કામ ન થયું તે વિચારો ! આત્માનું જે પરિવર્તન થવું જોઇએ તે થયું ? ન થયું, કારણ !

પદ્‌ગલપરાવર્ત સંસાર બાકી હોય ત્યાં સુધી જિનવચન માને નહીં.

જેમ–કોરડું હોય તેને કલાકો સુધી અગ્નિનો સંયોગ હોય તો શું ચઢે ? ના. ઘેંસમાં ગાંઠીયો થયો હોય તો તેને ઉકાળ્યા કરો તો તે ગાંઠીઓ સીઝાય નહિ; આ જીવ જ્યાં સુધી તેની તરફ પરિણતીવાળો નહોતો થયો, કેવલજ્ઞાની ભગવાનનો સંયોગ મળ્યો પણ આ કેવલજ્ઞાનીના વચન આત્માનું કલ્યાણ કરનારાં છે તે બુદ્ધિ ન થઈ, જેમ કોરડાની દાળ થાય ત્યારે અડધા કલાકમાં સીઝે, ચીજતો એની એ હતી, પણ દાણા રૂપે પડવાળી હતી પડ ખસ્યું અને દાળ થઈ એટલે કોરડુ પણ સીઝયું. તેમ અહીં પડ નહોતું ખસ્યું તેનું ધ્યાન ન રાખ્યું "પડ તૂટે અને દાળ થાય તો તરત જ સીઝે." કોરડું ન સીઝયું તે દાળ થયા પછી કયાંથી સીઝશે ! તે કલ્પના બાયડી ન કરે તો પછી તું કેમ કરે છે ? અહીં પડ ખોલને ! સર્વજ્ઞભગવાનનું વચન ટંકશાળી મારા આત્માનું હિત કરનાર છે તે ધાર્યું નહોતું, ભવા-

ભિનંદી અચરમવર્તિ આવરણો હતા તેથી તારી સ્થિતિ સુધરી ન હોય તેમાં નવાઈ શી? અહીં સર્વજ્ઞના વચનથી આત્માનું કલ્યાણ થાય તેવા વખતે તને કોરડા જેવી પણ શંકા કયાંથી થઈ? પડ હોય તો તારામાં કોરડાપણું છે. એક પુદ્ગલપરાવર્તથી વધારે કાલ હોય તો તે જીવ સર્વજ્ઞ અને તેના વચનને ટંકશાળી માને નહિ.

**સમ્યક્ત્વથી પડેલાને અંતઃકોટાકોટીથી અધિક કર્મ હોય નહીં.**

કેટલાક કહે કે–ભવસ્થિતિ પરિપાક થયા વિણ' આ ભવસ્થિતિ પાકયા વિના કર્યું નકામું જશે. પણ ભવસ્થિતિને પકવનાર કોણ? કોરડાને છોતરૂ ઉખડયા પછી અગ્નિ રાંધી દે. તેમ અહીંયાં આ કોરડાનું પડ ખસ્યું કે નહી તે કહે? અનાદિકાલમાં અનંતી વખત મનુષ્યપણુ પામ્યો તેમાં સર્વજ્ઞની પ્રતીતિ કયારે થઇ હતી તે વિચાર! જેમ વાંઝણીએ વીશ વર્ષ સુધી ગર્ભાવાસ નથી વેઠયા તેથી શું જણનારી ન જણે? તેમ અનંતી વખત તીર્થંકરનો સંજોગ મલ્યો છતાં પણ વાંઝીયાપણું હતું; કેમ? સર્વજ્ઞ અને તેમના વચનને ઉપયોગી ધાર્યું નહોતું; એ વચન આત્માનું કલ્યાણ કરનાર છે તે બુદ્ધિ આવી નહોતી; અનંતી વખત બોલનારાને પુછીએ કે–આવી ભાવના એકે ભવમાં આવી હતી? હવે કોઈક કહે કે ક્ષાયિક સમ્યક્ત્વ આવેલું જતું નથી; પણ ઔપશમિક, ક્ષાયોપશમિક સમકિત આવ્યું જાય છે; જેને તે આવ્યું હશે તેને ગયું હશે! ઔપશમિક પાંચ વખત અને ક્ષાયોપશમિક અસંખ્યાતિ વખત માનો છો. તે આવ્યું હશે અને ગયું હશે, તે તો જેને આવીને ગયું હોય તેને મિથ્યાત્વે ગયા છતાં પણ અંતઃકોટાકોટીથી અધિક કર્મ હોયજ નહિ. બેભાન થયેલાને અને ચકરી આવીને પડી ગયેલાને તે વખતે ભાન નથી. પરંતુ ચકરી મટે ત્યારે તેનો તે વિદ્વાન. પણ તે ફરીથી નીશાળે નથી જતો? જેમ ચકરી ખાનારને વખતે શૂન્યતા હોય. પણ જ્યાં ચકરી વળે ત્યાં તૈયાર થાય. આ વાત વિચારશો

તો સમજી શકશો કે સ્વાભાવિક નિગોદિઓ અને સમકિત પામીને થયેલો નિગોદિઓ તે ભલે સૂક્ષ્મ બાદર નિગોદિઓ હોય તો પણ સમકિતથી પડેલો તે અર્ધપુદ્‌ગલપરાવર્તમાં જરૂર બહાર નીકળે, નિગોદિમાંથી નથી નીકળ્યા તેને નિયમ નહીં, ઠેઠ મોક્ષ સુધી સાધી જાય તે પડેલો સમકિતિ, આ નિયમ-જેમ ચકરી ખાઈને પડેલામાં સંસ્કારથી વિદ્યા રહેલી છે. તેમ સમકિત પામીને નિગોદમાં ગયેલા જીવને પણ સંસ્કારમાં આત્માનો સુધારો રહેલો છે. માટે શાસ્ત્રકાર કહે છે કે-ભલે નિગોદમાં જાય તો પણ ત્યાં તે અંતઃકોટાકોટીથી વધારે ન બાંધે. મોતી નીકળ્યું ને વિંધાયું, પછી ધૂળમાં પડે કે કચરામાં પડે પણ વિંધાયું તે વિંધાયું. તેમ એક વખત સમકિત પામ્યો અને પડયો તેની દશા ઉંચી હોય.

સમકિત પામ્યા હોય. સર્વજ્ઞને સર્વજ્ઞ તરીકે, સર્વજ્ઞનું વચન આત્માનું કલ્યાણ કરનાર છે, તેવુ એક વખત ધાર્યું હોત તો આવી સ્થિતિ થાત જ નહી.

**બોધિબીજ પર બે ચોરની કથા.**

શાસ્ત્રકાર કહે છે કે—બોધિબીજની બલીહારી. બોર છે તે ચોરી કરવા જાય છે. સામા સાધુ મળે છે ત્યારે એક ચોરને થયું કે આ મુંડીઓ મળ્યો અપશુકન થયા, ત્યારે બીજાને થયું કે આ સારું છે. બેય ચોરના આત્માઓ ભવ ભટકયા. ભટકતા ભટકતા ભગવાન મહાવીરના વખતમાં એક જ ઠેકાણે ભાઈઓ થયા. વળી તેઓ એક મનવાળા કહેવાયા. કેમ ! તો એક ભાઈ નીચો અને એક ભાઈ ઊંચો બેઠો હોય-તેમાં ઉપરવાળાને પાણીની-ખાવાની -ફરવાની ઇચ્છા થાય તો તે ઈચ્છા બીજાને પણ થાય. મનોમન સાક્ષી કહેવાય છે, આ બે એકમનીયા, તેમાં એકને જે ઇચ્છા થાય તે બીજાને થાય. બધા લોકોમાં એકમનીયાઆ બે ! એમ સાક્ષાત્ થાય છે, આવી રીતે તેઓ ઉછરે છે. ભગવાનના સમો-સરણમાં જવા બેય નીકળ્યા. સમોસરણમાં આવ્યા અને દેશના પણ

સાંભળી; તેમાં એકને લાગ્યું કે ભગવાનનું વચન સાચું ! ત્યારે બીજાને થયું કે આમાં કંઈ નહી ! બે ઉઠ્યા અને પરસ્પર પૂછ્યું ત્યારે એક કહે સમજયો ! બીજો કહે આમાં કંઈ નથી ! આપણે બે એક મનવાળા તેમાં આ ફેર કેમ પડયો ? ચાલો ! ભગવાન પાસે તેમ વિચારીને પ્રભુ પાસે આવ્યા, હે ભગવાન ! અમે બે એકમનવાળા છીએ. આજે કેમ એ મન ભિન્ન પડયું ? ભગવાને જણાવ્યું કે તમે ઘણા ભવ પહેલાં ચોર હતા તેમાં એકે સાધુને મુંડીયો ધાર્યો ત્યારે બીજાએ સાધુ ધાર્યો, જેને સાધુ ધાર્યો તે ધર્મ પામ્યો તેથી તું બોધિબીજ પામ્યો છું. બીજ કોનું નામ ? આટલું ધારવું તેનું નામ બીજ છે. (તેથી અહિ તું ધર્મ પામ્યો) તેમ કહ્યું.

**ઓઘા મુહપત્તિ કરતાં પણ બાયડી-છોકરાં અનંતીવાર થયાં છે.**

જેઓ ભવસ્થિતિના નામે ધર્મને ધક્કો મારે છે તેવાને તો ચોરના ચોર કહેવા કે બીજું કંઇ ? પહેલાં અનંતી વખત ઓઘા મુહપત્તિ કર્યા એ વાકય લોકો શા માટે બોલે છે ? અનંતી વખત ઓઘો મુહપત્તિ સામાયિક પૂજા કર્યા તે વાકય શા માટે તેઓ બોલ્યા ? ધર્મ કરનારને ધર્મ છોડાવવો છે તે મુદ્દો તેઓનો છે, તેઓનું-તે વચન જ અધમ દાનતવાળુ છે. તેમ કહે તેના કરતાં બોધિબીજવાળા ચોર સારા; તમારી આ સ્થિતિ અનંતી વખત પામ્યા તેનો તમે વિચાર કર્યો ? તેને પુછીએ કે ઓઘો-મુહપત્તિ-ચરવલો-કટાસણાં વધારે થયાં કે છોકરા-બાયડીઓ વધારે થયાં ? તારી મા વધારે વખત બાયડી થઇ, તારી બાયડી અનંતી વખત મા થઇ. તારો છોકરો અનંતી વખત બાપ થયો કે ઓઘા મુહપત્તિ વધારે થયા તે કહેને ? તો ઓઘા મુહપત્તિ કરતાં તે વધારે થયાં છે ? હા. તો મા કહેતાં શરમ નથી આવતી; કારણ ત્યાં રાગ રાખવો છે, તેથી તેનો વિચાર શાને આવે, ધર્મને ધક્કો મારવો છે તેથી તેનો વિચાર કરે છે, જ્યાં પોતાને રાગ કરવો છે ત્યાં અનંતી વખત બનેલું છતાં તેમાં ખુશી. જ્યાં

કરવો છે ત્યાં અનંતી વખત હોય એમ બોલી બાયડીના ચાળા કરવા છે. વિષયો કેટલી વખત મેળવ્યા? ખાધું, કેટલી વખત? તો અનંતી વખત. તો પછી ભાણું કેમ મૂકાવે છે, પાણી વગેરે પીએ છે શાનો? ઓઘા મુહપત્તિ કરતાં પણ ખાવા પીવાનું અનંતી વખત કર્યું છે ને! તેનો વિચાર નથી કરવો અને આ ઓઘા મુહપત્તિનું ગણવું છે તે દેરાણી જેઠાણીના દૃષ્ટાંત જેવું છે, કેમ? તો કાલ કહેવાથી છેટું અને ઓણ પોર કહેવાથી નજીક થયું તેમ અનંતી વખત ખાધુ પીધુ બાયડી છોકરા કર્યા તેમ કહેવાતુ નથી અને અહીં અનંતી વખત કહેવાય છે, શા માટે? ધર્મને ધક્કો મારવો છે. તેથી મેરૂ પર્વત જેટલા ઓઘા મુહપત્તિ કર્યા પણ બાયડી છોકરા વિગેરે કર્યું તે બોલને? ઘરે જઈને છોકરાને 'આવ બચ્ચા' કેમ કહે છે. કાકા મામા કહેને? તેને તો જાળવવુ છે. તેની કાંકરી ખસેડવી નથી. ત્યારે ધર્મ કરનારને માટે અનંતી વખત શબ્દ વાપર્યો. અનંતી વખત બન્યું પણ એકે વખત વીતરાગને સર્વજ્ઞ અને તેમના વચનને ઉપયોગી માન્યા નહીં, આ આત્માનું કલ્યાણ પ્રભુએ દર્શાવેલા રસ્તે છે તે એકે વખત માન્યું નહોતું, તે જેઓ અત્યારે માને છે તેઓને તુ અનંતી વખત બોલનારો થયો છું માટે જુઠાનો પીર ખરો કે નહીં? સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ કયાં છે અનંતીવાર? તો પછી અનંતીવાર બોલ્યો કેમ? અત્યારે જે પ્રમાણે તેઓ વર્તે છે તેવી રીતે વર્ત્યાનું અનંતી વખત લાવ! વૈરાગ્યના સાચા શબ્દો ઉલ્ટા કરીને વૈરાગ્યનો દ્વેષકરે છે! જિનેશ્વરના વચનો અનંતી વખત સાંભળ્યાં પણ તેને હિત તરીકે ધાર્યાં નહી! કેમ ધાર્યાં નહી! કર્મની સ્થિતિ પાતળી પડી નહોતી તેથી.

પડ હોય ત્યારે કોરડું સીઝવા લાયક બને નહી. પણ પડ ખસે તો પા કલાકમાં સીઝે, તેમ આ જીવે અનંતી વખતે તીર્થંકરો જોયા, વચનો સાંભળ્યા છતાં કલ્યાણ બુદ્ધિથી સર્વજ્ઞના વચનો જોયા નહીં, માટે અનાદિ સંસારમાં રખડયો અને રખડતાં રખડતાં તને કાયાનું બળ, વચનનું બળ, મનનું બળ કેઈ ભવોમાં મલ્યું છે.

પણ આ તીર્થંકરના વચનને સાચા જાણવાનું મનનું બલ તે મલ્યુ નથી. તે મળેલુ, તીર્થંકર મળ્યા છતાં, તેમના વચન મલ્યા છતાં નિષ્ફલ ગયું. શાથી ? તો તેમના વચન ઉપર વિશ્વાસ ન થયો તેથી. તેમના વચન ઉપર વિશ્વાસ થાય તો તે તીર્થંકર મલ્યા તે સફળ ગણાય.

**વચનની આરાધના એ કલ્યાણનો રસ્તો છે.**

સમજણથી વિશ્વાસ થાય કે વિશ્વાસથી સમજણ થાય ? એમાં પહેલું શું ? વિશ્વાસ એ સમજણને લાવનાર, સમજણ વિશ્વાસને લાવનાર. ભવિતવ્યતા સીધી હોય ત્યારે ભર જંગલમાં ભૂલા પડ્યા હોય તે વખતે તમને માર્ગ દેખાડનાર મળવા મુશ્કેલ છતાં તે મલ્યા, મલ્યા છતાં તેના ઉપર ભરોસો બેસવો કેટલો મુશ્કેલ, માર્ગ દેખાડનારનો ભરોસો શાને અંગે કહો છો? તમારા ભાગ્ય ઉપર. તમારે સીધું અને શાંતિથી જવાનું હોય તો તે સાચો બતાવનાર સાચો લાગે. પણ ભાગ્ય સીધું ન હોય તો તમે અવળે રસ્તે જાવ! તેમ અહીં પણ આ જીવને જ્યારે હળુકર્મીપણું થાય મિથ્યાત્વાદિની સ્થિતિ તૂટી જાય, અંતઃકોટીની થાય. તેને જ તીર્થંકરના વચન ઉપર વિશ્વાસ આવી જાય; આથી આત્મા ધર્મને-સમકિતને-કલ્યાણને લાયક બન્યો. આવું ક્યારે સમજ્યો ? તો તીર્થંકરના વચન ઉપર વિશ્વાસ આવે ત્યારે; વચનની આરાધનાએ ધર્મ અને કલ્યાણનો માર્ગ છે.

જેમ તમે કહો છો તેમ બીજા કહે છે કે અમારા શાસ્ત્રોને માનો તો કલ્યાણ થશે! જુઠો સાક્ષી એમ બોલે કે હું સાચું કહીશ! સાચા વિના કંઈ નહિ કહું, પરંતુ સાક્ષી સાચો કે ખોટો તે કોર્ટ સાક્ષી માત્રને માની લે કે ? ક્રોસ એકઝામીનેશન રાખે છે તેમાં પાસ થાય તો સાક્ષી માનવા તૈયાર છે ? તેમ આ વચનમાં એકઝામીનેશન કરવું જોઈએ. સ્મૃતિ-બાઈબલ-કુરાન વિગેરેના વચનો-તે બધા કહે કે અમે સાચું કહીએ, તદ્દન સાચું કહીએ, સાચા સિવાય કંઈ કહેવા તૈયાર નથી. પણ તેને

માટે ક્રોસ એકઝામીનેશનમાં સાક્ષી તરત પરખાઈ જાય. દરેક શાસ્ત્રની પરીક્ષા કરી શકીએ. સ્વરૂપ-વિષય વક્તા કેવો છે! તેનું સ્વરૂપ કેવું છે? વિષયો કેવા છે? તે ત્રણેની પરીક્ષા દ્વારા એ જિનેશ્વરનું વચન વિચારતાં પરીક્ષામાંથી પસાર થાય છે.

❀

## 卐 વ્યાખ્યાન ૩૦ 卐

**ઉત્તમ કુળનો પ્રભાવ:**

શાસ્ત્રકાર મહારાજા આચાર્યભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતા થકા આગળ સૂચવી ગયા કે-આ જીવ અનાદિકાલથી રખડંપટ્ટીમાં પડેલો છે. પરંતુ સૂક્ષ્મબાદર એકેન્દ્રિયમાં હું કોણ છું? કેમ છું? કેમ થયો? કેમ થઈશ? તેનો વિચાર જ નહોતો. હું જન્મ્યો કેમ? મરીશ કેમ? તેના કારણો કયા? અને તેનાથી સાવચેત કેમ થવું? તે વિચાર નહોતો. બેઇન્દ્રિયમાં મરણ વસ્તુ ધ્યાનમાં આવી તેના કારણોથી ડરવા લાગ્યો. પણ ત્યાં જીવનના કારણો તપાસવાની તાકાત નથી. યાવત્ સંજ્ઞી પંચેન્દ્રિય ગર્ભજમનુષ્ય થયો અકર્મભૂમિમાં પણ થયેલો.

કર્મભૂમિમાં જેઓ ઉત્તમકુલ-જાતિમાં નથી આવેલા તેવાને જાનવર માફક બીજો ધંધો હોતો નથી, ત્યારે કયો હોય છે? તો મરજી પ્રમાણે વર્તવું પણ ભૂત કે ભવિષ્યનો વિચાર ન કરવો. બિલાડીનુ બચ્ચુ નાનુ હોય પણ વિરોધીને દેખે તો કરડવા દોડે, કેમ તો જન્મથી હિંસક. તેમ અહિં પણ જેઓ આર્યક્ષેત્રમાં આવ્યા છતાં અનાર્યપણે ઉપજ્યા છે તેને કોરાણે મુકીએ છતાં ઉત્તમકુલ જાતિમાં નથી આવ્યા, તેને પોતાને ક્ષણનુ કુતૂહલ અને બીજાના જીવનો નાશ,તેને જીવ મારવા તેમાં કંઈ સંકોચ નહિ, જેઓ ઉત્તમકુલ જાતિમાં નથી આવ્યા છતાં આર્યક્ષેત્રમાં જન્મેલા

એવા વાઘરીનો કોળીનો મુસલમાનનો છોકરો તેને ધનુષ-બાણ ચડાવતાં ન આવડતું હોય છતાં રાડાનું બાણ કરે અને જીવ દેખે કે મારે છે. ધ્યાન રાખજો કે અહીં શ્રાવકકુળમાં કુલાચારે અધર્મની દીવાલ બંધ કરી છે, તમારા છોકરાને કયાં જીવવિચાર શીખવ્યા કે જેથી કીડી જતી હોય તો બોલી જાય, શું? પાપ લાગશે! કયાંથી વિચાર આવ્યો કે જીવ મરે તો પાપ. પાપ લાગે તો હેરાન થવાનું સમજ્યો કયાંથી? ઉત્તમકુલનો એ પ્રભાવ.

અધમકુલમાં ૬૦ વર્ષનો થયો હોય તો પણ જયણામાં સમજણ નહી. આ વિચાર કોણ લાવે છે? સિંહનું બચ્ચું પણ ઘાસ નહિ ખાય, ભલે ભુખ લાગી હોય તો ટાંટીઆ ઘસે પણ ઘાસ ન ખાય. આ સિંહના બચ્ચાને કોણે સમજાવ્યું કે તુ ઘાસ ન ખાઈશ! માણસમાં બચ્ચાં ભુખ્યાં હોય તો પણ તેને ઘાસ કેમ ન ખાધું? તો જાતને અંગે ન ખાધું.

જેમ મનુષ્યમાં જાતિની યોગ્યતા રહેલી છે તેમ શ્રાવકકુલને અંગે, ધર્મ ન જાણતો હોય તો પણ હિંસા વગેરે ઘાતકી કર્મોથી દૂરજ રહેવાનો. કોઈ વખત કેશમાં શ્રાવકકુળવાળાને સજા થાય ત્યારે જજ ટીકા કરે છે કે આવા કુલમાં આવું બન્યું કેમ? કુલાચારમાં ઉત્તમતા! જે મનુષ્યો ધર્મની આરાધનાકરવાવાળા, દેવગુરૂની ભક્તિવાળા છે તે બીજા ભવે ઉત્તમકુલમાં જાય પણ અધમકુલમાં જાય જ નહી, દેવગુરૂ ધર્મની વિરાધના કરેલી હોય તો તે અધમકુલમાં જાય, ત્યારે કુલની કેટલી બધી છાયા છે તે વિચારો! તેથી શાસ્ત્રકારે શ્રાવક કુલને ઉત્તમ ગણ્યું છે.

**ઉત્તમકુળમાં જન્મ્યા છતાં વિચાર નથી આવતો.**

તેવા કુલમાં આવ્યા છતાં પોતે જન્મ્યો કયા કર્મથી, અહિંથી મરીને કઇ ગતિએ જશે તેનો વિચાર આવતો નથી. કુલાચારથી આચાર આવે પણ જીવને અંગે તો પૂર્વભવ કે આવતા ભવ સંબંધિ વિચાર આવતો નથી તો પછી હું આવી

રીતે જન્મો—મરણો કર્યા કરૂં છું અને કરીશ. અનંતા જન્મો મરણો કર્યા પણ મારા જન્મનો મરણનો કોઈ છેડો ક્યારે! આ વિચાર ક્યાંથી આવે! ઉત્તમકુલ જાતિમાં જન્મ્યા છતાં દેવગુરૂ ધર્મની જોગવાઈ મલી છતાં આ વિચાર ન આવે કે આ સંસારમાં રખડંપટ્ટીનો છેડો ક્યારે! દરેક ભવમાં જન્મ અને મરણ કરતા જ જવું તેનો છેડો ક્યાં? તે છેડો લાવવાનો વિચાર જ ઉત્તમકુલમાં જાતિમાં જન્મ્યા છતાં પણ આવતો નથી, જ્યારે એ જોગવાઈ મલ્યા છેડો આવતો નથી તો જે કાળમાં જોગવાઈ ન હોય તો તે કાળમાં તો શું કહેવું. જુગલિયાપણામાં કે છઠ્ઠા આરામાં સંજ્ઞી ગર્ભજ વિચારવાળો તો હોય છે છતાં તે વિચાર ક્યાંથી તેને આવે? તે દુનિયાનો આ વિષય જ નથી. આ વિચાર કોના ઘરનો? માત્ર કેવલજ્ઞાની અતીન્દ્રિયદર્શીના ઘરનો છે. જેઓએ પોતાના ભવભ્રમણને જાણ્યો તેઓ જગતના જીવોના ભવભ્રમણને જાણે. આથી તેમને એમ થાય કે આનો ઉદ્ધાર કેમ થાય? રોગી દેખીને દયા ખાઇએ, લોહી નીકળે તો કમકમાટી થાય. મૂર્ચ્છામાં દેખી ગભરાઇએ, પણ અનંતા મરણો સમજીએ છતાં ગભરામણ છૂટે નહિ છૂટતી નથી. આનો અર્થ શો? આ જગતના જીવોને અનંતા જન્મો મરણોની અંદર વહી ગયેલાં જોઈને દયા કોને આવે છે? તો ત્રિલોકના નાથ તીર્થંકરોને.

**વરબોધિ અને બોધિમાં ફરક શુ?**

તીર્થંકરોને સમ્યક્ત્વ જુદુ માન્યું છે. ક્ષાયોપશમિક ક્ષાયિક હોય તે છતાં તે પણ નહિ. તીર્થંકરનું સમકિત ક્ષાયોપશમિક ક્ષાયિક હોય તે બીજાના ક્ષાયોપશમિક ક્ષાયિક કરતાં સમકિત જુદું હોય છે માટે તેમને શું કહીએ છીએ! વરબોધિ, બીજાને બોધિ કહિએ છીએ તો તેમાં ફરક શો? તો એક જ ફરક! કયો? તો શ્રદ્ધામાં ફરક. ક્ષયોપશમમાં કર્મના આવરણો તોડ્યા તેમાં ફરક નહિ, પણ ચિંતાના અંકુરામાં ફરક છે, એક જ ખેતર હોય, જમીન જાતની સારી હોય, વરસાદ સારો હોય, એક જ

ખેડુત હોય છતાં જો વાવેતર જુદું હોય તો તેનો અંકુરો જુદો નીકળે છે. આ બધા જીવોનું સમ્યક્ત્વ એટલે મોક્ષદાયક સમ્યક્ત્વ તીર્થંકરનું સમ્યક્ત્વ તે તીર્થંકરપણા સાથે મોક્ષ દેવાવાળું સમ્યક્ત્વ. આ ઉપરથી શાસ્ત્રકારોએ કહ્યું કે કર્મબંધમાં એકસોવીશનો બંધ છે.

**તીર્થંકર નામકર્મ એ નિર્મળતાના ઘરનું છે.**

ક્ષાયોપશમિક કે ક્ષાયિકની જડ તે શામાં? તીર્થંકર નામકર્મ, આહારકશરીર, આહારકઅંગોપાંગ. આ ત્રણ શુભ પ્રકૃતિનો બંધ એ ક્ષાયિક ક્ષયોપશમાદિના ઘરનો પણ ઔદાયિકના ઘરનો નહિ. ક્ષાયિક ક્ષયોપશમ સમ્યક્ત્વ આત્માને થાય તેથી આત્માની નિર્મળતા થાય, તેથી વરબોધિ એ વિશિષ્ટ નિર્મળતાના યોગે તીર્થંકર નામકર્મ બંધાય, સંયમની નિર્મળતા એ આહારકશરીર, આહારકઅંગોપાંગ નામકર્મ બંધાય છે. આ ત્રણ શુભ પ્રકૃતિ નિર્મળતાના ઘરની, એકસો સત્તર મલિનતાના ઘરની. તીર્થંકર નામકર્મ એ નિર્મળતાના ઘરનું; સમ્યક્ત્વમાં જ્યારે આટલી નિર્મળતા હોય, કઈ નિર્મલતા? 'ખાનેકા સ્વાદ તો દુસરેકુ ખીલાવ' પોતે ઘેર મિષ્ટાન્ન કર્યું હોય પોતે બીજાને અહા હા' હા કરે તો જોડેવાળો કહે કે બેવકુફ છે! પણ બીજાને જમાડે અને તે કહે તો સ્વાદ ગણાય, તેમ તીર્થંકરને સમકિતનો ખરો સ્વાદ તો જગતના જીવોને તારૂ, એમના સમકિતનો સ્વાદ બીજા જીવો સમકિતનો સ્વાદ લઈને બેસે.

વરબોધિ આવે ત્યારે તીર્થંકરનામકર્મ બંધાય, તે વખતે તેમને આ બધાને તારૂ એમ હોય. वरबोधिसमन्वितः કહેવાનું તત્ત્વ એ કે જે વખતે દુનિયાને ધર્મનો સ્વાદ ચખાડવાને માટે તૈયાર થાય પણ હું ધરાઈને બેઠો તેમ નહિ. 'મેં પીઆ મેરે બેલને પીઆ અબ કુવા ધસ પડો' કુવા ઉપર પાણી પીધું મારા બળદે પીધું હવે કુવો ધસે તો મારે શું! 'પરની તારે શી પડી તું તારૂં સંભાળ' આવા જીવો તીર્થંકર થવાને લાયક હોય નહિ,

પેલું વાકય તે દુનિયાદારીની ઉપાધીમાં ખરૂં છે. પણ આત્માની સંપત્તિમાં 'પરની તારે શી પડી' તે કહેવાવાળો સમકિતમાં જ નથી, કેટલાક દયાલુ હોય પણ પોતાનું પેટ પરાણે ભરાતું હોય તે શું વિચારે ? હું શું કરૂં !

**જેટલા દુ:ખી તે જુના ગુનેગાર છે.**

સમકિત વખતે આ ત્રણ અભિપ્રાય હોવા જોઈએ–**मा कार्षीत् कोपि पापानि**–ચૌદરાજલોકમાં જે જે જીવો છે તે કોઈ પાપનું આચરણ ન કરો ! તે વગર સમકિત જ નથી. તે છતાં પણ કેટલાક આપણામાં એવા હોય. ગુનેગાર ન બને તે સારી વાત પણ ગુન્હો થયા પછી સજા થવી જોઈએ. તે સાથે પાછા મીંડુ વાળવાવાળા હોય છે. તેને પુછીએ કે શરણ કોને લેવું પડે. આપત્તિવાળાને કે સંપત્તિવાળાને ? પોતે સપડાયો હોય તો શરણ–ખોળવાવાળાને મહેરનજરની દયાની જરૂર પડે છે. ગુનાવાળાને સજા થવી જોઈએ. આ જીવ તો નવો ગુનેગાર છે. જેટલા દુ:ખી છે તે જુના ગુનેગાર છે, જેને પહેલા ભવમાં પાપ બાંધ્યું તે અહીં દુ:ખી ને ? તેમને પાપ કઇ રીતે બાંધ્યું તો હિંસાદિથી, તે બધા હિંસા વગેરે અધર્મ કરવાથી અહિં દુ:ખી છે.

**કરેલા કર્મનો ક્ષય કઈ રીતે ?**

તો તેની દયા જેવી ચીજ કઇ. '**मा च भूत् कोऽपि**' **दुःखितः**–જગતના જીવોમાં કોઈ જીવ પાપ ન કરો ! પણ પાપ કર્યા હોય, પાપો બાંધ્યા હોય તો પણ દુ:ખી ન થાવ ! આ તો અસંભવિત છે. આ પ્રમાણે થાય તો પાપનો ભય નહિ રહે; દુ:ખી થવાનું જ હોય તો પછી તમે બોલ્યા કે કોઇ દુ:ખી થાવ નહી. એ કેમ ઘટે ? આ તુ બોલે છે તે અન્યમતવાળાનું એકપક્ષી બોલે છે; તુ કહે છે. '**कृतकर्मक्षयो नास्तिः** કરેલા કર્મનો ક્ષય નથી, ક્ષય ન હોય તેવું નથી. કર્મ એવી ચીજ છે કે તે પલ્યોપમે સાગરોપમે નાશ નથી પામતી ! તો આત્માને સુધરવાનો રસ્તો નથી રહેતો, અવશ્ય ભોગવવું પડે તોજ ક્ષય થાય ! શુભ અશુભપણે

કરેલું કર્મ શુભ અશુભપણે ભોગવવું પડે આ સિદ્ધાંત જૈનેતરોનો, જૈનોનો નહીં. કરેલા કર્મનો ભોગવ્યા વિના છૂટકો નથી તો પછી ધર્મ ચીજ કઈ! જો પહેલાં કરેલા પાપો ભોગવવાનાં ઉભા રહે તો ધર્મ કરવાથી ફળ શું? સદ્ગતિ પણ પહેલાંના જો પાપો ઉભા હોય તો તે સદ્ગતિ શું કરશે?

જૈન સિધ્ધાંત પ્રમાણે કર્મ બે પ્રકારે તુટે છે.

'पावाणं च खलु भो कडाणं कम्माणं पुव्विं दुच्चिन्नाणं दुप्पडिकंताणं वेइत्ता मुक्खो नत्थि अवेइत्ता' (दश० प्र० चू०) ॥ सू० १८ ॥

કરેલા કર્મનો મોક્ષ નથી, છૂટતા નથી. આ બીજી વાત ધ્યાનમાં લો પછી વાકય લગાડજો કઈ—

'तवसा वा झोसइत्ता' (द० प्र० चू०) ॥सू० १८॥

બે પ્રકારે કરેલા કર્મનો નાશ થાય, વેદવાથી કાંતો તપસ્યાથી ક્ષય થાય, ખરાબ પરિણામે બાંધેલા કર્મ તે સુંદર પરિણામ થાય તો આપોઆપ નાશ પામે. જેમ પેટમાં વાયુ થયો હોય તો તે ઓડકારથી નીકળે તેનાથી ન નીકળે તો ગરમ પદાર્થ લગાડવાથી વાયુ કપાય છે; તેમ અશુભ અધ્યવસાયે બાંધેલાં પાપો તે શુભ અધ્યવસાયે તોડી શકાય, તપશ્ચર્યા એ સફલગીરી જ છે માટે ધર્મ એ જરૂરી ચીજ.

**પ્રતિક્રમણ-નીંદન-ગર્હણથી પણ પાપ તૂટે.**

જે વખતે ગાળ દીધી, કોઈને માર્યો તે વખતે પાપ બંધાયું, પણ ભૂલી ગયો! માફ કરશો! તો તેમાં શું થયું? તો આખો રોષ ઉતરી ગયો. તેમ અહીં કષાયને અંગે થયેલા પાપો તે નિષ્કષાયથી પ્રતિક્રમણ-નીંદન-ગર્હણ-કરવામાં આવે તો તે ક્ષય પામે છે. માટે કદી કષાયની પરાધીનતાથી-પ્રમાદથી ઈન્દ્રિયોની પરાધીનતાથી કર્મ બંધાયા હોય તે ધર્મદ્વારાએ તૂટવાવાળાં થાય.

**ત્રણ ભાવના હોય તો સમકિત**

પણ દુ:ખી ન થાવ માટે 'मुच्यतां जगदपि' આખું જગત મોક્ષ પામી જાવ! અહીં જે આ કહેવામાં આવે છે. તેમાં તો તીર્થંકરના વચનમાં વાંધો આવે છે. કેમ? તીર્થંકર ભગવાન સાક્ષાત્ ફરમાવે છે કે–કોઇ કાલે સર્વજીવો મોક્ષે ગયા નથી અને જશે નહિ ત્યારે તમે કહો છો કે બધા જાવ! પણ તે સંગત કેમ થાય? આપણા કુટુંબમાં અંત અવસ્થાએ માણસ છે, તેને વૈદ-ડોકટરે કહી દીધું કે હવે કંઇ નથી તેમ ધારીને નીચે ઉતાર્યો તે વખતે આ મરો તેમ બોલો ખરા? તમે કોઈ પ્રકારે જીવો તેમ બોલો? તેમાં સાચા તમે કે વૈદ ડોકટર સાચા? બેય સાચા! તમારી ધારણા એ જીવે એમ ઇચ્છો, આયુષ્ય નહિ હોય અને ન જીવે એ વાત જુદી, તેમ અહીં એના નશીબે અશુભના ઉદયથી તે ભલે મોક્ષ ન પામે પણ અમે એ મોક્ષ ન પામે એવું ઈચ્છનારા નથી. માટે આખું જગત ભવ્ય અભવ્ય મિથ્યાત્વી બધા મોક્ષે જાવ. આ ત્રણ ધારણા હોય તો સમકિત!

શાસ્ત્રકાર જણાવે છે કે મિથ્યાત્વી થવું આપણને ગમતું નથી, મિથ્યાત્વી શબ્દથી ચમકીએ છીએ સમકિતથી રાજી થઇએ છીએ પણ તેની જડરૂપી આ ત્રણ ભાવના ખ્યાલમાં રાખો! આ ત્રણ ભાવના ન હોય તો સમકિત નથી.

**વરબોધિમાં વિશેષતા.**

વરબોધિમાં શું? હાથે પગે લુલી લંગડી બાઇ નદીને કાંઠે બેઠેલી તે નદીમાં તણાતા પુરૂષને તારવા માટે બીજાને બુમ પાડે, પણ તારૂ જુવાન હોય તે શું કરે? પડતો દેખતાની સાથે ભુસ્કો મારીને કાઢે. બીજા બધા સમકિતવાળા લુલી લંગડી ડોશીના જેવા; કોઇ કાઢજો! દોડો રે! દોડો! તેમ કરે, બીજું કંઈ નહીં કરી શકે. તેમ કાઢવા માટે કેડ બાંધવાની તેને નહી. ત્યારે તીર્થંકરમહારાજનો જીવ કેડ બાંધીને પ્રવાહમાં પડે, તેમનો વિચારજ એ કે ડુબે કેમ? ડુબતાને તારૂ! આવો તેજસ્વી ધર્મ છતાં

અંધારામાં ગોથાં ખાય! બીજાને અંધારામાં ગોથાં ખાતા દેખે તો તેને કેમ થાય? તેમ આ તીર્થંકર ભગવાન અંધારામાં ગોથા ખાતા જીવોને હું તારૂં! આ વરબોધિવાળા સમકિતમાં હોય; તરો! અને તારૂં તેમાં કેટલો ફરક? તેટલો જ સામાન્યબોધિ અને વરબોધિમાં ફરક છે. આ જ વાત વિચારશો તો એમની કર્મ ખપાવવાની શક્તિને ગોપવવી પડી કહિએ તો ચાલે, બીજા જીવોમાં કોઈ ગૃહિલિંગે કોઇ અન્યલિંગે સિદ્ધ થવાવાળા. તેમને તેવું ભાવનાનું જોર! તેમની એવી આત્માની શક્તિ! જેથી ત્યાગ કર્યા વગર કેવલજ્ઞાન મેળવી લે તેથી તે વધારે તાકાતવાળા. જો તીર્થંકરમાં વધારે તાકાત હોય તો આ બધા રસ્તા શા માટે ન લે? સંયમ-તપસ્યા વિગેરેની કડાકૂટ શા માટે તેમને કરવી પડે? આ જગતના જીવો એ વગર તરવાના નથી. તે તરવાનું સાધન સંયમ-તપ-પરિષહો-ઉપસર્ગો છે તે બધું સહન કરે તો જ તરવાના છે.

સીત્તેર વર્ષનો પ્રોફેસર હોય પણ છોકરાને જ્યારે ઘેર રમાડે ત્યારે 'એ' 'એ' કરીને રમાડવો પડે છે. છોકરાની સાથે ભૂ શબ્દ શા માટે વાપરો છો? પાણી બોલોને! આટલા ઘરડા થયા છતાં પાણીને 'ભૂ' કહેતાં શરમાતા નથી. તમને જળ-પાણી ઉદક શબ્દ આવડે છે છતાં બાળક 'ભૂ'માં સમજે છે પણ જળ-પાણીમાં સમજે તેવો નથી. માટે જળ વિગેરે છોડીને ભૂ શબ્દ બોલવો પડે છે. તેમ તીર્થંકરો ને જગતનો ઉદ્ધાર કરવો તેથી જગતના લાયકની પ્રવૃત્તિ કરવી પડે સાચો ઘોડો ન મળે તો પોતે લાકડીનો ઘોડો કરાવે ને બેસાડે. શરમ નથી! કયાં' છોકરાને તેવી રીતે રમાડવામાં. તીર્થંકર મહારાજ આત્માની શક્તિવાળા છતાં આટલા બધાંએ ઘેર બેસીને અન્યલિંગે કેવલજ્ઞાન ઉપજાવ્યું તો તેમને આ બધી કડાકૂટ શા માટે સૂજી? ઘરના આંગણે મધ મલતું હોય તો ડુંગરા ડોળવા કોઈ જાય નહિ. તેમ અહીં તમારી આટલી બધી શક્તિ છતાં કડાકૂટ શા માટે કરો છો? સર્વ સામાન્ય માર્ગ આ છે માટે.

**તીર્થંકરની દીક્ષામાં પણ સ્ત્રીનું રૂદન.**

ધર્મને ધક્કો મારવો હોય તો દયા શબ્દ વાપરે. કોઈ દીક્ષિત થતો હોય ત્યારે એની બાયડી આવી સ્થિતિમાં છે. આવી દયા બતાવે છે ને? દયા એક ડગલામાં દેખાડનારાએ બજારમાં ઠરાવ કર્યો હોત કે બાયડીની વિધવાની ઘરડાની મિલકત ઉપર પા ટકો વ્યાજમાં વધારો મલે અને તેવુ કરવા માટે કોર્ટમાં અરજી કરીને કાયદો કરાવ્યો? જે આસામી કાચી પડે તેમાં બાઈનું લેણું પહેલું પતાવવું તેવું કર્યું? ના. દયાના દીકરા બન્યા ખરા? ઘેરે પાંચ પકવાન્ન કરીને ખાવા માંડયા તે વખતે તે થયું લાવ' ન્યાતજાતમાં જે સામાન્ય હોય વિધવા આદિ હોય તેને જમાડીને જમું! આ વિચાર પણ આવતો નથી દયાના દીકરા છો ને? ત્યારે કહો કે કેવલ સાધુપણામાં આડખીલી કરવામાં દયા આવીને ઉભી રહે છે. ઘરે મજુરણો હોય તેમાં વધારે દયાની ખાતર પૈસા આપ્યા? બાઈ મજુરણને ઓછું કેમ આપો છો? મજુર બાબતની ખાવા પીવામાં દયા જાણી નથી. આથી તમે તમારા વ્યવહારમાં દયાનું દેવાળું કાઢયું છે અને સંયમને સોટીઓ મારવા માટે દયા આગળ કરો છો.

તીર્થંકર મહારાજ જ્યારે દીક્ષા લે ત્યારે તેમના કુટુંબીઓ સારૂં માનતા હશે? 'પીયા ખણુ ખણુ (ખીણ ખીણ) રોવે' તે પૂજાની ઢાળમાં બોલો છો ને? અમદાવાદના એક શેઠ કે જેઓ કોન્ફરસના હિમાયતિ છે, તેઓ કહે છે કે રજા વગર દીક્ષા આપવી નહિ. શેઠને કહ્યું કે મારે તમને રજા વગર દીક્ષા આપવી નહિ, અને તમારે માટે મારે પ્રતિજ્ઞા—કે તમને આપવી નહિ, અને તમારે લેવી નહિ. પણ એક કામ કરો! તમે ખાનગી તરીકે ઘેર જઈ બાયડીને કહો કે મારે દીક્ષા લેવી છે તે વખતે તમને કોણ ચાંલ્લો કરીને નાળિયેર આપે છે તે જુઓ! દીક્ષાને દુનિયામાંથી કાઢી નાંખવી છે માટે તેનો આ ધંધો છે કે દીક્ષા બંધ કરવી દીક્ષિતોને ભાંડવા. તમને આ વીશીઓથી એક સરખો

ઉપયોગ કર્યો. પણ શાસન-જયવંતુ હોવાથી કંઇ થવાનું નથી, કાગડાના કાકરવથી સૂર્યનો ઉદય બંધ થતો નથી. તેમ યુવકોના ઉદ્ધતપણાથી શાસનની પ્રવૃત્તિ બંધ થઈ નથી અને થવાની નથી.

**સાધુઓને ડરાવવા દયા શબ્દ વપરાય છે.**

જેઓ દયાને આગળ કરે છે તેઓ તેમના એક કામમાં દયા બતાવે તો ખરા ? સંયમને સોટો મારવા માટે દયાને આગળ કરવી છે. હિંદુઓને ડરાવવા હોય ત્યારે મુસલમાન ગાયોને આગળ કરે, તેમ સાધુઓને ડરાવવા દયા શબ્દ આગળ મુકે છે. તમારા કુટુંબમાં વિધવા હેરાન થતી હોય તેને ભરણપોષણ આપો છો ? તો તેને આપવામાં મુશ્કેલી પડે છે. એક પણ જગો પર તમોને દયા નથી. મુસલમાનો હિંદુના ઘાતથી બચાવ માટે ગાય આડે ધરે છે તેમ આ યુવકો દયા સાધુઓને ડરાવવા માટે આગળ ધરે છે. તેને દયાની લાગણી અંશે છે નહિ.

મૂળ વાત ઉપર આવીએ-ભગવાન ઋષભદેવજી ત્રણ જ્ઞાનવાળા હતા, મરૂદેવા માતા મારે માટે આંધળાં થશે તે સમજતા હતા, મરૂદેવા જેવી બુઢ્ઢી તે વખતે કોઈ નહિ. ભગવાન ત્યાશીલાખપૂર્વ ઘરમાં રહ્યા તે પહેલાં કયારના મરૂદેવા માતા હતાં છતાં દયાને આડી ધરી નથી. તે વાત દયાના નામે આડી નહિ ધરતાં તમે પોતે કર્તવ્યમાં મૂકો ! તીર્થકરોના જીવોમાં એજ વિશિષ્ટતા. પોતે દયાની માત્ર ભાવના ભાવે તેમ નહિ પણ દયા માટે દોડે. તે વરબોધિવાળા છે માટે કહે છે કે તમારા બાયડી કુટુંબ, છોકરાઓ ત્યજો ! શરીરને કષ્ટ પડે તો પણ સંયમ લ્યો ! કેડ બાંધી ડોશી કાંઠે બેસીને બુમો પાડે તેમ નહિ પણ કેડ બાંધીને ઝંપલાવે તેથી સંયમમાં ઝંપલાવ્યું. પરિષહો ઉપસર્ગો આવશે તે સહન કરવા પડશે માટે ઝંપલાવ્યું.

**પ્રભુ મહાવીરે તીર્થંકર નામકર્મ કઇ રીતે બાંધ્યું ?**

ભવાંતરથી જગતના જીવોના ઉદ્ધાર કરવાના પ્રયત્ન કરવા

માટે જેને પોતાની જિંદગી કુરબાન કરી છે, મહિનાના ઉપવાસ લાખ વર્ષો સુધી પૂર્વભવમાં ભગવાને કર્યા. મહાવીર ભગવાનને તીર્થંકર નામકર્મ કેમ બંધાયું ? એક લાખ વર્ષ સુધી લાગલાગટ માસ-ખમણ કર્યા તેમાં કેટલો ભોગ આપ્યો તે વિચારશો તો માલમ પડશે. જેને દુનિયાની દયા ખાતર જિંદગીનો ભોગ આપ્યો, તેવા જીવોને વરબોધિ હોય છે. વરબોધિવાળા કેડ બાંધનારા, તે જીવો જગતનો ઉદ્ધાર કરે તે શી રીતે ? જેમ અંધારામાં રખડતાને દીવાથી બચાવે, તેમ આ ભવથી બચાવવાનો રસ્તો કયો ? દેશનાદ્વારા. માટે જ હરિભદ્રસૂરિજી મહારાજે કહ્યું કે–તીર્થંકરના વચનોની આરાધના કરે તોજ આ આત્મા ધર્મ પામી શકે, નહી તો નહી. તે તીર્થંકરનું વચન છે તે શાથી જાણવું ? કારણ કે તે રજીસ્ટર નથી, વચનો આર્ય માત્રને વારસામાં મળેલા છે. તીર્થંકરોનાં વચન છે તેમ શાથી સમજવું ? વક્તા દ્વારાએ સ્વરૂપ વિષય, ફલદ્વારાએ પરીક્ષા કરવાની. અને તે આરાધવામાં ધર્મ કેવી રીતે થાય તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૩૧ 卐

**'वचनाराधनया खलु'**

**બધા આસ્તિકો એકમત.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતા થકા ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે–આ સર્વ આસ્તિકવર્ગ તે એક માન્યતામાં મતભેદ વગરનો છે. જગતમાં જે જે આસ્તિકો છે તે મોક્ષ–આત્મા–કર્મ–પરભવ, કર્મના આધારે ગતિ અને સુખ દુઃખ માનનારા છે. તે આસ્તિકો એક બાબતમાં એકમતે છે. કઇ બાબતમાં ? જીવ માત્ર અહિંથી

ઉઠાંતરી કરીને બીજા ભવમાં જવાનો છે. ને જેમ અમરપટાને દુનિયા માનતી નથી, દુનિયા કહે છે કે–કોઈ અમરપટો નથી. તેમ આસ્તિકો આગલા ભવને એક સરખી રીતે માને છે.

**જૈનો સિવાયના આસ્તિકો ઈશ્વરને કેવો માને છે?**

પરંતુ આવતા ભવની કારવાઇ કેવી કરવી તેમાં આસ્તિકો જુદા જુદા રૂપે માને છે.

કેટલાક આવતા ભવ ને ઈશ્વરની મરજી ઉપર માને છે. જૈનો સિવાયના આસ્તિકો જે ઇશ્વરને સૃષ્ટિના સર્જનહાર માનનારા છે. તેઓ આ જીવની પરભવની કારવાઈ, સિધ્ધિ મેળવવી પોતાના હાથમાં નહિ પણ ઈશ્વરના હાથમાં માને છે. ઇશ્વરને સૃષ્ટિના સર્જનહાર માન્યા છતાં સીધી રીતે જોઇએ તો કર્મનો ગુલામ માન્યો છે! જેવાં કર્મ આપણે કરીએ તેવું ફલ ઇશ્વરને દેવું પડે છે. પોતાના ભજન–સેવા–ધ્યાન–જપથી પાપનો ક્ષય કરી શકે કે નહીં? તે સૃષ્ટિના સર્જન માનનારાએ વિચારવાનું! જપ–પૂજા–ધ્યાન–સત્કાર–સન્માનથી પાપનો ક્ષય થાય તેમ કહો તો? લાંચીઓ ઇશ્વર. ઈશ્વરે ગુનો કર્યો જગતનો! કારણ! માર્યો–જુઠુ બોલ્યા–ચોરી કરી–તો ચોર શત્રુ કોના? તો જગતના. તેનું ભજન થયું એટલે માફ! સૃષ્ટિના સર્જનહાર તરીકે પરમેશ્વર માન્યા પછી તેના જપ–ભક્તિ–સેવાથી પાપનો ક્ષય ખરો કે નહિ? ક્ષય થાય છે તેમ માનો તો પછી ઇશ્વર જેવો બેઇમાની ન્યાયાધીશ કોઈ નહિ! કારણ કે પૂજાઆદિની લાંચ લઈ ગુન્હાથી મુક્ત કર્યા.

**જૈનો ઇશ્વર કેવા માને છે?**

તો પછી તમારામાં કેમ થશે? તમે પરમેશ્વરની સેવા–ભકિત–જાપ ધ્યાનથી કર્મનો ક્ષય માનો છો કે નહીં? **'भत्ति जिणवराणं'** પહેલા ભવમાં ઉપાર્જન કરેલાં કર્મ તે તીર્થંકરોની ભક્તિથી

નાશ પામે છે તો જેમ તમે બીજાને લાંચીયા કહો તેમ તમારા પરમેશ્વર પણ લાંચીયા બને. 'उभयोरेव समो दोषः' એમાં દોષ સરખો છે. જ્યાં સુધી ઉંડા ઉતરો નહી ત્યાં સુધી એમ લાગે કે જૈન અને જૈનેતરો સત્કાર–સન્માન–જપ–તપ–ધ્યાનથી પાપનો ક્ષય માને છે, પણ તેમાં ફરક છે પેલાઓનું ભજન પૂજન–ઇશ્વરનું વ્યક્તિની અપેક્ષાએ છે પણ ગુણ સાથે સંબંધ નથી. અહિં જિનેશ્વરનું ભજન વ્યક્તિ તરીકે નથી, પણ રાગ દ્વેષ જીત્યા, જગતને સ્વાતંત્ર્યનો સંદેશો આપ્યો, તેના રસ્તા બતાવ્યા, તેના માટે જે જે સાધનો જોઇએ તે પુરા પાડ્યા માટે અહિં ઇશ્વરને નમસ્કાર. અહિં રૂષભ કે મહાવીર તરીકે નમસ્કાર નથી. આ વિચારશો તો માલમ પડશે કે પંચપરમેષ્ઠીમાં એક તીર્થંકરને દાખલ કેમ ન કર્યા ? 'નમો અરિહંતાણં' રાખ્યું તેને બદલે नमो वीरस्स રાખવું હતું ? તે પછી 'नमो सिद्धाणं' કહેવું હતું. 'एगम्मि पूइअंमि सव्वे' ભલે એક જ હોય તેને ગુણ દ્વારાએ પૂજીએ તો ગુણવાળા બધાની પૂજા થઈ; અહિંથી વિદેશ ગયેલો એક માણસ અભ્યાસની સારામાં સારી ડીગ્રી લઈને આવ્યો તેને તમો ભેગા મળીને માન આપો છો તે વ્યક્તિનું માન છે. પણ સુંદર કેળવણીની કિંમત શું ? એક માણસની દીક્ષાને અંગે વરઘોડો નીકળે તેમાં તમે કહો છો કે ફલાણા ભાઈનો વરઘોડો ! દીક્ષાનો વરઘોડો છે પણ ભાઈનો નથી. અહિં આગળ ઋષભદેવજી કે મહાવીરસ્વામી ભલે તિર્થંકરો થયા પણ તેમને કયા રૂપે માનીએ છીએ ? મહાવીર કે ઋષભદેવ તરીકે નહિ પણ અરિહંત રૂપે માનીએ છીએ.

કયા શત્રુને હણીને ઝંડો ફરકાવ્યો ? તે શત્રુને હણવામાટે સાધનો કોણે પૂરા પાડ્યા ! તીર્થંકરોએ, તેમને રાગદ્વેષશત્રુને હણવાની સામગ્રી પૂરી કરી આપી તેથી નમસ્કાર.

**'અરિહંતાણં' પદ ગુણ તરીકે છે.**

'नमो अरिहंताणं' કેમ રાખ્યું ? પંચપરમેષ્ઠીમાં, એ સર્વ-

શાસનમાં નમોઅરિહંતાણં સ્થિર રહેવાથી, સાગરોપમ સુધી કે પલ્યોપમના આયુષ્ય ભોગવીને આવનારો જીવ કયા તીર્થમાં આરાધના કરીને જન્મ્યો તેનો સંબંધ આમાં શો? અનંતા તીર્થંકરોના શાસનમાં ખરો સંબંધ હોય તો 'નમોઅરિહંતાણં'નો છે. દેવલોકથી ચ્યવીને જેને પૂર્વે આરાધના કરેલી છે તે 'નમો અરિહંતાણં' સાંભળતાં જાતિસ્મરણ પામે છે. મહાવીર રૂષભ તે સર્વકાલ શાસનમાં વ્યાપક નહિ. પણ 'નમો અરિહંતાણં' સર્વક્ષેત્ર કાલમાં વ્યાપક છે. આમાં કોઈ વ્યકિતનું નામ નથી. જેમ રસોઇઓ એવું કોઈનું નામ છે? ના. ઘરના મનુષ્ય હોય તે પણ જો રસોઈ કરે તો તેને રસોઈઓ નામ તરીકે કહે છે. તેમાં તેણી ઓળખાણ વ્યક્તિ તરીકે નહિ પણ ધંધા તરીકે છે. મહાજનમાં પારેખ–ચોકસી તે શાના અંગે? ધંધા તરીકે. વ્યકિત તરીકે કોઈનું નામ નહિ, તેમ અરિહંતને ગુણ તરીકે પણ વ્યકિત તરીકે નહિ.

તીર્થંકરની જે પૂજા ભકિત સેવા આરાધના વિગેરે કરીએ તે વ્યકિતનું ઓઠું, તે ધ્યેયમાં નથી પણ તેના ગુણો ધ્યેયમાં. જેમ હીરાના ગુણની કિંમત કરો તેમાં કકડો એ ઓઠું, મોતીની કિંમતમાં ગોળ તો ઓઠું, પણ અંદરના પાણીની કિંમત. તેમ અમારે જિનેશ્વરપણું સ્વાતંત્ર્યતાના સર્જનદ્વારાએ છે, તે સિવાય અમારે બીજો સંબંધ નથી તમારે તો ઈશ્વર સાથે લાગે છે, તમને પેદા કર્યા એટલે તમારા બાપ, તેમ અહિં જિનશાસનમાં નથી. દેશ–કુલ–જાત તરીકે નથી પણ ગુણ ધારીને અંગે પૂજા કરીએ છીએ.

**જિનેશ્વરનો દેખાવ અજ્ઞાનપડલનો નાશ કરે છે.**

જે પાપ બાંધ્યા હતા તે અવગુણથી કે ગુણથી? હિંસાદિ વગેરે આત્માના અવગુણથી કે ગુણથી? અવગુણ ઉખેડવાની જડ ગુણો છે. અવગુણો ઉખેડાતાં જપ પૂજા' તે તો બહારનો દેખાવ છે. પૂજા તે અવગુણની જડ ઉખેડવાનું કારણ

છે. શાસ્ત્રકાર ત્યાં સુધી કહે છે કે જે તમે સાંભળશો તો અતિશયોક્તિ લાગશે પણ તેમ નથી પણ વાસ્તવિક છે, 'दर्शनाद्दुरितध्वंसी' અરિહંત તરફ દૃષ્ટિ જાય તેથી પાપનો નાશ થાય; આ અર્થવાદ નથી પણ વિધિવાદ છે. કારણ કે ગુણના દર્શન પણ વ્યક્તિના દર્શન નહિ. જિનશાસનમાં ગુણના દર્શન હોવાથી પહેલી સ્તુતિ '**प्रशमरसनिमग्नं**' પ્રશમરસમાં બેય દૃષ્ટિઓ ઝુલી રહી છે. જેની આંખમાં રાગ, રોષ, મોહ અને તેના વિકાર નથી એવા ભગવાનને દેખવા માત્રથી શું થવાનું? જેમ જગતમાં મનોહર સ્ત્રીને ચાળા કરતાં દેખીએ તે વખતે વિકાર થયા વગર રહે નહી. તેમ તેમની દૃષ્ટિ વિચારીએ ત્યારે શાંત, તે દેખવાથી કઈ સ્થિતિ દેખાય? આપણા અવગુણ માટે આરિસો. તે આત્માનો આરિસો છે, મારા આત્માને કેવો બનાવવો તેનો અહિં મને નમુનો આપે છે. 'આવો બનાવ' તો દુનિયામાં આ આરિસો વર્તમાનને દેખાડે છે. ભૂત કે ભવિષ્યની ચીજ દેખાડતો નથી. આ આરિસો ભવિષ્યની ચીજ ધ્યેયને બતાવે છે, તારા આત્માને આવો બનાવ! મૂર્તિ દેખીને આત્માને કેળવું આ રીતે હોરો તો બરાબર શાંત દૃષ્ટિ આવે.

તુલના કરનારને દેખવામાં આવે એટલે ખલાસ; આત્મા આવો થવો જોઈએ. પારકા છોકરાને શણગારેલો જોઈને સજ્જન હોઈએ તો ઓહો! ઓહો! થાય' છતાં આ દેખીને કેમ નથી થતું? આ વાત વિચારશો તો દૃષ્ટિથી નિહાળો! તુલનાથી વિચારો! આત્માના આરિસા તરીકે ગણો, આથી દોષો એટલે, તમારા અંદરના પાપ જશે. દીવો અજવાળું કરે એટલે અંધારૂં ભાગે, તેમ એમનો આકાર એવો છે કે, તેમને દેખનારના અજ્ઞાનના પડલો નાશ પામે છે.

**જિનેશ્વરની આકૃતિ દેખી શું વિચારે!**

આ જિનેશ્વરની આકૃતિ દેખીને વિચારે કે હું નોકષાય કષાયમાં ડુબેલો' આ તો નિષ્કષાય અને નિર્નોકષાય વાળા, આરિસો આપણા

કપાળનો લમણાનો ડાઘ રૂપ વિગેરે દેખાડે, આરિસા સિવાય કપાળ વિગેરેનો ડાઘ દેખાય નહિ. તેમ આત્મા જે કષાય નોકષાયની સ્થિતિમાં ડુબેલો છે તે ક્યારે દેખાય ? તો ભગવાનની મૂર્તિરૂપી આરિસાથી તેને દેખીશ ત્યારે તારી ભૂલ તને માલમ પડશે. જ્યાં માલમ પડયું એટલે ક્રોધ તરફ દૃષ્ટિ ગઈ તો તે ભાગી જવા તૈયાર છે. જેની ઉપર દૃષ્ટિ તમે કરી કે આ દોષ છે તો તે ખસ્યા વગર રહે નહિ, તે દાઝે છે. દુનિયામાં દાઝનારી ચીજ દોષ છે. તો આ દૃષ્ટિ કોણ લાવે ? દેખાવવાળી મૂર્તિ માટે દેખવાથી પાપનો નાશ થાય છે. જેઓ મૂર્તિ નથી દેખતા તેને પુછો કે તમે આ વિચાર કેટલો કર્યો ? આરિસો દેખનારને કોઈક વખત ડાઘનું ભાન થશે. આંધળો છે અને પાછો પથરો લઈને ઉભો છે, તો તેનું શું થાય ? મૂળમાં મિથ્યાત્વી અને તેને પ્રતિમાનો આદર્શ નહિ, પછી તેનું શું થાય. માટે કહે છે કે–ખરેખર આ આદર્શ તે જબરજસ્ત ગુણ કરનાર, દેખવા માત્રથી અજ્ઞાનના પડલ ઉખડી જાય. ત્યારે એ સ્થિતિ આવે કે ધન્ય છે આ સ્થિતિવાળા ગુણોને, તેમને વારંવાર નમસ્કાર હો ! આવી લાગણી થાય તો તે તરફ પોતે કરવા પ્રયત્ન કરે. માટે પહેલાં પરિચય તેમાંથી પૂજા, તેમાંથી ભક્તિ, તેમાંથી ભોગ આપવાની તાકાત, કોઇના પરિચયમાં આવશો તો તેમાંથી પૂજા થશે, તેના પ્રકર્ષથી ભક્તિ થશે, તેના પ્રકર્ષમાં જશો તો હરકોઈ પ્રકારે આને આરાધવો જોઈએ આવું થશે ત્યારે, તેનું નામ ખરું પૂજન થશે.

**પૂજાથી લાભ' ભક્તિ શા માટે ?**

નહાવું–ધોવું–કેશર–ચંદન વિગેરે પગથીઆ, પણ તેમાં છેલ્લું પગથીયું ક્યાં ! ચ્હાય જે થાય છતાં તેમના કહ્યા પ્રમાણે વર્તવું, તેમના કહેલાથી આગળ પાછળ લગીર નથી જવું. તેનું નામ ભાવપૂજા; ભાવપૂજા આત્માની સર્વ લક્ષ્મી પૂરી દે. શાથી ! તો પૂજન કરવાથી. આ સ્થિતિ વિચારીએ ત્યારે આત્માની સર્વ લાલચો પૂરી શકતા નથી. અમારા ભગવાન વ્યકિત તરીકે

પાપનો નાશ કરનાર, ઈષ્ટ નથી આપતા પણ ગુણના અવલોકન દ્વારાએ અમારા પાપ નાશ પામે છે. અમારા અવગુણ તેમના દર્શનથી નાશ થાય છે અને ગુણદર્શનથી ગુણ થાય છે, પ્રભુદર્શનથી આ લાભો છે.

સંપૂર્ણ આજ્ઞાએ રહેવું તે પાપનો નાશ કરનાર છે. ત્યારે દુધીયા દહિયાને પૂજાની છુટ, ભોગ દઈને. નીકળેલાને પૂજા નહિ, ચોવીશે કલાક આરંભાદિમાં રહેલા તમે દેરાસરમાં બારણે નિસિહિ બોલો તેમાં તમને પુરૂં ભાન ન હોય; શું બોલ્યો ! શા માટે બોલ્યો ? 'નહિ નહિ', નહિ બોલ્યો તે શા માટે ! તેનો વિચાર આવે છે ? દુનિયાદારીના તમામ આશ્રવો–કષાયો–નોકષાયોની ના બોલાવે છે, તેથી અંદર પેસવા દે છે. દુનિયાદારીની જંજાળ ગળા સુધી વળગી છે, માટે દુનિયાદારીની જંજાળનો ત્યાગ કરવાનું બોલાવે છે. તેના માટે ભકિત રાખે.

સાધુપણામાં બધું વિચિત્ર.

જેઓ તેમના વચન ખાતર દેશનો ભોગ, મારો દેશ એવી ચીજજ નહિ. આખું જગત તેમાં કોઈ પણ મારૂં નહિ. વેષનો ભોગ બધાથી વિચિત્ર વેષ, તમારી રસ્તે જતાં કોઈ પાઘડી ખસેડે તો કેમ થાય ! સાધુ થયો એટલે પાઘડી રાખવી નહિ, કાછડી રાખવી નહિ, તમારા દેશ વેષ સગા સંબંધમાં સાધુઓ નહિ; બધા ઉપર સાધુ થયો એટલે પાણી ફેરવ્યું એટલે સ્નાનસૂતક પણ નહિ. નહાઈ ધોઈને વરઘોડે ચડયા હોય તેથી શું થયું ? તો દીક્ષા લે એટલે નહાઈ નાખ્યું, આ દુનિયાનું સ્નાનસૂતક બધું અહિં નહીં, આ વાત ધ્યાનમાં રાખશો કે તીર્થંકર મહારાજ વીરવિભુ બે વર્ષ ગૃહસ્થ અવસ્વથામાં રહ્યા ત્યારે સ્નાન વગરના રહ્યા હતા, બ્રહ્મચર્ય પાળ્યું, રાત્રે ખાવું નહિ, અચિત્ત પાણી વાપરવું, આવું આચરણ રાખેલું, તેમને પણ દીક્ષા સમયે સ્નાન કેમ કર્યું ? તો આ બધા સગાસંબંધીને નહાઈ નાંખ્યા;

**સૂતકીથી પૂજા થાય નહીં**

આજકાલના જુવાનો દુનિયામાં રહ્યા છતાં સ્નાન સૂતકને કોરણે મુકીને બેઠા છે હિંદુઓ કરતાં એ વાત વિચિત્ર છે. ઢેઢીઆને પણ સ્નાનસૂતક લાગે છે. તો તેવા પણ જુવાનીઆ નથી આથી તેમને શું કહેવું! તો તીર્થંકર મહારાજની આસાતના ગણાય જેઓ શ્મશાને જઈને પૂજા કરે છે તેઓ આસાતનાના ભાગી છે. ચડસાચડસીવાળા સાધુઓ જાણી જોઇને સૂતકવાળાને ત્યાં વહોરવા જાય અને ગૃહસ્થ વહોરાવવાની ના પાડે છે તો કહે છે કે તને પાપ નહિ પણ મને પાપ! માટે તું વહોરાવ! પાપ કોઈનું લીધેલું આવતું હશે ખરૂં? બીજા પાસે કરાવવું અને કહેવું કે મને પાપ! તેનો અર્થ શો? કેવલ આસ્તિક જૈનપણાનું કાળજામાં મીંડું હોય તોજ બને, તે વિના બને નહી. આવું બોલે નહી. દીક્ષા લેવા પહેલાં સ્નાન કરી નાંખે છે. તેથી તેમને દુનિયાનું નસ્નાસૂતક મુકી દીધું છે.

**સાધુ પૂજા કેમ ન કરે?**

દેશ વેષ સગાસંબંધ છોડી મિલકત માટે સિવિલ ટેકસને આખી દુનિયા કહે છે. લેણા માટે મરી ગયો જેને જિનેશ્વરના વચન ઉપર દેશ વેષ સગા સંબંધીનો સંબધ તોડી નાખ્યો છે તેમને માટે કહ્યું કે તમારે પૂજા કરવી નહી. જેને આરિસો દેખીને પોતાનો ડાઘ કાઢી નાંખ્યો પછી તેને આરિસાની જરૂર નહી, ડાઘ કાઢનાર મનુષ્ય ડાઘ નીકળી ગયા પછી આરિસો ન જુએ, પણ કાળા મોંઢાવાળો જ કહે કે હું નથી જોતો, પણ તું જો જુવે તો હું જોવું તેમ કહે. એક બાઈ છે તેને ગતાગમ નથી, જે કંઇ પણ વસ્તુનો ઉપયોગ કરવો તે ધણીને કરાવીને કરવો આટલું સમજે, નવા મકાન વિગેરે બધામાં પહેલાં ધણી જાય. પછી પોતે જાય' આમ વિવેક સાચવે. એક વખત ધણી બજારમાંથી સારી સાડી લઇને આવ્યો. અને કહ્યું કે પહેર! ત્યારે પેલી સ્ત્રી કહે કે પહેલાં તમે પહેરો! પછી હું પહેરીશ. આ કેવી ભકિતવાળી બાઈ?

તેમ આ લોકો કહે છે કે-સાધુ પૂજા કરે તો અમે કરીએ. તો આ પેલી બાઇ જેવી સ્થિતિવાળા આવું બોલનારા ગણાય. ગૃહસ્થો સાવદ્ય-આરંભ કષાયમાં ડુબેલા છે ત્યારે આ બધા સાધુઓ ત્યાગી છે, તેને કહે કે તમો કરો તો અમે કરીએ! ત્હારી બાયડી નફ્ટ છે કે તને સાડલો નથી પહેરાવતી! તારા પહેર્યા સિવાય તેનાથી પહેરાય કેમ? પતિવ્રતા સ્ત્રીને પોતાના ધણીનું કામ થયા પછી પોતાનું ને? ધણી ઉપયોગ કરે ત્યાર પછી જ પોતાને કરવાનો. પણ તે કઈ જગોપર! ખાનપાનમાં કે સાડલાદિમાં? આ સાધુઓ મૂર્તિને સ્તવે છે યાત્રા કરે છે. તે નજરે દેખે છે છતાં કહે છે કે તેઓ પૂજા કરે તો તો અમે કરીએ! અહીં દૃષ્ટાંત આપવામાં આવે છે તે તમને આકરૂં લાગશે. બાઈને સાડી ખરાબ નથી. પણ ભાયડા માટે સાડી યોગ્ય નથી. સર્વવિરતિવાળાને પાણી ફૂલ બધું ખરાબ. સર્વવિરતિવાળા કરે તો અમારે કરવી, ભાયડો સાડી પહેરે તો તેને પહેરવી, નહિતો પોતે ધોતીયું પહેરશે તો ભક્તિવાળી ગણાય? અક્કલનો છાંટો હોય તેવો મનુષ્ય આ વાત નહિ માને. આ ઉપરથી સમજી શકશો કે યોગ્યતા. તેમ દ્રવ્યપૂજાની યોગ્યતા આરંભાદિ-વાળા માટે. ત્યાગી થઈ ગયેલાને ભાવપૂજાના આધારે યોગ્યતા છે. અહીં તો જે ભોગ આપીને નીકળી ગયેલા તે ભક્તિની છેલ્લી કોટીમાં ગણાય. પહેલાં પરિચય, તેનાથી આગળ વધે તો પૂજા, તેનાથી આગળ વધે તો ભોગ અને તેનાથી આગળ વધો તો ભક્તિ. અમે અમારા ઇશ્વરને ફલદાતા આ ગુણદ્વારાએ માનીએ. પૂજન દર્શન બધું ગુણને માટે માનીએ છીએ.

**જવાબદાર જૈનો પોતાને ગણે છે. અને જૈનેતરો ઇશ્વરને ગણે છે.**

અમે જીવને જવાબદાર અને જોખમદાર માનીએ છીએ. જૈન અને જૈનેતરમાં અહીં મોટો ફરક છે. જૈનેતરો જીવને ન માને જવાબદાર અને જોખમદાર, ઢોર પોતાના વર્તનને અંગે અને હેરાન થવા માટે જવાબદાર જોખમદાર નથી. જનેતરોના જીવ

તે ઇશ્વરના ઢોર! જૈન આલમ જ એ માનનારી છે કે જવાબદાર જીવ છે. જે ભૂલ થાય તે પોતાની કરેલી પણ ઈશ્વરે કરાવી તેમ નહીં. હિંસા જુઠ્ઠુ વિગેરેમાં પોતે જવાબદાર પણ ઇશ્વરને માથે કંઈ નહીં, પણ જેમ દુનિયામાં કેટલાક પદાર્થોમાં જવાબ-દારી હોય છે પણ જોખમદારી હોતી નથી તેમ તમે મુનીમને માલ લેવા મોકલો તેમાં જવાબદારી મુનીમની અને જોખમદારી તમારી, પણ અહિં તો કરવાને માટે જવાબદાર તમે અને તે ભોગવવાના જોખમદાર પણ તમે માટે જૈનો જીવને જવાબદાર અને જોખમદાર માનનાર છે. ત્યારે જૈનેતરો જીવને ઇશ્વરનો ગુલામ માને છે. જૈનઆલમ જીવોને અંગે જવાબદારી અને જોખમદારી માનનારી છે. આ ભવમાં જે પાપ બાંધ્યું તેનો જવા-બદાર અને તેના ફલ ભોગવવામાં જોખમદાર જીવ પોતે છે. ઈશ્વરને માથે ખોટી જવાબદારી અને જોખમદારી નહીં ઓઢાડનાર અને પોતાની જવાબદારી અને જોખમદારી સમજનારી પ્રજા હોય તો જૈનો છે

પરમેશ્વર લાલચુ નથી.

મૂળ વાત ઉપર આવીએ-ત્યારે આવતો ભવ સારો લેવો ખરાબ નથી થવા દેવો માટે ઉદ્યમ કરવાનો હક કોને? જે પોતાના જીવને જવાબદાર જોખમદાર માનતો હોય તે જ આ હક ભોગવી શકે. માટે દુર્ગતિથી બચવું, સદ્દગતિમાં જવું તે કોણ કહી શકે માની શકે? તો જે પોતાના આત્માને જવાબદાર જોખમદાર માને તે જ. બીજા મતવાળાને તો જગતના જીવો તે ઇશ્વરના ઢોર' તેથી જવાબદારી જોખમદારીના વિષયમાં તેનું મન કામ ન લાગે ત્યારે જૈનમતમાં કામ લાગે; જૈનમતવાળા જીવને જવાબદાર જોખમદાર માને અત્યારે પુણ્ય કરી સદ્દગતિ મેળવવી પાપ ન કરીને દુર્ગતિ ન મેળવવી, તે ત્હારા પોતાના હાથની વાત છે. માટે જૈનોના પરમેશ્વર લાલચુ નથી જે અવગુણોએ આત્મા ને નુકશાન કર્યું હોય તે અવગુણો સુધારીને દૂર કરીને

પોતાની નિંદા દ્વારાએ પ્રાયશ્ચિત કરે અને ગુણો મેળવે, માફી શાની? લાંચની કે સજાની! કાયિક સજા નહિ, માનસિકની સજા, અણસમજની સજા નહિ પણ સમજની સજા જૈનો પરમેશ્વર માને તે લાંચીયા તરીકે નહિ પણ ગુણ આપનાર તરીકે માને છે.

**વ્યકિત ચાલી જાય પણ વચન ન ચાલ્યુ જાય.**

આપણે જિનેશ્વરને દેખ્યા છે? ના, સદી બે સદી દશ સદીના જૈનોએ જિનેશ્વરને દેખ્યા નથી, તો આવું આવું શા ઉપરથી કહો છો? વ્યકિત ચાલી જાય પણ વચન નથી ચાલી જતું ગ્રંથના કરનારા રચનારા ચાલ્યા ગયા પણ ગ્રન્થકારનું મહત્ત્વ ગ્રંથોદ્વારાએ જાણીએ છીએ તેમ જિનેશ્વરની સ્થિતિ ઉપકાર શા ઉપરથી જાણીએ છીએ તો વચનથી. માટે वचनाराधनया-ધર્મ શામાં? વચનની આરાધનામાં. તે શી રીતે? કેટલાકો મનુષ્યની અને જાનવરની આરાધના કરે છે. કેટલાકો ગાયની આરાધના કરે છે પણ જડની તો નહી ને? તમે આરાધના જડની કહો છો તે કઈ રીતે? વાત ખરી-એક વગેરે આંક શીખ્યો છે કે નહીં? તે શેનાથી? તો પાટી ઉપરથીને? હા.

**વચન જડ છે છતાં તેની આરાધના થાય છે.**

અત્યારે વાંચે છે તે જડ છે કે ચેતન? ત્હારા જેવા સત્પુરૂષને આ જડના કાળા ડાઘોથી જ્ઞાન આવે છે તો પછી તું શી રીતે કહે કે જડથી જ્ઞાન ન આવે. કોઈને કહ્યું કે તારું નામ શું? ત્યારે તે કહે કે હું બોબડો છું, તો તેવા માણસને લાઈન બહારનો ગણવો ને? જી હા. જેમ મોંઢે બોલવાવાળો પોતે પોતાને બોબડા તરીકે ઓળખાવે તેના જેવો લબાડ કોણ? તેમ પોતે જડથી જ્ઞાન મેળવે છે અને આકાર તો માનવો નથી તો પછી જડ સ્વરૂપ અક્ષરોનો આધાર કેમ કહે છે? ચોવીસે કલાક અક્ષરના અધારે બોલવું, વિચારવું અને ધારવું થાય છે ને? હા.

આકારને આધારે જીવન લેવું લે છે અને લેવડાવે છે. હવે આ આકારને ન માન્યો અને બોલ્યો તો ખરો! બોલ્યો કે મૂંગો છું, તેના જેવો લબાડ કયો? ચોવીસે કલાક આકાર ઉપર જિંદગી કાઢનારા અને આકારને ન માનનારા લબાડને પણ અનુસરનારો જનસમૂહ હોય છે. લબાડતો વાત કરવાને લાયક નથી! કહેવાનું તત્ત્વ એ છે કે વચન જડ છે છતાં તેનાથી આરાધના થાય છે.

**આરાધવું ન આરાધવું તે વચનના આધારે છે.**

દ્રવ્યવચનની આરાધનાએ ધર્મ કહો છો તો દ્રવ્યવચનની આરાધનાએ અમે ધર્મ નથી કહેતા. તો પછી આરાધના શી રીતે? આરાધનાના પ્રકાર જુદા હોય. જેમ ન્યાતનું જમણ, ન્યાત જે દહાડે કહે તે દિવસે અમુક જમણ કરે તેમ દરેક ન્યાતમાં સમજવું. તેમ અહીં પણ આરાધનાના માર્ગો જુદા છે. વચનની આરાધના તેમાં કહેલા આચારો આચરવા દ્વારાએ, તે આચરાય ક્યારે? તો તેના ઉપર પૂર્ણ વિશ્વાસ આવે ત્યારે. વિશ્વાસ કેમ લાવવો? બધા વચન વચન કહે છે, દરેકના મતમાં શાસ્ત્રો ને લખાણો છે. પેલાને ન આરાધવું પેલાને આરાધવું તેમાં કારણ વચન છે. વચનની પરીક્ષા કરવી જોઈએ. વકતા કોણ? તેનું સ્વરૂપ શું? વચન કયું? તેનું સ્વરૂપ શું? ફળ કયું? તે વિચારવું જોઈએ. વકતાનું વિવેચન થઈ ગયું તેના સ્વરૂપનું ફળ શું? તે જે જણાવશે તે અગ્રે અધિકાર.

❀

## 卐 વ્યાખ્યાન ૩૨ 卐

**દેવ, ગુરૂ અને ધર્મની માન્યતા કોના આધારે?**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા ષોડષક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે—આ જગતમાં સર્વ આસ્તિક વાદિઓ દેવ ગુરૂ ધર્મને

માનવામાં એક મત છે. કોઈ પણ આસ્તિક દેવ ગુરૂ ધર્મની માન્યતા વગરનો નથી. પરંતુ સર્વ આસ્તિકો જે દેવને માને છે તે વર્તમાન કાલના આસ્તિકોમાંથી કોઈએ પણ નજરે સાક્ષાત્ દેખ્યા નથી. દેવોની વિદ્યામાનતા હતી તે વખતે દેવપણું હતું. તે અનુભવની ચીજ નથી, તેમ આપણા માનેલા ગુરૂપણાવાળા હોય તેને ગુરૂ માનીએ, દરેક મતવાળા ગુરૂપણું જેમાં પોતે માનેલું હોય તે હોય તો તેને ગુરૂ માને; તેમ ધર્મ એ ઈન્દ્રિય-દ્વારાએ પરીક્ષાવાવાળી ચીજ જ નથી. દુનિયાની ચીજો વ્યવહાર કે ઈન્દ્રિયોથી સાચી છે કે જુઠ્ઠી છે તેની પરીક્ષા થાય. પણ ધર્મ એક એવો વિષય છે કે જેની પરીક્ષા કોઈ પણ ઇન્દ્રિયો-દ્વારાએ, કે કોઈ પણ વ્યવહારના વિષયદ્વારાએ નથી થતી. દેવ ગુરૂ ધર્મની માન્યતા કોના આધારે? નથી દેવપણું પોતાને અત્યારે પ્રત્યક્ષ તેમ તે કાલે પણ પ્રત્યક્ષ નથી, નથી ગુરૂ કે ધર્મ પ્રત્યક્ષ આથી ઇન્દ્રિય કે વ્યવહારદ્વારાએ પરીક્ષા થઈ શકે તેમ નથી; અને માને છે તો બધા ધર્મવાળા દેવ ગુરૂ ધર્મને. માને શા ઉપર? તો પોતાના શાસ્ત્રો ઉપર. પોતાને જે શાસ્ત્રો મનાયા હોય તેમાં અમુકને દેવપણું ગણ્યું. અમુક હોય તો દેવ, અમુકમાં ગુરૂપણું ગણ્યું તે પણ હોય તો ગુરૂ, તેમ ધર્મમાં પણ સમજવું, દેવ ગુરૂ ધર્મની માન્યતા દરેક આસ્તિકોને પોતાના શાસ્ત્રો ઉપર રહેલી છે. શાસ્ત્ર છોડીને કોઈ આસ્તિક દેવાદિને માની શકે નહિ.

**શાસ્ત્રો ખોટા-અપ્રમાણ માનનારા અધમકોટીના છે.**

આ વાત વિચારશો તો જણાશે કે:—

આગમમાં 'आयरन्तेणं' તીર્થંકરનું-ગુરૂનું અને ધર્મનું સન્માન કોણે કર્યું કહેવાય? જેણે શાસ્ત્રો માન્યા હોય તેણે તીર્થંકરાદિનું સન્માન કર્યું કહેવાય. જેને શાસ્ત્રો માનવા નથી તેને દેવની-ગુરૂની અને ધર્મની આરાધના માનવી શાના આધારે? તેને આધાર જ નથી, પણ આધાર હોય તો સહુને શાસ્ત્રનો જ છે.

દરેક મતમાં શાસ્ત્ર આધાર છે. શાસ્ત્ર વગરનો કોઈ પણ મત નથી, નાસ્તિક કે જે દેવાદિને નહિ માનનારો તેને પણ શાસ્ત્ર છે, તે પણ પોતાના શાસ્ત્રને આગળ કરીને ચાલે છે. બૃહસ્પતિના પ્રણીત સૂત્રો તેમાં આમ કહ્યું છે તે કહ્યું છે તેમ વિચારી તે પ્રમાણે વર્તે છે. આ વિચારશો તો જેઓ શાસ્ત્રને માને નહિ, જુઠ્ઠા માને, અપ્રમાણ માને અને તેવો એકરાર કરે. તેઓ જો અભવ્ય મિથ્યાત્વી જૈનમાં હોય તો શાસ્ત્રો માનવા નહિ તેવો એકરાર કરે. અભવ્ય વિગેરે સાધુઓથી પણ આગળ વધી જે શાસ્ત્રને જુઠ્ઠા અપ્રમાણ કહીને ચાલનારા છે તેઓ અધમકોટીમાં કેટલા હોય તે વિચારો! અભવ્ય પોતે માનતો ન હોવા છતાં શાસ્ત્રને જુઠ્ઠા અપ્રમાણ કહેતો નથી. કોઇ પણ મત હોય તો તે શાસ્ત્રને માનનારો છે. દરેક મતવાળા પોતપોતાના શાસ્ત્ર પ્રમાણે વર્તે છે.

**બધા મતવાળા શાસ્ત્રનો આધાર લે છે.**

બ્રાહ્મણો ભાગવત્ પ્રમાણે, જૈનો આગમો પ્રમાણે, મુસલમાનો કુરાન પ્રમાણે ક્રિશ્ચનો બાઈબલ પ્રમાણે વર્તે છે. આ પ્રમાણે દરેક મતવાળા શાસ્ત્રને આગળ કરે છે તે ચોક્કસ છે. પછી જૈનને પૂછીએ કે જિનેશ્વરને દેવ તરીકે કેમ માનો છો? વૈષ્ણવને પૂછીએ કે તમે વિષ્ણુને કેમ માનો છો? બ્રાહ્મણને પૂછીએ કે તમે શીવને દેવ તરીકે કેમ માનો છો? તો તે દરેક કહે કે મારા શાસ્ત્રમાં આમ કહ્યું છે માટે માનીએ છીએ. દરેક વ્યક્તિ શાસ્ત્રનો આધાર લે છે.

**શાસ્ત્ર શબ્દ સહુને સરખો છે.**

નાના બચ્ચા અને ચોકસી તે બન્ને સોનું શબ્દ સરખો વાપરે છે. પરંતુ તેમાં પારેખ કોણ? જે સોનાના સ્વરૂપને પારખીને સોનું કહેતે પારેખ ગણાય. સોનાના સ્વરૂપને જાણે નહિ, તપાસે નહિ અને સોનુ કહે તો તે ચોકસી કે પારેખ કહેવાય નહિ. દુનિયા કયારે દોરાય? જે સોનાનું સ્વરૂપ જાણતો હોય તે સોનું શબ્દ વાપરે

તો દુનિયા દોરાય. તેમ અહીં શાસ્ત્ર–વચન તે શબ્દ દરેક મત-વાળાએ વાપર્યા છે પણ તેનું સ્વરૂપ શું? અક્ષરો હોય તે મળી પદો થાય, પદોથી વાકયો થાય, વાકયોથી પ્રકરણ થાય, અને પ્રકરણોથી શાસ્ત્ર થાય છે તેનું સ્વરૂપ એ છે, પરંતુ વાચ્ય શું? દુનિયામાં આશિર્વાદમાં અને ગાળમાં તેના તેજ અક્ષરો અને તેજ બારાખડી છે, બેયની બારાખડી અને અક્ષરો એક સરખા છે. તેમાં અભિધેય કિયો? અને તેનાથી શું કહેવાય છે? આવી આવી રીતે જોડાય તો શું કહેવાય? તેમાં અભિધેય ઉપર તત્ત્વ રહેલું છે. શાસ્ત્રશબ્દ વાપર્યો પણ તેનું તત્ત્વ કઇ જગો પર છે તે જોયું? જેમ સોનું શબ્દ બચ્ચાએ અને ચોકસીએ વાપર્યો પણ જગત કોના હાથના સોનાની કિંમત કરે, તો ચોકસીના પારેખના હાથના સોનાની કિંમત કરે, પણ બચ્ચાના હાથના સોનાની કિંમત ન કરે. જેમાં વસ્તુનું સ્વરૂપ ન હોય તેને શબ્દ લગાડવાથી વસ્તુનું કાર્ય થતું નથી. મૂળ શાસ્ત્ર શબ્દ શાથી બન્યો? **शास्** અને **त्र** મળી **शास्त्र**, **शास्** નો અર્થ શિખામણ દેવી, હિમાયતી–પ્રવૃત્તિ માટે અહિતની નિવૃત્તિ માટે શિખામણ દેવી તેવો તેનો અર્થ છે. **शास्** પૂર્વક **त्र** લગાડવાથી બન્યો. **त्र** કયાંથી આવ્યો? **त्रैङ्** પાલન અર્થમાં ધાતુ છે, **त्रैङ्** ધાતુ લઇને તેનો અર્થ પાલન; નવાહિતની પ્રવૃત્તિ માટે રસ્તા બતાવનાર અને મળેલા હિતના પાલન માટે રસ્તો બતાવનાર તે (**शास् त्र**) એ શબ્દો મળવાથી શાસ્ત્ર બને.

**અહિતનું નિવારણ કરવાનો રસ્તો.**

શાસ્ત્ર કોનું નામ–'**शासति वाग्भिः**' **शास्** એ ધાતુ વચનની વિધિને જાણનારા વ્યાકરણકારોએ શિખામણ અર્થમાં વાપર્યો છે. **त्रैङ्** પાલન અર્થમાં પ્રાપ્તિનું પાલન, અપ્રાપ્તિનું પાલન શું? શિખામણ કોની? અપ્રાપ્તિની. અપ્રાપ્ત હિતોને પ્રાપ્ત કરાવે, આવી પડેલા અહિતોને દૂર કરાવે અને મળેલા હિતોનું રક્ષણ કરીને બચાવે તેનું નામ શાસ્ત્ર. હિતની પ્રવૃત્તિ માટે અને

અહિતની નિવૃત્તિ માટે શિખામણ મલતી હોય, મળેલા હિતનો રસ્તો જેમાંથી મળતો હોય તે શાસ્ત્ર. અહિતની નિવૃત્તિના રસ્તા શાસ્ત્રમાં કયા કયા છે? વ્યવહારિક અહિતોમાં જઈએ તો હિંસા એ સર્વમતનું માનેલું અહિત છે. હિંસામાં કંઈ નહિ એમ કોઈ બોલે તો તેને પુછીએ કે, ભાઈ! તારે બચવું છે કે મરવું છે તે બોલ? તે પોતાના બચાવ માટે કહેશે. આથી અહિંસા સારી છે એમ મનુષ્યને કહેવું પડે, કબૂલ કરવું પડે.

**સમકિતના ચિન્હો.**

અન્ય જીવોના પ્રાણ બચાવ માટે અહિંસા છે. માટે અનુકંપા શબ્દ, દયા શબ્દ શાસ્ત્રકારોએ ગૌણ કર્યો અને અહિંસા-શબ્દને મુખ્ય કર્યો. દયા અનુકંપા અને અહિંસા કયાં અનુકંપા એ સમ્યક્ત્વના ઘરની ચીજ છે. શમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા અને આસ્તિકય આ પાંચ સમ્યક્ત્વનાં લક્ષણો છે. એના આત્મામાં સમ્યક્ત્વ છે કે નહિ તે કેવી રીતે પારખવાનું? તો આ પાંચથી. આ ક્રોધને-ભવને ભૂંડા તરીકે ગણે છે કે નહિ? આસ્તિકના વિચારો ધરાવે છે કે નહિ? મોક્ષને સારો માને છે કે નહિ? તે તપાસીએ તો સમકિત છે કે કેમ તે માલમ પડે છે. પોતે ઓળખાવવા માંગે કયા દ્વારાએ? સમકિત તો અરૂપી ચીજ છે; પેટ–નાક–કાનમાં વિકૃતિ થઇ છે તે જાણીએ છીએ? રૂપી છે છતાં જણાતાં નથી. તો આત્મામાં પ્રગટ થયેલી વિકૃતિ અને પ્રગટ થયેલી પ્રકૃતિ જાણવી હોય તો કેવી રીતે જાણીએ? વેદના–ચૂક–ચસકા મારતા હતા તે અત્યારે નથી વાગતા. તેથી માલમ પડે છે કે વાયુ ચૂંક હતાં તે ગયાં, આ બધાને તેના ચિહ્નો દ્વારાએ આપણે જાણીએ છીએ; તેમ અહિં અરૂપી એવો આત્મા તેમાં થયેલો મિથ્યાત્વનો વિકાર તે કેવી રીતે જાણીએ? આપણે ધારતા હોઈએ પિત્ત, અને શારીરિક વિદ્યાવાળો કહે કે વાયુ છે. શારીરિક વિદ્યાના વિચક્ષણો જે વસ્તુ શરીર માટે કહે તે આપણે પ્રમાણ કરીએ છીએ. અહિં આત્મામાં રહેલી વસ્તુ જાણી નથી

તે આત્માના વિદ્યાવાળાના વચનદ્વારાએ જ જાણી શકીએ. વૈદ્ય કરતાં દર્દી ડાહ્યો થાય તો શું પરિણામ આવે ?

તેમ આત્માના વૈદ્યોના કથન આગળ આપણે ડોઢ ડાહ્યા થઈએ, ભગવાને આમ કેમ કહ્યું ? તે કેમ મનાય ? તેને ઠેકાણે ડૉકટરને કહેતો ખરો ? ત્યાં નથી કહેવાતું. શારીરિક વિદ્યાવાળા વૈદ્યનો ભરોસો આવે છે પણ આત્મીય પદાર્થ માટે પરમેશ્વરનો ભરોસો આવતો નથી જો ભરોસો હોય તો તેમાં શંકા આકાંક્ષા વિચિકિત્સાને પ્રસંગ હોય જ નહિ. વૈદ્ય જે ઔષધ આપે તે ખાતાં ફાયદો થશે કે નુકશાન ? પચશે કે ઉલ્ટી થશે ? તેમ પૂછીને ખાવા માગે તો શું થાય ? વૈદ્ય નારાજ થાય. ત્યારે ત્યાં શંકા કામ લાગતી નથી. તેમ વૈદ્યે જે દવા આપી તેના કરતાં આ લઉં તો ઠીક ! બીજા બાટલા ઉપર ધ્યાન આપો તો શું થાય ? વૈદ્ય કે વૈદ્યના કથનની નિંદા કરો તો શું થાય ? તો વૈદ્યના વિરોધી બનીએ. જોશી જોશી પણ એક વિચારવાળા નથી હોતા તેમ વૈદ્ય વૈદ્ય પણ એક સરખા વિચારવાળા ન હોય. જે વિરોધી હોય તેને પુછવા જાવ તો શું થાય ? વિરોધી વૈદ્યના પરિચયમાં સંસર્ગમાં રહેવાથી શું પરિણામ થશે ? અને તે દવા ખાવા આપે તો શું પરિણામ ? તેવી રીતે આત્માના ગુણોને અંગે આત્માની દવા અરિહંતે આત્માને તેના વિકારોને, પ્રકૃતિને દેખીને દેખાડી છે. ફળ મળશે કે નહિ ? આ સારા છે માટે તેની સાથે રહેવું. આ બધુ ધર્મમાં તમને પાલવે છે. પણ દવાની ભૂકીમાં એ કરવું નથી પાલવતું; આત્માના કલ્યાણમાં ચારે બાજોળ છૂટી રાખીને આગળ વધવું છે. માટે શાસ્ત્રકારો કહે છે કે તેના ચિહ્નો છે. તેમ જ્યારે ક્રોધના કડવાં ફલની ધારણા થાય, સહન કરવામાં મોક્ષ–પરમપદની ધારણા થાય, સંસારની ચારે ગતિ દુઃખવાળી છે તેવુ ચોક્કસ થાય, ત્યારે દુઃખીના દુઃખ દૂર કરવા દ્વારાએ અનુકમ્પાદિ કરી શકાશે.

**પરની પરીક્ષા માટે શમ સંવેગ આદિ નથી.**

જિનેશ્વર મહારાજે જે જીવનું સ્વરૂપ કહ્યું. જીવ નિત્ય છે, કર્મ કરનારો છે અને કર્મ ભોગવવાળો છે, મોક્ષ પામવાવાળો છે. આ દેખાય તો સમજી લેવું કે પોતાને સમકિત છે તેમ જણાય. કેટલાક કહેવાવાળા છે કે-પોતાના આત્માને પારખી લીધો ? તમે પારકે ઘરે પણ માંડો છો બીજા ધર્મીને અધર્મી માને તો મિથ્યાત્વ, બીજા અધર્મીને ધર્મી માને તો મિથ્યાત્વ, બીજો મિથ્યાત્વી હોય તેને સમકિતિ માને તો મિથ્યાત્વી, બીજા સમકિતિને મિથ્યાત્વી માની લે તો મિથ્યાત્વ લાગે તો તે અમારે ઓળખવું કઇ રીતે ? પારકાના આત્મામાં શમ સંવેગ વિગેરે ન હોય છતાં દેખાવ હોય, અભવ્યમાં શું દેખાવ ન હોય ? મારા આત્મામાં મારે સમજવું સહેલું પડે પણ બીજાના આત્મામાં શમ સંવેગ વિગેરે છે તે કેવી રીતે સમજવા ? પરની પરીક્ષા માટે શમ સંવેગાદિ તે લક્ષણો નથી. બીજાને અંગે આ ત્રણ વસ્તુ હોય પછી તે મિથ્યાત્વી હોય અને સમકિતી ધારે તો તેને મિથ્યાત્વ નથી. જેને ત્રણ વસ્તુ ન હોય તેવા મિથ્યાત્વી જેવાને સમકિતિ ન ધારે તો મિથ્યાત્વ નહિ લાગે. કઈ ત્રણ વસ્તુ—

**સમકિત બીજામાં છે કે નહિ ? તે જોવાનાં ત્રણ ચિન્હો.**

**तिलिंगत्ति सुसूस्स धम्मराओ गुरुदेवाणं जहा समाहीए।**
**वेयावच्चे णियमो सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥४॥ सम्यक्त्वसप्ततिका।**

આ ત્રણ વસ્તુ જેને પકડી હોય (૧) ધર્મને સાંભળવાની ઇચ્છા તેમાં તત્પર હોય, (૨) ધર્મના કાર્યોની વાતમાં જેને રાગ હોય (૩) અને ગુરૂદેવોની વૈયાવચ્ચ કરવી તેમાં પોતાની જે પ્રમાણે શક્તિ, પરિણતિ હોય તે પ્રમાણે જરૂર નિયમવાળો હોય. આપણો આત્મા ધર્મનો રાગી છે કે નહિ ? ધર્મ સાંભળવામાં રાગી છે કે નહિ ? ધર્મ સાંભળીને ધર્મકાર્યોમાં રાગી થયો છે કે નહિ ? ધર્મ કહેનારની તહેનાતમાં હાજર રહેતો હોય આ ત્રણ વસ્તુવાળો હોય તે કદાચ મિથ્યાત્વી હોય તો તેને તું સમ-

કિતિ માને તો મિથ્યાત્વ નથી. આ ત્રણ વસ્તુ જેનામાં ન હોય એ વિચારે! જો ધર્મનો રાગી વિગેરે હોય તો તો જરૂર સમકિતિ છે.

**'सम्मदिट्ठिस्स लिंगाइं'** સમ્યગ્દૃષ્ટિના લિંગો–સમ્યગ્દૃષ્ટિ તરીકે સંસર્ગ, ભક્તિ, સહવાસ, પ્રશંસા, તેના વિચારો ગ્રહણ કરવા હોય તો આ ત્રણ વસ્તુ વિચારીને જોઇને ગ્રહણ કરવું. ધર્મ સાંભળવામાં ક્રિયામાં અને કહેનારની તહેનાતમાં તત્પર રહેતો હોય તેને સમકિત ગણ્યું છે. આજકાલ સ્વામીભાઈ ઘણો જ મોંઘો છે. ચરવળા કટાસણાવાળામાં જેટલો સાધર્મિક શબ્દ નથી વપરાયો તેટલો યુવકોમાં–**'समानो धर्मो यस्य स साधर्मिकः'** વપરાયો છે, તમે સાધર્મિક બનો તો ખરા! નથી દેવપૂજા કરવી, નથી ગુરૂસેવા કરવી, સામાયિક વિગેરે કરવું આ નથી સૂઝતું અને ધર્મનું નિકંદન કરવા માટે સાધર્મિક શબ્દ વાપરવા છે. ધર્મને હંબક કહે તો આવે, સંયમ માટે સોટા લઈને આવે અને દેવને માટે દેવાળું કાઢે, તેવાને સાધર્મિક કહે તો તે કેવી રીતે મનાય? ધર્મ સાંભળવામાં, ક્રિયામાં અને કહેનારની તહેનાતમાં હાજર રહેનારા કદાચ જો તે મિથ્યાત્વી હોય અને તેને સમકિતિ ધારો તો તેથી તમે ધર્મ ચૂકો નહિ, બીજાને સમકિતિ ગણવા હોય તો આ ચિહ્નો હોય તો. શમ સંવેગાદિ તે સમકિતના ઘરના છે. દુઃખી દેખીને જેનામાં દયા નથી આવતી તે કઇ સ્થિતિમાં ગણાય? જૈનધર્મમાંથી ગયો અને સાધારણ ધર્મમાંથી પણ તે ગયો ગણાય માટે કહ્યું છે કે—

**पञ्चैतानि पवित्राणि, सर्वेषां धर्मचारिणां।**
**अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥**

**॥ वादाष्टकम् श्लो० २ ॥**

**અનુકંપા ઉરાડનારા ડોઢડાહ્યા.**

આ સાધારણ ધર્મો દરેક ધર્મવાળાએ માનેલા છે અને માનવા પડે છે. તે પણ જેને નથી માનવો. અનુકંપા ન હોય

તો સમકિતિ શી રીતે ? ડાહ્યો ત્રણ વાનાં ખરડે. હાથ બગાડે, પાછો તે હાથને નાકે લગાડે, પગ પણ ખરડે, ધુવે ત્યારે પણ સીધો ધોઈ નાંખે નહિ, તેમ ડોઢડાહ્યા થઇને ત્રણ વાનાં ખરડો છો ? જેને બચાવો તે અઢાર પાપો સેવશે અને તે પાપો બચાવનારને લાગશે. પાપસ્થાનક જાણ્યું કે ડહાપણ કેળવ્યું ? અહિં તેને કરણ કરાવણ અને અનુમોદન લાગશે ? તેમાંથી શું લાગશે તે કહેને ? અઢાર પાપસ્થાનક તે કરતો નથી, પ્રેરણા કરતો નથી, અનુમોદન ન બચાવે તો તે ગૃહસ્થને હતું કે નહિ ? મરવા દીધો હોત તો તે અઢાર પાપવગરનો થાતને ! તે તું કબુલ કરે છે ? કઈ રીતે અઢાર પાપ લાગશે ! તે તો કહે, પણ તે તો કહેવું નથી પણ બોલવું કે બકવું થાય છે તેને અઢાર બંધ થયા નથી, થવાના નથી, જીવાડવાવાળાએ નથી પ્રવૃત્તિ કરી. સારા સાધુને વહોરાવ્યું અને તેના પરિણામ બગડયા તો તે વહોરાવનારો ડૂબી જવાનોને ? તેથી તેને અઢાર પાપો લાગવાનાને ? વહોરાવનાર નરકે જવાનોને ? તો શું થવાનું તે કહે ? તારા ગુરૂજી અપ્રમત્ત અવસ્થામાં ધ્યાન કરતા હોય છે કેમ ? કોઈ કહે મહારાજ લાભ દો ? શા માટે તો ગોચરી માટે; ગોચરી માટે જેને વાત કરી, જેને કહ્યું તેનું નખ્ખોદ ગયું ! અપ્રમત દશા જે જિંદગીમાં આવે કે નહિ, તે આવેલી ને દૂર કરાવી તેના જેવું પાપ કયું વધારે, તે તો કહે ? લગીર ગોચરી વહોરાવી તેથી તેની દશા ખરાબ, રસનેન્દ્રિયની આસક્તિ થઈ કેમ ? કુતરો તમારા ગુરૂને કરડતો હોય ત્યારે ગુરૂને કેટલી નિર્જરા થાય ? તે કુતરાને રોકનારો જે તેને તમારા ગુરૂને કેટલો બધો અન્તરાય કરનારો થાય ! દુર્ગતિમાં તેને છેડો નહિ આવવાનો ? આહાર પાણીની વાત કરનારો, લાભ લેનારો, તારા પરિષહ ઉપસર્ગને રોકનારો તે મહાભયંકર દશામાં જવાનો ને ?

અઢારના કચરામાંથી નીકળેલો નહોતો છતાં અનુમોદના કઈ રીતે ? આ તો નીકળેલા અને જ્ઞાનધ્યાનમાં લીન તેને આવામાં

ગોઠવી દીધા, તેને રસમાં પ્રમાદમાં યાવત્ માર્ગ પતિતમાં વાળી દીધા. ઉપસર્ગ—પરિષહ સહન કરતાં જે અપૂર્વ નિર્જરા હતી તેમાં નિવારણ કરનાર અંતરાય કરનારો થયો. તું તારી બુદ્ધિથી આ બોલજે ! ગોચરી વહોરાવવામાં, ઉપસર્ગ—પરિષહના નિવારણમાં પોતે સંયમના સાધુ અને દાન ઉપસર્ગ પરિષહ અટકાવવાનું આ બેય તું શાસ્ત્ર જાણ્યા વગર બોલી દે છે, આથી ત્રણ વાનાં ખરડયાં, અઢાર પાપવાળાને અઢાર પાપ અને અનુમોદના, અઢારપાપરહિતવાળા તે અઢારપાપમાં આવે તેમ ગણી તારે તેમાં અનુમોદના નથી લગાડવી.

**અનુકંપાને ખુદ તીર્થંકરે વખાણી.**

અનુકંપા ઉરાડવામાં ડોઢડાહ્યા થયેલા તેઓ અનુકંપા થઈ એટલે સમકિત જ નથી એમ બોલે, પણ તેઓ જાનવર ! તેમાં પણ જંગલી જાનવર, અનુકંપા સૂઝી—ત્યારે આ મનુષ્ય થયા અને તે ઉરાડે તો તેની કઇ દશા? જંગલી જાનવરની અનુકંપાને તીર્થંકરે વખાણી છે. અનુકંપા તે તો સમકિતના ઘરની છે, દયા દાન એ ધર્મનો ભેદ છે આથી જ્ઞાન, અભય, સુપાત્ર અને ધર્મોપગ્રહદાન કરો ! અભયદાન તે દયાદાન.

**જૈનોએ ન મારવાથી ધર્મ માન્યો નથી પણ હિંસાની પ્રતિજ્ઞામાં ધર્મ માન્યો છે.**

અહિંસા તે વ્રતનો ભેદ, હિંસા નહિ કરવી તેનું નામ ધર્મ તેવું તો જૈનેતર શાસન પણ માને છે. પણ હિંસા નહિ કરવી તેનું નામ ધર્મ એવું જૈન શાસન માનતુ નથી, આથી ચમકશો નહિ ! એક ખાટકી આખી જિંદગી જાનવરને મારે તો હિંસા કેટલી ? તો જેટલા માર્યા તેટલાની હિંસા, તો ધર્મ વધ્યો કે અધર્મ વધ્યો ? જેટલાને ન માર્યા તે બધામાં ધર્મ અને વ્રતને ? ના. ન મારવાથી ધર્મ માન્યો નથી, વ્રત પણ નથી માન્યું ત્યારે વ્રતધર્મ શામાં માન્યો ? તો હિંસાની પ્રતિજ્ઞામાં, હિંસા મન વચન કાયાથી કરવી નહિ, અર્થાત્ હું મારૂં નહિ મન વચન કાયાએ

હરકોઈ ભોગ આપવો પડે તો તે આપીને પણ હું મારૂં નહિ આવી પ્રતિજ્ઞા તે અહિંસા તેનું નામ તે વ્રત. દરેક મતવાળાએ અહિંસા શબ્દથી માનેલી છે પણ સ્વરૂપ વિષય ફલોમાં ભેદ છે તે જાણવો જોઇએ તે જાણ્યા પછી વચનની આરાધનાએ ધર્મ કરી શકીએ તે સ્વરૂપ જે જણાવવામાં આવશે તે અધિકાર અગ્રે વર્તમાન,

❀

## 卐 વ્યાખ્યાન ૩૩ 卐

**वचनाराधनया खलु—**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને કરતાં જણાવી ગયા કે—આ સંસારમાં આ જીવ દુર્લભ એવુ મનુષ્યપણુ કેવી રીતે પામેલો છે? તેની રીતિ તપાસશો તો માલમ પડશે કે શાસ્ત્રકારો આપણા જેવાને દુર્લભ કહે છે તેમ નહિ પણ ગણધર મહારાજ જેવાની આગળ મહાવીર મહારાજા નિરૂપણ કરે છે કે—મનુષ્યપણું દુર્લભ છે.

## 卐 આવુ દુર્લભ મનુષ્યપણુ કેવી રીતે મેળવ્યું ? 卐

**दुलहे खलु माणुसे भवे.** હે ગૌતમ ! આ સંસારમાં રખડતાં રખડતાં મનુષ્યપણુ પામવુ તે દુર્લભ છે. હંમેશાં કષ્ટથી પામી શકાય તેવી ચીજ હોય તે દુર્લભ ગણાય. સ્હેજે પમાય, તસ્દી વગર પમાય તે સુલભ, મનુષ્યપણું દુઃખે પમાય છે.

મનુષ્યપણામાં આવવાનું, ઉપજવાનું દુઃખે છે. આવવાનું કેમ? સૂક્ષ્મ એકેન્દ્રિયમાં અનંતા કાળચક્રો પુદ્ગલપરાવર્તો સુધી આ જીવ રખડયા કર્યો છે તેને રખડતાં બાદરપણું મળવું મુશ્કેલ હતું. છતાં કોઈ ભાગ્યયોગે, જેમ નદીમાં ગોળ પત્થરા ઘણા હોય છે, પહાડમાંથી નીકળેલો પત્થર અથડાતો કૂટાતો

ગોળ થાય છે તેવા ગોળા તો ઘણા મળે છે. અહિં સંખ્યાનો હિસાબ નથી. પણ પત્થરને પોતે ગોળ થવાનું નદીને અને પહાડને ગોળ કરવાનું ભાન નથી. પણ આકસ્મિક રીતે અથડાતો કૂટાતો ચાલ્યો જાય અને ગોળ થાય પણ કોઇ ધારીને ગોળ નથી કરતું.

**જૈનોને ઇશ્વરની એજન્સી જોઇતી નથી.**

જૈનેતરોએ પરમેશ્વરને માન્યા શા માટે? તો સૃષ્ટિ બનાવી માટે. તર્કવાળાએ અનુમાન શું કર્યું? પૃથ્વીનો વિશિષ્ટ આકાર છે માટે તે કોઈએ કરેલો હોવો જોઇએ; તો તે કરેલો હોય તો નદીના ટોળા કર્યા કોણે? નદીમાં પવનથી રેતીમાં ભાત પડે છે તે વિશિષ્ટ આકાર કર્યો કોણે? તે કરનાર હોવો જોઈએ. તે બુદ્ધિશાળીને તો તેના હિસાબે પવન બુદ્ધિશાળી માનવો પડશે; ટોળા (ગોળ પત્થર) માટે કોણ કારીગર? ગોળ કરવામાં કોણ બુદ્ધિમાન? તો કોઈ નહિં. પણ પુદ્ગલમાં સંસ્થાનનો સ્વભાવ છે. આકાર સાથે આકૃતિ મળત પણ તેની સાથે બુદ્ધિમત્તાને ક્યાંથી લાવ્યા? કર્તા સાબિત કરવા માટે આવા તર્કો કરે. ઈશ્વરને કર્તા તરીકે સાબિત ન કરે તો તેમની એજન્સી કેટલી ચાલે! પણ જે જૈનોને તેવી એજન્સી નથી કરવી. જૈનોને શ્રાદ્ધના, શ્રીમંતના, નામકરણના, લગ્નના, સેજના નામે લોકોને જેને નથી ધૂતવા. તેને તો ઈશ્વરની એજન્સી નથી જોઈતી. તેમ એજન્ટને જેમ તેમ કરીને થાપવો જોઇએ અને તે થાપવા માટે આડુ અવળુ કરવું જોઈએ તે જૈનોને નથી કરવુ. વિશિષ્ટ આકાર છે તેથી તે કર્તા છે તો તે કેવો હોય? તો બુદ્ધિશાળી હોય, ભમરીઓ મધપુડા કરે તે મનુષ્ય ન કરી શકે, વિશિષ્ટ આકારવાળો માટે તે ભમરીઓ બુદ્ધિશાળી અને મનુષ્ય તે બુદ્ધિ વગરનો. પેટ શી રીતે ભરાય? કુટુંબ ઘર કેમ ચલાવવું? જૈનેતરોને પેટ ઘર કુટુંબ પોષવું છે તેથી ઈશ્વરના નામ ઉપર ગોળા ચલાવવા છે. ટોળાને પોતાને એમ નથી કે હું ગોળ થાઉં, નદીને એમ નથી કે હું ગોળ કરૂં

પહાડને એમ નથી કે તે ગોળ થાય પણ કોઇ વખત ઉંડો ખાડો પડે ઘસાય ત્યારે ટોળો બને, ટોળાનું બનવું તે પાણી, પત્થર કે પહાડની ધારણાવાળુ નથી. તેમ આ જીવ એકેન્દ્રિયમાં રખડતો હતો તે અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં આવ્યો ઈશ્વર લાવ્યો કે પોતાના કર્મને સૂજ્યું ? તો તેમ નથી.

**મનુષ્યપણામાં આવ્યા તે નિયતિનું કામ.**

જેમ પાષાણ ગોળ થયો તેમ આ જીવ કર્મ બાંધતો ભોગવતો જન્મ મરણ કર્યા કરે તેમાં બાંધવામાં થોડું આવે અને તોડવામાં વધારે આવે અને કર્મ હલકા પડે તો આવી શકે. કર્મનું વધારે તોડવું અને ઓછું બાંધવું જે એકેન્દ્રિયને છે તે ભવિતવ્યતાનુ કામ છે. કાલ–ઉદ્યમ–કર્મ કામ નથી કરતું પણ ફક્ત નિયતિ કામ કામ કરે છે. ભવિષ્યમાં થવાવાળી ચીજ તેના આધારે કાર્ય બને. નિયતિ બધાને સરખી, અહીં જીવનો સ્વભાવ વિચારવો જોઈએ. કોઇ જીવનો સ્વભાવ એવો હોય કે અકામનિર્જરામાં જોડાય અને નીકળી જાય. સૂક્ષ્મમાંથી વ્યવહારમાં આવવું તે મુશ્કેલ તેમાંથી બેઇન્દ્રિયાદિમાં સંજ્ઞીપણામાં મનુષ્યપણામાં આર્યક્ષેત્ર ઉત્તમકુલ જાતિ દેવ ગુરૂ ધર્મની જોગવાઈ તેનું શ્રવણ આ બધું એક એકથી કેટલું દુર્લભ છે તે જાણવા દશપ્રકારના દૃષ્ટાન્તથી મનુષ્યપણું દુર્લભ જણાવેલું છે. તેવી જ રીતે આર્યક્ષેત્ર, ઉત્તમકુલ જાતિ તે પણ દશ દૃષ્ટાંતે દુર્લભ છે. પોતે ઉત્તમકુલ જાતિ દેવાદિની જોગવાઇ મળશે તેમ ધારીને આવ્યો નથી પણ વગર ધારેલી વસ્તુ જે તને મળી છે તે દશ દૃષ્ટાંતથી મળવામાં દુર્લભ છે. આવું મનુષ્યપણુ દુર્લભ છે તે મળ્યું.

**મનુષ્યપણું કિંમતિ કેમ ?**

આવુ મનુષ્યપણું મેળવીને મનુષ્યપણાનું ફલ ન મળ્યું અને ન મેળવ્યું! ફૂવડરાંડ કરતાં એ આપણી સ્થિતિ ભૂંડી, ફૂવડરાંડ રસોઇ કરવી હોય ત્યાં સુધી ચૂલો સળગતો રાખે પછી ઓલવી નાંખે. નકામું લાકડું બનતું ફૂવડને પાલવતું નથી. તો પછી આ જિંદગી નિષ્ફલ

જાય તે આપણને કેમ પાલવે છે. મનુષ્યભવ વિચાર કરવા લાયક છે, મનુષ્યભવ જબરજસ્ત કિંમતી છે; તે કયા બજારમાં વેચાય છે કે તેની કિમત ઉપજે? જેમ બજારમાં લોકોમાં જેની કિંમત ઉપજતી ન હોય છતાં તે કિમતી વસ્તુ હોય તો પણ લોકો તેમને કિમતી ન ગણે. પરાર્દ્ધની કિમતનો હીરો હોય પણ લેનારો પરાર્દ્ધની કિંમત ગણવાનો? પણ તે લેનારો કોણ? વસ્તુ અત્યંત કિંમતી હોય છતાં કિંમત ઉપજે તો કિંમતી, કિંમત ન ઉપજે તો કિંમતી નહિ; મનુષ્યપણાની જિંદગીના સાટે કંઇ મેળવી શકાતું હોય તો તેને કિંમતી ગણી શકાય પણ જેનાથી કંઈ મળતું ન હોય તો તે કિંમતી ન ગણાય.

તમે આ મનુષ્ય જિંદગી કિંમતી ગણાવો છો તો તેમાં તેના સાટામાં શું મળે છે તે તો જણાવો! શું પોતાનું સુખદુઃખ કોઇને અપાય છે? ચ્હાય જેવું દુર્લભ–મુશ્કેલ છતાં પણ તે કોઇને અપાતું નથી. તેના સાટે કંઇ નથી આવતું માટે સુખ ચ્હાય જેવું કિંમતી–દુર્લભ છતાં તેની કિંમત ગણાતી નથી; ભલે દુર્લભ પામવું મુશ્કેલ હોય છતાં તેને સાટે કાંઈ મેળવાય નહિ. તેમ આ મનુષ્યપણું ચ્હાય જેટલું દુર્લભ હોય તો તે કિંમતી ન ગણાય; તારી વાત ખરી! હીરાના વેપારીએ હીરાને બજારમાં શાણા ઝવેરી આગળ મૂકવો જોઇએ.

**મનુષ્યભવની કિંમત ગમારને હોય નહીં.**

મોતી ચ્હાય જેટલું કિંમતી પણ તે ગમાર આગળ મુકયું હોય તો? ગમારને મોતીની કિંમત કંઈ નથી. બે ઝવેરીઓ જતા હતા, રસ્તામાં રાતનો ટાઈમ થવા આવ્યો તે વખતે વિચાર કર્યો કે હવે કયાં જઇશું? ત્યાં ભરવાડનું ઘર હતું તેમાં રહ્યા; દિવો કર્યો અને મોતીની વાત કાઢી. કે અહો! આ કેવો પાણીનો દરિઓ છે. ગમારે દીધું કે આ દરિઓ કોડે છે તો જોઉં તો ખરો કે દરિઓ કેવો છે. ત્યારે તેને લુગડું અડાડયું પણ તે પલળ્યું નહિ; બહાર જઇને કહેવા લાગ્યો કે બે લુચ્ચા આવ્યા છે, નાની

ચીજને દરિઆ છે તેમ કહે છે. તેઓ મુસાફર તરીકે આવ્યા છે, આપણે ત્યાં જોખમ નથી, નહિ તો આ લબાડોથી સાચવવું પડત! ભીલની ઝુંપડીમાં મોતી કાઢે ત્યાં આગળ લુચ્ચા-લબાડ બનાવે. બજારમાં કિંમતી હોય છતાં આમ કેમ? તેને પાણીની પરીક્ષા લુગડું ભીનું થાય તેમાં હતી પણ મોતીના રહસ્યમાં પાણીની જે પરીક્ષા હતી તે નથી.

અહિં ગાંધી-દોશીની દુકાને કે ચોકસી-ઝવેરીને ત્યાં મનુષ્યપણાને કાંટામાં મૂકીને તેના સાટે મળે તે તો ભીલની ઝુંપડીમાં મોતી કાઢયું તેના જેવું થાય. આ મનુષ્ય જિંદગીની કિંમત કરવી હોય, મેળવવી હોય તો દુનિયાદારીના તોલ માપ કામ નહિ લાગે તો પછી તેની કિંમત હોવી જોઇએને? હા.

**મનુષ્યભવની એક મિનિટની કિંમત.**

મનુષ્યભવની એક મિનિટની કિંમત દેવતાના બે કરોડ પલ્યોપમ જેટલી છે, પૂજા ભણાવાતી હોય ત્યાં જાવ ત્યારે ધ્યાન રાખ્યું છે? કયાં? ગાયનમાં, હાર્મોનિયમમાં, તબલામાં. પણ જો પૂજાના અર્થમાં ધ્યાન રાખ્યું હોય તો માલમ પડે કે—

લખ ઓગણસઠ બાણુકોડી, પચવીસ સહસ નવસેં જોડી।
પચીસ પલ્પોપમ ઝાઝેરૂ. તે આયુ બાંધે સુરકેરૂં૦ ॥ (બાર વ્રતની પૂજા-વીર૦ કૃત) આ ફલ શાનું તો સામાયિકનું. પોષણમાં વીસ ચોક પહેલા ગણે. વિચાર કરો કે અડતાલીશ મિનિટમાં દેવતાના આટલા મળે તો એક મિનિટમાં શું થયું? તો બેકોડીપલ્પોપમ થયા. મનુષ્યભવની એક મિનિટ દેવતાઈ બે કરોડ પલ્પોપમ આપનારી, પણ કોને? તો તેના ઝવેરી હોય તેના બજારમાં જઈને વેચવું હોય તો તેને, ભીલના ઝુંપડામાં રહિને વેપાર કરવો હોય તેને પુદ્‌ગલાનંદી-ભવાભિનંદીના બજારમાં આની કિંમત કરાવવા જાય તો કઈ નહિ. પણ ધર્મબજારરૂપી ઝવેરી બજારમાં દાખલ થાય ત્યારે કિંમત થાય. આવું કિંમતી મનુષ્યપણુ મલ્યુ પણ તેમાં કંઇ ન કરી શકયા.

**વૈમાનિક દેવલોકમાં જવાનું સર્ટિફિકેટ કયાં મલે?**

દુનિયામાં રાંડીરાંડ પણ પોતાની મુડીમાંથી નિભાવ કરીને વ્યાજ જેટલો વધારો કરે. તમે મનુષ્યભવમાં મનુષ્યપણું મેળવો તો રાંડીરાંડ! જ્યારે દેવપણું વિગેર મેળવો તો કંઈક મેળવ્યું; જ્યારે વૈમાનિકપણું મેળવો તો વધારે મેળવ્યું ગણાય. વ્યંતરપણુ અસુરપણુ જ્યોતિષપણુ મેળવો તો રાંડીરાંડના વ્યાજ જેટલું મેળવ્યું ગણાય. ખરો વેપાર કર્યો હોય તો તે જાય સૌધર્મમાં તેવું સર્ટિફિકેટ કઇ ઑફિસમાં મળે? અમે મર્યા પછી વૈમાનિકમાં જઈએ, તે સિવાય હલકો દેવલોક અમોને ન મળે! આ મળે તો તેની ઑફિસમાં, જેમ શાકમાર્કીટમાં સર્ટિફિકેટો ન મળે, તે તો તેની ઑફિસમાં મળે, એમ અહિં પાસપોર્ટ—સર્ટિફિકટ આપનાર જે ઉંચા પ્રકારના છે, તમે આવતા ભવે વૈમાનિક સિવાય હલકી સ્થિતિમાં ન જાવ. પણ વૈમાનિકજ થાવ! આમાં મોટો ચક્રવર્તી પણ વાંધો ન કરે, કારારોમાં રાજકીય આર્થિક બાબતમાં છૂટ, પણ આમાં ચક્રવર્તી વાસુદેવ—આડખીલી કરવા માંગે તો ચાલે, આ ઑફીસના હુકમને આડો કોઈ આવે નહિ. કોઈની દખલ-ગીરી નહિ, પોતે રદ કરવા માંગે તો પણ રદ નહિ; બળદેવ—વાસુદેવ-ઈન્દ્ર રદ ન કરી શકે તેવું સર્ટિફિકેટ તે મનુષ્ય જિંદગીના પેટે મેળવી શકીએ, કઈ ઑફીસમાં? જે મનુષ્ય સમકિતને ધારણ કરનારો, મજબુત પકડનાર જે સમ્યકૃત્વ છે તેના દ્વારાએ દેવાદિને માનનારો, જીવાદિની શ્રધ્ધાવાળો થાય તો તેને સમ્યકૃત્વની ઑફીસમાંથી સર્ટિફિકેટ મળે કેવું? પોતે એવું બાંધે કે બીજો રોકીને ફરજ પાડી આડો આવીને અટકાવી શકે નહિ એવું વૈમાનિકપણું બાંધે, પહેલા પોતે બીજા સાથે કરારની બંધાયો ન હોય તો, આ કરારને કોઈ રોકનાર નથી. પણ પહેલો આયુષ્ય ન બાંધ્યું હોય તો. આવુ આયુષ્ય સમ્યકૃત્વી બાંધે છે. બાંધ્યા પછી કદાચ તે મિથ્યાત્વમાં જાય તો પણ તેની તાકાત નથી કે તે રદ થાય.

**સમ્યક્ત્વની ઓફિસ.**

સમક્તિમાં આયુષ્ય બાંધેલુ હોય તો તે વૈમાનિકમાં જાય. સમક્તિની ઑફીસ બુઠી પડે તો પણ તે રદ ન કરી શકે; એ જે પાસપોર્ટ-સર્ટિફિકેટ બન્યું તેમાં ફેરફાર થાય નહિ, થવો જોઇએ નહિ. આટલું બધું નિયમિત થતું જાય તેવી સમ્યક્ત્વની ઑફિસમાં દાખલ થવું તે મનુષ્ય જિંદગીની કિંમત છે. સમકિતમાં તિર્યંચો દાખલ થાય ખરા પણ મોટો પ્રભાવ તો મનુષ્યમાં છે.

**ભવિષ્ય સારૂ હોય તો બચાવવાની બુદ્ધિ થાય.**

મેઘકુમારના જીવે સસલાને બચાવવા માટે પ્રાણ અર્પણ કર્યો. જંગલી પ્રાણી કઈ દશામાં હશે કે પારકાના પ્રાણ બચાવવા પોતે તૈયાર થયો હશે તે વિચારો! જે જંગલી હાથી દૂરથી માણસ-જાનવર દેખીને ત્રાટકીને મારનારો, તે પ્રાણીના બચાવ માટે પોતાનો પ્રાણ આપનાર કેમ બન્યો! અઢી દિવસ સુધી પોતાનો પગ ઉભો રાખ્યો. હાથીને પગ ઉભો રાખવો કેટલો મુશ્કેલ છે તે તમે અડધો કલાક રાખીને જુઓ તો માલુમ પડે! તો પછી હાથીને કેમ થયું હશે? પહેલાં પરિણામનો પલ્ટો કેવી મુશ્કેલીમાં આવ્યો હશે? આ મરી જશે માટે એને બચાવુ તે બુદ્ધિ આવવી તે ભવિષ્ય સારૂં હતું તેથી આવી; મનુષ્યને મરી જશે માટે બચાવું તેવી બુદ્ધિ ન આવે તો તેને કેવો ગણવો? મધુબિંદુના દૃષ્ટાંતમાં આ વાત આવે છે તે વિચારો! હાથી જંગલમાં આવી ચડેલાને મારવા માટે કઈ રીતિ એ હલાવતો હશે કે પેલો મુસાફર ઝાડ ઉપર ચડી ગયો અને ડાળે લટક્યો; હાથીનું ત્યાં ચાલતું નથી આથી ઝાડને હલાવીને પાડી નાંખું તો તે પકડાય! હાથી બીજાને મારવા માટે કેટલી તરકીબ કરનારો છે. તેવો હાથી જ્યારે સુંદર વિચારમાં આવ્યો ત્યારે બચાવું તેવા પરિણામ થયા. જ્યારે મનુષ્યપણું પામનારા, પોતાને જૈની કહેવડાવનારા, સાધુપણાને નામે ગુજારો કરનારા તેરાપંથી કહે છે કે બચાવવાથી પાપ લાગે!

તારવાની બુદ્ધિ જોઇએ, સૂક્ષ્મએકેન્દ્રિયાને તારવામાં કે બચાવવામાં મુશ્કેલ છે મનુષ્ય અને તિર્યંચને ધર્મમાં આવવાનો સંભવ છે, એકેન્દ્રિય વિકલેન્દ્રિયની હિંસા ટાળો તે બચાવવા માટે કે તારવા માટે ? મરવાથી બચાવવો; તારી દીધો એટલે બચ્યો. એકાંતમાં જ્યાં જાવડ આવડ ન થાય તેવી જગો પર મૂકે તો તેને પીડા-કિલામના ન થાય તેથી તેવી રીતે મુકે 'संघाइया संघट्टिया परियावियिया' સંઘટ્ટો સુદ્ધાં ન થાય તેવી જગો પર મૂકવા, તે બચાવવા માટે કે તારવા માટે? હાથી તો જંગલી, માલમ પડે ત્યાંથી મારવા દોડવાવાળો તે કેટલા પલટામાં આવ્યો હશે કે સસલાને માટે અઢી દિવસ પગ ઉભો રાખ્યો, આ કારણે તે નીચે પડ્યો. આ તો 'નમાજ પઢતાં મસ્જીદ કોટે વળગી.' પારકાને માટે સહન કરનારને નીંદવાવાળા એવા આપણે સહન ક્યાંથી કરી શકીએ! નાસ્તિકના શબ્દો રાખ્યા છે-'ઘરના છોકરા ઘંટી ચાટે ઉપાધ્યાયને આટો.' ઘરના છોકરા કરતાં ઉપાધ્યાયની કિંમત ન ગણતો હોય તે જ આવુ બોલે, જે ઉપાધ્યાયને ધર્મદાતા, દર્શન-જ્ઞાન વિગેરેને દેનારા માનતો હોય તે ઉપરનું વાક્ય બોલી શકે ખરો ? ના. તેમ હાથીનું દેખીયે તો નમાજ પઢવા જતાં મસ્જીદ કોટે વળગી.

### હાથીની ભાવના

જંગલી હાથી મર્યો; કઈ દશા આવી ? ક્ષુધા તૃષાથી પીડાયેલો મર્યો. જેમ મજુરને ભુખ સહન કરવી મુશ્કેલ, મજુર મહેનત સહન કરે પણ તરસ ન સહન કરે. તેમ ભુખ તરસ જંગલી હાથીને સહન કરવી તે કેટલી મુશ્કેલ તે વિચારો. તેના પરિણામ કેટલા ઊંચા ? મેં સસલાને બચાવ્યો ! મારી જિંદગી સફલ થઈ ! બચાવ્યાનું જંગલી હાથી અનુમોદન કરે છે ક્યારે? તો મરવા પડ્યો છે તેવા વખતે; હાથીનો ખોરાક વાએ ઉડ્યો નથી આવતો, ભૂખ્યો તરસ્યો તે પણ ક્યાં સુધી ? મરણ સુધી, મરણ સુધી તે ભૂખ તરસ વેઠે છે છતાં લક્ષ ક્યાં ? મેં બચાવ્યો !

મારો જન્મ સફળ થયો ! એમ માને છે. અહિં તારવાનો ખ્યાલ નથી 'अलद्ध समत्ते' સમકિત પામ્યા વગરનો; તે હાથીએ કેટલા પાપ કર્યાં હશે ? તો જિંદગી સુધી. ચોમાસામાં ત્રણ વખત એક યોજન જગ્યામાં બીડ વિગેરે જે ઉગે તેને ઉખાડીને ફેંકી દે, આવી હિંસકમય આખી જિંદગી ગઈ છે, તેના કર્મ એક પ્રાણીની દયામાં તૂટી ગયાં. પ્રાણીની દયાના પ્રતાપે સંસારને ઓછો કરી નાંખ્યો અને મનુષ્યપણુ બાંધ્યું. હાથીપણાની જિંદગીમાં દયા કરી છે.

**સમકિત પામેલને અર્ધપુદ્ગલ પરાવર્તથી વધારે ભટકવાનું નહી.**

સમ્યક્ત્વ–દેશવિરતિ સર્વવિરતિ આદિ જાતિસ્મરણવડે પહેલા ભવોના અંગે દેખવાથી પણ આવે છે, આ મનુષ્યભવ એવો છે કે તેમાં વાવેલું બીજ તે નિગોદમાં ચાલ્યો જાય તો પણ ફલ્યા વગર રહે નહિ, સમ્યક્ત્વ પામ્યા પછી પડીને નિગોદમાં જાય તો પણ અર્ધપુદ્ગલપરાવર્તમાં નિકલવાનું અને મોક્ષે જવાનું ચોક્કસ થાય. મનુષ્યપણામાં સમકિતની ઓફિસમાંથી સજ્જડ સર્ટિફિકેટ એવુ મળે છે કે જેમાં દેવ–ઈન્દ્ર–ચક્રવર્તી–વાસુદેવ કોઈપણ સમકિતની ઓફીસને આડા નથી પડી શકતા; આ વાત કયા મુદ્દાથી કહેવામાં આવી ? તો સમકિત પામ્યો એટલે ન્યાય થઈ ગયો તેમ નહિ, પણ અર્ધપુદ્ગલપરાવર્તમાં ન્યાય થાય. જગતમાં જેટલાં મોટા પાપ તમે કહો તે બધાં કરે, જગતમાં જે કિલષ્ટ પરિણામ કહો તે કરે, તે બધામાં બધો ટાઈમ સંકલિષ્ટ પરિણામે રહે તોયે અર્ધપુદ્ગલપરાવર્તથી વધારે રખડે નહિ. એવું કોને થાય ? ગોશાળા સરખાને પણ અર્ધપુદ્ગલપરાવર્ત નથી. ગોશાળામાં પાપની હદ બાકી રહિ હોય તો ને ? પોતાને પ્રવજ્યામાં રાખનાર બહુશ્રુત કરનાર એવાને મારવા માટે તેજોલેશ્યા મૂકી; આ કઈ હદ ! સાધુ વચમાં આવ્યા તો તેમને ઠાર કર્યા. આવા પાપનો ધણી સમકિત પામ્યો એટલે અર્ધપુદ્ગલ પરાવર્તવાળો ન રહ્યો, અને પણવાળો હોય તો અર્ધપુદ્ગલપરાવર્તમાં તે નીકળે

અને મોક્ષે જાય. અનંતા ભવ્ય પ્રાણીમાંથી કોઇ જીવ નીકળે, અર્ધપુદ્‌ગલપરાવર્તમાં મોક્ષે જવાવાળો, એકે એક પાપરીતિએ ઉંચામાં ઉંચો હોય તે પોતે એકલો કરે તો પણ અર્ધપુદ્‌ગલ પરાવર્તથી વધારે ન રખડે, આ પ્રભાવ કોનો ? તો સમકિતની ઑફિસે જે સર્ટિફિકટ આપ્યું તેમાં ફેરફાર ન થયો. જે સમકિતની ઓફીસથી મળેલુ સર્ટિફિકટ ઇન્દ્ર વિગેરેથી ન ફરે, પણ ઑફિસમાં જવું તે આકરૂં છે.

**સમકિત પામવું સહેલું નથી.**

સમકિતની ઑફિસમાં દાખલ થાય કોણ ? ભવિતવ્યતાના જોરે દરિયામાં ડુબીને તણાતો મનુષ્ય હોય તેને વાંસ કયારે મળે ? તે વિચારો ! વહાણ ભાંગે તો પાટિઆ એ કેઈ તર્યા છે પણ તેમ થવું જેમ ઘણું મુશ્કેલ છે, તેમ આ સંસાર સમુદ્રમાં જિનેશ્વરના વચનો સાંભળવા, સમજવા, ધારવા, તેની ઉપર પ્રતીતિ આવવી તે મુશ્કેલ છે, વક્તાની સુદ્ધી જિનેશ્વરના વચનમાં છે, બીજાઓ આંધળાની સ્થિતિમાં મોક્ષ આત્મા તેની વાત કરે તે. જિનેશ્વર દીક્ષા લઇને સંયમ, તપ, ઉપસર્ગ વિગેરે સહન કરીને આરાધન કરે ત્યારે કેવલજ્ઞાન પામે. આચાર્ય ઉપાધ્યાય તથા સાધુ આરાધક અને આરાધ્ય, પણ અરિહંતતો આરાધ્ય જ હોય આરાધક ન હોય ? લોક જેટલું ભાન હોત તો–લોકોએ શું કહ્યું ? તો આટલા કુટીલ માર્ગે ચાલ્યા વગર કેવી રીતે મોક્ષ મળ્યો. આરાધક ન હોતા તો પહેલેથી મોક્ષે કેમ ન ગયા ? જ્ઞાન દર્શન આરાધ્યા વગર જ્ઞાનાવરણીય દર્શનાવરણીય હણ્યા શી રીતે ? જેને બકવું છે જેને શાસ્ત્રની વાત જોવી નથી, વિચારવી નથી. તીર્થંકર તો જબરજસ્ત આરાધનાવાળા સામાયિક ઉચ્ચરવાની ક્રિયા જેને કરી તે ક્રિયા પોતાની ' निहत्य घाति कर्माणि ' ઘાતિકર્મો હણ્યા તે આરાધ્યપણામાં છે. બીજા ચ્હાય જેટલું બકવા જાય, દુનિયા મૂર્ખ નથી કે વચનના લહેકામાં તણાય, કહેતાં શરમ નથી આવતી કે તીર્થંકર આરાધક નથી. આરાધક માર્ગ તેમનો નથી તો સુદેવને

શાના માનવા પડે. વગર આરાધનાએ સામાયિક ક્ષાયિક વિગેરે થઈ ગયા, અમે જિનેશ્વરના વચનો એટલા માટે માનીએ છીએ કે જેમને દાખલો બેસાડયો અને બોલ્યા તેમનું વચન કેટલું મનાય અને જે નાટકીઆ થઈને બોલે તેનું વચન કેટલું મનાય? તે વિચારો! પોતે પહેલાં કરવું અને કર્યાનું ફલ ન આવે ત્યાં સુધી બોલવું નથી, વક્તાની શુદ્ધિ જિનવચનમાં ગણીએ છીએ. તે સિવાયના રાગ રીસ વગરના ન હોય. વસ્તુને પુરી જાણે નહિ તેવાના વચનની કિંમત કોઈ ડાહ્યો પુરૂષ કરી શકે નહિ. બધા સ્વરૂપને જાણનારા રાગ રીસ રહિત હોય તેવાના વચનથી અમે દોરાઈએ છીએ. આવા વચનને આરાધે તે સમકિતિ અને તે સર્ટિફિકેટ મેળવી શકે માટે વચન કહ્યું. વક્તાનું રાગ રીસ રહિતપણુ જણાવવું જોઈએ, તો તે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

---

## 卐 વ્યાખ્યાન ૩૪ 卐

'वचनाराधनया खलु'

**ત્રણે તત્ત્વોની પરીક્ષા ઈન્દ્રિયોથી નથી.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે—આ જગતમાં જે જે આસ્તિકો છે તે સર્વ ત્રણ તત્ત્વ માનવામાં એકમતે જ છે. કયા ત્રણ તત્ત્વ? દેવગુરુ અને ધર્મ. કોઈ પણ આસ્તિક પરમેશ્વરને ગુરૂને ધર્મને નહિ માનનારો નથી. દરેક આસ્તિકો દેવ ગુરુ અને ધર્મ આ ત્રણ તત્ત્વને માને છે. પરંતુ જ્યારે તેની જડ (મૂળ) વિચારીએ, તમે દેવને માન્યા તેને તમે દેખ્યા? આ દેવ આવા હતા તે માનીએ, ગુરૂમાં ગુરૂપણું ધર્મમાં ધર્મપણું તેમાં કલ્યાણ તે તમે દેખ્યું? તો દેખતા નથી. દેવ પ્રત્યક્ષ નહિ હોવાથી દેવપણું દેખતા નથી, આરાધનાથી કલ્યાણ દેખતા નથી તો પછી

આ ત્રણને માનો છો શાથી? કઈ બાબતથી? ભરોસો કેમ આણ્યો? આતો આંધળે બહેરું કુટાયું. ભરોસા વગર દેવ ગુરૂ ધર્મને માનતા આવ્યા હો તો આંધરે બહેરું કુટાયુ. તો પછી તમે દેવદિને માન્યા શાથી? તો બધા આસ્તિકોનો એક જ જવાબ આવશે કે અમારા શાસ્ત્રમાં આવા દેવ, આવી તેની આરાધના, ગુરૂ આવા એનું ગુરૂત્વ, આ પ્રમાણે આ ક્રિયા હોય તો તેનું નામ ધર્મ કહેલો છે. તે કરવાથી કલ્યાણ થાય તેમ અમારા શાસ્ત્રોએ કહેલું છે. દરેક આસ્તિક દેવ ગુરૂ ધર્મ પોતાના માને તેમાં પ્રમાણ કયું? તેમાં શ્રોત્ર ચક્ષુ ઘ્રાણ રસન સ્પર્શેન્દ્રિયનું પ્રમાણ કામ નથી લાગતું. સ્પર્શનને તો સુંવાળું છે કે ખડબચડું તે માલમ પડે, રસનાને ખારો છે કે મીઠો તે માલમ પડે, ઘ્રાણને સુગંધ છે કે દુર્ગંધ છે તે માલમ પડે, ચક્ષુને ધોળું કે પીળું તે માલમ પડે, શ્રોત્રને સારા શબ્દો છે કે ખરાબ છે તે માલમ પડે. આ બધા કામોમાં ઈન્દ્રિયો કામ લાગે પણ દેવાદિની પરીક્ષા માટે આ પાંચનું કામ નથી તેમ યુક્તિ પ્રમાણ પણ કામ નથી લાગતું, માટે કહ્યું છે કે—

> ज्ञायेरन्हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।
> कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात्तेषु निश्चयः ॥
>
> ॥ योग० समुच्चयः श्लो० १४४ ॥

**બુદ્ધિ વાસનાના વાસણમાં.**

જો યુક્તિ વડે અથવા ઈન્દ્રિયો દ્વારાએ અતીન્દ્રિય પદાર્થો જાણી શકાતા હોય તો પુણ્ય પાપ બધાનો આ જગતને કાલ કેટલો બધો થયો તેમાં કોઈને કોઈ અતીન્દ્રિવિષયનો નિશ્ચય કરી નાખત. બુદ્ધિશાળીઓ ઘણા થયા પણ તેઓએ અતીન્દ્રિય પદાર્થનો નિશ્ચય ન કર્યો. બુદ્ધિ એ વાસનાના વાસણમાં રહે છે જે બુદ્ધિશાળી થયા હશે પણ તેમાં તેનું કામ નહિ લાગે. છાપાં વાંચવાવાળાને માલમ હશે કે હિટલર ઉપર બૉમ્બ પડયો અને તે બચી ગયો, હિટલરને અક્કલ વગરનો, બાહોશી વગરનો કોઈ

કહી શકે નહિ. દુનિયાના દેશોને હિટલરે હથેલીમાં નચાવ્યા; બુદ્ધિ વાસના વાસણમાં રહે છે તેથી એ બોલે છે કે પરમેશ્વરને મારૂ કાર્ય ગમે છે માટે પુરૂ કરવા જીવતો રાખ્યો અને બૉમ્બથી બચાવ્યો. બુદ્ધિ કયાં ગઈ તો વાસનાના વાસણમાં. ગાંધીને અંગે મને ઈશ્વરે પ્રેરણા કરી, બુદ્ધિશાળી ઓછા છે ? તો ના. પણ બુદ્ધિ વાસનાના વાસણમાં રહી, વાસનાના વાસણ વગર બુદ્ધિનો ઉપયોગ બહુ ઓછો છે. પ્રાણીનું પ્રમાણ કામ ન લાગે. જાળીમાં ભરેલાને નીકળવાનું હોય, અહિં બુદ્ધિ ચ્હાય જેટલી હોય તો તે વાસનાના વાસણમાં પેક રહે છે. પશ્ચિમના રખેવાળ તરીકે અમને ઇશ્વરે સરજ્યા છે આ કઈ બુદ્ધિએ ? વાસનાના આધારનો સંસ્કાર, તે પાડીને આધારનો સંસ્કાર આધેયને થાય છે. ઘી વાઢીમાં નાખ્યું હોય તો તે વાઢી ઘીની વાસનાવાળી થાય છે, આધેય આધારનો સંસ્કાર કરે. બુદ્ધિ આધાર તે આધેયને સંસ્કાર કરે. તેથી બુદ્ધિ ચ્હાય જેટલી હોય, વધતિ હોય, તર્કવાળી હોય તો વાસો વાસનાના વાસણમાં કરે.

**પાટિયાં દેખી મુંઝાવવું નહી.**

તે પ્રમાણે હોવાથી આટલો કાળ ગયો છતાં અતીન્દ્રિય વસ્તુનો નિશ્ચય થઈ શકયો નહિ, પણ પોતપોતાના શાસ્ત્રોદ્વારાએ નિશ્ચય કરે છે. અમારા શાસ્ત્રમાં આવાને દેવ, આવાને ગુરૂ, આને ધર્મ માનવાનું કહ્યું છે. આવી રીતે સર્વ મતવાળા પોતપોતાના શાસ્ત્રને આગળ કરે ત્યારે મધ્યસ્થે શું વિચારવું ? જેને સત્યની પરીક્ષામાં ઉતરવું હોય તેને શું વિચારવું ? તેઓમાં જ્યાં જ્યાં પુછવા જાય ત્યાં ત્યાં જુદું જુદું કહેવામાં આવે છે, વચગાળાવાળાની શી વલે ! જેઓ જે મતમાં આગ્રહવાળા છે તેઓના મતોમાં આત્મા વાસનાથી રંગાયો તેથી બુદ્ધિ રંગી નાંખી, તે સિવાય જેઓએ આત્માને વાસનાના વાસણવાળો કર્યો છે તેઓ બુદ્ધિને વાસનામાં દાખલ કરવા માગે છે તેને કયે રસ્તે જવું ? દરેક મત પોતાના શાસ્ત્રને આગળ કરીને પોતે માનેલા દેવાદિને

ગણાવે. વાત ખરી પણ દુનિયામાં જેટલા વેપારી ડૉકટરો વકિલો છે તેઓએ પોતપોતાના પાટિઆ માર્યા છે તો તું તેનાથી ઠગાય છે? પણ તેમાં જે સમજુ હોય તે તો સારો કોણ તે તપાસ કરે છે. કોઈ પણ આ જગતમાં પાટીઆં દેખીને મુઝાતુ નથી. કેમ તો? કેસ ચલાવવાની ગરજ છે, માલ લેવાની ધીરધારની ગરજ છે. ગરજ વાળાએ પાટિઆથી પ્રવર્તવાનું નહિં પણ અક્કલથી તપાસીને પ્રવર્તવાનું હોય.

**ન્યાય કોનો મનાય?**

તેથી 'કહેતા ભાઈ દીવાના ઓર સુણતા ભાઈ દીવાના' જે મતવાળો જે મતનો હોય તે તે મત પ્રમાણે કહે. પણ સાંભળવાવાળાએ અક્કલ ચલાવવી જોઇએ, તે કેવી રીતે ચલાવવી? તો શાસ્ત્રના કહેનારા કોણ? તે શું કહે છે? તે કેવી રીતે યોગ્ય છે? તે તપાસવું જોઇએ. શાસ્ત્રને કહેનાર તપાસવા–સામાન્ય નિયમ છે કે ન્યાય દેવામાં લાયક કોણ બને? તો જે વસ્તુની તકરાર હોય તેનો આબેહુબ ચિતાર ખ્યાલમાં હોય, વાદી પ્રતિવાદી તરફ રાગવાળો કે રોષવાળો ન હોય તેવાનો ન્યાય માનો કે નહિ? પણ જો રાગરોષવાળો હોય તો ચાલતી કોર્ટે કેશ ટાન્સફર્ડ કરીનાખો છો. દુનિયામાં સાચે સાચો ન્યાય લેવો હોય તો ન્યાય આપવાવાળો રાગરોષવાળો છે કે નહીં? જેનો ન્યાય આપવાનો છે તેનો ન્યાયાધીશ પરિચિત છે કે કેમ? ઠેઠ સુધીનો ખ્યાલ વાદી પ્રતિવાદી ધરાવે છે, બોધ ધરાવે છે. ન્યાયને ઇચ્છનારે આ ત્રણ વસ્તુ કબુલ કરવી પડે. આ જેટલા શાસ્ત્રો છે તે બધાના કહેનારામાં સર્વથા જગતના પદાર્થ ઉપર રાગ નથી? કોઈ પણ પદાર્થ ઉપર દ્વેષ નથી? જગતના રૂપી અરૂપી વર્તમાન-ભૂત-ભવિષ્ય-દૂર-નજીકના બધા પદાર્થોને જાણનારો કોણ? જાણનારો હોય તેના કહેલા વચનને ન્યાય તરીકે ગણી શકાય. દુનિયામાં ન્યાય તરીકે આ ત્રણ વસ્તુ હોય તો–રાગદ્વેષ કોઈ પણ પદાર્થનો–ન હોય અને પુરેપુરી સમજણ વાળો હોય, તેમ અહિં જગતના પદાર્થો માટે પુણ્યપાપની, આશ્રવ, સંવર, બંધ.

નિર્જરાની સંસાર મોક્ષના કારણની વહેંચણ કરવી તે ન્યાયમાં પોતે આશ્રવમાં ડુબેલો બંધમાં બંધાયેલો ભવના કારણોમાં ગુંથાયેલો ન હોય, પણ આવો તે ન્યાય કઈ રીતે આપવાનો? આમ કરતાં કર્મ બંધાય' કર્મ તૂટે, તે કઈ રીતે ન્યાય આપવાનો?

**બ્રાહ્મણો કેવી સ્થિતિના છે?**

પાંચ પંદર બ્રાહ્મણ સીધું લઈને બહાર ગયા, આ બધાએ ગામ બહાર રસોઈ કરી તેમાં એક રસોઈ સાચવવા માટે રહ્યો; બીજા નદીએ ન્હાવા ગયા; એટલામાં રાતના નવ વાગે કુતરૂ ચોકામાં પેસી ગયું. બ્રાહ્મણો કઈ સ્થિતિમાં છે તે વિચારો! **'मोदकान् स्वादन्ते ब्राह्मणाः'** એમ ચોપડીવાળાએ પણ બ્રાહ્મણોની મશ્કરી કરી છે, ખૂનનો કેસ ઉરાડી દીધો-અમદાવાદમાં એક કેસ ચાલતો હતો તેમાં જેનું ખૂન થયું હતું તેના તરફના સાક્ષીમાં ચાર બ્રાહ્મણ છે, બધો કેસ ચાલ્યો ચૂકાદાનો વખત આવ્યો છે ત્યારે શિરસ્તેદારે મેજિસ્ટ્રેટને કહ્યું કે-સાહેબ! ચાર સવાલ પુછું? મેજિસ્ટ્રેટે પરવાનગી આપી અને પ્રશ્નો પુછયા, પ્રશ્નઃ-તમારામાં જમણ થાય કે નહિ? બ્રાહ્મણે જુવાબમાં કહ્યું કે જમણ થાય છે; પ્રશ્નઃ-તમે જમવા જાવ છો? તો અમે જઈએ છીએ; બહાર હોય તો જાવ છો? તો બહાર પણ જઇએ છીએ; કેટલા સુધી જાવ છો? તો પંદર વીશ ગાઉ સુધી જઈએ છીએ; અમારી આબરૂ છે અને જમવા બોલાવ્યા તેથી જઈએ છીએ, ત્યાં દક્ષિણા ચાર આના મળે છે. શિરસ્તેદારે કહ્યું કે સાહેબ! હવે પુછવું નથી. જે ચાર આના માટે પંદર ગાઉ જાય અને આવે તેવા મનુષ્યોના વચન ઉપર કોઇનો જીવ લેવો આપણને શું વ્યાજબી લાગે છે? આમ લાડવામાં કેસ આખો ઉડી ગયો. ત્યારે સાચવનારે કહ્યું કે ભાઈ ઉભા રહો! કેમ? તો ચોકામાં કુતરૂ આવ્યું હતું; હવે રાતમાં જવું કયાં? ભાઈ! કુતરૂ લાલ હતું કે કાળું? **'रक्तं कुत्तं सया पवित्तं'**—લાલ કુતરૂં હંમેશાં પવિત્ર હોય છે! કહી રસોઇ જમી ગયા. તેવાના વચનો હોય તો કામ ન લાગે.

જે રાગમાં રંગાયેલા, દ્વેષમાં દાઝી ગયેલા, મોહમાં ઉંધું વાળનારા હોય તેવાના વચન ઉપર ન્યાય તોલી શકાય ખરો? ના. ભવોભવ માટે આધારભૂત ધર્મ છે તે' તેવાના વચનથી મનાય? એવાઓએ પુણ્ય-પાપ-કર્મ કહ્યા તેને કેમ માની લેવાય? તેવાના વચનના આધારે દેવાદિ માનીએ તો શું થાય?

**ન્યાયાધીશ માટે પરીક્ષા.**

દુનિયામાં ન્યાયાધીશથી ન્યાય થયો કે નહિ તે તપાસવા માટે ત્રણ વસ્તુ જોવી જોઈએ—ન્યાય કરનાર રાગે રંગાયેલો દ્વેષમાં દાઝેલો મોહમાં ઉંધું વાળનાર છે કે કેમ? નથી, તો તેના ન્યાય ઉપર ભરોસો રખાય. તમે જે શાસ્ત્ર માનો, વચન માનો, પ્રવૃત્તિ કરો-પણ તેને કહેનારો રાગવાળો દ્વેષવાળો છે, અથવા તેથી રહિત છે કે નહિ? તે તપાસવું જોઇએ! મહાદેવજીની વાતમાં પુછીએ તો પાર્વતિના માથામાં જૂ થઈને રહ્યા તેથી ગાંડા બન્યા, આ વિચારો! કઈ સ્થિતિ છે. કોઈની નીંદામાં નથી જતા પણ પરીક્ષાના આધારે કહેવું જોઈએ. વિષ્ણુને અવતાર માન્યો. પણ કૃષ્ણ તો ઐતિહાસિક પુરૂષ હતા તેથી એક વખત કેદના ઓરડામાં હોય અને એક વખત રાજા પણ હોય. તેમાં એક સરખી દશા હોતી નથી. પણ ઉથલપાથલ થયા કરે છે. જિંદગીમાં આપત્તિનો પાર ન હોય સંપત્તિ સિદ્ધ કરનાર હોય તે ઐતિહાસિક પુરૂષ કહેવાય; તેથી કૃષ્ણ તેવા હતા ત્યારે આ લોકોએ અવતારીમાં નાંખ્યા. કોઇ કહે કે આપણે ઐતિહાસિક માનતા હતા, એમ ગણ્યા હતા. અનુયોગમાં અને આવશ્યકની ટીકામાં આવશ્યકના ત્રણ ભેદ પાડયા. લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તર. લોકોમાં જરૂરી કર્તવ્ય તરીકે તે લૌકિક અને અન્ય ધર્મમાં જરૂરી કર્તવ્ય તે કુપ્રાવચનિક, લોકોત્તરમાં જૈનોમાં જરૂરી કર્તવ્ય તરીકે તે લોકોત્તર. દિવસના પહેલે પહોરે ભારતની કથા પાછલા પહોરે રામાયણની કથા તે કુપ્રવચનમાં નહિં. લૌકિકમાં કયારે ગણે તો ઐતિહાસિક હોય તો જ. બીજું હોય તો કુપ્રવચનમાં જાય.

**અવતારી નહીં પણ ઐતિહાસિક.**

આપણે ઐતિહાસિક માનીએ તેમાં વાંધો નથી. મથુરામાં જન્મ્યા, જરાસંધના જોરે દ્વારિકામાં ઘુસવું પડયું તેમાં અડચણ નથી. પણ અવતારી તરીકે માને ત્યાં અડચણ છે. જરાસંધના જોરે અવતારીને દેશાંતરે જવું પડે ? અવતારી ઉપર જોર કોઇનું ચાલે ? છાનું નાસવું કેમ પડે ? કયાં મથુરા અને કયાં દ્વારિકા, કેમ નાશીને આવવું પડયું ? આ વાત તો તે લોકોને પણ કબુલ છે, આવું ઐતિહાસિકને બને પણ અવતારીને ન બને. અવતારી પુરૂષને ભય શો ? નાશવું, ભાગવું શું ? ઐતિહાસિકને માટે શું ન બને તે કહેવાય નહિં. ડી'વેલેરા માટે આયર્લેન્ડ માટે જોઇ લો. તેને અમેરિકામાં જમાવટ કરી અને અહિં પ્રમુખ થઇ ગયો. તેને-ઐતિહાસિક પુરૂષોને નાશવા અને ફાંસીને લાકડે ચડવાનું પણ થાય અને રાજા થવાનું પણ બને. લોકોએ તેમને અવતારી કરી દીધા; ઇશ્વરનો અવતાર માન્યા અને જરાસંધના જોરથી ભાગી ગયા તે એનો અર્થ શો ગણવો ?

**શાસ્ત્રકથન કરનાર કેવા હોવા જોઈએ ?**

તેમાં શાસ્ત્રને કહેનારા રાગ દ્વેષ સહિતના અને બોધ રહિત છે તે તરફ તેઓને જોવું નથી. શાસ્ત્રને કહેનારમાં ત્રણ વાનાં જોવાની જરૂર છે. શાસ્ત્રને કહેનાર (૧) રાગ (૨) રોષવાળો ન હોય (૩) અને પૂર્ણ બોધવાળો જોઇએ. આ તરફ લોકોનો ઉપાય ન રહ્યો. જેમ શિયાળીઓ દ્રાક્ષના ઝાડ પાસે ગયો પણ ત્યાં તે પહોંચ્યો નહિં થાકયો, પાછો વળ્યો. બીજાએ પુછયું કે કેમ પાછો વળ્યો ? ત્યારે તે કહે કે દ્રાક્ષ ખાટી છે. ન પહોંચી શકયો તેથી અવગુણ કહ્યા તેમ અહિં પણ જેઓ દેવનુ વીતરાગપણુ માનવા તૈયાર નથી અને વીતરાગની માન્યતાવાળા આગળ તેઓ વધવા તૈયાર નથી. કારણ કે તેમાં ફાવતું નથી. માટે વીતરાગપણાને સારું કહે છે.

**પત્થરની મૂર્તિથી ફળ શું ?**

કેટલાક પ્રતિમા નહિ માનનારા કહે છે કે-પત્થરની ગાય

દુધ આપતી હશે ? જો પત્થરની ગાયથી દુધ ન મળે તો પત્થરની મૂર્તિથી કલ્યાણ ક્યાંથી મળશે ? આમ બોલવાથી જૈનપણાનું રાજીનામું આપ્યું. તેને કહીએ કે તું પત્થરની ગાય કેમ બોલ્યો ? ત્હારે પત્થર બોલતો જોઈતો, આકારને અંગે ગાયપણું ન માનવું હોય તો પત્થરની ગાય બોલ્યો કેમ ? આકાર અને મૂલ વસ્તુ તે એક શબ્દથી બોલાવવી કબુલ છે, તો આ પણ ત્હારે મતે કબુલ છે ? ના. તેં જે ગાય માની તેમાં આકાર સાક્ષાત્ પદાર્થનું ભાન કરાવનાર તેં માન્યો કે નહિ ? એકે પુછયું કે તારૂં નામ શું ? ત્યારે પેલો કહે કે હું મુંગો છું ! મુંગો છું' કહે અને બોલે તેની કિંમત કઈ? પત્થરની ગાય કહે છે પણ આકાર ન માને તો ગાય કેવી રીતે ? અક્કલ વગરનો બોલે હું મુંગો છું, મુંગો છું તેવું બોલનારો જેવો છે તેના જેવો તે છે. આગળ ચાલો ! સાક્ષાત્ ગાય હોય તેનાથી ચાર આંગળ છેટો લોટો રાખો તો દુધ મળે છે ? ના. તમે જ્યાં સુધી કેવલીના શરીરમાં ન પેસો ત્યાં સુધી કલ્યાણ નહિ થાય, માટે કેવલીના શરીરમાં પેસો તો તમારું કલ્યાણ ! પણ ચાર આંગળ છેટેથી કલ્યાણ નહિં; આરાધનાથી કહો તો અહિં આવી જાવ. કેવલી સાક્ષાત્ હોય તો તેનાથી લાભ કેવી રીતે મેળવવાનો તે દોહિને કાઢવાનું છે. આ દૃષ્ટાંત કઈ રીતે સમજાવે ? મૂર્ખા હોય તેની આગળ ન્હાય જે બોલે, નહિંતર ત્યાં આ દૃષ્ટાંત કઈ રીતે હતું. ગાયને દોહિને પછી આંચળ પકડીને લોટો ધરો તો કંઈ નહિં. તમારી મહેનત જાય અને દુધ ન મળે. તેમ એક જીવનું કલ્યાણ થયું ત્યારે ભગવાન નકામા, ફરી નવું કેવલ મેળવે ત્યારે કામના, શું સમજીને બોલ્યા; આગળ વધો ! પત્થરની ગાયથી દુધ નીકળે ? ના, પત્થરની ગાયથી સાચી ગાય ઓળખાય.

તમારા બધામાં વાઘ દેખવામાં કેટલાને આવ્યા છે ? સાક્ષાત્ દેખીને ભાગો તે કોના આધારે ? તો વાઘના ચિત્રોના આધારે ને ? હા. નાના બચ્ચાં ચોપડીમાં આકાર જુવે અને

બહાર જાય ત્યારે છોકરાઓ ચિત્રામણથી સાચાને ઓળખે ગાય આગળ ગાંડાને ઉભો રાખવામાં આવે તો મારી બેન છે તેમ કહીને વળગે.

**વીતરાગ પરમાત્મા એ આત્માનો આરિસો છે.**

શ્રધ્ધાવાળાને મૂર્તિ કામ કરશે પણ તમારા જેવા શ્રધ્ધા વગરનાને સાક્ષાત્ મળશે તો પણ કામ નહિ થાય, જેમ જૈન થયેલા અશ્રધ્ધાથી મૂર્તિનાં ચેડાં કાઢે, તેમ વીતરાગ નહિ થનારા તે વીતરાગનાં ચેડાં કાઢે; તે કેવી રીતે કાઢે? ચેડાં કાઢવામાં જૈનત્વનું રાજીનામુ આપ્યુ ગણાય. ગાયનું દુધ મળે પણ કેવલીનું કેવલ-જ્ઞાન આપણને મળતું નથી. તમારી અપેક્ષાએ ગુણી ગાય ગણાશે. કારણે કે તે દુધ આપે છે. ભગવાનને શા માટે જપવા? ભક્તિ-જાપ-સેવા-સત્કાર શા માટે કરવા? આત્માના કલ્યાણ માટે, તે આત્માનું કલ્યાણ કયાંથી કરશે? જેને રાગરોષ નહિ, આ વીત-રાગતો અજીવ જેવા જડ' કે જેનામાં ફાયદો નુકશાન કરવાની તાકાત નથી, તેવાની સેવામાં દુનિયાવાળો કોણ ઉભો રહે? જો ફાયદો નુકશાન કરવાની તાકાતવાળો હોય તો તેની સેવા કરે, તેમ અહિં રાગરોષ ફાયદો નુકશાન ન કરે તેવા વીતરાગ કેવી રીતે ફળ આપે? 'वीतरागात् फलं कथं प्राप्येत' તેમની ભક્તિથી અને તેમની અશાતના કરવાથી ફાયદા અને નુકશાન કરવાવાળા કયાંથી વીતરાગ થવાના? જેને રોષ કે રાગ નથી. રોષ કરવાનો નથી તેવાનો ડર કોણ રાખે? રાગ કરવો, અશાતના ટાળવી તે બધું નકામું. કેમ? વીતરાગ છે માટે. દ્રાક્ષ ન મળી એટલે ખાટી છે તેમ પોતાના દેવોમાં વીતરાગપણું નથી તેથી તેઓ કહે કે વીતરાગથી ફલ શું? 'एतदसंगतं' તારી વાતજ ખોટી છે. પહેલાં તો અમે તેમનામાંથી ફલ નથી માનતા. આરિસો દાઘ કાઢે છે કે નહિ? આરિસો હાથ પગવાળો છે? ના. આરિસો ડાઘનું ભાન કરાવે છે તે ભાન દ્વારાએ ડાઘને ખસેડી શકીએ છીએ. બરોબર વિલેપન ચાંલ્લો થયો છે કે નહિ? તે આરિસામાં

જુવે તો માલૂમ પડે છે, પણ આરિસો કેશરની વાટકી લઈને બેઠો નથી. તેમ આ વીતરાગ પરમાત્મા આત્માનો આરિસો છે તે આત્માના અવગુણો અને ગુણોનો ભાસ કરાવે, તેમનામાં નિર્મળતા રહી તેથી ભાસ થાય. કાળું મોઢુ હોય અને પત્થરમાં જુવે તો શું થાય? આપણે રાગદ્વેષથી ભરેલા અને ભગવાન નહી ભરેલા તેથી કોણ કોને જુવે? પણ એ નિમિત્તથી આત્માર્થી સુધરવાનો, દુનિયાથી કહીએ તો–ચિંતામણિ કાર્ય પાર પાડે; યુદ્ધોથી બચાવે તેથી તેની પાસે હથિયાર કેટલાં? કંઈ પણ નહી. તે રાજ્ય અપાવે છે, જેમ ચિંતામણિને રાગરોષ નથી પણ તેનો મહિમા છે, તેમ વીતરાગ રાગરોષવાળા નથી પણ વીતરાગપણાનો મહિમા છે તેથી ઇષ્ટની સિદ્ધિ થાય; શાસ્ત્રને કહેનારા સર્વજ્ઞ, રાગરોષ વગરના હોવા જોઈએ. તેવાના વચનને શાસ્ત્ર તરીકે માનીને કલ્યાણ કરી શકીએ. શુદ્ધ વક્તાએ કહેલા વચનની આરાધનથી કલ્યાણ મેળવી શકીએ. તેવી રીતે વિષય સ્વરૂપ વર્તનથી તેની આરાધના કઈ રીતે થાય તે અધિકાર અગ્રે વર્તમાન?

❀

## 卐 વ્યાખ્યાન ૩૫ 卐

**'वचनाराधनया खलु'**

**આસ્તિકોને શાસ્ત્રનુ શરણ છે.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં દરેક આસ્તિક દેવ ગુરૂ ધર્મ ત્રણેને અંગે એકમતવાળા છે. કોઈ પણ આસ્તિક મતવાળો મનુષ્ય દેવ ગુરૂ ધર્મને નહિ માનવા માટે તૈયાર નથી. દરેક આ માન્યતા અવિચલપણે ધરાવે છે. પણ તે ત્રણેની માન્યતાનો કોના ઉપર નિશ્ચય થાય છે. દેવમાં દેવપણું, ગુરૂમાં ગુરૂપણું, ધર્મમાં ધર્મપણું તે પોતાનો અનુભવ

ઇન્દ્રિયાદિક પ્રત્યક્ષનો વિષય નથી. દેવપણા, ગુરૂપણા, ધર્મપણાને લઇને દેવાદિ માને છે શાના આધારે? બધા તરફથી એક જ ઉત્તર મળશે કે અમારા શાસ્ત્રમાં આવાને દેવ ગુરૂ ધર્મ માનવાનું કહ્યું છે. આસ્તિક માત્રને દેવ ગુરૂ ધર્મની માન્યતાને અંગે છેલ્લામાં છેલ્લું શરણ શાસ્ત્રનું લેવું પડે. તે સિવાય કોઈ આસ્તિકને બીજુ કોઈ શરણ નથી.

**શાસ્ત્રકાર વિના શાસ્ત્ર હોય નહીં.**

ભગવાન હરિભદ્રસૂરિજી કહી ગયા કે—

**परलोकविधौ मानं वचनं तदतीन्द्रियार्थदृग्व्यक्तं।**
**सर्वमिदमनादिस्यादैदंपर्यस्य शुद्धिरिति॥** षो. २ श्लो. १२॥

પરભવ માટે જે કંઈ કાર્ય કરવામાં, મોક્ષને અંગે કંઇ પણ કાર્ય કરવામાં અને આત્માના કલ્યાણ માટે કંઇ પણ કાર્ય કરવામાં આવે તો તે કાર્યોમાં આપણી ઇન્દ્રિયોનુ જ્ઞાન કામ નથી લાગતુ. તો શાનું જ્ઞાન કામ લાગે છે? શાસ્ત્રનું. શાસ્ત્ર જેને દેવ કહે તેને દેવ, ગુરૂ કહે તેને ગુરૂ, ધર્મ કહે તેને ધર્મ માનીએ. આધાર હોય તો માત્ર શાસ્ત્રનો પણ શાસ્ત્રનો આધાર શો? દેવ ગુરૂ ધર્મનું સાચાપણું શાસ્ત્રકારે કહ્યું. પણ શાસ્ત્રકારનું સાચાપણું શામાં? તે શાસ્ત્ર બતાવનારા સાચા છે કે નહિ? **'मुखमस्तीति वक्तव्यं'** મોઢું છે માટે કંઇક બોલવું. હું મુંગો ન ગણાઉં. કેટલાક માને છે કે પરમેશ્વરે શાસ્ત્ર કહ્યા નથી. તે શાસ્ત્ર કહે તો પંચાત રહે. પરમેશ્વરનુ સાચાપણુ તો શાસ્ત્રનુ સાચાપણુ અને શાસ્ત્રનુ સાચાપણુ તો પરમેશ્વરનુ સાચાપણુ. એક ખોટો તો બીજો ખોટો, બીજો ખોટો તો એક ખોટો. પહેલાં સાચાપણુ કોનુ. 'વૈદ ગાંધીને વખાણે' અને 'ગાંધી વૈદને વખાણે' તેથી દર્દીનું કલ્યાણ ન થાય. પણ તે પ્રમાણિક છે કે નહિ? તે તપાસવું જોઇએ. ગાંધીનું અપ્રમાણિકપણું તે વૈદના અપ્રમાણિક-પણા સાથે છે, તેમ વૈદનું પણ ગાંધીના આધારે છે. વૈદ્ય ચીપરીમૂળ લખે તેથી દર્દીને તેની કિંમત સૂઝે, ગાંધી પાસે

પીપરામૂળ માંગે તે મળે તો ખરી પણ ધારી કિંમત ન મળે. વૈદ લખે જટામૂળ, ગાંધી જટામૂળ લખીશ એટલે પીપરામૂલ આપવાનો, જટામૂળ લખ્યું એટલે ગાંધી સમજે અને ધાર્યું મૂલ્ય મલે. તેમ શાસ્ત્ર અને શાસ્ત્રકારનું પરસ્પર સહિયારૂં શાસ્ત્ર શાસ્ત્રકારને સાચા મનાવે અને શાસ્ત્રકારને શાસ્ત્ર સાચા મનાવે. માટે અમે શાસ્ત્રકાર ન માનીએ, તો શાથી માનો? તો શાસ્ત્રો હમેશના છે માટે, તે સિવાય બીજો તેમને ઉપાય નથી.

**तस्मादतीन्द्रियार्थानां साक्षाद् द्रष्टुरभावतः ।**
**नित्येभ्यो वेदवाक्येभ्यो यथार्थत्वविनिश्चयः ॥ षड्.श्लो ६९॥**

આત્મા મોક્ષ વગેરે ઇન્દ્રિયોથી પારખવાનો નથી. તેથી તે અતીન્દ્રિય ગણાય. તેનો દેખનાર જગતમાં કોઇ નથી. આ બધું કહ્યું છે તે 'नित्येभ्यो' વેદવચનથી તે કોઇના કહેલા નથી. જેથી શાસ્ત્રકાર માનવા ન પડે? સૂર્ય ચંદ્ર જેમ નિત્ય છે. તેને કરનાર કોઈ નથી. તેવી રીતે આ શાસ્ત્રો નિત્ય છે. તેનો કર્તા કોઈ નથી. આવી રીતે શાસ્ત્રકાર અને શાસ્ત્ર બેયની પરીક્ષાના વિષયમાં નાપાસ થયેલા, ગુંચાયેલા, ઉત્તર આપવાનું ધ્યાન ન રહ્યું તેથી શાસ્ત્રકાર નથી. તેમ કહ્યું પણ શાસ્ત્રકાર વગર શાસ્ત્ર માનવા તે કેટલું બધું અયુક્ત? શાસ્ત્રકાર વગર શાસ્ત્ર થયાં કઈ રીતે? શાસ્ત્ર તે વચનરૂપ. તે વચન રૂપ ક્યારે હોય? વચન કઈ ચીજ છે તે સમજો. 'उच्यते इति वचनं' બોલાય તેનું નામ વચન. બોલનાર નથી તો બોલાય શી રીતે? ઇશ્વરને નિરંજન નિરાકાર છે તેવું માનનારા તેઓ શાસ્ત્ર કોઈના કહેલા માનતા નથી.

**મુખ વિના વક્તા ન હોય.**

આ૦ હેમચંદ્રસૂરિજીએ વીતરાગ સ્તોત્રના સાતમા પ્રકાશમાં જણાવ્યું કે:

**धर्माधर्मौ विना नाङ्गं, विनाङ्गेन मुखं कुत : ?**
**मुखाद्विना न वक्तृत्वं, तच्छास्तारः परे कथम् ॥ १ ॥**

કાંતો પુણ્ય પ્રભાવે દેવતાઈ શરીર મળે, કાંતો પાપના પ્રભાવે નારકીનું શરીર મળે. કોઇપણ ભવનુ ગતિનુ જાતિનુ શરીર પુણ્ય પાપના ઉદય વગર હોતું નથી. ધર્મ અધર્મ બંને ન હોય તો શરીર હોય જ નહીં. નિરંજન નિરાકારવાળાને શરીર હોવાની શી જરૂર? શરીર વગરનો તો કોઇપણ મોંઢાવાળો ન હોય. મોંઢુ હોય તેને શરીર હોય જ માટે એકેન્દ્રિય વિગેરે ક્રમ રાખ્યો એકેન્દ્રિયમાં કઇ લેવી? તો એકલા સ્પર્શનને લેવો. બીજી ન લેવી તેનું કારણ? તેજ ઇન્દ્રિયોનો ક્રમ છે તે પાછલ્યા વગર આગળની હોય જ નહિ. બેઇન્દ્રિયમાં ક્રમ સ્પર્શન અને રસનનો રાખ્યો પણ ઘ્રાણ ચક્ષુ શ્રોત્ર હોય તેવો ભેદ ન રાખ્યો.

એકેન્દ્રિયને તો શરીર, બેઇન્દ્રિયને શરીર અને મુખ હોય, મુખવાળો તે શરીર વગરનો ન હોય. શરીર સિવાય મોંઢું હોય જ નહીં, સ્પર્શેન્દ્રિય સિવાય રસનેન્દ્રિય હોય જ નહીં તે નક્કી. મોંઢાના સ્થાનો વગર વક્તાપણુ કયાંથી? નિરંજન નિરાકારને પુણ્ય, પાપ, શરીર, મોંઢું, વક્તાપણુ નથી તે બધું તો અમે માનેલું છે એવું તેઓ કહે છે. જ્યારે તેવો માન્યો તો શાસ્ત્રને કરનાર કોણ?

**સાક્ષાત્ પરમેશ્વરના વચનોએ જૈનો દોરાયેલ છે.**

ઈશ્વરને નિરંજન-નિરાકાર માન્યો તેથી તેને પુણ્ય, પાપ, શરીર, મોંઢુ, વક્તાપણું નથી તો તેમને કહ્યા કયાંથી? જૈનેતરો આડતિયાના નામે દોરાવાયેલા છે. ત્યારે સાક્ષાત્ પરમેશ્વરના વચને જૈનો જ દોરાયેલા છે. તે સિવાય કોઇ દોરાયેલું નથી. ક્રિશ્ચિયનોએ પરમેશ્વરના પુત્ર ઈસુદ્વારાએ મોમેડને પેગંબરના દૂત દ્વારાએ, વેદાંતવાળાએ 'अग्निभूतो वायु' એક અગ્નિવાયુથી, કોઈ કહે રવિમાંથી વેદ નીકળ્યા છે પણ તેમાં પરમેશ્વરને સાક્ષાત્ સંબંધ નહીં, બધા દ્વારાવાળા છે. સાક્ષાત્ પરમેશ્વરનું વચન માનનાર એક પણ નહીં. પરમેશ્વરનું કહેલું નથી તો અતીન્દ્રિય-

પદાર્થનું કથન સાચું હોય ક્યાંથી? અતીન્દ્રિયપદાર્થને દેખનારાએ જણાવ્યું હોય તો તે સાચું, નહિ તો સાચું ન હોય.

**જૈનોનુ બીજા આસ્તિકોએ કરેલુ અનુકરણ.**

કહેવામાં આવે કે બીજા શાસ્ત્રોમાં કર્મનુ આત્માનુ મોક્ષનુ નિરૂપણ મળે છે. કોઈ પણ આસ્તિકના શાસ્ત્રો મોક્ષ, કર્મ અને આત્માના નિરૂપણવાળા છે, તો તે થયાં ક્યાંથી? વાત સાચી. પહેરવેશના પહેરવેશ પરદેશી અનુકરણમાં પેસી ગયા. અત્યારનો આ પહેરવેશ તમારા મૂળનો? ના. ગમ્યું એટલે લઈ લીધું. તમે મૂર્ખાઈ કરીને અ–બ–ક–ડ પકડયા. આ જંગલી ક્રમ કે બીજું કંઈ? આર્ય ક્રમ હતો તે છોડી દીધો, બારાખડીનો ક્રમ હતો, તેને ભૂલીને અ–બ–ક–ડ લીધા. આ અનુકરણ શું જોઇને કર્યું? શુ આ સમજુનું અનુકરણ છે? ના. ઉત્પત્તિદ્વારાએ સ્વર વ્યંજનનો ક્રમ હતો તે છોડી દીધો, સમજાવીએ છતાં ન સમજે અને જંગલી અનુકરણમાં અનુસરે છે. અનુકરણ જેમ ગમતું હોય તેમ અનુકરણ કરે. તેવી રીતે જૈનશાસ્ત્રમાં કહેલા આત્માદિશબ્દો તેનું બધાએ અનુકરણ કર્યું છે.

**અનુકરણના નિર્ણય અંગે વિચારણા.**

આ જગો પર જરૂર તમે શંકા કરશો કે તમારૂં અનુકરણ તેમને કર્યું કે તેમનું અનુકરણ તમે કર્યું તેમાં નિશ્ચય કયો કરવો? વાત સાચી, નિશ્ચયને રોકવા માંગતા નથી. જૈનશાસન એમના સમાધાનમાં તત્ત્વ માનનારૂ છે. પણ રોકવામાં નથી માનતુ. જો રોકવામાં માનતુ હોત તો ભગવાન મહાવીર મહારાજા આગળ ભગવાન ગૌતમસ્વામિ નીચે જણાવેલ કહી શકત જ નહિ. ભગવાન કહે ત્યારે ગૌતમસ્વામિ કહે કે 'से केणट्ठेणं भंते एवं वुच्चइ' હે ભગવાન! આમ કહેવાનું કારણ શું? જૈનશાસનમાં શંકા ન કરવી અને શંકા રોકવી. તેનો અવકાશ નથી, પણ શંકાના સમાધાનનો અવકાશ છે. કોઈ કહે કે તો તમે શંકાને સમ્યક્ત્વનું દૂષણ કેમ ગણ્યું? વાત સાચી. પરંતુ એક વાત પુછીએ

કે શંકાનો અવકાશ કોને ? નિશ્ચયવાળાને કે નિશ્ચય વગરનાને, શંકાનો અવકાશ કોને તે કહે ? અમે તો જે અતિચાર કહીએ છીએ તે મુદ્દાએ કહીએ છીએ. શંકા કોને હોય ? પદાર્થના નિશ્ચયવાળાને કે અનિશ્ચયવાળાને ? કોઈને એમ શંકા થઈ કે હું ઢોર છું કે નહીં, જન્મથી નિશ્ચિત છે કે હું મનુષ્ય છું, તેથી તેમાં શંકા થતી નથી. તેમ જેઓને જીવાદિના સ્વરૂપનો નિશ્ચય હોય તેવાને શંકા ન થાય. જીવાદિનું અનિશ્ચિતપણુ તે શંકા તેથી તે દૂષણુ છે. નિશ્ચયવાળાને શંકા હોય જ નહિ. ગૌતમસ્વામિને શંકા થઈ તે ઉત્તર વિષયની કે તત્ત્વવિષયની શંકા છે ? તો ઉત્તર વિષયની. મહારાજ તત્ત્વ કેટલા માનવા ? જીવાદિ માનવા કે નહિ માનવા ? તે શંકા કોઈ જગો પર નહીં. અહિં તત્ત્વ વિષયની શંકા થાય તે નિશ્ચયનો બાધ કરનારી તેથી તેનો નિષેધ છે.

શંકા બે પ્રકારે થાય. નિશ્ચયના બાધ તરીકે અને જીજ્ઞાસા માટેની શંકા. સમ્યક્ત્વ અંગે જે શંકાનો નિષેધ તે નિશ્ચયનો બાધ કરનારી. નિશ્ચયના સન્મુખ જનારી તે જીજ્ઞાસા શંકા, માટે જૈનશાસનમાં શંકા કરનારનું મોંઢુ બંધ કરવામાં આવતુ નથી. શંકાવાળો નિશ્ચય વગરનો છે તે તેને કબુલ કરવું પડશે. નિશ્ચયને માટે શંકા કરવાની છુટ રહે તેથી ભગવાન ગૌતમસ્વામિએ મહાવીર મહારાજા આગળ શંકા કરી તેમ તમે અનુકરણ કર્યું કે તેમને અનુકરણ કર્યું ? તે શંકા કરવાને હકદાર છે, સમાધાન સાંભળવા તત્પર રહેવું પડે. શંકાનું સમાધાન આવે તો પણ વટને નહિ પકડી રાખે.

रत्तो दुट्ठो मूढो पुव्विं वुग्गाहिओ अ चत्तारि ।
उवएस्स अणरिहा अहवाऽऽसपहिं वुज्झंति ॥

उप० २०–३ । त–३॥

**સમાધાનને યોગ્ય કોણ !**

અત્યંત રાગી થયેલો માનવી અને એક દ્વેષિ માનવી હોય

તેને કહો તો કહે કે તમે કહો તો પણ મારે નથી માનવું, તેવાને શું કહેવું? તીર્થંકર મહારાજા સમોસર્યા એક યોજન સુધી વાયરો એવો આવે કે ઝાડ-પત્થર-કચરો વિગેરે ઉડી જાય, તેથી જમીન સાફ થઈ જાય. તે વાયરો સચિત્ત કે અચિત્ત? તેથી થતી વિરાધનાથી શું થશે? તીર્થંકરે તે જમીનનો ઉપયોગ કર્યો અને તે જમીન પર બેઠા તેથી શું થશે? આ રાયપસેણિસૂત્રના મૂલમાં, તેની લખેલી ટીકા-ભાષ્યમાં ભલે કહ્યું પણ તે મનાય કેમ? આવાનું સમાધાન શું? જેને દ્વેષ છે. જ્યાં રાગ જ થયો છે ત્યાં કહેલું માનવું છે અને અહિં ન્હાય જેવું સત્ય કહ્યું હોય તો પણ ન માનવું, તથા મૂઢ કહેલું ન સમજે. કહે કંઈ ને સમજે કંઈ તેવાઓને શું કહેવું! તેમ પહેલાનો ભરમાએલો હોય તે મનુષ્ય ઉપદેશ અને સમાધાનને લાયક નથી. જેને શંકામાંથી ખસવું નથી, સમાધાન માનવું નથી, જેઓ પહેલાના ભરમાએલા હોય તેઓ શંકા સમાધાન નથી કરતા અને તેમને માનવું પણ નથી, તેઓને કઈ સ્થિતિમાં ગણવા? શંકાનું સમાધાન લઈને તેનાથી શંકા દૂર કરવી હોય તેવાને શંકા કરવાનો નિષેધ નથી.

**અનુકરણીય વચન અરિહંતનું છે.**

શંકા થાય તે રોકતા નથી, પણ તેઓ સમાધાન ધ્યાનમાં લે! દરેક મતવાલાને પુછીએ કે જીવ-પુણ્ય-પાપ-આશ્રય-સંવર-મોક્ષ આ પાંચઈન્દ્રિય અને મનથી જણાય છે? તો બધાને કહેવું પડશે કે એકે જણાતું નથી. અતીન્દ્રિયજ્ઞાનવાળો આ પદાર્થને જાણી શકે તે બધાને કબુલ કરવું પડે. ઈન્દ્રિયો અને મનથી જાણી શકાય તેમ તેનાથી કહી શકાય નહિ. એ અતીન્દ્રિય જ્ઞાન કબુલ કરે ત્યારે તે થાય કોને? જેમ નાના છોકરા રમતિયાળ ન હોય તો તે અભ્યાસ કરે, તેમ આત્માનું જ્ઞાન મેળવે કોણ? તો પુદ્‌ગલની પલોજણમાં ન ગુંથાએલો હોય તે, પણ રાગ દ્વેષ દ્વારાએ ગુંથાએલો હોય તે જ્ઞાન મેળવી શકે નહિ. અને મલ્યું હોય તે ટકાવી શકે પણ નહીં. રાગદ્વેષની પલોજણ વગરનો અને

તેને જાણનારો જે હોય તે સાચા જ્ઞાનવાળા તરીકે તમારે અને અમારે બંનેને કબુલ છે. ગુનો કબુલ થાય, કોર્ટ માને છે છતાં ગુનેગારને પુછવામાં આવે તો કહે કે હું બીનગુનેગાર છું. પહેલું પગથીયું બચાવમાં નકારનું. તેમ મારા ભગવાન અદ્વેષી, અરાગી અને સંપૂર્ણ જ્ઞાનવાળા છે, રાગ દ્વેષવાળા નથી. તેવું તો દરેક માનવાના! વાત સાચી. રાગ દોષ માનવા તેમ ન્યૂનતા માનવા તૈયાર નથી. તમારા ભગવાનના તમારા શાસ્ત્રોમાં કહેલા જે ચારિત્રો છે તેમાં રાગદ્વેષ વિનાના કીયા? ચરિત્રમાં રાગ રોષ વગરના છે તે તો બતાવો? રાગ રોષ વગરનું વર્તન કરવાનું ન સમજ્યા, દૂર્જન દૂર્જનતા દાખવે પણ સજ્જન તો સજ્જનતા દાખવે. સજ્જન મોંઢે કહે તેમ મોંઢે સજ્જનપણાની વાત કરવાની તમને ન સૂજી. કયા દેવ સંયમતપવાળા, પરિષહ, ઉપસર્ગો, સહન કરનારા? આ લાવો તો ખરા! એકેમાં રાગ નથી, રોષ નથી તે કયાંથી માનો છો? તમારા શાસ્ત્રદ્વારાએ તમારા પરમેશ્વરને કઈ સ્થિતિના માનો છો? એક પણ રાગ રોષ રહિતપણાનો દેવ નથી. રાગ-દ્વેષ રહિત સર્વજ્ઞનું વચન એ જ વાસ્તવિક શાસ્ત્ર છે. તેની આરાધનામાં ધર્મ છે. આથી વચનની આરાધના કરવાનું હરિભદ્રસૂરિજી એ કહ્યું છે. હવે વચનની આરાધના કેવી રીતે તે અગ્ર વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૩૬ 卐

**'वचनाराधनया खलु'**

**ભવિષ્યનો વિચાર કરે તે વિવેકી.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને રચાતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં દરેક મનુષ્ય ભવિષ્યના વિચાર કરે ત્યારે વિવેકી ગણાય. દરેક પોતાને વિવેકી હોવાનો દાવો કરે પણ તે વિવેકી કોણ? ભવિષ્યના

વિચારો કરીને તેના પરિણામો સુંદર આવે તેવી પ્રવૃત્તિ કરનારો હોય તે વિવેકી. આ જિંદગીને અંગે ભવિષ્યના વિચારો તે તો ભલે એકેન્દ્રિય વિકલેન્દ્રિય અસંજ્ઞી નથી કરતા. સંજ્ઞી ઢોરઢાંખર મનુષ્ય તે પણ ભવિષ્યના વિચારો કરે છે પણ તે કયાં ? દુઃખનું કારણ પામે તો ત્યાંથી દૂર રહે અને સુખનું કારણ હોય તો ત્યાં દોડીને જાય. ભવિષ્યના દુઃખના નિવારણ માટે, સુખ મેળવવા માટે ઢોરઢાંખર પણ વિચાર કરે છે; અને શરીર-સ્થાન-સંતાન તેને નુકશાન ન થાય માટે રક્ષા કરવા તૈયાર રહે છે.

**સંજ્ઞીઓને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે.**

શાસ્ત્રકાર કહે છે કે દીર્ઘકાલિકી સંજ્ઞા એટલે લાંબા કાળનો વિચાર હોવાને લીધે એક એક ઉપર સંજ્ઞી પંચેન્દ્રિયો ઝંપલાવતા નથી; વિકલેન્દ્રિયો એક ઉપર એક ઝંપલાય છે. તેના દાખલા તરીકે-એક ગામમાં ઘીનો વેપારી છે તેને ત્યાં ઘીનાં કુલ્લાં આવ્યાં છે. પાડોશીની દાનત બગડી તેથી તેને રાતોરાત કુલ્લાં ઉપાડયા તો ખરા પણ ચોરી કરી તેને રાખવાં કયાં ? કેમકે પહેલી તપાસ પાડોશીની થાય. તે કોણા જેવી તો ગરાસીયાના ઘીની જેવી,

એક ઘીનો વેપારી છે તેની જોડે ગરાસીઓ રહે છે. જ્યારે ઘરમાં કોઇ નહોતું ત્યારે તે ગરાસીઓ ઘરમાં ગયો અને ઘી લઈ ફેંટામાં નાંખી બહાર નીકળ્યો; તેવામાં શેઠ સામા મળ્યા એટલે ગરાસીએ કહ્યું કે શેઠ ! હું તમને મલવા આવ્યો હતો, તમે કયાં ગયા હતા ? ત્યારે ઘરમાં રહેલો પોપટ કહે કે મારૂં કહ્યું કોઈ માને અને આ ઠાકોરને તડકે ઉભા રાખે ! શેઠે વિચાર કર્યો કે આને તડકે રાખવો શી રીતે ત્યારે શેઠ તડકે ઉભા રહ્યા એટલે ગરાસીઆને ઉભુ રહેવુ પડયુ. તડકાને લઈ ઘી ઓગળ્યુ, આથી તેની ઘીની ચોરી છાની ન રહિ.

પાડોશી ઉપાડે તો તે કેટલુ છાનુ રહે ? ગામ પાસે ઘરો છે તેમાં કુલ્લુ ઉતારી લીધુ. ઘરવાળા શેરીવાળા સીપાઇઓ તપાસ

કરવામાં છે છતાં પત્તો ન લાગ્યો, નદીના કાંઠે ફરતા ફરતા ઘરાના પાણી તરફ એક સીપાઈની નજર ગઈ ત્યાં કીડીઓ ઘીની ગંધે ઝાડ ઉપર ચડે છે. વાયરાથી નીચે પડે છે ને ત્યાં ને ત્યાં જામી રહે છે. તેને (કીડીઓને) આગળ ગયેલી મરી ગઇ તેનો વિચાર નથી. ત્યારે કુતરો તો બે ચાર ઝેરની બરફીથી મરેલા જોયા તો ત્યાં આગળ કોઇ કુતરૂ નહી જાય. કીડીઓ ટપટપ પડયે જાય છે, માખીઓ પડવા માંડે છે, પડેલી માખીઓ ઉપર પડે પણ એ વિચાર નહિ કે આગલી પડેલી મરી ગઈ અને હું પડીશ તો મરી જઈશ ! અસંજ્ઞીમાં ભવિષ્યના વિચાર કરવાની તાકાત નહિ.

**આસ્તિકો ભવિષ્યના વિચારવાળા.**

પશુ પંખી ભવિષ્યના વિચાર કરે છે, તો મનુષ્યપણામાં શું વધ્યું ? આવતા ભવનો વિચાર કરે. શરીર સ્થાન સંતાનનો તો વિચાર જાનવરમાં પણ છે તેમ અહિં છે; પરંતુ ફરક કયારે ? આવતા ભવ અને ગયા ભવનો વિચાર કરે ત્યારે, મનુષ્ય ભવમાં અધિકતા થઇ ગણાય. આ વાત જ્યારે લક્ષમાં લઈએ ત્યારે માલમ પડશે કે–દરેક આસ્તિકો ભવિષ્યના વિચારવાળા હોયજ.

**આસ્તિકોની ધર્મના ફળમાં એક માન્યતા.**

કોઇ પણ આસ્તિક ભવિષ્યના વિચાર વગરનો હોતો નથી. ભવિષ્યના ભવના વિચારવાળા દરેક છે. હેતુ યુક્તિ સ્વરૂપ થકી ધર્મભેદ હો પણ ફલ થકી ધર્મનો ભેદ કોઈ આસ્તિકમાં નથી; આવતો ભવ ખરાબ ન મળે સારો મળે તેજ વિચાર કરે છે. ધર્મ કરે તેનું ફલ શું ધારે ? દુર્ગતિ રોકવાનુ સદ્‌ગતિ મળવાનુ. કોઈ એમ કહેવાને તૈયાર નથી કે મારો ધર્મ દુર્ગતિ નહિ રોકે, સદ્‌ગતિ નહિ આપે, દરેક આસ્તિકો દુર્ગતિ રોકનાર અને સદ્‌ગતિને આપનાર ધર્મ માને છે તેથી ફલ થકી ધર્મ એક છે. તેમાં વિચારભેદ નથી. ત્યાં આગળ આપણો મનુષ્યનો પ્રયત્ન કામ લાગતો નથી. પણ દુર્ગતિ રોકવામાં સદ્‌ગતિ મેળવી આપવામાં કામ કરે તો માત્ર ધર્મ. ભવિષ્યની દુર્ગતિ રોકવા માટે સદ્‌ગતિ

આપવા માટે કોઈ તાકાતદાર નથી, ફલની અપેક્ષાએ એક મત-વાળા છે. ધર્મ દુર્ગતિ રોકે કે સદ્‌ગતિ આપે તેમાં મતભેદ ધરાવનાર કોઇ નથી. ધર્મના ફલ થકી આસ્તિકો અવિરોધવાળા છે.

ધર્મ કર્તવ્ય તરીકે કોણે ?

ધર્મનું કર્તવ્ય કોને ? તો જૈનેતરોમાં કેવલ શ્રોતાને ધર્મનું કર્તવ્યપણું ગણેલ છે. તેમના દેવ ગુરૂને ધર્મનુ કર્તવ્ય નથી. તમારા દેવે કયો ધર્મ કર્યો ? તમારા ગુરૂએ કયો ધર્મ કર્યો ? અને કયો ધર્મ છે ? દેવને અને ગુરૂને ધર્મ કર્તવ્ય નથી. દેવ ગુરૂને કર્તવ્ય તરીકે ધર્મ હોય તો માત્ર જૈન દર્શનમાં છે. દેવનુ દેવ-પણુ ગુરૂ ગુરૂપણુ ધર્મના આધારે માનવાનુ હોય તો માત્ર જૈનો-નેજ જૈનેતરોમાં ઈશ્વરપણુ છે તે ધર્મના કર્તવ્ય તરીકે નથી. જૈનશાસનમાં પરમેશ્વરપણુ છે તે ધર્મના પ્રભાવને આ શ્રીને છે, આ પણ આચર્યા વગર-પરમેશ્વરપણુ જૈનમાં નથી.

ધર્મના અંગે દેવ અને ગુરૂ જૈનોને છે.

ધર્મનો મહિમા વાસ્તવિક કોને ગણ્યો ? ધર્મમાં પરમેશ્વર-પણાની જડ (મૂળ) કોને ગણી ? તો જનોએ. બીજાઓએ ધર્મ અંગે પરમેશ્વરપણુ રાખ્યુ નથી; ધર્મ દ્વારાએ પરમેશ્વરપણુ મળે છે અને મેળવ્યુ તે માનનાર જૈનો, જૈનોએ ધર્મને કેટલો જરૂરી માન્યો છે. દેવનુ દેવપણુ તે ધર્મને અંગે, નહિં કે લીલાથી, તેમ ગુરૂનુ ગુરૂપણુ પણ ધર્મને અંગે માન્યું છે પણ જાતિ દેશ વિગેરેને અંગે નથી માન્યુ, બીજાઓએ જાતિ-કુલ-દેશ-વેષ દ્વારાએ ગુરૂપણુ માન્યુ. તેમ અહિં આગળ નહિ, અહિં ગુરૂપણુ ધર્મ દ્વારાએ માનેલુ છે. દેવપણુ-ગુરૂપણુ ધર્મ દ્વારાએ છે આ વિચારશો તો માલમ પડશે કે-જૈનોએ ધર્મની કેટલી બધી કિંમત કરી છે જૈનોએ દેવપણાનો, ગુરૂપણાનો આધાર ધર્મ રાખ્યો છે.

**જૈનેતરોમાં કહેલો ધર્મ તેમના દેવગુરૂમાં નથી.**

જ્યારે બીજાઓએ કેવલ શ્રોતાને ધર્મને અંગે ઉપદેશ આપ્યો છે. દરેકને માટે કહ્યુ–'दान्तो शान्तो मुमुक्षुः' ક્રોધાદિ રહિત થયા, પોતે ઇન્દ્રિય અને મનને દમનારા–પુદ્‌ગલની ઈચ્છા છોડીને મોક્ષની ઈચ્છા કરશો ત્યારે તમે ઉત્તમ બનશો, તો ઇશ્વરે અને ગુરૂએ આ ત્રણમાંથી શું કર્યું ? અન્ય દર્શન-વાળાએ દેવગુરૂમાં શાન્તાદિનુ ઠેકાણુ નથી રાખ્યું. જૈનોએ શાંતાદિ ન હોય તો મારી લાઇનમાં નહિ.

**જૈનો દેવ ગુરૂ કેવા માને છે ?**

આ વિચારશો તો સમજી શકશો કે શાસ્ત્રકારે સમ્યક્ત્વનું લક્ષણ બતાવતાં મુખ્ય લક્ષણ કર્યું. '**शान्तः**' અનંતાનુ-બંધિની હયાતિને લીધે જે વિકારો થતા હોય તે વિકારો ત્યાં બંધ થવા જોઇએ '**शमसंवेगादि**' શમ એટલે અનંતાનુબંધિ કષાયની શાંતિ લેવામાં આવે છે તે સમ્યક્ત્વની પ્રાપ્તિ પહેલાં થયેલ જે અપૂર્વકરણની આગળ તેનો (કષાયનો) નાશ કરે ત્યારેજ થાય છે. તેને લીધે થવાવાળા વિકારો તેની શાંતિ હોવી જોઇએ. માટે હરિભદ્રસૂરિજી જણાવે છે કે–વિકારના અભાવને કરી શમમાં આવે. શાન્તિાદિ–બીજાઓએ કહેવા માત્ર રાખ્યું. અહિં જૈનશાસને મોક્ષમાર્ગની શરૂઆતથી શાંતિને દમનને અને મુમુક્ષતાને વાસ્ત-વિક સ્થાન આપ્યુ છે. શમ સંવેગમાં શું કહીએ, ભવની કોઈ પણ ચીજની ઇચ્છા નહિ, મોક્ષ સિવાય બીજી ઈચ્છા હોય નહીં. તેમના ગુરૂઓને દાંતાદિ રહેવાનુ હોય ? તીર્થંકરોને દાન્તાદિ રહેવાનું હોય છે.

**કથની અને કરણી સરખી હોય તે દેવ ગુરૂ.**

તીર્થંકરને જ્યાં ચ્યવન વખતે નમસ્કાર કરે ત્યાં મોક્ષ પામવાની ઇચ્છાવાળા, મોક્ષ પામવા સિવાય બીજી ઇચ્છા નથી. જૈનોને શાંતાદિનો નિયમ દેવ ગુરૂમાં; બીજાના મતમાં નહીં. આપણામાં–જૈનોમાં પોથીમાંના રીંગણા કહે ત્યારે મશ્કરી થાય !

જૈનેતરોમાં તો પોથીમાંના રીંગણા છે. કેમકે-તેઓને શાંતાદિ તે શ્રોતાને સમજાવવા માટે છે. પણ દેવ ગુરૂને કશું નહિ; જેને આરંભાદિમાં મગ્ન રહેવું તે શાંતાદિમાં કયાંથી આવે? ધર્મની કિંમત જગતમાં કોઇએ કરી હોય તો તે જૈનોએ કરી છે. ધર્મ ઈશ્વર અને ગુરૂને અંગે ફરજિયાત છે. શ્રોતાને ધર્મી કહેવડાવવા તેને અંગે પણ ફરજિયાત, તેમાંથી કોઈ મુક્ત નહિ. દેવ ગુરૂ ધર્મથી મુક્ત નથી બીજામાં શ્રોતા બંધાયેલા નથી, ગુરૂ કે દેવ પણ બંધાયેલા નથી. શાંતાદિમાં આ વાત વિચારશો તો માલમ પડશે કે-જૈન ધર્મ એ એક એવો ધર્મ છે કે જેવું કહે તેવું કરી બતાવે. જૈનો એવાજ તીર્થંકરને માને છે કે જે ઉપદેશ પોતે દે તે પોતે કરેલો હોવો જોઇએ. કથની અને કરણી બંને સરખી હોય તે દેવ ગુરૂ તરીકે અધિકારી બને. જેને કથની અને કરણીમાં ફેર હોય તેને જૈનશાસન માનવા તૈયાર નથી. પણ બેમાં સરખો હોય તેને માનનારો છે.

ઠપકાપાત્ર કોણ!

**जो जहवाए जं कुणइ** શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે-જે મનુષ્ય પોતે અધિકારી બન્યો. શાંતાદિનું વર્ણન કરે પણ પોતામાં તેનો છાંટો ન હોય તેવાની દશા પોથીમાંના રીંગણા જેવી છે. અધિકારનું સ્થાન હોય, અધિકારી બન્યો હોય તે બોલ્યા પ્રમાણે કરે નહિ તેવાઓ અને અધિકારી બનીને અવળા ચાલે તેવાઓ મિથ્યાદૃષ્ટિ છે. હે અરિહંત પ્રભુ! તમો તેવા નથી! છતી આંખે આંધળો થઇને જવાવાળો કેવો ગણાય? આંધળો અથડાય તો દયાને પાત્ર અને દેખતો જો અથડાય તો ઓલંભાને પાત્ર થાય છે, આંધળો પડી જાય તો અરર થાય, આંધળો દયાને પાત્ર ગણાય છે પણ આંખ ચોકખી, અજવાળું ચોકખું છતાં ભાન રાખ્યા વગર ચાલે અને પડે તો ભાન છે કે નહિ તેમ કહો? દયા પાત્ર ન કહો, જગતના મિથ્યાદૃષ્ટિ તે બીચારા આંધળા અથડાયા જેવા ગણાય; જે અધિકારી-ઉપદેશક દેવ

ગુરૂપણુ દાખવવા બેઠા તે માર્ગ ચૂકે તો ઓલંભાને પાત્ર. અધિકારી વીતરાગપણાનો દાવો કરે અને શાંતાદિનું નામ નહી. ગુરૂપણાનો દાવો કરે પણ શાંતાદિનું નામ નહી. તેને શું કહેવું? તેના જેવો અધમ કોઈ નહીં. પોતાના દાવા અને પ્રતિજ્ઞા પ્રમાણે જેઓ ન કરે તેના કરતાં બીજો મિથ્યાદૃષ્ટિ કોણ? તે ઓલંભાને પાત્ર છે, જે બીચારા તત્ત્વને જાણતા નથી તે દયાના પાત્ર છે પણ તત્ત્વને જાણેલો ઉંચી પદવીએ ચડેલો તે પ્રમાણેની કરણી ન કરે તે ઓલંભાને પાત્ર કેમ? આવાઓ શ્રોતાના હૃદયમાં તત્ત્વની પ્રતીતિ ઉરાડી દે છે. બીજાને શંકા થાય કે આમાં લાભ હોય તો તે કેમ નહિ કરતા હોય. માટે આ કહેવાનું થયું. કથની કરણી જૈન શાસનને જુદી રાખવી પાલવતી નથી. દેવ ગુરુને જેવો ઉપદેશ કરવાનો તેવું સાચવવાનું. કથની કરણી સરખી રાખી હોય તો કેવલ જૈનોએ.

**અઢાર દોષ રહિત દેવ હોય.**

આ વાત વિચારશો તો બીજા મતોએ દેવ ને દર્શન માન્યા. જૈન મતે દેવ ને દર્શન માન્યા પણ બીજાએ દેવ અને દર્શન કેવી રીતે? દર્શનમાં કહ્યા તે દેવ અને દેવે કહ્યું તે દર્શન માન્યું જૈન શાસનમાં નથી એકલા દેવના આધારે દર્શન, તેમ દર્શનના આધારે દેવ નથી માનવાના. બન્નેની સ્વતંત્રપણે પરીક્ષા કરવાની. તેની સ્વતંત્ર પરીક્ષા કરીને દેવને આધારે દર્શન અને દર્શનના આધારે દેવ માનો. આ વાત વિચારશો તો દેવનું લક્ષણ બતાવ્યું કે--'अट्ठारसदोसविमुक्के' અઢારદોષ રહિત દેવ. દેવની સ્વતંત્ર પરીક્ષા કરવા માટે અઢાર દોષમાંથી એકે દોષ ન હોય તેને દેવ માનીએ. પણ એક દોષ હોય તો તેને દેવ માનવા તૈયાર નથી.

**સાત સ્થાનથી કેવલીની પરીક્ષા.**

આ વાત વિચારશો તો સૂત્રકારને જણાવવુ પડયુ કે-સાત સ્થાને કરીને કેવલીની પરીક્ષા થાય છે. કેવલી કેવલજ્ઞાન દ્વારા દેખતા છતાં પરીક્ષા કેવી રીતે? સાત સ્થાનકોથી પરીક્ષા કરવાની હોય છે. **सत्तहिं ठाणेहिं केवली जाणेज्जा, तं० णो पाणे अइवाइत्ता**

भवति जाव जधावाती तधाकारी यावि भवति (ठा. सू. ५५०) (૧) જીવને મારનારો ન હોય, (૨) જુઠું બોલનાર ન હોય, (૩) ચોરી, (૪) સ્ત્રીગમન કરનાર ન હોય ઇત્યાદિ. આવી સ્થિતિ-વાળો હોય ત્યારે છદ્મસ્થ નથી, એ હોય તો તે કેવલી નથી તેમ સમજવું. કેવલજ્ઞાનવાળા તે કેવલી, કેવલીની પણ પરીક્ષા તે હિંસક વિગેરે ન હોવા જોઇએ. હિંસકરહિતપણુ પહેલાં હોવું જોઇએ, કેવલીપણાનો દાવો કરનાર તે હિંસક વગરનો હોવો જોઇએ; હિંસક હોય તે કેવલીપણાનો દાવો કરે તો તે જુઠો ગણાય; કેવલીપણાનો દાવો કરનાર જુઠ અદત્તાદાન કરનાર ન જોઇએ; વગરે સાત સ્થાનક જણાવીને આ કારણુ હોય તો કેવલી માનવા, ન હોય તો ન માનવા. પરીક્ષામાં પાર ઉતરે તેને જૈનો કેવલી માનવા તૈયાર છે.

પરીક્ષામાં પાસ થાય તે દેવ અને ગુરૂ.

દેવ માનવા પરીક્ષામાં પાર ઉતરે તેને જ, પાર ઉતરે તેને જૈનો દેવ તરીકે માનવા તૈયાર છે. જૈનોમાં દેવપણુ પરીક્ષાએ નિર્ણિત થયેલુ છે, પણ માની લીધેલું નથી. જૈનોને 'બાબા વાક્યં પ્રમાણં' નથી. જૈનો પરમેશ્વરને પરીક્ષાથી માને છે; તેઓને આવા પરીક્ષામાં નક્કી થયા નથી. પછી તેઓનુ વાકય પ્રમાણ કઇ રીતે ? તેમને તો લક્ષણમાં જવું નથી અને બાબા વાકય પ્રમાણ માનવું છે. ત્યારે જૈનોને બાબાની પરીક્ષા કરવાની છે, ઈશ્વર કેવલી આ જડવાળો હોય તો જૈનો માનશે. પરીક્ષિત થયેલાનુ વાકય પ્રમાણ હોય તેમાં નવાઇ શી ? દુનિયામાં પાસ થયેલાને સર્ટિફિકેટ આપે છે. પરીક્ષામાં પાસ ન થાય તેના કાગળીઆ નકામા. જેઓના બાબાઓ પરીક્ષા વગરના છે તેઓનુ વાકય પ્રમાણમાં ન આવે. બાબા પરીક્ષામાંથી પાર ઉતરે ત્યારે માનવાના છે. પરીક્ષામાં પાર ન ઉતરે ત્યાં સુધી દેવ ગુરૂ માનવાના નથી, તો માનવાના કયારે ? તો તેના ગુણો દેખાય ત્યારે. આ ઉપરથી વચન દ્વારાએ ધર્મ, કોનું વચન ? વચન શબ્દ આખા જગતમાં

લાગુ છે. જેટલા બોલનારા તે બધાની ભાષાને વચન કહીએ પણ સામાન્યમાં કહેલો શબ્દ તે વિશેષમાં ઉપચરિત થાય, એટલે લાગુ પડે. ચોકસી પારેખ એ શબ્દો સામાન્ય છે. આખી જાતિને જણાવનારા અમુક તરીકે વપરાય ત્યારે પારેખથી અમુક આવી જાય; સામાન્ય નામો પ્રકરણમાં વિશેષપણામાં લેવાય છે.

**પરલોકના વિધાનમાં વચનનુ પ્રમાણ.**

**पुरिसुत्तमाणं लोगुत्तमाणं** પદ જુદુ કેમ? અહિં પુરૂષ તે લોક એટલે જીવો લેવા. પુરૂષોત્તમ એટલે જીવ માત્ર, તેમ લોગુત્તમાણં ત્યાં ભવ્ય લેવાના. પણે જીવ માત્રમાં ઉત્તમ, લોગુત્તમાણંમાં-ભવ્ય લોકોમાં ઉત્તમ, અહિં આગળ વચન શબ્દ સામાન્ય છે; તે કોનુ? તે નિર્ણિત નથી, વચનની આરાધના બોલ્યા પણ કોના વચનની તે નથી બોલ્યા. આસ્તિક માત્ર પોતપોતાના શાસ્ત્ર પ્રમાણે પ્રવૃત્તિ કરે તો તે વચનની આરાધનવાળા ગણાય તેમ નહિ પણ અહિં વચન સામાન્ય છતાં વિશેષમાં જમવા બેઠા તે વખતે સૈન્ધવ લાવ! ત્યાં મીઠું લાવવું પડે અને મુસાફરીની તૈયારીમાં સૈન્ધવ લાવ! તો ત્યાં ઘોડો લાવવો પડે. તેમ અહિં વચન કયું? '**परलोकविधौ मानं**' પરલોકના વિધનનો અંગે છે. પ્રમાણભૂત તે વચન; તે વચન પરલોકના વિધાનને અંગે પ્રમાણભૂત કર્યું છે, જે પરલોક તેને જાણનારા, પરલોકના કારણ તરીકે પુણ્ય પાપને જાણનારા, જીવને જાણનારા, જીવાદિ નવ પદાર્થોને સાક્ષાત્ દેખનારા તેવા જે અતીન્દ્રિયદર્શી હોય તેવાના વચનને વચન તરીકે અહિં લેવું. કેવલજ્ઞાન, કેવલદર્શીએ કહેલું જીવાદિને અંગે ઉપયોગી વચન અહિં લેવું. માટે '**परलोकविधौ**' એમ ખુલાસો કર્યો. અહિં વચન પરલોકના વિધાનમાં પ્રમાણભૂત, અતીન્દ્રિયદર્શીએ કહેલું તે વચન છે. આવી રીતે વચનનું સ્વરૂપ કહ્યા છતાં વચનની ઉત્પત્તિનો વિચાર કરો! પણ તેમાં શું કહેલું હોય કે જેથી તેને પ્રમાણ ગણીયે. માટે વચનની પરીક્ષા વિષય ફલ દ્વારાએ. વિષય ફલ ક્યાં? તેની પરીક્ષા કેમ થાય? તે જે, જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાનઃ—

## 卐 વ્યાખ્યાન ૩૭ 卐

**'वचनाराधनया'**

શાસ્ત્રકાર મહારાજ આચાર્ય ભગવાન્ શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને રચતા થકા આગળ જણાવી ગયા કે–આ જગતમાં આસ્તિક વર્ગ માત્રનો મુખ્ય વિચાર ભવિષ્યની જિંદગીનો હોય છે. જેમ બાલકોને અભ્યાસ શિક્ષણ, તાલીમ લેવા માટે અમુક વર્ષ દુઃખ સહન કરવું પડે છે, પણ તેમાં તેનું તેમજ તેના માબાપનું ધ્યેય ક્યાં? ભવિષ્યની જિંદગીમાં સુખજ મળે! જેમ સુખ માટે ભવિષ્યના જીવનનો વિચાર દરેક કરે છે, તેમ આસ્તિકો તે સમજે છે કે અમુક વર્ષની જિંદગીમાં સાધી લઇશું તો ચિર-કાલ માટે શાંતિમાં–સ્વતંત્રતામાં રહી શકીશું. ધ્યાન રાખવાનું કે ભગવાન રૂષભદેવ મહારાજ વખતે અને બીજા તીર્થંકરોના વખતે જેને આત્માનુ કલ્યાણ કરવુ હતુ તેઓને લાખો પૂર્વો વર્ષો આરા-ધના કરવી પડતી, પહેલા લાખ્ખો વર્ષ સુધી આરાધના સંયમ–તપ કરવામાં આવે ત્યારે મોક્ષ મેળવી શકાતો હતો જ્યારે ચોથા આરામાં સો વર્ષોમાં આરાધના કરીએ તો સાધ્ય સાધી શકીએ. જંબુસ્વામી સુધી મોક્ષ પ્રાપ્તિ હતી; ત્યાર પછી આ જીવનમાં ચ્હાય જેટલો ઉદ્યમ કરે તો પણ મોક્ષ ન થાય તે વાત સાચી; વિચાર કોને હોય?

**જીવવું એ અનિયમિત છે.**

બાલપણામાં કરેલાનો ફાયદો જુવાનપણામાં, જુવાનીપણામાં કરેલાનો ઘડપણામાં ફાયદો થાય. પોતાનું જિવન એકજ માને તેથી જુવાનીની આશાએ બાલપણામાં, જુવાનીથી વૃદ્ધપણામાં કાર્ય કરે છે, તેમ આસ્તિક જીવો આવતા ભવને માટે તેટલાજ ભરોસાવાળો હોય, દુનિયાનો ભરોસો જુદો પણ પડે, કેમ? કેઈ બાલપણમાં ગત કેઇ જુવાનપણામાં ગત થાય. બધા જુવા-

નોને વૃદ્ધપણું આવી પડે તેવો નિયમ નહિ. તેમ અહિ આવતો ભવ, જીવન તે તો નિયમિત છે. જગત જેના ઉપર જીવવાનો આધાર રાખે તે અનિયમિત છે છતાં જગત તેના ભરૂસે ચાલે છે. જુવાની અને વૃદ્ધપણામાં ફાયદો થશે તેથી બાલપણમાં અને જુવાનપણામાં ઉદ્યમ કરો ! જે અનિયમિત તેને નિયમિત ધારીને ચાલીએ છીએ તો પછી આસ્તિક નિયમિતને નિયમિત ધારીને ચાલે તેમાં નવાઈ શી.

**પાપ ન માને તેથી ફળ ચાલ્યુ જતુ નથી.**

દરેક શુભ ફલની ધારણા કરે છે. અશુભની ઈચ્છા કોઈ કરતુ નથી. જે ફલ થવાનુ હોય તે ન ધારવાથી થતુ નથી તેમ નથી. નિષ્ફળતા પોતાના ઉદ્યમની ખામી અંગે થાય છે. જીવવાની ઈચ્છા તે ધારો કે ન ધારો પણ થવાની, નાસ્તિકો જીવ પુણ્ય પાપ કર્મ પરભવ ન માને તેથી તે વસ્તુ ઉડી જવાની નથી. જેમ શિયાળીઓ સિંહ દેખી આંખ મીંચે તેથી તે સિંહના પજામાંથી છૂટતો નથી; તેમ પરભવ પુણ્ય પાપ દુર્ગતિ નરક સ્વર્ગને ન માને તેથી પાપ દુર્ગતિ થવાના હોય તે મટે તેમ નથી. આપણી માન્યતાના આધારે સૃષ્ટિ નથી તેમ અહિં પાપાદિ ચાલ્યા જવાના ? તો ના; પણ જે કાર્ય થવાનુ તે ઈચ્છા હો કે ન હો પણ થવાનું. માણસ આગ ન સળગાવે અને ઈચ્છા કરે કે ટાઢ જાય તો તે કેવી રીતે જવાની ? તેમ અહિં કદી પરભવાદિને ન માને તેથી તેની ધારણા માત્રથી પરભવાદિ ચાલ્યું જતુ નથી. વૈરાગ્યની ધર્મની આસ્તિકતાની જડ કઈ? આ જીવને વારંવાર જન્મમરણ કરવાં પડે છે. કરેલા કર્મો ભોગવવા પડે છે તે આસ્તિકોની જડ છે. જન્મમરણને કોઇ પણ રોકી શકતુ નથી તે રોકાય કે છૂટે તેવીજ ચીજ નથી. તે ન માનીને બચાવ ન કર્યો તેથી શું થયુ ? શત્રુના સામર્થ્ય અને નુકશાનને ન માને તો શત્રુ ચાલ્યો જતો નથી. તેમ અહિં આગળ પણ પાપને ન માને તેથી પાપ કે તેનુ સામર્થ્ય કે નુકશાન ચાલ્યુ જતુ નથી.

જાણ્યો ગ્રહ ચાલ્યો જાય, પુરૂષો અક્કલ વાપરે તો ભલભલા દેવતા નિષ્ફલ જાય; એક શહેર ઉપર દેવતા રોષાયમાન થયો આથી તેને દરબારમાં વિજળી દરબાર ઉપર પાડવી તેવો નિશ્ચય કર્યો.

એવામાં એક નિમિત્તઓ રાજસભામાં આવ્યો.એને નિમિત્ત પુછવામાં આવ્યું ત્યારે તે નિમિત્ત બળે કહેવા લાગ્યો કે નિમિત્ત કહેતાં મારી જીભ નથી ચાલતી. કેમ તો અનિષ્ટનું કથન કરવાથી ફાયદો શો? વાત ખરી. ઈષ્ટનું કથન કરીએ તેનો વાંધો નથી. અનિષ્ટનું કથન કરૂ તો સાવચેતીને સ્થાન મળે; ત્યારે નિમિત્તિઆએ કહ્યું કે સાહેબ આજથી સાતમે દહાડે વિજળી પડવાની છે. અને તે પણ રાજા ઉપર પડવાની છે. હવે સભામાં બેઠેલા બધા ચિડાયા. કેટલાક એવી સ્થિતિના હોય કે સાચું ન ગમે પણ મીઠું ગમે. સાચું તપાસવાવાળા ઓછા હોય, આખી રાજસભા સત્યના વિચારમાં ઉતરી નહી. અને કહેવા લાગી કે—એ બોલ્યોજ કેમ? અહિં આવ્યો કેમ? સભા પુરી થઈ એટલે દિવાન નિમિત્તઆ પાસે ગયો. અને પુછયું કે—આપણા આ રાજા છે તેમના ઉપર પડશે? ત્યારે નિમિત્તિઆએ કહ્યું કે ના. નગરાધિપતિ પર પડશે. એટલે પ્રધાને બુદ્ધિ ચલાવી કેમકે કહેનાર નિમિત્તિઓ છે. એટલે સિંહાસન ઉપર બેઠેલ હશે તેના ઉપર પડશે આ પ્રમાણે નિશ્ચય કરી રાજાને કહી દીધુ કે—તમારી છબી આ સિંહાસન ઉપર મુકાશે. અને તમો પૌષધશાળામાં પેસી જાવ તમારે કંઈ કહેવું નહિં. સિંહાસન ઉપર છબી મુકાઈ ગઈ. જ્યાં સાતમો દિવસ આવ્યો ત્યાં વીજળી પડી અને છબીના કકડે કકડા થયા. રાજા બચી ગયો.

**દુર્ગતિ ન જાણે તેથી અટકતી નથી.**

આ ઉપરથી માલમ પડે કે—અનિષ્ટ જાણવામાં બચાવને સ્થાન રહે, અક્કલને અવકાશ રહે, પણ ઈષ્ટમાં અક્કલને અવકાશ નથી આ વાત વિચારશો તો ધ્યાનમાં આવશે કે—શાસ્ત્રકારો, તીર્થંકરો,

ગણધર મહારાજાએ આ જગતને નરકગતિનાં દુઃખો તથા તેના કારણોના જે ઉપદેશ આપ્યા તે શા માટે? શું તેનાથી તમોને ડરાવવા માટે? ના. તેના ઉપાયોના કારણો જાણવાથી સાવચેત થાઓ તેથી. અનિષ્ટ જાણ્યું હોય તો અક્કલના ઉપયોગનું સ્થાન. જેઓ પાપને જાણે; દુર્ગતિ નરક જાણે તેઓ તો પાપ તરફના જે જે કારણો હોય તેનાથી સાવચેત રહે, પરંતુ જે ન તો જાણે ન તો માને તેથી શું નરક પાપ ડરી જાય છે? તો ના.

પહેલાંના ક્ષત્રિયોમાં રિવાજ હતો કે પોતે જાહેર થયા વિના ઘા ન કરે, ઘા કરતાં પોતે પોતાને જાહેર કરે કે હું તારી ઉપર ઘા કરવાનો છું. કૃષ્ણ મહારાજે જ્યારે જરાકુમારનું બાણ વાગ્યું ત્યારે શબ્દ વાપર્યો કે મેં કોઈ દહાડો જણાવ્યા વગર ઘા કર્યો નથી; જરાકુમારે મૃગલો ધારી ઘા કરેલો છે. કૃષ્ણ લુગડું ઓઢીને સુતા છે તેથી મૃગ ધારીને બાણ માર્યું. ક્ષત્રિઓ–રજપૂતો–જાદવો પોતાની જાણ કર્યા સિવાય અને શત્રુને જણાવ્યા વગર ઘા નહોતા કરતા. તેમ આ પાપ નથી તે જાણો કે ન જાણો; જેમ અગ્નિનો સ્વભાવ બાળવાનો છે તે જાણો કે ન જાણો તો પણ બાળે, ઝેરનો સ્વભાવ મારવાનો, તેમ પાપનો સ્વભાવ તમે જાણો માનો કે ન જાણો કે ન માનો પણ બાંધ્યું હોય તો તે નડે. અગ્નિ વિષ હથિયારને તમે જાણો કે ન જાણો તો પણ પોતાનું કામ કરે છે. તેમ પાપને જાણો માનો ધારો કે ન જાણો ન માનો કે ન ધારો પણ તે તો તેનું કાર્ય કરે છે. જાણો કે ન જાણો તેથી શું! કેટલાક કાયદામાં અજાણપણાનો બચાવ નથી. કેટલાક કાયદા એવા હોય કે અજાણપણાનો બચાવ થાય, કેટલાક ગુનામાં અજાણપણુ ન ચાલે. કોઈએ ખુન કર્યું હોય અને કહે કે હું ખુન જાણતો નથી, છતાં કોર્ટ બચાવી શકતી નથી. પણ પાપ એવી ચીજ તમે જાણો, માનો, ધારો, કે ન જાણો, ન માનો, ન ધારો તો પણ તે સજા કર્યા વગર રહે નહી.

અનિષ્ટને જાણે તો તેનો ઉપાય સુઝે.

આસ્તિક માત્ર પરભવને પાપને દુર્ગતિને માનવાવાળા છે, ન માનવાથી તે ચાલ્યા જવાના નથી, માટે તેને જાણવા જોઇએ. જાણ્યા પછી અનિષ્ટમાં અક્કલ વપરાય, અનિષ્ટના ખ્યાલમાં અક્કલ વાપરવાનો અવકાશ છે. નારકી આદિના અનિષ્ટો જાણ્યાં હોય ત્યારે તેના કારણોથી સાવચેત રહેવા માટે અક્કલનો ઉપયોગ કરી શકાય.

કુદરતને મોક્ષ આપે જ છુટકો, ક્યારે ?

આસ્તિક ગયો ભવ આ ભવ અને આવતો ભવ તે ત્રણને એક જ લાઇનમાં ગણે તેથી આ ભવ કે આવતા ભવમાં મોક્ષ મળો તેમાં અશ્રદ્ધાને અવકાશ નથી. ખડાઉતારની હુંડી લે છે પણ મુદ્દતની હુંડી નથી લેતા, કેમ ? અક્કલવાળો આજ મલ્યા કે ત્રણ મહિને મલે, તે મલે તો બરાબર' મલવામાં મુદ્દત છે. તેમ આ ભવમાં કે આવતા ભવમાં મળે પણ મલે તો ખરૂ, મુદ્દતમાં ભવ કરવાનો છે. આ ભવ કે આવતા ભવમાં મોક્ષ મળે તેની આસ્તિકને ચિંતા નથી. દેવાદાર નાણાં આપે તો, અહિં આગળ મોક્ષનો હું લેણદાર કુદરત દેવાદાર છે તે આ ભવ કે આઠ ભવે પણ મને મોક્ષ આપે, આઠ ભવમાં તો કુદરતની તાકાત નથી કે મને મોક્ષ આપ્યા વગર રહે ? કેવલી ભગવંતોએ નિયમ બાંધ્યો કે ચારિત્રની આરાધનાવાળો આઠ ભવ ચારિત્ર પાળીને સંસારમાંથી નીકળી જાય. દેશવિરતિ અસંખ્યાતિ વખત આવે. આરાધના કરનાર સમજે છે કે કુદરત જવાની કયાં છે ? આ ક્ષેત્રાંતર કાલાંતર જાય તો પણ બદલી જતી નથી. તેને ક્ષેત્રાંતર કે કલાંતરે કે આઠ ભવમાં મોક્ષ આપવો પડશે. આરાધના કરવાવાળો જે આસ્તિક છે તેને આઠ ભવમાં કુદરતે મોક્ષ આપવો પડશે.

ઉપાયો સાચા હોય તો કાર્યની સિદ્ધિ.

આરાધના આસ્તિકમાત્ર કરે છે. કોઈ આસ્તિક ધર્મની આરાધના વગરનો હોતો નથી. પણ એક વાત વિચારવી, ઉપાય

જો સાચો હોય તો કાર્યની સિદ્ધિ સાચી થાય. ઉપાય ખોટો હોય તો કાર્યની સિદ્ધિ ખોટી થાય. શત્રુને જીતવો છે અને તરવાર લાકડાની છે તે શા કામનું? તેમ અહિંયા પણ કર્મ શત્રુને જીતવો છે, જન્મ જરા મરણ રોગાદિનો નાશ કરવો છે અને કેવલજ્ઞાનાદિ મેળવવું છે. જ્યારે આ કરવું છે તો તેના સાધનો યોગ્ય જોઈએ. જો સાધનો યોગ્ય ન હોય તો કાર્યની સિદ્ધિ થાય નહીં, લાકડાની તરવારે શત્રુ જીતાતો નથી. જો મોક્ષ સાધવાના ઉપાયો સાચા હોય તો જ મોક્ષ સાધી શકે. જુઠા હોય તેના સાધી શકે.

**કાર્ય સિદ્ધિ માટેના ત્રણ કારણો.**

આ વાત વિચારશો તો માલમ પડશે કે દુનિયામાત્રને અંગે વિચારીયે કે એવો કોણ હોઇ શકે? કોઇ પણ કાર્યને કરનારો, સાધ્યને સાધનારો કોણ હોય? જગતમાં ત્રણ વસ્તુ વગર કાર્યની સિધ્ધિ થઈ શકતી નથી. તો ત્રણ વસ્તુ કઈ? ૧ સાધનનો નિશ્ચય, ૨ સાધનની સમજણ, ૩ સાધનનો અમલ. નિશ્ચય, સમજણ અને અમલ વગર કોઈ કાર્ય જગતમાં શું બની શકે છે? ગમે તે કાર્યો લો, મોટા કાર્યો જે જે જગતમાં છે તે તે બધાંને આ ત્રણ વસ્તુ વગર કોઈ પામી શકતો નથી. માટે નિશ્ચય, સમજણ, અને અમલ આ ત્રણ વસ્તુ લીધી.

**નિશ્ચયની આવશ્યકતા.**

નિશ્ચયની જરૂર કેમ? અમલથી ફલ તો થાય છે, વાત ખરી' પણ નિશ્ચયની જરુર છે–કારણ કે નિશ્ચયવાળો મનુષ્ય વિઘ્નથી હણાતો નથી, તેમ બીજાથી ભોળવાતો નથી. નહિ તો ચોટલીના ચારસો અને દાઢીના દોઢસો જેવું થાય, એક વોરાજીને ચોરે ઘેર્યો તેમાં ચોરે વોરાજીની દાઢી પકડી. વોરાજી વિચારે કે હવે શું કરવું? અય! સાંભળે છે કે–આ મારી દાઢી પકડી છે તો દોઢસો આપવા પડશે, ચોટલી પકડશે તો ચારસો આપવા પડશે! માટે દોઢશો લાવ. ચોર ચોટલી પકડવા ગયો ત્યાં શું મળે? વોરાજીને ચોટલી

હોય નહીં, વોરાજી છટકી ગયા. જેમ નિશ્ચય વગરના પેલા ભોળવાઈ ગયા અને કામ ચૂકી ગયા, તેમ નિશ્ચય વગરનો પૌદ્ગલિક સાધનમાં જાય પણ નિશ્ચયવાળો તેમાં ભોળવાઇ જાય નહિ, નિશ્ચય વગરનો ભળતાથી ભરમાઈ જાય. જે નિશ્ચયવાળો હોય તે વિઘ્નના પહાડને રાઈ જેટલો ધારે. નિશ્ચય વગરનો રાઈ જેટલા વિઘ્નને પહાડ જેટલું ગણે. જવું છે તે વખતે ગમે તેવું કામ આવે તો પણ જવું. પણ જઈશું કે નહીં તે વિચારમાં જાવ તો જવાનું છોડવું પડે. તેથી જૈનશાસનમાં શ્રદ્ધા–સમકિતની કિંમત કેટલી તે સમજાશે; નિશ્ચય શું કામ કરે છે અને અનિશ્ચય શું કામ કરે છે તે સમજાશે; સનત્ચક્રવર્તી દીક્ષા લેવા તૈયાર થયા, દીક્ષા લીધી. આખું રાજમંડલ અને આખો જનાનો છ મહિના સુધી પાછળ ફર્યો પણ સામું ન જોયું. આ કેમ બન્યું હશે? તો નિશ્ચય કર્યો તેથી.

નિશ્ચયવાળાને પહાડ જેટલું વિઘ્ન રાઈ જેટલું લાગે, અનિશ્ચયવાળાને રાઇ જેટલું વિઘ્ન તે પહાડ જેટલું લાગે. છોકરાઓ હોળીમાં ગાજરની પિપુડી બનાવે છે પછી તે વાગી તો ઠીક નહિ તો ચાવી જાય. તેમ તમે કરો તો શું થાય? યાહોમ કરવું છે કરવું છે. પછી સ્હાય જે હો! નિશ્ચયવાળો મનુષ્ય લોભાશે નહીં, લથડસે નહીં; માટે જગતમાં નિશ્ચયની જરૂર છે નહિંતર બાવાજી જેવું થાય.

જેમ એક બાવાજી ભીક્ષા લેવા જતા હતા, રસ્તામાં કોઈની સારી વસ્તુ પહેલી જોઇ તેથી વિચાર આવ્યો કે આ લઈ લઉં' મારે કામ આવશે, પરંતુ સાથે બીજો વિચાર આવ્યો કે–મારે કોઇની વગર આપેલી લેવાની જરૂર શી! હું આ ચીજ રાખું તો ચોર બનું છું તે પ્રમાણે વિચારીને વસ્તુ મૂકી દીધી, પાછો નીકળ્યો. પાછો વિચાર આવ્યો કે આ ચીજ એવી છે કે તેના માલિકને નહિ મળે તે ચોક્કસ, પાછો વળી વિચાર કરી મૂકી દઇને પાછો ચાલ્યો. વળી પાછો ત્યાં આવીને વિચાર્યું કે માલિકને ન

ન મળે તેથી હું માલિક? હું તો વગર આપી લઉં છું ને? પાછો મુકીને ચાલ્યો ગયો. પાછો વિચાર આવ્યો કે રસ્તામાં પડી ગયેલી ચીજ માલિકે સંભાળી નથી. તેની માલિકને કિંમત નથી, મારે કિંમત છે. તે છતાં માલિક થતો મળશે તો દઈ દેશું, તેથી શું છે! કામ પડશે તો તેનો મુસાફરીનો શ્રમ બચાવાશે, આગળ ચાલીને પાછો આવ્યો વિચાર્યું કે-માલિક બીજે રસ્તે ગયો હશે અને બીજે રસ્તે લેવા આવશે તો! મારે લેવી નથી, પાછા આવીને મૂકી દીધી. પાછો વિચાર આવ્યો કે-મોટા રસ્તે ગયો હશે, માટે મળશે તો આપી દઈશું માટે લેવી. ત્યાં વિચાર આવ્યો કે-આ મોટું શહેર છે તો તે મળશે ક્યાંથી! અને તે ક્યાં ખોળવાનો! માટે મુકી દીધી. શું થયું નથી લેવી તે નિશ્ચય ન હોવાથી બાચકા ભર્યા.

તેમ જેને આસ્તિક્યનો-સમકિતિનો, જિનેશ્વરનો, મોક્ષનો નિશ્ચય નથી તે બીચારા અનંતી વખત અથડાય. અનંતી વખત ઓઘા મુહપત્તિ લીધા તે બાવાના ફેરા જેવા, કારણ કરે ત્યાગ અને ઈચ્છા પૌદ્ગલિકની રાખે આથી અનંતા ચારિત્ર, દેશવિરતિની કરણી નકામી ગઈ. શામાં? તો અન્ય ઈચ્છાથી. ઇચ્છા વગરનો ધર્મ કરે તે અમને પોષાય છે, આથી હરિભદ્રસૂરિજી કહે છે કે પૌદ્ગલિક ઈચ્છામાં પરોવાયેલો ધર્મમાં પોષાતો નથી.

**વિષય અને ગરલ અનુષ્ઠાન.**

પાંચ અનુષ્ઠાનો છે. વિષાનુષ્ઠાન, ગરલાનુષ્ઠાન, અનનુષ્ઠાન, તદ્દહેતુ, અને અમૃતાનુષ્ઠાન વિષ- તત્કાલ, ગરલ-ભવાંતરમાં. વગર સમજણે ધારણા વિના કરે. ગરલાનુષ્ઠાન પોષાતું નથી. કેમ? તો તે સાધ્યને ચૂકે છે. તેની સાથે સાધનને બદલે છે. કાલે આપીશ તે વાયદો સારો પણ તાંબાના રૂપિયાને રૂપિયો ગણાવે તો તે ગુનેગારને? હા. પૌદ્ગલિક ઈચ્છામાં ઉતરે તે કામનો નથી. અનાભોગાદિ કામનું રાખ્યું, ભરોસે કલાઈના લીધા અને રૂપિયાની ધારણાવાળો હોય તો આ રૂપિયો નથી તેમ સમજાવી શકાય. તેમ વિષાદિને કરનારો

તે મોક્ષનાં શાસ્ત્રો સાંભળતો હોય તો તે લાયક છે, મોક્ષમાર્ગના શાસ્ત્રો સાંભળતો હોય પણ તેને જો કાળજામાં દ્વેષની લાય લાગે તો તે મનુષ્ય લાયક નથી. તેથી શાસ્ત્રકારે પ્રવચનસારોધ્ધારમાં જણાવ્યુ કે—ફૂલાણી તપસ્યા, અક્ષયનિધિ, સૌભાગ્યપંચમી, કલ્પવૃક્ષ વિગેરેની તપસ્યાઓ પૌદ્‌ગલિક ફલને ઉદ્દેશીને ચાલનારા, આવા પૌદ્‌ગલિક ફળે ધર્મમાં પ્રવર્તેલા અનંતા મોક્ષે ગયા પણ મોક્ષનો દ્વેષ ન જોઇએ. મોક્ષનું નામ માત્ર સાંભળતાં જો કીડીઓ ચડે તો વિષાનુષ્ઠાનવાળો, આવો હોય તો તે કામ નથી લાગતો. પણ મોક્ષની ઇચ્છા રાખે તો કામ લાગે છે.

### પૌદ્‌ગલિક ઇચ્છાવાળો યોગિઓને પાલવે નહિ.

મૂળવાતમાં આવો—જેમ પૌદ્‌ગલિક લાલચથી પલ્ટો આવ્યો નહી નહી નહી જ. આવુ કેમ થાય છે? બાવાની જમાત કોઈ ગામમાં આવી છે. ભગતે નોતરૂં દીધું છે. જમાતમાં એક જ આંધળો છે તેને કયાં શહેર વચમાં લઈ જવો તેથી તેને અહિ જ રહેવા દો.અહિં સગવડ કરાવીને બધા ગયા. જમાત જમીને આવી ત્યારે પેલો બાવો પુછે છે કે કયા ખાયા? ખીરપુરી. ત્યારે ખીર કયા ચીજ? ગૌઆકા બગલા જેસા દુધ હોતા હૈ! બગલા કયા? તબ બાવાએ દિખલાયા એસા બગલા; પેલાએ હાથ ફેરવ્યો, અને બોલ્યો એસા તુમને ખાયા. નહિ, આ તો ઉપમા દીધી છે. હું કહું છું તે સાંભળતો નથી. આવાને શું કહેવું? તેમ આપણામાં ખાવું પાવું તેજ, તે સિવાય બીજું કર્યું છે શું! તેને શું કરવો. આ બગલા બાવા તમારામાં નથી તેમ ન સમજશો! જે આત્મા કર્મ જન્મ મરણ રોગ રહિતપણું છે તે સ્થિતિનું ભાન ન રાખે અને ખાવા પીવામાં જ પૂર્ણ તેટલું જ પકડી લે તે બગલા બાવા જેવા છે, આવાઓ અનુષ્ઠાનોને દેવલોક રાજા મહારાજાના સુખો માટે કરે, તેને શાસ્ત્રકાર લાઈન બહાર કાઢે છે. જેને મોક્ષનાં શાસ્ત્રો—માર્ગ—સાંભળતાં દ્વેષ નથી તેને લાયક ગણે છે; ધર્મના ફલ તરીકે મોક્ષને ઇચ્છવો તેની જગો પર

પૌદ્ગલિક ઈચ્છાના કારણે વિપરીત દશાવાળો ગણ્યો, યોગિયોને તે નથી પાલવતો. અજ્ઞાની હજી પાલવે છે. કારણ વિપરિત વિચારવાળો વિધાત્રાને ઉલ્ટી કરે. અજ્ઞાન ઉલ્ટું નહિ કરે. અફીણ ખાઈને તેલ પીવે તેનું શું ? તેમાં ઉપાય નહીં. અફીણ એકલું ખાધું હોય તો ઉલ્ટી કરાવીને બચાવી શકાય. અજ્ઞાની વગર તેલે અફીણ ખાવાવાળો, વિપરિત વિચારવાળો તે અફીણ ઉપર તેલ પીવાવાળો.

ત્રણ ચીજ વિના મોક્ષ નથી.

જિનેશ્વર ભગવાને આ કલ્યાણને માટે કહ્યું છે. આટલી ચીજ જેના મગજમાં હોય તેવી ભક્તિથી જે અનુષ્ઠાન કરવામાં આવે, તો કલ્યાણ કરે તેથી નિશ્ચય. તે કરવું જ ! ચ્હાય જેટલી લાલચ હોય, ભય હોય તો પણ મુખ્ય મુદ્દાથી ફરવું નહી, પણ કરવું છેજ. નિશ્ચય વગરનો ભય ને લોભમાં લથડી જાય માટે પહેલાં નિશ્ચયની જરૂર. તેનું નામજ સમકિત. દેવગુરૂ ધર્મને માનીએ તે નિશ્ચયને અંગે, નિશ્ચય એકલો કર્યા છતાં સાધનની સમજણ ન હોય તો લાકડાના ઢગલા ફેંકવા જેવું થાય. છોકરાને લાકડાનો ઢગલો ઓળંગવો પણ સાધનની સમજણ વગર તે કેમ ઓળંગે તે વિચારો ! સાધન જાણ્યું, સાધ્યનો નિશ્ચય કર્યો પણ કરવું કરાવવું નહીં. તાડના ઝાડ નીચે બેઠેલો લુલો ઠીંગણો તે ભલે ફલ લેવાનો નિશ્ચય કરે, સાધન સમજે છે. પણ ચડે ક્યાંથી ? તેમ અહીં નિશ્ચય સાધનવાળા થયા છતાં અમલમાં ન મૂક્યું તો કાંઈ ન કરી શકે. જેઓ નિશ્ચયવાળા; સાધનની સમજણ-વાળા, અમલ કરવાવાળાને કાર્ય ગણાય. "सम्यक् दर्शन" તે શ્રદ્ધા, નિશ્ચય, જ્ઞાન–તે સમજણ, ચારિત્ર–તે ક્રિયા રચના. તે મોક્ષનો માર્ગ છે. આસ્તિકોને તીર્થંકર મહારાજે નિશ્ચય, સાધ-નથી સમજણ અને અમલ કરવો તે આપણને જણાવ્યું છે. તત્ત્વ જાણ્યાં એટલે તમારો મોક્ષ થવાનો તેમ અહીં નથી. આ દર્શન પામ્યા એટલે પુરૂં થયું તેવું અહીં નથી. અહીં તો ત્રણે

ભેગા મળે તોજ થાય. તેના ઉપર આસ્તિક ભરોસો રાખે તેથી આ ભવ અને આવતા ભવને એક રીતે કરે. માટે તેને વચનની આરાધના દ્વારાએ ધર્મ છે. વચનનું સ્વરૂપ વક્તવ્યતા જણાવ્યા, નિશ્ચય, સાધનની સમજણુ ક્રિયાને કહેનાર તેવું વચન. તે વચન મોક્ષમાર્ગનું વચન કહેવાય. ફલ સ્વરૂપ કહ્યું. તેનો વિષય કયો? હેતુઓ કયા? તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૩૮ 卐

**'वचनाराधनया खलु'**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણુની રચના કરતા થકા આગળ સૂચવી ગયા કે—આ સંસારમાં દરેક આસ્તિક મનુષ્ય દેવ ગુરૂ ધર્મને માને છે. કોઈ પણુ આસ્તિક દેવ ગુરૂ ધર્મને નાકબુલ કરનારો નથી. પરંતુ લૌકિક અને લોકોત્તર—જેને જૈનેતર અને જૈન કહીએ તેમાં ફરક કયાં? જૈનો દેવગુરૂ ધર્મને પણુ પરીક્ષાના આધીન માને છે. દેવ કયા માનવા, ગુરૂ કયા માનવા અને ધર્મ કયો માનવો? તો પરીક્ષામાં પાર ઉતરે તે.

**ઇશ્વરને નામે લુંટનારા.**

ઈશ્વરના નામે ઈશ્વર, તેને અંગે ચાલવું. પહેલેથી ઇશ્વરને આગળ કરવો તેમ નહિં. ઈતરોમાં અમુક શિક્ષણુ વગરની જાત પરમેશ્વર છે, પણુ શાથી માનવા તેનો તેમાં પત્તો નથી. શિક્ષિતમાં અક્કલવાળો જુઠું બોલે તે મુશ્કેલીએ પકડાય પણુ અક્કલ વગરનો જુઠું બોલે તો તે ડગલામાં પકડાય. ચોરીમાં ઉદાહરણુ દે છે, એકે બીજા પાસેથી ઝુંટવી લઇને તે વસ્તુ બીજાને આપી દીધી, ત્યારે જેની ચીજ હોય તે કહે કે મારી વસ્તુ ગઈ ત્યારે શું કહે કે—મારી પાસે હોય તો લઇ લે! મેં લીધી નથી. તે

મૃષાવાદથી બચવા માંગે છે પણ તે ચોરીના બચાવનો મૃષાવાદ, અક્કલવાળાનાં જુઠાં તે અવલચંડાપણાના હોય, અક્કલ વગરનાનું જુઠું પારખી શકાય. તેમ બીજાઓએ ઈશ્વરને પોતાના પેટ કુટુંબના પોષણ ખાતર ઉભા રાખ્યા, તે શા માટે? ઇશ્વરના નામે લુંટવા છે માટે, જે લોકો મને આપે તેને ઇશ્વર આપશે એટલે ઇશ્વરનો હવાલો આપ્યો તે ઇશ્વરને ન મનાવે તો હવાલાનું શું થાય? શિક્ષિત થયેલો ઈશ્વર છે તેમ કહેવાથી નહિ માને આથી ગુંચવાડામાં નાંખવા છે.

અર્જુન લડવા આવ્યો, યુદ્ધ શરૂ થવાની તૈયારીમાં છે ત્યાં સામા નજર કરે તો પોતાના કુટુંબના વડેરા ઉભા છે. શાને માટે આ લોકોને મારવા? અર્જુને કહ્યું–મને ભીખ મળશે કે નહિ? ભીખ માંગીને ખાવું સારૂં પણ રાજ્યને માટે આને હણવા નહીં, એ લોકો મને મારે તો પણ હું મારવા નથી ઈચ્છતો, મનુષ્ય રાજ્ય ધન મેળવે તે કોના માટે? કુટુંબ માટે. પોતાના માટે સાડાત્રણ હાથ જમીન અને સવાશેર ખોરાક બસ છે, ખોરાક પોષાક મળવાથી બધા સંતોષ પામી જાત. તૃષ્ણા શા માટે? જેને માટે અમે રાજ્ય ભોગો દ્રવ્યો ઇચ્છિએ તે કુટુંબીઓ માટે આથી યુદ્ધમાં ઉભા છીએ, આ જ્યારે થયું ત્યારે કૃષ્ણે કહ્યું?

અરે અર્જુન! તને આવા ભયાનક અવસરમાં પાપ કયાંથી વળગ્યું? અર્જુને કહ્યું, **परया कृपया**–અત્યંત દયામાં બેઠેલો હું આમ કહ્યું, હવે બુદ્ધિ ચક્કરમાં નાખવી જોઇએ. ઘી સીધી આંગળીથી નીચે નહિ નીકળે પણ વાંકી આંગળીથી નીકળે. અક્કલવાળાને અવળે રસ્તે લાવવા હોય તો તેમને અવળી રીતે દોરે, વકીલો ઘણા કેસ હોય છતાં ટાંટીયા ભગાવે તોડાવે તેથી તેમને ફલ બરોબર મળે. અક્કલવાળાઓ વાંધા નાખીને કામ ચલાવે તેમ યોગની, સાંખ્યની, સ્થિતિની વાત કરી પણ છેવટે તમે કહો તેમ કરૂં. અસીલ ઉત્તર દેતાં થાકયો હોય ત્યારે વકીલને કહે કે તમે કહો

તેમ કહું, કેમ કરૂં ? તો તેને વકીલ કહે કે આનું આમ કરશે. વચમાં ચક્રાવે નાખે અને અસીલની હિંમતને હરાવી દે, તેમ કેમ ? સાચો આપણે લેવો જીતવો છે તે જાણે છે છતાં કોથળી કાણી કરવા માટે ચક્રાવામાં નાંખે છે, તેમ યોગ સાંખ્યની વાતો કરીને અર્જુનને ચક્રાવામાં નાંખ્યો. તું કહે તેમ કરૂં, કૃષ્ણ કહે કે તું મારે શરણે આવી જા ! 'निमित्त मात्रे' હે અર્જુન ! તું નિમિત્ત છે. મેં તો એમને પહેલેથી મારી નાંખ્યા છે. વિચારો ! આ અર્જુનનું મગજ હિંડોલે ચઢાવે છે.

**ઉંધા પાટા બંધાવનારા.**

ગીતામાં પહેલેથી છેલ્લે સુધીનું તત્ત્વ વિચારો ! અક્કલવાળા ઉંધા પાટા બંધાવી લુંટી લે. લુંટારૂં મારીને લુંટે. તેમ અહિં પેટ પુરવું, કુટુંબ પોષવું છે તે પણ યાવચ્ચંદ્રદિવાકરા સુધી પોતાની આવકના રસ્તા અખંડ રાખવા છે, તે કયારે રખાય ? તો ઈશ્વરની એજન્સી મળે ત્યારે. ત્યાં હવાલા પોતાના પણ બીજાના નહિ. વૈશ્ય બ્રાહ્મણને મળે ક્ષુદ્રને તો નહિ; વૈશ્યને શું કહે ? તું ડુબી જઈશ ! શિક્ષિતો તે જો અવળા પાટા ન બંધાવે તો પોતાનું પેટ ન ભરાય. ચંદ્ર સૂર્ય સુધીનો આધાર, કાર્ય કરનાર માત્રને કરનારો ઈશ્વર. એક લુગડું છે તેનો એક નાનો તાંતણો તોડયો અને કહી દીધું કે–આખું લુગડું નાશ પામ્યું. કેમ થયું ? ઈશ્વરે કર્યું. જે કાર્ય દેખીયે છીએ તે તો ઈશ્વરે કર્યું કહે પણછિદ્રઘટની ઉત્પત્તિ ઈશ્વરની કઇ રીતે માનીએ ? આ કોણ માની લે ? અક્કલે ઉંધા પાટા બંધાવનારા બુદ્ધિ ઠેકાણે ન હોય તેને મનાવી દે, કુદરતનો સ્વભાવ શું તેનો વિચાર કરવાનો વખત આવવા દે નહીં. કર્તા કરતો હોય તેમાં ચેતનને શું ? જુનું ઘર હોય અને માટી ખસી તો શું તે ઈશ્વર ખસેડે છે ? જૈનેતરો તે તરીકે માનવા તૈયાર છે. હવાલામાં ઈશ્વરને ત્યાંથી લેણું પામે તેમ જૈનો માનતા નથી.

ઈશ્વર દયાહીન છે?

જૈનો–કર્મ, પુણ્ય, પાપ જે બંધાય તેના ફલ તરીકે માને છે. અક્કલવાળો અવળો પડે તો ઉત્પાત કરે પણ ઘર ભેળો ન થાય. જ્યારે કર્મની સાબિતી પુરી થવા આવી ત્યારે દરેકને કર્મની શ્રદ્ધા આવવા લાગી. એટલે કર્મ તો ખરૂં. પણ તેના ફળને દેનારો કોઈ જોઈએ! માટે ત્યાં ઈશ્વરને ગોઠવ્યો. વકીલ હાર્યો જાય તેમ અપીલમાં ઘસડયો જ જાય. સામાન્ય બુદ્ધિવાળો સમજી શકે છે કે સાકર ખાઈએ આપણે તેમાં મીઠાશ, મરચાં ખાઈયે તો બળતરા થાય છે આ કોઈ કરવા આવે છે? તો ના. પણ તેનો સ્વભાવ છે. તો પછી કર્મમાં સ્વભાવ માનવામાં અડચણ શી આવી? શરદી, શ્લેષ્મ થયું તે બીજાએ કર્યું? તો ના.

પુદ્‌ગલની પરાધીનતા દેખી શકીએ છીએ. તેમ કર્મ ઉપર સિદ્ધાંત આવવા લાગ્યો ત્યારે ફલ દેનાર જોઈએ આ વાત તેઓ લાવ્યા. **अज्ञो जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः ईश्वरप्रेरितो गच्छेत्०** ॥ અજ્ઞાની લોકો પોતાના સુખ દુઃખમાં ઇશ્વર સુખ આપવા માંગે તો તે મળે તેવુ માને છે. સ્થાન સુખનું દુઃખનું મળે ત્યાં સુખદુઃખ કયાંથી આવવવાનું? ચ્હાય તો સ્વર્ગે કે નરકે જવાનું હોય તો ઈશ્વર મોકલે તો કર્મની થીએયરી આગળ તેઓને લાચારી છે. બાલકે શું બગાડયું કે સાડા નવ મહિના ઉંધે માથે લટકાવી દીધો! બાલક ઉપર સોટો ચલાવનાર કઈ સ્થિતિનો? બાલક ચ્હાય જેવા ગુનાવાળો હોય તો પણ તે માફ કરાય છે. જન્મ્યા પછી રોગ હેરાનગતિ વેદના તે બધું ઈશ્વરનું ને? ઈશ્વરને બાલક ઉપર દયાનો લગીરે છાંટો છે? ના. આવી સ્થિતિ આવી ત્યારે ઘાતકી કામો બધાં ઈશ્વરને માથે જવા લાગ્યાં. ચોરી જુઠ હિંસા. રંડીબાજી તે બધા ઈશ્વરને માથે ચડે છે, કર્મના ફલ દેનાર તરીકે જોઈશે ને? મોર નાટક કરતાં રળીયામણો દેખાય પણ પાછળ પુંઠ દેખાય છે. તેમ ફલ દેનાર તે કહેતાં વિચાર ન આવ્યો કે ઈશ્વર અને કર્મનાં મીંડા વળશે.

ઇશ્વર કર્તા નથી.

અત્યારે આજે દુ:ખી થાય છે તે શાના અંગે? તો પહેલાં કરેલાં હિંસાદિ, ક્રોધાદિ તેને અંગેને? હા. તે તો ઈશ્વરે કરાવ્યાં હતાં. જલ્લાદ ફાંસીએ ચડાવે તેમાં જલ્લાદ કોઇ ગુનેગારીમાં આવતો નથી; તેમ તેને પહેલા ભવે હિંસાદિ કર્યાં હતાં તો બધાં ઇશ્વરના હુકમથી કર્યાં હતાં. તો પછી નવા કર્મ જેવી ચીજ કયાંથી લાવીશ? ફલ એ કર્મ અને કર્મ એ ફલ. પહેલા ભવનાં કર્મના ફલ અહિં ભોગવાતાં કર્મ, કર્મનો સંબંધ કયાંથી? જ્યાં કર્મને માથે મીંડા ત્યાં ઇશ્વરને માથે મીંડી આવી ગઈ. દયાળુ માણસ હોય તે તો તેને માફી આપે. કર્તૃકતા નથી રહેતી. અને ફલ દેનાર માને તો કર્મની કર્તૃકતા ઉડી જાય.

જૈનો ઇશ્વર કેવા માને છે?

જૈન મતમાં પેટ પુરવા માટે ઈશ્વરને આગળ કરતા નથી. હવાલો દેનાર તરીકે નથી. તો જૈનોએ ઈશ્વરને માન્યા શાથી? સૂર્ય અને ચંદ્ર ઉગ્યો તે માનો છો કે? તે શા માટે ઉપયોગી? તો સારી નરસી વસ્તુ દેખાડનારો છે તેથી. તે જેમ વસ્તુને દેખાડનાર છે પણ વિખેરનાર કે ઉખેડનાર નથી. તેમ જૈનો પરમેશ્વરને માને તે વસ્તુને દેખાડનાર તરીકે, નહીં કે લેણદેણના ચોપડા રાખનાર તરીકે. કર્તા તરીકે કે કર્મના ફલ દેનાર તરીકે ઈશ્વર નથી માનતા. સ્વરૂપ દેખાડનાર તરીકે ઇશ્વરને માનવામાં આવે છે. તો ઈશ્વરનો ઉપકાર કયો? વચન, સૂર્યનો ઉપકાર' તેનો પ્રકાશ, જ્યોત, તેજ તે આપણને ઉપકાર, કરે છે. તે ન હોય તો પછી દીવો, તે દીવો કેવો? તો પ્રકાશ વગરનો, તેજ વગરનો, પ્રકાશ વિનાનો ચંદ્ર હોય તો નકામું. જેમ તાપ વગરનો સૂર્ય, પ્રકાશ વગર ચંદ્ર તેજ વગરનો દીપક. તેમ વચન વગરના એક વખત જિનેશ્વર માને તો, વચન વગરના જિનેશ્વર કેવા? તાપ, પ્રકાશ અને તેજ સિવાયના સૂર્યાદિ જેવા. દીવો, ચંદ્ર, સૂર્ય ઉદ્યોતને અંગે મનાય છે. તીર્થંકરો મનાય છે તે વચનના અંગે

તીર્થંકરો તીર્થંકરપણું મેળવે છે તે શાના માટે? તીર્થંકરપણાનું ફલ શું માન્યું? તો વચન.

**જિન નામ કઇ રીતે ભોગવાય? અનુકંપાના વિરોધીઓને વિચારણીય.**

શાસ્ત્રમાં કર્મની પ્રકૃતિ ૧૨૦ ગણાય છે તેમાં ૧૧૭ કર્મના ઉદયે-પાપના ઉદયે, ફક્ત ત્રણ જ પ્રકૃતિ આત્માના ગુણને લીધે. જિનનામકર્મ અને આહારક શરીર અને આહારક અંગોપાંગ. જિનનામકર્મ સમકિતને અંગે આહારક તે સંયમને અંગે છે માટે જિનનામકર્મ તે ઉદયને લીધે બંધાતું નથી. હવે આ વાત ધ્યાનમાં રાખશો! જેઓ દુઃખ અનુકંપા ઉપર ધક્કો મારે છે. તેના મતે અરિહંતપણું એટલે મોટી આફત. ચોત્રીશ અતિશયોમાં મારી ન હોય તે અતિશય. એના કર્મે મરે અને એના કર્મે જીવે, તેમાં શો સંબંધ. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ-રોગ-સ્વપર ચક્રભય ન હોય, સમકિતમાંથી તીર્થંકર નામકર્મ અને તેમાંથી આ બધી ઉપાધી, અનુકંપામાં ૧૮ પાપસ્થાનકવાળાઓ તીર્થંકરના ફલમાં ૧૮ પાપસ્થાનક ગણે કે બીજું કંઈ. તીર્થંકરપણુ વીશસ્થાનકથી બાંધેલું તેથી ચોત્રીશ અતિશય થયા, આતો જગતની મારી વિગેરેને માટે ઉપકારક થયા, એકલા સાધુ માટે નહી. ચોત્રીશ અતિશયોમાં ૧૯ અતિશયો દુનિયાદારીના સંબંધવાળા છે. સીધો ધર્મ સાથે સંબંધ નથી. તીર્થંકરપણામાં શું મેળવ્યું? તેનું ફલ દેશના વચન. મુખ્ય ફલ કયું? તે સમજો. જે જિનનામકર્મ બાંધ્યું તે ભોગવાય કઇ રીતે. "धम्मकरा देशनाएहिं" અગ્લાન દેશનાએ. જિન માનવાની જડ કઈ? દેશના. આદિશબ્દથી કેટલાક કહે છે કે પૂજા લીધી. ધર્મદેશના તેજ જિનનામકર્મનું ફલ પોતે જિનનામકર્મ કયા મુદ્દાથી બાંધ્યું? જગતનો ઉધ્ધાર કરૂં? જગતના ઉદ્ધારથી બાંધેલું જિનનામકર્મ તે ઉધ્ધાર રૂપે ફલે માટે મુખ્ય ફલ અગ્લાનપણે ધર્મદેશના તે જિનનામકર્માનું ફલ છે, તેને બીચારાને ગૌણપણું નડે છે. કર્મમાં બે મત થાય તેમ નથી કેમકે તેના પુસ્તકોમાં લખેલા છે. પછી તેમના મતે તો

તીર્થંકર ૧૮ પાપસ્થાનક ઢગલાબંધ બાંધવાના, એક જીવે તો ૧૮નું પાપ બાંધે. તો મારી અતિવૃષ્ટિના નિવારણથી કેટલા જીવ્યા? તેથી તેમનો પાર રહેવાનો નહી. શ્રાવકોના છોકરાઓને ભરમાવવા હોય તો આઠ કર્મ પાંત્રીશ બોલ કહે પણ તેમાં સંસારનું ખાતું કયા ઠેકાણે આવ્યું. તે મને જણાવો ? તે કયાંથી કાઢયું ? પછી પ્રકૃતિ શાની ગણાવે છે? તો લોકોને ભાંડવા માટે. અહીં તીર્થંકરને સંસારખાતામાં નહિ નાંખી શકે. મહાવીર મહારાજે ગોશાળો બચાવ્યો તે ભૂલથી તેમ કહેવા પાછા પડે તેમ નથી. તીર્થંકરના અતિશયમાં ભૂલ્યા કહેવાય તેમ નથી. આ અધિકાર ભગવતીના કયા શતકમાં કઇ અવસ્થામાં કહ્યો, તો કેવલી અવસ્થામાં કહ્યો ત્યાં અનુકંપાથી બચાવ્યો તેના કરતાં મારી ભૂલ થઈ તેમ જણાવવું હતુંને ? મહિમામાં હતું તે જણાવ્યું. જેઓને ભાન નથી કે આ વચન છદ્મસ્થપણાનું છે કે કેવલીપણાનું ? કેવલીપણાનું છે તેમાં સુધારેલું નહી અને તે તારે સુધારવું છે, તીર્થંકરપણું દેશનાને અંગે છે તેને પૂજાને અંગે કહેવું તેનો શો અર્થ ? લગ્ન કોનું નામ ? હાથ મેલાપ થાય તે, પણ મોટો વરઘોડો તે તમાશોને ? ના, તે તો એક રીતિ તરીકે છે. વસ્તુ તરીકે કેવલ દેશના માટે વચન છે.

**ગણધરો એ બાર અંગની રચના કરી તેના પર તીર્થંકરની સહી.**

તીર્થંકરને માનીએ તે વચનના આધારે તેમને આગલ ચલાવીએ છીએ. વચનનો મહિમા જગત અને કુદરતે ગણ્યો. મહાવીરના શાસનમાં બીજાઓને કેવલજ્ઞાન ઉપજે તેનો મહિમા ઈન્દ્ર કરે નહી, પણ બાર અંગની રચના ગણધરો કરે તે વખતે ઈન્દ્ર મહારાજ વાસચૂર્ણનો થાળ લઇને ઉભા રહે અને પુષ્પવૃષ્ટિ કરે તે નિયમ. કદાચ શાસ્ત્રનો મહિમા તમે કહો તો ગૌતમને આનંદશ્રાવક આગળ મિચ્છામિદુક્કડં દેવાનો વખત આવ્યો; આવાના વચન ઉપર આ બધું ને ? પહેલાં આ શાસ્ત્ર ગણધરોનું સ્વતંત્ર નથી. સિસ્તેદારે ચ્હાયજે લખ્યું પણ સહી કરી મેજિસ્ટ્રેટે,

તેમાં હુકમ કોનો? મેજિસ્ટ્રેટનો. તેમ ગણધરો એ ૧૨ અંગની રચના કરી તેની પછી તીર્થંકરે ઉઠીને તે બરોબર છે અને ધારણ કરવું તેમ કહીને વાસક્ષેપ કર્યો. "दव्वगुणपज्जवेहिं" દ્રવ્ય ગુણ પર્યાયથી તને તીર્થ અને શાસનની આજ્ઞા આપું છું. સહી કોની? તો કેવલીની, આથી અત્ર એકલો ગૌતમસ્વામિજી ઉપર ભરોસો રાખવાનો રહ્યો નહીં; બાર અંગની રચના તે તીર્થંકર કેવલીની સાક્ષીવાળી છે. હવે ગૌતમગણધરને તે વખતે કેવલજ્ઞાની તો માનતા નથીને? ના. સૂત્રના આધારે જેને ચાલવું. સૂત્રમાં અવધિ શબ્દ વપરાયો તેના ભેદો કહેવામાં આવ્યા "अनुगामिवड्ढमाणय" નીચે નીચે વધારે વધારવાનું ઉંચે જાણે તેના કરતાં નીચે વધારે જાણે; સૌધર્માદિ વિમાનવાળા ઉંચે પોતાની ધ્વજા સુધી દેખે નીચે રત્નપ્રભા જેટલું દેખે, આનંદ શ્રાવકે નીચે ઓછું અને ઉપર વધારે જોયું. અહિં જ્યારે દોઢરાજ અને અહીં લાખો યોજનોની સંખ્યામાં ન આવે તેવું અવધિજ્ઞાનનું સ્વરૂપ તે અવધિજ્ઞાનનું માની એ ક્ષયોપશયમની વિચિત્રતા છે. તેવી જાતનો ક્ષયોપશમ આનંદ શ્રાવકને થયો તેથી મહાવીર મહારાજે કહ્યું તે આપ્તમતનો થયો તેથી કબુલ કર્યું, એજ ખુબી છે કે-મહાવીર ભગવાનના વીતરાગપણામાં ગૌતમસ્વામિ એટલે જમણીભૂજા, આનંદ શ્રાવક એટલે ગૃહસ્થ, કુટુંબ કાજ ઘરબાર છોડીને બહાર પરામાં રહેલા વર્ષોથી જેને છોડી દીધેલું છે. ૫ાા વર્ષ પ્રતિમામાં ગયા અને આવી રીતે જેને ગામમાં જવું આવવું નથી. તેવાની ખાતર પોતાની જમણી ભૂજાને નમાવી દીધી. જમણી ભૂજા સરખા ગૌતમસ્વામિ જેવાને મોકલ્યા. ગૌતમ સ્વામિ જેવાને ભગવાન મહાવીર જે આદેશ કરે તે વીતરાગપણામાં ખામી હોત તો કરી શકત ખરા? ના. એજ વીતરાગપણાની નીશાની. આ બધા ઉપરથી તત્ત્વ એ કે શાસને કેવલજ્ઞાનનો મહિમા જેટલો નથી ગણ્યો તેટલો મહિમા શાસન સ્થપાય ત્યારે જે બાર અંગ રચાય છે તેનો ગણેલો છે. છોકરૂં

જન્મે તેનો ઘેરેઘેર ઓચ્છવ, પરણવામાં ઓચ્છવ નથી. વેપાર મોટો કરે તે વખતે જન્મ જેવો ઓચ્છવ નથી તેમ શાસન–તીર્થંકરનું વચન ખરેખર શાસનના ભવિષ્યમાં થનારા તીર્થંકરોનું મૂલ સ્થાન, બધાનો કલ્યાણનો જે મહોત્સવ એ વચનના કારણે છે, તેથી તીર્થંકરના વચનોની આરાધના કરો તો જ ધર્મ છે. વક્તા કેવા છે. વચન સ્વરૂપે કેટલું બધું જરૂરી છે. તેના વિષયો કયા, હેતુ શો, ફલ કયું તે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૩૯ 卐

**'वचनाराधनया खलु'**

**સર્વ આસ્તિકોની માગણી એક.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડષક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં જેટલા આસ્તિક મનુષ્યો છે, તે સર્વ દેવ ગુરૂ ધર્મને માનનારા છે. શા માટે માને છે? જો કે જૈનેતરો પરમેશ્વરને સૃષ્ટિકારક તરીકે, ગુરૂને વેશકુલની અપેક્ષાએ, ધર્મને આચારની અપેક્ષાએ માને છે. છતાં માને છે શા માટે? એક જ વસ્તુ માટે, કઇ' તો મોક્ષ માટે. આસ્તિક વર્ગ માત્ર મોક્ષને માનનારો છે. ઈશ્વરને સૃષ્ટિકર્તા માનીને તેની આરાધનાથી શું માંગે છે? ગુરૂને દેશ કુલની અપેક્ષાએ માનીને, ધર્મને બાહ્ય આચારવાળો માનીને તેની આરાધનાથી મેળવવા શું માગે છે? તો કેવલ મોક્ષ. સર્વમત-વાળાએ આ જગતને અસાર દુનિયા તરીકે માની છે. સંસારને માયામય, જંગલ અને સમુદ્ર તરીકે વર્ણવ્યો છે. કોઈપણ આસ્તિક આ સંસારને સાર તરીકે વર્ણવવાવાળો નથી.

**સંસાર એટલે શું?**

કેટલાક નાસ્તિકની જડવાળા વાકયને, ધાતુને, ઉપસર્ગને ન

સમજે અને કહેવા તૈયાર થાય છે. શું કહેવા તૈયાર છે? તો અત્યંત સાર છે જેમાં તે સંસાર કહેવાય. આને ખ્યાલ નથી કે-ઉપસર્ગ ધાતુથી જોડાય કે શબ્દથી? શબ્દ જો ઉપસર્ગથી જોડાતો હોય તો સમ્યક્દર્શન એ શબ્દ ઉમાસ્વાતિજીને કહેવો ન પડત. સમદર્શન કેમ ન વાપર્યો? બીજાઓ ભલે સંદર્શન કહેવા જાય છે. પણ શાસ્ત્રકાર ના કહે છે. કારણ! દર્શન શબ્દને તૈયાર કર્યા પછી સમ્ ઉપસર્ગ જોડાય જ નહીં. તે ધાતુની પૂર્વે હોય તે નિયમ છે આ ખ્યાલમાં રાખીને વિચાર કરો. **विवदते विवाद, विशेषेण वदति विवाद,** વિવાદ કોને કહો? વિરુદ્ધવાદ તે વિવાદ **विरुद्धो वादो विवाद** ઉપસર્ગની સાથે બોલો તો વિશેષ અર્થ થાય. વિશેષે બોલવું તે વિવાદ તે નહી બોલી શકો. અહીં વિરૂદ્ધવાદને વિવાદ કહો તો પછી સમ્યગ્દર્શનની જગો પર સમ્-ઉપસર્ગ કેમ ન મુકયો? તેમ અહીં આગળ સમ્યક્સાર લેવો પડે પણ સંસાર વાપરતાં **संसरणं सृ** ખસવું, અત્યંત ખસવું. એટલે કોઈ જગો પર આ જીવ સ્થિર નહીં.

**મોક્ષ સિવાયનાં બધાં સ્થાનો આ આત્માને અશાશ્વતાં છે.**

એક જ સ્થાન આજીવ વિષે સ્થિર હોય છે. તે કયાં? માત્ર સિદ્ધિ સ્થાનમાં. ચોરાશી લાખ જીવાયોનીનાં સ્થાનો તે સરકવાવાળાં, ભાવનાની જગો પર '**सव्वाणि ठाणाणि असासयाणि**' જગતના જેટલા સ્થાનો તે બધા અશાશ્વતા સ્થાનો છે. ચ્હાય તો નીચે નારકી, ઉપર સર્વાર્થસિદ્ધે જાય પણ તે એકે સ્થાન શાશ્વતુ નહી. શાશ્વતુ સ્થાન એક જ મોક્ષ. તે સિવાય જગતમાં કોઈ શાશ્વતુ નથી. અશાશ્વતા બધા તેમાં ફર્યા જવાનું તે કર્મને આધિન, છે. પ્રાણીઓ જેમાં ભટકે છે તેનું નામ સંસાર. દરેક આસ્તિકે આ અર્થ માનેલો છે.

અત્યંત ભટકવાનું કહીને બીજાની માફક એક જ જન્મ માનીને બેસવાનું નથી. બીજા કેટલાકો પુનર્જન્મ માને તે એક જ જન્મને અંગે, આ ઘોર-કબરમાં રહેવાના, ન્યાયના દિવસે તેઓને

હાજર કરશે, જે પ્રમાણે કર્મો હશે તે પ્રમાણે બેસ્ત કે દોજખમાં મોકલશે. પછી પુછો કે ત્યાંથી નીકળશે કયારે ? અને કયાં જશે ? તે પ્રશ્ન કરો તો તમને જુવાબ ન આપે. કેમ ? તેના શાસ્ત્રમાં તેટલા જ પુરતી વાત છે. આસ્તિક બધો વર્ગ તે જીવને ભટકવાનું માનનારો છે. માટે સંસાર-અત્યંત રખડવું જેમાં જીવો કર્મને લીધે કરી રહેલા છે તેવું જે સ્થાન તે સંસાર. સંસારને માનેલો હોવાથી સર્વ આસ્તિકો સંસારના વૈરાગ્યને તત્ત્વ માનનારા છે. કોઈ સૌભાગી સંસારને તત્ત્વ બોલનારો ન હોય. જે આસ્તિકતામાંથી બહાર નીકળ્યો હોય તે સંસારને તત્ત્વ બોલે. દરેક આસ્તિકોએ સંસારને સમુદ્ર-જંગલ-દાવાનલ તરીકે માનેલો છે, તે પાર ઉતારવા માટે દરેક આસ્તિકો દેવ, ગુરૂ ધર્મને માને છે. પછી તે ચ્હાય જેવા માને પણ માનવામાં કારણ મોક્ષ છે.

**આભિગ્રહિક મિથ્યાત્વી કોણ હોય ?**

સંસારથી પાર ઉતરવા માટે અભવ્ય જીવ તો આસ્તિકપણાના નામમાં પણ ન હોય તેમ કેટલાક કહે છે. આભિગ્રહિક મિથ્યાત્વ કોને હોય? દેવ ગુરૂ ધર્મને માને પણ તે કુદેવાદિને માને તેને, નાસ્તિક જેવાને જીવ નથી, ધર્મ નથી, દેવ નથી, તેવું માનનારને આભિગ્રહિકમાં નથી લીધા. જેને અમુક દેવ ગુરૂ ધર્મને માન્યો છે, તેને આભિગ્રહિકમાં કહેવામાં આવે છે. અભવ્ય તેમાં પણ આભિગ્રહિક ન હોય. કારણ આસ્તિક માત્ર મોક્ષને માનનારા છે. જે કુદેવાદિને દેવાદિ માને છે છતાં મોક્ષ મેળવવા માટે માને છે. જ્યારે મોક્ષ માટે માને છે ત્યારે અભવ્યને મોક્ષની શ્રદ્ધા ન હોય. મોક્ષ શબ્દની શ્રદ્ધા નહીં. કીડી દબાણમાં આવે તો તે છૂટવાનો વિચાર કરે કે નહિ ? સંસારથી છૂટવાવાળા આસ્તિકો સંસારથી છુટવાની બુદ્ધિ હોવાથી આભિગ્રહિક હોય પણ અભવ્યને આભિગ્રહિક મિથ્યાત્વ હોયજ નહિ. આભિગ્રહિક દેવાદિને માને તે મોક્ષ માટે ! મોક્ષની અભવ્યને શ્રદ્ધા ન હોય, સકલ કર્મ જન્મ-મરણ રહિતપણું - કેવલદર્શનજ્ઞાનાદિસહિતપણું મોક્ષમાં

હોય તે બધા માનતા નથી, આવો મોક્ષ કોઈ પણ માનતું હોય તો માત્ર જૈનો. શુકલપણું, અભવ્ય ભવ્યનો વિભાગ જૈનોને અંગે પડે. તેવી રીતે પણ મોક્ષ માનનારાઓ દેવ ગુરુ ધર્મનું આરાધન મોક્ષ માટે કરે છે.

કાર્યને યોગ્ય કારણ.

જૈનોએ માન્યો એવો મોક્ષ અવ્યાબાધ અપુનર્ભવવાળો મોક્ષ બીજા ન માને પણ મોક્ષને માને. તે માટે દેવાદિની આરાધના કરે તેવાએ જરૂર વિચારવું કે–જેવું કાર્ય કરવું હોય તેનું કારણ તેવું મેળવવું જોઈએ. ઘડો બનાવવો હોય અને સૂતર લે તો, લુગડું બનાવવું હોય ને માટી લે તો શું થાય ? સૂતર અને માટી તેમાં કારણ નથી, પણ માટી તે ઘટનું કારણ અને સૂતર તે કપડાનું કારણ છે. કાર્યને અનુકુલ હોય તેવું કારણ બુદ્ધિમાનો મેળવે. લણવાની દૃષ્ટિ છે ઘઉંની અને વાવે મકાઈ તો તે દૃષ્ટિ શું કામ લાગે ? જેમ મકાઈ વાવનારો ઘઉં લણવાની દૃષ્ટિ રાખે તે કામ ન લાગે તેમ જે કાર્ય કરવું હોય તેવાં કારણ ન મેળવે તો કાર્યની સિદ્ધિ થઈ શકે નહીં.

મોક્ષ ચીજ કઈ ?

મોક્ષનું કાર્ય તે કઈ ચીજ, મોક્ષ શબ્દ બધા બોલીએ છીએ પણ તે ચીજ કઈ ? આત્માના ગુણો સંપૂર્ણ પ્રગટ થાય, સર્વકાલ માટે સ્થાયી, અર્થાત્ કેવલદર્શન, કેવલજ્ઞાન, વીતરાગપણું અને અનંત સુખનો માલિક તે મોક્ષની ચીજ છે. માલિક ક્યારે બનાય ! મનના માન્યા માલિક બનવું તે બધા બની શકે. વિધિથી આ સેવન કર્યું હોય, મેળવ્યું હોય તેનો ઉપયોગ કરી શકે. તેના ઉપયોગમાં કોઈ આડો ન આવે તેનું નામ માલિકી, તે માલિકી કલ્પિત નહીં પણ વાસ્તવિક માલિકી, પોતાના કબ્જામાં હોય તે ઉત્તમ ચીજ હોવી જોઇએ. ધૂળનો ટોપલો કે હાડકાનો ઢગલો કબ્જે આવ્યો તેથી કંઇ નહીં, તેથી ઉત્તમ દશાની વસ્તુ હોય પણ તેનો ઉપયોગ ન કરે, ઉપયોગ કરે અને આડો

અંતરાય આવવાનો હોય તો તે પણ નહીં, માટે માલિક થયેલા ગણાવવું જોઈએ. આત્માની કેવલદર્શન, કેવલજ્ઞાન રૂપી ઋદ્ધિ તે વિધિથી મેળવી છે કે નહી ? તે ક્ષપકશ્રેણી રૂપી વિધિથી મેળવાય છે, કેવલજ્ઞાન, કેવલદર્શન, એવી ચીજ જેનાથી ચઢિયાતું જ્ઞાન અને દર્શન નથી માટે જણાવ્યું કે-શંકા કરી કે કેવલજ્ઞાને બધું જાણ્યું એ નિર્ણય કહો પણ બીજું નથી તે નથી જાણ્યું તેથી બધું જાણ્યું તેમ કહો છો. અહીં આગળ જે કેવલજ્ઞાનથી ભૂત, વર્તમાન, ભવિષ્ય તે સર્વકાલદેશભાવના દ્રવ્યોના જણાયા છે. જ્ઞાન તે જ્ઞેય કેટલું સરખું. એવું જે જ્ઞાન-દર્શન મલ્યું છે તેનાથી ઉત્તમ બીજુ જ્ઞાનદર્શન નથી એવું તેં મેળવી લીધું છે છતાં દરેક ક્ષણે તેનો ઉપયોગ છે.

કેવલદર્શન-કેવલજ્ઞાન જવાનું નહી પણ ઉપયોગ કરવાનો ખરો. તેનો ઘાત કરનાર રોકનાર કોઈ પણ નથી. સિદ્ધમહારાજના કેવલજ્ઞાન, કેવલદર્શનને કોઈ રોકનાર નહી, વિધિથી ઉંચામાં ઉંચું મલ્યું. હંમેશાં ઉપયોગમાં લેવાનું. વ્યાઘાત કરનારે કોઈ નહીં. ચોરના તાબામાં ધન આવ્યું તે ગેરરીતિનું, ચોરી કરીને આવેલો હોય તેવો માણસ ડાહ્યો હોય છતાં તેને શાહુકાર ન કહે. કારણ કે તે વિધિથી નથી આવેલું. વિધિથી આવ્યા છતાં ઉંચામાં ઉંચું હોવું જોઈએ. રેતીનો ઢગલો કબજામાં આવ્યો હોય તો તેને ભાગ્યશાળી કોઈ નથી ગણતું. રણ માટે કોઈ લડાઈ કરતું નથી. ઉદ્યોગ અને શહેર માટે લડાઈ થાય છે. જે હલકી ચીજ છે તેનો માલિક થવાને કોઈ તૈયાર નથી. તાબામાં રીતિસર કિંમતી છતાં તેને ઉપયોગમાં લેવાની શક્તિ ન હોય. તીજોરીમાં કોહીનુર મેળવ્યો, વિધિથી આવ્યો ઉંચો છે છતાં તીજોરીને શું ? ઉપયોગ તેને આધિન નથી. માલિકને આધિન ઉપયોગ છે. તેને આધીન હોવો જોઇએ. આત્માને કેવલજ્ઞાન ઉંચામાં ઉંચું મળ્યું છે. ઉપયોગ હંમેશાં કરે છે. છતાં માથે ડાંગ હોય તો નકામી, વર્તમાન કાલના

રાજાને રાજ્ય ચલાવવાનો હક, હુકમ કરવાનો હક પણ વડી સરકાર કહે કે ખસો એટલે ખલાસ. જેમાં એવાં વિઘ્નોના વાદળા ન હોય. તેમ સિદ્ધ મહારાજને કેવલજ્ઞાનાદિ પદ મલ્યાં તે કિંમતી છે કે નહીં? ઉપયોગ કરે છે કે નહીં? તેને રોકનાર કોઈ છે કે નહીં? તે પ્રમાણે કેવલદર્શન, વીતરાગપણું અનંત શક્તિ તેમાં પણ સમજવું. મનુષ્યપણામાં કેવલજ્ઞાન ઉપજે છે. વિધીથી ઉત્તમ છે. આત્માએ ક્ષપકશ્રેણિથી મેળવ્યું, ઉત્તમ મેળવ્યું, ઉપયોગ કરે, તેવા આત્માને રોકનાર કોઈ ચીજ જ નથી. આ સ્વરૂપ મોક્ષનું; જ્ઞાન દર્શન વીતરાગતા અનંતશક્તિને અંગે સ્વરૂપ છે તો તેનાં કારણે કેવા જોઈએ છે?

**મોક્ષનું સાધન ધર્મ.**

જે ધર્મ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રને મોક્ષનું સાધન માનનારો હોય તે જ ધર્મ મોક્ષનું સાધન ગણાય. જે દેવ ગુરૂ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની ટોચે પહોંચ્યા હોય, પહોંચે અને પહોંચાડે તેવા હોય તે જ મોક્ષના કારણોવાળા દેવ ગુરૂ. ધર્મના વિચારને અંગે જૈનેતરોએ દેવાદિ માનેલા સાચા કે જૈનોએ માનેલા સાચા? તેમાં ભરોસો શો! માટે આ કહ્યું કે મોક્ષ ને શાશ્વતો, જ્ઞાનસ્વરૂપ, દર્શન, વીતરાગતા અનંતશક્તિ સ્વરૂપ માનવો તેના સાધનો જે કરતા હોય તેને સમ્યગ્દર્શનાદિવાળા દેવ ગુરૂ માની શકીએ, ધર્મ તો દાન, શીલ, તપ અને ભાવ કહેવાય? વાત સાચી. ધર્મ એ મોક્ષનું કારણ સમજે છે કે નહીં? 'धर्म एवापवर्गस्य' મોક્ષને સાધનારો ધર્મ છે. સમ્યગ્દર્શનાદિ મોક્ષને સાધનારા તેમાં ફરક શો? દર્શનાદિને મોક્ષ માર્ગ કે ધર્મદાનાદિને મોક્ષમાર્ગ માનવો? પરિણામિ કારણ તે નિમિત્ત કારણ. જેમ ઘડો માટીથી થાય છે પણ કુંભાર ચક્ર દંડ વિગેરે જોઈએ. જેવો ઘાટ કુંભાર કરે તેવા આકારે માટી રહેવાની, માટીની સ્વતંત્ર સત્તા નથી કે તે આકાર કરે. ઉપાદાન કારણ માટી, નિમિત્ત કારણમાં કુંભાર અને ચક્ર આવે, આકૃતિ

વિગેરે રૂપીમાં ઉપાદાનથી મૂળ પદાર્થ હોય પણ કર્તા નિમિત્ત તો બીજા હોય; તેમ જ્ઞાન દર્શન ચારિત્ર તે મોક્ષના ઉપાદાન કારણ. ઉપાદાન કોણે ગણીએ ? જે મૂળ વસ્તુ કાર્યરૂપે પરિણમે તેનું નામ ઉપાદાન, વસ્ત્રમાં તાંતણા ઉપાદાન કારણ, તાંતણા વણાઇને વસ્ત્ર બન્યું. માટીનો આકાર થઈને ઘડો બન્યો તેથી માટી તાંતણો ઘટ અને વસ્ત્રનું ઉપાદાન કારણ અહિં આગળ મોક્ષમાં ક્ષાયિકસમ્યક્ત્વ રહે, વિરતિ અને તેની પ્રવૃત્તિમાં જે પરિણતિ તે ત્યાં પરિણમવામાં ઉપાદાન તરીકે સમ્યગ્દર્શનાદિ છે. માટે માર્ગ શબ્દ મેલ્યો છે.

**માર્ગ શબ્દની સાર્થકતા.**

'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षहेतवः' કહી શકે, કાવ્ય કરવા માટે પ્રજ્ઞા અભ્યાસ કારણ છતાં 'इति हेतु' એકવચન વાપર્યું તેમ અહીં વાપરી શકત. મોક્ષ ત્રણે મળીને છે માટે માર્ગ શબ્દ વાપર્યો. હેતુ વાપરી શકત, ત્રણે મળીને માર્ગ છે. ચાર મળીને પાલખી ઉપાડે તો ઉંચકનારા ચાર. દુનિયામાં ખાટલાના પાયા ચાર, એક ન હોય તો ખાટલો કામ ન લાગે, મોક્ષમાં સમ્યક્ત્વ આદિમાંથી એક ન હોય તો કામ ન લાગે. બહુવચન વિગેરેનું વિવરણ રહેવા દઈએ, પરંતુ માર્ગમાં શી ખુબી. પહેલાં પહેલાંને વટાવો એટલે આગલ્યું આગલ્યું આવે. માર્ગ એનો એ છેડે જાવ તો તે જ માર્ગ. દિલ્હીનો માર્ગ ત્યારે જ કહોને ? હા. તેમ અહીં સમ્યક્દર્શનાદિ એના એ, એક બીજાને ઉત્પન્ન કરે છે. હવે તે જ રહે છે. પહેલ વહેલું ઔપશમિકસમ્યક્ત્વ થાય. તેના જ લીધે ક્ષાયોપશમિક અને ક્ષાયિક. તેમ દર્શન એની વાટ ચાલી તે ચાલી માટે માર્ગ શબ્દ રાખ્યો, જ્ઞાન દર્શન ચારિત્ર સ્વરૂપ માર્ગ.

**જડની આપલેથી ફાયદો શું ?**

દાન, શીલ, તપ, ભાવમય ધર્મ છે. મય શબ્દ શા માટે તો તેની મુખ્યતા છે. દાન શબ્દ સમજીએ તેમાં દેવું તેટલું

સમજ્યા છીએ. પરંતુ ઊંડા ઉતરો! દેવું હોય તો તે પૌદ્ગલિક ચીજ. પુદ્ગલથી ઉપાડીને પુદ્ગલને આપી તેમાં લાભ શો? ઉપદેશ દે તે પુદ્ગલ નથી? તો તે પુદ્ગલ છે, ભાષાવર્ગણાના પુદ્ગલો કાઢ્યા, શ્રોત્રેન્દ્રિયના પુદ્ગલો ગ્રહણ કર્યા તેમાં ધર્મ શું થયો? તમે જે કંઈ કહો તે બધા પુદ્ગલો જ માનવા પડશે. જ્ઞાનદાન, અભયદાન કહો તેમાં પણ પુદ્ગલ ઉપર જવું પડશે. પુદ્ગલમાંધર્મ કાઢયો કયાંથી? જે દેવાનું લેવાનું બને તે બધુંપુદ્ગલથી છે? વાત સાચી છે. પુદ્ગલને દેવું તેમાં ધર્મ માનતા નથી. લે તેમાં ધર્મ માનતા નથી. પરંતુ ધર્મ કોને માનીએ છીએ? તો તત્ત્વાર્થમાં જણાવ્યું છે કે 'स्वस्यातिसर्गोदानं अनुग्रहार्थं' પોતાનો જે માલિકપણાનો ભાવ લોભ સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા છોડી દઈને બીજાને આપે. પછી બીજાની માલિકી, તેને મમતા કરવી હોય તો કરે. ન કરવી હોય તો ન કરે. પણ મારે મમતા નહીં કરવી. તેનું નામ દાન. શેઠિયાના કહેવાથી મુનીમે હજારો રૂપીઆ આપ્યા. તો ફળ મુનીમને કે શેઠને? તો શેઠને, મમતા માલિકી છોડી કોણે? તો શેઠે. મુનીમજીએ માલિકી મમતા છોડી? તો તેને હતી જ નહીં; જે કંઈ દાન દેવામાં આવે તેમાં પોતાનો પરિગ્રહ, મમત્વ થયો હોય તેને દૂર કરીને આપવું તે દાન.

**મમત્વને છોડીને આપવું તેનું નામ દાન.**

જ્ઞાન દાન દઈએ તેમાં ભાષાવર્ગણાદિ જ્ઞાન નથી. દ્રવ્ય જડથી ધર્મ થતો હશે! આ તો ચઉસ્પર્શી પુદ્ગલ છે ને? તેનાથી ધર્મ કઇ રીતે થયો? જ્ઞાન દર્શન આત્મામાંથી કાઢીને નથી આપ્યું. અતિથિસંવિભાગાદિ આપ્યું તે તો જડ છે. તેમાં ધર્મ કેવી રીતે થયો? આહાર, વસ્ત્ર, પાત્ર દે તો ધર્મ થવો ન જોઇએ. 'अप्पं बहुं वा' તેને પરિગ્રહ ગણ્યો છે. આહાર પાણીથી ધર્મ કેવી રીતે થયો? પુદ્ગલમાં ધર્મ કોઇ માનતું નથી. ભાષાવર્ગણામાં ધર્મ નથી માનતું. પુદ્ગલમય છે તેમાં ધર્મ માનતું નથી, પણ આત્માની પરિણતિમાં જ્ઞાનદાન અભય-

દાન વખતે જીવનો વિચાર કર્યો છે કે દેવાવાળો થઉં. જીવને અંગે, સુપાત્રને અંગે તેને અને સંયમને પોષુ તેથી લાભ માન્યો. કપિલા દાન દેતી હતી છતાં તેને દાન માનશો? તો તેને છોડવાનો વખત નથી; ખરેખર દાનમાં જડ કઈ? અનાદિ કાળથી મળેલી વસ્તુનો મમત્વભાવ છોડવો તે. કોઈ પણ કાળ એવો નહોતો કે જીવને મળેલ વસ્તુની મમતા નહોતી; તે મમતા છોડાવી હોય તો દાનધર્મમાં. શામાં દેવું તે માને છે, આટલું દાન થયું તેમાં કલ્યાણ. અનાદિ કાલના વિકારો ઉડી ગયા આથી દાન પરિણતિથી દેવામાં મોજ આવી. જેટલું દીધું, દઈશું તેટલું કલ્યાણ. મમત્વભાવ ઉપર કુહાડો નાંખવો.

**આત્માની પરિણતિ તે ધર્મ છે.**

પોષધ પ્રતિક્રમણ કર્યું તે પૌદ્ગલિક પ્રવૃત્તિ અને નિવૃત્તિ કે બીજું કઈ? તેમાં ધર્મ નથી, પણ મારા આત્માને કર્મ-બંધનથી બચાવું છું, આવી આત્માની પરિણતિ તે ધર્મ છે.

**આહાર પર કાબુ મેળવવા તપસ્યા.**

ભુખ્યા રહ્યા તેથી ધર્મ નહીં પણ આ જીવ આહારસંજ્ઞાથી ભવોભવ રખડયો, તંદુલિયામચ્છને મારા હાથમાં આવે તો કચરી નાંખુ આવી પરિણતિથી સાતમી નરકે જવું પડે છે. બધી ઇન્દ્રિયો જીભથી ખેંચાયેલી, આહાર તે જીભને ખેંચે શ્રોત્રથી શબ્દનો ઉપયોગ મુકીએ તો મુકીએ, તેમ ચક્ષુથી જોવાનો, ઘ્રાણથી ગંધ અને સ્પર્શનથી સ્પર્શ માટે ઉપયોગ ચાલ્યા કરે, પણ ન ધારીએ તો ભુખ જવાની નથી. ભુખ જીવની સાથે વળગેલી છે. આત્મા ખેંચે ત્યારે બીજી ઇન્દ્રિયો ખેંચાય પણ તે આત્માને ન ખેંચે. આહાર તે આત્માને ખેંચે. ખરેખર ડગલે પગલે સ્થિર થનારી ચીજ હોય તો રસના ઇન્દ્રિય. આત્મા ચ્હાય તેટલો શાંતિમાં હોય પણ પેટમાં ભુખ લાગી તો અશાંતિ થાય. બીજી ઇન્દ્રિયોથી અશાંત નથી થવાતું. આ રસના ઇન્દ્રિય આત્માને આકર્ષણ કરનારી. તેમાંથી છુટવું મુશ્કેલ પડે. લોહચુંબકે

ખેંચેલું લોઢું તે કેટલું આકરૂં પડે. તેમ આ જીવે આહાર સંજ્ઞાથી એટલું ખેંચાણ કર્યું તેથી જીવ ખસી શકતો નથી. આહારને વિગ્રહગતિ અને સમુદ્ઘાત સિવાય રોકાવવાનો ટાઇમ નથી. નિરંતર રહેવાવાળી સંજ્ઞા હોય તો રસના. આહારની ઉપર કાબુ મેળવવાનો રસ્તો તપશ્ચર્યા છે.

**તપસ્યા અભ્યાસથી આવે છે.**

તે સિવાય વાતોમાં વડા થાય તેમ નથી. દાનશીલ અને ભાવ વાતોથી થાય પણ તપસ્યામાં વાતોથી વડા થાય તેમ નથી. છ મહિનાની તપસ્યા રોજ ગાઈએ પણ આવતી નથી. તેમાં વાતોએ વડા નથી પાકતાં, વાતોએ વડા પાકે ? તપસ્યા સંસ્કારથી સોબતથી આવતી નથી, પણ અભ્યાસથી આવે છે. આ વિચાર કરશો તો તીર્થમાં તપસ્યાનો ભેદ. ચોવીશે તીર્થંકરોના શાસનમાં ક્ષાયિક દર્શન જ્ઞાન ચારિત્રનો ભેદ નહીં. તપસ્યાનો ભેદ પહેલા તીર્થંકરના શાસનમાં ૧૨ મહિના, બાવીશના શાસનમાં આઠ મહિના અને છેલ્લા તીર્થંકરના શાસનમાં છ મહિના. આ શું ? મર્યાદા. ભેદ શામાં ? તપસ્યામાં. કારણ ! વાતથી સંસ્કારથી આવવાવાળી ચીજ તપસ્યા નથી. દાન શીલ ભાવ મનના સુધારામાં આવી જાય તપસ્યા મનના સુધારા માત્રથી આવતી નથી. માટે તપસ્યા અનાદિના સંસ્કારો ટાળવા માટે છે.

**આત્માની ભાવના સુધારવા તપસ્યા છે.**

હમેશાં રહેલ અભ્યાસથી થવાવાળી ચીજ તપસ્યાને શિક્ષાવ્રતમાં કેમ નાંખી ? આહારપોષધાદિમાં તપસ્યા નાંખી, આહારને અંગે શિક્ષાવ્રતમાં મુકયું. વારંવાર કર્યો જા તો વધી શકીશ ! તે સિવાય વધાય તેમ નથી, અણુવ્રત ન હોય અને મહાવ્રત લે, આપ્ત સ્વભાવવાળો પરાક્રમી હોય તો સાધુ થાય. તપસ્યા એવી કે કુરગડુ જેવાને મુશ્કેલી પાડી. વાતોથી સંસ્કારથી ભાવનાથી આવનારી તપસ્યા નથી. બાળક વારંવાર પડયો આથડયો દોડે તો આગળ ધપે તેમ દોડવાવાળી તપસ્યા છે. બાલકની માફક એક

ઉપવાસે પારણું તેમ થોડા થોડા દહાડા જાય અને કરતો જાય. પારણું એટલે પતન. ધીમે ધીમે દોડે વધ્યા વધાય તેવું. કુદકો મારીને વધાય તેવું નથી. તે તો જેમ નાનાં બચ્ચાં પડ્યા આથડ્યા વિના મોટાં થયાં નથી તેમ પારણું કરતો જાય તપસ્યા કરતો જાય તેમ કરતાં કરતાં વધે. આહારસંજ્ઞાને કાબુમાં લીધા વગર મારો આરો નથી. માટે તપસ્યા આત્માની ભાવના સુધારવા માટે છે.

**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** બંધ અને મોક્ષનું કારણ મન છે. મન ખરાબ થાય તો બુદ્ધિમાં વિકાર થાય માટે મારે મનને કાબુમાં મુકવું જોઈએ, શાસ્ત્રને અનુકુલ હોય તે લઈ શકીએ, નહિ તો નહિ. ભાવના પોષણ માટે મનને બંધ અને મોક્ષનું કારણ કહ્યું, કર્મ બંધથી ડરીને મોક્ષની ઈચ્છાએ પવિત્ર સંકલ્પ કરવામાં દાન, શીલ, અને તપ છે. પ્રવૃત્તિ અને પરિણતિ કઈ? તો દર્શન, જ્ઞાન, ચારિત્રમય જે પ્રવૃત્તિ તે સંવરરૂપ છે, પરિણતિ નિર્જરારૂપ છે, તે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ આત્મા તે જ ધર્મ ગણીયે તેથી ગુરૂ. તેમાં પાળતા હોય અને પળાવતા હોય તે ગુરૂ અને જે ચાલીને ઉંચી કોટીને પામ્યા હોય તે દેવ.

**વીતરાગપણું એ પરીક્ષાની ચીજ નથી.**

તેવા દેવ, ગુરૂ ધર્મ ત્રણ જૈનેતરોમાં નથી કિંતુ જૈનોમાં છે. તે શાથી જાણ્યું? સર્વજ્ઞ ભગવાનના વચનથી. વીતરાગપણું પરીક્ષાની ચીજ નથી. રાગ નથી તે પરીક્ષાની ચીજ પણ વીતરાગપણું તે પરીક્ષાની ચીજ નથી. ખોળામાં સ્ત્રી નથી રાખી તેથી રાગ નથી, હથિયાર ન રાખ્યા તેથી દ્વેષ નથી તે કબુલ. પણ અંદર વીતરાગપણું છે તે માલમ ન પડે. વીતરાગપણું તે ખાત્રીની ચીજ નથી. રાગના સાધનો નથી તેથી જો વીતરાગ લઈએ તો સ્ત્રી, હથિયાર વિનાનાને વીતરાગ ગણવો પડે પણ તેમ નથી. કેમ? કાઉસગ્ગમાં રહેલા શ્રાવકને શું છે? તો તેને વીતરાગ ગણવોને? હવે આગળ ચાલીએ, વીતરાગ, અનંતા નિગોદમાં

વનસ્પતિમાં રખડે છે. કેમ ? ચમકશો નહીં ! અગિઆરમું ગુણ-ઠાણું વીતરાગનું છે, બંધ વિષયમાં રાગ નહિ. અગીઆરમે ગુણ-ઠાણે ગયેલા વીતરાગ પડીને કેટલા નિગોદમાં ગયા ? તે વિચાર કર્યો. અગિયારમાથી પડેલા અનંતા નિગોદીઆ થયા. વીતરાગ ઉપર શો ભરોસો ? વીતરાગપણાનો ભરોસો સર્વજ્ઞપણાના ઉપર ચોક્કસ; જેમાં સર્વજ્ઞપણું આવ્યું તેમાં વીતરાગપણું છે છે ને છે. જવાનું નથી. વીતરાગપણું સર્વકાળનું આવ્યા વગર સર્વજ્ઞપણું થતું નથી. માટે નિયમિત કરનાર સર્વજ્ઞપણું. આ ખાતરીવાળું સર્વજ્ઞપણું તે એવી ચીજ છે કે જે વીતરાગપણાની ખાતરી કરાવી આપે. વીતરાગપણું હંમેશનું રહેવાનું નક્કી કરી આપે.

**સર્વજ્ઞપણાની ઓળખ.**

સર્વજ્ઞપણું શી રીતે જાણવું ? સર્વજ્ઞપણું એ આત્માનો ગુણ અને તે ગુણ અરૂપી છે તે કઇ રીતે જાણીયે ? **यथा यथा मुश्चति वाक्यबाणं** જેમ જેમ વચન બોલે તેમ તેમ કયા કુલનો તે ઓળખાય, તેવી રીતે અહીં સર્વજ્ઞ ભગવાન વચનદ્વારાએ ઓળખાય. ભગવાન મહાવીરને ગૌતમસ્વામિએ સર્વજ્ઞ શાથી માન્યા ? તેમના આત્માને દેખીને ? તો ના. પણ વચનદ્વારાએ. જે પોતાના મનનો શંસય તે કોઈને નહિ કહેલો તેવાને છેદનારૂં વચન નીકળ્યું તેથી સર્વજ્ઞ માન્યા. તેમ અત્યારે પણ તેમના વચનદ્વારાએ થઇ રહે માટે એવું વચન સર્વજ્ઞપણાના દેવની પ્રતીતિ કરાવનાર છે તે ધર્મ. વક્તાદ્વારાએ વિષય કયો ? ફલ કયું ? ને અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૪૦ 卐

**'वचनाराधनया खलु'**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારના માટે ષોડશક

નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જેટલા આસ્તિકવાદીઓ છે તે સર્વ દેવ ગુરૂ ધર્મ ત્રણને માનનારા હોય છે. કોઇ પણ આસ્તિક દેવાદિ ત્રણને નાકબુલ કરનારો હોતો નથી. પરંતુ જે પરીક્ષાનો વિષય તે કેવલ ધર્મ. કારણ લોકોત્તર મતને હિસાબે ધર્મની ઉત્તમતા અને ધર્મની ઉત્તમતા ઉપર ગુરુની અને પરમેશ્વરની ઉત્તમતા છે.

**ગુરૂમહારાજ પાસેથી શું મળે.**

ધર્મ જેવી ચીજ ન હોત, ઉત્તમ ન હોત તો ગુરૂ દેવને માનવાનો વખતજ નથી. લોકોત્તર મતવાળા ગુરૂ શાના અંગે માનવાના? ધર્મનું સાધન પોતે કરે અને જગતમાં કોઇ પણ જગો પર નથી તેવું સાધન બતાવે માટે માનવાના છે. બતાવે કેમ? ચાર ભાઇ ભેગા થયા હોય તો ઘરનો વિચાર કરે, કુટુંબ ભેગું થયું હોય તો લગ્ન, વિવાહ, કારજનો વિચાર કરે, શેરી-વાળા શેરીનો, ગામવાળા ગામનો, દેશ–દેશનો વિચાર કરે પણ આત્માનો વિચાર કઇ જગો પર? શું ભાઇઓ ભેગા થાય ત્યાં, કુટુંબી ભેગા થાય ત્યાં, તેવીજ રીતે શેરી, ગામ, દેશવાળા ભેગા થાય ત્યાં આત્માનો વિચાર બને છે ખરો? તો તે વિચાર કોઈ ઠેકાણે બનતો નથી; ધર્મ સંબંધિ વિચાર ઘરના મેળા વિગેરેમાં મલતો નથી; ત્યારે ધર્મનો વિચાર કયાં મળે? કેવલ ગુરૂ મહારાજ પાસે મલે છે. જેમ વકીલ પોતાના ત્યાં બોર્ડ મારે છે તે કાય-દાની સલાહ લેવી હોય તેને અહીં, ડોકટર બોર્ડ મારે દર્દનું; તેમ અહિં બોર્ડ માર્યું કે–ધર્મ સંબંધી પુછવું હોય તો અહીં પુછવું. જેમ કાયદાનો કે દર્દનો ખુલાસો વકીલ કે ડોકટર પાસે ગયા વગર ન મળે, તેમ ધર્મ સંબંધી કંઈ જ્ઞાન મેળવવું હોય, જાણવું હોય, નિર્ણય કરવો હોય તો તેનું સ્થાન માત્ર ગુરૂ છે. ગુરૂની અધિકતા માત્ર ધર્મ કરે અને કરાવે તેને અંગે છે. ધર્મ જેવી ચીજ ન હોય તો ગુરૂની જરૂર નથી. તેમ દુનિયામાં રોગ ન હોય તો વૈદ, ડૉકટરની જરૂર શી? દુનિયામાં તકરાર ન થતી

હોય તો વકીલની જરૂર શી ? તેમ ધર્મ વસ્તુ ન હોય, કિંમતી ન હોય, કરવા લાયક ન હોય, પરીક્ષા કરવા લાયક ન હોય તો ગુરૂની કિંમત નથી. ધર્મ શાને અંગે કિંમતી તે જોઈ ગયા.

### ધર્મ કિંમતી શા માટે ?

અનેક કરતાં એક કિંમતી, એક પૈસાની ત્રણ પાઈ તો પાઈ કરતાં પૈસો કિંમતી, તેમ પૈસા કરતાં આનો, આના કરતાં રૂપિઓ કિંમતી, તેમ આવતી જિંદગીમાં જન્મ સારો, સારૂં શરીર, સારા સંજોગો તે કોના આધીન ? તો ધર્મને પુણ્યને આધીન છે પણ મા, બાપ, માલદાર, વર મેળવવા અક્કલવાળા નિરોગી થવું, માલદારપણું ટકવું આધીન નહી; પણ જેને આધીન કહો તેનું નામ ધર્મ, તમને બધી જોગવાઇમાં લઈ જઇ મુકે ત્યારે તમારી આંખ ખુલે. જોગવાઈમાં મુકવાનું કોણે કર્યું કોટીધ્વજને ત્યાં જન્મ્યા તે કોને આપ્યો ? નિરોગી મા બાપના કુલે જન્મ્યા તે કોને લાવીને મુકયા ? જેમાં દુનિયા દારીનો પ્રયત્ન નથી ચાલતો તેવો પ્રયત્ન જો કોઇનો ચાલતો હોય તો માંત્ર ધર્મનો, ભવિષ્યની જિંદગીના સ્થાનને સારું કરનારો ધર્મ, માટે કિંમતી.

### સાચા ધર્મની આશા કોની પાસે રખાય ?

જગતમાં ખપતી ચીજની નકલોનો દરોડો બહુ હોય માટે પરીક્ષા કરવી પડે છે. કિંમતી ન હોય તો દરોડો હોતો નથી. ધર્મ કિંમતી હોવાથી તેનું નકલીપણું થાય, તેથી પરીક્ષાને અવકાશ છે. સારો ધર્મ કયાં મેળવાય ? પરીક્ષા કયાં થાય ? ગુરૂ પાસે. ગુરૂ ઉપર નિયમ કેમ ? લોકોત્તરમત પ્રમાણે ગુરૂ ધર્મને માટે પહેલો ભોગ આપે તો ગુરૂપણું મળે. બીજામાં કુલ દેશ જાતિથી ચાલ્યું આવે છે. જૈનમાં દેશ વેષ કુલ કુટુંબ બાયડી વિગેરે મારૂં નહીં. વોસિરે ! શાના માટે ? કેવલ ધર્મ ખાતર, ધર્મને માટે આવો ભોગ આપનારા ગુરૂઓ છે, તેવાની પાસે ધર્મ મળી શકે. દુનિયામાં ધર્મના નામે પૈસા આબરૂ મોટા થવાનો કીમિયો કરવા ધર્મ ગુરૂ

થઈ બેઠા હોય ત્યાં સાચો ધર્મ મળે નહીં. દુનિયા જેમ રમા રામાનો જાપ ચોવીશ કલાક કરે, તેમ ગુરૂ થયા પછી જેઓ ચોવીશે કલાક રમા રામાનો જાપ કરી રહ્યા છે. તે સાચો ધર્મ બતાવે કઈ રીતે? જેને ધર્મને અંગે ભોગ આપ્યો નથી. સાધનારાએ તેવાની પાસે ધર્મની આશા રાખવી તે નકામી છે. મા, બાપ, ઘર, બાયડી છોડયું શા માટે? ધ્યાન રાખશો કે સ્થાનની, સંતાનની અને સગાસંબંધીઓની મમતા જાનવરથી છૂટતી નથી. તે મમતા મનુષ્યને છોડવી પડે શાથી? તો ધર્મને અંગે. ધર્મને અંગે આવો ભોગ આપીને નીકળનારા હોય તેની પાસે સાચા ધર્મની આશા રાખી શકાય; તેઓની-ઇતરોની જે શાંતિ તેનો જે ધર્મોપદેશ તે ૨૬મા બ્રાહ્મણ જેવો થાય, એક સમય સંક્રાતિના દહાડે એક શેઠ બ્રાહ્મણોને દાન આપતા હતા, ૨૫ બ્રાહ્મણ ભેગા થયા હતા તે બધા કહે કે શેઠજી મને આપો! મને આપો! એમ ઉપરાઉપરી પડે છે, શેઠ આપતા નથી, તમારે પ્રભાવના ધર્મને માટે વેહેંચવી છે, ધર્મીષ્ટોને આપવી છે છતાં દરોડો પડે ત્યારે દેનારને બંધ કરવું પડે; લેવાવાળાની અણધીરજ, પ્રભાવના દેનારા પર દરોડો પાડે, કપડાં વિગેરે ફાટે, દરોડો પાડનારાએ વિચાર કરવો કે આ પ્રભાવના કે લુંટાલુંટ! દરોડો પડે ત્યાં લુંટાલુંટ કહેવાય. દેવાવાળા પ્રભાવના દે, લેવાવાળા લુંટાલુંટ કરે છે. દેવાવાળો લાભ મેળવી જાય તે શા કામનું? તેમ પેલા સંક્રાંતિનું દાન, લેવાવાળા લુંટાલુંટ કરે તે વખતે પેલો ગાંઠડી ન છોડે તેમાં નવાઇ શી? શેઠ ગાંઠડી છોડે નહીં; પેલા કહે-શેઠ મને આપો! એમ કહે છે. ૨૬ મો બ્રાહ્મણ આ જોઈ રહ્યો છે. આ ૨૫ લુંટાલુંટ કરે છે, હવે શું કરવું? પેલો કહે મહાનુભાવો જરીક ધીરજ પકડો તો શેઠ આપે. બધાને અનુક્રમે ઉભા રાખ્યા, પછી તમારી મરજી માને તેને આપશો. ૨૫ ને ઉભા રાખીને ૨૬મો આગળ ઉભો રહીને શેઠજી આમાં નાંખજો! એ બધો ડોળ પોતાના ખોળામાં લેવાને માટે છે. જેઓ ભોગ મેળવવા માંગતા હોય અને વાતો ત્યાગ-વૈરાગ્યની કરે તેનો છેડો ક્યાં?

**આચાર પ્રકલ્પને જાણનાર હોય તે ઉપદેશનો અધિકારી છે.**

ધર્મના ઉપદેશકો, ધર્મના નામે બધું સર્વકાલનું સર્વસ્વનો ત્યાગ કર્યો હોય તેજ હોઈ શકે, ગુરૂપણાને લાયક પણ તે આપણે અક્ષરો સાંભળી ને જ્ઞાન લેવું છે. પછી ગુરૂ માલ મિલકતવાળા, બાયડીવાળા હોય, તેની પંચાત શી! આપણે કામ તો સાંભળવાર્થી છે, આમ ઠાકોરભાઈ જેવા કહે ત્યાં શાસ્ત્રકાર કહે છે કે એવું નથી. આ વાંચનનું જ્ઞાન ખરૂ, પણ ખડિયો લેખન કાગળ તૈયાર પણ લખવાવાળો ભમરડો વાળે તો? ભલે ખડિયો લેખન કાગળ સારો હોય પણ તે શા કામનો? તેમ અહીં આગળ જે જ્ઞાન ધર્મ કલ્યાણ માર્ગ બતાવનારા તે ધારણાએ એવા આવ્યા વગર રહે નહી. માટે ધર્મના ઉપદેશનો અધિકાર કોને? તો જેઓ ભોગ આપીને નીકલ્યા હોય તેને અધિકાર. આ વાત વિચારશો તો "धम्मो जिणपण्णत्तो" ધર્મ જિનેશ્વર મહારાજે કહેલો છે, ત્યારે ગુરૂએ તો અનુવાદ કરવાનો છે. તે કરે કોણ? "पक्कप्प जइणा" સર્વસ્વનો ભોગ આપીને નીકલ્યો હોય, દુનિયામાં પોતાનું કંઇ નથી તે કહેવું હોય તેવી રીતે જે નીકળેલો હોય તે ધર્મના અંગે ભોગ આપનારો છે તેથી તે ધર્મનું સાચું સ્વરૂપ સમજાવી શકે. માટે આચારપ્રકલ્પને જાણનારો હોય તેવો જે હોય તે જિનેશ્વર મહારાજ કહે છે કે મારા ધર્મને કહેવા માટે લાયક છે. તે સિવાય કહેવાને લાયક નથી.

**જૈનમાં ભોગ મેળવવા માટે ધર્મ સાધન નથી**

લોકોત્તર તત્ત્વમાં, ગુરૂને માન્યા તે નાત જાત દેશ કુળના આધારે નહી પણ ધર્મના આધારે છે. જેને આટલો ભોગ દીધો હોય તેટલું નહી, કેટલાક દેશ હોય તો તેનો ભોગ દે, ભવિષ્યમાં સંઘરવાનું નહિ તેવી પ્રતિજ્ઞાવાળા જ ધર્મનો ઉપદેશ દે. અને તેનાથી ધર્મની પ્રાપ્તિ થાય, કુતરાને બરફીનું ઢેકું મુકયું હોય પણ અંદર ઝેર હોય તો? મુગ્ધ મનુષ્યો એ બિચારા ધર્મને દેખે પણ પેલાએ ભોગ સાધનમાં શું કર્યું તેનો નિયમ નથી;

અરે અર્જુન! મને શરણ આવ! હું તને બધા પાપોથી છોડાવીશ! ઇજારો પોતાને ત્યાં હશે? તેઓએ ધર્મને ભોગ મેળવવા માટે સાધન તરીકે ગોઠવી દીધો છે, માટે લોકોત્તર તત્ત્વમાં ગુરૂની કિંમત ધર્મના આધારે, દેવની કિંમત પણ ધર્મના આધારે, રાજપાટ છોડીને પરિષહ ઉપસર્ગ વેઠીને કેવલજ્ઞાન મેળવે ત્યારે દેવપણામાં આવે.

### તીર્થંકરોનો જન્મ રાજકુળમાં કેમ?

તીર્થંકરો રાજકુળમાં જન્મે, બીજે જન્મે તો આશ્ચર્ય. તીર્થંકરના જન્મને અંગે બ્રાહ્મણનું કુળ હલકું ગણ્યું. ગણધરોને માટે વાત ચાલી ત્યાં તો ઉત્તમકુળ ગણ્યું. આથી આમાં જાતિ દ્વેષની ગંધ આવે છે? બ્રાહ્મણની જાતિને હલકી પાડવા માટે આ કહેવું પડયું? જો હલકી પાડવી હોત તો તે કુળમાંના ગણધરો બ્રાહ્મણ કુળનાને? તો તે ઉત્તમકુળ ઉત્તમવેષ કઈ રીતે કહેત. હલકું કયા મુદ્દાએ કહીએ છીએ તે જરા સમજ! જે મુદ્દો ન સમજે તે બીચારો પાંચ વીશી અને શોનો વિરોધ પાડે જાય છે તેના જેવો છે. તમારૂં ઠેકાણું છે? તે બોલનારમાં નથી કે તને સમજવાનું ઠેકાણું નથી. અહીં આગળ તીર્થંકરોને અંગે બ્રાહ્મણ-કુળ અધમ ગણવામાં આવે. તીર્થંકરો રાજ્યમાં ઉછરે, રાજ્યશ્રી કરતાં વધે, ઈન્દ્રમહારાજ ગર્ભાપહાર પછી તે જ્યાં રાજ્યશ્રી પાલન કરતા હોય. બ્રાહ્મણોમાં તે ન હોય તેથી તેની ઉત્તમતા ન લે તે વાત જુદી હતી. ગણધરોમાં રાજ્યશ્રીનો સંભવ નથી તેથી તેને ઉત્તમ ગણ્યું. આમાં જાતિદ્વેષની ગંધ કયાંથી આવી, રાજ્યશ્રી કરતા પાલતા હોય ત્યાં તીર્થંકરને લાવીને મુકયા. તીર્થંકરો તેનો ત્યાગ કરવાના ચોક્કસ, અનંતા જીવો ગૃહલિંગે, અન્યલિંગે મોક્ષે ગયા પણ એકે તીર્થંકર ગયા નથી જતા નથી અને જશે નહી. પણ માત્ર સાધુપણામાં કેવલજ્ઞાન પામીને મોક્ષે જાય. અહીં ત્યાગી થવાના તે વખતે આખી શાસનની છાયા

રાજ્યના ત્યાગની. ધર્મને માટે રાજ્યનો ભોગ આપીને નીકળ્યા હોય તેની જે છાયા પડે તે જુદી પડે.

બાળ. મધ્યમ અને પંડિત શું દેખે ?

ગુરૂ ભોગ આપનારા જોઇએ, તીર્થંકરો ઉંચામાં ઉંચો ભોગ આપનારા જોઈએ. પહેલા ભવોમાં ભોગનો ભોગ જેઓએ આપ્યો હોય તે તીર્થંકર બને. દેવપણું પણ ધર્મને માટે ભોગ આપે તેને જ અંગે છે. જેને ભોગનો ભોગ આપેલો હોય તે જ ધર્મ તત્ત્વ કહી શકે; તે જ સમજાવી શકે. પરીક્ષામાં ખરો નિર્ણય આપી શકે. ધર્મના આધારે દેવ ગુરૂની કિંમત છે.

ધર્મની કિંમત શાના આધારે ? દુનિયામાં પરીક્ષા કરનારા જુદી જુદી સ્થિતિના હોય. તાકા ઉપર છાપ હોય તો બચ્ચું લેવા તૈયાર, તેવી રીતે ચળકાટને સમજનારો તેને લેવા તૈયાર. છાપ કયા પુરૂષની તો તેને સમજ્યો હોય તે કહે એટલે કઈ અવસ્થાની છબી છે તે ઉપર ધ્યાન દે. આ ધ્યાનમાં રાખશો તો તીર્થંકરની મૂર્તિમાં સ્રી હથિયાર નહી મલે. કેમ ? તો તેનો ભોગ આપીને નીકલ્યા છે. રાગ દ્વેષના સાધનોનો ભોગ આપીને નીકળ્યા છે. ભોગનો ભોગ આપ્યો હોય તેવી છબી જોઇએ. દરેક તીર્થંકર રાજઋદ્ધિવાળા તે કેટલા ? તો ૨૪ છે. સ્રીઓવાળા, હથિયારવાળા બધાની અવસ્થા કઈ ? તો જેમ બચ્ચું ચળકાટને દેખે, મધ્યમ કોનો છે તે દેખે, ત્યારે પંડિત હોય તે વ્યક્તિ નહી પણ અવસ્થા દેખે. અવસ્થા સિવાય વ્યક્તિ કે ચળકાટ ઉપર ન જાય. તેમ ધર્મને અંગે જે બાલકો ધર્મમાં પહેલો પ્રવેશ કરે, પહેલી જીજ્ઞાસાવાળા ધર્મના રીતરિવાજોમાં ઈર્યાસમિતિ વિગેરે પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ, આહાર, વિહાર, તપસ્યા, કાયકલેશ, લોચ વિગેરે. મધ્યમ બુદ્ધિવાળા વિચારને, કયા વિચારને ? તો સંયમ પાળે છે. બાળકો લોચ બાહ્યક્રિયા માત્રને દેખનારા, મધ્યમ બુદ્ધિવાળા વર્તનને વિચારનારા, તેનાથી ધર્મ પામે. ત્યારે જે સમજુ મનુષ્યો એ તેના તત્ત્વને ધ્યેયને સમજવાવાળા. ધર્મનું ધ્યેય શું ? ધ્યેય

કયા દ્વારાએ સમજાય? વચનદ્વારાએ. "आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन" પંડિત સમજુ અહીં ધર્મની પરીક્ષામાં નિપુણ, તેવા પંડિતો પરીક્ષા કરે કે–તે ધર્મથી કયું સિદ્ધ કરવા માગે છે? વકતાને ધર્મનું ધ્યેય જુદું હોય તો તે ન ચાલે. દૃષ્ટિએ દેખનારા અને સામાન્ય વિચારો જાણનારાને મહેનત કરવી પડે, પણ ધ્યેયવાળાને ઘણી મહેનત કરવી પડે. પંડિત સર્વ યત્નથી પરીક્ષા કરે. જે ધર્મના શાસ્ત્રો તેનું તત્ત્વ કયું છે? ધ્યેય કયું? પરમાર્થ કયો? તે તપાસે. તે શાસ્ત્રના પરમાર્થને તપાસવા માટે વચન.

**વક્તાની પરીક્ષા સ્હેલી નથી.**

દુનિયામાં વચનની કિંમત વક્તાના આધારે. વક્તાની પરીક્ષા સ્હેલી નથી. મનુષ્યની પરીક્ષા કરવી કેટલી મુશ્કેલ છે. 'સોનું જણાય કસીને અને મનુષ્ય જણાય વસીને'. વસવાટ કરો તો લાંબી મુદતે માલમ પડે. મનુષ્યની પરીક્ષા સોના કરતાં આકરી છે, વકતાની પરીક્ષા થાય તો વચનની પરીક્ષા, જુબાનીઓ પડે, પણ જેનાં વચનો સરખા હોય તે વક્તાથી સ્થિતિ ઉપર આધાર રાખે. સાક્ષીની સ્થિતિ ઉપર તેના વચનોની કિંમત તો પછી વક્તાની સ્થિતિ જોયા વગર વચનની કિંમત કરવા બેસીએ તો તેની સ્થિતિ કઈ થાય? સાક્ષીની સ્થિતિ જોયા વગર સાક્ષીના પુરાવા ઉપર જજમેન્ટ કરે તો તેની દશા કઈ? આગમ કહેનારાની પરીક્ષા કર્યા વગર જે વચનો ઉપર આધાર રાખવો ને સાક્ષીની જુબાની ઉપર કેસના ફેંસલા જેવી થાય. સાક્ષીની સ્થિતિ પહેલાં જોવી જોઈએ. માટે સાક્ષી, વાદી, પ્રતિવાદી બન્નેના હોય, કયાંનો? શેનો ધંધો કરે છે? તે બધું પૂછવું પડે છે.

**વીતરાગ વિના ધર્મ કહેવાનો હક નથી.**

અહીં આગળ ધર્મને અંગે જે નિર્ણય કરનારો તેની તપાસ ન કરીએ તો તેની કિંમત કેટલી? ત્રણ વસ્તુ હોયા વગર દુનિયામાં ન્યાય મનાતો નથી. ન્યાયાધીશ લોભે લપટાયેલો, દ્વેષે

દાઝેલો, કોઈ હકિકતથી વાકેફગાર ન હોય તો તેનો ન્યાય કબુલ કરવામાં ન આવે; લોભે, દ્વેષે, મોહે લપટાયેલો, દાઝેલો, મુંઝાયેલો ન્યાયાધીશ કામ લાગતો નથી, આને તો આખા જગતનો ન્યાય કરવાનો છે. શેમાં પુણ્ય! શેમાં પાપ! એ આખા જગતના બનાવોનો નિર્ણય કરવાનો છે, આને પાપ પુણ્ય ગણવું કે નહી? આ કર્મ બંધાવનારી ચીજ છે કે નહી? આ કર્મ રોકનારી ચીજ છે કે નહી? આ કર્મ તોડનારી ચીજ છે કે નહી? આ કર્મ વળગાડનારી છે કે નહી? તે કોને અંગે કરવો? આ જગતને અંગે કોઈ પણ ચીજ પાપ, પુણ્ય, સંવર, આશ્રવ, બંધ, નિર્જરાના કારણમાંથી બાતલ નથી. બધી ચીજને અંગે પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, ભવ, અને મોક્ષને અંગે ચુકાદો લેવાની જરૂર, તે ચુકાદો કોણ આપે? જેને આખા જગતમાં કશા ઉપર રાગ, દ્વેષ, ન હોય અને સમસ્ત વસ્તુ જાણે તેનું નામ દેવ. આવી સ્થિતિ હોવા છતાં જેઓને દેવના નામે ચરી જવું, લીલાઓ કરવી વૈષ્ણવોમાં લીલાના નામે દેવ, કૌમુદી મહોત્સવ કરશે. કૌમુદીમાં બાયડીઓ સાથે રમવું પાલવે પણ પહાડ ઉપાડવો પડે તે ગોંસાઈજીને કયાંથી પાલવે? આવી રીતે ઈશ્વરના નામે જેઓને દુનિયાને લુંટવી છે તેવાને ઇશ્વર વીતરાગ મનાયા પાલવે નહી. માટે વીતરાગ કોઈ થતું નથી, થઈ શકે નહી એવું બોલી અશકયપણું કરી દીધું. વીતરાગ વગર ધર્મ કહેવાનો હક્ક કયાંથી આવ્યો? જે જગતને અંગે વીતરાગ–સર્વજ્ઞ બન્યો નથી તેવાનો ધર્મ માને કોણ? કહો! જેનો વક્તા શુદ્ધ હોય તેના વચન ઉપર વિચાર કરી શકીએ. પક્ષપાતવાળાના વચન ઉપર ન્યાય દૃષ્ટિથી વિચાર કરાતો નથી.

અથ થી ઇતિ સુધી પક્ષપાતના કથનો વચનો તે કામ ન લાગે. માટે વચનવાળાએ વક્તાને પુરેપુરો તકાશી લેવો. વક્તાની પરીક્ષા થાય પછી વચનની પરીક્ષા માટે જણાવ્યું કે 'वचनाराधनया' વક્તાની પરીક્ષા કરીને તેના વચનોને આરાધાય તો ધર્મ બની શકે. વક્તા

કેવો હોવો જોઈએ તે વિવેચન કર્યા પછી વચનો કેવા હોવાં જોઈએ. ફારફેરી ન જોઈએ? કયા વચન માનવા? કયા આરાધવા લાયક ગણાય? તેનો વિષય, કયો હેતુ આ માટેનો વિચાર કરવામાં આવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૪૧ 卐

**'वचनाराधनया खलु'**

**શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી** મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં દરેક આસ્તિક ત્રણ તત્ત્વને અંગે એક જ મતવાળો હોય છે. આસ્તિક કહેવડાવવા માંગનારો પરમેશ્વર ગુરૂ ધર્મને અંગે નાકબુલ થવાનો નહીં. કોઈ પણ આસ્તિક બોલી નહી શકે કે–હું પરમેશ્વર ગુરૂ ધર્મને માનતો નથી. અને એમ કહેતું પણ નથી.

અધર્મી શબ્દ ગમતો નથી.

આજ કાલ તો વિચિત્ર રીતિ થઈ છે કે પોતાને ધર્મ માનવો નથી અને બીજા તેને અધર્મી કહે તો પગથી માથા સુધી સળગી જવું તેનો અર્થ શો? ધર્મને હંબક શબ્દથી જણાવવા તૈયાર થયેલાને ઓળખાવવામાં અધર્મી છે તેમ કહેવામાં આવે ત્યારે નખશીખાંત સળગી જાય છે. એનો અર્થ મારી એક આંખ ભલે ફૂટે પણ જગતે મને કાણો ન કહેવો, હું આંધળો ભલે થઉં પણ જગતે મને આંધળો કહેવો નહીં. ત્યારે બીજાની સાથે એ આંખવાળાની જેમ વહેવાર કરવો અને મને અપશુકનમાં ન ગણવો આનો અર્થ શો? કેવળ ઉદ્ધતપણું કે બીજું કંઈ! અનાડીપણું કે બીજું કંઈ? આના જેવું બીજું કયું કહેવું. પોતે ધર્મને હંબક કહે છતાં પણ બીજાએ પોતાને અધર્મી ન કહેવો, ધર્મને અનુસરનારાની લાગણી દુખાવવાની છૂટ એને અધર્મી

કહેવાથી લાગણી દુઃખાય તેનો વાંધો, અને ધર્મને પોતે હંબક કહીને ધર્મીઓની લાગણી દુઃખાય તેમાં વાંધો નહીં; પોતાને વ્યક્તિગત અધર્મી કહેતો લાગી જાય ત્યારે આખા સમુદાયને ઉતારી પાડવાની તેને શું છૂટ છે? પોતાની વ્યક્તિ માટે બોલાય તે ખમાય નહીં.

## 卐 રાજા અને શેઠની ભીતરકી અચ્છી પરકથા 卐

ધ્યાનમાં રાખજો કે એક રાજા છે તે જબરજસ્ત ધર્મની શ્રદ્ધાવાળો છે, દેવાદિનું વર્ણન કરે છે તેમાં આખી સભાને અસર કરી દે છે. નિર્મળ ધર્મને યુક્તિ સાથે કહેવો જોઈએ, આવી રીતે રાજા કહેનારો હોય તો તેની અસર થાય તેમાં નવાઈ શી; આખી સભા જીજી કરનારી નહી પણ માનનારી છે. ફોટાના કાચનો સ્વભાવ અવળો, કેમ? પલાંઠીવાળાનો કાચ લે ત્યારે માથું ઉંચે અને પલાંઠી નીચે હોય પણ કાચમાં પલાંઠી ઉંચી ને માથું નીચું હોય. ધર્મીઓ અવળા નથી હોતા પણ અધર્મી અવળા હોય છે, પોતે અધર્મી થયા તેથી પોતે ડુબે અને બીજાને ડુબાડે.

મીયાં, સોની અને વાણિયાભાઈની એક વાત છે. ત્રણે જણ જતા હતા. આગળ માર્ગ સૂઝતો નથી, કયાં જવું? રસ્તામાં લુંટારૂઓનો ડર છે રાત ચડી એટલે ત્રણે જણ જુદે જુદે ઝાડે રાત રહ્યા. રાતે ચોર આવ્યા. તેઓને માલમ પડયું કે અહિં માણસ છે. પહેલા મીયાભાઈ પકડાયા, તેને ચોરોએ માર્યો, પાવલી નીકળી, પાવલી સાચી કે જુઠી તેનું અહેશાન જો તને ન હોય તો પેલો સોની છે તેને બતાવ! ચોરોએ સોનીને પકડયો, તેની પાસેથી સુખડી નીકળી એટલે ચોરે કહ્યું કે તુ કંજુસનો કાકો છે. સોની કહે કે મારે કામ પડે તો પેલો વાણિયો છે. કયાં છે? પેલો મીયાભાઇ એકલાથી ન સહેવાયું તેથી સોની વાણિયાને લીધો.

નાસ્તિક અધર્મી તેના એકલાથી ખમાય નહી તેથી બીજાને ચોરવા માટે ધર્મને હુંબક કહે છે. ત્યારે નાસ્તિકો અધર્મીનો આવો સ્વભાવ છે, પોતે નાસ્તિક અધર્મી થઈને સંતોષ ન માને પણ બીજાને પોતાની સાથે લે. ધર્મીને ઉપકાર, તેનો ફાયદો અને તેનાથી સદ્‌ગતિ માનવી છે. ત્હારે શું માનવું છે તે કહે ? તારે જીવ, પરોપકાર, પરલોક જેવી ચીજ માનવી નથી; તું શાને માટે કરે છે ? ધર્મી તો તે માને છે તેથી કરે છે. એને ફાયદો થાય છે, તો એને જીવ ફાયદો વગેરે ગણે છે તેથી, કહે ફાયદો તારા ઘરમાં છે ક્યાં તે બતાવ ને ? ત્યારે તું તો પુતળું ને, તું પાંચભૂતનું પુતળું તે અહીં આથડયું ત્યાં આથડયું તેમાં થયું શું ? જીવ પુણ્ય પાપ વિગેરે માનવું નથી તેને પાંચ ભૂતનું પુતળું આડું અવળું ચાલે તેમાં શું. જીવ કલ્યાણ પરભવ વિગેરે માને તેને ઉપકારનો વખત છે, તને શું માનવાનો હક છે ? અધર્મી તું અધર્મીમાં આવે અને બીજા અધર્મીમાં આવે, તેમાં ફાયદો શો ? ઠગાતો બચ્યો. તેમાં તારે શું ? માટીનું બાવલું ઉકરડામાં રહ્યું કે કાચમાં રહ્યું તેમાં તેને શું ? શું તારે મતે તે ઠગાયો, તે ઠગા-નારો નથી. ધર્મીષ્ટોના મતે જીવ છે, સન્માર્ગ છે, ઉન્માર્ગ છે તેમાં ફાયદો નુકશાન, ભવાંતરે સ્વર્ગની પ્રાપ્તિ અને મોક્ષ છે પેલામાં દુર્ગતિની પ્રાપ્તિ છે. ધર્મીઓ બીજાને ધર્મમાં લાવે તે તેમના સિધ્ધાંતને અનુકુલ છે પણ તું અધર્મમાં લાવે તે તારા સિદ્ધાંતને કઈ રીતે અનુકુલ છે તે જણાવને ? ઉપકાર ન કરે તો ઉપેક્ષાનો દોષ, કરે તો ફાયદો. પુતળાને બાયડી, ભાયડાનો કે હીજડાનો શણગાર આપો તેમાં તેને શો ફાયદો ? તેને નુકશાન નથી. તારે પાંચભૂતનું પુતળું તે આમ બન્યું ને અવતર્યું તેમાં શું ? તારો ઉપકાર તેનું સ્થાન ફલ નથી. ધર્મીઓ બીજાને ધર્મમાં જોડે તેમાં સીધાપણાની છાયા. અધર્મીને ઉંધા પણાની છાયા આવે.

રાજાની–છાયા ધર્મીપણાને અંગે છે. તેની એકને બળતરા થઈ આથી રાજા પાસે વાત છેડી આપ માલિક છો તેથી કબુલ કરવું

જોઇએ. એકે ગાળ દીધી ત્યારે પેલો કહે મારે મોઢું છે. એ ગાળ તને દઉં છું! તે તને સોંપ્યું. આપ માલિક છો. કહો તે કબુલ કરવું જોઇએ. રાજા બુડથલ નહોતો. તે સમજી ગયો કે આનો અર્થ એ છે કે આ તમારું ખોટું છે. તમે રાજા છો તેથી માની લઉં છું. રાજાને માથે ફરજ આવી કે પોતાનું બોલ્યું સાચું કરવાની, તે સાચું કરવું કઈ રીતે? સીતા વિગેરે એ દિવ્ય કરીને પ્રતીતિ કરાવી. પરંતુ પારકા વિષયમાં પોતે પ્રતીતિ કરાવવી તે અશકય, પેલા નાસ્તિકે ઉપાડીને શું કહ્યું! તમે સાધુના કે દેવના પેટમાં પેઠા હતા કે તે રાગદ્વેષવાળા નથી આશ્રવ વગરના છે, સારા ધર્મવાળા છે તે કહો છો તે શાથી માનવું? પેટમાં પ્રવેશ્યા વિના કંઇ જણાય નહીં.

જેમ કહેવત છે કે. 'બહારની સારી હોય પણ ભીતરકી રામજી જાણે' તો શું થાય વસ્તુ એકાંશ હોય તેનું સમાધાન થઈ શકે એક મનુષ્યને ગુનેગાર ઠરાવીને સત્ય કરી શકાય, ગામ માથે ગુનો નાંખીને ન્યાયને માટે આગેવાનોને સજા કરી લે છે, મુચરકા મોટાના પણ તોફાનવાળાના હોતા નથી તે સમજે છે. તોફાનીને તાબે કર્યા પછી આગેવાનના મુચરકા લે છે, કારણકે સમુદાયને વશ કરવાનો બીજો રસ્તો નથી. આગેવાનોને વશ કરે તો બધું વશ થાય. આને એક દેવ ગુરુને અંગે કહ્યું હોત તો સમાધાન થાત. આને તો દેવગુરૂ બધાને લીધા જેથી અનુ-માનનું સાધન તે આને ઉરાડી દીધું. 'ઉપરકી અચ્છી બની' એ શબ્દ કાઢીને બધું કોરાણે મુકી દીધું સાધુને અંગે ઈર્યાસમિતિ વિગેરે બધું તે 'ઉપરકી' અચ્છી બની દુનિયામાં એક નન્નો ભારે પડે છે.

અહીં નન્નાનો ભાઈ ઉપરકી અચ્છી બની ભીતરકી રામજી જાણે' આપણે ભીતરકી જાણવાવાળો, તમે વીતરાગ–ગુરૂમાનો તે આત્મશુદ્ધિ માટે પણ તેને માનો શાથી? બહારથી માટે ઉપરકી અચ્છી બની ભીતરકી રામજી જાણે તેમ કહું છું. તે વાત સાચી

છે. કોના માટે ? પોતાના આત્માની નિંદા કરીને ચડતે ગુણઠાણે ચડવા માટે, મનને વશ કરવા માટે, તારી ઉપરની સારી છે. તારી અંદરની સ્થિતિ તપાસ ક્ષણે ક્ષણે તું કેવો બને છે. તે ખરેખર જ્ઞાનીઓ જાણે. માટે તેને સુધાર! જે સુધારવા માટે જણાવ્યું કે " अप्पा जाणइ " આ વાક્યો આ આત્માને સુધારવા માટે શાસ્ત્રકારોએ કહેલાં છે. જે આત્માને સુધારવા માટે ઉપદેશ? હતો તેનો ઉપયોગ ક્યાં કર્યો? ખાસડું સીધું પહેરે તો પહેરાય નહીં તો નથી પહેરાતું. શાસ્ત્રના વાક્યો અવળા પરિણમાવે તો શું પરિણામ ! જે વાક્ય શાસ્ત્રકારે આત્માને સુધરવા માટે જણાવ્યું તેને બહારકી અચ્છી ભીતરકી રામજી જાણે તેમ લાવીને મુક્યું. આ વાત ધ્યાનમાં રાખશો તો સમજાશે કે "કરેમિભંતે" ઉચર્યો, બંધ કીધું ચારપહોર આઠ પહોર આગળ "તસ્સ ભંતે" અનાગતનાં પચ્ચક્ખાણ કરૂં છું. ભૂતમાં જે કર્યું તેનું નિંદન, ગર્હન કરી પાપમય આત્માને વોસિરાવું છું. આથી પોતાના પાપોને ઓળખતા થાવ. ઉચ્ચરવાવાળાને ત્રણ વખત, વારંવાર કરેમિભંતે ઉચ્ચરવું તે શા કામનું ? આ તમને ગાંડપણ લાગ્યું છે ! ગાંડાઈ નથી લાગી. અમે કરેમિભંતેને જરૂરી ગણીયે છીએ, સર્વકાલ નજર આગળ રહેવું જોઈએ. જગતમાં જે વ્હાલી ચીજ હોય તે વારંવાર દેખીએ તો આનંદ થાય. છોકરો જન્મ્યો દેખ્યો પછી મરી જાય તો વાંધો નહીને ? પણ જીવતા બાયડી વિગેરે હંમેશાં રહેવા જોઇએ; દેખ્યા માત્રથી ન ચાલે, તેમ આ કરેમિભંતે નજરે હંમેશાં રહેવું જોઈએ. આ લક્ષ્યથી બેઘડીના પ્રતિક્રમણમાં ત્રણ વખત મુક્યું કેમ ? લક્ષ્યમાં રહે તેથી. તેવી રીતે અહીંયાં જેઓ આત્માના દોષને ક્ષણે ક્ષણે દેખે, ગુણોની પ્રાપ્તિને ક્ષણે ક્ષણે દેખે ત્યારે પોતાનું દુષિતપણું દેખે. આ આત્માના દોષો ક્ષણે ક્ષણે નિહાળવા જોઈએ તેથી તેને સાવચેત કરવો પડે. બહારકી અચ્છી ભીતરકી રામજી જાણે તે કહે તો આત્માના ગુણો મેળવી શકે ? અહીં ઉથલાવવા ધર્મને તેને માટે ગોઠવી દીધું. પગરખું પગનું છે પણ હાથનું કે માથાનું નથી. પહેરતાં ઉંધું

રાખીને પહેરે તો ન પહેરાય. શાસ્ત્રના વાકયો અવળા કર્યા તો તે તમારૂં કલ્યાણ કયાંથી કરશે, તેનુ ભાન આત્માર્થી થયા વિના નહી આવે. પારકાના પેટમાં પેઠા છો કે પારકા દોષ બોલવામાં કબુલ છો? પારકા ગુણો બોલવામાં શુદ્ધ રીતે બોલતો હોય, તો તેને સારો જાણવો, બીજાના દોષ બોલતી વખતે ભીતરકી રામજી જાણે. બીજાના ગુણો બોલતી વખતે ભીતરકી રામજી જાણે તે ત્યાં ન હોય. છોડીના ધણીને જમાઇ કહેવો તેના કરતાં મા ધણીને જમાઈ કહેવા બેસી ગઈ. તેવી રીતે અવગુણી ઠરાવવાની જગો પર જે વિચાર કરવાનો હતો, ભીતરકી રામજી જાણે. ઉપરથી સારૂં દેખાય છે. બીજાને પ્રપંચી, અભિમાની લોભી ઠરાવવા માટે, આત્માને સાવચેત કરવા માટે આ વાકયનો ઉપયોગ કરવાનો હતો તે ન કર્યો પણ બીજાને ગુણી ન માનવો તેમાં કર્યો.

તેમાં રાજાને કહ્યું કે-આપ કહો એટલે કોણ ન માને? એટલે વ્યંગ્ય શબ્દ આવ્યો. પેલો નાસ્તિક કહેવા લાગ્યો કે તમે જુઠું બોલો છો, મનાય તેવું નથી. તમે કહો એટલે ના ન પડાય, પણ હા-હા કરે. રાજાએ શું કરવું? ખુલ્લું બોલે તેને ઉત્તર દેવાય. જુઠું કહેતો તો પુરાવા આપીને પણ સાબીત કરાય, સાચું કહીને વ્યંગ્ય કહે તેને શો ઉત્તર અપાય? તમે અક્કલ વગરના કે જેથી જેમ તેમ બોલો, અક્કલવાળા નહી તેથી હાજી હાજી કરો છો.

વ્યંગ્ય કયાં? મુખ્યાર્થનો બાધ હોય ત્યાં, અહીં શબ્દને કઈ રીતે વળગાડવો, આમાં આ અર્થ કઇ રીતે કાઢવો, કે તમે ખોટા કે આ માનવાવાળા ખોટા છે? માટે હાજી હા કરે છે, શબ્દમાં કાળો અને ઉપરથી સારો બને તેને માટે કહેવાનું કે ઉપરકી અચ્છી ઓર ભીતરકી રામજી જાણે. આ બોલ્યો તેમાં તપાસ! બીજાને કહેતાં પહેલાં તારે ત્યાં તપાસને કે તે લાગુ પડે છે કે નહી? નજીકના ડુંગરનું સફેદપણું નથી લાગતું. તેમ પારકા દોષો દેખવાની દૃષ્ટિ જરૂર થાય પણ પોતાના દોષો

દેખાવા તૈયાર નથી. તમે અક્કલ વગરના કે જુઠું જુઠું હાંકો છો, સભા અક્કલ વગરની માટે ડોકું ધુણાવે છે. આપ સાચું કહો તે ઉપરકી અચ્છી વ્યંગ્યમાં તે ભીતરકી રામજી જાણે તેવી છે. ઉપરકી સુધારવી સ્હેલી પણ અંદરની સુધારવી મુશ્કેલ. તાવ હોય તે ઉતારવામાં સ્હેલો પણ હાડનો તાવ કાઢવો મુશ્કેલ, તેમ આ વ્યંગ્ય બોલનારાને ઠેકાણે લાવવો બહુ મુશ્કેલ, રાજાએ દેખ્યું કે હવે શું કરવું! વ્યંગ્ય બોલે છે શબ્દથી; ઉત્તર દેવાય તેવો નથી. આખી સભાને મૂર્ખી બનાવે છે. વાત ખરી! બાહ્યના આધારે અંદરનું અનુમાન કરી શકાય, જેને અંદર ચોકખું હોય તેને બહાર મેલું કેમ હોય તે બોલ? ભીતરકી અચ્છી હોય તો ઉપરની અચ્છી હોવી જોઈએ, બહેનને ભાઈ કયારે મરે અને ઓછો થાય તે વિચાર નહી આવે, રાખડીનો રિવાજ ભાઈ બહેનનો રાખ્યો છે તે બહેન એકસરખી પ્રીતિવાળી રહેવાવાળી હોવાથી છે. મામો મળે તો સારો શાથી? બહેન ભાઈને અંગે અંદર હિત હોય, તેને બુરી વાસના ન હોય. અંદર હિત હોય તે કટુ શબ્દ પણ બોલે. મારો રોયો મરતો નથી પણ તેથી તેનું હિત બગડયું નથી. અંદરનું સુંદર હોય તો બહારથી બગડયું શાથી? અહીં આગળ જે સદાચારવાળા તે ભોગ દઈને નીકળ્યા છે તે વાત ખરી ને? દેશ–વેષ–માલ–મિલકત–મા–બાપ–છોકરા વિગેરેનો સંબંધ છોડીને નીકલ્યા છે. તે શાના? કંઈક અંદરની લાગણી થયા વિના? કાળાપાણીની સજા ભોગવવી પડે ને. કાળાપાણીની સજામાં કુટુંબ કબીલાથી છુટા પડવાનું કે બીજું? ફટકાખાવા–ગોંધાઇ જવાનું જેલરના તાબામાં રહેવાનું કે જેલમાં રહેવાનું નથી, સરકાર સજા કરીને બધાથી છેટા પાડે છે. ત્યારે આ સાધુઓ જાણી જોઈને બધાથી છેટા, બધો ભોગ શાના ઉપર આપે છે? બલાત્કાર વગરનું દેખીએ તો અંદરનું સુંદર માનવામાં અડચણ નથી. બલાત્કારે દીક્ષા આપી! અહીં બંદિખાનું સિપાઇઓ અને છૂપી પોલીશ રહેતી હતી ખરી ને? એક વખત બલાત્કારનો પોષક કરી તો જો! પછી બોલ ને, બલાત્કારે

જોરજુલમથી દીક્ષા આપી. આ તો દારૂથી બનેલા જેવા છે માટે બોલનારા છે; જૈનનું સાધુપણું બલાત્કારે કઈ રીતે બનવાનું? બળાત્કારે કેટલા રહે? લલચાવ્યો તે શું? અહીં નવસેરો હાર છે શું? શબ્દ વાપરી દીધો કે લલચાવ્યો, બલાત્કારે દીક્ષા આપી, આ દારૂડીયાનો ભાઈ કે બીજા કોઇ? ભાનવાળો વિચાર કરે કે આમાં બલાત્કાર અને લલચાવવાનું શું છે! રાતના ચોવિહાર કરાવવાથી ચોલપટ્ટો પહેરાવવાથી લલચાવે છે? કહો કે દારૂડીઓ ઘેનમાં બોલતો હોય તેના જેવાને બોલવામાં વિચાર ન હોય.

તેમ અહીં આગળ કયાં બલાત્કાર શબ્દ વાપરીએ. રાજાએ કહ્યું કે ઉપરની અચ્છી હોય તેની અંદરની સારી હોય, તેમાં માનવામાં વાંધો નથી. ભીતરની ખરાબ દેખવાથી છોડવાને તૈયાર છીએ, તે દુનિયા પ્રવૃત્તિ કરે છે અને શાસ્ત્રકાર કહે છે. પાછું તેનું તે તેને પકડી રાખ્યું; હવે રાજાએ શું કરવું બધાને સમજાવાય, પણ પકડ માંકડાની થાય તો? માંકડાને પકડવા માટે ગોળી મુકે, ચણા નાંખે અને વાંદરો ગોળીમાં હાથ નાંખી ચણા ખાવા જાય, પરંતુ મુઠી બહાર કાઢવા માંગે અને મુઠી છોડે નહિ તો પોતે છુટો ન થાય; જેને પોતાનો વાંક અજ્ઞાન ન સૂઝે તેનું શું થાય? તેને પકડનારો આવે લાકડી પડે એટલે મુઠી છુટી જાય; માર ધાડ વિગેરે હોય તો તે સીધું થાય. છુટ્યા પહેલા ગળે બંધાઈ ગયું હોય તો તેથી શું કરે! જેમ માંકડા બસ મુઠી બાંધી તે બાંધી તેમ નાસ્તિકોને નથી માનવું, ના–ના તેનું ઔષડ કયું? રાજાએ એક જાસુસને તૈયાર કર્યો. તેને પોતાના જનાનાનો કિંમતીમાં કિંમતી હાર આપ્યો જાસુસે ખાનગી રીતે પેલાની દોસ્તી કરી, પછી દોસ્તી કરનારને રાજાએ જણાવ્યું કે તારે છાનામાના તે જાણે નહીં તેમ તેના ઘરેણાના ભંડારમાં હાર નાંખવો, પેલાએ તે પ્રમાણે કર્યું. હવે પાંચ સાત દિવસ જવા દીધા પછી. રાજાએ જાહેર કરાવ્યું કે રાજાનો ફલાણો હાર

ગયો છે, તો જેની પાસે હોય તેને સાત દિવસમાં હાજર કરવો અને હાજર કરનારને સજા કરવામાં નહી આવે પરંતુ જો તે ટાઈમમાં હાર નહી મળે તો રાજા દરેકને ત્યાં જડતી લેશે અને જેને ત્યાંથી નીકળશે તેને દેહાંતની સજા થશે, જેને કંઈક શંકા હોય તે તપાસ કરે. બીજાઓએ પોત પોતાના ત્યાં તપાસ કરી. પેલાને તપાસ કરવાની હતી નહી. સાત દિવસ પસાર થઇ ગયા. ત્યારે રાજાએ જાહેર કર્યું કે સાત દિવસની મુદત પસાર થઈ ગઈ. હજી સુધી કોઈએ જાહેર કર્યું નથી. હવે રાજા જડતી કરશે, જેને ઘેર નીકળશે તેને રાજા ફાંસીની સજા કરશે. નાકેથી જડતી શરૂ થઈ. દરેક પોળની જડતી શરૂ થાય તેમાં કોઈથી કંઇ બોલાય નહી. જડતી લેતાં લેતાં હુંબકવાળાને ત્યાં આવ્યા. હુંબકવાળો બહાર ઉભો રહ્યો અને પોલીશને પોતાની જડતી લેવા દીધી. પછી પોલીશ અંદર દાખલ થયા તીજોરીમાં તપાસ કરતાં હાર નીકળ્યો. શેઠની આગળ હાર રજુ કર્યો. હવે પેલો શું કરે ? રાજાને સિપાઈઓ કહેવા ગયા, ફલાણા શેઠને ત્યાંથી નીકળ્યો છે. પછી સભાને પુછયું કે હવે શું કરવું ? આવો અપરાધ રાજસભામાં બેસનારાને ત્યાં થાય, માલ નીકળે તેનો અર્થ શો ! સજા ગુના અંગે તેમ કર્તાના મોભાને અંગે, સભાને કબુલ કરવું પડયું. જેને માટે આપણે પહેલાં ચોરીની જાહેરાત કરી, મુદત આપી, મુદત વિત્યા છતાં ખબર આપી છતાં નકામા હેરાન કર્યા અને માલ મારી જવાની બુદ્ધિ રાખી. રાજાએ કહ્યું કે-હું તથા બધી સભા એક મતમાં આવીએ છીએ માટે મહાજનને હું કહું છું. કે તે એને સજા કરે રાજાએ બનાવટી ગોઠીઓ કરેલો તેને કહ્યું કે મારો પ્રાણ બચાવ ! હું મારા આખા કુટુંબને લઈને ચાલ્યો જાઉં, મને કોઇ પ્રકારે રાજા છોડે તો ! આ બધું શા માટે કબુલ ? પોતાનો જીવ બચાવવા, મોતથી બચવા. રાજા પાસે પેલો ગોઠીઓ ગયો અને જણાવ્યું કે-ધોતીયાભર નીકળી જઉં મને કોઇ પ્રકારે છોડો તો, હું ખરેખર ગુનેગાર નથી આવી રીતે શેઠ કહેવડાવે છે, પેલાએ કહેલી હકીકત કહી.

રાજાને પેલો પરચો નાંખવો હતો કે ઉપરકી બધી અચ્છી છે પણ તેની ગુનેગારી છે કે નહી તે તો રામજી જાણે! અંદર ગેરબુદ્ધિ હોય તો આગળ જઇને શું કરે, ઉપરથી આવી રીતે દેખાડે છે અંદરની રામજી જાણે પેલા દ્વારાએ શબ્દો કહેડાવ્યા, રાજા સાહેબે કહ્યું છે કે-તે બધી ઉપરની વાત સારી છે; પણ અંદરની રામજી જાણે! માટે મારે સજા અમલમાં મુકવી પડે, સાહેબ મારી ભીતરમાં આપણો વિરોધ કઇ નથી. આ વચન બોલે તે ઉપરકી અચ્છી બની.

પેલાએ શી રીતે રાજાને ખાતરી કરાવી તે જુઓ! પેલા ગોઠીયા દ્વારાએ કહેડાવ્યુ કે બહાર જઇશ! મરી જઇશ! પણ હું આપણું બુરૂં નહી કરૂં, તેની ખાતરી રાખો! રાજા કહે કે જો તે એક વસ્તુ કરે તો મુકત કરવો, કઇ વસ્તુ? તો તે તેલથી ભરેલો વાટકો ઘેરથી લઈને નીકળે, બજારમાં ફરીને મારા હાથમાં મુકે, અને ફરવામાં રસ્તામાં એક ટીપું પડે નહીં, તો અંદરકી સારી માનું. શેઠે વિચાર કર્યો, બચવાનો આ રસ્તો છે માટે અમલ કરવા દે; લાગ્યું તો તીર નહી તો તુક્કો.

પેલા શેઠે તે કબુલ કર્યું અને લીધો વાડકો, રાજાએ બધી જગોપર નાટકો, જમણવારો અને સુગંધીદાર ફૂલો મુકાવી દીધાં. પેલો વાટકો લઇને આવ્યો અને ચાલ્યો, રસ્તામાં તેને નાટક જમવું, ફૂલ વિગેરે નથી જોવાં, તેને તો માત્ર વાડકો જોવો છે? રાજા પાસે આવી વાડકો મુકયો. બરોબર ઘેરથી નીકળ્યો છે, બરોબર બજારમાં થઈને આવ્યો છે? આ રાજાએ પુછયું. બજારમાં શું શું હતું? તે મને ખબર નથી, મારૂં મોત જોઉં કે મોંઢું જોઉં! પારકાના મોંઢાં જોવા જોવું તો મોતમાં જઉં! મોતને જોવું ન પડે તેથી બીજાનાં મોંઢા ન જોયાં તે કબુલ કર્યું, રાજા કહે કે અંતર કઠણ તારૂં રહ્યું કેમ? તો મોતના ડરથી. મોતના ડરથી બહાર ચ્હાય જેવું હોય તો અંદરની ચોકખી બનેછે તે વાત કબુલ કર!

બહારની સામગ્રી છોડીને વિરક્ત રહે તેની અંદરની કેમ સારી નહોય! તે બોલને? કાચુ પાણી, અગ્નિ–વનસ્પતિ વગેરે સામગ્રી, સ્ત્રી વિગેરે કુદરતી ચીજો ત્યાગ કરે, છોડે અને લાત મારે તે કયારે બને તો મોતનો ડર લાગ્યો હોય તો લાત મારે. તેઓ મોતથી કેટલા ડરેલા હોય? ભીતરની આપણી જાણીએ; તારી વફાદારી હું હવે જાણું કે નહી? તેવી રીતે તેઓનો ત્યાગ વૈરાગ્ય હુ કેમ ન જાણું? મારી જે ધારણા હતી તે ખોટી હતી; પણ રાજાનું કહેવું સાચું છે. એવું શેઠે કબુલ કર્યું.

કહેવાનું તત્ત્વ એકે ધર્મીષ્ટો અધર્મમાં જવાવાળાને ધર્મમાં કલ્યાણ થાય તે દૃષ્ટિએ બચાવવા માંગે, અધર્મી બનાવે તેમાં ફાયદો શો? પરંતુ જેમ માંખીનો સ્વભાવ પોતે મરે અને બીજાને ઉલ્ટી કરાવે. તેમ અધર્મીનો સ્વભાવ પોતે ડુબે અને બીજાને ડુબાડે. ધર્મને હંબક કહે તેને અધર્મી કહો તો નખશીખાંત સળગે, આસ્તિકો દેવ ગુરૂ ધર્મને માનનારા હોય, ધર્મને જરૂર માનનારા આસ્તિકો છે તે શાના આધારે માને? સાંભળે, દેખે, સુંઘે ચાખી લે તેથી માની લે? તો ના. પણ વચનની આરાધના દ્વારાએ ધર્મ વક્તા કર્તવ્ય સ્વરૂપ આવી ગયું. તેનું સ્વરૂપ વિષયો ફ્લ કયું? તે જે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન–૪૨ 卐

'वचनाराधनया खलु'

**આસ્તિકોનું ધ્યેય ભવિષ્યનું હિત.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં આસ્તિકોનું ઉંચામાં ઉંચું ધ્યેય હોય તો ભવાંતરનું સાધ્ય. આસ્તિકોનું સાધ્ય–મારો ભવાંતર સુધરે. આ ભવનું સાધ્ય સુધરો કે

બગડો તેનું ધ્યાન આસ્તિકોને ન હોય પણ ભવાંતરનો સુધારો તે તેનું ખરૂં ધ્યાન હોય. આ ભવ–જિંદગી તે સાધન તરીકે. મજુરી કરનાર મજુરી કરે તે વખતે તનને કુટુંબને ન જુવે, સાધ્ય કુટુંબનું પોષણ. અડચણ વેઠીને પણ સાધ્ય સિદ્ધિ માટે જવું પડે. જેમ વિદ્યાર્થીને ભવિષ્યના હિતને માટે વર્તમાનની આપત્તિ વેઠવી પડે, વેપારીને આબરૂ માટે ભવિષ્યના ફાયદા માટે ટાઢ તડકો વિગેરે વેઠવું પડે. તેમ આસ્તિકો આ જીવનનો જે પ્રયત્ન તેને આવતા જીવને માટે કારણ ગણે બચપણમાં દમગોટીલામાં હોય અને આંગળ ન વધે તેની જુવાનીમાં શી દશા થાય. તેવી રીતે આ ભવમાં જેઓ સાધન ન કરે તેઓની આવતા ભવમાં કઈ સ્થિતિ થાય!

**આસ્તિક અને નાસ્તિક એક વાતમાં એક છે.**

આસ્તિક–નાસ્તિક બંનેનો એક વાતમાં નિશ્ચય સરખો છે. બીજામાં નિશ્ચય સરખો ન હોય, જીવાદિને એક માને અને એક ન માને પણ મેળવ્યું તે મેલવાને માટે તે નિશ્ચયવાળા તો બન્ને છે. બાહ્યથી કંચનાદિ મેળવીએ તે મેલવા માટે, અંતરંગથી આહારાદિ મેળવીએ તેપણ મેલવા માટે કોઇ પણ ભવાંતરમાં કંચનાદિ તેમ આહારાદિ પર્યાપ્તિ જેને છ શકિતઓ કહીએ છીએ તે આ ભવમાં મેળવેલી તેને કોઈ લઈ જતું નથી. મેળવ્યું તે મેલવા માટે છે. શક્તિઓ અને તેનાથી કરેલું કાર્ય તે પણ મેલવાનું, આહારસંજ્ઞાથી આહાર લીધો, પરિણમાવ્યો, તેમ શરીર વિગેરેમાં બધું કર્યું જે મેળવીએ તે મેલવા માટે છે. તો પછી દરેક મનુષ્યને એ સમજ હોવી જોઈએ કે–મેળવેલું મેલવાનું છે તો પછી એવું મેળવવું કે તે મેલવું ન પડે, તે પહેલાં ફાયદો લેવો. તે કોણ લે? તો આસ્તિક નાસ્તિકને મેળવેલું મલે તે પણ ઓય! ઓય! અરે જાય છે! અરે જાય છે! તેમ કહિને મેલવાનું. નાસ્તિકોએ કંચનાદિ, આહારાદિ, મેળવ્યાં તેનાં કાર્યો કર્યાં પણ તેનો છેડો મીંડામાં આસ્તિકોને વસ્તુનું મીંડુ ભલે વળે પણ તેના ફલમાં મીંડુ ન

હોય, જેને મળેલામાં અને પૂલમાં મીંડુ તેની મૂર્ખતાનો પાર કયો ? સમજુનું કામ મળેલાનો ફાયદો ઉઠાવી લેવો.

**સાધન સારૂં હોય તો સાધ્ય થાય.**

વિજળીનો જબકારો થાય અને પોતાનો હાર તુટયો તે ટંકાવવાનો નથી, તેનાથી જે હાર પરોવાય તે પરોવી લો ! વીજળીના જબકારા સાથે મોતીનો હાર પરોવી લો ! તેમ આ જીવન વીજળીની માફક જવાનું છે માટે જે સાધવું હોય તે સાધી લો ! તે આસ્તિકોનો સિદ્ધાંત. જે સાધવાનું તેમાં સાધન કયું. સાધન વગર કોઇ ચીજની સિદ્ધિ થતી નથી. આસ્તિક માત્રે પરભવનું સાધવા માટે સાધન કબુલ કરેલું છે કયું ! તો ધર્મ. પરભવનું આત્માનું સાધવા માટે સાધન તરીકે ધર્મને માનેલો છે. સાચું સાધન સાધ્યની સિદ્ધિ કરે. છોકરાનો માનેલો ઘોડો તે મુસાફરી ન કરાવે. સાધન કયું ? તો જડ. તેથી પોતે ચાલે પણ ઘોડો ચાલતો નથી. સારૂં સાધન મેળવ્યું હોય તો સાધ્યની પ્રગતિ થાય. જુઠું સાધન મેળવે તેમાં સાધ્યની પ્રગતિ હોય જ નહી. નાનો છોકરો ઘોડો બનાવીને મારે મુસાફરી કરવી છે તે બોલે તેટલું જ, પણ તે બને નહી. ધાર્યા માત્રથી સાધનમાં સાધ્યપણું આવી જતું નથી, પણ સાધનમાં સાધનપણું હોવું જોઇએ. તો સાચું સાધન તેનું નામ ગણાય. જેમાં સાધનપણું હોય તે ધર્મ એ આવતી જિંદગી સુધારવાનું સાધન તે સિવાય આવતી જિંદગી સુધરે નહી. તે સર્વ આસ્તિકોનો સિદ્ધાંત. માટે હરેકે ફલ થકી ધર્મને અંગે એક સરખો નિશ્ચય રાખ્યો.

સ્વરૂપ, વિષય, પ્રણેતા તરીકે ધર્મમાં ફરક છે. પણ ફલ તરીકે કોઈના ધર્મમાં ફરક નથી. દરેક માણસ ધર્મનું ફલ કયું ધારે છે ? તો આવતી જિંદગી બગડતી બચાવે અને તેને સુધારે તેનું નામ ધર્મ. તે માટે ધર્મ કરાય છે. દરેક આસ્તિકો આ ફલ તો ધર્મનું સરખી રીતે માને છે. પરંતુ આવતા ભવના ધ્યેયની સિદ્ધિ માટે ધર્મ સાધન ગણ્યાં છતાં તે સાચું સાધન છે

કે નહી? ઝાડમાંથી બનેલો ઘોડો કેવી રીતે ગામાંતરે લઈ જઈ શકે? ઘોડીથી જન્મેલો ઘોડો ગામાંતરે લઈ જાય પણ ઝાડથી બનેલો ઘોડો ગામાન્તરમાં, મુસાફરીમાં, હરવા ફરવામાં કામનો નથી. ધર્મનું સાધન જેને જુઠું મલ્યું હોય છતાં સાચું સાધન માને તે ધારે કે એથી મારૂં આવતું જિવન સુધારૂં, આવતી જિંદગી ન બગડે, મારી સદ્ગતિ થાય, દુર્ગતિ ન થાય તેમ તે જે ઉપયોગ કરે તે જુઠા ઘોડાવાળા જેવો સાચા ઘોડાવાળાની માફક શબ્દ વાપરે છે, પણ તેટલાથી તેના જોરે ગામાંતર ન જવાય. કેમ? તો સાધન ખોટું છે. તેમ અહીંયા જો ધર્મ સાચો ન હોય તો, હાથમાં ખોટો આવી ગયો તો, ધર્મ માન્યો ધારીને કર્યા કર્યો તો સાધ્યની સિદ્ધિ ન થાય

પરિણામે બંધ!

જૈનશાસન એમ માને છે કે "ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ" ગુરૂની બુદ્ધિ એ ધર્મ ચ્હાય જેવો હોય તે ધર્મ માન્યો તેથી શું? ચ્હાય જેવા ગુરૂ ધર્મને માનવામાં આવે તે તેના પરિણામે સાચા માનીને માને છે, કુદેવાદિને માને છે તે સુદેવાદિ ધારીને માને છે આમાં જોકે પરિણામ તો સારા છે. જૈનસિદ્ધાંતમાં પરિણામ જે પ્રમાણે થાય તે પ્રમાણે બંધ થાય તેમ કથન કર્યું છે. આથી હરિભદ્રસૂરિજી પોતે એટલા માટે અષ્ટક પ્રકરણના પહેલા મહાદેવાષ્ટકમાં જણાવે છે કે:—

**यः पूज्यः सर्वदेवानां यो ध्येयः सर्वयोगिनां**
**यः स्रष्टा सर्वनीतिनां महादेवः स उच्यते ॥ अष्टक ॥ १-४ ॥**

દેવ કેવા? તો સર્વદેવતાને પૂજ્ય, સર્વયોગીઓને ધ્યાન ધરવા લાયક, ત્યારે હવે જૈનશાસન પ્રમાણે કોઈ મિથ્યાત્વી નહીને? સર્વ દેવતાઓ જિનેશ્વરને પૂજે છે તે તમે કબુલ કરો છો. "**यो ध्येयः सर्व योगिनां**" સર્વ યોગીને ધ્યાન કરવા લાયક તે છે, બધા યોગીઓ સાચા છે તમારા મતે કોઈ મિથ્યાત્વી નથી? કુદેવાદિને કુદેવાદિ ધારીને કોઈ માનતું નથી; દુનિયામાં જે

આસ્તિકો જે દેવગુરૂ ધર્મ માને છે તે સુદેવાદિની બુદ્ધિએ દેવાદિને માને છે; તે વાત તમે કહી, બધા દેવતાઓને પૂજ્ય કહેવાથી કાંતો તમારે બધા દેવતાઓને સમકિતિ માનવા જોઈએ ? કાંતો સર્વ દેવતાને પૂજ્ય તીર્થંકરો નથી તે માનવું જોઈએ. તેથી એક વાકય રહેશે, બે નહી રહે ? વાત ખરી. એક માણસ આવતો હતો, તે વખતે રસ્તામાં ચાર જણ બેઠા હતા. તેમાં એક કહ્યું કે-મારો ભાઈ થાય, બીજાએ કહ્યું કે મારો ભત્રીજો થાય, ત્રીજાએ કહ્યું કે મારો છોકરો થાય, ચોથાએ કહ્યું કે-મારો જમાઇ થાય. તો તે ચારે જુઠા ? આવ્યો છે એક અને સગાઈ ચાર જણ બતાવે છે, તો તે ચારમાં સાચો કોણ ? સાસરાની અપેક્ષા, બાપની અપેક્ષા, ભાઈની અપેક્ષા કાકાની અપેક્ષાએ જમાઇ, છોકરો, ભાઈ, ભત્રીજો. જમાઇ વિગેરે તે એકજ છે. છોકરા જમાઈપણું એકમાં હોય નહી પણ અપેક્ષા જુદી છે. એકની અપેક્ષાએ એક જન્મની અપેક્ષાએ જમાઈ છોકરા-પણું ન હોય, બધા દેવ સમકિતિ નથી તે વાત ખરી અને તે બધા દેવ તીર્થંકરને પૂજે છે તે વાત પણ ખરી. એટલા માટે કલિ-કાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજીનું વાકય ધ્યાનમાં લો.

'यत्र यत्र समये यथा यथा'....

ચ્હાય જે શાસ્ત્ર હોય તેને માટે પંચાંત નથી, જૈન, વૈષ્ણવ, શૈવશાસ્ત્ર, ચ્હાય જેવારૂપે માન્યું હોય, અહીં સંયમ લીલા, જગતના સંદેશરૂપે માન્યો તેમાં મને અડચણ નથી. જેને શાસ્ત્રમાં જેવી તેવી રીતે જે નામ તરીકે માન્યો હોય, તારૂં નામ પરમે-શ્વર, સદાશિવ, ભગવાન ચ્હાય જે નામ રાખ્યું હોય એની મારે પંચાત નથી. હું બધાને એકજ પુછું છું કે તમારા ભગવાન દોષવાળા છે કે દોષ વગરના ? તે બધાને કબુલ કરવું પડે કે અમે ચ્હાય તો આવા આકારે, આવા નામે, આવી રીતિએ પરમેશ્વર માનીએ. પણ પરમેશ્વરમાં અજ્ઞાન, રાગ, દ્વેષ લોભ છે અને પ્રાવચનિક-પણુ નથી તે કબુલ કરવું પડે તો ખલાસ. નામ માત્ર ફરી જાય

તેથી વસ્તુ ફરી જાય? દાબડીને દાબડી નામ પાડયું તેથી તે ફરી જતું નથી. નામ આકાર દેવાથી વસ્તુ ફરતી નથી. સ્થાનના ફેરથી વસ્તુ ફરતી નથી. પહેલાં ટોપી ઘાલીને ધૂળમાં રખડતો હતો પછી પાઘડી ધરીને બેઠો; વૃધ્ધ થયો. ત્યારે મોભે બેઠો. આકાર, અવસ્થા, રીતિ ભાતિ ફરવાથી વ્યક્તિ ફરતી નથી. શાસ્ત્રથી, નામથી, વ્યક્તિ ભેદથી તું જુદો પડતો નથી. ચ્હાય જે નામ; વ્યક્તિ, ચ્હાય જેવું સ્વરૂપ હોય પણ બધામાં દોષ મલિનતા કોઈ પોતાના પરમેશ્વરમાં માનવા તૈયાર નથી. ત્યારે આખું જગત પરમેશ્વરને નિર્દોષ નિષ્પાપ માને છે. તેવા તમે છો? બીજા કોઈ નથી. માટે તમારૂં નામ ન લે બીજાનું લે, આકાર સ્થાન તમારૂં ન લે, બીજાનું લે પણ સ્વરૂપથી તત્ત્વથી તમે દેવ છો.

એક મનુષ્ય પરગામ રહે છે. પાનાભાઈને સારો સંબંધ છે. તેને જીવનો ભોગ આપી દીધો તેથી તેને જીવનદાતા ગણો છો, તેવામાં બીજું મુહૂર્ત ગયા—પછી તેને મળતો બીજો આવી ગયો તે પાનાભાઈને માલમ પડે, તેને લાવ્યા.—સાચવ્યો—માવજત કરી. કોને લાવ્યા? બીજાને, માવજત માનપાન કોને કર્યું? માનથી વિદાય કોને કર્યો? તો બીજાને. હવે પેલા મનુષ્યને ખબર પડે કે મારા નામધારીને માટે પાનાભાઈએ આટલું બધું કર્યું તો તેને કેટલું હૃદયમાં થાય? ભલે તેને ભલતો મનુષ્ય મલ્યો પણ બધું મારે નામે કર્યું, કેમ ભાઈ? આકાર—વ્યક્તિ સ્થાનનો ફેર પડયો છતાં ધ્યેય જે હતું. તે પેલાનું ધ્યેય હોવાથી પેલો મનુષ્ય તેની કિંમત કર્યા વગર રહે નહી. તેમ અહીં આગળ હે ભગવાન! તમને નથી કરતો બીજાને કરે છે પણ દોષ અને કલુષતા રહિતને કરે છે, ભલે દોષવાળા, કલુષતાવાળા, બીજા શાસ્ત્રવાળા, નામવાળાને માટે કરે છે પણ કિંમત કોની થઈ? કલુષતા રહિત હોય તેની થઈને! ખરૂં માન કોનું થયું? દેખાતું માન તો આનું થયું, ભળતો આવ્યો તેનું! પણ તેની કિંમત કોણ

કરે ? તો સાચો કરે. તેવી રીતે તું જાણે છે કે નહી, હું તો તારા નામે કરૂં છું. હું દોષવાળાને, મલિનને મલિનતાના નામે નથી કરતો પણ નિર્દોષ અને નિર્મળતાના નામે કરૂં છું. તેની કિંમત નિર્દોષ અને નિર્મળ હોય તેને વિચારવાની, માટે હેમચંદ્રસૂરિજી કહે છે કે અમે બધા પોતાના પરમેશ્વરને દોષ કલુષતા રહિત માનવાવાળા છીએ, તેવો હોય તો તું એકજ છે. આગળ ઉભેલા તે દોષ અને કલુષતા વગરના નથી. મહોબતવાળા એકજ છે. તેને નામે મારે કર્યું હોય; તેમ ક્ષીણદોષી ક્ષીણકલુષતા તે તું એકજ છે તારે નામે બધા ચરી ખાય છે. નિર્દોષતા અને નિર્મળતાના નામે પૂજે છે માને છે તે કોણ ? તું એકજ. માટે હે ભગવાન તું એકજ છે.

**ધર્મના પરિણામીનું અંતઃકરણ કેવું હોય ?**

આ વસ્તુ લઈએ ત્યારે સર્વ દેવતામાં મિથ્યાત્વી પણ ગણાઈ જાય છે, પણ મિથ્યાત્વી અને સમકિતિ બંને સુદેવાદિને માને છે.

પોત પોતાના દેવનું ધ્યાન ધરે, પણ નિર્મળ અને નિર્દોષ માનીને ધ્યાન ધરે છે. નિર્દોષ નિર્મળપણાના નામથી તમે બધે એકજ પૂજાઓ છો. આથી નક્કી થયું કે બધા પરિણામે સાચા છે. કોઇ આસ્તિક પરિણામે ખોટો નથી, ચ્હાય જેવો હોય, ખરાબમાં ખરાબ હોય પણ તે દેવ ગુરૂ ધર્મને માનનારો હોય છે. કોઇ આસ્તિક પરિણામે ખોટો નથી, ચ્હાય જેવો હોય, ખરાબમાં ખરાબ હોય પણ તે દેવ ગુરૂ ધર્મને માનનારો હોય છે, તેના પરિણામ સુદેવાદિ તરીકે છે; તરણતારણહાર તરીકે દેવાદિને માનવા છે.

ક્રિયા તે ઓઠું છે. મનુષ્ય ધારણાની કિંમત કરે છે, તમે ભક્તિ કરતાં બહુમાનની કિંમત કરો છો. સાંજે ઘેર બેઠાં ભગવાન નેમનાથને વંદન કર્યું, પાલક ઘોડો દોડાવીને નેમનાથપ્રભુજી પાસે વહેલો ગયો અને કહ્યું કે મહારાજ પહેલાં વંદન કરૂં છું, કૃષ્ણ

પુછે તો કહેશો કે હું પહેલો આવ્યો હતો. ઘેર શાંબ નમસ્કાર કરીને તૈયાર બેઠો છે. કૃષ્ણે પુછ્યું કે-મેં આ બે છોકરાને કહ્યું હતું કે બેમાંથી જે પહેલો ભગવાન નેમનાથને વંદન કરે તેને ઘોડો આપું, તમે લાડવા સાકર માટે પોષધ સામાયિક કરો તે શા માટે? તો તે અજ્ઞાનતા બંધ કરવા માટે, ધર્મમાં આગળ વધારવા માટે. પાંચ પ્રતિક્રમણની તૈયારી કર! આટલું કરીશ તો તને આ લાવી દઇશ! ફલાણાની વાત કરી, પેટલાદપુરી માટે તોફાન ઉઠાવાય છે પણ પોતાને માટે શું કર્યું? પોતાના છોકરાને ધર્મને નામે સારી ચીજ આપવી. આ કોણ કરે? હું અવિરતિ આરંભાદિમાં ડુબેલો, પડેલ, તેમ રાજા આગળ કહે છે કે-હું આરંભાદિમાં આશકત છું. આ ભાન તે આસ્તિકોને રહે છે, પ્રત્યાખ્યાની, અપ્રત્યાખાની મોહનીનો ઉદય છે. કૃષ્ણે કબુલ કર્યું કે મારી આસકિત છે માટે છુટતું નથી, હું નથી છોડી શકતો. ત્રણખંડ અને ગોપીઓની આસકિત છોડી શકતો નથી, જેને મેળવવા માટે મેં હિંસા જુઠ ચોરી કંઈ જોઈ નથી. માબાપોએ કોઈને દીધેલી અને કોઈ વરવા તૈયાર થયેલો તેમાં વચમાંથી ઉપાડી તે લડાઇઓ લડી, આટલું છતાં લક્ષ્યમાં ધર્મ છે. રાજસભામાં બેઠો છે ત્યાં છોકરા કહે કે મારે ઘોડો જોઈએ, ત્યારે કૃષ્ણ કહે કે-જે નેમનાથપ્રભુને પહેલાં વાંદે તેને આપીશ. તેનું અંતઃકરણ કેવું ધર્મ પ્રત્યે જાય છે, તે વિચારો! તમારે બે ચાર છોકરા છોકરી હોય તેમાં જે આ નવતત્ત્વ જીવવિચાર કરશે તેને આ મલશે! આવી સ્વપ્નામાં પણ વાત કરી? પછી કેવી રીતે ધર્મના સંસ્કારો ટકે. મેટ્રીક થાય! ફલાણામાં પાસ થાય! તો ફલાણું આપું! ધર્મની છાયા તે છોકરાં વિષે બોલવામાં છે પણ શરતમાં નહીં; બેયમાં ઘોડો કોને આપું તો નેમનાથ પ્રભુને પહેલાં વંદન કરે તેને, પાલકે વહેલાં જઈને કર્યું; સાંબે વિધિ સાચવવા માટે ભાવથી વંદન કર્યું. કૃષ્ણે નેમનાથપ્રભુજીને પુછ્યું કે આ ઘોડો મારે કોને આપવો? પહેલાં વંદન કોને કર્યું? નેમનાથપ્રભુએ જણાવ્યું

કે દ્રવ્યથી પાલકે અને ભાવથી સાંબે વગેરે બધી હકીકત કહી; કૃષ્ણે સાંબને ઘોડો આપ્યો.

**બહુમાનની કિંમત વધુ છે.**

બહુમાનની કિંમત વધી માટે અન્યમતનો દાખલો મુકયો. દેવનું મંદિર છે તેમાં બ્રાહ્મણ રોજ પૂજા કરવા જાય છે, હવે કોઇ ભીલને ભક્તિ કરવાનું મન થયું તેથી તે પણ ભક્તિ કરે છે. મંદિર પાસે તળાવડી હતી તેમાંથી ત્રણ ચાર કોગળા કાઢીને પછી કોગળો ભરીને દેવને નવરાવે છે, કોગળાથી પૂજા કરે છે. એક દહાડો બ્રાહ્મણે જોયું કે આ શું! તપાસ કરવા દે; અહીં દેવ ખુશ થયા છે બ્રાહ્મણ તપાસ કરે છે. દેવ પ્રસન્ન થઈને ભીલ સાથે વાત કરે છે. બ્રાહ્મણ આવી દેવને કહે કે તું એ એવો જ છે. કોણા જેવો ? ભીલ જેવો, તું તેના જેવો ન હોય તો ભીલની ભક્તિમાં શું દેખ્યું ? કોગળાનું પાણી જોઇને શું ખુશ થયો કે વાતો કરે છે ? હું આટલી ભક્તિ કરૂં છું છતાં તારૂં દર્શન ન થયું આથી મારૂં કાળજું બળીને ભસ્મ થઈ જાય છે. તું વાતો કરવા બેઠો આથી તું ભીલ જેવો નીકળ્યો; હંમેશાં અફીણીયાને અફીણ મળે એટલે તેને અપૂર્વ માને. તું ભીલ જેવો કે જેથી તને ભીલ ભક્તિવાળો મળ્યો; તેથી તેની સાથે વાત કરવા માંડયો. કેટલાક વખત પછી દેવે આંખ ખસેડી નાંખી, આવો કોણ લુચ્ચો આવ્યો કે દેવની આંખ ફોડી નાંખી ? આ પ્રમાણે બ્રાહ્મણ વિચારે છે, તેવામાં ભીલ આવ્યો દેવની આંખ ઓછી થઇ દેખી વિચારવા લાગ્યો કે મારે બે આંખ છે, તો મારી આંખ શા કામની ? ભાલો મારીને આંખ કાઢી ચઢાવવા ગયો ત્યાં દેવે હાથ પકડયો. પછી બ્રાહ્મણને કહ્યું કે હું કેમ ખુશ થઈને વાતો કરતો હતો તે જોઈ લે ! ભક્તિવાળા વેવલા હોય તે વેવલો ન હતો ભડક નહોતી, પણ ભડકની કિંમત કરતો હતો.

**ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ કઈ જગોએ ?**

શાંબ–પાલક, બ્રાહ્મણ–ભીલના દૃષ્ટાંતથી ખરી કિંમત લાગ-

ણીની, બહુમાનની પરંતુ ભક્તિ બહુમાનના મેલાપમાં તોલમાં, જઈએ તો બહુમાન વધે.

બધા ઈશ્વરને ઈશ્વર તરીકે માને છે. સદ્‌ગુરૂ, સુધર્મ તરીકે બધા માને છે. પરિણામ સારા છે. વ્યક્તિ ચ્હાય જે હોય પણ બધા માને છે સુદેવાદિ, સર્વદેવતાને જે પૂજ્ય છે. પૂજે ભલે બીજાને પણ પૂજા આની, સર્વયોગીઓ ધ્યાન ધરે છે. જુદા જુદા નામે, સ્વરૂપે, વ્યક્તિનું કરે પણ ધ્યાન ધરે છે નિષ્પાપ નિર્મળનું. તો તેવો તું છે બીજો કોઇ નથી, આથી આપોઆપ તું આવી ગયો. બધા સુદેવાદિને માનનારા છે. જે પરિણામ તે પ્રમાણે ક્રિયા, અને તે પ્રમાણે કર્મ આવું કહેવાવાળાએ લગી સમજવું જોઇએ કે ક્રિયાએ કર્મ' પરિણામે બંધ કઈ જગો પર? પાઘડી ઘણી સારી પણ શોભે માથે કિન્તુ પગે ન શોભે, એ પાઘડી પગે ઘાલીને ચાલે તેને, અને એક પાઘડી માથે ઘાલીને ચાલે તેને કેમ કહો? યોગ્ય સ્થળે યોજેલી એક વસ્તુ કિંમત મેળવે, તેવી રીતે અયોગ્ય સ્થળે ગમે તેટલી જોડી હોય તો તે શોભા ન મેળવે, તેમ પરિણામે બંધ તે વાત સાચી. પાઘડી, હાર કિંમતી તો કયાં માથે કે ગળામાં? પગે નેકલેશ મોતીનો હાર બાંધે તો મૂર્ખનો શિરોમણિ માનોને? તેમ પરિણામ એ બંધ કયા સ્થાનની અપેક્ષાએ? આકસ્મિક સ્થાને વિપર્યાસ થાય તે જગોપર. સુંદર પરિણામે સુંદર ક્રિયા શરૂ કરી ને ક્રિયાનો વિપર્યાસ થાય તે સ્થળે. જેમ જિર્ણશેઠે મહાવીર મહારાજારૂપી ઉત્તમપાત્ર દાન દેવાની, ધર્મની ઉત્તમ ક્રિયાની ધારણ કરી, પારણું ન થયું તો પણ બારમા દેવલોકે, તે વખતે દુદુંભિ ન સાંભળી હોત તો કેવલજ્ઞાને પહોંચત. આમાં દાન કયાં છે? મહાવીર પ્રભુ નથી આવ્યા છતાં પરિણામને ક્રિયા બંને સરખી હતી.

તેવી રીતે કાળીયો કસાઇ મહાવીર મહારાજની સભામાં આવ્યો. તે વખતે મહાવીર મહારાજને છીંક આવી તે વખતે પેલો જે દેવતા શ્રેણિકની પરીક્ષા કરવા આવ્યો હતો તે કહે છે

કે મર! સભા વચ્ચે તીર્થંકરને મર પહેલાં કહે તેમાં શ્રેણિકને કેમ થાય? તેટલામાં શ્રેણિકને છીંક આવી ત્યારે બોલ્યો કે જીવતો રહે! છતાં મર પહેલો તેનો રોષ ગયો નથી, અભયને છીંક આવી ત્યારે કહ્યું કે–તું જીવે કે મરે તો સારો છે! કાળિયા કસાઈને છીંક આવી તો કહે કે–તું જીવતો અને મર્યો બંને રીતે ભુંડો છે! પણ શ્રેણિકને જે ઘા લાગ્યો તેની તેઓ વેદના કર્યા કરે છે. હવે દેવતા સભામાંથી નીકળે એટલે પકડી લેવો એવો હુકમ સીપાઇઓને આપી દીધો! દેવતા બહાર નીકળ્યો એટલે પકડવા સિપાઈઓ પાછળ ગયા. સમોસરણમાં વૈરવિરોધ ન હોય છતાં આ જગો પર ઉપક્રમ નથી. ક્ષાયિક સમ્યક્ત્વવાળાની લાગણીનો–આવેશનો રસ્તો નહી. તીર્થંકરનો પ્રભાવ શ્રેણિકના આવેશમાં ન પડયો, સમ્યક્ત્વની કસોટી ત્યાં સમજશો! જ્યાં સમોસરણ છોડીને જાય છે, ત્યાં દેવ ઉડી ગયો. સિપાઈઓએ કહ્યું કે એ તો ઉડી ગયો! દેવતા આવો હોય. ત્યારે મહાવીર ભગવાન કહે કે–તારી પરીક્ષા કરવા આવ્યો હતો; શ્રેણિક કહે પણ આવું બોલાય? પહેલો મર કહ્યું તેમાં મરીશ તો મોક્ષે જઈશ, ભવના ફેરા છુટે માટે કહ્યું, તને જીવ કહ્યું, તો તું જીવે તો રાજાપણું અને મરે એટલે નારકી છે. અભયને માટે કહ્યું તો તેમાં જીવે તો સારા કાર્યો કરશે અને મર્યા પછી સદ્દગતિ થશે; કાળિયા કસાઇ જેવાને જીવે તો ભલો નહી, કેમ? તો જીવે તો રોજ ૫૦૦ પાડાનો વધ કરે છે અને મરીને નરકે જવાનો છે. માટે આમ કહ્યું છે.

'ત્યારે હવે મારૂં શું? તારા રણછોડ પછી કરજે, મારાં લાકડાં તો ઘો!' તમે મોક્ષ મેળવશો અભય દેવલોક મેળવશે તે વાત ખરી' પણ હું નરકે જઉં તે રોકાય? તમારા જેવા તીર્થંકર દેવ, અને મારા સરખો મરી પડનારો ભગત! ચ્હાય જે કાર્ય સાધનાનું કહો તો તે કરૂં પણ નરક ન થાય તેમ કરો! હે શ્રેણિક! બીજી વાત રહેવા દઇએ બાંધેલા કર્મની વાત છે,

કપિલાદાસી તારે ત્યાં ગુલામ છે તેની પાસે પાત્ર બુદ્ધિએ સાધુને દાન તો તું દેવડાવ ! તેના પરિણામ ફેરવવા કાળિયા કસાઈ પાસે ૫૦૦ પાડાનો વધ તો બંધ કરાવ! અને પુણિયા શ્રાવકના સામાયિકનું ફલ તો લાવ ! શ્રેણિક દરબારમાં આવ્યો અને કપિલાને કહે કે દાન દે, કપિલા દાન દેતી વખતે બોલે છે કે હું નથી આપતી પણ શ્રેણિકનો ચાટવો આપે છે, કેટલા પરિણામ ખરાબ ! કાળીયા કસાઈને કુવામાં ઉતાર્યો ત્યારે તેને ચિતરીને પાડા બનાવી બનાવીને માર્યા,

આવી રીતે પરિણામ ક્રિયાની ખરાબી હોય. ક્રિયા વિપર્યાસથી ખરાબ ન બન્યું હોય તો પણ તે લાભનો ભાગી નથી પણ નુકશાનનો ભાગી છે. તેમ જ્યાં સરખા પરિણામ ક્રિયા શરૂ થઇ હોય તેમાં કોઇ કાલે કોઇ પરિણામ કે ક્રિયા પલટે તો જોખમ કર્યું. તો જે પલટે તેમાં પરિણામ પ્રમાણે ગણવાનું. સરખી ક્રિયા પરિણામમાં, આકસ્મિક સંયોગે પલટો થાય તો બંધ, તેનો આધાર ક્યાં તો પરિણામ હોય તેના ઉપર મનાય. સુદેવાદિ ધાર્યા હોય, તેની આરાધના કરવા માંડી હોય તેમાં સુદેવાદિનો યોગ ન મળ્યો હોય અને આરાધના ન થઇ શકી તો પરિણામે બંધ.

આજકાલ પણ પરિણામે જ લાભ મેળવવાનો, છેવટના સરવાળે ક્રિયામાં મીંડુ. ભડકશો નહીં ! ચૌદ પૂર્વને ધારણ કરનાર, બાર અંગને ધારણ કરનારા હોય તે બધાનું છેલ્લી અવસ્થાએ મીંડુ. કામનું કયું ? નવકાર. કામ પડે ત્યારે આ બધા રહી જાય. પણ કામ કરે નવકાર. શિવાજીના વખતમાં ખાંડું હતું તે કોઈ ન લે એક સૈનિક શુરવીર હતો ખાંડાને લઈને તેનાથી તે લઢે. કોઈ વખતે લશ્કર સામું આવ્યું. ઝાડીમાં જવાનો વખત આવ્યો પેલાએ ખાંડા તરવારથી પોતાનું કામ કરી લીધું, સાહેબ ! આ ખાંડુ તરવારનો પ્રભાવ; કામ ખાંડું તરવાર લાગી આખી તરવારે કામ ન કર્યું; નવકાર ખાંડું તરવાર હોય પણ કામ કરનાર, મરણ વખતે જિંદગીને સુધારનાર હોય તો તે ખાંડા તરવાર જેવો

નવકાર છે તે કામનો. બાર અંગ, ચૌદપૂર્વ તે મૃત્યુ વખતે આખી તરવાર જેવા હોય તો પણ તે નકામા; સર્વકાલની વખતે મરણ વખતે બધા જ્ઞાનો કોરાણે રહેવાનાં. કામ નવકાર લાગવાનો! શાસ્ત્રકારે નવકારનો ઉપયોગ વધારે કરવાનું શા માટે કહ્યું? તમારા જીવનની દોરીને જીવનને સુધારનાર છેડે જવાબ દેનાર હોય તો તે એકજ નવકારયંત્ર છે

**સંસ્કાર ટકનારી ચીજ.**

આમાંથી જેટલા સંસ્કારો મેળવ્યા હશે તેટલાજ રહેશે. સામાયિક પ્રતિક્રમણ રોજ કરતા હોય પણ વખતે બધું બંધ થાય ત્યારે ક્રિયા કથળી જાય છે, કથળનારી ચીજ ટકનારી ચીજ જ નથી. ટકે કોણ? સંસ્કાર. સંસ્કાર કાર્ય કરે, પરિણામ એ પ્રમાણ ન માને તો સંસ્કારનું શું? જેને આખી જિંદગી પરિણામ ને ક્રિયા સારી કરી તેમાં કદાચ વિપર્યાસ થાય તો બંધનો આધાર પરિણામ પર છે, પણ સુદેવાદિપણે કુદેવાદિને માને તેના ઉપર નથી, માટે પરિણામ એ પ્રમાણ. તમે સાચા ધર્મના નામે ખરાબધર્મ માનો તેમાં આત્માનું કલ્યાણ થાય નહી. માટે સાચો ધર્મ હોવો જોઇએ ધર્મ સાચો કયારે હોય? કહેનારા, વિષય, સ્વરૂપ. ફળ સારૂં હોય તો, તેને કહેનારા કેવા છે? તે અધિકાર અગ્રે વર્તમાન.

---

## 卐 વ્યાખ્યાન-૪૩ 卐

"वचनाराधनया खलु"

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરિજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે—આ સંસાર ભરમાં જે જે આસ્તિકપણું ધરાવનારા છે તે તે બધા દેવ ગુરૂ ધર્મ એ ત્રણ વસ્તુને માનનારા છે. કોઈપણ આસ્તિક દેવ ગુરૂ ધર્મની બાબતમાં ના કબુલ કરનારો નથી, બધા દેવાદિને માને છે. તે કઈ રીતે

માને છે? ચ્હાય જેવા દેવને ચ્હાય જે નામે, આકારથી, સ્થિતિએ દેવને માને પણ નિર્દોષ નિષ્પાપ એવા દેવ ધારીને માને છે, પોતાના ઇશ્વરને દુષ્ટ, પાપી છે તેમ માનવા કોઈ તૈયાર નથી. તે બધા દેવાદિને માને તે નિર્દોષને–નિષ્પાપને? કોઇ દુષ્ટ હતા ને હું માનું છું તેમ કહેવા તૈયાર નથી. તમામ આસ્તિકો ભગવાનને નિર્દોષ–નિષ્પાપ માનવા તૈયાર છે. ગુરૂને પણ તરણ તારણહાર તરીકે માનવાને તૈયાર છે. ગુરૂ માટે–તે ડુબ્યા છે અને આપણને ડુબાડયા છે માટે ગુરૂ માનો તેમ ધારીને કોઈ માનતું નથી, પણ તે તર્યા છે, આપણને તારશે માટે માને છે. ગુરૂ ન હોય તો ભવચક્ર માં ફર્યા કરશું! તે જાણપણું કરાવનાર હોય તો ગુરૂ મહારાજ છે માટે ગુરુને અમે માનીએ છીએ. જે ગુરૂને માને તે શું કહીને, શું ધારીને? તો તે તરનાર અને અમને તારનાર છે. ધર્મને શા મુદ્દાથી માને છે? તો અમારૂં કલ્યાણ કરે તે માટે, આ ભવ પરભવમાં અમારૂં કલ્યાણ તે રસ્તે થશે, કલ્યાણનો રસ્તો તરવાનું સાધન છે આવી રીતે નિર્દોષપણું ધારીને દેવાદિને માને છે.

**કલાઇને સોનુ ધારી લે તેનું શું થાય?**

ધારણા સુંદર છે, છતાં મૂર્ખપણું, કલાઈને સોનું ધારી લે, તે કલાઈ છે તેમ જાણે ત્યારે માથું કૂટે છે? સોનું કિંમતિ ચીજ છે તેમ ધારીને પિત્તલને બદલે સોનું ધારી લીધું પછી બધી મહેનત કરે તેનું પરિણામ છેવટે પશ્ચાતાપમાં કે બીજામાં? તો પશ્ચાતાપમાં આવે.

"ઇસ ભોજનપર દ્વાદશ તિલક–" એક બાવો છે. તે કોઈ ગામમાં રહ્યો છે. બાવો ત્યાગી છે, દરેક ભક્તો તેને ભોજનનું નિમંત્રણ આપે છે, તેમાં એક કુંભાર ચાલુ નિમંત્રણ આપે છે. આ બાજુ કુંભાર નિમંત્રણ આપે છે, પરંતુ બીજાં સારાં નિમંત્રણ આવવાથી તેનું સ્વીકારાતું નથી. એક મહિનો, બે મહિના, ત્રણ મહિના ગયા છતાં તેનો સ્વીકાર ન થયો, ચાર મહિના ગયા છતાં કુંભાર થાકયો નથી, જિર્ણશેઠની પારણાની વિનતિ ઉભી છે. કેટલી અંતઃકરણની

વિનતિ હશે? જેમાં બીજા બીજાઓને ત્યાં જાય છે. ભોજન ત્યાં કરે છે, પોતાની વિનંતી નથી સ્વીકારાતી; મારી વિનતિ છતાં મારે ત્યાં આવે નહી અને બીજાને ત્યાં જાય છે, આપણા મગજ પ્રમાણે પાત્ર ચાલે ત્યાં સુધી પાત્રની કિંમત! બીજાના ત્યાં ગયા આપણે ત્યાં ન આવ્યા, ત્યાં શું થાય છે? મહારાજના વ્યાખ્યાનમાં, 'ઉપાશ્રયમાં નહી જવું, જો તોરમાં ન હોય તો આ નહી' આવવું અને મહારાજ નહી' આવ્યા તેમાં સંબંધ શો? તોરમાં બધું ગયું ગણાય; કેમ? તે વખતે ચલવિચલપણું થાય છે. જિર્ણશેઠને ચાર મહિનાની વિનતિમાં ચલવિચલપણું ન થયું; ત્યારે આ તો જાતનો કુંભાર, બાવાજી બીજે બીજે ઘેર જાય છે. તો પણ કુંભારની વિનતિ એમને એમ ચાલુ છે. આપણા અંતઃકરણ અને કુંભારના અંતઃકરણને તપાસો! પેલાને બાવાની સાચી ભકિત છે. ત્યારે આપણી તોરની કે દેખાડવાની ભક્તિ ગણો! કુંભાર ચાર મહિના સુધી એક સરખી વિનતિ કરતો જાય છે. પણ તું કુંભાર કરતાં ભુંડો ન થઈશ! તમને રીસ ચડે, પણ કુંભાર જેવી સ્થિતિ લાવવી મુશ્કેલ છે. તે ભક્તિ એ ભક્તિ છે. હું ભક્તિ મારા માનવા તરીકે નથી કરતો પણ તેના ગુણો છે માટે કરૂં છું; મારૂં ધાર્યું થાય તો માનવું, ન થાય તો ન માનવા માટે તારી ધારણાની ભક્તિ પણ ગુણની ભક્તિ નથી, કુંભારે ચાર મહિના સુધી વિનતિ ચાલુ રાખી. હવે કોઈ ભગત વિનતિ કરવા આવી શકયો નહી, કુંભાર ઉભો રહ્યો કહે કે સાહેબ પધારો! જેમ એક વાણિઓ દુકાનથી ઉતર્યો તેવામાં આંડીઆએ પકડયો, ચાલ હવે! વિવેકીને પહોંચાય પણ આંડીયાને ન પહોંચાય. પેલો કહે ચાલવા દો. પેલા યાહુસેન !!! બોલે ત્યારે વાણિયો આ'ફ્સા! આ'ફ્સા! ભાઈ! બોલવા લાગ્યો. તેમ બાવાજીને દેખીયે, ભાવ હોય કે ન હોય અત્યારે વિનતિ કોઈની નથી! કુંભાર ઉભો છે આથી વિનતિ માનવી પડી. જા ભાઈ! તારે ત્યાં! બાવાજીમાં બાવાજીપણાનું બિન્દુ નહોતું, બિંદુ હોત તો જા ભાઈ જા તારે ત્યાં!' તેમ ન બોલત. ભાઈ બીજા બીજાને

ત્યાંના રુડા હતા તેથી નહોતો સ્વીકારતો. કુંભારે બરોબર પોતાની સ્થિતિ પ્રમાણે તૈયાર કર્યું બાવાજી જમવા બેઠા, આજ કંઇ સારૂં ભોજન હશે માટે બાવાજીએ બાર તિલક કર્યા હતા, જ્યાં ભોજન આવ્યું એટલે બાવાજી બોલ્યા કે "ઇસ ભોજન પર દ્વાદશ તિલક" એમ બાર વખત કરે ને બારે વખત થુંકતો જાય. બાવાજીને બાર તિલક રોટલા અને ઘેંસમાં ભારે પડ્યા.

**કુદેવને સુદેવ ધારે તો ફળ નહીં.**

નિર્દોષ નિષ્પાપ દેવ, તરણ તારણહાર માનીને આ ભવ પરભવમાં કલ્યાણ કરશે તેમ ધારીને દેવાદિને માને. નાના છોકરા પિત્તલ ધારીને લઢે અને નાપાસ થાય તો પશ્ચાતાપથી રડે; જીવે જ્યારે પરમાર્થે, નિષ્પાપ, નિર્દોષ, તરણ તારણ આ ભવ પરભવ કલ્યાણ કરનારા ધારીને દેવાદિને માન્યા, જેમ પિત્તલને સોનું ધારીને લઢયા છતાં તેની કિંમત સોનાના જેટલી ન થાય, કેટલા બધા દુઃખનો પસ્તાવો થાય! આસ્તિક ગણાતા દરેક શુદ્ધ દેવ ગુરૂધર્મને નથી લઈ શકતા, પણ તત્ત્વથી જાણે ત્યારે પસ્તાવાનો પાર ન રહે. પિત્તલને પિત્તલ માનનારા તે ન વસાવે, તેના માટે પેટી ચાવી ન બનાવે પણ પિત્તલની પેટી બને. સોનું માનનારા તેને માટે પેટી તાળું કુંચી વસાવે તે વાત સાચી પણ પરિણામ શું? તેવી રીતે મિથ્યાત્વની કરણીમાં પરિણામ શું? કશું નહી.

**સુદેવ સુગુરૂ સુધર્મને માને છતાં અનંતા ભવ કેમ?**

હવે સમકિતની કરણીમાં આવો! તે કરણી આ જીવે અનંતી વખત કરી તેમાં દેવને ગુરૂને ધર્મને દેવાદિ તરીકે માનીને આરાધના કરેલ છે. અરિહંત તે દેવ, ગુરૂને મહાવ્રતધારી તરીકે, ધર્મને આ ભવ પરભવના કલ્યાણ તરીકે આરાધ્યો છતાં રખડંપટીનો આરો આવ્યો નહી, કારણ દેવાદિને માન્યા તે વચનના આધારે નહી, જે જે વખત આ જીવ મિથ્યાત્વ અભવ્યપણે સાધુ થયો ત્યારે દેવ કોને માન્યા? અરિહંત તે મારા દેવ, ગુરુ

મારા આચાર્ય, આ મારો ધર્મ. દેવ સાચા છે તેને સારા દેવ કહે છેને ? સારા ગુરૂને સારા ધર્મને સારા ગુરૂ સારો ધર્મ કહે છે કે બીજાને ? તો સુદેવાદિને સુદેવાદિ કહે છે, ધર્મની ક્રિયાને ધર્મ કહે અને તે પ્રમાણે જાહેર કરે છે. આ ધર્મ અને અધર્મની ક્રિયાને અધર્મ તરીકે જાહેર કરે, આંધળાને અબજ દીવા હોય તો પણ કેટલું કામ કરે ? નકામું તે મેળવે અને મહેનત જાય તે સિવાય બીજું કંઇ ? તેમ અહીં પણ જેને જિનેશ્વરના વચનો માન્યા નથી, વચનો ઉપર અંતઃકરણનું બહુમાન થયું નથી, હું દેવ ગુરુ ધર્મને માનું છું, તે આ આગમના આધારે, આ સુધર્મ, સુગુરૂ, સુદેવ તેથી તેમને સુદેવાદિ માનું છું તેમ નહી. પણ આગમના આધારે સુદેવાદિ છે, અને તેથી હું સુદેવાદિને માનું છું. તમારા ત્યાં બચ્ચું પાંચ વર્ષનું હોય અને પુછીએ કે તારા ભગવાન કયા ? તો દહેરામાં બેઠા છે તે ! સુદેવને સુદેવ માન્યાને ? ત્રણ ત્રણ વર્ષવાળા છોકરા જે જે કરે તેમાં સુદેવને સુદેવ માન્યા કે નહી ? મહારાજ કોને કહીને પગે પડે છે. ત્રણ વર્ષનો છોકરો ઓટલે બેઠો હોય તે વખતે સત્તર બાવા જાય તો હાથ ન જોડે. પણ ઓળખે એવો થયો હોય અને તમારા મહારાજ નીકળે તો હાથ જોડે; તે છોકરો સુગુરૂને સુગુરૂ તરીકે માને છે કે નહી ? પાંચ-છ વર્ષના છોકરાને સામાયિકમાં બેસાડો અને કાકી, બહેન અડકવા આવતી હોય તો કહે કે મને અડીશ નહી. પાપ લાગશે ! તો તેને સુધર્મને સુધર્મ તરીકે માન્યોને ? સમકિત આવી ગયું ને ? સુદેવ સુગુરૂ સુધર્મમાં ધારીને કુદેવાદિ માનનારાની દશા સંસારમાં રહે માટે મિથ્યાત્વીના અનંતાનંત ભવો થાય.

મહિના મહિનાના ઉપવાસ કરીને કુશ જેટલુ ખાનારા હોય તો પણ કરોડો ભવો સુધી આત્માના કલ્યાણના રસ્તે ન રહે. સુદેવાદિને સુદેવાદિની બુદ્ધિએ માનનારો અંનતી વખત માને તેમાં કંઈ વળે નહી, કેમ ન વળે ? દેવ ગુરૂધર્મને અનંતી વખત માને, અભવ્ય ચારિત્ર પાળે કેવલી જેવું; પણ લગીર પોઈન્ટનો

વિચાર કરશો તો આશ્ચર્ય થાય, સમુદાયમાં જે રીતિ થાય તે બધાને પાળવી પડે. તેમ કેવલીના સમુદાયમાં સાધુપણાની રીતિ તો કેવલી જેવી હોયને? કેવલી લાયકની સ્થિતિ જેમાં પ્રવર્તતી હોય તેમાં આવેલો હોય તેને કઈ સ્થિતિમાં રહેવું જોઈએ?

**આત્મીય સુખનું મીંડુ ક્યારે?**

આજતો સાધુનો ક્રોધ શમતો ન હોય તેમાં આચાર્ય વિગેરે કહે, શ્રાવક પણ કહે કે તમને ન શોભે? સાધુવર્ગમાં દાખલ ન થયો હોય તો? તમે વધારેમાં વધારે કહો તો તમને ન શોભે. અમે ગૃહસ્થ છીએ તેમ કહો. સાધુપણાની રીતિ પાળવી જોઈએ. સમુદાયમાં રહેલો અભવ્ય જીવ હોય તો પણ તે પ્રમાણે કરે. કેવલીપણું ઉત્પન્ન કરે તેવું સંયમ, વ્રતો, તપો કરે અને વર્તન કરે. આ પણ અનંતી વખત કર્યું, ભલે પૌદ્ગલિક સુખ મલ્યું હોય પણ આત્મીય સુખમાં મીંડું. કેમ? વચનનું વહેણ જોડાયું નહોતું. તે જોડાયું હોત તો તેની તે દશા ન થાત. નાના બચ્ચાએ સુદેવને માન્યા પણ તે શાસ્ત્રને જાણતા નથી, કયા વીતરાગ કહેવાય! કયા જિનેશ્વર તે ધારણા નથી. મિથ્યાત્વ, અવિરતિ વિગેરેને રોકનારો ધર્મ છે, માટે હું માનું છું. આ શાસ્ત્ર પ્રમાણે જે ઉત્તમતા માનવી પડે તે પ્રમાણે માન્યા નથી.

જીવે દેવ ગુરૂધર્મની આરાધના અનંતી વખત કરી. પણ આત્મામાં અંકુરો ન ફુટયો; વચનનું વહેણ વહ્યું નહીં. ઢગલાબંધ દાણાવાળા પણ વરસાદનો છાંટો નહી, તો તે દાણાની સ્થિતિ શી થાય? તેમ અનંતી વખતે દેવ ગુરૂધર્મને દેવાદિની બુદ્ધિથી આરાધ્યો પરંતુ વચનનું વહેણ વહેડાવ્યું નહિં. આપણા જીવનમાં આશ્રવ છોડવા લાયક તેમને છોડયા. છોડવા લાયકને છોડવા લાયક સમજે, આદરવા લાયકને આદરવા લાયક સમજે તેના સ્વરૂપને ધ્યાનમાં રાખીને સુદેવાદિને સુદેવાદિ તરીકે આ જીવે એક વખત પણ માન્યો નથી તેથી અનંત ભવ રખડયો છે.

**કાંધીઆઓ વચનને ઉશડનારા છે.**

અંકુરો કયો ! જિનેશ્વરને માનવાનો વિચાર પછી સુગુરૂ સુધર્મને માનવા તે પછી જિનેશ્વર મહારાજે કહેલું તે તત્ત્વની બુદ્ધિ પહેલવહેલી આવવી જોઇએ, આ બુદ્ધિ આવે તો તે સમકિતનું ચિહ્ન.

જીવ વિગેરે નવતત્ત્વને જાણે તેને સમકિત કહ્યું છે. વાત ખરી, એ તો શુદ્ધ સમકિતની વાત છે, હરિભદ્રસૂરિજી કહે છે કે તે ગ્રંથી ભેદના સમકિતની વાત છે. જિનેશ્વર મહારાજે કહેલું તે તત્ત્વ તેની બુદ્ધિ તે ગ્રંથી ભેદની નિશાની. આ જીવે ગ્રંથી ભેદ કર્યો, મોહનીય તોડયું તેની શી ખબર ! હરિભદ્રસૂરિજી માને છે કે–દિંગબર, તેરાપંથી બધાંને શું ? જિનેશ્વર મહારાજે કહેલા અર્થોને ફેરવવાના માન્યા છે તેઓને અંદર ઘુસાડી દેવા છે ? જિનેશ્વર મહારાજ તરફથી જે ચાલ્યો આવેલો તેમાં ફેર-ફાર ન હોય; હડતાલ ન દે તે સમકિતવાળા. પણ હડતાલવાલા તે '**जिणपन्नत्तं**'વાળા નથી. પોતાના મતને અનુકુલ ન આવે તો આગમો વિચ્છેદ થઈ ગયા; અને બીજી બાજુ 'જિનપન્નત્ત' ? જિનેશ્વર મહારાજના નામે ચડાવેલું તત્ત્વ જે જે કલ્પિતશાસ્ત્રો ઉભાં કર્યાં તે પોતે જિનેશ્વરના નામે ચડાવ્યા. હડતાલ પડાવ-નારાએ આ જિનેશ્વરનું નહીં, ઉમેરનારે શું કર્યું મને આ ગમે છે માટે જિનેશ્વરનું ગણવું. જિનેશ્વરનું ન હોય છતાં ગણવું એમ કહી દેવું. બોલવાનું જિનેશ્વરના નામે ને રજુ કરવાનું બીજું કંઈ, જિનેશ્વર મહારાજે કહેલું તે તત્ત્વ તેને હરિભદ્રસૂરિજી કહે કે–સમકિત ચોક્કસ. ૬૯, સુધી તોડયા વગર આ વિચાર થાય નહી.

કાંધીયા વચનને ઉડાડનારા, ઉમેરો કરનારા કહો પણ બાકીના ગાડરીયા ટોળાવાળાને શું ? અમારા મહારાજના મતમાં આમ ચાલે છે તેમ કહીને ચાલનારા. બાપે ઝેરનું પડીકું સાકર ધારીને ખાધું તેમ છોકરા છોકરી ધારીને ખાય તો શું થાય ? એક પણ બચે !

તેવી રીતે આ મારા મહારાજ વિગેરે એ આમ કર્યું છે તે બચાવ અહીં ચાલતો નથી. વસ્તુ સાચી હોવી જોઈએ અને સાચી માને માટે હરિભદ્રસૂરિજી જણાવે છે કે-સાચાને સાચું માનવાનું કયારે સૂઝે? તેનું ભવિષ્ય શુધ્ધ હોય ત્યારે.

**તીર્થંકરો પણ વચનની આરાધનાથી થાય છે.**

જ્યાં સુધી અર્ધ પુદ્ગલપરાવર્ત બાકી ન રહ્યો હોય ત્યાં સુધી જિનેશ્વરના વચનને સાચું માનવાનો વખત આવવાનો નહી. છેલ્લા પુદ્ગલ પરાવર્ત સિવાય વચન પરિણમે નહી. અર્ધ પુદ્ગલ પરાવર્તમાં મોક્ષે જવાનો ન હોય તેને વચન ન પરિણમે. જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તન્યૂન રખડવાનું બાકી હોય ત્યારે જિનેશ્વરના વચન ઉપર તે વચન તરીકે પ્રતીતિ થાય અને તે વખતે આદર માન સેવે.

એ છેલ્લા પુદ્ગલ પરાવર્તનો જે કાલ આવ્યો તેને ખરૂ કામ કર્યું. એવો જે જીવ હોય તેને રૂચે છે. તે સિવાય બીજાને રૂચે નહી. ભલે દેવાદિને માને છે. રિવાજે પૂજા વિગેરેને માને છે. જિનેશ્વર મહારાજના વચનથી દેવ માનું છું. અનાદિનું કોણ? તો વચન, તીર્થંકરો નહી.

**વચન શાશ્વતા છે.**

જે તીર્થંકર થાય છે તે વચનની આરાધનાથી. રહાય જે તીર્થંકરો લો. 'ધમ્મો વડ્ઢઉ' કયા ધર્મને અંગે શાશ્વતો કહ્યો? તો શ્રુતધર્મને અંગે, "लोगस्स उज्जोअगरे धम्मतित्थयरे जिणे" વિગેરેમાં શા રૂપે કહેલું હતું? શાશ્વતામાં શાશ્વતા હોય તો વચનો. તીર્થંકરની ઉત્પત્તિ જેટલી વચનને આભારી, તેટલી તીર્થંકરને આભારી નહી. 'પુક્ખરવરદીવડ્ઢે' જે શ્રુતની સ્તુતિ, શાશ્વતો ધર્મ. વચન છે, જિનેશ્વર ભગવાને કહેલું વચન તે શાશ્વતું. તેથી બીજાને જુઠા માન્યા. જે શાશ્વતું માનવા જાય તેને અનાદિ માનવો પડે, વચન શાશ્વતુ માને તો ઇશ્વરના

એજંટો પાયમાલ થઇ જાય. આ વચન કોઈનું બોલેલું ભાખેલું નથી તો વચન કયાંથી? વચનનો મહિમા ગણવોને? બોલનારને માનવો નથી, બોલનારને ઉરાડી મુકવો છે. આ મતને કોઇ કહેનાર નહી? વચન અર્થ દ્વારાએ ચાલ્યા કરે છે, આ દ્વાદશાંગી શાશ્વતી અર્થથી હતી છે ને રહેશે. એ વચન જિનેશ્વર મહારાજના. તે જિનેશ્વરના માનવામાં આવે તે વચનો સત્ય છે. તેના આધારે મારે પ્રવર્તવું જોઈએ તેમ વચન વકતા દ્વારાએ સુંદર ગણીને, અનાદિના ગણીને જે આરાધના કરવા તૈયાર થાય તે ધર્મ કહેવાય. સ્વરૂપ ફલદ્વારાએ વચનની વાસ્તવિકતા કઈ તે જણાવશે તે અગ્રે વર્તમાન.

## 卐 વ્યાખ્યાન ૪૪ 卐

'वचनाराधनया खलु'

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિકાલથી રખડંપટ્ટી કર્યા કરે છે.

### પુદ્ગલોને શરીરપણે પરિણમાવનાર કોણ?

એક વાત ખ્યાલમાં રાખવી. પોતાના જીવને પુછવું કે તું કયારનો થયો? તું જન્મ્યો કયારે! ફલાણા વર્ષે ફલાણા મહિને પણ તું કયારથી? જન્મ્યાના દહાડે જીવ નથી થયો! ગર્ભમાં આવ્યો તે દહાડે થયો નથી. જીવ ગર્ભાશયમાં આવે ત્યારે ગર્ભ બંધાય, જ્યાં સુધી જીવ ન આવે ત્યાં સુધી ભલે ગર્ભાશય હોય, માતાનું રુધિર, પિતાનું વીર્ય હોય પણ ગર્ભ થતો નથી, જીવ આવીને ગ્રહણ કરીને શરીરપણે પરિણમાવે છે, શરીરના પોષણમાં ચાલ્યું જાય. જીવ આવેને ગ્રહણ કરે ત્યારે શરીરપણું, ધ્યાન રાખજો વસ્તુસ્થિતિનું, શરીરને જીવ પરિણમાવે છે. આ વાત લક્ષમાં લો.

પુદ્ગલોને શરીરપણે પરિણમાવવાનું કોણ કરે ? તે પુદ્ગલો પુદ્ગલોની સ્થિતિમાં હોય તેને શરીરપણે પરિણમન કોણ કરે ! જીવ દરેકમાં લે, માલમ પડશે કે પૃથ્વીના અચિત્ત પુદ્ગલો, પાણી ખારૂં કે મીઠું, અગ્નિ વાયરો વનસ્પતિ અચિત્ત થયા હોય છતાં જ્યારે જીવ ઉપજે ત્યારે તે અચિત્ત પુદ્ગલો લઈને શરીરપણે પરિણમાવે. શરીરપણે પરિણમાવવાની તાકાત જીવની, આપણા આકારનું પુતળું બનાવીને ખોરાકને રાખે તો તે પુતળું વધે ખરૂં ? તો ના. ખોરાક તેમને તેમ રહે છે, આ ખોરાક શરીરપણે કેમ પરિણમે છે ? શાસ્ત્રકારે જણાવ્યું કે આખું જગત શરીરમય દૃશ્ય જ છે, શરીરપણે પરિણમીને દૃશ્ય દેખાતા દરેક પદાર્થો જીવના પરિણમાવેલા છે. તે અત્યારે જીવના હોય કે છોડેલા હોય તે ભલે ગમે તે હોય; જગતની ચીજો જીવે પરિણમાવેલી છે. ફક્ત આકાશમાં થતાં વાદળાં વિગેરે છોડીને બધી ચીજો જીવની પરિણમાવેલી છે. તે સિવાય પરિણાવેલી નથી. પુદ્ગલનો સ્વભાવ પરિણમવાવાળો છે. શરીરરૂપે રૂપાંતર જીવના ગ્રહણ કર્યા વગર ન બને, માતાનું રૂધિર પિતાનું વીર્ય હતું છતાં જીવ ન આવ્યો હોત તો શરીરરૂપે ન પરિણમત; આને તો આવીને પરિણમાવ્યું. તેમ પૃથ્વીના, પાણીના, તેઉના, વાયુકાયના, વનસ્પતિના જીવો અને બેઇંદ્રિયાદિજીવોએ પુદ્ગલોને શરીરપણે પરિણમાવેલા છે. પુદ્ગલ જગતનો સ્વાભાવિક ખોરાક તેને લઈને પંચેન્દ્રિય મનુષ્યપણામાં પરિણમાવ્યું. મૂલ તો એજ પુદ્ગલો જે આપણા મા બાપે લીધેલા ખોરાકરૂપે તેજ. તેનાથી શરીર થયું, જીવ અનાદિ છે. જીવે ગર્ભમાં આવીને શરીર બનાવ્યું ત્યાંથી આ ભવ ગણાયો, પણ આ ભવવાળો કયાંનો ? જન્મની શરૂઆત જન્મ દિવસથીને, પરંતુ જીવની શરૂઆત કયારથી ? મારવાડનો માણસ અહીં રહ્યો તે સો વર્ષ થયાં આવ્યો છે બહારથી, મૂળવતની તો નહી. તેમ આ જીવ પણ મૂળ અહીંનો વતની નથી પણ આવેલો છે. જીવે આવીને આ શરીર પરિણમાવ્યું ને ભવ થયો, જીવને કહો કે તું કયારે થયો તે કહે ? જેવો તું આ જન્મમાં બીજા જન્મમાંથી આવ્યો છે તેમ બીજામાંથી

ત્રીજામાં તેમ જન્માંતરના જન્માંતરો ચાલ્યા કરે. જેમ છોકરો જેવો અભ્યાસ કરે તેવા કલાસમાં દાખલ થાય. તેમ આ જીવ જેવી પરિણતિમાં આવે તેવા ભવમાં દાખલ થાય. મંદ કષાયપણું, દાનરૂચિ, મધ્યમગુણપણાની પરિણતિમાં આવે તો મનુષ્યપણામાં દાખલ થાય, મનુષ્યપણું નવું આવ્યું પણ જીવ તો અનાદિ કાલનો.

**જાનવર સમાન કોણ !**

જેમ જાનવરો પોતાના જન્મની પહેલાંની દશા વિચારતા નથી. તેમ પછીની દશાને પણ વિચારતા નથી. તેમ મનુષ્યપણું તે પહેલાંના ભવોનો ને ભવિષ્યનો વિચાર ન કરે તો તેમાં ફરક નથી. ભણેલો હિસાબ ન કરે અને ન ભણેલો હિસાબ ન કરે તો તે બંને સરખા છે. જેમ જાનવરને આ ભવનો પરભવનો વિચાર નથી. તેમ આપણે કર્મ કર્યા અને અહિં આવ્યા, કેવા કર્મ કરશું તો આવતી જિંદગીમાં સારા થઈશું, તે વિચાર ન કરીએ તો તેનાથી ચડિયાતા નથી. જાનવરો પોતાનું રક્ષણ કરે છે, જાનવર જંગલમાં ચરી આવે, દુધ આપે, સંતાન આપે અને અને જિવન પુરૂં થયું એટલે હાલતા થાય. જાનવર શરીર સ્થાન સંતાનના બચાવ માટે તૈયાર નથી તેમ નથી, રક્ષણ,વિરોધ,વિરોધીમાં પણ સમજે છે. તમારી શેરીમાં કુતરૂં હોય તો છોકરા જીભ પકડે તો કંઈ નથી કરતું. બીજાને દેખે તો કરડવા દોડે છે. જેમ કુતરો ઘાતકને માટે રોષવાળો ને પોષકને માટે પ્રેમવાળો હોય છે તેમ આપણે રક્ષણ-વર્ધક, પોષકના પ્રેમવાળા અને જે જે વિરોધી તેના દ્વેષવાળા તેમ જે જે વિરોધી નહિ તેના રક્ષણવાળા થઇએ છીએ. જેમ જાનવર સ્થાન, સંતાન, શરીર તે ત્રણે અહીં મૂકીને જાય છે. તેમ મનુષ્ય પણ શરીર, સંતાન, સ્થાન માટે લઢાઈ મારામારી કરે છે પણ તે બધું છેવટે મેલીને ચાલ્યા જવાનું. જો આમ છે તો પછી જાનવરના જીવનમાં અને તમારા જીવનમાં ફરક કયો ? સ્થાન-શરીર-સંતાન તેનું રક્ષણ, પાલન, વર્ધન, જાનવર અને આપણે કરીએ છીએ.

**જાનવર અને મનુષ્યમાં ફરક.**

ત્યારે ફરક કયાં ? તો તે ભૂત, ભવિષ્યના જિવનનો વિચાર કરી નથી શકતું. ત્યારે આપણે તો વિચાર કરી શકીએ છીએ, આટલી બધી લાયકાતવાળું મનુષ્ય જિવન મલ્યું છે, ભૂલને સુધાવાનો વખત છે, છતાં જેઓને ભૂલ સૂઝતી નથી, તેને તે સુધારવાનું સૂઝતું નથી. જે સુધારી શકતો નથી તે કોઈ દહાડો આગળ કદમ ભરી શકતો નથી; પણ જેઓ ભૂલ સમજે ને સુધારવાને તૈયાર થાય તે આગળ વધે. જે ભવિષ્યના સાધનોને અમલમાં મૂકે નહી તે પોતાના ભવિષ્યને સુધારી શકે નહીં. જે સુધારવાના સાધનો મેળવવા માંગે, તે મેળવે અને તેનો અમલ કરે તે જ સુધારા માટે લાયક.

**પહેલા પરિણામ સર્વવિરતિના.**

આ જીવે ભૂલો કઈ કરી ! ભવિષ્યમાં શું સાધવાનું ! આ વિચારવાનું કેવલ મનુષ્ય ભવમાં છે, તે સિવાય બીજા ભવોમાં જેને ભૂલો જોવાનું, પસ્તાવાનું ને સુધારવાનું સૂઝતું નથી. પણ તે મનુષ્ય ભવમાં થઈ શકે છે. દેવતા ભવિષ્યની ભૂલો જુએ પણ સુધારવાની તાકાત નથી, તેમ નારકીઓ, તિર્યંચો પણ જુએ તો ખરા કિન્તુ સુધારવાની તાકાત નથી, ભૂલો જાણે જુવે સમજે છતાં સુધારવાની તાકાત નથી. તેથી શાસ્ત્રકારો કહે છે કે–એ વાત ખ્યાલમાં આવશે. બારમે દેવલોકે ગયેલા દેવતાઓ ઝુરે છે, કયા ? શ્રાવકપણે ગયેલા. મિથ્યાદૃષ્ટિ બારમાં દેવલોકે જાય જ નહી, છતાં તે ઝુરે છે, અને પશ્ચાતાપ કરે છે. કારણ ? પહેલાંની જિંદગીનો ખ્યાલ આવે ત્યારે એમ થાય છે કે મને સર્વવિરતિ લાયક દેશ, સંયોગો, મહારાજનુ શાસન મલ્યું હતું. તે નહી કરતાં 'ઇસ ભોજન પર દ્વાદશ તિલક' જેવું થાય તેવું કર્યું. મેં દુનિયામાં માંકડાની મુઠીવાળી હતી, તે છૂટતી નહોતી.

**શરતથી પાપ છોડે છે, તે દેશવિરતિ.**

ધર્મ પામનારા માત્ર જીવને શાસ્ત્રકાર કહે છે કે–પહેલાં

સર્વવિરતિ વિચારમાં આવે માટે સર્વવિરતિનો એક સમય માન્યો દેશવિરતિમાં અંતર્મુહૂર્ત તે સમયની નહી. કેમ? સર્વવિરતિમાં બધાં પાપ છોડવાનાં છે; દેશવિરતિમાં બધાં પાપ છોડવા છે પણ આટલા રાખવા છે. માટે હેમચંદ્રસૂરીશ્વરજી જણાવે છે કે-દેશવિરતિ કોને? તો ' "यतिधर्मानुरक्तानां" ગૃહસ્થોને દેશવિરતિ. કોણે હોય? ઘેર બેઠાં ક્યાં કલ્યાણ થતું નથી, તેવાને નહી, પણ ક્યારે સર્વવિરતિ મળે તો મેળવું; ધન્ય છે! તે મેળવનારને, આ સ્થિતિવાળો હોય તો દેશવિરતિ. આવી ધારણાવાળો થાય પછી લેતાં માયા નડે, ઘર બાયડી છોકરાં નહી છૂટે, પાપ તો છોડવું પણ શરતી પાપ છોડે, શરતી પાપ છોડવું તે દેશવિરતિ. બીનશરતી પાપ છોડવું તે સર્વવિરતિ.

**મમતાની મહોંકાણ!**

તમે શરતી પાપ છોડવાનું કહો તે શરતી પાપ છોડ્યું ક્યારે ગણાય? તો બધાં પાપને છોડવાવાળાં ગણે ત્યારે, પાપને પાપ ગણે. ત્યારે શરત તો મારા સ્વાર્થ માટે રાખું છું. દેશવિરતિમાં શરતી પાપ. ધ્યાન રાખજો-શરત સાટામાં હોય, પણ બક્ષીસમાં શરતો ન હોય; આમ હોય, તેમ હોય, આવું હોય તેવું હોય તે સાટા ખાતામાં, બક્ષીસના ખાતામાં બોલો કે આ મ્હારી જગ્યા હતી તે બક્ષીસ કરી. જેને સર્વથા પાપ છોડવું હોય તેને મારા શરીર -પૈસા-છોકરાનું શું થશે! તો તેમાં તેને કંઈ નથી. દેશવિરતિ એટલે શરતી પાપ છોડવાનાં; બીનશરતે પાપ છોડવાં તે સર્વ-વિરતિ, મારી મા, બાપ, બાયડી, છોકરાં વિગેરે માટે આમ કરવું છે તે આમાં ન હોય. બીનશરતી પાપનો ત્યાગ તેનું નામ સર્વવિરતિને? જ્યારે પાપનો ડર મનમાં વસ્યો છે, ત્યારે આસક્તિ શાની? ધન કુટુંબમાં મમતા રહીછે તેની. સોનું હીરો કિમતી મનાયા તેથી આસક્તિ જણાય છે, જેમ કિંમતી-પણાના ખ્યાલથી તેને ફેંકતા નથી. તેમ બધાં પાપ છોડવા તૈયાર છે કિન્તુ કુટુંબ વેષ વિગેરેની આસક્તિ નડે છે, મમતાની મહોંકાણ

નડવાથી દેશવિરતિમાં રહેવું પડે છે આથી શરતી પાપનો ત્યાગ છે. જો બીનશરતી પાપનો ત્યાગ કરવા માંગે તો તે ત્યાગ ન ગણાય, નહી તો તે શરતી પાપનો ત્યાગ નથી. આ વિચારશો તો શાસ્ત્રકારે જે ફરમાવ્યું તેનો ખ્યાલ આવશે, શાસ્ત્રકારે દેશ-વિરતિનો કાલ જઘન્ય અંતર્મુહૂર્ત સર્વવિરતિનો સમય, તેમાં શરત નથી; બારમા દેવલોકવાળો વિચારે તે કોના માટે? શરતી પાપનો ત્યાગ કર્યો તે કુટુંબ ધન માટે, અને તે પાપનું ફળ વેઠવાનું કોને આવ્યું તો મારે! 'ખાવામાં જગલો ને કૂટવામાં ભગલો' તે મૂર્ખા માટે! પણ આપણે તે કરીએ છીએ. મિલકતનુ માલિક આખું કુટુંબ, તે કુટુંબમાં સજાની ભાગીદારી કોણ કરવાનું? કુટુંબને માટે આઠમ વિગેરે દિવસ છે છતાં તે ન વિચારે, ખાય તો આખુ કુટુંબ–પણ આંગળી પાકે, કપાય તો વેદના કોને? તો પોતાને. ખાવામાં જગલો ને કૂટવામાં ભગલો. પૈસા લાજ ઈજ્જતને અને શરત કરી તે મને અહીં નડે છે. બારમા દેવલોકે ગયેલા દેવતા ઝુરે છે. બારમા દેવલોક સુધી ઉંચી સ્થિતિમાં આવેલા તેને ઝુરવાનું.

**ભવ્યજીવ રણાંગણમાં ઉતરેલ છે.**

પાપનો ત્યાગ કરવા લાયક જેને માન્યો હતો, તેનો નિશ્ચય કર્યો હતો તેને કોઇ વખત ત્યાગ કર્યા વગર આરો નથી, આવાઓ વિચારે કે હું ભવી કે અભવી? જો ભવી તો મોક્ષ તારે મેળવવાનો અને ચારિત્ર પણ લેવાનું; વચમાં જેટલો રખડે તેટલો ઘાંચીના બળદની માફક નકામો, કોઈપણ ભવે કે હજાર ભવે પણ પાપનો નાશ કરવાનો છું અને મોક્ષે જવાનો છું, ચારિત્ર લેવાનો છું. તો પછી વચમાં પાપ કરીને, શરતી પાપ કરીને રખડવું કે બીજું કંઈ? પુંઠના ઘા સમજુ ના ખાય પણ છાતીના ઘા ખાય? ત્યારે તું જાણી જોઇને પુંઠ ના કેમ ખાય છે? પાપને પાપપણું માન્યું, ચારિત્ર લેવું પડશે તે માન્યું. અત્યારે ચારિત્ર લે તો સન્મુખના પછી લે તો? રખડતાં લે તો? પુંઠનો. પુંઠના ઘા

ખાય તે બાયલા જેવો, શુરા સરદાર પુંઠનો ઘા મારે નહી, તેમ પુંઠનો ઘા પણ નહી લે, નાસતાને વાંસે ઘા નહી કરે, તેમ નાસતો ઘા નહી લે. તું પછી કશામાં ગણાઈ શકે નહી; રણાંગણમાં ઉતરેલો કાંતો બહાદુર કાંતો બાયલો બેમાંથી એકમાં ગણાવવાનો છે. અહીં આગળ હું ભવ્ય છું તેથી રણાંગણમાં ઉતર્યો છું તે સમજી ગયો, રણાંગણમાં સામો ઉતર્યો તો સામા લઇ લે, પણ આમ છે તેમ છે. તે બાઈઓ બોલે પણ મરદોથી ન બોલાય. કરવા લાયક છે તો કરવું છે. વ્હાય જે થાય, મરદને આનાં રોદણાં ન હોય. છોડું તો ખરો પણ મારા શરીરનું કુટુંબનું શું થાય! આ શું? તો બાયલાપણું.

**જૈનશાસનની ગળથુથીમાં કર્મરાજા શત્રૂ છે, તે માન્યતા.**

શૂરો સરદાર ઘા નહી કરે પણ કબજે લેશે. તેમ કર્મ રાજાને કબજે લેશે, કર્મ રાજાને શું કહે? તું ઘા કર પછી તને જવા નહીં દઉં. પાપ તે છોડવા લાયક ગણ્યું કર્મ શત્રુને દબાવવા યુદ્ધમાં ઉતર્યા, યુદ્ધમાં ઉતર્યો તે શરમાય તો તેની બાયડી શરમાય. તું કર્મને શત્રુ ગણવા લાગ્યો તેની સામે લઢાઈ કરવાની છે તો પછી ભાઈશાબ! તે કહેવા ન બેસે, કોંગ્રેસે ઓગસ્ટમાં ઠરાવ કર્યો તે ખરૂ ને? કોર્ટમાં આવે ત્યારે હું કોર્ટને નથી ગણતો. સત્તા અને શસ્ત્રની સ્વતંત્રતામાં સ્વતંત્ર થવા માંગે તે આ સ્થિતિમાં આવે તો તમે આત્માની સ્વતંત્રતા માટે પાપને કહો કે તું ખસ! પણ ભઈસાબ! તેમ કહેવાથી તે તમારૂં કંઈ સારૂં નહી કરે પણ ચાર આંગળ વધારે નાશ કરશે. પડકાર કરીને ભરોસે રહેલો તે ભાન વગરનો, પોતાનું ભવ્યપણું તે કર્મ રાજાની સામે પડકાર કરેલો કુટુંબ વિગેરે ને સાચવે તો તેને કંઈ ન કરવાનું તેના ઉપર બચવાનું ન હોય. દેશની ચલવળમાં બધા શૂરા સરદારોના ભાગ ભજવવાવાળા નથી હોતા, શરદારોમાં બધા શૂરાથી ભરેલા ન હોય, પણ આંગળી એ ગણાય તેટલા હોય. ત્યારે બીજા રેંગીયા પેંગીયાઓ, શરણના વાવટા જેને

ચડાવ્યા તે રેંગીયા પેંગીયા હતા. ત્યારે કેમ ચડાવ્યા? જેને મરી ફીટવાની તાકાત હતી તેને શરણના વાવટા નથી ચડાવ્યા અહિં આગળ તું શૂરો સરદાર, બહાદુર બન! પણ બાયલો ન બન! સર્વ પાપ છોડવાં છે, મારે સર્વ પાપનો નાશ કરવો છે, કર્મ તું મારો શત્રુ છે. આ વાત તમને ગળથુંથીથી જૈનશાસને પાઈ દીધી. ન સમજતા હો તો નમો અરિહંતાણં ગણો છો કે નહી? ગણતા હો તો બસ છે.

આઝાદી આબાદી બોલી દો તે કોને કહેવાય તે સમજવું જોઈએ. જેમ વાનરસેનાવાળા આઝાદ હિંદ બોલે પણ તે આઝાદી આબાદી કોને કહેવાય તે સમજે નહી, અહીં કર્મ તે શત્રુ તેને હણનારાને ન સમજે તે નમો અરિહંતાણં જે બોલે તે વાનરસેના આઝાદ હિંદ શબ્દ બોલી દે તેમ છે. જ્યારે કર્મશત્રુ હણીએ, તેને હરનારની છત્રછાયામાં છું તે ન સમજે તે વાનરસેનાના શબ્દમાં છે. કર્મને શત્રુ તરીકે મારનાર, તેની ઉત્કૃષ્ટતાને સમજે તો નમો અરિહંતાણં. નહિ તો વાનરસેનાના આઝાદ હિંદ જેવું. સમજણનો નમો અરિહંતાણં બસ છે. તું કર્મ સામે પડકાર ફેંક કે તું શત્રુ! તું શત્રુ! ને તું શત્રુ છે!

**નમો અરિહંતાણંમાં કર્મનું વિશેષણ કેમ નહીં.**

આ વિશેષણ વગર શત્રુ ફલાણા દેશવાળો તેમ અહીં કર્મ શબ્દ ન મુકયો પણ અરિહંતાણં શબ્દ મુકયો. આ જગતભરમાં શત્રુ ભવ્યોનો હોય તો કર્મ. કર્મને કોઈ પણ મિત્ર નથી. સંભવ વ્યભિચાર ન હોવાથી વિશેષણ જોડવાનું ન હોય. કર્મ સિવાય શત્રુ નથી. બીજામાં શત્રુનો સંભવ ગણાય. તેમાં વ્યભિચાર નથી માટે અહીં તેનું શત્રુ શબ્દથી સંબોધન. તમે શત્રુને પડકાર કર્યો તેથી તેને હણનારની છત્ર છાયામાં દાખલ થયા છો. તેની સાથે આઝાદી ને આબાદીના સોગંદ જણાવો છો. હું તીર્થંકરનો ભક્ત તેવી સોગંદવારી ગણાવો છો.

તો પછી કેમ લલચાયા છો? તેમ તે દેશવિરતિવાળો વિચારે કે મને આટલું બધું મળ્યું છતાં મારે શરતી કરવું પડયું તે શરતી પાપ દેશવિરતિવાળાને દેવલોકમાં જાય પછી ત્યાં બાળે, મારી પાસે સાધન શકિત સંયોગ વિગેરે હતું અને વરવાની વાર નહોતી તે હું ચૂકી ગયો. બે વેપારીએ સરખા વેપાર ખેડયા, એકે કર્યો ને કાપ્યો ને પેલો જ્યારે ખ્યાલ થાય, તો કાપેલાની શી દશા થાય! સંજમે કાપેલો દશાવાળાએ સોદો હાથમાં આવ્યો હતો તે કાપી નાંખ્યો તેથી તે દેશવિરતિવાળો બારમા દેવલોકે ગયેલો ઝુરે છે, ભૂતકાળની ભૂલો ધ્યાનમાં આવવાથી ઝુરે છે. બે ઘડી સામાયિક કરો છો તેમાં ભૂતકાલમાં જે કર્મ કર્યાં હોય, પાપ કરાવ્યું હોય તો તે પાપનું ગર્હન કરૂં છું. પાપમય આત્માને વોસિરાવું છું. મનુષ્યપણામાં આવ્યા છતાં ભૂત ભવિષ્યની જિંદગીના સુધારાનો અને તેની ભૂલોનો ખ્યાલ ન કરીએ તો જાનવરથી નથી વધ્યા. આ બધો વિચાર કોને? જેને શાસ્ત્ર માનવા હોય તેને "जीवो अनाई निहणो" આ જીવ અનાદિનો છે. નાશ થવા વાળો નથી. તે કોને થાય છે? વચનનો ભક્ત હોય તેને, ભૂતની ભૂલોને ભવિષ્યના સુધારાને લક્ષ્યમાં લઈ શકે. માટે જ કહેવું પડયું કે આવું જે વચન તમારા આધાર-ભૂત તેની આરાધના કરો તો ધર્મ. તે વચન આરાધવા લાયક કેમ? તેવી રીતે વચનનું જીવ સ્વરૂપ દેખાડવા માટે સ્વરૂપ દેખાડયું. હવે વચનનું સ્વરૂપ કયું તે જે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન-૪૫ 卐

'वचनाराधनया खलु'

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરી-શ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતા થકા આગળ સૂચવી ગયા કે—આ સંસારમાં

આસ્તિક વર્ગ જેટલો વિદ્યમાન છે તે તમામ વર્ગ દેવ ગુરૂ ધર્મને માનનારો છે. કોઈપણ આસ્તિક વર્ગનો મનુષ્ય દેવ ગુરૂ ધર્મને માનનારો છે, કોઈ પણ આસ્તિકવર્ગનો મનુષ્ય દેવગુરૂ ધર્મની માન્યતા વગરનો નથી. દરેક દેવાદિની માન્યતાવાળા છે. પરંતુ લોકોત્તર માર્ગ જે જૈનધર્મ તે જૈનધર્મની અંદરમાં ધર્મની આવશ્યકતા દરેકને સ્વીકાર્ય છે.

**ગાદી જાતિ અને વેષથી જૈનોમાં ગુરૂપણું નથી.**

જૈનેતરોમાં ધર્મની આવશ્યકતા માત્ર શ્રોતાને માટે ગણી. જેઓ ગુરૂપણે દેવપણે પ્રસિદ્ધ થયા તેમને ધર્મ ગ્રહણની જરૂર નહી; પણ જરૂર માત્ર શ્રોતાને; જો કે ક્રિયારૂપી ધર્મનું આચરણ તેના ગુરૂ પણ કરે છે, દરેક આસ્તિકના ગુરૂઓ પોતપોતાના દેવની પૂજા કરે છે પણ ગુરૂપણું તે ધર્મને લીધે માન્યું નથી. ગુરૂપણા પછી ધર્મ વળગ્યો પણ ધર્મને લીધે ગુરૂપણું નહી. ગાદીએ આવવાથી, વેષ, કુલમાં પેદા થવાથી. જાતિમાં આવવાથી માત્ર ગુરૂપણું તેમાં દાખલ થયા. પછી ભલે ધર્મની ક્રિયા કરે પણ પહેલાં નહી. એક મનુષ્યે બાર વાગે ચોરી કરવા બીજાના ત્યાં જઇને તીજોરી તોડી, તીજોરીમાં માલ પોતાનો છે, પણ તે માલ તીજોરીવાળાએ દબાવ્યો હતો તેને તે લેવાનો છે. પરંતુ આનું પરિણામ શું થાય! માલ પોતાનો છતાં ચોરીના ગુનામાં સપડાય, કારણ? પોતાને જતી વખતે ધ્યાન રાખવું જોઈતું. ગયા પછી ન્યાયતો કોર્ટથી લેવાય; પણ દમદાટીથી ન લેવાય, તેમ અહીં ગુરૂપણું મેળવવા માટે ગાદી લે, આચારની જરૂર ગણી નહી. વેષમાં પેદા થયો, ગાદીએ બેઠો તેથી ગુરૂપણું મલી ગયું, લોકોત્તરમાં ગાદીએ પાટે આવવાથી, વેષ કુલ જાતિમાં પેદા થવાથી ગુરૂપણું નથી; કિન્તુ ધર્મને અંગે ગુરૂપણું આવે છે. ધર્મ આવે તોજ ગુરૂપણું આવે તેજ કિંમતી; જૈન સિવાય ધર્મનું કિંમતપણું ગુરૂને અંગે રહેલું નથી. ગુરૂપણું મલ્યા પછી ધર્મ કરવો તે ગુરૂપણાની કિંમત, ગુરૂપણા પહેલાં ધર્મ જરૂરી તે કબુલ જૈનોને લોકોત્તર જૈનમાર્ગમાં ગુરૂને ધર્મની જરૂર પહેલી, ગુરૂપણું ધર્મને લીધે ધર્મ આવ્યા

વગર ગુરૂપણું આવે નહી. પહેલાં તો "**सव्वं सावज्जं जोगं पच्चक्खामि**" કરે એટલે પહેલાં ધર્મને કબુલ કરે, પ્રતિજ્ઞા કરે તો ગુરૂ, નહી તો નહીં. પણ સર્વસ્વના ત્યાગવાળા ગુરૂ,

**મહા વ્રતોમાં ભાંગા કેમ નહીં?**

સર્વ સાવદ્યનો ત્યાગ કોનું નામ? આ વાત ખ્યાલમાં રાખજો. પાંચે મહાવ્રતો સાથે હોય તેમ શાસ્ત્રકાર કહે છે. કોઇ કહે કે પહેલાં એક લઉં પછી બીજું લઇશ તેમ ત્રીજું, ચોથું, પાંચમું લઇશ! તો નહી. પણ મહાવ્રત લેવાં હોય તો પાંચે સાથે લેવાં પડે. પંચિંદિયમાં બોલીયે કે '**पंचमहव्वयजुत्तो**' કારણ પાંચે સાથે. પણ કોઈ પહેલું બીજું, બીજું પાંચમું, ત્રીજું ચોથું. ત્રીજું ચોથું પાંચમું ધારે તો તેમ નહી પણ એક સરખું આ વાત ધ્યાનમાં રહેશે તો શ્રાવકના વ્રતોમાં અબજો ભાંગા પડે છે. બાર વ્રતોમાં એક હજાર ક્રોડ ઉપરાંત ભાંગા છે. ત્યારે મહાવ્રતમાં એકે નહિ. કેમ! શ્રાવક હિંસાની પ્રતિજ્ઞા કરે. કોઈ કહે કે મારે કાયાથી મારવો નહી, મરાવવો નહી. વચનથી મારવો નહી, વચનથી મરાવવો નહી. મનથી મારવો નહિ, મરાવવો નહિ. મન વચન કાયાથી મારવો નહિ ને મરાવવો નહિ. ચ્હાય જેવી વિરતિ કરે પણ વ્રતધારી શ્રાવક ગણાય; તેમ જુઠ મોંઢેથી બોલવું નહિ. પણ બોલાવવાની છૂટ. કોઈ કહે કે મનવચન કાયાથી બોલવું નહિ, બોલાવવું નહિ કોઈ મનથી કોઈ વચનથી કોઇ મન વચનથી કોઇ મન કે કાયાથી કરવાના કરાવવાના પચ્ચક્ખાણ કરે તો તે પચ્ચક્ખાણ કરાવવાના. શ્રાવકના વ્રતધારીની ભાંગા તેર અબજ ઉપર. મહાવ્રતધારી નિયત એક ઉપર, તેમાં બીજું નહી માટે અઢ્ઢાઈજ્જેસુમાં બોલો છો અઢ્ઢારસ સહસ્સ સિલાંગધારા' ૧૮ હજાર શીલાંગને ધારણ કરવા તે એકજ ભાંગો, તોજ ગુરૂ. પાંચ મહાવ્રત, ૧૮ હજાર શિલાંગમાં દાખલ થાય તોજ ગુરૂ. કારણ એ છે કે સર્વસ્વનો ભોગ આપીને તેને નીકળવું જોઈએ તો તે ગુરૂ ગણાય. સર્વસ્વનો ભોગ આપનાર

હિંસા, જુઠ ચોરી, હિંસા જુઠ ચોરી પરસ્ત્રીગમન, વિગેરે આમ છોડે તો તે ન ચાલે, તેમાં વાંધો ક્યાં આવે ? તો તેમાં ન ચાલે ?

એક શેઠ હતા, તેમને સ્ત્રી હતી શેઠ મરી ગયા. શેઠાણી સતી થવા નીકળી છે. વસ્ત્ર પહેરી હાથમાં તલવાર લઈને નીકળે છે, છોકરાઓને કહિ દે છે કે ફલાણા ઠેકાણે કુંચી મુકી છે. ત્યારે જોડેવાળાએ કહ્યું કે આતે સતી છે કે શંખણી ! જેને સતી થવું હોય તેને રકમ ચાવી વિગેરે કેમ યાદ આવે ? જેના મનમાં આ વસેલું છે તે ખરેખર ધણી ઉપર પ્રેમવાળી નથી.

**દેવ ગુરૂની જડ ધર્મ છે.**

જેને મહાવ્રતધારી ગુરૂપણામાં દાખલ થવું હોય તેને સર્વસ્વનો ભોગ આપવો જોઇએ. તેને ઓળખાવવા માટે રજોહરણનું શાસ્ત્રકારે ચિહ્ન રાખ્યું. કુટુંબ મિલકત માલ લાડી વાડી ગાડી બધું વોસિરે!વોસિરે! મારૂં કશું નહીં. તમારા દેશ વેષ કુટુંબ જગ્યામાં મિલકતમાં ખરેખર મારી સ્થિતિ નથી. હવે મનમાં બોલો કે 'हम खपते हे दीवाना' તમે અમારા સંસર્ગમાં ન આવો ! કેમ ? જેમ તમારામાં અડધા દીવાના હોય તે બજાર વચ્ચે ઉઘાડે માથે કાછડી વગર ફરે; અમે પુરા દીવાના અધુરા નહી ! દુનિયાદારીની અપેક્ષાએ પુરેપુરા દીવાનામાં ખપવું હોય તે સર્વસ્વનો ભોગ આપીને મહાવ્રતો લે ત્યારે ગુરૂપણામાં દાખલ થાય, ત્યાગની લગીર પણ ન્યૂનતા હોય તો ગુરૂપણામાં દાખલ થઈ શકાતું નથી. લોકોત્તરમાં ધર્મના આધારે ગુરૂપણું, ધર્મ ગ્રહણ કરે ત્યાં ગુરૂ, નહિ તો ગુરૂપણું નહીં. હવે બધે તપાસો ! ધર્મના આધારે ગુરૂપણું છે ? ગુરૂપણા પછી પણ પાંચ મહાવ્રતના માટે ભોગને જુવો છો. જ્યાં ધર્મ ગુરૂપણાનું કારણ નિભાવમાં વધવામાં નથી તો ત્યાં ધર્મની કિંમત શાની હોય ? પણ લોકોત્તર માર્ગમાં ધર્મને અંગે ગુરૂપણાની પ્રાપ્તિ વધવું ટકવું તે ધર્મને આધીન ત્યારે કિંમત કોની ? ધર્મની. ગુરુ કરતાં પણ ધર્મની કિંમત જૈનોએ જબ્બરજસ્ત આંકેલી છે. તેમ દેવને

અંગે દેવ થયા પછી દેવને ધર્મ નહીં? પણ પહેલાં ધર્મ કરે તો પછી દેવ બને. ધર્મ કરવાથી દેવપણું મળે તે કોણ માને? તો જૈનો. બીજાઓએ આકાશનું ઉતરેલું માન્યું, જે છે તેમ માન્યું. ત્યારે જૈનોએ ધર્મ આચર્યો તેથી દેવ થયા. દેવની જડ ધર્મ.

**વરબોધિમાં ત્રણ નિયમ.**

'ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી' તીર્થંકર કોણ થાય? ત્રીજા ભવે વીશસ્થાનકની આરાધના કરેલી હોય, જગતના ઉદ્ધારની ભાવના હોય તે તીર્થંકર થાય. આપણે તો આત્માનું કુટુંબનુ અને જગતનો ઉદ્ધારનું ઠેકાણું નહીં, તો પછી દેવપણાની છાયા ક્યાંથી? જગતનો ઉદ્ધાર કરૂં તે ભાવના પહેલાં થાય તેનું સમક્તિ જે હોય તે વરબોધિ કહેવાય. વરબોધિમાં નિયમ જગતનો ઉદ્ધાર કરૂં. આવ્યું જાય નહીં, "वर अप्रतिपाति" અપ્રતિપાતિ એવું સમકિત તે વરબોધિ માટે યોગદૃષ્ટિમાં હરિભદ્રસૂરીશ્વરજી કહે છે કે અરિહંત પદની આરાધનામાં તીર્થંકરપણું ગણે તો સિદ્ધપણાની આરાધનામાં તીર્થંકરપણું ગણે તો! મોટી ભૂલ ગણાય. તેમ વીશે પદોની આરાધનાથી તીર્થંકર થાય તે ગણે તો! તે ગણવાવાળો ભૂલે છે. કારણ? એ આરાધના જગતના ઉદ્ધાર માટે જરૂર હોવી જોઈએ; જગતના ઉદ્ધાર માટે આરાધના હોય તો તીર્થંકર, વરબોધિ લાભ અર્હદ્વાત્સલ્ય તેમાં શું હોવું જોઈએ? ગર્ભમાં વરબોધિ લાભ હોવો જોઈએ, માટે અષ્ટકજીમાં જણાવ્યું કે:

> **वरबोधित आरभ्य परार्थोद्यत एव हि।**
> **तथाविधं समादत्ते कर्म स्फीताशयः पुमान् ॥**
>
> अष्टक ३१ श्लो २ ॥

જ્યારથી વરબોધિ થાય ત્યારથી પરોપકારમાં લીન હોય, કરૂણા પ્રધાન હોય.

**કાયપાતી અને ચિત્તપાતીનું સ્પષ્ટીકરણ.**

કેવલીપણા સુધી અખંડિત ચાલે તે વરબોધિ હોય, તેને અંગે બોધિસત્ત્વ બૌધ્ધોમાં ગણાય, કાયપાતી લક્ષણ તેનું રાખ્યું.

કાયાથી પાપમાં પડનારો શાથી? ચિત્તપાતી નહી, મનથી નહીં, મનથી સાવદ્યવાળો નહી, પણ મોક્ષમાં પરોપકારમાં જેની ધારણા ચાલી રહેલી છે. તે ગૃહસ્થ હોય તેની ધારણા સાધુ હોય તેનું મન મોક્ષ અને પરોપકારમાં. આ બાજુ પ્રવૃત્તિ જવું આવવું તે કાયપાતી, કાયાને પાડવાના, મન દાખલ નહી માટે કાયપાતી. કોણ? તો આ વરબોધિવાળા, બીજા કાયપાતી નહી; ખરાબ બાઈ પોતાના આશક ને અંગે લીન હોય તે ભલેને ધણીને સાચવે, પણ તેનું ચિત્ત કયાં? ધણીમાં કાયપાતી, માશુકમાં ચિત્તપાતી, તેવી લીનતા બીજે આવવી બહુ મુશ્કેલ પડે છે. માટે દૃષ્ટાંતમાં લેવા પડયા. જેમ ધણીની માવજતમાં કાયપાતીપણું થાય છે. તેમ સંસારની કાયિકનિર્વાહની સ્થિતિ જ્યારે બંધ લાગે ત્યારે કાયપાતી બને પણ ચિત્તપાતી નહીં.

વરબોધિવાળા કાયપાતી અને ચિત્તપાતી કયાં?

બોધિના લક્ષણમાં કાયપાતીને ચિત્તપાતીનો વિભાગ પાડવામાં આવ્યો. તેમ વરબોધી કાયપાતી હોય, ધાવમાતા કુંવરને પોષે આ આપણું દૃષ્ટાંત; તેમાં શું કાયપાતી? હા. કેમ? ચિત્ત તો કયાં! પોતાના છોકરાની ધારણામાં? સાચવે આપણા છોકરાને, છતાં ચિત્ત કયાં? પોતાના છોકરામાં. ત્યારે તમારા છોકરા માટે કાયપાતી. અને પોતાના છોકરામાં ચિત્તપાતીપણું તેનામાં છે. પોતાના છોકરાની માવજત–સંભાળ નથી લઈ શકતી, તેને રખડતો ભુખ્યો રાખે છે, અને પારકા છોકરાને કેડે બેસાડે છે, ખવડાવે છે છતાં તે કાયપાતી, ચિત્તપાતી તો પોતાના છોકરામાં. જેમ ધાવમાતા શેઠના છોકરાને અંગે કાયપાતી છે, તેમ અહીં આગળ વરબોધિવાળો થાય તે કેવળ સંસારનો કાયપાતી હોય પણ ચિત્તપાતી ન હોય; તે કયા ઉદ્ધારમાં? ઉદ્ધારની શ્રેણિ ખ્યાલમાં લેશો તો ઉદ્ધારમાં ચિત્તપાતી સમજશો. શાસ્ત્રકાર કહે છે કે–વરબોધિવાળો જીવ નરકે જાય ત્યાં પણ તીર્થંકર ગોત્રને પુષ્ટ કરતો જાય, અહિં ગર્ભમાં પણ તીર્થંકર ગોત્ર પુષ્ટ કરતો જાય,ક્ષપકશ્રેણિ થઈ

અપૂર્વકરણ સુધી જાય ત્યાં સુધી તીર્થંકર કર્મ બાંધ્યો જ જાય. કેટલી જડને સજ્જડ કરી હશે, તે વિચારો ! મૂળ કેટલા ઉંડા ઘાલેલાં હશે કે તેત્રીશ સાગરોપમ સુધી પાણી ન સીંચાય તો પણ ઝાડ પુષ્ટ રહે. રૂષભદેવજી મહારાજ સર્વાર્થસિદ્ધે તેત્રીશ સાગરોપમ રહ્યા છતાં નામ કર્મ શાથી ચાલ્યું ? નરક દેવલોકના અંતરમાં હોય, ત્યાં મન વચન કાયા તેમાં નથી છતાં તીર્થંકર નામ કર્મ પોષાયા જાય છે તેમ કહો. મન વચન કાયા તેમાં ન હોય અને કર્મ પોષાય તે દાખલો તમે વિચારો ! શાસ્ત્રકાર કહે કે તમે પચ્ચખ્ખાણ ન કર્યાં હોય પછી તમે રાત્રિભોજન ન કરો, ચોરી ન કરતા હો તો પણ પાપ લાગ્યું. અમે ન કરીએ ત્યાં પાપ કેમ લાગ્યું ? ઉંઘમાં બરાબર છીએ ત્યાં મન વચન કાયા નથી તેમાં અમને પાપ લાગે. મન વચન કાયા ન હોય છતાં કેમ પાપ લાગે ? તે વિચારશો તો માલમ પડશે.

એક મનુષ્ય ઘેરથી ચોરીના ઓજાર લઈને ચોરી કરવા નીકળ્યો છે. હજી વહેલું છે. તેથી રસ્તામાં ઝાડ નીચે સુતો છે. તેટલામાં ઉંઘ આવી ગઇ. આ વખતે તેના મન વચન કાયા ચોરીમાં છે ? ના. તો તેને તમે શાહુકાર ગણશોને ? ચોરીના મુદ્દાવાળો છે તેથી તે ચોર છે.

મારા તરીકે નીકળેલો તે ગામેગામ ફરે છે, ખાય છે, પીએ છે, બધું કરે છે તેને મારવાનો વિચાર નથી હોતો છતાં મારાનાં કર્મ લાગે કે નહી ? તો લાગે. કેમ ! મન વચન કાયા તેમાં નહી હોવા છતાં તે રસ્તામાં ગણાય છે તે વિચારો ! કયા રસ્તામાં નહોતા ? આ બધા રસ્તાની બાંહેધરી છે તે વિચારીએ. કયા ભવમાં કયા પાપના રસ્તા, પાપોની પ્રવૃતિ નથી કરી ? ત્યારે આ કોણ ! મારાના મહેલવાળો ! તો આજી ચોર, કે ચોરીવાળો ?

**અવ્રત કર્મબંધનું કારણ.**

તે ચોર પ્રતિજ્ઞા જયાં સુધી ન કરે ત્યાં સુધી તે ચોરી કરવા નીકળેલો છે, તેને વિચાર થયો કે-ચોરી કરવી પાપ છે. માટે

ચોરી નથી કરવી એમ ધારી પાછો વળ્યો દશ ડગલાં ચાલ્યો પછી તે સૂઈ ગયો તો તેને ચોર ન ગણીએ, કારણ કે તે શાહુકારના રસ્તે ચાલ્યો. આ જીવ અનાદિથી અઢાર પાપની ટોળીમાં મેમ્બર હતો, કયું પાપ ન કરવું તેનો નિયમ નહોતો. સર્વ પાપની ટોળીમાં આ સામેલ થયો છે; વિરતિ લે તો આવતા કર્મોથી છૂટે, હવે લોકોત્તર અને લૌકિક માર્ગમાં ફરક માલમ પડશે; લૌકિક માર્ગમાં 'કરે તે ભોગવે' ત્યારે આપણામાં નિયમ તેને છૂટવાનું, કર્મ બંધનના કારણો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ. જેમ મિથ્યાત્વ તે કર્મનું કારણ તેમ અવ્રતપણુ કર્મબંધનું કારણ ગણાવીએ છીએ. અવ્રતવાળાને ભોગવવાનું.

અનાદિના રહેલા તે શાના રખડે છે ? કેવલી મહારાજ કરતાં સૂક્ષ્મએકેન્દ્રિયો દ્રવ્યથી વિશેષ અવિરાધક છે. કેમ ? કેવલીના યોગોએ હજી વિરાધના હોય, પેલા સૂક્ષ્મએકેન્દ્રિય ન તો વિરાધના કરે, સૂક્ષ્મએકેન્દ્રિય કોઈને બાધા કરતા નથી. તેમ તેને કોઇ બાધા નથી કરતું. આવા છતાં વિરતિમાં નથી આવ્યા તેથી કર્મ બાંધ્યાં જાય છે તે કારણથી અનાદિથી રખડ્યા કરે છે. "**मिथ्यादर्शनाविरतिप्रमादा**" મિથ્યાત્વ સાથે અવ્રતને કર્મબંધનું કારણ જણાવ્યું. તેમ હવે જેને પરોપકારનુ-જગતના ઉદ્ધારનું ઝાડ વાવી દીધું તે પણ મજબુત વાવ્યું. તેમ વાવ્યા પછી ખેડુત ચોકખી ખેતી કરીને ઘેર સૂઇ જાય તો પણ પાક વધે જાય.

પરોપકારનું બીજ-ધર્મનું બીજ-મોક્ષનું બીજ મજબૂતિથી વાવે. તે વાવેલા છે તેથી નારકીમાં-દેવમાં-અપર્યાપ્તામાં જો વિચાર ન હોય તો પણ પેલું તો પોષણ થયા કરે છે. આનું નામ વરબોધિ. જે સમ્યક્ત્વ આનું બીજ વાવે તે વરબોધિ. વરબોધિ અંદર હોવાથી અરિહંત પદોની આરાધનાથી તીર્થંકર પણું મેળવે છે. એ બીજ સરસ વવાય, જે વાવેલું બીજ નરકે દેવલોકે જાય તો પણ સૂકાય નહીં. જુગલિયામાં જાય તો પણ સુકાય નહીં. બીજ વાવેતર જમીન કેવી છે ? જે જમીનમાં

બીજ વાવ્યું તેની સગવડ કરી નાંખી પછી તેને જુવો નહીં. સાગરોપમો, પલ્યોપમો સુધી ન જુવો તો પણ વધ્યા કરે. તીર્થંકર નામકર્મ નિકાચિત કરે ત્યારે જ્યાં સુધી અપૂર્વકરણ આવે ત્યાં સુધી વધ્યા જ કરે, બંધાતું જાય. આ સ્થિતિ જેઓમાં હોય તે વરબોધિ. તેવા જ જીવો કાયપાતી હોય પણ ચિત્તપાતી ન હોય તેવા વરબોધિવાળા ગણાય. તેવા થાય ત્યારે તીર્થંકરપણું ઉપાર્જિત દેવ થાય.

દેવપણાની જડ પણ ધર્મ, ગુરૂની જડ પણ ધર્મ. જૈનોને એક જ પરીક્ષા કરવા લાયક ચીજ કઈ? ધર્મ. કેમકે ધર્મની પરીક્ષામાં દેવ ગુરૂ ધર્મની પરીક્ષા. તેથી ધર્મની પરીક્ષા માટે જોર દે છે. જોડે સમજાવે છે. ધર્મની પરીક્ષામાં મહેનત પ્રયત્ન દુઃખ સહન કરીને કોણ ઉતરે? તો સમજુ. કેટલાક બાલ, કેટલાક મધ્યમ, કેટલાક સમજુ.

બાળકો માત્ર રીત રિવાજ દેખે તેથી ધર્મ માને.

મધ્યમબુધ્ધિવાળો આચાર દેખે તેથી ધર્મ માને. ધારણાના દોરે દેખે આમાં ધારણા કેવી રીતની તેને વિચારે તે મધ્યમબુદ્ધિ.

સમજુ કોણ? તે બેયને દેખે તે કરતાં તેનું ધ્યેય કયું તે દેખે માટે હરિભદ્રસૂરિજીએ જણાવ્યું કે–'आगमतत्त्वं तु बुधः' પંડિત કોનું નામ? આગમ તત્ત્વની પરીક્ષા કરે. કયા રૂપે કરે? તો કોઈ પણ યત્નમાં ખામી ન રહે તેવી રીતે કરે. પંડિત ટીલાં ટપકાંથી નહી. પણ સર્વ પ્રયત્નથી. પરીક્ષા આગમતત્ત્વની કરે તે પંડિત.

તેવા પંડિતો શાની પરીક્ષા કરે? વચનની. પંડિત તો 'वचनाराधनया खलु' વચનની આરાધના તે ધર્મ હવે વચનમાં આટલું બધું જોર કેમ? વચનનો વક્તા વિષય સ્વરૂપ ફલ નિર્મળ વક્તા કયા તે બતાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૪૬ 卐

**'वचनाराधनया खलु'**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં દરેક આસ્તિક મતવાળાઓ દેવ ગુરૂ ધર્મ ત્રણેને માને છે.

**જૈનેતરોને દેવ-ગુરૂ અને ધર્મ સ્વતન્ત્ર છે.**

કોઇ પણ આસ્તિક મતવાળો દેવ ગુરૂ ધર્મની નાકબૂલાત કરતો નથી પરંતુ જૈનેતરોમાં દેવની માન્યતા સ્વતંત્ર, ગુરૂની માન્યતા અને ધર્મની માન્યતા પણ સ્વતંત્ર છે. જ્યારે જૈનોમાં ધર્મ દેવ ગુરૂની માન્યતા સ્વતંત્ર નથી, એકેની સ્વતંત્ર માન્યતા નથી. જેમ અન્ય મતવાળાઓએ પરમેશ્વરને જગતકર્તા માની લીધા. તેથી ગુરૂ ધર્મ સાથે સીધો સંબંધ નહી. ધર્મ હો કે ન હો પણ ધન માલ મિલકત બાયડી છોકરા કરીને માની લીધા તેથી ગુરૂનો ધર્મ સાથે સંબંધ નથી. ઇશ્વરને ધર્મ કે ગુરૂ સાથે સંબંધ કંઈ નહી. ગુરૂને માટે અમુક ગાદીએ આવ્યા તેથી ગુરૂ, અમુક વેષવાળા, અમુક કુલ જાતમાં જન્મ્યા એટલે ગુરૂ, તેને ઇશ્વર અને ધર્મ સાથે કંઈ સંબંધ નહી. તેમ ધર્મને અંગે પણ ધર્મ માનવો તે ગુરૂ અને દેવ કહે છે કે નહીં? કહેલો છે કે નહીં? તે જોવાનું નહીં પણ સ્વતંત્ર માની લેવાનો, માટે તેમને દેવ ગુરૂ ધર્મ સ્વતંત્ર માનવાના. જૈનોને તે પ્રમાણે માનવાનું પાલવતું નથી. માંહોમાંહે અપેક્ષાવાળા ઇશ્વર ગુરૂ ધર્મને, ગુરૂધર્મને, ધર્મ અને દેવને, દેવને ગુરૂને, તે એક એકની અપેક્ષા વગરના નહી. ખાટલામાં કયો પાયો કોને આધારે ખડો? એક સ્વતંત્ર ખડો નથી. એકને ઉભો રાખે તો એકે ઉભો ન રહે. પણ જોડાયેલો હોય તો ઉભા રહે, પણ સ્વતંત્ર ન ઉભો રહે. તેમ જૈનોમાં દેવ ગુરૂ ધર્મ તે એકલાં સ્વતંત્ર નહી. દેવને ધર્મને જવા દઇને

ગુરૂતત્ત્વ છે ? તો નહી. ઈશ્વર ગુરૂતત્ત્વને જવા દઈએ તો ધર્મ-તત્ત્વ છે ? તો તે નહિ. તો આ ઉપરથી પરસ્પર સંબંધ રહેલો છે. ગુરૂને દેવને ધર્મને તે પ્રમાણે પાયા માંહોમાંહે ખડા રહેવા-વાળા જૈનોમાં દેવાદિ ત્રણે માંહોમાંહે જડાયેલા છે. એક વગરનો એક નહી.

**પરમેશ્વર થવાની છૂટ ક્યાં ?**

ઈશ્વર તત્ત્વ વગર ગુરૂ ધર્મતત્ત્વ, ગુરૂતત્ત્વ વગર દેવ ધર્મ, ધર્મતત્ત્વ વગર દેવ ગુરૂતત્ત્વ નથી. પણ માંહોમાંહે સંકરાયેલા છે. કારણ ? જૈનોએ પરમેશ્વર થવાની રીતિ ધ્યાનમાં લીધી. તે સિવાય કોઈ મતવાળાએ એ રીતિ ધ્યાનમાં લીધી નથી. તેથી પરમેશ્વર થવાનું કોઈને નથી. પરમેશ્વર થવા માનવાની રીતિ માને તો તે ચાલે ચાલવું પડે તે તેમને નથી પોષાતું. ચીલામાં ખાડા કાંટા—ત્યાં જવાનું કોણ કરે ? કોઇ કરે નહી. પરમેશ્વર થવાના રસ્તાને આડા કાંટા છે. પરમેશ્વર કોઈથી થવાય નહી. તે એકજ છે ! કોઈ બીજો પરમેશ્વર થઈ શકેજ નહી ! પોતા-નામાં ધર્મ કહેવડાવવાનો ગુરૂને ચાલતું નથી, તો પછી પરમે-શ્વરના નામે કહીને શું કરવું ?

જિનેશ્વર ભગવાનને દીવા જેવા કહ્યા; ચંદ્ર સૂર્યગ્રહ નક્ષત્ર રત્ન છોડીને દીવા જેવા કેમ ? કોડીની કિંમતમાંથી પેદા થનારી ચીજ, કોડીની કિંમતની ઉપમા શા માટે અહીં આપી ?

'**स्वतुल्यं**' જેવું પોતાને ફલ મલ્યું તેવું બીજાને ફલ મળવું જોઈએ. જૈનોના તીર્થંકરમાં એજ વિશિષ્ટતા છે–કે બીજો ફલ મેળવે. પોતે મેળવેલું ફળ બીજાને મલે. દુનિયામાં ઇર્ષ્યા કોનું નામ ? રખેને મારો જોડીઓ મારા જેવો થઈ જાય ! એવો ડર કોને રહે ? તો ઇર્ષ્યાખોરો ને. તું જે રસ્તે ન્યાલ થયો તે રસ્તો બતાવીશ તો તે ન્યાલ થઇ જશે, માટે તેને રસ્તો ન જડવા દેવો આ ઈર્ષ્યાખોરોનો રસ્તો, ઇર્ષ્યાખોર સિવાય આવા વિચાર

કોઈને ન હોય. જિનેશ્વરદેવ-પરમેશ્વર છે તેઓ પ્રમાણે વર્તનાર. જેમ એક દીવામાંથી બીજા અનેક દીવા થાય છે તેમ પરમેશ્વર થઈ શકે.

**શુભાશય**

જે ઉપકારી મનુષ્ય હોય તે વિચારે કે-હું રસ્તો બતાવું ને તે મારા જેવો થાય. આવા કોણ? તો તે તીર્થંકર. જેવું પોતામાં ફૂલ તેમાં પણ બીજાને ઉપકાર કરે ચડાવે. પણ સમોવડિઓ કરવા તૈયાર ન થાય તેમ નહીં અહીં તો જેવું પોતાને તેવું બીજાને માટે 'નમુથ્થુણં' સર્વ બોલો છો-'**जिणाणं जावयाणं**' જીત્યા અને બીજાને જીતાવે, પોતે તર્યા અને બીજાને તારે, પોતે કેવલજ્ઞાન પામ્યા અને બીજાને દોરે છે. આખા નમુથ્થુણંને છેડે શું જણાવે છે? જેવું તેના આત્માનું કાર્ય તેમને કર્યું તેવું બીજાના આત્માને કાર્ય કરાવવા તૈયાર! પોતે સર્વથા કર્મ રહિત થયા. બીજાને કર્મ રહિત કરવા તૈયાર. આને શાસ્ત્રકાર શુભાશય કહે છે.

પહેલો કયો? સાધકે મળેલા ગુણો માટે કેશરીયા કરવા

પડે. રજપૂત જેવી સ્થિતિ રાખવી જોઈએ. રજપૂત પારકા ઉપર હુલ્લો કરે ત્યાં ન હોય, પણ સ્વરક્ષણમાં કેશરીયા હોય તેમ કેશરીયા કરવાનો જેનો નિશ્ચય છે?

**પરોપકાર માટે કર્યાની પરીક્ષા છેડે.**

ક્ષાયિકભાવમાં ન આવે ત્યાં સુધી તે એવો હેવાઈ જાય છે. કોઈને આ પરિણામ રખાવવા મુશ્કેલ છે. કક્કો શીખ્યા તે વખતે નામ ઉકેલવા એજ, હવે બારાખડીની માફક? તો ના. પણ ટેવાઈ ગયા. તેથી એકાગ્રતા, તેમાં કરવી પડતી નથી. જે ગુણોમાં આપણે ટેવાઈ જઈએ પછી તે ગુણોમાં એકાગ્રતા કરવાનું રહેતું નથી. નવા નવા ગુણો મેળવો તો એકાગ્રતામાં રહેશો. મળેલાને દ્રઢ રાખવાની અને નવા ગુણો મેળવવાની પ્રવૃત્તિ. પણ તે મેળવવાવાળાએ ધ્યાન રાખવું કે દુનિયાદારીમાં જેમ કહેવાય છે કે દરેક મનુષ્ય મોંઢે

કરે! શું ? તો મારે તો પરોપકાર કરવાનો. મારે કરવાનું હતું. તે શબ્દ વાપરવા તૈયાર થાય. પણ તે પરોપકારને માટે બીજાના ફાયદામાં છે કે નહી, તે કયાં માલમ પડે? તો છેડે માલમ પડે. પાઘડીના જેટલા વળ હોય તે છેડે માલમ પડે. તેમ પરોપકાર માટે હતું કે નહી? તેનું સ્વરૂપ માલમ છેડે પડે. કાર્યની સિદ્ધિ થાય કે કાર્યની નિષ્ફલતા થાય તે એમાં માલમ પડે. કાર્યની સિદ્ધિ થાય તો તેનું નશીબ હતું ને થઈ ગયું. પણ ત્યાં કર્યું કે નહી બંદાએ! તે થાય તો પરિણામ શું? અને જો કાર્યની વિપત્તિ થઈ કે નાશ પામ્યું તો બીચારાનો ઉદય. પોતે ધમપછાડામાં ન આવે તો પરોપકાર માટે કર્યું માલમ પડે.

**સાધુઓને શાસ્ત્રકારની હિતશિક્ષા.**

શાસ્ત્રકાર સાધુઓને ઉપદેશમાં જણાવે છે કે બીજો બુઝયો તો કર્મ રાજાએ વિવર આપ્યું, ન બુઝયો તો કર્મ રાજાએ વિવર ન આપ્યું. તું તો નિમિત માત્ર છે. સૂર્ય ઉગ્યો છતાં આંધળો ન દેખે તો વાંક સૂર્યનો કે આંધળાનો? દેખવાની તાકાત આંખમાં જોઈએ સૂર્ય તો નિમિત્ત માત્ર. તેમ તું પણ બીજા જીવોને નિમિત્ત માત્ર. તેને કર્મનું વિવર મળે તે વખતે તારો ઉપદેશ ફાયદો કરે. વિવર ન મળે તો ફાયદો ન થાય.

**મોક્ષ માર્ગમાં આવતા કાંટાથી સાવચેત કયારે થવાય?**

પ્રવૃત્તિનું ધ્યેય નિશ્ચિત હોય. પ્રવૃત્તિ માત્ર ગુણોની વૃદ્ધિ માટે, પામેલું સ્થિર રાખીને વૃદ્ધિ તરફ વધેલુ. તે વધવામાં વિઘ્નો ડગલે પગલે હોય છે. ઘેર બેઠેલાને કાંટો નથી નડતો, નડે મુસાફરી કરવા નીકળે તેને, થાક લાગે શરીરે નુકશાન થાય. ભૂલા પડવાનું મુસાફરીમાં નીકળે તેને પણ ઘરમાં બેઠેલાને નથી થવાનું.

પણ મુસાફરીમાં નીકળે તેને ત્રણે આવવાના. કાંટાનો માર પરિશ્રમ સહન કરે, ભુલાવો ન થાય તે વાત ધ્યાનમાં રાખે તો મુસાફરી થાય. તેમ અહીં મોક્ષમાર્ગમાં આગળ વધવું ત્યાં કાંટાથી સાવચેત રહેવું નથી, મોહને આધિન કરવો નથી, તો પછી

માર્ગમાં કેવી રીતે આગળ વધવું ? મુસાફરીવાળો કાંટા, થાક, ભુલો ન પડાય તેવું હોય તો જ જાઉં ! તો તે મુસાફરી કરી શું શકે ? તેમ જીવને સારા કાર્ય વખતે કાંટા આડા આવવાના છે. હું સાવચેતીથી નહી ચાલું તો થાકવાનો છું. હું મુંઝાઈ જવાનો છું. શાસ્ત્રના સથવારાને જોડે રાખીએ તો તે કાંટા થાક ચક્કરો ઉતારી દે. સાથે રાખેલો મનુષ્ય કાંટા થાક ચક્કરને ખસેડે. તેમ મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં આડા આવતા કાંટા છે, જગત કાંટા વગરનું નહી થાય, પણ તમે કાંટાથી સાવચેત રહી શકશો.

**ભગવાનના વખતમાં પણ કાંટા હતા.**

મોક્ષનો માર્ગ વિઘ્ન વગરનો હતો નહી, છે નહી, ને થશે નહી. તેમાં કાંટા કાંટા રહેવાના ! કયા કાલ વિષે મોક્ષમાર્ગમાં કાંટા નહોતા ? ભગવાન મહાવીર મહારાજા વખતે ૩૬૩ પાખંડી બહારના હતા, ત્યારે ઘરના જુદા હતા; ગોશાળો જમાલિ મહાવીર મહારાજની વખતે હતા તે બે નિહ્નવો તેમના મોક્ષે જવા પહેલાં છે, 'उप्पाडियस्स नाणस्स' જયારે જિનેશ્વરે જ્ઞાન ઉપાર્જન કર્યું જયારે ચૌદ વર્ષનો કેવલી પર્યાય થયો તે વખતે નિહ્નવ થયો. જિનેશ્વરથી મોક્ષમાર્ગ જયારે ચાલ્યો હોય તે વખતે લુંટારા નહોતા તેમ નહોતું. સહસ્રયોદ્ધાની ચોકીમાં લુંટારૂનો ડર જાય, વગર ચોકીમાં લુટારૂ ન ડરે. લુંટારૂના ભયે આપણી પ્રવૃત્તિ અટકાવાય નહીં. આજ કાલના જુવાનીયા જેવા તે વખતે નહોતા ? મહાવીર મહારાજા વખતે પ્રસન્નચંદ્રઋષિની કથામાં સામાન્ય રીતે નાના છોકરાને ગાદી સોંપી પ્રધાનોને ભળાવીને દીક્ષા લઈને પ્રસન્નચન્દ્ર રાજર્ષિ રાજગૃહી આવ્યા છે, કાઉસ્સગ્ગમાં રહ્યા છે. પગ ઉપર પગ ચડાવીને સૂર્યની સામી દૃષ્ટિ રાખીને. ત્યાં બે મનુષ્ય આવે છે, તેમાંથી એક કહે છે કે ધન્ય છે આ મહાત્માને ! ત્યારે બીજો કહે છે કે આ પાપીનું મોઢું દેખવું કામનું નથી ! કાઉસ્સગ્ગમાં ઉભા રહેલા છે, તેમને કશી પ્રવૃત્તિ નથી. દૃષ્ટિ સૂર્ય સામે છે, પણ બીજે ત્રીજે નથી. શું ગુનો ? તો નાનો છોકરો

અને બાયડી છોડીને નીકળી ગયો, રખડતો રાખ્યો તેના ઉપર પ્રધાનો અધિકારીઓએ જુલમ ગુજાર્યો, તે આના પાપે કે બીજાના પાપે, સાધુપણું લે તોયે પાપમાં નાંખવાવાળા, પાપ ગણવાવાળા. તેવા આવે વખતે પણ હતા. અત્યારે આ દુષમકાલમાં તેવા જુવાનીયા પાક્યા છે તેમ નહી સમજશો! કાંટા મોક્ષમાર્ગના કલ્યાણમાં અત્યારે ખટકે છે તે વખતે નહોતા ખટકતા તેમ નહીં. ભગવાનના વખતમાં પણ આવા કાંટા હતા, અત્યારે લે તો ના કહે પણ લીધા પછી મહારાજ કહે છે.

સાધુની વિનતિ દરેક ગામવાળા કરે છે. તેઓ જ કહે છે કે સાધુ વગર ક્ષેત્રો બગડી ગયાં છે, સાધુ થવા દેવા નથી અને પછી ક્ષેત્ર બગડયાં તેમ શા માટે કહો છો? મારવાડ મેવાડ પંજાબમાં કોઈ જતું નથી! તારે હિસાબે નથી જતા તેમ માનીએ પરંતુ સંખ્યા પુરતી નથી. સંખ્યા પુરતી હોય તો જવાનો વખત આવે. આ તો થતા સાધુને પાપી ગણો છો. જેનો વિરોધ કર્યો અને જેઓ મક્કમ રહ્યા તેને તો મહારાજ કહો છો. વેવણ માંડવે બે ફ્રાટ બોલે, તે બોલવામાં બાકી ન રાખે. તે વખતે સામી વેવણ ખામોશ ખાઈ શકી પછી જ્યાં ચોરીનું કાર્ય પુરૂં થયા પછી મારી વેવણ કહીને કુદવામાં તૈયાર. અત્યારના જુવાનીયા અત્યારે વિરોધ કરે તે પછી મહારાજ ગણે. પ્રસન્નચન્દ્ર જેવા રાજર્ષિને પાપી ગણો છો ખરા? જ્યાં ઋદ્ધિ છોડીને નીકળ્યા તેને પાપી ગણે. કાંટાળો માર્ગ. કાંટા વગરનો માર્ગ હતો જ નહી. ત્યાગનો માર્ગ કાંટા વગરનો હતો નહી. તમે જેને ખસેડશો તે વચમાં કાંટા ખરાને? બહારના કાંટા ન પણ હોય પણ મમતાના કાંટા હંમેશના છે. મોક્ષની પ્રવૃત્તિવાળાએ બહારના કાંટા વિચારવા નહી પણ ઉપાય કરવાના. પહેલા મળેલા ગુણોમાં ખામી ન આવાવા દેવી, ત્યાં વધવામાં કાંટાઓ આવશે, તેનો ઉપાય કરવો પડશે. પહેલાંના કાલમાં જોડા બહાર નીકળવું હોય તો પહેરે. ગામમાં નીકળવું

હોય તો જોડો ન પહેરે. કાંટાના સંભવમાં જોડો, માટે કંટકમર્દન તેનું નામ કહેવાય છે. કાંટા જરૂર મુસાફરીમાં નડવાના માટે સાધન જરૂર તૈયાર રાખ ! તેમ દુનિયામાં દુર્જનો કંઈ બોલવાના, પ્રવૃત્તિ કરવાના તે તેનો સ્વભાવ છે.

એક સન્યાસી જાય છે. નદીમાં વીંછી તણાય છે તેને બહાર કાઢી બચાવ્યો. જ્યાં બહાર કાઢયો ત્યાં તો સંન્યાસીને ડંખ માર્યો. સંન્યાસી કહે હું તને બચાવું છતાં ડંખ મારે છે ! તેમ કહીને પાણીમાં પાછો નાંખ્યો. હવે વિચારે છે કે-ડંખ તો બે દહાડે મટી જશે પણ તેને યાવજજીવન બગડવા દેવું ? આગળ જઇને પાછો બચાવ્યો તેને ફેર ડંખ માર્યો. તેં મને ડંખ માર્યો, મેં સહન કર્યો. પાછો પાણીમાં નાંખ્યો છો ગયો મેંને તુમકો બચાયા થા. અબ તો ફેર નહીં આઉંગા. આવી ચઉરિંદ્રિયની જિંદગીમાં અભ્યાસને ન ભૂલી શકયો. મારી જિંદગી ભલે જાય હું મરવાનું કબુલ કરૂં પણ સ્વભાવ ન છોડું, માટે તને જિતનારો હું થયો. એક ફળ મને તને જિતવાનું મળ્યું તેથી મારે બસ છે.

માટે ધ્યાન રાખવું કે દુર્જનો તેનો સ્વભાવ છોડવાના ન હોય. તે ન છોડે તેથી સજ્જનોએ તો સજ્જનતાના રસ્તે ચાલ્યા કરવાનું. તે પ્રમાણે ન કરે તો દુર્જનની મહેરબાનીથી સજ્જનતા, દુર્જનની મહોબ્બતથી સજ્જન બનવાનું કોઈ દિવસ સારા માણસને પાલવતું નથી. માટે આવી પ્રવૃત્તિ કરવાવાળાઓ કાંટા સરખા. બહાર દેખેલા સાપ સરખા, ઝેર સરખા, મોહ સરખા, આમાં બુદ્ધિની મુંઝવણો ઉભી થશે. માટે બાહ્ય શરીર અને આત્માના સંયોગો સુધારીને મારે આગળ વધવું છે. આ નિશ્ચય-વાળો પ્રવૃત્તિ કરે ત્યારે તેનું નામ શુભાશય.

નિશ્ચય પ્રવૃત્તિ કરે તે છતાં પણ તરસ્યો થયેલો મનુષ્ય પાણી ન મળે તો ઉંચોનીચો થાય. પાણી મળ્યા પછી તે પ્રમાણે ન થાય. કેટલાકમાં પ્રવૃત્તિ ન કરે ત્યાં સુધી માફ, મેઘકુમારે

રાજાના મનાવણા, રાણીનાં સ્ત્રીઓનાં મનામણાં છતાં રાજઋદ્ધિ છોડીને દીક્ષા લીધી તે કઈ સ્થિતિએ? રાજગૃહી નગરીમાં ખુણે ખાંચરે નહી પણ શ્રેણિકની હાજરીમાં મહાવીર મહારાજના હાથે રાજઋદ્ધિ,-મા-બાપ-આઠ સ્ત્રીઓ છોડીને દીક્ષા લીધી. સાંજે શું થયું? તો ઘેર જઉં! મહાવીર મહારાજની ભૂલ થઈ કે મહાવીર મહારાજ પેટમાં ન પેઠા, જ્ઞાનવાળા હતા તો તેમના જ્ઞાનમાં ઓછું તમારા હિસાબે, આ જીવ પ્રવૃત્તિ કરતી વખતે જે વિઘ્નો આવે તે જીતવા માટે ઉલ્લાસ થાય. કેટલીક વાર પડનારો પણ થાય, હતાશ પણ થાય છે. નિશ્ચય પ્રવૃત્તિનો શુભઆશ્રય રાખ્યો.

**વિઘ્ન કોણ જિતી શકે?**

તે છતાં વિઘ્નજયનો શુભ આશય રાખ્યો. વિઘ્ન જિતતી વખતે જુદી જાતનો ઉત્સાહ જોઈએ. પણ વિઘ્નજય ક્યાં સુધી? ફલની સિદ્ધિ સુધી. જો વિઘ્નજય ન પહોંચાડે તો કરેલો નિશ્ચય છેવટે તમને ઉતારી પાડે; આ વાત વિઘ્નજય માટે જણાવી. જ્યાં સુધી ધાર્યું કામ ન થાય ત્યાંસુધી વિઘ્નનો જય મેળવવો જોઈએ. ઘરની બહારના અને અંદરના વિઘ્નોને જિતતો ચાલ્યો ત્યારે '**देहं पातयामि कार्यं साधयामि**' કયારે? શાસ્ત્રકાર કહે છે કે **कार्यं साधयामि** જે પરભવ ન માને તેને દેહ પડે તેની ચિંતા નહી આ ભવે નહી તો આવતા ભવે પણ કાર્ય સાધું, મોક્ષની સાધનામાં દેહ પડી જાય તો પણ કામ છોડું નહી, '**कार्यं साधयाम्येव**' કાર્ય સિદ્ધ, કરૂં જિંદગીની દરકાર નથી; ગમે તે જિંદગીમાં કાર્ય કરૂં કરૂં ને કરૂં જ. સવાર સાંજ બપોર થયા તેમ આ ભવ પરભવ મલ્યા કરે છે. તેમાં શું હતું? માટે બુદ્ધિશાળીઓ વિદ્યાને અંગે વિચાર કર તે વખતે વૃદ્ધો થયા વિદ્યા મળશે કે શું? હું ઘરડો મરવાનો નથી, વિદ્યાના સંચય વખતે હું ઘરડો મરવાનો નથી, તેમ મોગમાર્ગમાં હું અમર છું, મરણવાળો આ ભવ, હું તો અમર. અહીં આગળ રાતનો વિસામો લઈએ તેમ આ ભવ તે વિસામો છે. માટે '**कार्यं साधयामि**' કાર્ય તે સિદ્ધ કરવાનું. તેમ વધવાવાળા હોય તે વિઘ્નને જીતી શકે.

**પોતે જિતે અને બીજાને જિતાવે.**

જે સિધ્ધિ સારી હોય તે કરે, તે કર્યા પછી જગતમાં ઇર્ષ્યાનો અગ્નિ ગરીબમાં નથી પણ શ્રીમંતોમાં છે. સિદ્ધિ થયા પછી એક દાવાનળ સળગે કયો ? ઇર્ષ્યા. મને મલ્યું પછી રખે મારો કોઈ જોડીઓ થઇ જાય, સમોવડિયો તે ન થાય. દાવાનલ માલદાર થયા પછી નડે છે, માટે પ્રવૃત્તિ શુભ અભિપ્રાયે વિઘ્નજય. સિદ્ધિ મેળવી હોય તે સાચવતાં ન આવડી તો ઇર્ષ્યાનો દાવાનલ સળગાવીને આહુતિ નાંખે. તે ઓલવવા માટે, જેવું પોતાના આત્માને થયું છે તેવું બીજાના આત્માને બનાવી દઉં ! તે માટે "જિણાણું જાવયાણું" તે બે પદો જોડે પોતે જેવું ફલ પામ્યા તેવું બીજાને પમાડવામાં મદદ કરનારા.

**દીવાની ઉપમા કેમ ?**

સૂર્ય વિગેરેની ઉપમા ન આપી. સૂર્યની તાકાત નથી કે બીજા સૂર્ય ચંદ્રને ઉભો કરે ! પણ દીવાની છે. તે બીજો દીવો કરે. પોતા કરતાં વધારે થાય તો વાંધો નહી. ગુરૂ પાસે આરાધના કરવાવાળો દેવપણું મેળવી લે તેમાં વાંધો નથી, તીર્થંકર બીજાને કરાવવાવાળા છે. બીજાને પોતાના જેવું ફલ કરાવવા માટે તીર્થંકર ધર્મ દેવ ગુરૂથી નિરપેક્ષ. ઇશ્વરને કયા દ્વારાએ માનવાના ? તો વચનદ્વારાએ. એ વચનદ્વારા અપેક્ષા હોવાથી જણાવ્યું કે–'**वचनाराधनया खलु**' વચનની આરાધના દ્વારાએ ધર્મ. તે મૂકયું કેમ ? ન મૂકયું હોય તો વાંધો શો ? તેનો વિષય ફલ કયું ? તે અધિકાર અગ્રે વર્તમાન.

## 卐 વ્યાખ્યાન–૪૭ 卐

'**वचनाराधनया खलु**'

**જીવ અમર છે, શરીર બળે છે.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડષક નામના

પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે—આ સંસારમાં જેટલા આસ્તિકો છે તે સર્વ ધર્મને તત્ત્વ તરીકે ગણનારા છે. દરેક આસ્તિકો આ જીવને ભાડુતી ઘરમાં રહેલો ગણે છે. નાસ્તિકો ઠાઠડીમાં રહેલો જીવ ગણે છે. કેમ ? ઠાઠડી બળે અને મડદું એ બળે. તેમ નાસ્તિકો શરીરના પ્રાણો ગયા એટલે જીવ જેવી ચીજ નથી માટે શરીર અને જીવ બંને બળી ગયાં, આ નાસ્તિકોને જીવ અને શરીર બંને સાથે નાશ પામવાના ત્યારે આસ્તિકોને શરીર સાથે જીવનું બળવાનું નથી. તેને તો જીવ અમર છે. શરીર બળે તો પણ જીવ બળવાવાળી ચીજ નથી.

ભાડુતિ મકાન.

આસ્તિકો આ સંસારને મુસાફરખાનું, શરીરને ભાડુતિ મકાન ગણી શકે. આનું ભાડુતિ મકાન ધર્માદા આપે તો પણ લેવાને ઇચ્છીએ તેવું છે ? છતાં આપણે તો કર્મોદયે લેવું પડયું છે. આને અંગે વિચારો ! પહેલાં કર્મ રાજાએ પ્લોટ પાડ્યા અને જાહેર કર્યું કે આ પ્લોટો ઈજારાથી આપવા છે. ઈજારે પણ નીચેની શરતોએ.

અમે જે નકશો આપીએ તે પ્રમાણે મકાનો બાંધવાં, જે પ્રમાણે ઠરાવીએ તે પ્રમાણે દરેક મિનિટે—દિવસે—મહિને—વધારતા રહેવું, અમે કહિયે તેમ તેનું રક્ષણ કરવા કટીબદ્ધ થવું, તે પ્લોટ લેતા પહેલાં જેટલા વર્ષ માટે લેવું હોય તેટલા વર્ષનું ભાડુ પહેલાં આપી દેવું, તેમાં કંઈ પણ ખામી—નુકશાન કરવામાં આવે તો આ ભાડામાંથી દંડ વસુલ કરીશું અને તે તમોને જણાવાશે નહી; તે મુદત પુરી થાય એટલે તમારે મકાન ખાલી કરવું ! તેમાં રહીને જે મેળવ્યું હોય, બહારથી મેળવ્યું હોય તે બધું છોડી દઈને એકલા નીકળવું. આવી શરતોવાળો પ્લોટ કોણ ભાડે લે ? વિચારો ! એના કહ્યા પ્રમાણે મકાન કરવું, વધારવું, તપાસવું, રિપેરીંગ રાખવું, પહેલેથી ભાડું જમે કરાવવું, તેનો દંડ વસુલ. ચાલુ વ્યવહારમાં પુરૂં થયા પહેલાં, મહિના પહેલાં નોટીશ અપાય છે તે પણ અહીં નહી; ઘરધણી ન ગણાય તેવી શરત. અને જે

દહાડે પુરૂ થાય તે જ મિનિટે સેંકડે નીકળી જવું, દુનિયામાં લુગડાભર નીકળાય છે. આવા પ્લોટનો કોણ ઇજારો લે ?

તેમ ચારે ગતિમાં જુદી જુદી જાતના જીવોનું શરીર નિયમિત, તમને કર્મ રાજા લાવીને માતાની કુખમાં મુકે પછી તમારે બનાવવું તેવું જ વધારવું, તેવી રીતે રક્ષણ કરવું; દરેકનું રક્ષણ હરકોઈ વખતે કરતા રહેવું, તેમાં જે કંઇ ખામી આવે, વાતપિત્ત કફ વિગેરેથી આયુષ્ય તૂટે તે પહેલેથી જમે કરેલું છે; તેમાં ખામી કરો તો ત્યાં જમામાંથી કપાયે જાય, આ ભાડું પુરૂ થાય ત્યારે ખબર ન આપે; પુરૂં થાય ત્યારે કાર્મણકાય લઇને નીકળી જવું. આવો કર્મરાજાએ પ્લોટ આપ્યો અને આપણે તે પ્રમાણે તેને લીધો, અક્કલ કઇ વાપરી ? કઈ અક્કલે ઇજારાથી આ પ્લોટ લીધો છે ? તેના કહ્યા પ્રમાણે ઘર બનાવવું. વધારવું, રક્ષણ કરવું, ભાડું પહેલું આપવું, ગફલત થાય તેટલું કાપવું, પુરૂં થાય ત્યારે કાયાભર નીકળવું, તેવો પ્લોટ આ જીવે લીધો છે. પાછો કેવો, તો વિષ્ટાનો ટોપલો. કિંમતી હોય તો જુદી વાત, મ્યુનિસિપાલેટીની ટીનની ગાડી જે મેલાની ગાડી છે તેના ઉપર ચળકાટ થાય પણ મોંઢું ન ખોલો તેટલું જ. તેના જેવી આ શરીરરૂપી ગાડી છે તેના ઉપર ચામડીરૂપી ટીનનું પતરૂં જડેલું છે. અંદર શું ? આપણા વ્હાય જેવા સંબંધી હોય પણ તેમના ઓપરેશન વખતે જોઇ શકતા નથી, તે નવું છે કે અંદરનું ? છે તેજ છે. જેમ મ્યુનિસિપાલેટિની ગાડીનું બારણું ખોલે ત્યારે શી દશા ? તેમ ઉપરની ચામડી ખોલે ત્યારે શું ? મેલાની ગાડી જેવું ઘર. તેનું ભાડું પહેલેથી ભરવું તે કપાય ત્યારે ખબર નહી પુરૂં થાય ત્યારે ખબર નહી.

**આ શરીર મેલો કરનારી જાત છે.**

આ મેલો ઉપજાવનારી જાત છે, ઢેઢભંગી મેલું કરનાર નથી પણ બીજાનું ઉપાડનાર છે. અમૃત હોય તો પેશાબરૂપ કરે હવાને ઝેરી બનાવે, પકવાનને વિષ્ટા બનાવે. કસ્તુરી બાવના-

ચંદન કિમતિ તેને બીજે દિવસે કચરા રૂપે કોણ કરે ? એવી આ ગાડી કે બીજું કંઈ ? સ્વરૂપે પરિણામે આવું ઘર ભાડે આપ્યું છે. ભાડે લીધું છે. ડાહ્યો મનુષ્ય એ કે પાણીની પેલે પાર જવું હોય હોડી લીધી જોખમદાર છતાં મુસાફરીનો લાભ. જેમ ડાહ્યો મનુષ્ય જાનના જોખમદાર પ્રવાહો ઉતરીને લાભ લે તેમ આસ્તિકો આનો લાભ લે છે.

નાસ્તિકો ઠાઠડીનું આવેલું મડદું માને છે. તે બેય સાથે બળવાના તેમના મતે તો જીવ અને શરીર બેય સાથે બળવાના. આસ્તિકોને જીવ બળવાનો નહી પણ શરીર બળવાનું. આસ્તિકો આ જીવને ભવના ભાડુત તરીકે ગણે કોશીટાના કીડા પ્રમાણે, તે કોશીટો ઉકળે અને રેશમ આપે. તેમ આસ્તિકો આ ઘરનું ભાડું આપીને સંઘરેલું સ્થાન, જીવને ભાડુત સમજે માટે નિયમ ભાડુત તરીકે રહ્યો. ભાડું પુરૂં થવા પહેલાં નવા મકાનની તજવીજમાં રહે. અક્કલવાળો ભાડું પુરૂં થવા પહેલાં નવા મકાનની સગવડ કરે. પણ કર્મરાજાના જાહેરનામામાં શરત. પછી ચ્હાય જેટલું ભાડું આપો પણ ત્યાં રહેવા દેવાના નહી. પછી તેને બીજા ઠેકાણે જુદો વસાવો. પણ તેમાં વધારે રહેવાય નહી. મનુષ્ય શરીરે દેવ જીવન ખર્ચવા માંગો તો તે ન વધે તે ન વધે.

**આયુષ્ય એ અફર છે.**

શાસ્ત્રકારે બે વસ્તુ નિયમિત રાખી આયુષ્ય બંધાયું હોય તેમાં અને તેના પેટાભેદમાં પણ પલ્ટો થાય નહી. પૃથ્વીકાયનું ઓછું હોય તે અપ્કાયનું થાય ? તો નહી. મનુષ્યનું આયુષ્ય હોય તો નારકીનું થાય તેમ નહી. પરપ્રકૃતિ અને સ્વપ્રકૃતિનું સંક્રમણ આયુષ્યમાં નહી. બોરના ઠળીયાને અગ્નિ ઉપર ચડાવીએ ખારો નાંખી પાણીથી ઉકાળીએ અને મસાલો નાંખીએ પણ તે કાઢીએ ત્યારે શું ? પાકવાપણું નહી. અથવા મગ હોય તેમાં પાણી પહોંચી જાય પણ કાઢીએ ત્યારે તો કંઈ નહીં. તેમ આયુષ્ય તેવી ચીજ. તે બાંધ્યું, પછી બંધ થાય નહી, કે ન ફરી શકે.

આ વાત કેટલા સુધી નડે છે! ક્ષપકશ્રેણિવાળાને પણ એ નડે છે. બાંધેલા આયુષ્યની અનંતાનુબંધિની ચોકડી તોડીને દર્શન મોહનીયાદિ ત્રણ પ્રકૃતિ તોડીને આગળ ક્ષપકશ્રેણિમાં કોણ વધી શકે? આયુષ્ય ન બાંધ્યું હોય તે પણ બાંધ્યું હોય તો તે આગળ ન વધી શકે. ક્ષાયિકસમ્યક્ત્વ પામીને ચોથે ગુણઠાણે રહેનારા કોણ? તો કોયડું જેમને આવતા ભવનું આયુષ્ય બાંધી લીધું તેથી ક્ષપકશ્રેણિ આખી બધ પડી જાય છે. આ ઉપરથી આયુષ્ય એ કેવી અફર ચીજ, બીજી બધી ચીજો ફરી જાય. મતિજ્ઞાનાવરણીયનું શ્રુતજ્ઞાનાવરણીય થાય પણ આયુષ્યમાં ફેર ન થાય. મનુષ્યનું તિર્યંચ, તિર્યંચનું દેવ અને દેવતાનું નારકીનું આયુષ્ય થાય નહીં; આ આયુષ્યકર્મ એ તો અફર હોય, તે ચ્હાય જેવું હોય તો પણ અફર, જાત્યંતર કે ગત્યંતરને અંગે આયુષ્ય ન ફરે; આયુષ્યનો બંધ એકજ વખત થાય, અને તે અફર રહે. ક્ષપકશ્રેણિના પરિણામ પણ તેને ફેરવી ન શકે;

**નિકાચિત કર્મ તોડનાર તપસ્યા કઈ?**

ક્ષપકશ્રેણિ સાતે પ્રકૃતિ નિકાચિત હોય તો પણ તેને તોડી નાંખે, અપૂર્વકરણમાં નિકાચિત કર્મો તેને તોડી નાંખે. **'तवसाउ निकाइयाणं'** તપસ્યા કરીને નિકાચિતનો નાશ કરાય, આયંબિલ, એકાસણાં નહી. પણ અપૂર્વકરણ વખતે જે અધ્યવસાયો તે ધ્યાન રૂપ તપસ્યા છે તેનાથી નિકાચિતનો નાશ થઈ શકે, સમ્યક્ત્વનું અપૂર્વકરણ તે સાતે કર્મની અંતઃ કોટાકોટીથી જેટલી અધિક સ્થિતિ હોય તેને તોડીને સાફ કરે. ત્યારે ગુણઠાણાનું અપૂર્વકરણ સાતે નિકાચિત હોય તો તે પણ અંતઃકોટાકોટી છે. જે નિકાચિત હોય તેને ત્યાં તોડી નાંખે; આટલી બધી અપૂર્વકરણની તાકાત, પણ આયુષ્યના અફરપણા આગળ કામ લાગતી નથી; ત્યાં જે સપ્તકનો ક્ષય કરીને અટકવું પડે છે તે શાથી? તો આયુષ્યના અફરપણાને અંગે.

આ વાત વિચારશો તો કેવલી મહારાજ સમુદ્ઘાત કરે તેમાં

વેદનીય નામ ગોત્ર તોડે, કિન્તુ આયુષ્યને અલ્પ પણ નહી. વેદનીયાદિક કર્મો આયુષ્યથી અધિક હોય તેને તોડવા માટે સમુદ્ધાત. જિંદગીમાં એકજ વખત અફર એવી ચીજ છે તે વખતે સાવચેત ન રહીએ તો આપણે પ્રયત્ન શું કામ કરશે! આસ્તિકો તે અફર વખતે સાવચેત રહે. અમરચંદભાઈ જેવા કહેશે કે આયુષ્યની સ્થિતિ અફર છે તે ચ્હાય જ્યારે થાય પણ છેલ્લી ઘડીએ જે સ્થિતિ હોય તે આયુષ્ય બાંધતી વખતે હોય માટે અમે તે વખતે સાવચેત થઈએ તો ચાલેને? છેલ્લી વખત બરોબર સાવચેત રહીશું!

જે લેશ્યાએ કાળ કરે તેજ લેશ્યામાં ઉપજે. આ શાસ્ત્રનો સિદ્ધાંત અફર છે. જે લેશ્યામાં કાલ કરે તેજ લેશ્યાનું આયુષ્ય બંધાયું હોય તે ચોક્કસ છે. મરણના વખતની લેશ્યા કબ્જે રાખીએ તેવી રીતે આયુષ્ય બાંધવાની વખતે સાવચેત છીએ.

એક બ્રાહ્મણ હતો તે રહે સીમાડા ઉપર, વચમાં અથડાવવાનો ભય ન હોય, સરહદવાળાને બેય બાજુની પંચાત. પહેલાના રાજ્યો તો દેશનિકાલમાં પોતાની સરહદના છેડે મૂકે. તેવી સરહદના છેડે રહેલો, બીજી જગોપર ધારેલી વસ્તિ હોય તો જાતિનું મંડલ હોય ત્યારે અહિં ન હોય. બ્રાહ્મણ એકજ છે. તે એક હોવાથી તેના તરફ લોકોનો સત્કાર આદર થયો. બ્રાહ્મણે લગ્ન કર્યું. બહારથી કન્યા લાવ્યો; લોકોમાં માનીતો થયો તેથી માલ લે. બીજું કંઈ ન લે. બ્રાહ્મણ છું મને આપો! મને આપો! શબ્દ બધામાં લાગુ પડે છે. ગામ ક્ષેત્ર દાણાદુણીમાં લાગુ પડે. પેલો ગામમાં માલદાર થયો આથી બાયડી માટે સારા સારાં ઘરેણાં કરાવ્યાં. બાયડીને કહ્યું કે ઘરેણાં કરાવ્યાં છે તે પહેરવાનાં વાર તહેવારે. ઘસાઈ જવાનો ભય લાગ્યો? ના તેમ નથી. આપણે સરહદ ઉપર રહીએ છીએ તેથી કઈ બાજુથી ધાડ આવે તે નક્કી નથી. ધાડ તો ગામના પાદરમાં પહેલી આવશેને? ધાડ આવશે એટલે ટપોટપ મૂકી દઈશ. ત્યારે બ્રાહ્મણે બાયરીને ઘણી સમજાવી પણ પેલીએ કાઢયા નહી. કેટલાક દિવસો ગયા. ધાડ

આવી રણશીંગું સાંભળ્યું તેથી કાઢવા ગઇ તો તે નીકળ્યા નહી. તેટલામાં ધાડમાંનો માણસ આવી કાંડું કાપીને દાગીના લઇ ગયો.

તેમ આપણા જીવનમાં નિષ્કષાયવાળા ધર્મનું આચરણ કરવાનું, સહિષ્ણુતાની ટેવ ન રાખી તો જ્યાં કર્મ રાજાની ધાડ આવી ત્યાં શું વળવાનું ? કઈ વળવાનું નહી. આપણે જુગલિયા નથી. કેમ ? જે જુગલિયા હોય તે ઉધરસ–ખાંસી–છીંક આવે તેમાં મરે, આપણે ટાંટીયા ઘસીને ઓયરે !! કરીને મરવાના. તેમાં ટેવ ન પાડી તો શું થાય ? વેદનાથી અકળાયેલા, મરણની અણી હોય તે વખતે ટેવ ન પાડી હોય તો શું થાય ? ભુખ તરસ ટાઢ તડકાની બધી આપત્તિઓ તે કઇ વખતે નહી આવે ? જ્યારે આવવાનો વખત, તો તારે કેવું ટેવાવવું જોઈએ ? આપત્તિ તારા ઉપર સ્વાર ન થાય માટે તેવી ટેવ પાડ ! જિંદગી માંટે કહે છે કે આયુષ્ય બાંધવાનો વખત માલમ પડતો નથી, આથી છેલ્લી વખતે સાવચેતી રાખવા માંગીએ તો રહી શકતા નથી. માટે આસ્તિકોએ હંમેશાં સાવચેત રહેવું.

બાર, ચૌદ વર્ષનો છોકરો પૌષધ લે ત્યાં રાત્રિએ સંથારા પોરિસિ ભણાવતી વખતે શું કહે છે–'जइ मे हुज्ज पमाओ' આ રાત્રિમાં મરી જાઉં તો આહાર ઉપધિ શરીરને વોસિરાવું છું. સાવચેતી રાખી. કેમ ? તો તેનો ભરોસો નહી. ચોવીશે કલાક આસ્તિકોએ સાવચેત રહેવું જોઈએ. માટે ધર્મને આધાર માન્યો છે.

કર્મ બંધથી બચાવનાર કોણ?

આ બધી ભાડે લીધેલી ચીજ, જવાબ દેનારી ચીજ કોણ? તેમ દશ લાખના મકાનમાં ભાડે રહેતો હોય તે ઉપર ૫૦૦નું હુકમનામું બજાવાય નહીં,

તેને કંઈ લાગેવળગે નહી: તેમ આ આત્માને કર્મબંધથી બચાવવા માટે, સ્હાય જેટલી સમૃદ્ધિ સાહેબી હોય પણ કામ લાગતી નથી, ઋદ્ધિ–સમૃદ્ધિ–આઝાદી–આબાદી–બલ–પૈસો–કલા

વગેરે કામ લાગતાં નથી; પણ કામ લાગે છે ધર્મ. આ સર્વ આસ્તિકો એક સરખી રીતે માનતા આવ્યા છે; માને છે અને માનશે. આપના જીવનના બચાવ વખતે બધી વસ્તુ ચુપચાપ બેસે પણ જવાબ દેનાર હોય તો તે માત્ર ધર્મ. ઋદ્ધિ–સમૃદ્ધિ–સાહેબી હોય પણ તેના હુકમનામા આગળ કામ લાગતું નથી, પણ કામ લાગતો હોય તો કેવળ ધર્મ છે. આવી રીતે આસ્તિક માત્રે ધર્મને સર્વ કરતાં જરૂરી ગણ્યો છે.

મનુષ્યપણું સારૂં શા માટે ?

આસ્તિક મનુષ્યપણાને સારૂં ગણે તે કયા રૂપે? સર્વને તાબેદાર રાખનાર મનુષ્યપણું છે. સાહેબીને અંગે નહી. પણ 'परमंगाणि' તરીકે મહત્ત્વ ગણે. મોક્ષનું અંગ છે માટે. મોક્ષના અંગે મનુષ્યપણું સારૂં ન હોય તો ઢોરપણું સારું હતું. એ માણસને દુધ દેવું વિગેરે ઉપયોગી, કાપતો જાય છે ને ગાંઠ ઉભો કરતો જાય છે. એક માણસ બાપની મિલકત ઉપર તાગડધીંગા કરે છે. અને તેની મિલકત ખવાઇ જાય અને દેવું ભરપાઈ ન કરે તો તેમાં ડાહ્યો કોણે ગણીએ ? તે દૃષ્ટિએ તિર્યંચો પહેલા ભવે પાપ બાંધ્યું છે તે ભોગવીને અકામ નિર્જરાએ દેવલોકનું આયુષ્ય બાંધે છે, મનુષ્યપણું ઉચું, મૂલ ભોગવે જાય અને અહિં આરંભ પરિગ્રહાદિમાં પાપ બાંધતો જાય, પુણ્ય બાંધે પાપને ભોગવે તે બાપનું દેવું પતાવે ને મુડી કરે તે ડાહ્યો, તો તિર્યંચો પહેલા ભવનું દેવું પતાવીને નવું ઉપાર્જન કરનાર, આપણે પહેલા ભવનું પુણ્ય ભોગવીને નવું પાપ ઉભું કરે તે માટે 'असारोऽयं संसारो' આ સંસાર અસાર છે.

દુનિયા અસાર છે. દુધ પાણી પાન બીડી સ્ત્રીઓ દુનિયામાં સારભૂત છે છતાં તેને અસાર કેમ કહેવાય ? ભવાભિનંદી જીવો આ વિચારવાળા હોય તેને કહેવાય. દહિ દુધ પાણી પાન બીડી સ્ત્રીઓને લીધે સંસારમાં સાર છે તે ગણનારનું નામ ભવાભિનંદી જીવો તે સાર ગણે શાથી ? 'दधि दुग्धं' તે અહિં નહી.

પણ 'परमंगाणि' મોક્ષના કારણ તરીકે મનુષ્યભવને સારભૂત ગણે તેથી મોક્ષનું કારણ માન્યું.

તેવા મોક્ષના કારણને પામીને ધર્મને સાધી શકે તે કેવો ? તો મોક્ષપદને દેવાવાળો. તે કહ્યો કોણે ? તો કેવળ મોક્ષને દેખનારા–જાણનારા–ચાલનારાએ, તેને કહેલો ધર્મ તે મોક્ષને સિદ્ધ કરનારો થઈ શકે. તેથી તીર્થંકરના વચનની આરાધનાએ ધર્મ જાણી શકીએ. તેમના વચનથી પ્રવર્તવું તેમાં જ ધર્મપણું રહેલું છે. મોક્ષના માર્ગ માટે ધર્મ કહ્યો છે આથી તેમનું વચન માનવું. તેમના વચનમાં મોક્ષ કેમ થાય ? બીજું ઉપાદેય નહી. તેવા જે વચનો આપણે માનવા લાયક, વક્તા નિમિત્ત દ્વારાએ જણાવ્યું. હવે વિષય ફલ હેતુ દ્વારાએ વચનનું પ્રમાણિકપણું જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૪૮ 卐

'वचनाराधनया खलु'

**સ્થાયી સ્થાન.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને રચતાં થકાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જે જે આસ્તિકોનો વર્ગ છે તેઓ આપણી જિંદગીને અંગે અને આત્માના સ્થાયી સ્થાન માટે તીવ્ર ભાવનાવાળા હોય છે. અર્થાત્ નાસ્તિકોની આ ભવ પૂરતી હોય છે, જાય ક્યારે તેનો નિયમ નહી. પૈસા પેદા કરવાનો તેમનો મુદ્દો.

શાસ્ત્રકાર કહે છે કે—

> हासद्बाह्यमनित्यं च क्षेत्रेषु न धनं वपेत् ।
> कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत् ॥१॥
>
> योगशास्त्र तृ. प्र. श्लो. ॥१२१॥

પૈસો જીવથી અલગ, શરીર જીવ સાથે મળેલું. શરીરને જે ઘા છેદ વિગેરે થાય તેની અસર આત્મામાં થાય; પેલા ધનને જે થાય તેની અસર મનથી થાય ને આત્મામાં થાય, ધન વહાલું હોય તો પણ જાતે જુદું ને જુદું; આત્મા સાથે એકએક થયેલું નહીં. શરીર આત્મા સાથે એકમેક થયેલું. ધનને ચ્હાય જેટલું મારૂં ગણીએ પણ આંગળીથી નખ વેગળા ગણીએ છીએ તેમ તે વેગળું તો પછી ધનને 'ह्यसद्' સંબંધ શો?

**ધન શરીર મેલવાનાં.**

શરીર બીજું કંઈ ચ્હાય જેટલું ધન ખરચીએ તો પણ મલતું નથી. એક ભવમાં એક જ શરીર; શરીર જગતમાં મળવાવાળી ચીજ નથી, ત્યારે ધન બહારથી મળવાવાળી ચીજ છે. 'ह्यसद् बाह्य' મળવાવાળી ચીજ જે મલ્યા છતાં પોતાની થતી નથી. મેળવી તો બહારની બહાર રહેવાની. જિવનમાં શરીરો ઘણાં નથી, મલ્યું તે મલ્યું ગયું તે ગયું. મેળવેલું જાય ખરૂં પણ ગયેલું મળે તેમ નહી. આ ભવ અંગે શરીર બહારથી મેળવી લેવાનું નથી. જાય તે મલતું નથી. ધન-જાય, મળે, જાય, પાછું મળે છે. એ તો મળવાનું જવાનું કરવાવાળી ચીજ. શરીર તે મલ્યું તે મલ્યું તે ખસવાનું નહી. ખસ્યું તો ફરી મળવાનું નહી. ધન યાવજ્જીવ માટે દસ્તાવેજથી બંધાયેલું નથી. કેટલા વર્ષ સુધી ટકશે તે નિયમ નહી પણ શરીર જિવન સુધી ટકવાનુ ચોક્કસ, તે જુદુ પડવાનું નહી તે નિયમ. ધન તે જીવનમાં કઈ વખત આવે ને જાય. ભલે એવું તેવું પણ કામ લાગેને? તો ના. કેમ? પાછું મેલી દેવાનું. જેવું બહારથી મેળવાય તેવું મલ્યું છતાં જુદુ રહેવાવાળું, મલ્યા છતાં હંમેશનું નહી. છતાં છેવટે મેલી દેવાનું, તો પછી કરવાનું શું?

**ધનને કરવાનું શું?**

દુનિયામાં ધાગાપંથીનો પોકાર હોવાથી, ધાગાપંથીનું પ્રાબલ્ય હોવાથી દ્રષ્ટાંત બોલીયે છીએ. ગાય ઘાસ ખાય ગંજીનું,

તેમાં કુતરાનું શું જાય! કુતરો શાનો દોડયો આવે છે. આ સંસ્કાર કેના? ધાગાપંથીના. ધાગાપંથીને ગાયને પૂજ્ય માનવી. ગૌશાળા પશુશાળા કરે તેમાં તત્ત્વ શું? ગાયના પોષણ ઉપર તેમાં તત્ત્વ? કેટલીક સંસ્થા ગાયોના માટે નીકળે તે દુધ લેવા માટે. તે માંદી પડે તો સંભાળ લેવાની નહી. આ ગાયની સવડ કે દુધની સવડ છે? ગંજીમાંથી ગાય ઘાસ ખાય તેમાં કુતરાનું શું જાય? કુતરાને નિમકહલાલી છે. જેનું પોતે ખાય છે તેનું કોઈને ન ખાવા દેવું માટે ભસવા આવે. ગંજીનો કુતરો નિમકહલાલી કરે છે, પણ ઘાટનો કુતરો શું કરે છે? ઘાટ ઉપર પાણી પીવા આવે તેને ભસીને કાઢી મૂકે. તે કુતરો શું કરવાનો? કુતરો પાણી ન પીવા દે તો પણ પાણી વહી જવાનું. પીવા દીધું હોત તો ઘટવાનું નહોતું, ન પીવા દેવાથી વધવાનું નહોતું. આપણે પણ આ ધન તે ઘાટ છે. જેટલો આપણા અંતરાયનો ક્ષયોપશમ તેટલું જ મલવાનું રહેવાનું ટકવાનું પણ છેલ્લે છોડી દેવાનું. મલ્યું છે તે છોડી દેવાનું. તો શું કરવાનું? તો વચમાં ફાયદો લઇ લેવાનો. ખેડુત ગમાર જાત કહેવાય તે ખાશે જેવો તેવો દાણો, પણ વાવવાનો ઉંચો દાણો. બજારમાં ખાવાની ને વાવવાની બાજરીના ભાવ જુદા. આપણને સાત ક્ષેત્ર મલ્યા. ખેતર મલ્યાં છતાં આપણે તેમાં વાવી શકતા નથી.

### વાવ્યાનું ફલ કેટલું?

દુનિયાના ક્ષેત્રમાં હજારગણું થાય ત્યારે અહિં અનંતગણું થાય. એક વખત કરેલું સુકૃત દુષ્કૃતનું ઓછામાં ઓછું ફલ દશ ગણું હોય છે. કેટલાંક કર્મનું હજાર ગણું, લાખો ગણું હોય. આ વાત વિચારશો તો દેવાનંદાને ત્યાંથી મહાવીરમહારાજને ઉપાડ્યા અને ત્રિશલાના ત્યાં દાખલ કરાયા, પહેલા ભવમાં દેવાનંદાએ ત્રિશલાના રત્ન ઉપાડી લીધા તેને પરિણામે ચૌદભુવનમાં ન મળે એવા અને ત્રણભુવનને માન્ય એવો પુત્રરત્ન ખોયો. એક વખત કરેલું પાપ તે દશ ગણું ભોગવવું પડે, એક કરેલું

પુણ્ય સેંકડો ગણું ફલે છે. ધન્નાશાલિભદ્રે શું આપ્યું ? તો ખીરને. ખીર અને મળેલ ઋદ્ધિનો હિસાબ તે દશ હજાર ગુણો ? કેટલા ગુણો ? એક વખત કરેલું સુકૃત સેંકડાઘણા ફલને આપવાવાળું તે જાણીયે ત્યારે આ સાત ક્ષેત્રમાં જે વવાય તે અનંતઘણું ફલ આપવાવાળું છે.

### મિલકત કોને અપાય છે ?

જે આસ્તિક થયા તે પરભવ માનવાવાળા, કર્મ–ધર્મને માનવાવાળા થયા છતાં પણ મમતાના પ્રાબલ્યે મેલી જઈશું તે કબુલ, માલિકીમાંથી જશે તે કબુલ, છોકરા કંઇ નહીં ગણે; દુનિયામાં પણ કોઇને થોડું આપીને ઉપકાર કર્યો હોય તો તે જિંદગી સુધી ઉપકાર માને. પણ પોતાના છોકરા કંઇ માને નહી; મફત આપ્યા છે ! એમના કુલમાં જનમ્યો છું ! હક્કથી લીધા છે ! આ મિલકત કોને અપાય છે ? ખાસડા મારીને લઈશ ! ! ! એટલે ખાસડા મારને અપાય છે. પરંતુ ક્ષેત્રમાં તેનો ઉપયોગ થતો નથી. માટે જે મલ્યું, મલ્યા છતાં બહાર રહેવાવાળું અનિત્ય તેને ક્ષેત્રો છે તેમાં ન વાવે તેવો મનુષ્ય શરીરના ભોગે મુકવાનો, શરીર જગતમાં બીજું મલવાનું નહી. આત્માની સાથે તન્મયવાળી ચીજ, તે ધર્મને અંગે કઇ રીતે અર્પણ કરશે તે કહો ? આસ્તિક માત્ર છતાં, ધર્મને માન્યા છતાં, ધર્મના ક્ષેત્રો જાણ્યા છતાં વસ્તુનું સ્વરૂપ જાણ્યા છતાં પણ જીવને મોહની વિચિત્ર વાસના રહી જેથી ખરાબ જાણ્યા છતાં છોડી શકતો નથી. સારા જાણ્યા છતાં આદરી શકતો નથી.

### સોબતની અસર.

કારણ ? એક જ. રંડીબાજ મનુષ્ય એ વેશ્યાના ઘરમાં ઉભો રહે ત્યાં પવિત્ર ભાવનાની વાસનાનું સ્થાન કયું ? તો હોય જ નહી. પણ ઉપાશ્રય દહેરે સજ્જનના સમુદાયમાં ઉભા હો તો ખરાબને છોડવાનો અને સારો લેવાવાળો થાય. ગુરૂ પણ ધન શરીર ને વિષયને અંગે મર્કટની મુઠીવાળા હોય તેના આલંબને ચાલવા જઈએ તો કઈ રીતે સુંદર પરિણામ આવે ? તો ન આવે.

દુનિયામાં છતુ દેવાય છે. તીર્થંકર તો અછતું દે છે. તે દેવાતું હશે? જેની પાસે જે હોય તે આપે એ દુનિયાનો નિયમ છે. શસલાનું શીંગડું દઈ શકે? તો શસલાને શીંગડું છે નહી. અછતી વસ્તુ દઈ શકાતી નથી પણ તીર્થંકરો અછતી દે છે. દેવતા ધન પુરે અને તીર્થંકર દે છે. નિધાનો રાજ્યના પહોંચે નહી અંદર હોવા છતાં રાજ્યના નિધાનોએ ન પહોંચે પણ દેવતાના આપેલા નિધાનોએ પહોંચે. જે નિધાનો માલિકી વગરના પરંપરામાં નહી ગએલા એવા, જેના ઉપર કોઈનું ધ્યાન નથી. એવા નિધાનો લાવીને મુકે તેનું દાન આપે. આવું ત્યાગીપણું, ઘરનું આપવું પારકું મળે તે આપવું. પારકો લાવી આપે તે આપવું, આપવું ને આપવું. આ પહેલું મંગલાચરણ દીક્ષા લેતી વખતે.

### દાનની પરિણતિ મહામુશ્કેલીથી છે

કેટલાક લવા બાદશાહ જેવા હોય. જેમ લવા બાદશાહ દુકાને બેઠા છે. ભીખારી આવ્યો આજીજી કરી, પૈસો કાઢયો પેલાએ હાથ લાંબો કર્યો, લવા બાદશાહે પૈસો લઈને ગલ્લામાં નાંખ્યો. પૈસા દેવામાં અડચણ, ગણત્રીની ચીજ નથી પરંતુ હું લેણદાર થાઉં તે દેણદાર થાય અને આવતે ભવે તેની પાસે પૈસા માંગવા જેવી સ્થિતિ થાય માટે મેં ન આપ્યો.

મમતાથી પૈસો છોડવો નથી પણ બચાવ કેવી રીતે થાય છે? તેમ આપણા પણ આર્ય ગણાતા, જૈન ધર્મને માનતા હોવાનું કહેવડાવતા કહે છે કે દાન દઈએ તો એકાંત પાપ લાગે! મમતાથી દેવું નથી તેની આ લુચ્ચાઈ છે. તેવાને પોષનારા ઓઘાધારીઓ મલી જાય, માર્ગથી ખસવા માંગતો હોય તેમાં તેવો પોષક મલી જાય તો તેને ખસતાં વાર શી થાય? મૂળમાં દાનની પરિણતિ મહામુશ્કેલીથી ઉભી કરાતી હોય તેમાં આવા ગુરૂઓ મળે, અને એકાંત પાપ લાગે તેવું ગણાવે. તેવાને હિસાબે તો તીર્થંકરોને

એકાંત પાપ થયુંને ? તમારે તો મહાપાપને કરનારા તીર્થંકર ગણવાના ને ? દેવતા પાસેથી લાવેલું તે દેવા માંડે.

**'પડિલાભેમાણે' અર્થની વિચારણા.**

વ્યાકરણ સીધું બોલવું ન પાલવે તેમને વાઘરણ થાય છે, ભગવતીને ભગોતી, પન્નવણાને પનોણા બોલે તેવા મનુષ્યો વ્યાકરણમાં શું સમજવાના ? '**पडिलाभेमाणे**' શબ્દ ધ્યાનમાં ન આવે. એકાંત પાપ છે ત્યાં '**पडिलाभेमाणे**' લખેલું છે, ભગવતીને ભગોતી અને પન્નવણાને પનોણા બોલનારા તે અને '**पडिलाभेमाणे**' બોલનારા. સામાન્યે દેવાનું હોય તો '**दवेमाणे**' દેવડાવવાનું હોય તો '**दावेमाणे**' પડિલાભે પણ '**पडिलाभेमाणे**' નથી. બીજા દાનોના અધિકારોમાં '**दवेमाणे देवेमाणे**' જ્યાં ગુરૂબુદ્ધિ હોય ત્યાં '**पडिलाभेमाणे**', અસંયતી અવિરતીને અપ્રાશુક અથવા પ્રાશુકથી પડિલાભે તો એકાંત પાપ. પડિલાભે એટલે શું, તે બોલીશ ? તમે વહોરાવવા શબ્દ કોને અંગે બોલો છો ? માત્ર ગુરૂને અંગે. બીજાને દેવું લેવું ત્યાં પડિલાભે શબ્દ નથી બોલતા. ત્યારે આ શબ્દ પાત્ર દાનને અંગે નિયમિત છે. અસંયત અવિરતને ગુરૂ ધારી વહોરાવે તો એકાંત પાપ થાય તેમાં નવાઇ શી ? એક વાત લક્ષ્યમાં રાખવી કે–આ જગતમાં કર્મની વિચિત્રતા છે. બ્રાહ્મણોને દક્ષિણા અપાય ત્યાં પ્રતિલંભ છે, બ્રાહ્મણને દક્ષિણા અપાય તે તેમની બુદ્ધિથી ગુરૂ ધારી આપે છે. તેથી '**पडिलाभेमाणे**' કહેવું પડયું. પ્રતિલાભ શબ્દ ગુરૂને અંગે વપરાય છે. તે સિવાય '**दवेमाणे दावेमाणे**' ખુદ તીર્થંકરના દાનમાં પણ તે શબ્દ છે કિન્તુ પડિલાભેમાણે નહીં; પાત્ર દાનની બુદ્ધિ હોય ત્યાં તો '**पडिलाभेमाणे**' શબ્દ વપરાય છે. તે વાત લાવીને અનુકંપામાં લગાડી દીધી, અનુંકંપામાં એકાંત પાપ માનનાર હોય તેના હિસાબે તીર્થંકરને કેટલું પાપ થયું ? તીર્થંકરે આપેલું દાન અવિરતિ અને અપચ્ચખ્ખાણવાળાને છે, તેથી તેમને પાપનો પાર નહીંને ? પરંતુ મમતાભાવ સજ્જડ થયેલો છે.

**શુદ્ધ આહાર કઈ રીતે મલે?**

અનુકંપા દાનવાળાના ત્યાં તે ગયો નથી ત્યાં અશુદ્ધ કેમ? જે ઘરમાં બે માણસ હોય તે ઘરમાં બે માણસનું રંધાતું હોય ક્યાંય દેવાનું ન હોય તો પછી પેટને માપીને રાંધવાનું હોય, તે કોને ન હોય? જેને અનુકંપા દેવું હોય તેને '**स्वपरार्थं तु ते यत्नं कुर्वते नान्यथा क्वचित्** ॥अष्टक ६ श्लो० ३॥ સદ્ગૃહસ્થ કોનું નામ? જેનો રાંધવાનો ઉદ્યમ પોતાને ને પર માટે હોય તે સદ્ગૃહસ્થ થાય. પોતાના પેટ માટે પાપ કરનારા તેને નીતિકારો ગૃહસ્થ ગણુતા નથી, પણુ પોતાના ને બીજાને માટે અનુકંપા માટે ગૃહસ્થનું રસોઈખાનું હોય તેનો સાધુએ આહાર લેવો તેમાં દૂષણુ કેમ? બેની રસોઇમાંથી કકડો લેશો તો કકડાની ઉણોદરી રહેશે તો તેનો અંતરાય લાગશે. આ વાત વિચારશો તો 'વિચ્છિદ્દ' મોટા એવાં ઘરમાં ઘણા ભાત પાણી વધેલાં છે, તે કયારે? અનુકંપા હોય ત્યારે. હુતા ને હુતી માટે ચાર રોટલી કરી હોય ત્યાં ભાતપાણી વધ્યું કયાં? અનુકંપા દાન વગરના ઘરમાંથી ગોચરી લેવી તે તેના પેટ ઉપર પાટું મારવા જેવું છે તેનો બચાવ હોય તો બતાવો? દાનના દુશ્મનોનો એકે બચાવ નહી, માટે શાસ્ત્રમાં શંકા કરી-શંકાકારે દૂષણુ આપ્યું અમે અમારા માટે ન કરેલું હોય તેવું શુદ્ધ અશન પાન હોય તો લઇએ. (૪૨) બેતાલીશ દોષ રહિત, કરેલા તરીકે આધાકર્મમાં ભિક્ષા તેમને નહી, પારકા ઘરથી લાવીને ખાવ છો શા માટે? કેમ? તો રાંધે છે કોના માટે? તો સ્વપરને માટે, તો પરમાં તમે આવ્યા કે નહી? '**स्वपरार्थं तु ते यत्नं**' સદ્ગૃહસ્થો કોઈ સ્વપર સિવાય રાંધતા નથી. તે વિના રાંધે તો સદ્ગૃહસ્થ નહી. પરમાં તમે આવ્યા કે નહી? માટે તમારે દૂષણુ રહિત ભિક્ષા સમજવી નહી. હાથમાં લઈને દઉં છું તે કલ્પના કર્યા વગર દેવાનો નથી માટે કલ્પિત થશે. દાન સંકલ્પથી બને છે, રાંધવા વખતે સંકલ્પ. હવે તમે શુદ્ધ ગોચરી કેવી રીતે લેવા માંગો? ત્યારે સમાધાન

અનુકંપાની માન્યતાવાળા સાધુ ન આવે કે આવી શકે તેવો સંભવ ન હોય તો પણ અનુકંપા માટે રાંધે છે. જંગલમાં મુસાફરીમાં રાંધે ત્યાં પણ સ્વપરાર્થ અનુકંપા ખરી તેનું સ્થાન દરેક જગોપર.

**અનુકંપા દાનની જરૂર !**

જે દેશમાં સાધુ ન હોય ત્યાં પણ સ્વપર માટે ગૃહસ્થ રાંધે છે. સ્વપરને માટે હોય છે. એટલે અમે એવા રાંધેલામાંથી લઈએ તો પેટ પર પાટુ નથી પણ તેને અનુકંપાદાન છૂટું છે ને? પણ હુતા હુતીને પાંચ રોટલી કરવાની તેથી તેનો ટુકડો લેવો તે પેટ પર પાટુ છે, સ્વપરાર્થનું સમાધાન તે અનુકંપા.

ગોચરી શુદ્ધિ તે કોને? અનુકંપા માનનારને. તીર્થંકરના દાનમાં લાભ મહિમા કરે કોને? અનુકંપા માને તેને. દાનના દુશ્મનો બધે પાપ પાપ બોલે, પોપટની અચરે અચરે રામ તે પછી ચ્હાય જેવો પ્રસંગ હોય ત્યાં અચરે અચરે રામ બોલવાનું. તેમ દાનના દુશ્મનોને પાપ પાપ બધે બોલવાનું, પણ અનુકંપાદાન કેટલું જરૂરી છે તે વિચારવાનું નહીં. તીર્થંકર એ દીક્ષા લેવા પહેલાં રાજ્યો છોડવા તૈયાર થયેલા તેવી વખતે આ દાન દીધું, અસંયતિને દાન દેવાથી પાપનું કામ તે આવા ત્યાગી ને સુઝયું! એ લોકોના મતે આ ગૃહસ્થપણાનું દાન, તેને તો કેવલપણામાં કોયલા છે. દાનના દુશ્મનોને, તીર્થંકરને કેવલીપણું થાય તેમાં મારી બંધ થાય તે કોની? તો બધાની. અસંયતને મારી બંધ થાય તેમાં પાપ કે દયા? જગતમાં મારી મરકી અનાવૃષ્ટિ બંધ થાય એટલે જે અતિશય તે તારે મતે કોયલા છે. 'જીનો મરણો ન વંછો' અતિશય થાય એટલે કોયલાના વરસાદ અનુકંપાદાન. જગતની સૂક્ષ્મતા માને તેને અતિશય માનવાના; આસ્તિક થયા છતાં યમ તપ ભાવથી આવા ક્ષેત્રો ચતુર્વિધ સંઘ જ્ઞાન ચૈત્ય પ્રતિમા વિગેરે ક્ષેત્રોમાં લાવી શકયો નથી. તેવો મનુષ્ય આ શરીરના ભોગે કેવી રીતે કલ્યાણ સાધવાનો? તે બીજું મળવાનું નથી. તેના દુઃખે આત્માને દુઃખ થાય તેવું કઇ રીતે

અર્પણ કરીશ! આસ્તિકની ખરી સ્થિતિ મારૂં સાધવું તે જ ખરી ચીજ. આત્માને મોક્ષ માટે સાધન કરવું તે ખરી ચીજ. શરીર ધન કુટુંબ નથી. આત્માનું કલ્યાણ કરવું, તેને દેવ, પણ સર્વસ્વના ભોગવાળા માનવા જોઈએ, જૈનેતરોના દેવ નાટકીયા છે. નાટકીયા બધું બોલે પણ આવી પડે તો કેમ? એક એક મતવાળા દેવો એમ માને–આત્મા જુદો, જડ ચેતનના વિભાગ દરેક માને. આત્મા શરીર જુદો માનવાનો પ્રસંગ આવે ત્યાં મહાદેવજીને અંગે પેલે માથે હાથ મુકવા માંડયો ત્યાં ભાગીને બ્રહ્મા પાસે ગયા, આવા દેવ તેની માન્યતામાં રહેલાની શી દશા? જેને સાચું આસ્તિકપણું આત્મકલ્યાણ કરવું તેને તો તેવા દેવ માન્યે જ છુટકો! જેઓ સર્વસ્વનો ભોગ આપનારા જીવ શરીર જુદા છે તે કરી બતાવનારા તેના આધારે માનવા પડે. તે શાથી? તો તેમનાં વચનોથી. માટે તેવાની જડ હતી. વચનોની આરાધના દ્વારાએ ધર્મ કરી શકાય. તીર્થંકરો તેથી તેમના વચનો, તેથી તેમની આરાધના ધર્મરૂપ ગણાઈ. વક્તાદ્વારાએ તપાસ્યું, વિષય ફલ દ્વારાએ તપાસે. તે વિષય ફલ કયા? તેના પ્રકારો કયા તે અધિકાર અગ્રે વર્તમાન.

---

## 卐 વ્યાખ્યાન–૪૯ 卐

"**वचनाराधनया खलु**"

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતા થકા આગલ સૂચવી ગયા કે–દરેક દર્શનમાં દરેક આસ્તિકો ધર્મની ક્રિયાઓ વિચારપૂર્વકજ કરે છે.

**જીવ આહારને શરીર બાંધવા લેતા નથી.**

અર્થાત્ દુનિયાદારીની ખાવાપીવાની પહેરવાની ક્રિયા દરેક જીવ કરે છે પણ પોતાનું તેમાં કર્તાપણું અભિમાનથી માની લે

તેટલુંજ. ખરેખર પોતાનું નથી. પણ તૈજસનો ઉદય હોય એટલે ક્ષુધા લાગે તેથી આહાર તરફ પ્રવૃત્તિ થાય માટે. 'जोयण कम्मएण आहारेइ अनंतरं जीवो' બીજી જગો પરથી જે જોનીમાંથી, સ્હાય જે જાતિમાંથી, સ્હાય જે ગતિમાંથી ગમે ત્યાંથી જીવ આવે પણ પહેલાં ઉપજવાના સ્થાનમાં જે વસ્તુ છે તે ગ્રહણ કેમ કરે? આવ્યો તે અરૂપી, તે પુદ્ગલની પંચાતમાં પડે છે શાનો? વાત સાચી છે. પરંતુ શરીર બાંધવાની અપેક્ષાએ કોઈ પણ આહારને લેતો નથી, તે તો આહારને શરીર બાંધવા માટે લેતો નથી પણ આહારથી શરીર બંધાય છે તે ચોક્કસ, શરીરરૂપી ફલ માટે આહારની પ્રવૃત્તિ નથી, પણ તે વળગેલું છે.

**તૈજની સગડી અનાદિની છે.**

પ્રવૃત્તિ શાને અંગે? આહારને અંગે. તે પણ કેમ? બીજા ભવથી ઉત્પત્તિ સ્થાનમાં આવે ત્યાં આહાર લે. તે કેમ લે છે? આવ્યો તેમજ કેમ રહેતો નથી? 'जोयणं' તૈજસ્ શરીરવાળી જે અનાદિની ભઠ્ઠી છે તે જોડે છે. વધારે ટાઢવાળા દેશોમાં સગડી સાથે રાખી રહેવું પડે. જેમ શીત પ્રચૂર હોય તેવા દેશમાં સગડી સાથે હોય તેમ આ જીવ સગડી લઈને આખા ભવચક્રમાં રખડે છે. એકે એવો ભવ નહોતો કે સાથે સગડી બાંધેલી ન હોય. તે સ્હાય તે જાતિ કે ગતિમાં જાય પણ સગડી સાથે બાંધેલી છે. અગ્નિનો સ્વભાવ આવ્યું તેને બાળે ને નવાને ખેંચે કોયલાને નાંખ્યા હોય તેને સળગાવે ને નવાને પકડે. આપણે પણ જે ગળે સગડી અનાદિની વળગાડી છે તેનો તે સ્વભાવ છે. તૈજસ શરીરની સગડી તૈજસ્‌ના યોગે પહેલ વહેલાં આહાર લે છે.

**આહાર અપર્યાપ્તા ક્યાં?**

આહારનો અપર્યાપ્ત ક્યાં? માત્ર વક્રગતિમાં, તે સિવાય કોઇ સ્થાને આહાર પર્યાપ્તિએ અપર્યાપ્તો આ જીવ હોયજ નહી. ઋજુગતિમાં અણાહારી નહી, માટે ઉમાસ્વાતિવાચકજીએ જણાવ્યું કે-'एकं द्वौ वाऽनाहारकः' એક અથવા બે સમય વક્રગતિમાં

અનાહાર, ૠજુગતિમાં અનાહાર નહી. ત્યાં આહાર બળે નહી તે પહેલાં નવો લેવાનો શરૂ થાય, આ ભટ્ટીને દરેક વખતે બળતણુ મળે છે.

**તૈજની ભઠ્ઠી કયારે ઓલવાય ?**

દુનિયામાં બળતણુ વગર અગ્નિ હોય નહી તેમ આ અગ્નિ બળતણુ વગર રહે નહી; તે ગમે તે આહાર. ચ્હાય વૈક્રિય ઔદારિક ચ્હાયતો પૃથ્વીકાયાદિના હોય પરંતુ દાહ્ય જોઇએ. દુનિયાની અગ્નિની ભટ્ઠી–સગડી તે ઓલાય અને ફેર દીપ્ત થાય, પણ આત્મા સાથે ચાલતી અગ્નિની ભટ્ઠી–સગડી તે ઓલવાય નહીં, ઓલયતો ફેર દીપ્ત થાય નહીં. વૈક્રિય–ઔદારિકશરીર–આહારકશરીર સર્વથા છૂટે ને ફેર મળે. સર્વથા ન છૂટે અને છૂટયા હોય તો ફરી ન મળે તેવાં શરીર કયાં ? તો તૈજસ્ કાર્મણ. આ ભઠ્ઠી કોઇ દિવસ ઓલવાય નહી. પણ તે મોક્ષે જાય ત્યારે ઓલવાય, ચૌદમા ગુણઠાણાના છેડે ઓલવાય.

**તૈજસશરીર આહારને પકડે છે.**

ભઠ્ઠીની આગનું જોર તે લાકડાને કેમ પકડે છે ? તેને કોઇ નિશાળમાં ભણવું પડે છે ? નાં. જેમ સીધું દાહ્યને પકડે તેમ તૈજસ્ જીવની સાથે ચાલનારી ભઠ્ઠી–સગડી તેનો અગ્નિ. આ વાત વિચારશો તો કેવલીને આહાર ન માનનાર બોલે છે કે એને મન ને ઇચ્છા કયાં છે ? પણ તું ગર્ભમાં આવ્યો ત્યારે તને ઇચ્છાને મન કયાં હતાં ? તૈજસ્નું જોર તેથી આહાર લે છે. અગ્નિ માલિકની મરજી હો કે ન હો પણ દાહ્યને પકડે છે, તેમ આ તૈજસ્શરીર આહારને પકડે છે, તે આત્માનો ઉપયોગ, પ્રેરણા, મનની અપેક્ષા રાખતું નથી. આહાર નહી માનનારા તેને તૈજસ શરીર છે કે નહીં ? ગર્ભની ઉત્પત્તિના પહેલા ક્ષણે આહાર છે કે નહીં ? છે. જો છે તો તે ઇચ્છાવાળો કે ઇચ્છા વગરનો ? તો ઇચ્છાવગરનો. હવે મૂળવાતમાં આવો. પહેલ વહેલો ઉત્પત્તિસ્થાનમાં આવ્યો પછી ચ્હાય જે ગતિ કે જાતિની

ઉત્પત્તિસ્થાનમાં આવ્યો હોય પણ આવતાની સાથે જે તૈજસ્ છે તે પોતાના લાયકના આહારને પકડે છે.

**પદાર્થોનો કર્તા કર્મ.**

તૈજસ શરીર તે રૂપ જ્યોતિ. પહેલ વહેલો જીવ આહાર કોનો લે? બધી વસ્તુમાં વિચારી લો! કર્મના ઉદયે બધી પ્રવૃત્તિ છે. પોતે કર્તા માની લે તેટલું જ પણ પોતે કર્તા નથી. જઠરાગ્નિ ખોરાકને પચાવે, મેં પચાવ્યો, ભસ્મ કર્યો તે બોલે તેટલું જ! પણ પણ પચાવે છે જઠરા. પોતે જશ ખોટો લે છે! કર્તા ખોટો બને છે! તેવી જ રીતે દરેક ઔદયિક ભાવોને અંગે વિચારીએ, કર્મનો ઉદય આપણને કરાવે છે. આપણે કર્મના ઉદયનાં રમકડાં 'बुद्धि कर्मानुसारिणी' આ જગતના પદાર્થો માટે બુદ્ધિ થાય અને પ્રવૃત્તિ થાય તે કર્મના અનુસારે છે. જગતના બધા પદાર્થોનો કર્તા હોય તો કર્મ. જૈન શાસ્ત્રકારે કર્મ સિવાય બીજી ચીજ જ ન માની. બેશક! કોને માટે? જેઓ છેલ્લા પુદ્ગલપરાવર્તમાં ન આવ્યા હોય તેને માટે ન માની?

**ઉદ્યમ અને કર્મ બીજાંકુર ન્યાયે છે.**

જેને અર્ધ પુદ્ગલ પરાવર્ત બાકી છે તેને છેલ્લો પુદ્ગલ પરાવર્ત કહેવાય છે. છેલ્લા પરાવર્ત સિવાય ઉદ્યમની કારી નથી, પહેલા ભવે કરેલા ઉદ્યમે કર્મ બંધાય, તેના આધારે ઉદ્યમ થાય. ઉદ્યમ ને કર્મ બે પરસ્પર બીજ અંકુર પેઠે ચાલ્યા કરે, ચાલ્યા કર્યા. છેલ્લા પુદ્ગલ પરાવર્ત સિવાયના કાલમાં કર્મથી ઉદ્યમ ઉદ્યમથી કર્મ ચાલ્યા કરે.

**સ્વતંત્ર ઉદ્યમ ક્યારે?**

છેલ્લા પુદ્ગલપરાવર્ત સિવાયના કાલમાં કર્મ ઉદ્યમ ચાલ્યા જ કરે. પલટો કોણ કરે? પ્રબલતા કોની આવે તેમાં પલટો કરી શકે? શુકલપાક્ષિક અન્ત્યપુદ્ગલપરાવર્તવાળો કરે. તે પ્રબલતા કોની કરે તો ઉદ્યમની. તેથી કર્મનો ઉપશમ, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવ કરી નાંખે.

**મોક્ષનું આંગણું.**

આ સ્થિતિ ક્યાં હોય? માત્ર છેલ્લા પુદ્‌ગલ પરાવર્તમાં મોક્ષના આંગણે. શાસ્ત્રકાર કહે છે, અર્ધ પુદ્‌ગલ પરાવર્ત બાકી હોય ત્યારે તે ઔપશમિકાદિ ભાવ પામે, અહીં મોક્ષના આંગણામાં આ વાત કહી તે ખરી છે. પરંતુ મહાનુભાવ! અર્ધપુદ્‌ગલ પરાવર્તને મ્હોટું રૂપ આપો છો પણ આ જીવને સંસારને વહેતાં વહેતાં કેટલા પુદ્‌ગલ પરાવર્ત ગયા? અનંતા. તે ન થયા તે અપેક્ષાએ એક બાકી તેનો અર્થ આંગણું કે બીજું કંઈ? બસો કોશ ચાલીને. પાદરમાં આવ્યો, મકાન છેટું છે છતાં પહોંચ્યા કેમ કહો છો? મકાનમાં નથી આવ્યા, બસો ગાઉની અપેક્ષાએ બે ફર્લાંગ કંઈ ગણત્રીમાં નથી. આ તો આઠશોમેં ભાગે છે. અનંતા પુદ્‌ગલ પરાવર્ત રખડયો તેની અપેક્ષાએ અર્ધ શા હિસાબમાં? અનંતા ખ્યાલ છે તેને એ હિસાબમાં નથી તેથી મોક્ષનું આંગણું.

**આત્મીય બળનું કાર્ય.**

તેમાં આવે ત્યારે આત્માનું બળ જાગે, તે જેને જાગે તે છેલ્લા પરાવર્તમાં હોવો જોઇએ. કર્મના ઉદયે અશ્રદ્ધા આવે તેને મારી મચડી કાઢી નાંખે, આત્માને ઉદયના જોરે ખરાબ વિચારો આવે તેનું પરિણામ ફલ શું! તે વિચારીને મારીમચડી કાઢી નાંખે; એ જોર તે આગળ માર્ગમાં આવવાની જગો પર. અપૂર્વકરણ તેમાં જોર કેટલું પડે? અપૂર્વકરણ થયા પછી કેટલા કર્મ તોડવા પડે? તો અંતઃકોટાકોટી. અપૂર્વકરણ આવતાં અગણોસિત્તેર સાગરોપમ તોડવા પડે! અપૂર્વકરણમાં આવવા માટે ૬૯ કરતાં અધિક તોડે, સ્હેજે અમરચંદભાઈ સવાલ કરશે કે-૬૯ ક્રોડાક્રોડ આપોઆપ તૂટયા તો તે એક આપોઆપ તૂટી જશે. અગણો-સિત્તેરમાં દેવ ગુરૂ વિગેરેની જરૂર પડી નહીને? જેમાં ઉદ્યમની બલવત્તા ન થાય તેમાં જો અગણોસિત્તેર તોડે તો આ એક ક્રોડ આપોઆપ તોડશે? પણ વિચારવું જોઈએ કે લુગડા ઉપરના થરને અંખેરતા ગયા પણ ડાઘ સાબુ દેતાં ન ગયા તેમ આ એક

ક્રોડાક્રોડ સાગરોપમની સ્થિતિને તો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની ઔષધી લગાડો તો જ તૂટે. નહી તો તે ન તૂટે! નજીક આવે ત્યારે ગામનું શીખર દેખાય, છેટે ગામનું શીખર ન દેખાયું. બસો ગાઉ સુધી ચાલી આવ્યો ત્યાં ગામનું શીખર ન દેખાયું. અને બે ગાઉ બાકી રહ્યું ત્યાંથી જ દેખાયું. બસો ગાઉનો માર્ગ અને આ માર્ગ તેમાં ચાલવું તે જુદું જ છે. નજીક આવ્યું એટલે આપોઆપ દેખાય છે. અહીં પણ મોક્ષ નજીક આવવાથી આત્માને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર મલે છે. પણ એક કોડાકોડીથી વધારે સ્થિતિ હોય તેને સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્ર ન મળે. મોક્ષનો નજીક કાલ હોવાથી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પ્રગટ થાય. નજીકપણાને લીધે તે વસ્તુ નજરે આવે. મોક્ષ નજીક આવ્યો તેથી તેને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પ્રાપ્તિ થાય મોક્ષ છેટે હોય તો તે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર દેખે નહી. કેટલીક વખત ગામોમાં શીખરો બહુ ઉંચા હોય તો તે છેટેથી દેખાય છે. ગામમાં ઉંચામાં ઉંચી જગ્યા હોય તે છેટેથી દેખાવવી જોઇએ. તેમ અહીં આગળ ધર્મ એ આત્મીય બળનું કાર્ય.

**છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં જ વચન પરિણમે**

આહાર–નિદ્રા–ભય મૈથુન તે આત્મીય બળનાં કાર્ય નથી. આત્માથી થાય છે પણ તે કર્મના બળનું, આત્માના બળનું કાર્ય ધર્મની ગવેષણા તેટલા માટે છે. હરિભદ્રસૂરિ મહારાજે જણાવ્યું કે છેલ્લો પુદ્ગલપરાવર્ત બાકી હોય ત્યારે ઉદ્યમ. અને છેલ્લા સિવાયના કાલમાં કર્મ બળવાન, ઉદ્યમ કર્મને હાંકી લે. કર્મનો ઉપશમિકાદિભાવ આત્મા બલદ્વારાએ કરે છે. મોક્ષને લાયક ઔપશમિકાદિભાવ તે અર્ધપુદ્ગલ પરાવર્ત બાકી હોય ત્યારે કરે તે મોક્ષના નજીકનો માર્ગ. અહીં આગળ દૂરથી શું જુવે તો વચન. છેલ્લા પુદ્ગલ પરાવર્ત સિવાય આગમની પરિણતિ હોય જ નહી પણ છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં હોય. જેને આગમના વચનની પરિણતિ નથી તેને છેલ્લો પુદ્ગલ પરાવર્ત છે કે નહી ? તે

નક્કી કહી શકાય નહી. છેલ્લો પુદ્ગલ ન હોય તો તેને આગમ વચન દેખાય જ નહી. આગમ વચન દેખાય તેને અર્ધ પુદ્ગલ પરાવર્તથી વધારે નથી. જેને જિનવચન ન પરિણમે તેને અધિક સંસાર છે જો કે જિનવચનની પરિણતિ, મનુષ્યપંચેન્દ્રિય થાય તે ગૌણ, કાલ જેને છેલ્લો પુદ્ગલ પરાવર્ત હોય તેને પરિણમે તે મુખ્ય.

**ખરો પરીક્ષક.**

વચનની પરિણતિદ્વારાએ ધર્મને સમજનારા બીજામતવાળા ન હોય. પણ જૈનમતમાં આવેલા કેટલાકો રીતરિવાજોમાં ધર્મ જાણનારા, સાધુના માસકલ્પ ગોચરી તપસ્યા વિગેરે છે આ દ્વારાએ એકલો ધર્મ ગણી લેવો તે વચનપરિણતિ ન હોય તેવાને છે. રીતરિવાજ તે ધર્મ તરીકે ગણે તેને આધારે ધર્મ માને તેથી તેને ધર્મી ગણે તેને જૈનશાસનમાં બાલક માને છે. આગળ વધો ત્યારે પરિણામ, પરિણતિ. રીતરીવાજ કરતાં પરિણતિને વિચારે તો આગળ વધ્યો તેમાં પણ રૂઢી, આવા વિચારો પરિણમે છે માટે સારૂં. પણ ખરો પરીક્ષક કયારે? 'आगमतत्त्वं' આગમનું તત્ત્વ તેની પરીક્ષા કરે ત્યારે.

**અક્કલવાળાની સ્થિતિ.**

ધર્મ સમજીને કે વગર સમજીને કરો પણ ફલતો મળશે! તેવું અહીં સમજુને ન શોભે, તું વસ્તુની પરીક્ષા કરવાને લાયક છે, ખોરાક પોષાક તે માટે સમજદાર છે, નાનાં બચ્ચાને મા ગાલમાં ટપકા કરે છે પણ મોટાને કરે તો તે માને ને? છોકરો છે તેમાં વાંધો શો? શણગારની વાત કરે છે, સમજે છે આથી ત્યાં બાથી કાળું ટપકું કરાતું નથી. મા મટી ગઈ? છોકરો મટી ગયો? વહાલ મટી ગયું? તો તેમાંથી કંઈ મટી ગયું નથી, પણ અક્કલવાળો થયો છે તેથી વેષને ઓળખીને પ્રમાણ ગણશે? જ્યારે ધર્મને અંગે સમજુ થાય ત્યારે જૈન દર્શનને અંગે બુદ્ધિમાનમાં અક્કલવાળામાં ખપવા માંગતો હોય તે સર્વ પ્રયત્ન કરીને

આગમતત્ત્વને જુવે, કારણ? જૈનધર્મમાં દેવનો ગુરૂનો ધર્મનો આધાર વચન ઉપર તે સિવાય કોઈ આધાર જ નથી.

જગદ્દગુરૂ કોણ?

જૈનધર્મમાં જિનેશ્વરને જગદ્દગુરૂ માનવાનો હક. જેઓએ પ્રાકૃત માગધી અઢારદેશની ભાષાં છે તે બાલકની ગણી પણ દેવની ભાષા સંસ્કૃત રાખી. દેવનો ઉપદેશ જો સંસ્કૃતમાં છે તેમ કહેનારની દશા નીચે દર્શાવેલા વિદ્યાર્થી જેવી થાય,

એક પંડિત વિદ્યાર્થીને લઈને ગામમાં આવે છે રસ્તામાં કુવો આવ્યો ત્યાં પંડિત પાણી ભરવા ગયો, કુવામાં પડી ગયો ત્યારે વિદ્યાર્થી બુમ પાડવા લાગ્યો કે–'धावत धावत लोका– मम गुरु कुपे पतितः' આથી શું થાય? આ વિદ્યાર્થીની ભાષા લોકો સમજે તેવી ન હોવાથી ગુરૂને ડુબાડી દીધા.

તેમ તમે સંસ્કૃતભાષામાં કહો તો ગણ્યા ગાંઠયાને કહી શકો. આખા જગતને ઉપદેશ કરનાર ગુરૂ કોણ? જગદ્દગુરૂ બનવાવાળાએ ભાષા જગદ્દગુરૂની રાખવી જોઈએ. આંગળીના વેઢે ગણાય તેવાની ભાષાથી જગદ્દગુરૂ કહેવડાવો છો? 'ગાયા કોઈ રાખે નહી, દોડી દોડી મુઈ'. જગત સમજે તેવું વચન કહેવું નથી, તેવા વચન બોલવાનો અનાદર કરો પછી તમે જગદ્દગુરૂ કઈ રીતે કહો? તો ઢોંગ. જિનેશ્વર જેની ભાષામાં દરેકે દરેક સમજે માટે તેમને જગદ્દગુરૂ થવાનો હક. પણ ધૂર્તોને નહી. સાચા ગુરૂ થવું હોય તો આખું જગત સમજે તેવી ભાષા કેમ કબુલ કરતા નથી. સંસ્કૃત એટલે સંસ્કાર કરેલી, તે ભાષા બોલવી નથી અને કહેડાવવું છે જગદ્દગુરૂ તે શી રીતે? આ ઉપરથી આપણામાં કેટલાક અન્ધ અનુકરણ કરનારા. ગિર્વાણવાણી કોના ઘરની? દેવતા સંસ્કૃતભાષાવાળા હોય તે આરાધના કરવાથી પેલો જે કહે તે સમજે. તેમ માંગનારને વરદાન માંગ કહેશે કે 'वरं वृणिष्व' કહેશે. શા ઢોંગ! તેવી સ્થિતિ હોવાથી તેઓ સર્વ ભાષામાં બોલી શકતા નથી. જેની ભાષા

એવી નથી બોલાતી, જેમાં કોઈ સમજે નહી તે જગદ્‌ગુરૂ થવાને લાયક નથી પણ અમે વચન માનીએ તે જગદ્‌ગુરૂ તરીકેના છે માટે માનીએ છીએ. તેમના વચન બધા સમજે તેવા છે તેમાં જગદ્‌ગુરૂપણું વ્યાજબી છે અર્થાત્ અમે જગદ્‌ગુરૂ તેમના બીજા ગુણોથી માનીએ તેનાં કરતાં તેમના વચનની અપેક્ષાએ વધારે માનીએ માટે વચનની આરાધનાએ ધર્મ છે. આવા મહાપુરૂષના વચન પ્રકાશ તે અન્ત્ય પુદ્‌ગલમાં પરિણમે. સ્વરૂપના અંગે પ્રાકૃત અર્ધમાગધી જણાવ્યું. તેનો વિષય પ્રવૃત્તિ ફલ કયું? તે વિગેરે અધિકાર અગ્રેવર્તમાન.

## 卐 વ્યાખ્યાન ૫૦ 卐

'वचनाराधनया खलु'

### આસ્તિક કોણ?

શાસ્ત્રકાર મહારાજ આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે—આ સંસારમાં જેટલા આસ્તિકવર્ગના મનુષ્યો છે, તે બધા ત્રણ તત્ત્વમાં એક જ મતે છે. દરેક આસ્તિક દેવ ગુરૂ ધર્મ માનવામાં વિવાદ કરતો નથી. અર્થાત્ તે ત્રણે તત્ત્વો આસ્તિકોએ માનેલા છે. જેઓ એ માનનારા નથી તેને અંગે જણાવી ગયા કે—તેને નાસ્તિક કહેવામાં આવે છે. પરલોક વિગેરે ન માનનારા નાસ્તિક. જેઓ પરલોક કર્મબંધ કર્મનું શુભાશુભપણું માનનારા કર્મનું આવવું ભોગવવું, ભોગવવાથી તૂટવાનું માનનારા જેઓ પરતુંતેઓ જ આસ્તિક તરીકે ગણાય છે. આ ઉપર જણાવેલી વસ્તુઓમાં એક પણ વસ્તુ ન કબુલ કરે તેને આસ્તિકપણે રહેવાનો હક નથી પરન્તુ જે આ વસ્તુ ન માનતો હોય તેને આસ્તિક તરીકે ન ગણાય.

**ઈંદ્રિય અને વ્યવહારથી થયેલો અનુભવ કામ ક્યાં ન લાગે?**

આ માનવાનું શાસ્ત્રદ્વારાએ, દુનિયામાં જે ઇન્દ્રિયવ્યવહારના વિષયમાં પોતાનો અનુભવ પ્રમાણભૂત રહે; સુંવાળું છે કે ખડબચડું છે? તે પોતાના અનુભવે જણાય; કડવું કે મીઠું તે પોતે નિર્ણય કરે; તે બીજો કરે તેમાં બીજાને પુછવું ન પડે, સુગંધ-દુર્ગંધ કાળા-ધોળા-સ્વર-અસ્વર ઇન્દ્રિયદ્વારાએ પોતે અનુભવે છે, તેમાં સાક્ષીની જરૂર નથી. વ્યવહારની ચીજમાં જે ભાઇ-મા-બાપ-છોકરાપણું-કાકા અને મામાપણું છે તે બધો પુરાવો ખરો પણ તે ઈન્દ્રિયનો વિષય નથી, પણ વ્યવહારથી પુરાવો છે. જગતની વસ્તુઓ ઇન્દ્રિય અને વ્યવહારના પુરાવાથી પુરવાર થાય છે. વ્યવહારના પુરાવાથી બધા એક સરખા બોલે. બાપને બાપ-છોકરાને છોકરો કહે છે; તેમાં આપણો અનુભવ ચાલે છે પણ પરભવ કર્મ છે તે સારૂં-ખરાબ-આવે-રોકાય-ભોગવાઈ તૂટે છે તેમાં ઇન્દ્રિય વ્યવહારથી થયેલો અનુભવ કામ લાગતો નથી.

**ઇશ્વર માનવો તેમાં અનુમાનને અવકાશ નથી.**

જે અતીન્દ્રિય પદાર્થો તેમાં ઇન્દ્રિય અને વ્યવહારના અનુભવ કામ લાગતા નથી પણ તેમાં કેવલ ઇશ્વરી વચન કામ લાગે છે. તે સિવાય બીજું સાધન જ નથી. ઈશ્વરી વચન સાધન માની જ્યાં ઈશ્વરી ભેદો ત્યાં વચનના ભેદો. ઇશ્વરના ભેદોનો નિર્ણય ન થાય ત્યાં સુધી વચનની સત્યતાનો નિર્ણય ન થાય. સાક્ષી સાચી છે તે નિર્ભર શાના ઉપર? સાક્ષી ભરનારાની પ્રમાણિકતા ઉપર જ. ન્યાયની સત્યતાનો આધાર ન્યાયધીશની પ્રમાણિકતા ઉપર. જેમાં ન્યાયાધીશ અપ્રમાણિક હોય તેનો કેટલો ભરોસો? તેનો ન્યાય સાચો પણ હોય છતાં તેમાંથી શંકા જશે નહી. જ્યાં સુધી શંકા ખસે નહી ત્યાં સુધી નિઃશંકપણે પ્રવૃત્તિ કરનારો પ્રવૃત્તિ કરવાને તૈયાર થાય નહી. ઇશ્વર ઘણા, વચનો ઘણા તેમાં કયા ઇશ્વરને માનીને તેના વચન ઉપર ભરોસો મૂકવો? પરભવ વિગેરે ઇન્દ્રિયનો વિષય નથી. પણ હજી

આપણા આત્માના અનુમાનનો વિષય. કર્મ-શુભ, અશુભ કર્મબંધ, રોકાણ ભોગવટો તુટવું માનવામાં અનુમાનને અવકાશ છે.

પોતે ક્ષણે ક્ષણે સુખદુઃખનો ભાગી બને છે તો પછી તેનાં કારણો અનુમાનથી માનવા પડે. પણ ઈશ્વર હો કે ન હો તેનું શું? કર્મ જીવ ન હોય તો સુખ દુઃખ ન થાય. સુખ દુઃખની અન્વયાનુપપત્તિ થાય માટે સુખ દુઃખને લીધે કર્મ શુભાશુભ માનીએ તેથી આવવાનું રોકાવવાનું ભોગવવાનું ને નાશપણ માનીએ; આ બધું અનુમાનથી થઈ શકે. ઈશ્વરને અંગે કયું અટક્યું? કર્મ શુભાશુભ કર્મ વિગેરેમાં જો કોઈ વાંધો લેવાય તો અટકયો કેમ? કેટલાક સુખના દુઃખના ભોગી હોય. બાહ્ય સંજોગ અનુકૂલ હોય છતાં ચિંતામાં બળી જઈએ. પ્રતિકૂલ હોય તો ખસી રહીએ. કેમ? સુખનુ કારણ અંદર કોઈ જુદુ જ છે.

**સંયોગે સુખદુઃખ, આ અનુમાને આત્માની સિદ્ધિ.**

પાટને ચંદન ફૂલ વિગેરે ચડાવીએ તો આનંદ થવો જોઇએ? તો ના. આસ્તિકો શંકા દાખવાથી સ્થુલની શ્રદ્ધાથી ઉશાડતા હતા. તેનું સમાધાન થશે ઇષ્ટ સંયોગ મળે તો પુણ્ય, અને અનિષ્ટ સંયોગ મળે તો પાપ, એક પત્થરના બે કકડા હોય તેમાં એક કકડો મૂર્તિ તરીકે અને એક કકડો પગથિયા તરીકે છે. તેમાં પગથિએ પગ મૂકે ત્યારે અહિં પગે લાગે, ફૂલ ચડાવે. તો બે કકડામાં શો ફેર? અહીં આગળ કોઈકને સેવા, કોઇકને સેવા યાત્રા, કોઈને સારા ને કોઇને ખરાબ સંયોગ મલ્યા. તેમાં કયો ભાગ્યશાળી ને કયો નિર્ભાગ્યશાળી? બેય પત્થરના કકડા સરખા છે. તેમ અનુકૂલતા પ્રતિકૂલતાથી પુણ્ય પાપ માની લો તો બેય કકડાને પુણ્ય પાપ માની લો! તમે તે માની શકો નહી. તેમ અહીં કોઈની સારી, કોઇની ખરાબ હોય. પત્થરની મૂર્તિ થાય અને મૂર્તિ પણ પત્થર થાય આમાં પુણ્ય ને પાપ આવ્યું કયાંથી? મૂર્તિ તરીકે લીધી તેથી પુણ્યનો ઉદય ને પગથિઆ તરીકે પાપનો ઉદય થયો, એ તો તમારી મરજી પ્રમાણે ગોઠવેલો છે. તેમ

એક જીવને ઇષ્ટ, અને એકને અનિષ્ટ સાધનો મળે તેથી પુણ્ય પાપ શું ?

જે કર્મને જીવને ઉશંરઠતા હતા તે સમજશે પગથિઆ ઉપર પગ મૂકો તો તે ખુશ થાય છે કે નારાજ ? મૂર્તિને ફૂલ ચડાવીએ તો તે રાજી કે નારાજ નથી થતું. પત્થરને કાપે ત્યારે રાડ પાડતો નથી; તું તો ચપ્પુ વાગે તો રાડ પાડે છે !

નાસ્તિક જીવ નથી એમ માનતો હતો ત્યારે આસ્તિકે લોઢું તપાવીને તેના સામો ગયો, પેલો નાસ્તિક ચમકયો ત્યારે આસ્તિકે કહ્યું કે કેમ ચમકયો ? જડને જ્ઞાન કયાંથી ? જડને ન હોય પણ ચેતનને હોય; જડ નથી ચમકતો તો તું કેમ ચમકે છે ? તું અને તે બન્ને સરખા છો ? ત્યારે તેને આડકતરી રીતે કહેવું પડે કે જીવ છે એટલે ચમકે છે. અગ્નિદાહને ઓળખું છું અને તેનાથી થતી પીડા ખ્યાલમાં છે તેથી ચમકું છું, ચમકારો જ્ઞાન સ્મરણ છે તેથી કોઈ દહાડો દાહ થયો અને તે સ્મરણ થયું ત્યારે તું ચમકયોને ? આ બધું પત્થરમાં કંઇ બન્યું ? પત્થરના દૃષ્ટાંતમાં એકે જ્ઞાન સ્મરણ દેખાડ તો ખરો ? જેમાં કઇ નથી અને જેમાં બધું છે, તે બંને કેવી રીતે સરખાવે છે ? આપણને ઇષ્ટના સંયોગે સુખ અને અનિષ્ટના સંયોગે દુઃખ થાય છે તેથી અનુમાન દ્વારાએ જીવ માની શકીએ છીએ.

### ઈશ્વર અંગે અંધ પરંપરા

તેમ શુભાશુભ કર્મ બંધાય, રોકાય ભોગવાય અને તૂટે છે. પણ ઇશ્વરને જાણવામાં સાધન નહી; જે જાનવર શીંગડે બાંડો ને પુંછડે બાંડો હોય તેને પકડવો કયાં ? તેમ અહીં ઈશ્વરને અંગે નહી અનુભવ કે નહી અનુમાન, તો પછી ઇશ્વરને અને તેમના વચનને માનવા કેવી રીતે ? બધા ઈશ્વરને અને વચનને માને છે, તે અંધાધુંધીના. ઈશ્વર માનવામાં પ્રમાણ કયું ? તે પ્રમાણ ન હોય તો તેમના વચનને માનવું કયાંથી બને ? લાકડાનું ઝાડ

હોય તો કેરી કયાંથી ? તેમ ઇશ્વરની સત્યતાનો પુરાવો થતો નથી તો તેના વચનનો પુરાવો કયાંથી થાય ? આસ્તિકો ઇશ્વરને અને વચનને અંગે આવ્યા તે અંધપરંપરા છે, તેમાં તત્ત્વ ન મળે. અનુમાનથી જે નિર્ણય તે સચોટ કયારે ? બીજો પુરાવો મળે ત્યારે. ઈશ્વર શાથી જાણવો ? વાત સાચીઃ જૈનેતરોને ઈશ્વરને અંગે અંધારામાં ગોથાં ખાવા પડે છે.

ઇશ્વરનું મનુષ્યે શું બગાડયું ?

જન્મદાતા તરીકે ઈશ્વરને માની બેસે તેનો પુરાવો જોઇએ. તો કંઈ નહી; હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે કહ્યું કે–ઇશ્વર જન્મદાતા તરીકે હોય તો તેને મનુષ્યોનું બગાડયું. જેટલા જાનવરના ગર્ભો તે બધા સીધા ઉંધા મુખનો તો મનુષ્યનો. બીજાના ગર્ભો તો બે ત્રણ મહિને જન્મ પામે ત્યારે મનુષ્યને તો સવાનવ મહિના. ઇશ્વરનું મનુષ્યે શું બગાડયું. કે જેથી તેને નવ મહિના રાખ્યો ? સજ્જન મનુષ્ય બીજાના ફાયદાનું કામ કરે પણ ગેરફાયદો થાય તેવું કામ ન કરે. પણ તે ગેરફાયદો કરે તો તે દૂર્જનમાં ગણાય. આને જન્મ્યા પહેલાં કયો અપરાધ કર્યો. જંગલી રાજ્યો બાળકને અંગે સજાથી દૂર રહે. જંગલી જાતમાં નિર્દયમાં નિર્દય મનુષ્યો તે પણ બાલક ઉપર મહેર કરે છે. ત્યારે ઈશ્વરને જન્મતા બાલક ઉપર મહેર નહી, મરણ રોગના પ્રમાણે કોના વધારે ? તો બાલકોના. ઇશ્વરને સોટો અહીં ફેરવવાનું સૂઝે છે.

ઈશ્વરનું અનુમાન અવળુ છે.

બાલક અજ્ઞાની તેથી તેને લાભ આપીએ છીએ, તે કબુલ તેમ ઇશ્વરને અંગે આપણે કેટલા ઓછા જ્ઞાનવાળા? આની આગળ બાળક અજ્ઞાની કે ઈશ્વરની આગળ આપણે અજ્ઞાની, તેમાં અજ્ઞાન વધારે કોણ ? જો ઈશ્વરની આગળ અત્યંત અજ્ઞાની ને અણસમજુ છીએ, તો ઇશ્વરને ગુનો અને સજા લાવતાં બહુ વિચારવું જોઈતું હતું. ઇશ્વરે જન્મ આપ્યો છે આસ્તિકોની રીતિ જો પ્રવર્તાવવા જઇએ તો–'દુઃખ દૌર્ગત્ય દુર્યોની' (વીતરાગ સ્તોત્રના સાતમા

પ્રકાશનો શ્લોક ) આ જગતમાં જે સર્જેલા તેમાં સુખી કેટલા? દુઃખી કેટલા જીવો? માસ્તર તેત્રીશ ટકા પાસ ન કરે તો તેની ક્રેડિટ ઉતરી જાય તેમ અહીં આગળ જીવોને તેત્રીશ ટકા સુખી ન કરે તો ઈશ્વરની લાયકાત રહી કે ગઈ? માટે દુઃખના ઢગલા દુર્ગતિના ઢગલા, ખરાબસ્થાનોના ઢગલા ઈશ્વરને કરવા હતા તો ઉત્પત્તિ સ્થાન શા માટે સારૂ ન રાખ્યું, સવા નવ મહિના ઉંધે માથે રાખ્યા કરતા સીધું પુતળુ બનાવીને નાંખવું હતું. દુઃખ દૌર્ગત્ય, દુર્યોની જન્મ વિગેરેનો કલેશ કરનાર તેને પાછો પરમેશ્વર માનવો છે! અન્યમતો જે ઈશ્વરને માનવા માટે અનુમાનમાં જાય છે તે કેટલા અવળા જાય છે તે વિચારો!

**જૈનોમાં ઇશ્વર થવાનો હક છે.**

તમે કેવી રીતે માનો છો? જન્મ દુર્ગતિ આપનાર, દુર્યોની કરનાર દુઃખ કરનાર તરીકે પરમેશ્વરને અમે માનતા નથી; જૈન ને જૈનેતરમાં મોટો ફરક કયો? ઈશ્વરને અંગે બન્ને માને છે પણ જૈનો જે જગતને દુઃખદુર્ગતિમાંથી ઉદ્ધાર કરનારો, યોનીમાંથી સુખ કરનારો તેવો પરમેશ્વર માને છે. જ્યારે જૈનેતરો બીજાને દુઃખ દૌર્ગત્ય દુર્યોનીને કરનારો માને છે. આગળ વધીએ તો બીજાઓએ પરમેશ્વરપણું રજીસ્ટર કરી દીધું. વેદ પુરાણ કુરાનમાં પરમેશ્વર કેમ થવાય! તેનો રસ્તો કહેલો છે ખરો? પરમેશ્વરપણું રજીસ્ટર. એક થયો તે થયો. બીજો થાયજ નહી તે જૈનેતરોમાં જૈનોમાં પરમેશ્વર થવાનો હક, તેના ઉપાયો પણ છે. જૈનો જૈનેતરોથી ઇશ્વરના વિષયમાં જુદા પડયા.

**પ્રશ્ન :—**

ત્યારે અમરચંદભાઇ જેવા પ્રશ્ન કરે કે—આમ તો જૈનમાં પણ ઈશ્વરપણું રજીસ્ટર છે. કેમ? અભવ્ય તીર્થંકર થાય ખરો? બધા ભવ્યો તીર્થંકર થાય ખરા? ત્યારે કહો રજીસ્ટર. ચ્હાય જેટલો કાલ સ્થિતિ જાય, વર્તમાનમાં આવે પણ અભવ્ય તીર્થંકર ન થાય ન થાય ને ન થાય. તેથી ભવ્યોમાં રજીસ્ટર કર્યું!

તેમાં પણ બધા ભવ્યો તીર્થંકર થાય તે માનો છો? તો ના. કેટલાક કેમ થાય? અને ભવ્યો છતાં કેટલાક કેમ ન થાય? તમે રજીસ્ટરમાં માનનારા નથી માટે તમારે ખુલાસો કરવો પડે. અભવ્યોને ઈશ્વર થવું નહી. ભવ્યોમાં બધાને થવાનું નહી. અમુક જ જીવ થાય. જેમ તેમને વ્યક્તિગત માન્યું ત્યારે તમે જાતિગત રજીસ્ટર માન્યું. પણ માન્યું તો રજીસ્ટર કે બીજું કઈ? ફરક શો?

ઉત્તર.

વ્યક્તિ તરીકે રજીસ્ટર કરનારા તે કારણ નથી, પણ યોગ્યતા અહીં કારણ છે. કોરડુ મગ ન સીઝે બીજા સીઝે, તેમાં રાંધનારનો પક્ષપાતને? કાંકરા નથી સીઝતા તેમ કોરડું નથી સીઝતું તેમાં રાંધનારનો વાંક? તો ના. પણ કોરડુ મગમાં સીઝવાની લાયકાત નથી પણ લાયકાતવાળા પાકે છે. જેમ પાક તે કોઈની પ્રકૃતિનું કામ નથી પણ ઉપચાર અસરકારક હોય તેમાં જ કાર્ય થાય. અસરકારક ઉપાય લાગુ પડે તેમાં કાર્ય થાય પણ તેમાં પક્ષપાત થાય નહી. તેમ અહીં આગળ પણ અમે ભવ્યપણાને અંગે તીર્થંકરને રજીસ્ટર નથી કરતા, ભવ્ય વિશેષને અંગે નથી કરતા. જે તેના કારણોમાં પ્રવૃત્તિ ન કરે તે તીર્થંકર ન થાય. તેથી તે રજીસ્ટર કહેવાય કે તેની લાયકાત નથી તેમ કહેવાય? કોરડામાં પાકવાનો સ્વભાવ નહોતો. જે મુક્તિના સાધનો, જે તીર્થંકરોના સાધનો તેને અંગે રોકટોક નથી. અમલ કોણ કરશે? તો ભવ્યો. તીર્થંકરોનો અમલ તે તથાભવ્યત્વવાળા કરશે. ભવ્યો રજીસ્ટર થયા તેમ નહી પણ કારણોના અમલ કરનારા થયા, તેથી કોઈક ભવ્યો તીર્થંકરોના કારણોનો અમલ કરે છે. શકયતાની વાત હતી.

હાંલ્લીમાં મગ નાંખ્યા ને કાંકરા નાંખ્યા બે કલાક રાંધે તો કાંકરા પોચા ન થાય, તેમાં હાલ્લી પાણીનો વાંક કે વાંક કોનો? તો તેના સ્વભાવનો.

અહીં આગળ જગતના માટે મોક્ષમાર્ગ એવો છતાં સંવર નિર્જરા, માર્ગાભિમુખ થયા છતાં તેનો અમલ ન કરે તેમાં વાંક કોનો? રજીસ્ટર અહીં છે નહીં. તથાભવ્યત્વવાળા અનંતા છે. એક બે નથી. એક વ્યક્તિ, જાતિના અંગે રજીસ્ટર થયા તે યોગ્યતાને અંગે.

કેટલાક એ સ્થિતિમાં હોય કે 'મેને પીયા મેરે બેલને પીયા અબ કુવા ધસ પડો' તેવા હોય છે. 'પરની તારે શી પડી તું તારૂં સંભાળ' તેમ કેટલાક આપણું ને પરનું બેયનું સંભાળવું જોઈએ. પોતાનું તો ઘાતકી સાપ વાઘ વિગેરે સંભાળે છે. ઘાતકી શાથી? બીજાનું ન સંભાળે તેથી. કેટલાકો પારકા આત્મનો સાધ્ય મુખ્ય ગણે. આ ભેદ સામાન્ય કેવલી ને તીર્થંકર કેવલી માટે છે. મારૂં સંભાળું બીજા ખાડમાં પડે. તે તીર્થંકરના મોંઢા ને હૃદયમાં ન હોય. પણ કેવલી તીર્થંકર થવાવાળો હોય નહી તેનેજ હોય. પરિણુતિ રૂપ કારણ વિચિત્ર હોય તેમાં રજીસ્ટરનો શો સંબંધ પરંતુ આવી રીતે આત્માનો પરનો ઉદ્ધાર શી રીતે? તો ડુબતા અંગે. સરખા કરનારાને જગતનો–પરનો ઉપકાર કરે શાથી? વચન–દેશનાદ્વારાએ ઉદ્ધાર કરે તે સિવાય બીજી તાકાત નથી. માટે '**वचनाराधनया खलु**' તે જિનેશ્વરના વચનો, આરાધો ને તમે ધર્મ પામો! તે બધા વચનો માનો! તેનું ફલ વિષય શું? તે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન–૫૧ 卐

'**वचनाराधनया खलु**'

**દરેક ભવમાં આ જીવે શું કર્યું?**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે–આ

સંસારમાં અનાદિકાલથી આ જીવ રખડંપટ્ટી કરે છે. અર્થાત્ દરેક ભવમાં જન્મવું, આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસની શક્તિ મેળવવી તેના કાર્યો કરવા ને આયુષ્ય પુરૂં થાય એટલે ચાલતી પકડવી. આવી રીતે દરેક ભવે ચાલ્યું પણ આ કેમ થાય છે! તે એકે ભવમાં ન સૂઝયું. એકેન્દ્રિય વિગેરેમાં આહારાદિ મેળવીને કાર્યો કર્યાં ને જીવન પુરૂ થયું એટલે ચાલતા થયા. વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયમાં આવ્યો. ત્યાં પણ એજ કામ કર્યા કર્યું.

**જીવ કોઇએ બનાવેલો નથી.**

ઉત્પત્તિ સ્થાનમાં જવું. આ સંસારમાં આ જીવ અનાદિ કાળનો છે. કોઈએ આ જીવને બનાવ્યો નથી કેમકે જગતમાં કઈ ચીજ બને. જેનું કાચું જીવ હોય તેને પાકા જીવોમાં લેવા રૂપે વસ્તુ બની શકે? માટી કાચા રૂપમાં હોય તેનો ઘડો, સૂતર કાચા રૂપમાં હોય તો તેનું વણેલું લુગડું બનાવાય. જગતમાં જે જે ચીજો કાચી હોય તેને પાકા રૂપમાં બનાવાય છે. જે ચીજ બને તેનું પ્રથમ રૂપ કાચું હોવું જોઈએ. જગતમાં જેનો નાશ થાય તેનું રૂપાંતર બીજો પદાર્થ પકડનાર હોવો જોઈએ. લાકડાં બાળીએ તો કોયલા થાય, કોયલા બાળીએ તો રાખોડો થાય. દરેક નાશ પામનારી ચીજનું ઉત્તર રૂપ હોવું જોઇએ. જેનું પૂર્વ રૂપ કાચા પદાર્થમાં તેનું ઉત્તર રૂપ વિકૃત પદાર્થમાં થાય, સ્વરૂપ ન હોય તે પદાર્થ કારણ વગરનો ગણાય; જેનું પૂર્વ અને ઉત્તર રૂપ તે કારણ ગણાય. સૂતર પૂર્વ રૂપને બાળીએ તો ઉત્તર રૂપ રાખોડા તરીકે. પરંતુ જે વસ્તુનું પૂર્વ રૂપ અને ઉત્તર રૂપ નથી તે વસ્તુ કાં તો હોય જ નહી. હોય તો તે હંમેશાં રહેવાવાળી હોય. કોઈ વખત બને અને ન બને. તેવી વસ્તુ જેની પૂર્વ ને ઉત્તરરૂપ હોય તે જ હોય. હવે આપણે જીવને અંગે વિચાર કરીએ, જીવ પૂર્વ ઉત્તરરૂપવાળો હતો અને છે પણ જીવને પૂર્વનું કાચુંરૂપ કંઈ નથી. ઉત્તરરૂપ પણ વિકૃત નથી. કાચુરુપ શરીરનું છે. મા

બાપના વીર્ય ને રુધિર તે શરીરના કાચારૂપ, જે રખોડો તે શરીરનું ઉત્તરરૂપ છે. પણ જીવનું મૂળ કે ઉત્તરરૂપ નથી. જેનું પૂર્વરૂપ કે ઉત્તરરુપ હોય તે વસ્તુ બનવાવાળી. '**नित्यं सत्त्वमसत्त्वं वा हेतोरन्यानपेक्षणात्**' જેનું પૂર્વરૂપે કારણ નથી એવો હેતુ વગરનો પદાર્થ કાંતો હંમેશનો, કાંતો કોઈ દિવસ બની શકે નહી તેવો હોય. કારણ ? એનું જેમાં પૂર્વ–ઉત્તરરૂપ નથી તેવો પદાર્થ હંમેશનો હોય ને કાંતો ન હોય. તેનું કારણ ? ઘટાદિ કાર્યો તે માટી આદિની અપેક્ષાએ. પણ જે હેતુ વગરના કાર્યો તેને બીજાની અપેક્ષા હોતી નથી. તો હવે આ જીવનું પૂર્વરુપ કોણ ? માતા પૂર્વરૂપ એમ કહેવાવાળા કહેશે. ક્ષણભર તેનું માની લઈએ, પણ માનવા તરીકે નહી.

શાસ્ત્રમાં ચાર પ્રકારની માન્યતા બતાવેલી છે. પ્રતિતંત્ર સર્વતંત્ર, અભ્યુપગમ, ને અધિકરણ નામની આ ચાર માન્યતા છે. એ ચાર માન્યતાને શાસ્ત્રકારોએ જેના શબ્દો–એક પોતાની અંગત માન્યતા, તે પ્રતિતંત્ર, સર્વને માન્ય તેનું નામ સર્વતંત્ર, જે ખંડન તોડવા માટે કબુલ કરીને ચાલીએ તે સાચી કબુલાત નહી, તે કબુલાત તેનું નામ અભ્યુપગમ. એક વાત કહીએ, ને બીજી ન બોલીયે તો સાબીત થાય. બીજી બોલાય નહી આનું નામ અધિકરણ આવી ચાર માન્યતા છે.

બીજાએ કહ્યું કે–જીવનું પૂર્વરુપ મા બાપનું છે. શરીરના પૂર્વરુપે તો રોટલા–રોટલી–ખોરાક–પાણી–મા બાપ પણ કારણ છે. ખોરાક ખાધો તે શરીરપણે પરિણમ્યો છે. માટે શરીરના પૂર્વરુપ હોય તો મા બાપ ખોરાક પાણી માનીએ તેમાં અડચણ નથી. અત્યારે શરીરના પૂર્વરૂપનો વિચાર નથી, પણ જીવના પૂર્વરૂપનો ચાલે છે. તેના માટે માબાપને જીવના પૂર્વરૂપ જણાવવા તૈયાર થાય તેને સમજવું જોઇએ કે–આંધળાના દીકરા દેખતા શી રીતે થાય ? દેખતા છોકરાઓ થાય મા બાપ આંધળા હોય, ગાંડા બાપને ગાંડી માના છોકરા ડાહ્યા

કેમ થાય છે? ઉપાદન કારણ–ગાંડાપણાનું. ગાંડાને આંધળા મા, બાપના છોકરા ગાંડાને આંધળા થાય તે વાત કોઇ કહી શકે છે? તો ના. નિર્બુદ્ધિ મા બાપના છોકરા નિર્બુદ્ધિ હોવા જોઇએ! પાંચ આંગળાવાળા મા બાપના છોકરા છ આંગળાવાળા કેમ જન્મે છે? તેને આધારે કાર્ય થવું જોઇએ, શરીર પણ તેના આધારે નથી થતું. આંધળા ગાંડા હોય તો છોકરા તેનાથી ઉલ્ટા પાકે. શરીરનું ઉપાદાન કારણ મા બાપ નથી થતા. તો જીવના ઉપાદન કારણ તરીકે કઈ રીતે તેમનો જીવ આપણામાં આવ્યો. જે તાંતણા હતા તે લુગડાંપણે, માટી હતી તે ઘડાપણે પરિણમે છે. તેમ તેમનો જીવ આપણાપણે પરિણમ્યો? કહો? ત્યારે તે ઉપાદાનમાં ઘટવું જોઇએ, મણ માટીમાંથી પાંચ શેરનો ઘડો બનાવ્યો પછી ૩૫ શેર રહેવી જોઇએ. તેમ માબાપના જીવમાં અડધું ક્યાંનુ જાય? આ શરીરનું ખરેખર કારણ કહિએ પણ ઉપાદાન નહી, જીવનું ઉપાદાન કોઈ નહી. ઉપાદાનમાં માબાપ ગણ્યા પણ મરી જાય ત્યારે શું થયું? જીવ ઉત્પન્ન થવાવાળી કે નાશ થવાવાળી ચીજ નથી.

શાસ્ત્રકારો તો જણાવે છે કે–'जीवो अनाइ निहणो' અનાદિ–જેની ઉત્પત્તિ એટલે શરૂઆતનો છેડો નથી. જેમ શાસ્ત્રકારો અનાદિ નિધન કહે છે, તેમ બીજાઓ 'सनातन' આ જીવ હંમેશનો છે. આત્માનો કાયા રૂપ પાછળનો વિકાર નહી હોવાથી ઉત્પન્ન નાશ થવાનું નથી, આત્મા છે તે દરેકને માનવું પડે છે. આત્માને ન માને તેને સ્પર્શન રસના ઘ્રાણ ચક્ષુ, શ્રોત્રેન્દ્રિયાદિ-દ્વારાએ સ્પર્શ, રસ, ગંધ રૂપ, શબ્દ સાંભળ્યો. પછી મેં સ્પર્શ કર્યો? ચાખ્યું, ગંધ લીધી, રૂપ જોયું, સાંભળ્યું તે કોણ કહે? શું આંખ કાન જીવ નાક શરીર બોલે છે? સાંભળનાર, દેખનાર, સુંઘનાર, સ્વાદ લેનાર, અડકનાર તો બોલતો નથી, તો પછી જે બોલે છે તે કોણ કહો?

એક શેઠિઆની જુદે જુદે ગામ પેઢીઓ હોય તેનો માલિક

એક હોય તો કોઈ પણ પેઢીમાં થયેલું નુકશાન ફાયદો હોય તો મને થયો ગણે. આ કયારે થઈ શકે? માલિક એકજ હોય તો દરેક પેઢીના નુકશાન ફાયદા માટે જે જવાબદાર જોખમદાર મગરૂર થાય છે તે કયારે? માલિક એકજ હોય તો. કાને રૂપ દેખી શકતા નથી, આંખે ગંધ જાણી શકતા નથી, નાકે રસ જાણી શકતા નથી, જીભે સ્પર્શ કરી શકતા નથી, શરીરે રસ જાણી શકતા નથી. પાંચે ઈન્દ્રિયોમાં કેટલાકમાં હવાલો પાડે? ઇન્દ્રિયોમાં હવાલો નથી પડતો. કાન આંખને કહે કે તું બેઘડી સાંભળવાનું કરશે? આંખ કાનને કહે કે તું બેઘડી દેખવાનું કરશે? તે પ્રમાણે ભળાવી શકતા નથી. શ્રોત્રઈન્દ્રિયમાં ચક્ષુનો ચક્ષુમાં નાકનો વિગેરેનો હવાલો નહી હવાલા વગરની પેઢીઓ તેનું નુકશાન ફાયદો તે એકજ પોતાનું ગણે, તે કયારે? તો પાંચનો અધિષ્ઠાતા એક હોય ત્યારે માટે આ પાંચેને કાબુમાં રાખનારો ઈચ્છા પ્રમાણે પ્રવર્તાવનારો. ધ્યાન દે તો સાંભળે ધ્યાન ન દે તો ન સાંભળે તે કોઈકના આધીન છે? શ્રોત્રેન્દ્રિય કોઈના કબ્જામાં, ચક્ષુ ઈન્દ્રિય કોઇના કબ્જામાં; સાંભળવું કે નહી, બચાવ કરવો કે નહી, તે કબ્જામાં ધરાવનાર કોણ? કદાચ કહિએ કે તે પાંચે ઉપર કબ્જો રાખનારી ચીજ છે તે તો માનવું પડે. પાંચેને પ્રવર્તાવનારી ચીજ છે તેમ માનવું પડે નહી તો સૂઇ જઈએ ત્યારે કઇ ઈન્દ્રિય નથી? તો બધી છે. કેમ સમજવામાં નથી આવતી. કાબુ રાખનાર કોરાણે બેઠો છે. મનને પાંચે ઉપર કાબુ રાખનાર ગણીએ માટે વાત ખરી. પાંચ ઇન્દ્રિયના કાબુ માટે મન.

**મન પર કાબુ રાખનાર કોણ?**

તને પુછીએ છીએ કે મન એ કઈ ચીજ? મન તે સહુનું પૃથક્ છે. બાપના માના મનમાંથી છોકરાનું મન થતું નથી; મન તે જુદી ચીજ છે તે માનવી પડે, પણ મનને કબ્જે રખાય તેવી ચીજ છે કે નહી, તે તપાસો! તેનો વિચાર કરવો હોય

તો કરીએ ન કરવો હોય તો છોડી દઈએ. મન પ્રવર્તાવવું કે નહી તે કોઈના કબ્જાની ચીજ છે, મન જો કે ઈન્દ્રિયો ઉપર કાબુ ધરાવે પણ પોતે સ્વતંત્ર નથી બીજાના કાબુમાં છે. તે રાખનાર કોણ? એવા પદાર્થ જે માનો તેનું નામ આત્મા.

આત્મા-જીવ-ચેતન શબ્દ ભલે ન કહો, કારણ? શબ્દભેદનો ઝઘડો નથી, અર્થભેદ કરનાર હોય તો શબ્દભેદમાં ઝઘડો માતાની જગોપર બાપ મૂકો તો શબ્દ અર્થ જુદો પડયો, છોકરાની સામે જમાઈ ત્યાં શબ્દ અર્થ જુદો; અર્થભેદ ન હોય ત્યાં શબ્દ ભેદનો વાંધો નથી.

તેને આત્મા વિગેરે ન કહો પણ અ-બ-ક-ડ, કહિ દો! આર્યો કેવા આંધળાં અનુકરણવાળા, તે પોતે લખે તો અ-બ-ક-ડ તેમાં તમને સંબંધ શો? જંગલી અક્ષરવાળા તે પોતે લખે તો અ-બ-ક-ડ અની સાથે બના સ્થાનનો સંબંધ? 'અ' 'ક' સ્થાનનો, 'બ' ઓષ્ટસ્થાનનો, પાછા 'ક' કંઠયસ્થાનમાં 'ડ' એ મૂર્ધન્ય સ્થાનમાં આમાં વર્ગનો જંગલીઓને અનુક્રમ નહી. આર્યોને અનુક્રમ-કંઠ ખુલ્લા તાળવાના, આમાં ખુલ્લાના ઉચ્ચાર આવ્યા. તેમ મૂર્ધન્ય દંત્ય ઓષ્ઠયનો પ્રવાહ ચાલ્યો, જે વર્ણોનો અનુક્રમ હતો તે ભૂલીને અનાર્યોનો અ-બ-ક-ડ લીધો છે. મતલબ પદાર્થ માની લીધો. ઈન્દ્રિયને મનને અધિષ્ઠાતા માની લીધો તેને આત્મા જીવ પ્રાણી જે જે કહો પણ તેવો પદાર્થ છે તે નથી તો કાયામાંથી ઉત્પન્ન થતો, નથી તો તેના નાશે બીજો પદાર્થ બનતો, માટે હંમેશનો આત્મા છે. તો આ જન્મને અંગે અમુક વર્ષે જન્મ્યા તે નક્કી, તેના પહેલાં કોઈ અવસ્થા હશે તેમ ચાલ્યા જાવ, માટે આ જીવ અનાદિનો છે. કોઇ કારણથી ઉત્પન્ન થયેલો નથી, ઉત્તર પદાર્થ નથી; જેવો પૂર્વ રૂપમાં તેવો વર્તમાન ઉત્તર રૂપમાં છે. પરંતુ આ કયાંથી કહેવાયું? કલ્પનાથી કે બીજું કંઈ? કલ્પનાથી કહેવાતા પદાર્થો શ્રોતાઓના મોંઢા બંધ કરીને શંકા ન થવા દે તે વાત બને પણ તેમાં સત્યતાને

અવકાશ મળતો નથી. આ કલ્પિત હુકમથી કલ્પિત પદાર્થ કહેવામાં આવ્યો નથી. શાથી જાણ્યું તે ? સર્વજ્ઞ ભગવાનના વચન દ્વારાએ આવો અરૂપી પદાર્થ જણાવ્યો માટે ધર્મિષ્ઠનું કર્તવ્ય તે જ્ઞાની પુરૂષોના–સર્વજ્ઞ ભગવાનના વચન ઉપર આધાર રાખવો. માટે વચનની આરાધના તે ધર્મ. તેનું સ્વરૂપ વિષય ફલ કયું તે અધિકાર અગ્રે વર્તમાન.

## 卐 વ્યાખ્યાન પર 卐

"वचनाराधनया खलु"

**સૃષ્ટિનું સર્જન સ્વભાવિક છે.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહરાજ ભવ્યજીવોના ઉપરાર માટે ષોડશક પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં દરેક આસ્તિક ધર્મને માનવાને તૈયાર છે. દેવને ગુરૂને ધર્મને દરેક આસ્તિકો માને છે. સૃષ્ટિના કર્તા તરીકે ઇશ્વર એક છે એમ માન્યો છે. તે પાછો એ છે, એનો નાશ થવાનો નથી, નવો થવાનો નથી. આ વાત જૈનેતરોમાં. ત્યારે જૈનો ઇશ્વરને માને છે ખરા પણ તે કયા રૂપે માને છે ? સૃષ્ટિના સર્જનહાર તરીકે નહી. સૃષ્ટિનું સર્જન પદાર્થના સ્વભાવે બન્યા જ જાય છે. લીંબોળીથી લીંબડો, ગોટલાથી કેરી થાય છે. યાવત્ પત્થર કોલસા પિત્તલ આ બધા પણ ખાણોમાં પેદા થાય છે. સૃષ્ટિનું સર્જનપણું તે સ્વભાવિક છે.

પોતાના કર્મો દ્વારાએ દરેક જીવો કરે છે. આપણે માતાની કુખમાં મનુષ્ય તરીકે કયાંથી આવ્યાં ? તે પછી શરીર ઈન્દ્રિય આપણે બનાવ્યું. તેનું ધારણ પોષણ વૃદ્ધિ આપણે કરીએ છીએ. તેવી રીતે દરેક ગતિ યોનીવાલા જીવો પોત પોતાના શરીર ઇન્દ્રિયો બનાવે છે. ધારણ રક્ષણ વૃદ્ધિ કરે છે. માટે સૃષ્ટિનું સર્જન દરેક જીવો પોતાના કર્મો પ્રમાણે કર્યા કરે છે. તેમાં ઈશ્વરને સંબંધ નથી.

**સર્જનહાર કોણ!**

જૈનો ઇશ્વરને માને છે તે કઈ અપેક્ષાએ? બાયડી, છોકરા ધન, જશ કીર્તિ આપનાર તરીકે નથી માનતા. તે બધા કર્મના ઉદયે ક્ષયોપશમે થવાવાળાં છે, તેમ માને છે. તો પછી ઈશ્વરને શા માટે માને છે? બીજા લોકો ખોટી રીતે સૃષ્ટિના સર્જનહાર તરીકે માનવાને હકદાર તમે તો તે માનતા નથી, તો પછી શા માટે માનો છો? તારી અપેક્ષાએ અમે પરમેશ્વર તે નકામો છે એમ માનીએ છીએ. તો તે માનવાનું કારણ? સ્વાતંત્ર્યનું સર્જન. સ્વતંત્રતાના સર્જનહાર છે તે માટે માનીએ છીએ. એ પોતે સ્વતંત્રતાના સર્જનહાર, જગતને સ્વતંત્રતાનો માર્ગ બતાવનાર-ચલાવનાર હોય તો તે માત્ર પરમેશ્વર છે. આ જીવ જન્મ જરા મરણ રોગ શોકમાં અનાદિકાલથી પોતાના કર્મથી ગુંચાયેલો છે. આને જન્મ મરણ રોગ શોકાદિ ઈશ્વર કરે છે. એ જૈનો માનતા નથી પણ જૈનો જન્મ મરણ જરા વિગેરે દરેક કર્મોથી થયેલા માને છે, સર્જનહાર બીજો કોઈ નથી. પોત પોતાના કર્મો સર્જનહાર. તે અનાદિના વળગ્યા છે.

જીવપણું કયારનું થયું? કર્મ કયારના? જ્યારથી જીવપણું ત્યારનું કર્મ છે. કારણ? આ જગતના જીવો અજ્ઞાન, અવિરતિ મિથ્યાત્વવાળા. તે ચીજ કર્મને લાવનાર છે. એક પણ સમય એવો નથી કે મિથ્યાત્વ અજ્ઞાન અવિરતિ હોય ને કર્મ ન આવે.

**દ્રવ્ય ગુણમય છે.**

બીજાએ દ્રવ્યથી ગુણને જુદા માન્યા છે, દ્રવ્યને ગુણસ્વરૂપ માનવું નથી. જ્યારે જુદા માને ત્યારે પહેલાં દ્રવ્યને ગુણવગરનું માનવું પડે. તેથી માની લીધું; 'उत्पन्नं द्रव्यं' જે જે દ્રવ્ય ઉત્પન્ન થાય તે તે એક ક્ષણ ગુણ ક્રિયાવગરનું હોય તે શાથી માનવું પડે? એક ક્ષણ પણ ગુણ તે દ્રવ્યના આધાર વગરનો હોય છે? જેમ તે દ્રવ્ય એક ક્ષણ જો નિર્ગુણ નિષ્ક્રિય છે. તેમ ગુણક્રિયા નિર્દ્રવ્ય છે? તો ના. સમવાય એને જોડવામાં છે. ગુણ જુદો હોય તો

સંબંધ રહે. આંગળી જુદી હોય ત્યારે પુસ્તકને અડીને સંબંધ કરી શકાય. એનો સંબંધ શાથી થયો? દ્રવ્યમાં ગુણપણું ન ન માનવું તેને અંગે એક ક્ષણ ગુણ ક્રિયા વગરનું દ્રવ્ય માનવું પડયું. પણ ક્રિયા ને ગુણમાં દોષ આવ્યો તે જોવું નહીં, પરંતુ ગુણ ને ક્રિયા દ્રવ્ય વગરના બનાવ્યા તે કહી શકે તેમ નથી. દ્રવ્ય તે ગુણમય જ છે. ગુણ જુદી વસ્તુ હોય ને દ્રવ્યમાં આવીને રહી હોય તેમ નથી. ગુણ ક્રિયા તે દ્રવ્યનું પરિણામ છે.

આ જીવ રૂપી દ્રવ્ય, તેનું જ્ઞાન અજ્ઞાન તે ગુણ અવગુણપણું, મિથ્યાત્વ–સમકિત–વિરતિ–અવિરતિ તે ગુણ અવગુણ હંમેશના, બીજાની માફક દ્રવ્ય નિર્ગુણ ને નિષ્ક્રિય નહી, મિથ્યાત્વ અવિરતિ અજ્ઞાનવાળો તો તે જે સમયે છે તે સમયે તેને કર્મ બંધાય છે.

## 卐 જમાલિના મતની સમીક્ષા. 卐

બારીકાઈથી જોશો તો તમે જમાલિના કેટલા ગુણો છે તે માલમ પડશે, પણ દુનિયાની દ્રષ્ટિએ જમાલિ ગુનેગાર નહી. મહાવીર મહારાજ ગુનેગાર છે. કેમ? મહાવીર મહારાજ કહેતા હતા કે કરવા માંડયું તે કર્યું, ને જમાલિ થઈ ગયા પછી કર્યું. દુનિયાની દ્રષ્ટિએ કરવા માંડેલા અધુરાં રહ્યાં. શંસય શામાં? કરવા માંડ્યામાં કે કર્યામાં? કરવા માંડ્યામાં શંસયપણું. પરંતુ પુરૂ થાય તે થયું કહેવાય, ને પુરૂં ન થાય તો અધુરૂ રહે તેમ કહેવાય. બેયમાં સાચા કોણ? દુનિયાદારીની દૃષ્ટિએ જમાલિ. તે દૃષ્ટિએ કરવા માંડયું તે કર્યું તે સાચા ઠરે ને જુઠા ઠરે; પણ કર્યું તે કર્યું તે ખોટા પડવાના નહી. આમાં ચઢતી પાયરી કોની? જમાલિની કે મહાવીર મહારાજાની? તો દુનિયાદારીની અપેક્ષાએ જમાલિની, પુરૂ કર્યું તેને પુરૂ કરવામાં કહેવામાં શંસય નથી; મહાવીર મહારાજ કરવા માંડયું ત્યાંથી કર્યું કહેવાય ને જમાલિ કહે કે કર્યું તે પુરૂ કર્યું. તેમાં વ્યાજબી કોણ? સીધી દૃષ્ટિએ લાગશે કે કરવા માંડયુ તે કર્યું આ ગેરવ્યાજબી લાગશે. પણ

કર્યું તે કર્યું તે ગેરવ્યાજબી નહી લાગે. તેથી મહાવીર મહારાજનો સિદ્ધાંત ગેરવ્યાજબી થાય પણ જમાલિનો ન થાય.

દુનિયાદારીની દૃષ્ટિએ તમને લાગે કે પ્રભુ મહાવીરનો પક્ષ નિર્બળ, વિકલ્પ એમ લાગે પણ હીરા મોતીના તોલ તે મોટા કાંટે ન તોલાય. દુનિયાની સ્થુલદૃષ્ટિએ શાસ્ત્રના પદાર્થ-તત્ત્વ-આશય પણ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારો તો માલમ પડે કે મહાવીર મહારાજનો સિદ્ધાંત સાચો ને જમાલિનો સિદ્ધાંત ખોટો. કેમ ? મહાવીર મહારાજનો સિદ્ધાન્ત સમય જાણીને જે જે સમયે આશ્રવ તે તે સમયે કર્મનું આવવું. જે સમયે બંધ તે સમયે બંધાવવું, જે સમયે નિર્જરા તે સમયે કર્મનું તૂટવું, જે સમયે ઘાતીનો નાશ તેજ સમયે કેવલજ્ઞાન. જમાલિના મતે ખરાબ પરિણામ પહેલી મિનિટે પણ અશુભ બંધ બીજી મિનિટે, સારા પરિણામ વખતે શુભનો બંધ નહી. પણ ઘાતિના ક્ષયે અને સર્વ કર્મના ક્ષયે બીજા સમયે કેવલજ્ઞાન, અને મોક્ષ નહી પણ બીજા સમયે આ છે જમાલિના મતે. ટુંકાણમાં જણાવવાનું કે-ધર્મદાસગણિ ઉપદેશ-માલામાં.

'जं जं समयं जीवो' 'सुहासुहं बंधए कम्मं' જણાવે છે.

જે કોઇ મનુષ્ય-અહીં જાતિ વ્યક્તિ કુલ રજીસ્ટર નહી જે કોઇ હોય. નિષ્પક્ષ શૈલી જૈનોમાં, બીજામાં ઈશ્વર ગુરૂ આપત્તિ રોગને બહાર કરશે, તે અહીં જૈનોમાં નહી.

જે કોઇ મનુષ્ય જે જે સમયમાં જે જે પરિણામવાળો થાય, તે જીવ, કોઇના કોઈને બંધાય નહી; તે તે સમયમાં, ખરાબ પરિણામ પહેલે સમયે, પાપ બંધાયું બીજા સમયે, આઠ કર્મ ગયા પહેલા સમયે, ને મોક્ષ થયો બીજા સમયે તેમ જૈનોમાં-નહી, પણ તે જીવને તે સમયમાં શુભ કે અશુભ કર્મ બંધાય છે.

સમયમાં પરિણામ ને બંધ. સમયના બે ભેદ તે અશકય. 'क्रियमाणं कृतं' સમયને ન નડે. અશુભ પરિણામ થવા માંડ્યા ન

કર્મ બંધાઈ ગયું તે કઈ રીતે? ક્રિયમાણ તે કૃતપણું, કૃતપણું તે ક્રિયમાનપણું. કોની અપેક્ષાએ? સમયની. તેના બે ભાગ ન થાય.

પરમાણુ ને પ્રદેશના બે ભાગ ન હોય તેમ સમયના બે ભાગ ન હોય તો અશુભનો કર્મબંધ ક્યારે? તો જે સમયે અશુભ પરિણામ તે સમયે કર્મબંધ. મહાવીર મહારાજે જે સમયે કરવા માંડયું તે સમયે કર્યું તે શાથી? સમયનો ભેદ નહી હોવાથી આ કારણથી જમાલીને મોક્ષના કારણ વખતે નિર્જરા–સંવર–મોક્ષ નહી. અશુભ પરિણામ પહેલે સમયે બંધ બીજે સમયે તે જમાલિના મતે; તેના મતે નવે તત્ત્વ સમયની મર્યાદા ઉપર આધાર રાખનારા તે બગડી જવાના.

મહાવીર મહારાજનું કહેવું કે આરંભને સમાપ્તિકાલ તે જુદા ન હોય. જે સમાપ્તિકાલ તે આરંભકાલ જે આરંભકાલ તે સમાપ્તિ કાલ છે પણ જુદા નથી. સેકંડના સોમા ભાગમાં આદિ ને અંતપણું તેનું તેજ. આદિ ને સમાપ્તિ ભાગને જુદા પાડનારા તે સમયને સમયપણું નથી માનતા.

**તૈજસ કાર્મણને બાળ્યા પછી ફરી ન થાય.**

જે સમયે આ જીવ મિથ્યાત્વ અજ્ઞાન કષાય પ્રમાદ યોગની પ્રવૃત્તિવાળો તે તે સમયે કર્મ બાંધે છે. તે ક્યારે નહોતો? યોગવાળો ક્યારે નહોતો? છેવટે કાર્મણ કાયયોગ ક્યારે નહોતો? જે અનાદિથી વળગે તે છૂટી પડે તો વળગે નહી. નવેસર વળગવાવાળી ચીજ નથી. ઔદારિક–વૈક્રિય–આહારક નવેસર વળગે, લાકડું આવે અગ્નિ હોય તો સળગે, કાર્મણ તૈજસ ક્યારે? તો કાર્મણ તૈજસ હોય તોજ આવે. આજ કારણથી મોક્ષે ગયેલાને સર્વકાલ નિર્ભયપણું. કેમ? તૈજસની જડ, કાર્મણની જડ ને કર્મ તેને ઉખેડી નાંખ્યું. તે પછી આવે નહી. જે દાણાને રાંધ્યો શેકયો તેમાં અંકુરો થાય જ નહી. અંકુરો શામાં? શેકાય વિગેરે ન થયા હોય ત્યાં સુધી દાણો થાય. પુષ્કરાવર્તમેઘ બળેલાને તાજું બીજ

કરી નાંખે. કણિયા કણિયા છૂટા પડે તેનું બીજ પુષ્કરાવર્ત મેઘ કરી શકતું નથી. નાકા વગરનું હોય તેને નાકાની શક્તિ કરીને તૈયાર કરે. પણ લોઢમાં બીજ કરીને અંકુરો કરવાના તાકાત નથી. માટે કર્મને બાળવાના કહીએ,રાખોડામાં પુષ્કરાવર્તનું જોર નહી. માટે કર્મને બાળવાની વાત કહીએ છીએ. કર્મને ઠારવાના નથી કહેતા. બાળીને ખસેડી નાંખ્યા તો પછી તૈજસ કાર્મણને આવવાની તાકાત નથી. તે પછી બાકીના યોગો શરીરને આવવાની તાકાત નથી. અનાદિનો જીવ મિથ્યાત્વ-અવિરતિ-અજ્ઞાન-યોગની પ્રવૃત્તિવાળો છે. અનાદિનો કર્મ બાંધે છે. તો આદિ કયારની ? તું પ્રશ્ન શું જોઈને કરે છે, કોઇને પુછે કે તારી બોચીએ આંખ કેમ નથી ? તો તે પ્રશ્ન કરનાર મનુષ્યપણાનું સ્વરૂપ નથી જાણતો. આત્મા ને કર્મ અનાદિના છે. તો પછી આત્મા ને કર્મ કયારથી તે પ્રશ્ન કયાંથી હોય ? આત્મા અને કર્મ કયારના' તે પ્રશ્ન નજ હોય. જેમ બોચીએ આંખ ન હોય તેમ જીવ ને કર્મને આદિપણું નથી તો પ્રશ્ન શાથી ? અનાદિથી કર્મે બંધાયો તેથી કર્મને આધીન.

**રૂપી અરૂપીને કેવી રીતે ગ્રહણ કરે ?**

જીવને તમે અરૂપી માનો છો અને કર્મને રૂપી માનો છો, રૂપી અરૂપીને બાંધે કેવી રીતે ? સામાન્ય દુનિયામાં નિયમ છે કે-જે પ્રત્યક્ષ દેખીયે તેમાં આ કેમ ? તે પુછી ન શકીએ. પાણી તરસ કેમ મટાડે છે ? અગ્નિ બાળે છે કેમ ? તે ન પુછાય. કારણ તેનો સ્વભાવ જ છે. આત્માને અને પુદ્ગલને બંધ પ્રત્યક્ષ શી રીતે ? તારો હાથ પકડીને તને દોરડે બાંધે ને આગ લગાડે ત્યારે તારે જવાનું મન છે કે બળવાનું મન છે ? જવાનું મન છે પણ બળવાનું મન નથી. તો કેમ નથી ? આ તો અરૂપી આત્મા છે ખસી જાને ? કેમ ખસી જતો નથી ? અરૂપી આત્મા શરીરને દોરડે બંધાયો છે, તો કર્મ પાતળા તેને બંધાવવામાં વાંધો શો આવ્યો ? શરીરથી બંધાયેલો આત્મા પ્રત્યક્ષ છે. તો પછી અમૂર્તથી મૂર્ત કેમ બંધાય ! તે શંકા શું જોઇને કરે છે. શરીરના સ્પર્શે

ઉના ને ઠંડાથી ઉનું ને થંડુપણું લાગે છે. શાથી લાગે છે ? શરીર જડ છે તે બેય સંબંધમા છે. સ્થુલશરીર તેની સાથે અરૂપી આત્મા જોડાયો છે તે કબુલ કરવું પડે. કર્મ બારીક પદાર્થ જોડે અરૂપી આત્મા જોડાય તેમાં શંકા શી ? 'અખો કહે કે ધાવવા ગયો હતો નથી વસ્તુ પણ પેટ પડયું તે લેવું પડયું' પોતે નહોતું ધાર્યું કે કર્મ બાંધવું પડશે. પણ મિથ્યાત્વ અજ્ઞાને જ કર્મ આણ્યા તે ભોગવ્યાં જ છૂટકો થાય. બધા સર્વજ્ઞ કેમ નથી ? બધા સર્વદર્શી કેમ નથી ? તો કર્મના આધીન. જ્યાં સુધી કર્મ વળગેલાં છે ત્યાં સુધી સર્વજ્ઞ સર્વદર્શીપણું નથી. અનાદિથી વળગેલા છે, પણ તે કર્મના આધીન. દરેકને સદ્ગતિ જવું છે, દુર્ગતિમાં કોઇને જવું નથી છતાં દુર્ગતિ આટલી બધી કેમ ? સુખના સંકલ્પવાળી આખી દુનિયા તો દુઃખ દુર્ગતિ આવી ક્યાંથી ? સંકલ્પ માત્રથી સિદ્ધિ નથી. પણ તેના લાયકના પરિણામોથી સિદ્ધિ છે. દરેક ભવોમાં અનુભવ છે. ચારે ગતિના કર્મથી રખડં-પટ્ટી છે. કર્મને લીધે આ આત્મા હંમેશનો પરતંત્ર પરાધીન, આ સમજાવીને તેને ઉત્સાહ વગરનો કરવા માંગતા નથી. કેટલાક ઉપર સંસ્કાર એવા પડાય કે ઉત્સાહ તૂટવાનું થાય. તું પરાધીનમાં છે છતાં તેને તું તોડી શકે છે. પરાધીનતા જણાવીને તેના તોડવાના ઉપાયો બતાવવા, તે બતાવનાર તેને પરમેશ્વર માનીએ છીએ.

**સ્વતંત્રતાના સર્જનહાર.**

આ જીવને કર્મની ગુલામીમાંથી છોડાવનારા. દુનિયામાં આઝાદી આબાદી તે કહેવાની, જો કે મોત રોગ આગળ આઝાદી નથી. સંપૂર્ણ આઝાદી બનેલા તે મોત રોગથી કયાં આઝાદ રહ્યા ? જેની આઝાદી વાસુદેવોથી થઇ શકતી નથી તેવી આઝાદી મેળવવાનો રસ્તો બતાવનાર. આઝાદી તેમ આબાદી તે રોડા અને કુકાની. આત્માની આઝાદી છે તેટલી મેળવો તેટલું જ બસ છે. જૈનશાસનના અધિષ્ઠાયકો લુંટવા નથી કહેતા પણ તમારૂં છે તેને તમે સાચવો ! તમારૂં છે તે તમે લો ! આત્માનું શુદ્ધ સ્વરૂપ

કેવલજ્ઞાન કેવલદર્શન વીતરાગતા અનંતદાનાદિ શક્તિ તે સ્વરૂપ આત્મામાં છે. આઝાદીમાં આવો તો આબાદી તમારી પાસે છે. દુનિયા આઝાદી આબાદી ગણે તે ભિખારી કરતાં ખરાબ, ચક્રવર્તી નવનિધાન ચૌદરત્નોનો માલિક તેને કોઈક વખત એવો આવે કે ભાજી માટે પઈ જોઈતી હોય તો મુશ્કેલ પડે. તેને આઝાદી આબાદી ગણો ખરા ? તેને પઈ મળી ને ભાજી લઈ આવ્યો તેમાં તેની આઝાદી કે આબાદી ન કહેવાય. તેમ અહીં આગળ આપણે કેટલા ગુલામીમાં ? જ્ઞાન ગુણ આત્મા, કર્મ મેનેજમેન્ટ તેથી આત્માથી કંઇ ન થાય.

સ્પર્શ ક્યારે ? કર્મનો અધિકારી આ શરીર તે મદદ આપે ત્યારે. તેવી જ રીતે રસ, ગંધ, રૂપ, શબ્દ, જાણવાના ક્યારે ? શરીર જીભ નાક ચક્ષુ શ્રોત્ર મદદ આપે ત્યારે. કર્મની ગુલામીમાં જિંદગી પુરી કરનારો તે આબાદી કેવી રીતે ગણે ? સંપૂર્ણ આબાદી તેનું પરાવર્ત ન્યૂનતા થાય નહી તે ખસે નહી એવી આબાદી આઝાદી. જ્યાં કોઈ કાલે પણ કર્મની ગુલામી નહી તેવી આબાદી છે. જ્ઞાન દર્શન જે થયું તેનું પરાવર્તન નાશ નહી તેવી સંપૂર્ણ આઝાદી આબાદીને માટે તૈયાર થયેલાને, તેનો રસ્તો બતાવનાર છે માટે પરમેશ્વર માનીએ છીએ. જૈનો સ્વતંત્રતાના સર્જનહાર તરીકે પરમેશ્વર માને છે. કુંભાર ઘડો બનાવે તેમ નથી બનાવ્યું; માર્ગ દેખાડયો છે. સ્વતંત્રાનો માર્ગ દેખાડયો તેથી તેનું જ નામ દેશના, કથન માટે **वचनाराधनया खलु** એજ જે સ્વતત્રતાના સર્જનહારનાં વચનો, તેની આરાધના કરીએ તોજ ધર્મ બની શકે. દેવ ગુરૂ ધર્મમાં જડ વચન છે. વચનની આરાધના દ્વારાએ ધર્મ બની શકશે. તેવી રીતે મહિમા બતાવ્યા છતાં આ વચન તેમને કહ્યું તેમનો ભરોસો શો ? તે આવા હતા તેવો ભરોસો કઇ રીતે ? સ્વતંત્રતાના સર્જનહાર તરીકે નિશ્ચય તે હતા ને તેમનું હતું. તે નિશ્ચય કરવો જોઈએ. તે કેવી રીતે થશે તે અધિકાર અગ્રે વર્તમાન.

## 卐 વ્યાખ્યાન-૫૩ 卐

**'वचनाराधनया खलु'**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે-આ જગતમાં જેટલા આસ્તિકો છે તે બધા દેવ ગુરૂ ધર્મ ત્રણ તત્ત્વની માન્યતામાં સરખા છે. એટલે સ્વરૂપ તરીકે સરખા. દરેક વ્યક્તિ થકી નામથકી સરખા ન માને, પણ દેવ ગુરૂ ધર્મ જાતિ તરીકે ત્રણેમાં આસ્તિકો એક સરખા માને છે.

**ત્રણે કાળ માનવા જોઈએ.**

કોઇપણ આસ્તિક દેવ ગુરૂ ધર્મને નહી માનું તેમ કહેવાને તૈયાર નથી. અર્થાત્ માનનારજ છે. હવે ત્રણેને માનવામાં દેવ ગુરૂ ધર્મનું દેવપણું ગુરૂપણું ને ધર્મપણું તે પોતાની ઇન્દ્રિયના વ્યવહારનો વિષય નથી. દરેક દેવાદિને માને છે. તે શા આધારે? જેમાં ઇન્દ્રિય વ્યવહાર પ્રમાણ કામ ન આવે તેવી વસ્તુને પ્રમાણિક શાના આધારે માને છે? દેવાદિ ત્રણે પદાર્થ છે. દેવનું દેવત્વ ગુરૂનું ગુરૂત્વ ધર્મનું ધર્મત્વ તે ઇન્દ્રિયવ્યવહારનો વિષય નથી. ત્યારે જગતમાં સામાન્ય રીતે તે માનવામાં આવે છે. જે ઇન્દ્રિય-વ્યવહારનો વિષય હોય તેજ, નહીં તો માનવામાં આવતો નથી. તો પછી દેવનું દેવત્વ ગુરૂનું ગુરૂત્વ ધર્મનું ધર્મત્વ શાને આધારે માને છે? તે માટે શાસ્ત્રકાર જણાવે છે કે-મહાનુભાવ જે વર્તમાનકાલ તેમાં ઇન્દ્રિયવ્યવહારનો વિષય પ્રવર્તે. વર્તમાન-કાલની કોઇ જડ, કોઈક છેડો તે બે તારે માનવા છે કે નહીં? ભૂતકાલ ન માને તેને વર્તમાન માનવાનો હક નથી. ભવિષ્યકાલ ન માને તેને વર્તમાન માનવાનો હક નથી. વર્તમાન ક્ષણસ્થાયી-તેમ આ જીવનના અમુક વર્ષો પછી પહેલાની સ્થિતિ ને ભવિષ્યની સ્થિતિ કઈ? જેને પહેલી ભવિષ્ય સ્થિતિ ન માનવી તેને માટે.

**અવસ્થાનો નાશ પણ દ્રવ્યનો નાશ નથી.**

મૂલ જડ આદિમાં નથી. આગળ પ્રવૃત્તિ નથી ને વસ્તુ હોય શાની ! જે ભૂત ને ભવિષ્યમાં ન હોય તે ન હોય. કવિઓ કહે છે કે-'नासतो विद्यते भावो' મૂળ વસ્તુ એ અવિભાવ્યમાન વસ્તુનો પ્રાદુર્ભાવ થતો નથી. ઝાડ થયું તે બીજ પાણી હવા પૃથ્વી તે મળીને ઝાડની અવસ્થા, આપણું શરીર પૃથ્વી પાણી ખોરાક વાયુ તેનું અવાંતર, મૂલ વસ્તુ નવી વસ્તુ ઉત્પન્ન થાય તે બને નહી પણ પર્યાયાન્તર અવસ્થા બને છે જે વિદ્યમાન નથી તેનો ભાવ ન હોય. જે વસ્તુ વર્તમાનમાં તેનો સર્વથા નાશ હોય જ નહી. બીજા રૂપમાં ગઈ. લુગડું નાશ પામ્યું રાખોડો થયો, અનાજ નાશ પામ્યું લોટ થયો. અવસ્થાનો નાશ પણ દ્રવ્યનો નાશ નથી.

**અતીતકાળનો ઈતિહાસ રજુ કરનાર કોણ ?**

જેનો અતીત ભવિષ્યકાલ નથી તે વર્તમાનમાં હોયજ નહી. બંને માનમાં ચોક્કસ છે. ઈન્દ્રિયવ્યવહારથી માલમ પડે છે તેનો ભૂત ભવિષ્યકાલ છે કે નહી ? જોઈ લો, પછી તે ભૂતનું જ્ઞાન ભવિષ્યકાલનું જ્ઞાન, તમારી ઇન્દ્રિયા વ્યવહારદ્વારાએ થઇ શકે છે ? ઈન્દ્રિયવ્યવહારદ્વારાએ ભૂત ભવિષ્યનું જ્ઞાન થઇ શકતું નથી. ભૂત ને ભવિષ્યનું જ્ઞાન કયા દ્વારાએ જાણીએ છીએ ? તો વચન દ્વારાએ. ભવિષ્યનું પણ તેના વચનદ્વારાએજ જાણી શકાય. વર્તમાન ઇન્દ્રિયવ્યવહારે જણાતું સત્ય માન્યું. તો તેના ભૂત ભવિષ્ય માનવા જોઈએ. ભૂત ને ભવિષ્યનો સત્ય ઈતિહાસ ને બુદ્ધિમાનદ્વારાએ, ઈતિહાસદ્વારાએ સત્ય કેટલાનું નીકળે ? જ્યાં સુધી અખંડ ઈતિહાસ પ્રવર્તેલો હોય ત્યાંસુધી, બે પાંચ દશ હજાર વર્ષ સુધીનું. તે પહેલાં પદાર્થ માનવો કે નહી ? જો પદાર્થ ન માનો તો અછતા પદાર્થોની ઉત્પત્તિ માનવી પડે. ઈતિહાસ જેટલી માહિતી આપે તેની પહેલાંની વસ્તુ સમજવાનું કોઈ સાધન હોવું જોઈએ. ઈતિહાસ

તે કવિઓ કે ગ્રંથકારના વચનો, તે વચન સિવાયની ચીજ નથી. પણ તે વચનો ઈતિહાસ કાલમાં થયેલાં, નજીકમાં થયેલા તેવાનાં.

**ભવિષ્યનો ઇતિહાસ કોણ જણાવી શકે?**

અતીતકાલ અનાદિનો ઇતિહાસ રજુ કરનાર કોણ ?

વચનો, ભવિષ્યની વાતો જ્યોતિષીઓ જણાવે તો ખરેખરની જણાવે ? પણ આગળ ભવિષ્ય છે કે નહી, તેને કોણ જણાવશે ? ત્યારે કહો ઇન્દ્રિયવ્યવહારના વર્તમાનના વિષયો માનેલા છે, તેની ભૂત ને ભવિષ્યની અવસ્થા ઇતિહાસના પાને જાણી શકીએ. પણ ઇતિહાસ લખનાર જ્યોતિષનું જ્ઞાન ધરાવનારને ભૂત ને ભવિષ્યનું સંપૂર્ણ જ્ઞાન નથી. ભૂતના દરેક પદાર્થનો ઇતિહાસ, ભવિષ્યનો સંપૂર્ણ ઇતિહાસ કોણ જણાવી શકે? જેઓ સમગ્ર ભૂત ને ભવિષ્યને જાણતા હોય તેઓ જ તે બનાવને બતાવી શકે.

**જીવ અને પુદ્દગલ મૂળરૂપે ફરનાર નથી**

કેટલાક અમુક અમૂર્તમાં નિયમિત હોય છે. તે અવસ્થામાં રહે પણ બીજી રીતે ફરે. સૂતરનું કપડું તેના અંગરખાં; તેના કબ્જા કર્યા, પણ કપાસ ને સૂતર તે તેમા ફર્યાં નહી. મૂલ અવસ્થા કપાસપણું તે પારોતીઓ હતું ત્યાં સુધી છે. કેટલીક ચીજો એવી કે મૂલ અવસ્થા ફરે નહી પણ ઉત્તર અવસ્થા ફરે. ખેતરની માટી ચોખા અનાજ પણે પરિણમી તેનો ખોરાક થયો વિષ્ટા થઈ છેવટે માટી. માટીપણાની અવસ્થા પલટાઈ ખરી ને ? ઉત્તર અવસ્થા ફરી છતાં મૂળ અવસ્થા કાયમ. તેમ જીવ એક એવે પદાર્થ છે. પુદ્દગલ તે કેવો પદાર્થ ? જીવ પુદ્દગલ પદાર્થ મૂલરૂપે ફરનાર નથી. ઉત્તરરૂપે ફરનાર છે. જ્યારે મૂલ અવસ્થાએ જીવ પુદ્દગલ ફરતું નથી. તો પછી તે જીવનો કાલ કયો ? જે ફરે નહી તે હંમેશનો. માટે શાસ્ત્રકારે સ્વાદ્દવાદ માન્યો. જેમ મધ્યમાં આંગળી સીધી હતી તે વાંકી થઇ તો સીધાપણે નાશ વાંકાપણે ઉત્પત્તિ, ને આંગળીપણે આંગળી છે, તેમ જીવમાં પદાર્થમાં આવીએ. તેમાં શું ? દ્રવ્યરૂપે સ્થિર

રહે પણ અવસ્થાનો પલટો થાય માટે અવસ્થા. દેવપણામાંથી ચ્યવી ગયો હોય પણ જીવપણામાં ચ્યવી ગયો નથી. મનુષ્યપણામાંથી મરી ગયો તો મનુષ્યપણામાં ગયો પણ જીવપણામાં મરવાનું નથી. પર્યાયોનો ઉત્પાદ નાશ હોય ને દ્રવ્યનું સ્થાયિપણું હોય છે. દેવ અને મનુષ્યપણામાં સમજાયું. તેવી જ રીતે આપણે એટલું નક્કી કરી શકયા કે વર્તમાન કાલમાં ઇન્દ્રિયવ્યવહારની પ્રમાણિકતાએ પદાર્થનું નક્કી કરવાનું થાય.

અતીત ને ભવિષ્યકાલ, તેમાં પણ સર્વ અતીત ભવિષ્ય કારણ છે. જે જે નવી અવસ્થા થાય છે તેનો ઉત્પત્તિ નાશ થાય છે, પણ મૂળ વસ્તુની ઉત્પત્તિ કે નાશ થતો નથી. ચ્હાય તો તે જડ હોય કે ચેતન હોય. જે વર્તમાનમાં છે તે પર્યાય અવસ્થાથી ઉત્પત્તિ થયેલ છે, મૂળ દ્રવ્યથી કોઈ ચીજ નવી ઉત્પન્ન થયેલી નથી, આ કોઈ દિવસ બનતું નથી. ભીંત વગર ચિત્રામણ નહી. તેમ મૂળ વસ્તુ ઉત્પન્ન થાયજ નહી; મૂલ વસ્તુ ઉત્પન્ન ને નાશ નથી પામતી તો તેનો કાલ કેટલો? અનાજ ઘાસ આટલા વર્ષ ટકે, પણ માટી કેટલા વર્ષ ટકે? આ માટીનો આપણી અપેક્ષાએ ટકવાનો નિયમ નહીં; માટી પણ સ્થિર દ્રવ્ય નથી.

સૂક્ષ્મ રીતે તપાસીએ તો સ્થિર દ્રવ્ય હોય તો પુદ્ગલાસ્તિકાય. પુદ્ગલ ઉત્પન્ન નાશ થાય, તેના વિભાગો નહી, એ વસ્તુ નિયત જ હોય આત્માને અંગે આત્મા ઉત્પન્ન થયેલો નથી માનતા, તેનું કારણ? તેના અવયવો નથી. આત્મા તે અવયવમાં દાખલ થાય તેથી તે અવયવવાળો કહેવાય. તેમ આત્માનો નથી, વિભાગવાળા દ્રવ્યો-ઘડાના ઠીકરાં, તેની ઠીંકરી, તેનો વિભાગ કુકો, તેમ પુદ્ગલવિભાગવાળું દ્રવ્ય કર્યું જેના અવયવ દ્રવ્યો ન હોય તેની ઉત્પત્તિ ન હોય, જેના વિભાગ અવયવો ન હોય તો તેનો નાશ ન હોય માટે આત્મા અને પુદ્ગલ ઉત્પત્તિ વગરનું. વિભાગ દ્રવ્ય વગરનો હોવાથી આત્મા પુદ્ગલ હંમેશનો. એ જડ ને ચેતન બેય પદાર્થો ધ્યાનમાં રાખશો તો સામાન્ય જડ, ચેતનની

વાણી જો બરોબર ધ્યાનમાં લઈએ તો વનમાં જાવ કે ઘરમાં રહો તે બે સરખી છે. પણ જડ ચેતનની વાણી શું? જડ ચેતનની વાણી અનંત કાલ સુધી, અનાદિકાલ સુધી જડ ને ચેતનપણું, જડ ચેતન એ બેય વસ્તુ એવી કે અવયવ દ્રવ્ય વિભાગ વગરની હોવાથી અનાદિ–અનંત–કાલની છે. તેનું જ્ઞાન ધરાવનાર તે જ આત્માના ઇતિહાસને આપે. તેમ અનંતા ભવિષ્યનું જ્ઞાન ન હોય તેવાઓ આત્મા ને પુદ્ગલના ભવિષ્યનો વર્તારો આપણને કહી શકે નહી.જ્યારે જે વસ્તુ છે તે માનવામાં આવી હોય તો તેની ખ્યાતપણાની સ્થિતિ લાવવી જોઈએ. તે કોણ લાવે? તો સર્વજ્ઞ. તે સિવાય કોઈ પણ અતીત ભવિષ્ય અનંતા કાલનો ઇતિહાસ વર્તારો કહેવાને શક્તિવાળો નથી.

તે જણાવવાને જાણ્યાને શકયમાન થાય. કોણ? જેને સર્વજ્ઞપણું હોય. જો ન માનીએ તો અતીતકાલનો છેડો માનવો પડે. તે ન માનીએ તો તેના પર્યાયો એમને એમ રહ્યા. અવધિજ્ઞાનથી અસંખ્યાતિ ઉત્સર્પિણી જણાય આગળ નહી. પરિમિત અનંતો કાલ લઈએ તો તેની આગળ અધુરૂ તેને માટે સર્વ અતીત ભવિષ્યકાલને જાણનારો, આત્માનું સાચું સ્વરૂપ બતાવી શકે તેવું જાણનારો તે જ જૈનોમાં ઈશ્વર. બધા દેવ ગુરૂ ધર્મને માને છે પણ દેવપણું જૈનો આ રૂપે માને છે. જે જે સર્વજ્ઞ તે તે દેવ; જૈનોમાં દેવપણું વ્યક્તિમાં જાતિમાં કુલમાં વેષમાં રજીસ્ટર નથી પણ અહીં સર્વજ્ઞ જે થાય તેનેજ દેવ માનવા.

**સાધુઓને નમસ્કાર શા માટે?**

ગુરૂ કોણે માનવા? સર્વજ્ઞના રસ્તે જેઓ ચાલે. સર્વજ્ઞપણું મેળવવામાં જે મથે અને બીજાને મેળવાવવામાં મદદ કરે. સાધુને અમે શાથી નમીએ? અમને નમે ન શાથી? ખોરાક–મકાન–ખબર બધું અમે કરીએ તો અમને તે નમે કે અમે તેમને નમીએ? એક તો આપવું ને પાછા નમવું, અમને ખોરાક પોષાક પુરો શું તે પાડે છે? ઉલ્ટું તેમને અમે પુરો પાડીએ છીએ. નમસ્કાર

દાતાર કરે કે ગ્રાહક કરે? દુનિયામાં નમસ્કારની રીતે ગ્રાહકની, પણ દાતારની નહીં યાચકને નમસ્કાર દાતાર કરે તેવી સ્થિતિ તમે આણી. યાચકને સમજાવો કે દાતારને પગે લાગે. તે ન સમજાવતાં 'नमो लोए सव्वसाहूणं' કહ્યું, અમારે માગ્યા વગર કંઈ નહી લેવાનું, માંગીને પેટ ભરે, દવા ખાય તેવા માંગણોને અમે નમસ્કાર કરીએ? અરે માંગણોને કહો કે અમને નમસ્કાર કરે! ઘાસનું તણખલું લેવું હોય તો માલિક પાસે માંગે. માલિક ન હોય તો 'અણુજાણહ જસ્સુગહો' તેમ કહીને માંગે છે. વગર માલિકે પણ માંગણપણું વર્યું છે. આવા માગણોને તમે નમો! એમ કહો છો, તેનો અર્થ શો? દાતારો બનીએ અમે અને પાછા માંગણોના પાયે અડીએ કેમ? તેમને કહો કે તેઓ અમને નમે!

દાતારને માંગણ તે એમાં દાતાર ને માંગણ શાના? જડપદાર્થના. જડપદાર્થ મકાન માંગણ અને દાતાર છે. તેથી તમને નમવાનું કહેતા નથી. માસ્તરને ખોરાક પગાર તમે આપો છો છતાં તમે તેને સાહેબ કહીને બોલાવો છો. સાહેબ કહીને બોલાવો છો તે મકાન આદિને અંગે નહિ પણ વિદ્યાને અંગે બોલાવાય છે. અહીં આગળ પેટ પુરવાની વિદ્યામાં આ સ્થિતિ તો આત્મારામની વિદ્યાને વિષે શું કરવાનું? તમારી પાસે પગાર ખોરાક પોષાક લેનાર શિક્ષકને સાહેબ કેમ કહો છો? સલામ કેમ કરો છો? અહીં કિંમત મકાન પોષાકને અંગે નથી, પણ વિદ્યાને અંગે છે, પેટલાદપુરીનું ભવિષ્ય સુધારે છે તેને અંગે છે. તો પછી આત્મારામની ભવિષ્યની જિંદગી સુધારે તેની કેટલી કિંમત તે બોલને! માટે જૈનશાસ્ત્રકારોએ નમસ્કારમાં સાધુ શબ્દ મૂક્યો.

વાચંયમ, રૂષિ, મુનિ, યતિ, અણગાર વિગેરે શબ્દો હતા તે કેમ નહિ મૂક્યા? તો તે બીજા અર્થના દ્યોતક છે. આ સાધુ શબ્દ એ જુદી જાતના અર્થને જણાવે છે. કયા? તો સાધનાર. મોક્ષના માર્ગને પોતે સાધે અને દરેકને સાધવામાં પોતે મદદ

કરે તે સાધુ છે. તેથી અમે ખોરાક મકાન વસ્ત્ર આપીએ છીએ અને માવજત કરીએ છીએ છતાં અમે નમીએ છીએ ? આ વાત વિચારશો તો પ્રશ્ન કરવામાં આવ્યો કે સાધુને શા માટે નમવું ? ત્યારે શાસ્ત્રકારે ઉત્તર આપતાં જણાવ્યું કે—

**'असहाये सहायत्तं'**

અસહાયમાં સહાય કરનારા. કેમ ? ઘરમાં ચાર ભાઈ ભેગા થાય તો ! ઘરનો, નાતીલા ભેગા થાય તો ! નાતનો, ગામના ભેગા થાય તો ! ગામનો, દેશના ભેગા થાય તો ! દેશનો વિચાર કરે કે બીજું કંઈ કરે ? આતમારામનો વિચાર કઈ જગો પર ? નાતીલા ભેગા થાય ત્યાં, ભાઈઓ ભેગા થાય ત્યાં, ગામવાળા ભેગા થાય ત્યાં, દેશવાળા ભેગા થાય ત્યાં આગળ આતમારામનો વિચાર છે ? તો કહેવું પડશે કે કોઇ જગો પર આતમારામનો વિચાર નથી. આખું જગત આતમારામના વિચારને અંગે મદદ વગરનું હતું. તે વખતે આતમારામને અંગે મદદ કરનાર હોય તો કોણ ? તમે તમારા છોકરાની માવજત નામને અંગે કરો. સાધુ આ કયા ગામનો ? કઈ જાતનો ? એ વિચાર ન કરે, પણ સાધુ થયો પછી તેમની વિનય વૈયાવચ્ચ કરે તે શાને અંગે ? તો મોક્ષમાર્ગને અંગે. તેને સાધુપણું મોક્ષમાર્ગ માટે લીધું છે. તેમાં સહાયકારક થવું તે સમજયો.

મોટા મોટા પાતરા લીધાં શા માટે ? તમે ગોચરી કરો છો કે ઘેરે રાંધો છો ? જ્યાં ગોચરી જાવ ત્યાં વાસણ હોય છે. તે લઈને ખાઈ લો અને માંજીને દઈ દો ? શિષ્યે શંકા કરી કે-સાધુએ પાતરા શા માટે રાખવા ? વિહારમાં ખભે ભાર રાખવા માટેને ? જાનવર ઉપર પણ કામનો ભાર હોવો જોઈએ. આમારા પર આ ભાર શા માટે રખાવ્યો ? દશ ઘર વાસણ માંજવાં પડે તેમાં શું અડચણ ? પાતરાંની જરૂર શી ? ધ્યાન રાખજો કે-નાગો પલરવાનો કે નીચોવવાનો વિચાર ન કરે. કેમ ? તો નાગાને નાહવું ને નીચોવવું શું ? તેમ આ નાગાઈની વાતો. સાધુપણું શામાં ? તો મોક્ષ-

માર્ગમાં આવનારને તૈયાર કરવામાં. કાલનો દીક્ષિત ઘેર ઘેર ફરવા માંડશે તો આચાર્ય ઉપાધ્યાય ગ્લાન વિગેરેનું શું? બાલ માટે, ગ્લાન તપસ્વી ઉપાધ્યાય આચાર્યની ભક્તિ માટે પાતરાં હાજર રાખવાં પડે. ગોચરી ફરવાનું શા માટે? પેટ માટે ફરવાનું નથી.

સદ્‌ગૃહસ્થોને પેટ માટે રાંધવાનું નથી. તેઓને તો સ્વપર માટે છે. અહિં—'वृद्धाद्यर्थमसंगस्य' બાલ વૃદ્ધ ગ્લાનને ધારીને ફરવાનું. પોતે લે તો વચમાં ધારીને લે કે ન લે? તેને માટે માંડલિ જોગ પાતરાં વિગેરે છે. જે સંસારમાંથી નીકળ્યો છે. તે બધું વોસિરાવીને નીકળ્યો છે. તેને મદદ કરનાર કોણ? તો ત્યાગીવર્ગ. માટે સાધુ શબ્દ રાખ્યો. અસહાય અવસ્થામાં દુનિદારીની અપેક્ષાએ સર્વ વોસિરાવવા તરીકે દીક્ષિત થયા પછી સામેલ થવાવાળા થાય તેને સાધુ ગણીયે. સર્વજ્ઞ ભગવાનના રસ્તે પોતે જવાવાળા અને બીજાને લઈ જવાવાળા.

ધર્મ પણ સર્વજ્ઞપણાની સિદ્ધિ કરી દે. માટે ધર્મ માન્યો. આવી રીતે સર્વજ્ઞપણાની સિદ્ધિ માટે ધર્મ. ગુરૂ પણ તેને અંગે દેવ તે સર્વજ્ઞપણાને અંગે મનાયા. તે જાણવું શાથી? વચનદ્વારાએ. વચનોની પરીક્ષા કરવી જોઈએ. તે વચનો સર્વજ્ઞના છે કે નહિ? તે સર્વજ્ઞે કહેલાં છે? તેની પરીક્ષા કરવી જોઈએ. તેની પરીક્ષા કઈ રીતે? તેનો વિષય સ્વરૂપ ફલ તપાસવું જોઇએ. આ વચન સર્વજ્ઞકથિત છે કે નહિ તે તપાસવું-જાણવું કઈ રીતે? તે અધિકાર જે જણાવવામાં આવશે તે અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૫૪ 卐

'वचनाराधनया खलु'

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે—આ જગતમાં

જેટલા જેટલા આસ્તિકો તે તમામ સ્વરૂપથી જુદી માન્યતાવાળા, વ્યકિતથી જુદી માન્યતાવાળા, નામ-ઠામ-કુલ-વેષ-દેશની અપેક્ષાએ જુદી માન્યતાવાળા હોય, પણ સામાન્ય નામ થકી સર્વ આસ્તિકો એક માન્યતાવાળા છે. કઈ? દેવતત્ત્વને દરેક આસ્તિક માનવા તૈયાર છે, તેમ ગુરૂતત્ત્વને–ધર્મતત્ત્વને માનવા તૈયાર છે.

**નામના બે ભેદ.**

હવે તે દેવ, ગુરૂ, ધર્મ વ્યક્તિ સ્વરૂપ, ભેદોમાં, દેશાદિમાં સ્થાપના–દ્રવ્ય–ભાવ વિગેરેમાં પરસ્પર ભિન્નપણું છે. નામ માત્ર મળે છે. પરંતુ નામ સમુદાયિક વૈશેષિક એમ બે પ્રકારનાં હોય છે. આપણે મનુષ્યને અંગે વિચારીએ–તો મનુષ્ય બે પ્રકારના આર્ય અને અનાર્ય. મનુષ્ય નામ સામાન્ય; આર્ય અનાર્ય તે ભેદવાળું વિશેષ નામ કહેવાય છે. તેવી રીતે તિર્યંચમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય પંચેન્દ્રિય આવા ભેદો છે તે નામ વિશેષને અંગે; સામાન્યથી તો બધા તિર્યંચ નામવાળા. તેવી રીતે દેવતા નારકીને અંગે દેખીએ તો ત્યાં પણ સામાન્ય ને વિશેષ નામ છે. તેમ અહિં વિશેષ નામમાં ફરક છે. પણ સામાન્યમાં ફરક નથી. વિશેષમાં–બ્રહ્મા, વિષ્ણુ, ક્રાઇષ્ટ્ર વિગેરે નામ માને છે; પણ સામાન્ય નામ પરમેશ્વર, તેમાં કોઈપણ આસ્તિકને ફરક નથી. દરેક આસ્તિકો પરમેશ્વર ભગવાન ઈશ્વર દેવ નામ તરીકે માનવા તૈયાર છે, તેથી સામાન્ય નામમાં ફરક નથી પણ વિશેષ નામમાં ભેદ છે.

**સામાન્યથી વિશેષ જુદુ નથી.**

જૈનેતરોએ ભગવાન માન્યા તે વ્યક્તિ વિશેષે. બ્રાહ્મણને અંગે બ્રહ્મા, શૈવને અંગે મહાદેવ, વૈષ્ણવને અંગે વિષ્ણુ, તે નામની જાતિ નથી. તે ગુણ કે ક્રિયા નિષ્પન્ન નામ નથી. જેવી રીતે બ્રહ્મા, તેવી જ રીતે મહાદેવ–વિષ્ણુ નામો તે ગુણ જાતિ દ્રવ્ય પરત્વે નથી, પણ વ્યક્તિ પરત્વે છે, એટલે વ્યકિતનું નામ છે. તેથી વ્યકિતના નામ ઉપર દેવપણું રાખ્યું. ત્યારે જૈનોએ વ્યકિતના

નામ ઉપર દેવપણું રાખ્યું નથી. કોઈ કહેશે કે આપણે રૂષભદેવ મહાવીર વિગેરે કહીએ છીએ. તે શું? વાત ખરી પણ વિચારવું કે–વ્યકિતઓનો સમુદાય તે જાતિ, દેવતા–વ્યંતર જ્યોતિષ ભવનપતિ તે દેવનો સમુદાય, મનુષ્ય–આર્ય અનાર્યનો સમુદાય-તે મનુષ્યપણું, તે વ્યકિતમાં લાગુ પડે તેથી મનુષ્યનામ, વ્યકિત-માત્રનું નામ નથી. કોની અપેક્ષાએ? તો સમુદાયની અપેક્ષાએ. સામા-ન્યથી જગતનો નિયમ છે કે-સામાન્ય વિશેષથી જુદુ નથી. ઓશવાલ સામાન્ય નામ. તેમાં ૧૪૦૦ મનુષ્યો હોય તેને પુછીએ કે તું ઓશવાળ? તો હા. સામાન્ય નામ દરેક વ્યક્તિમાં રહે. ઓશ-વાલ નામ જ્ઞાતીના બધા મનુષ્યને અંગે છે. વિશેષોને ખસેડીને સામાન્ય રહી શકે નહિ. પણ વિશેષને અનુસરીને રહે, તેમ રૂષભદેવજી, મહાવીર ભગવાન આદિ વર્તમાનના ૨૪ ચોવીશ, ભૂતકાળના ચોવીશ, ભવિષ્યના ચોવીશ, અનંતા કાલના ચોવીશ, ચોવીશ આદિ બધા તીર્થંકરો વ્યક્તિ તરીકે જુદા છે. પરંતુ સમષ્ટિ જેને દુનિયામાં કહે છે. શાસ્ત્રકાર જેને સામાન્ય કહે છે. તે સામાન્યને અનુસરીને તેમનું જુદાપણું નથી.

પરમેશ્વરનું જાતિત્વ જૈનોને છે.

અહિંયાં જૈનોએ જે પરમેશ્વર માન્યા તે વ્યક્તિગત પરમેશ્વર-પણાને અંગે પરમેશ્વર માન્યા નથી. ત્યારે જૈનેતરોએ વ્યક્તિગત પરમેશ્વર માન્યા છે. જે અમુક હોય તેને પરમેશ્વર કહેવો, બીજાને નહિ. આ ઉપરથી જૈનેતરોએ પરમેશ્વરને વ્યક્તિગત તરીકે લીધા. જૈનોએ વ્યક્તિ ન લીધી, માટે જિનેશ્વર નામનો એકે જીવ નહિ. જેઓ રાગદ્વેષ જીતીને, વીતરાગ સર્વજ્ઞ બનીને અને તીર્થંકર નામકર્મવાળા હોય તે બધા જિનેશ્વર. મહાવીર જિનેશ્વર ને પાર્શ્વનાથ જિનેશ્વર નહી તેમ નહી. પણ રાગદ્વેષ જીતીને સર્વજ્ઞ બનીને તીર્થંકર નામ કર્મના ઉદયવાળા હોય તે બધા જિનેશ્વર. વ્યક્તિ માનવાની છે તે સામાન્ય દ્વારાએ ઓશવાલમાં મિત્રદત્ત યજ્ઞદત્ત નામ આપો, અગર રહાય તે

નામ આપો. તેમ અહિં મહાવીર પાર્શ્વનાથ યાવત્ ઋષભદેવજી હોય પણ વીતરાગ થઈ કેવલજ્ઞાન ઉપજાવીને તીર્થંકર નામ-કર્મવાળા હોય તે બધાને પરમેશ્વર માનીએ છીએ.

જાતિ માને તેને વ્યક્તિ માનવાનો હક, વ્યક્તિ એક હોય ત્યાં જાતિ ન હોય. પરમેશ્વરપણું તે જાતિ તરીકે, જૈનેતરોમાંથી કોઈ જાતિ તરીકે માની શકે નહિ. તેને તો એકજ વ્યક્તિ પરમેશ્વર. પરમેશ્વરને જાતિ તરીકે કોઈ માનતું હોય તો જૈનોજ. તે સિવાય કોઈ માની શકે નહી, આ નિયમ–જેમ ઘણા ઘટો હોય તેના સરખા આકારને ઘટત્વ કહીએ. પણ જ્યાં ઘણા ઘટો નથી પછી ઘટત્વ બધાંને સરખું કયાં રહ્યું? અહિં આગળ પણ પરમેશ્વર અધિક માનવા નથી તેને પરમેશ્વરપણું જાતિવાચક બની શકતું નથી, ત્યારે પરમેશ્વરપણું જાતિવાચક કોને બને? તો કેવળ જૈનોને. જૈનોને પરમેશ્વર જાતિ તરીકે ને વ્યક્તિ તરીકે માનવાનું બની શકે. આકાશ જેવો એકજ માન્યો હોય તો તેને જાતિ કહેવાનો વખત ન રહે. તેમને પરમેશ્વરત્વ તે જાતિજ બની શકતી નથી. પરમેશ્વરનું જાતિત્વ કોને અંગે બને! તો કેવળ જૈનોને અંગે. જૈનોએ અનેક પરમેશ્વર માન્યા તેથી પરમેશ્વરત્વ માનવાનો હક.

આ વાત વિચારીએ તો સમજાશે કે–જૈનોએ અનેક પરમેશ્વર શાથી માન્યા? કઈ અપેક્ષાએ માન્યા? ત્યારે બીજાઓએ કઈ અપેક્ષાએ પરમેશ્વર માન્યા? જૈનેતરોએ સૃષ્ટિ ઉપાર્જન તરીકે માન્યા તે ઉત્પન્ન કરનાર એકજ તેથી વ્યક્તિ તરીકે જૈનેતરોને તે રહે, સૃષ્ટિનો કર્તા ઈશુ મહમદ, મહાદેવ, બ્રહ્મા કે વિષ્ણુ? કોણ? તે તમો બધા ચોક્કસ કરીને અમને–જૈનોને કહેવા આવો! તમારામાંથી કયા પરમેશ્વરને જગત કર્તા માનવા તે નક્કી કરીને આવો! પછી અમને મનાવો! ફલાણા કરનારા તેને બધાએ માન્યા? તે પરમેશ્વર સૃષ્ટિ કરનારા કેવા? તેમના ઉપર ઘા કરનાર પેદા કર્યા, વિષ્ણુને માનનાર સિવાયના બધા વિષ્ણુ ઉપર ઘા કરનારા! બનાવનારે શું જોઈને બનાવ્યા! સામાન્ય

સમજુ માણસ આપત્તિકારકને ઉભા નહિ કરે. તો આને ઉભા કેમ કર્યા? સર્વથા કર્તા તરીકે નહિ માનનારા એવા અમો જૈનો તેને કોણે સર્જ્યા? તો પરમેશ્વરે. આ પ્રમાણે કહો તો તે અક્કલ વગરનો ગણાયને! સૃષ્ટિના સર્જનહાર માનો તો તેમાં પોતાના કુહાડા પોતે ઉભા કર્યા. જગતમાં આમ બને ખરૂં? જગત બધું ભવિષ્યના જ્ઞાનવાળું નથી હોતું. અત્યારે અનુકુલ હોય ને પછી પ્રતિકુલ પણ બને.

'तानेवार्थान् द्विषतः'

**પર્યાયોમાં ઇષ્ટપણું અને અનિષ્ટપણું છે.**

આ જગતમાં વિષ્ટા વિગેરેની દુગંછા કરીએ છીએ, તે દ્વેષના વિષયમાં આવ્યા તેથી, તેને જ પાણી ગયું, તેને ખાતર નંખાયું, તેમાંથી શાક પાકયું, પછી તેને પૈસા ખરચીને લાવો છો! ખેતરમાં ખાતર જોયું ન ગમે તેનું અનાજ થયા પછી પૈસા આપીને લાવીએ છીએ. આ દુનિયાદારીનું દૃષ્ટાંત ધ્યાનમાં લેશો તો માલમ પડશે, એક ભવમાં છોકરા તરીકે આવ્યો, તેને પ્રાણથી વધારે ઉછેરીએ. તેજ બીજા ભવે શત્રુ તરીકે આવ્યો તો તેને મૂળથી ઉખેડી નાંખીએ. નિશ્ચયથી એવો કયો પદાર્થ છે કે જે માં તું રાજી રાજી ને રાજી રહીશ? મોંઢામાં ચાવતાં સામું ચાટલું રાખીને ખાઈએ તો ઉલટી થતાં વાર ન લાગે. તે જ અહિં હોંશે હોંશે ખાવો છો! તેને દેખ્યાં ચિતરી ચડે તેવો કરી નાંખ્યો, વિષ્ટા પરિણામ તેનું જ. પાણીનું પરિણામ પેશાબ. તેથી તેની ઉપર રાગને દ્વેષ. તેને તેજ અર્થ ઉપર દ્વેષવાળો કાલાંતરે રાગવાળો થાય, વસ્તુ સ્વરૂપે જોઈએ તો પદાર્થ કયો ઇષ્ટ અને કયો અનિષ્ટ? તો કોઈ નહીં. લુગડા તરીકે થયું તો ઇષ્ટ, પણ ચીથરૂં થયું ત્યારે અનિષ્ટ. છદ્મસ્થ મનુષ્ય કઈ વખત દ્વેષ, રાગ કરે તે ખ્યાલ ન હોય.

**ઇશ્વર ગુલામ નથી.**

આ તો પરમેશ્વર સર્વ જ્ઞાનવાળા. ત્યારે પહેલાં તમારામાં

જે કર્તા માનો તેને બીજા નથી માનતા તેનું શું ? અમે સૃષ્ટિના સર્જનહાર માનતા નથી.ઈશ્વર ગુલામ નથી! આપણે જે કરીએ તેનું ફલ દેવા તૈયાર રહેવું જોઇએ; આપણા કર્મ પ્રમાણે ફલ દેવું જોઇએ;લીંબોડી વાવીએ તેનાં પાંદડા કરી આપીને આકાર બનાવવા તેને તૈયાર રહેવું જોઇએ, કર્તા હોય તો તૈયાર રહેવું જોઇએ, કર્તાપણું જૈનો ઇશ્વરના માથે નાંખવા તૈયાર નથી. ફલ આપવું કે નહીં આપવું તે તેની મરજીની વાત નહીં, આથી જૈનો સ્વતંત્ર કર્મ ઉપર ફલ ઉત્પત્તિની યોગ્યતા માને છે.

**આત્માના જેવી પુદ્‌ગલની શકતી છે.**

જગતમાં પદાર્થો એવા છે કે–આપણને અસર કરે છે. ઔષધ રોગને દૂર કરનાર છે, તે આપણે ખાધું ને રોગ દૂર થયો. પણ તે રોગને કોઇએ દૂર કર્યો તે માનવા જૈનો તૈયાર નથી. બીજા ભલે માનવા તૈયાર હોય; જૈનો આત્માની જેવી અપૂર્વ શક્તિ માને છે તેવીજ પુદ્‌ગલની અપૂર્વ શકિત માને છે. પુદ્‌ગલ પોતાની શક્તિએ ફલ–સુખ દુઃખ ઉત્પન્ન કરવાવાળું છે.

**આત્માનું સ્વતંત્રપણું કરવાની તાકાત પુદ્‌ગલની નથી.**

આ વાત વિચારશો તો જણાશે કે–શાસ્ત્રકારે કર્મની પ્રકૃતિ માની કે–જે પુદ્‌ગલ દ્વારાએ વિપાક આવે. શરીર, સંઘાતન, સંઘયણ વિગેરે પુદ્‌ગલ દ્વારાએ ફલ લાવનારાને તે દ્વારાએજ ફલે તે શકિતને જૈનો માને છે. તેથી સૃષ્ટિનું સર્જન તે કર્મને આધીન બને છે. ન બને કયું ? એક વસ્તુ ન બને. કઈ એવી ચીજ કે જે ન બને ? તો કેવલ આત્માનું સ્વાતંત્ર્ય. આત્માનું સ્વાતંત્ર્યપણું તે પુદ્‌ગલ કરી શકે નહિ, તે તો તેનો આત્માજ કરી શકે. તે સિવાય કોઇ કરી શકનાર નથી. કયો આત્મા કરી શકે તે જણાવે છે. સામાન્યથી નિરોગી કોણ બને ? તો રોગના કારણોને પહેલેથી દૂર કરે, રોગની જે જડ હોય તેને ઉખેડવાનો પ્રયત્ન કરે તેજ નિરોગી રહી શકે. તેવી રીતે અહિંયા આ આત્મા પરાધીન શાથી થયો ? એ પરાધીનતાના કારણો દૂર કરે.

તેનાથી બનેલી જે જે ખરાબીયો તેને દૂર કરે ત્યારે તે આત્માનું સ્વાતંત્ર્ય મેળવી શકે. આ આત્માને પરાધીનતા કરનાર કોણ? આડકતરી રીતે બીજાઓએ પરમેશ્વરને માન્યો છે.

**સ્વાધીનતા ક્યારે બને?**

જગતનું ઉત્પાદન કરનાર નહિ પણ આત્માને પરાધીનતા કરનાર ને પશુ બનાવનાર પરમેશ્વર માન્યો? તો ના. પોતે પોતાની પરાધીનતાનો કરનાર છે, તેમજ સ્વાધીનતાનો કરનાર પણ પોતેજ છે. આત્માની સ્વાધીનતા પરાધીનતા કરનાર પોતેજ. પોતે કર્મના આધારે ચાલે તો પરાધીન–થાય. પણ તે જો કર્મ ઉપર દાબ મૂકીને ગુણો તરફ જાય તો તે સ્વાધીન બને. આ બે વાતો વિચારશો તો કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે જે 'अयमात्मैव संसारः' જણાવ્યું છે તે સમજાશે—

**પરિણામ વિચારવું તે આત્માનો સ્વભાવ.**

આ આત્મા એ ચારે ગતિનો ભટકતો મુસાફર. ક્યારે? કષાય ને ઇન્દ્રિયોના કાબુમાં જાય, તેનાથી હારી જાય, તેના ઉપર કષાય ઇન્દ્રિય સવાર થાય? જેમ ક્રોધમાં આવેલો પરિણામ ન વિચારે કે હું શું કરૂં છું? શું થશે?

એક ગોર છે. તે બ્રાહ્મણ ઘરથી નાહીને ચોકખો થઈને પૂજા કરવા ગયો. ત્યાંથી ઘર તરફ જાય છે. ઘર જરા છેટું છે. વચમાં ઢેડી રસ્તો વાળે છે. તેના વાસીદાનો ખખરક શબ્દ થાય છે. બ્રાહ્મણ પૂજા કરવા જતાં કહે છે કે ઉભી રહે! ઉભી રહે! પણ પેલીને તે શબ્દ સંભળાતો નથી. ત્રણ વખત કહ્યું પણ પેલીને સંભળાયું નહી, ત્યારે બ્રાહ્મણે પગમાંથી પાવડી કાઢીને મારી, ત્યારે ભંગડીએ ઝાડુ નીચે મૂક્યું અને આવીને કાંડુ પકડયું ને બોલી કે આ તો મારો ધણી. ગોર કહે કે આ શું? એની દશા શી? એવામાં લોકો ભેગા થયા ને કહેવા લાગ્યા કે આને છોડ! છોડ! ત્યારે પેલી કહે કે મારા ધણીને શાની છોડું?

લોકો કહે કે તારો ધણી શી રીતે? તે ગોર બ્રાહ્મણ મારો ધણી. હું ભંગડી છું તે જાણું છું છતાં મારો ધણી શબ્દ પકડી રાખ્યો. લોકો કહે કે છોડ, તો પેલી કહે છે કે મારો ધણી છે! માટે નહિ છોડું. પેલાઓ થાકયા. ઢેડીયાઓને બોલાવ્યા ને કહ્યું કે આને સમજાવો. મોટા માણસો આવ્યા ને કહ્યું કે છોડી દે! તો મારો ધણી છે! તેને છોડું કેવી રીતે? તારો ધણી કેવી રીતે તે કહેને? ત્યારે ભંગડી કહે છે કે તમે સાંભળો! એના પેટમાં ચંડાળ વસ્યો કે નહિ? એના પેટમાં ક્રોધ ચંડાળ વસ્યા વગર મને પાવડી મારે ખરી? તો ક્રોધ ચંડાળ અને હું ચંડાળણી. તેના પેટમાં વસેલો ચંડાળ તે મારો ધણી ખરો કે નહિ?

દુનિયામાં તમે દેવપૂજા માટે જાવ છો ત્યારે તમારૂં ચિત્ત દેવમાં કે ખસમાં (બીજામાં). ક્રોધ એ કેટલો બધો સવાર થાય છે? ક્રોધમાં હોય ત્યારે હું શું કરૂં છું તે જો વિચાર ન આવે, તો માલિક કોણ? દોરનાર કોણ? આત્મા કે ક્રોધ? આત્મા ચેતન છે પણ દોરનાર ક્રોધ. તેવી રીતે અભિમાનમાં આવીએ અને હિતાહિત ન વિચારીએ તો? પ્રપંચમાં ફાયદો ગેરફાયદો ન વિચારીએ તો? લોભમાં પરિણામ ન વિચારીએ તો શું થાય? તે વિચારો! પરિણામ વિચારવું તે આત્માનો સ્વભાવ. પણ ક્રોધાદિ સવાર થાય છે તે આત્માને પોતાના રસ્તે જવા દે નહી. ઘોડાને તેના ધાર્યા રસ્તે ન જવા દે તેનો સવાર, તેમ આ કષાયો આ આત્માને પોતાના રસ્તે ન જવા દે માટે 'अणथोवं' નિર્યુક્તિકારે જણાવ્યું છે

મનુષ્ય દેવું કરે પછી આટલા ભેગા આટલા વધારે! દાવાનલ કે ગુમડું નાનું હોય છતાં વિફરીને શું કરશે તેનો પત્તો શો? થોડો કષાય હોય વધારે ન હોય તો પણ તે કેટલો જુલ્મ કરે છે? આપણા ખ્યાલમાં કષાય ન આવે પણ જુલ્મ આખું સ્વરૂપ પલટાવી નાંખે. મલ્લિનાથજી મહારાજને કપટમાં ગણીએ, કપટથી સ્ત્રીપણું આવ્યું. લગીર શું? તેનો વિચાર કર્યો? સાતે મિત્રોએ મલીને નક્કી કર્યું કે—આપણે સરખી તપસ્યા કરીશું,

તેમાં પોતે દેખ્યું કે હું રાજકુમાર આવતા ભવે તેઓ અને હું સરખા થઈએ. સોનાવાળા અને બાજરીવાળાનું તુલ્ય સહિયારૂં ન હોય. હું રાજકુમાર આ અમારૂં સહિયારૂં તો આવતા ભવે સરખા થવાનું ને ? એમ વાત તો સરખું કરવું તે રાખી છે ને ? એ વાત જાહેર રાખવી ને વધારે તપસ્યા કરવી. ખાવું તે આપણા હાથની વાત છે ને ? પહેલે દિવસે બધા ઉપવાસ સાથે કરે, બીજે દિવસે પારણાનો વખત થાય ત્યારે કહે કે–મને આજ ઠીક નથી એવું કહીને બીજો ઉપવાસ કરે ને ત્રીજે દિવસે બધાના ભેગો ઉપવાસ કરે. આમ કરીને અઠ્ઠમ કર્યો. અઠ્ઠમ કર્યો શાને માટે ? તો તપસ્યા માટે. આ આટલો પ્રપંચ તપસ્યા માટે કર્યો તો પરિણામ શું ? સ્રીપણુંને.

આપણે કેટલાકનું પડાવી લઈએ પણ તે મારે માટે નહિ, દહેરા માટે. જ્યારે મનુષ્યે, પ્રતિષ્ઠા મુહૂર્ત માટે સંઘ ભેગો થાય ત્યારે અન્યાયની મુડી લાગતી હોય તે આપી દે. સંઘમાં જાહેર કરે કે–મેં મારા દ્રવ્યની શુદ્ધિ કરી છે. અન્યાયનું આવ્યું મારી ધ્યાનમાં નથી. છતાં જેનું અનિષ્ટ પેઠું હોય તેનું પુણ્ય તેનેજ દઉં છું. શાથી ? અહિં પોષણ અધર્મનું નહિ તે અપેક્ષાએ. વિચાર કરો પ્રપંચ કરીને અઠ્ઠમ કર્યો, તે પણ લાગલાગટ કર્યા ગયા. તેમને ખાવાપીવા પહેરવા ઓઢવા માટે કર્યું હતું ? તો ના. ત્યારે શાસ્રકાર કહે છે કે–એટલાજ પ્રપંચમાં વ્યવહારથી છઠ્ઠે–સાતમે ગુણઠાણે રહેલા તે જ્યાં લથડયા એટલે સીધા પહેલે ગુણઠાણે આવ્યા. ત્યાં સ્રી વેદ બાંધ્યો. વિચાર કરો કે–આમાં કયું પ્રપંચથી ઠગવાનું ને લઇ લેવાનું હતું. આપણી દૃષ્ટિએ તેમાં કંઈ ન લાગે. પણ તે કષાયને આધીન થયો એટલે–બીજો વધે નહિ તે બુદ્ધિમાં આવ્યો. હવે તેના પરિણામમાં જાવ ને વિચારો તો માલમ પડે કે–પહેલો હું વધુ તે તો ન વધવા જોઇએ તેટલી બુદ્ધિ મિથ્યાત્વે લઈ જનાર ને સ્રી વેદ બંધાવનાર થઈ. માટેજ કહ્યું કે–'अयमात्मैव संसारः' સંસાર બીજી ચીજ નથી. આ

આત્મા જે કષાયના કાબુમાં ને ઇન્દ્રિયના પાશમાં આવે ત્યારે તેજ આત્મા ચારે ગતિમાં રખડનાર તેથી સંસાર કહ્યો.

**મોક્ષ ક્યારે?**

તેજ આત્મા મોક્ષ કયારે મેળવે? કષાય અને ઈન્દ્રિયને પોતાના કાબુમાં લે તો. ભેદ કરવો આટલા પુરતો વધવા ન દેવો, તો આ શું થયું? માસ્તર વિદ્યાર્થીની ભૂલને લીધે આવેશમાં આવ્યો. બે ચાર વખત પુછ્યા છતાં ન આવડયું. માસ્તરે સોટી ઉગામી એટલે ત્યાં પેલાએ ઉત્તર આપ્યો. એટલે માસ્તરે સોટી મૂકી દીધી. આ શું કહેવાય? કાબુ. ક્રોધ ચડયો તે કેવો. આવી સ્થિતિ હોય ત્યારે તેને પ્રશસ્ત ક્રોધમાં લાવી શકો. નવલભાઈ જેવા કહે કે- જે કોઈ એવા હોય તેના ઉપર ક્રોધ કરવો તે પ્રશસ્ત ખરોને? તો ના. પણ દોષવાળો તે વિષયમાં નથી. પ્રશસ્ત રાગમાં ગુણ અને ગુણવાળો તે બે વિષય. દ્વેષનું સ્થાન દોષ પણ, દ્વેષી નહિ. તે દ્વેષી પ્રશસ્ત દ્વેષનું સ્થાન નથી? તે માટે જણાવ્યું કે 'कृताऽपराधेऽपि जने कृपामंथरतारयोः' અપરાધી સંગમ. તે તીર્થંકરને ચલાયમાન કરૂં તેવા વિચારવાળો. ને અપરાધો કર્યાં છતાં પણ દયાએ કરીને જેની દૃષ્ટિ ઠરેલી છે. જો દોષીમાં ક્રોધનો અવકાશ હોત તો મહાવીર મહારાજે તેજો-લેશ્યા કાઢી બાળી નાંખ્યો હોત! સંગમને દયાનું સ્થાન કયારે ગણે? દોષીને અંગે દ્વેષને શસ્ત ન માને પણ દોષને અંગે પ્રશસ્ત. પ્રશસ્ત રાગમાં ગુણી ને ગુણ. સ્હાય જેટલો અપરાધ કર્યો તે તેના કર્મનો દોષ છે. જેમ ક્રોધને કાબુમાં લીધો. તેવી રીતે માન માયા ને લોભને કાબુ લીધો. કાબુમાં લે ને આગળ વધે તો તે જ મોક્ષ. ઇન્દ્રિયોથી હાર્યો તો સંસાર અને કાબુમાં મુકીએ તો મોક્ષ. માટે કષાય અને ઇન્દ્રિયને જીતનારા તેને મોક્ષ જ ગણે છે.

સ્વતંત્રતાના સર્જનહાર કોણ બને? જેઓ કષાય અને ઇન્દ્રિયો ઉપર કાબુ ધરાવનાર બન્યા હોય, ઉપદેશ કોણ કરે?

તો કષાય અને ઇન્દ્રિયો ઉપર કાબુ ધરાવનારા બન્યા હોય તેજ થઈ શકે. પોતે કષાય અને ઇન્દ્રિયને કાબુમાં મુકનારા તે સ્વતંત્રતાના સર્જનહાર; તેજ સ્વતંત્રતાના ઉપદેશક. આવી રીતે પરમેશ્વરને માને છે જૈનો. તે સ્વતંત્રતાના સર્જનહાર અને ઉપદેશક હતા કે નહિ, તે નિશ્ચય શા ઉપરથી ? અત્યારે પરમેશ્વર પ્રત્યક્ષ નથી. તો શાથી નિશ્ચય કરી શકીએ ? તો વચનના આધારે તેમના શાસ્ત્રના આધારે નક્કી કરી શકીએ. માટે વચનની આરાધના કરો તો તેની સ્વતંત્રતાનું સર્જન સમજી શકશો. સર્વજ્ઞ વીતરાગનું તે વચન છે કે નહિ ? તેમને કહેલું છે તે કઈ રીતે ? વચનનું સ્વરૂપ ફલ વિગેરે અધિકાર જણાવવામાં આવશે તે અધિકાર અગ્રે વર્તમાનઃ

## 卐 વ્યાખ્યાન ૫૫ 卐

"वचनाराधनया खलु"

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે—આ જગતમાં જેટલા આસ્તિકો છે તે સર્વ દેવ ગુરૂને ધર્મની અપેક્ષાવાળા છે. બધા સામાન્યથી એક મત વાળા છે. જો કે વ્યક્તિ, સ્વરૂપ જાતિ તરીકે ભેદ છે. પરંતુ સામાન્યથી દેવત્વ, ગુરૂત્વ ને ધર્મત્વ તરીકે માનવામાં ભેદ નથી. સર્વ આસ્તિક ત્રણ પદાર્થને નિયમિત માને છે. દેવ ગુરૂ ધર્મને, તેની માન્યતામાં મતભેદ નથી.

### ધર્મ કહે કોણ ?

પરંતુ જૈનતરો એ દેવાદિ ત્રણેને કયા આધારે માને છે ? તો કશો આધાર નહિ. જગતનો કર્તા છે, માટે દેવ, ફલાણા કુલ દેશમાં જન્મ્યો. ગાદીએ બેઠો. તેથી ગુરૂ. ફલાણો રિવાજ ચાલ્યો તેથી ધર્મ માની લેવો. તેવી રીતે દેવ ગુરૂ ધર્મ માની લેવા.

ત્રણેમાં જડ નહિ. જૈનોને વગર જડે ઇશ્વરને, ગુરૂને અને ધર્મને માનવો પોષાતો નથી, ત્રણેમાં હેતુ જોઈએ. હેતુ વગર દેવ ગુરૂ ધર્મને માનવા જૈનો તૈયાર નથી. કયો હેતુ જોઇએ? તમામ બીજા જૈનેતરો પરમેશ્વરને સૃષ્ટિના સર્જનહાર તરીકે માનીને આગલ ચાલે છે. ત્યારે જૈનો સૃષ્ટિના સર્જનને લોકોના હિસાબે અનિષ્ટ ગણે છે. તેઓ પણ માયા ખોટી છે. જગતનો પ્રપંચ છે એમ તેના તે કહે છે. ધર્મ કોણ કરે? લાયક કોણ બને? 'शान्तो दान्तो' જે કષાયોને દબાવવાવાળો, ઇન્દ્રિયોને દમવાવાળો, ને મોક્ષની ઇચ્છાવાળો હોય તેનેજ ધર્મ કહેવા માટે લાયક ગણે છે.

**શાંતાદિના મુદ્દા પર દેવ ગુરૂ ધર્મ.**

તે ત્રણે ગુણો દેવ ગુરૂ ધર્મને માટે નિયમિત તૈયાર રાખે છે. પણ શાંતિ ઈન્દ્રિયોનું દમન અને મોક્ષમાં લીન થવા માટે કયા અનુષ્ઠાનો? કયા અનુષ્ઠાનોને અંગે ઈશ્વર માન્યા? તે અવસર જ્યાં આવ્યો ત્યારે લીલાનો પડદો વચમાં નાંખી દીધો. લીલાને પડદે બીજાને ચાલવું ત્યારે જનોને તેમ નથી ચાલવું. જેમ જૈનોને જગતના કલ્યાણ માટે શાંત દાંત મુમુક્ષુનો ઉપદેશ તેનો અમલ ગુરૂ દેવમાં હોવો જોઇએ. જે દેવ ગુરૂ ને શાંતાદિ ન હોય તેને દેવાદિ તરીકે માનવા જૈનો તૈયાર નથી. બીજાઓએ ફલાણા કુળમાં જન્મ્યા તેથી માન્યા. સૃષ્ટિકર્તા થયા તેથી દેવ માન્યા, રિવાજ માન્યો તેથી ધર્મ તેમ તે જૈનોને નથી પાલવતું. જૈનોને ત્રણેમાં જડ આવવી જોઇએ. ગુરૂ શાંતાદિ ઉપર, દેવ પણ શાંતાદિ ઉપર રહેવા જોઇએ.

**મહાવીર મહારાજની ઈચ્છા કઈ?**

આ વાત વિચારશો તો માલમ પડશે કે મહાવીર મહારાજના વિચારને અનુસર્યા વગર સૂત્રકારને વિશેષણ દેવું પડયું. કર્યું 'सिद्धिगइ नामधेयं ठाणं संपाविउ कामे' સિદ્ધિ ગતિ નામનું સ્થાન પામવાની ઇચ્છાવાળા. શું મહાવીર મહારાજને ઇચ્છા ન હોતી? મોક્ષના લાયકનું કાર્ય હતું પણ ઇચ્છા નહોતી.

તે કેમ બને ? ખલાસી સામે કાંઠે જવાવાળો અને તરવાની ઈચ્છાવાળો હોય ? તો હા. પણ મુસાફરોને લઈ જવા માટે તેને લઇ જાય તેમાં પોતે આપોઆપ જવાનો છે. હું સામે કાંઠે પહોંચું તે ધ્યેય ન હોય પણ આમને સામે કાંઠે પહોંચાડું. મહાવીર મહારાજની ઇચ્છા જગતને મોક્ષ માર્ગે લઈ જઉં.

**તીર્થંકરો સાધુપણું લીધા વિના મોક્ષ ન પામે.**

સિદ્ધના પંદર ભેદ છે. તેમાં ગૃહસ્થપણામાં કેવલજ્ઞાન પામે. અન્યમતમાં હોય તો પણ ભાવનાની શુદ્ધિથી કેવલજ્ઞાન પામે. ગૃહસ્થ, અન્યલિંગમાં રહેલાને કેવલજ્ઞાન મોક્ષનો અધિકાર આપ્યો. એ અધિકાર ન હોય તો પંદર ભેદ જ ન રહે. નંદીસૂત્ર ઠાણુંગજી વિગેરે દરેકમાં માન્યા છે. પરંતુ એ જે તાકાત કઈ? ગૃહસ્થપણામાં રહીને કેવલજ્ઞાન મેળવવાની જે તાકાત તે તાકાત તીર્થંકરોમાં નથી તેમ નહિ પણ ઘણી તાકાત છે. ગૃહસ્થલિંગમાં મેળવવાવાળા તેના કરતાં પણ વધારે છે. તે ગૃહસ્થપણે કેવલજ્ઞાન પામીને મોક્ષ મેળવી લેત. ખલાસીને તરીને પાર પામવાની શક્તિ હોય છતાં તે હોડી લઈને ચાલે. કારણ મુસાફરોને જે તારવાનું ને પોતાને તરવાનું તે હોડી દ્વારાએ. તેમ તીર્થંકરને ગૃહિ અન્યલિંગે કેવલજ્ઞાન મેળવવાની તાકાત છે. છતા અનંતી ચોવિશી થઈ છે ને થશે પણ કોઇ તીર્થંકર સાધુપણું લીધા વગર કેવલજ્ઞાન ન પામે તે નિયમ. કેમ ? ભાષ્યકાર મહારાજે જણાવ્યું છે કે આ જગતને મોક્ષમાર્ગની પ્રવૃત્તિ માટે. પોતે કરે તો જગતને લાવી શકે. જગતના મોક્ષ માટે પોતાને વ્રતો સાધુપણું લેવું, ઉપસર્ગો પરિષહો સહન કરીને ચાલવું, તે માટે કેવલજ્ઞાન મેળવવું. શા માટે ? તો જગતના ઉદ્ધારને માટે ગૃહસ્થપણામાં હોય છતાં તે શકિત અજમાવવાની નહિ જગતનાં કલ્યાણ માટે પણ જેને જરૂર નહોતી તેને શાંતાદિનો માર્ગ લીધો. ઇશ્વરને શાંતાદિને હિસાબે માને, ગુરૂને શાંતાદિના આધારે, ધર્મ સામાયિક પ્રતિક્રમણ વિગેરેમાં શાંતાદિ, તેના આધારે જ દેવ ગુરૂ ધર્મને જૈનો માને.

**શાંતાદિની પરાકાષ્ઠા.**

શાંતાદિ બીજા લોકોએ માની તે માત્ર શ્રોતાના માથે ભાર રાખ્યો છે. ધર્મ શાંતાદિમાં નહિ, ગુરૂ શાંતાદિમાં નહિ, દેવ શાંતાદિમાં નહિ પણ માત્ર શાંતાદિ કહેવાને સાંભળવામાં રાખ્યું છે. શાંતાદિ ત્રણેનો સાચો અમલ કર્યો હોય તો તીર્થંકરે. જે જન્મની સાથે મેરૂ કંપાવનાર, ને દીક્ષાને દહાડે ગોવાળીયાના ઉપસર્ગને સહન કરનારા. તે કયારે બન્યું? શાંતિની પરાકાષ્ટા કહો. 'शक्तौ सहनं' શક્તિ હોય ને સહન કરવું. તેની કિંમત કેટલી? બીજું શાંતિની પરાકાષ્ટા કેટલી? દાંતાદિની પરાકાષ્ટા કેટલી?

**આત્મા અને શરીર જુદાં છે તે કરી બતાવનારા કોણ?**

દરેક મતવાળાએ કહ્યું કે–પુદ્ગલ જડ છે. આત્મા ચેતન સ્વરૂપ. આત્મા ને પુદ્ગલ સ્વરૂપે જુદા છે. તે કયા આસ્તિકે નથી માન્યું? શરીર આત્માને એક માને તો તેને ખોટું જ્ઞાન માન્યું. શરીર આત્મા બંને જુદા છે તે જણાવ્યા. પ્રસંગ આવ્યો–નાના છોકરા એકઠા થાય ગોષ્ઠિ કરે ને વાતમાં કહે કે મરી જઈશ તો પણ નહિ કહું! પરંતુ તે કહેવાનું માત્ર, પણ જ્યાં એક ધોલ પડે ત્યાં એક વાત નહિ કહેવાની પણ એકવીશ કહી દે, તેવી રીતે અહિં આગળ દરેક મતવાળાએ શરીર આત્મા જુદા છે, આત્મા ચેતન અને શરીર જડ છે એવું દરેક મતવાળાએ માન્યું છે. પ્રસંગ આવ્યો તો ઈશ્વરે હડિયો કાઢી. જ્યાં મહાદેવ ઉપર ભસ્માસુરે કંકણ મૂકવા મડયું ત્યાં તો મહાદેવ ત્યાંથી દોડીને બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માજીએ પેલાને કહ્યું કે–ભલે આવ્યો. શરીર આત્મા જુદા માનનારને ભાગવાનું શું કામ? તે બાબત શરીરને કે આત્માને. આ તો આત્મા શરીર જુદા તે કહેવાના. અહિં આગળ ભસ્માસુર હાથ મૂકવા ગયો ત્યાં દોડાદોડ કરી. અહિં વટેમાર્ગુએ અગ્નિ સળગાવ્યો ઢીંચણ સુધી બળ્યા છતાં ખસ્યા નહિ. કહો શરીર આત્મા જુદા છે તે કોને કરી દેખાડ્યા.

બીજાઓ કહી દેખાડનારા, જે ઇશ્વર જગતના કલ્યાણ માટે પ્રવૃત્તિ કરે છે, શાંતિના ઉપદેશકો છે, તેને પ્રસંગે દોડવું પડે?

**શાન્ત દાન્ત કેવા હોય ?**

દુનિયાદારીમાં સજ્જન માણસ બધે ફરે પણ બીને જોડે ને જોડે લઈને દુનિયામાં ફરતા નથી. આજ કાલ બાયડી સાથે ફોટા પડાવનારને કેવા ગણીએ ? તેનો તિરસ્કાર કરીએ. ત્યારે આ તો બાયડીની સાથે મૂર્તિઓ કરી, શું જોઇને ? તેમની ગુલામીમાં કેવો આવેલો તે વિચારો ! બાયડી આખા જગતને છે. પણ દુકાને પેઢી ઉપર બાયડી સાથે લઇને બેસતા નથી. મંદિરમાં પૂજાવવું તે બાયડીઓ સાથે. કૃષ્ણ સાથે રાધા, મહાદેવ સાથે પાર્વતી. તે માટે ધનપાલને અંગે શું થયું ? ભોજ રાજાએ ધનપાલને પૂજા માટે સારો સામાન આપ્યો, પરીક્ષા માટે, કહ્યું કે મહાદેવની પૂજા કરી આવ. શું કરવું ? વિષ્ણુના મંદિરમાં ગયો આંગળો દઇને ખેસનો પડદો બાંધ્યો. ત્યાંથી મહાદેવના મંદિરમાં ગયો, ચારે બાજુ નજર કરી, બારણું બંધ કરીને નીકળી ગયો. જિનેશ્વરના મંદિરમાં ગયો ત્યાં પૂજા કરી. રાજાએ પુછ્યું કે-ધનપાલ પૂજા કરી આવ્યો ? હા સાહેબ. કોની કરી ? તો દેવની. તમારી પાસે હું આવું તે વખતે રાણી ને તમે બેઠા હો તો મારી ફરજ શી ? તો ખસી જવાની. વિષ્ણુના મંદિર આગળ ગયો તો ત્યાં મુરારી ને રાધા બેય હતા પછી અંદર જઈને શું કરૂં ? બીજો આવશે તો ઠીક નહી માટે પડદો બાંધી દીધો. તેવી રીતે મહાદેવજીના મંદિરમાંથી નીકળી ગયો. ફૂલની માળા, તિલક ક્યાં કરૂં ! નથી માથું નથી મોંઢું ક્યાં કરૂં ? જલધારા દેખાઈ ત્યાં ખરાબ સ્થિતિ; જ્યાં જોડે કુટુંબ ન રહે તેવી સ્થિતિ દેખીને મેં કમાડ બંધ કર્યાં. ત્યારે જિનેશ્વરના મંદિરમાં ન દેખી બાયડી, શરીરે શાંતિ દેખી ત્યાં પૂજા કરી. પોતાના આત્મામાં વીતરાગપણું ન રહ્યું પણ મૂર્તિમાંય ન રાખ્યું. ફોટો નફ્ટાઇનો કોઈ પડાવતો નથી. નફ્ટાઇનો ફોટો પડાવે તો કેવો ગણાય ?

બાયડીના ખભે હાથ રાખીને ફોટો પડાવે તો નાલાયક ગણાય. આને પૂજામાં મૂર્તિમાં પણ રાખ્યું.

**'वपुश्च पर्यंक'** બીજાના શરીર દેખીએ તો જુદી જુદી જાતની સ્થિતિવાળા. શાંત દાંત મુમુક્ષુને લાયકનું જે આસન તે પણ જેમાં નથી. શરીર આવેશવાળું. શરીર પણ સારૂ નહિ. દૃષ્ટિ કેવી ? તો શાંત માણસ બેઠો હોય તો બીવે નીચે જોઇને બેસે, પણ ચાળા કરે તો ? વિકૃતિવાળો. આંખમાં ચાળા વિકૃતિથી આવે. નાશિકાથી નિયમિત ક્યારે હોય ! તો કશા ઉપર ધ્યાન ન હોય અને આત્માના ધ્યાનમાં હોય તો, શાંત દાંતના નમુના તરીકે નાશિકા ઉપર દૃષ્ટિ હોય તો. ગહન વિચારવાળાને થાય છે તેમ નહિ પણ નાશિકામાં નિયમિત ને સ્થિર. જે ડોળા ચડાવવા ઉતારવાના નહિ. હે ભગવાન ! તમે જે આકાર રાખ્યો તે આકાર તેઓને કરતાં ન આવડ્યો, નાટકીયા જેનો પાઠ કાઢે તેનો વેશ તે ભજવે; મહારાણાનો વેષ કાઢે તો મેવાડી બને. મેવાડનું રાજ તેના હાથમાં નથી પણ વેષ ભજવ્યો. નાટકીયાએ ઉદેપુરના મહારાણા આગળ ભર્તૃહરિનું નાટક ગોઠવ્યું. નાટકીયો ભર્તૃહરિનો વેષ લઈને આવ્યો. તે વખતે મહારાણા કહે કે અહિ આવીને નમસ્કાર કર ! ત્યારે નાટકીયો કહે કે અત્યારે નહિ. કરે છે કે નહિ ? તો ના. તું કોણ થાય છે ? યાદ રાખજે કે તારા ચૂરેચૂરા કરી શકીશ ! તારી તાકાત નથી કે મારા સામું જોઇ શકે ? રાણો હુકમ કરે છે કે બહાર કાઢો ! પેલા નાટકના પડદા બધા વિદાય થયા. ભર્તૃહરિપણું લજવવું નહી, ભર્તૃહરિ સ્વતંત્ર હતો, હું અત્યારે ભર્તૃહરિનો આ વેષ કાઢયા પછી ગ્હાય જે હોય; દુનિયાદારીમાં નાટકોવાળા વેષ ભજવે. દેવ થવું શાંતાદિના માલિક થવું છે પણ તેનો વેષ ભજવવો નથી. આ ઉપરથી પહેલાં અધિકાર જણાવ્યો કે–જિનેશ્વર સર્વજ્ઞ ને વીતરાગ છે તેમાં શી ખામી ? દુનિયામાં કહેવાય છે કે 'હાથ કંકણને આરસી' આરિસાને કંકણની જરૂર નથી. આરિસો શેમાં શોધવો

પડે ? હાથના કંકણ માટે આરિસાની જરૂર પડતી નથી. તેમ એમાંથી કોઇ પ્રકારે લો. અહિં આગળ બીજાઓએ શાંતાદિની વાતો કરી તેમાં કંઇ છે? તેજ પુરાવો. જે મોક્ષના સાધનો વીતરાગના ચિહ્નો તેમાંથી કંઈ નથી. હવે તમે કહિ શકો છો. સર્વ ધર્મોએ શાંતાદિ એ ત્રણ ચીજ, એક સરખું કલ્યાણનું કારણ માનેલું છે. તે ચીજ કયાં છે ? તે તપાસીએ તો કહેવું પડે કે–વીતરાગ–જિનેશ્વર ભગવાનોમાં છે.

**જિનેશ્વર વીતરાગ હતા તેની ખાત્રી તેમની મૂર્તિ.**

આપણે તો એમને દેખ્યા નથી. પરિચયમાંયે આવ્યા નથી જે વસ્તુ દેખવામાં પરિચયમાં ન આવી હોય તેને માટે કહેવું તે શા કામનું ? આપણે નથી જિનેશ્વરોને દેખ્યા, તેમના પરિચયમાં નથી આવ્યા ? તે શાંતાદિવાળા હતા તે કહેવાનો હક શો ? માટે શાસ્ત્રકાર કહે છે કે–દેશાંતરોના સમાચારો લખાણથી માલમ પડે, સ્થિતિ ફોટાથી માલમ પડે છે. સીનેમામાં ફોટા છે કે બીજું કઇ ? તેમ અહિં આગળ જિનેશ્વર મહારાજ શાંતાદિવાળા હતા તેના નિર્ણય માટે તેમની મૂર્તિ, તેમનું શાસ્ત્રકારે જણાવેલું સ્વરૂપ, શાસ્ત્રકારે જે સ્વરૂપ, મૂર્તિ જણાવી તે શાંતાદિ પૂર્ણ છે. માટે પરમેશ્વર માનીએ છીએ. આ શાસ્ત્ર તેમના સ્વરૂપને કહેવા માટે જ છે, તેમને શાસ્ત્ર કહેલાં છે કે કેમ ? તે મનાય કેમ ? દુનિયામાં વ્યક્તિની જવાબદારી અક્ષર ઉપર હોય. અહિં તેમના અક્ષર રજુ કરો છો તે કહી શકો નહિં. પણ એ તેમનું કહેલું તે શા આધારે ? આધાર વગર તેમનું સ્વરૂપ નક્કી ન થાય, માટે શાંતાદિ નક્કી ન થાય. માટે વચન તેમનું તે નક્કી કરવું જોઈએ, તેના ઉપરથી તેમની પરીક્ષા. આ વચન કેવું હોય ? વિષયો કયા ? ફલ શું ? તે જણાવશે. તે સાબીત થાય તો વચનની આરાધનામાં ધર્મ છે, વચનનું સ્વરૂપ વિષય ફલ નક્કી કઈ રીતે કરશે તે અધિકાર અગ્રેવર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૫૬ 卐

**'वचनाराधनया खलु'**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણને રચતાં થકાં આગળ સૂચવી ગયા કે—આ જગતમાં દરેક આસ્તિક દેવ ગુરૂ ધર્મ એ ત્રણેની માન્યતાવાળો છે. જો કે નામ સ્વરૂપ વ્યક્તિમાં ભેદ છે. બધા આસ્તિકો એક સ્વરૂપે, કે એક વ્યક્તિને દેવ માનતા નથી. પરંતુ દેવ માનવા તેમાં બધા એક મતે છે. ગુરૂ માનવા તેમાં એક મત. નામ જાતિ વ્યક્તિને સંબંધ નહિ. ધર્મને અંગે નામથી સ્વરુપથી એકમતપણું નથી. ધર્મ માનવો તેમાં એક મતવાળા છે.

**ઉપકરણ વિના પાંચે સમિતિ નથી.**

દરેક આસ્તિકો દેવાદિને માનવા તયાર છે તો ભેદ કેમ પડયો? કારણ એકજ—જો બધા દેવ ગુરૂ ધર્મમાં ભેદ પડયો હોય તો એકજ કારણથી, દેવનું સ્વરૂપ કારણ. તેમાંથી જુદા પડયા એટલે બધામાંથી જુદા થવું પડયું. દિગંબરો જુદા શામાં પડયા? તો ફકત ઉપકરણ માનવું કે નહિ? શ્વેતાંબરોએ ધર્મના સાધનોને ઉપકરણ માન્યું, દિગંબરોએ અધિકરણ ગણ્યું. ઓઘો મુહપત્તિ તે ઓઢવા પહેરવાની ચીજ નથી. કપડો ચોલપટ્ટો તે ઓઢવા પહેરવાની ચીજ ગણો. તે શાની ચીજ? ઓઘો મુહપત્તિ કેવલ ધર્મનું ચિહ્ન. જયણાનું સાધન પાંચે સમિતિ તેના આધારે ઈર્યાસમિતિ વિચારીયે તો ચક્ષુઇન્દ્રિયને ગતિના આધારે. દિવસે ચક્ષુ-કામ આપે પણ રાતમાં હાલવા માંડેલા માટે કામ કરશે પણ સ્થિર વખતે દ્રષ્ટિથી જોયા પછી ઓઘાનો ઉપયોગ કરશે. દિગંબરો એ દાવો નહિ કરી શકે કે અમારા સાધુને રાતના પેશાબ, ઝાડો નહિ થાય? તો તે બહાર જશેને? ઓઘાની મર્યાદા ચારે બાજુ પગ પડે તેટલા પ્રમાણનો. ચરવલો કેટલો? તે પગને માટે ફેરવ્યો તે પગ ગમે ત્યાં આવે. પુંજણી મોર પીંછી કામ લાગશે

તે તપાસો! દંડાસણ હશે તો થાંભલાથી બચશો. ઇર્યાસમિતિ કઇ રીતે? તે માટે ઓઘો દંડાસણ ને ઉપકરણો. ભાષા સમિતિમાં ખુલ્લે મોંઢે બોલવું, એષણાસમિતિ માટે એક વેર ખાવું, ટાઢું, પાણી પી લેવું. તે કઈ રીતે? ચોથી સમિતિ તો તમારે નામની પણ નહિ. જેને ઉપકરણ માનવાનું હોય તેને લેવાનું ને મૂકવાનું હોય. આદાનનિક્ષેપ સમિતિ કોણે? બીજી વસ્તુ લેવામાં મેલવામાં સમિતિ, સાધન હોય તો લેતાં મૂકતાં પૂજવાનું. આને કયું હોય? પારિષ્ઠાપનિકા સમિતિમાં-માંદો થયો હોય ત્યારે શું કરવાનો? ઉપકરણ વગર પાંચે સમિતિ નથી. તેમ સંયમ સત્તર પ્રકારે છે તે તો ઉપકરણ વગર એકે સાધી શકાય તેમ નથી. માટે શાસ્ત્રકારે સંયમના સાધન માટે, સમિતિના પાલન માટે ઉપકરણ કહ્યું. ત્યારે દિગંબરોએ અધિકરણ ગણ્યું.

નગ્નપણું હોવું જોઈએ એવો દિગંબરોનો કદાગ્રહ છે-જેમકે-આગ્રામાં એક ચંડાલનો છોકરો ગાંડો થયો લુગડાં કાઢીને નાગો ફરે છે. મા બાપે સંભાળ્યો. પણ ગાંડાને શું કરે? તે ચ્હાય જ્યાં ખાઈ લે પી લે, તે ફરતાં આગ્રાના પાદરે આવ્યો. કોઈક બહાર બેઠેલા દિગંબરે જોયું કે મહારાજ પધાર્યા. બીજો ગામમાં ખબર આપવા ગયો. પેલો ખસવા ગયો ત્યારે આ પકડવા લાગ્યો. ગામમાંથી બધા આવ્યા; ધન્ય મહારાજ!!! બધા તેને સ્થાનકે લઈ ગયા. વખત થયો બાર વાગી ગયા મા બાપ તપાસ કરવા લાગ્યા ત્યાં કોઈએ કહ્યું કે- એક નાગાને લઈ ગયા. તેથી તેની મા નિષદ્યાએ (સ્થાનવિશેષે) ગઈ. ત્યાં પેલો માઈ! માઇ! કરતો દોડ્યો. પેલા મહારાજ કરતા દોડે. ત્યારે આ સ્થિતિ થઈ જાય.

દિગંબરોની વિરૂદ્ધ માન્યતા.

એને નાગા થયા એ પાલવ્યું. માટે ઉમાસ્વાતિ મહારાજે ભૂલ કરી કે-તેમના મતે 'સમ્યગ્દર્શન નાગ્ન્યાનિ મોક્ષમાર્ગ' હોવું જોઇએ તેમ ન કર્યું. નગ્નપણું પરિષહમાં ન રહેવું જોઈએ.

આપણે અચેલક માનવાવાળા છીએ, પરિષહમાં ક્યારે લેવાય? તો જેનો સંયમ જાળવીને પ્રતિકાર થઈ શકે. ક્ષુધા તૃષાનો સંયમ જાળવીને પ્રતિકાર થાય. તમારે નાગ્ન્યપણું સર્વથા રાખવું હોય તો સંયમ જાળવીને પ્રતિકાર ક્યારે રહ્યો? જે સંયમના સાધન માટે ઉપકરણ રાખેલું તેને અધિકરણ માન્યું. મૂળ જડ શી? તો જુદા પડવાની. તેથી ઉપકરણને અધિકરણ માન્યું તેમાં થયું શું? તો દ્રવ્ય ઉપર ભાર મુકવો પડયો. અન્યલિંગે ને ગૃહલિંગે સિદ્ધ તે બે પહેલા ઉરાડવા પડયા. અન્યલિંગે ગૃહલિંગે નાગા ન હોય, તેમાં તમારે ઉપકરણ નડે. પેલાને પાઘડી થેપાડું નહિ નડે. અન્યલિંગે ગૃહલિંગે સિદ્ધ તે બે ઉપર હડતાલ ફેરવવી પડે. તેનાથી આગળ ચાલો.

સ્ત્રીઓને વસ્ત્ર વગર ચાલે નહિ તેવું માની લીધું પણ ધ્યાન નહિ દીધું કે–અન્યમતમાં જોગણીઓ કેઈ વસ્ત્ર વગર ફરે છે. કોને કહ્યું કે વસ્ત્ર વગર સ્ત્રીઓને નહિ ચાલે. સંયમ માટે જરૂર પડે તે વાત જુદી છે પણ ચાલે છે કે નહિ? છતાં એ માની લીધું કે સ્ત્રીઓને ઉપકરણ વગર ન ચાલે. તેથી તેને સાધુપણું કેવલજ્ઞાન ન હોય તેથી મોક્ષ ન હોય. તેથી સ્ત્રીલિંગે સિદ્ધપણું ઉરાડવુ પડયું. શાસ્ત્રમાં જગો જગો પર સ્ત્રી, અન્ય, ગૃહલિંગના ઉપકરણના અધિકારો આવતા હોય તે માનવા કેમ પાલવે? તેથી તેને કોરાણે મૂકયા. રેલ્વે લાઈન પહેલવહેલી જંકશનથી નીકળે ત્યારે ચોખા પ્રમાણ ભેદ હોય પછી સેંકડો માઈલનો ભેદ. તેમ અહિં દિગંબરોમા ઉપકરણને અધિકરણ માનવાનો ભેદ. અન્યલિંગે, ગૃહલિંગે સ્ત્રીલિંગે સિદ્ધ ન માને તે કહેનારા શાસ્ત્રોને ન માને. આ પરિણામ તેમને આવ્યું કે બીજું કંઇ? એક સામાન્ય ભેદ હોય તે આખા માઈલોના ભેદ ઉત્પન્ન કરે.

બાવીશ ટોળા, ઢેડાપંથીને શું? દયા શબ્દ પકડી લીધો; સ્વરૂપ હેતુ અનુબંધ દયા કઈ? તો કંઇ નહિ સ્વરૂપ દયા પકડી લીધી; બધા ઉપકરણની, વાસિની, દ્વિદળની રીતિ છોડી

દેવી પડી. શાસ્ત્રમાં પૂજા મહોત્સવ જાત્રા વિગેરે જણાવ્યું હોય તે માનવાં તેમને ક્યાં પાલવે? અભયકુમારે રૂષભદેવજીની પૂજા કરી હોય, સમ્યગ્દૃષ્ટિ દેવતાનો અધિકાર ચાલતો હોય તે અને આચારની પ્રરૂપણાવાળા શાસ્ત્રો તેઓને જતાં કરવાં પડયાં. હેતુ–સ્વરૂપ–અનુબંધ–હિંસા તેને જુદા પાડવાના હતા તે નહિ પાડતાં એક ગણ્યા, તેમાં આટલો બધો ભેદ નીકળ્યો.

**આસ્તિકોના ભેદની જડ શાસ્ત્ર છે.**

દરેક આસ્તિકોમાં દેવ ગુરૂ ધર્મ માન્યો; બધું માન્યા છતાં એક જ વસ્તુનો ભેદ પડયો, તેને અંગે દેવ ગુરૂ ધર્મનો ભેદ પડી ગયો. એક ભેદ જો ન પડયો હોત તો આ ભેદ થાત જ નહી. દેવના નામ વ્યક્તિ સ્વરૂપને અંગે, ગુરૂ ધર્મના નામે ભેદો પડ્યા તે પડત જ નહિ. જેમ મેં રેલ્વે લાઈનનું દૃષ્ટાંત દીધું કે ચોખા પ્રમાણનો પડેલો ભેદ તે સેંકડો હજારો માઈલોના ભેદમાં પરિણમે. તેમ અહિં દેવ ગુરૂ ધર્મના આટલા બધા ભેદો તેની જડ એકજ. કઈ? વચન શાસ્ત્રો ન માન્યા, તેમજ શાસ્ત્રો જુદા માન્યાં તેનું જ આ પરિણામ. દરેક આસ્તિકોએ શાસ્ત્રો જુદા માન્યા. પરમેશ્વર ગુરૂ ધર્મ જુદા સ્વરૂપના માન્યા. પણ શાસ્ત્રમાં કહેલા દેવ ગુરૂ ધર્મને નહિ માનવા તેથી શાસ્ત્રમાં કહેલા દેવ ગુરૂ ધર્મને શાનો માનવો? શાસ્ત્ર ઉઠાવવાના પરિણામે દેવ ગુરૂ ધર્મને માનવા છતા નામ સ્વરૂપ વ્યક્તિ તરીકે ભેદ પડી ગયા, બધા ભેદની જડ કેવલ શાસ્ત્ર' શાસ્ત્રની ભિન્નતાએ બધા મતોની જડ ઘાલી. હવે તે શાસ્ત્રના આધારે બધા મતોને દેવ ગુરૂ ધર્મ માનવા છે

**સાક્ષાત્ સંદેશો દેનાર જિનેશ્વર છે**

અહીં વિચાર એ થાય કે ઈશ્વરનું શાસ્ત્ર કયું? તેમનું વચન કયું? ધ્યાન રાખવાની જરૂર છે કે–જૈનેતરો ઇશ્વરના વચનવાળા નથી. ઇશ્વરના વચનવાળા હોય તો કેવલ જૈનો. જૈનો એજ કહેવાવાળા કે–સાક્ષાત્ જિનેશ્વરે કહેલું છે, માટે માનીએ. ઇસુ સંદેશો

કહે તે ગૉડનો. ગૉડે કહ્યું તેથી પરમેશ્વર, સાક્ષાત્ નથી કહેતો. મહમદ્દો ને પેગંબર દ્વારાએ ઇશ્વરનો સંદેશો, સાક્ષાત્ નહિ. દુનિયાથી પરમેશ્વરની આભડછેટ. દુનિયામાં જાહેર નહિ થવાનું કારણ? પરમેશ્વરનો સાક્ષાત્ સંદેશો ઝીલનાર ધર્મ કયો? જૈન સિવાય કોઈ નથી. પરમેશ્વરને સાક્ષાત્ સંદેશો દેનાર તરીકે માનનાર જૈનો સિવાય કોઈ નથી.

સંજય ગીતામાં કહે છે કે–શંખ વાગી રહ્યો છે, ટંકારા થઈ રહ્યા છે. અર્જુનને દયાભાવ આવે છે આના માટે–મારવા? અરેરે આ શું કહે છે તેથી સો શ્લોક રચ્યા. લડાઈ થઈ કે નથી થઈ? પણ ઈશ્વરના મોંઢાનો સંદેશો. સંજય ઉવાચ–કૃષ્ણે આમ કહ્યું. સંજય દ્વારાએ કહેવાએલું માની લેવાનું, પણ જૈનોમાં આ નથી. જૈનોમાં તો પરમેશ્વર ખુદ પોતે ધર્મદેશના દેનારા છે.

**બારે અંગની જવાબદારી તીર્થંકરની છે.**

ધર્મના તત્ત્વને નહિ જાણનારા કહેશે કે–તમે દલાલ દ્વારા સોદા કરનારા છો. કેમ? ગણધર મહારાજે ગુંથ્યું. પરમેશ્વરનું વચન પણ ગુંથ્યું તો ગણધરોએ ને? તમારે માનવાનું ને. તમારે દલાલ વચમાં આવ્યા. ગણધરે પોતે રચ્યું જ નથી ગણધરે તો જે સભા સમક્ષ કહેવામાં આવ્યું તે રચ્યું. માટે ગણધરને અર્થની અપેક્ષાએ આત્માગમ માનતા નથી. પણ અનંતરાગમ જ છે. અર્થની અપેક્ષાએ આત્માગમ માત્ર તીર્થંકરોને. આ તો ભૂલી જઈએ તે યાદ આવે તેની નોંધ. ભાષણ કરનારની નોંધ. આખી સભાએ સાંભળી. રીપોર્ટર નોંધ કરે તેમાં ફેર એટલો કે રીપોર્ટર પ્રમાણિક હોય તે મૂળ ધણીને દેખાડે. કેમ? તો ભૂલ હોય તો સુધારી લો. તેના ઉપર સહિ લે છે. એ રીપોર્ટમાં કોઈને બોલવાનું હોય નહિ. જિનેશ્વરના કથનનો રીપોર્ટ ગણધરોએ લખ્યો તેમાં તીર્થંકરની સહિ લીધી છે. બારે અંગ રચ્યા ત્યારે વાસક્ષેપ કરીને અનુજ્ઞા આપી. બધાને ધારણ કરો ને બધાને આપો. આમાં દલાલી કે મૂળ ધણીની જોખમદારી? આ સહિં

કેવી રીતે લેવામાં આવી છે? વાજતે ગાજતે. જે વખતે અનુજ્ઞા કરે ત્યારે વાજતે ગાજતે ઇન્દ્ર થાળ લઇને ઉભા રહે. તેથી વાજતે ગાજતે સહિ થયેલી છે. પણ દલાલનું નથી. બાર અંગની જવાબદારી તીર્થંકરોના શિરે ગઈ. તેથી તીર્થંકરોના સાક્ષાત્ વચનો. આગમો માનવા તે પણ તેમની સહિવાળા. આગમોનું તેવી રીતે ઉત્થાન હતું.

**શાસ્ત્ર વીતરાગનાં કહેલાં છે તેની ખાત્રી શી?**

અત્યારે તેમના જ કહેલા છે તેજ છે, તે શા ભરોસે માનવું? તીર્થંકર સર્વજ્ઞ ભગવાન વીતરાગે શાસ્ત્ર કહ્યા તે માની લીધાં પણ આ શાસ્ત્રો તેમનેજ કહ્યાં છે? તે પુરાવો જોઇએ. દસ્તાવેજમાં કોણે કોને લખી આપ્યું? બંનેનું નામ નથી. તેનો અર્થ શો? તેમાં બધી હકિકત લખેલી હોય પણ કોણે લખી તો તે નામ નથી. તો તેની કિંમત શી? વીતરાગ સર્વજ્ઞ ભલે બોલનારા, આદેશ દેનારા, તે ગણધરો નોંધે વાસક્ષેપ કરીને અનુજ્ઞા કરે તે કબુલ. પણ આ તેમને કહેલા તેમને કરેલા. આ તેનો પુરાવો જોઇએ તેથી શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજને કહેવું પડયું કે–હે ભગવાન તને પણ આના આધારે માનીએ છીએ. શાસ્ત્ર સિવાય સ્વતંત્ર માનતા નથી. વીતરાગ ભગવાનો દેશના દે છે- ગણધરો નોંધ લે છે, તે બધું દેખેલું કે સાક્ષાત્ સાંભળેલું નથી. છતાં અમારે તો શાસ્ત્રના ઉપરજ આધાર. શાસ્ત્ર પરમેશ્વરને વખાણે ને પરમેશ્વર શાસ્ત્રને વખાણે. એક એકની પ્રમાણીકતા એક એકના ઉપર રહેલી છે. વાત ખરી? બેય મલીને એક થાય. બાપપણું અને દીકરાપણું–દીકરાપણું બાપને હિસાબે અને બાપપણું દીકરાના હિસાબે તો ત્યાં વૈદ ગાંધીનું સહિયારું કરે ને? તો ના. બેયનું સ્વરૂપ છે. પેલો જનક છે અને બીજો જન્ય છે. તે ચોક્કસ છે. તેથી જન્ય જનકનો સંબંધ હોવાથી અને બેયનો પરસ્પર આધાર હોવાથી તે પ્રમાણિક છે. તેવી રીતે કુંભ અંગે કુંભકાર, રસોઇયો અને રસોઈ તે પણ સમજી લેવું. માટે વસ્તુસ્થિતિ સ્વતંત્ર હોવી જોઇએ.

'हिपदेतोशात्' 'त्वदागमसतां प्रमाणम्' સત્ પુરૂષો તારા આગમો પ્રમાણ કરે છે. શાથી? ખાત્રી ન્હાય જેવી આપે પણ ક્રોસ વખતે આંતરડા બહાર નીકળે તો? તેમ આગમને ક્રોસ માટે છૂટા મેલીએ આમાં કોઈ જગો પર હિતના ઉપદેશ વગરનું હોય તો કાઢો? હિંસા જુઠની છૂટી કાઢો? જ્યાં દેખો ત્યાં અહિંસા વિગેરેનું સ્વરૂપ; લીલા કરવાની હોય તો કાઢો? જ્યાં હિતને અંગે ક્રોસ કરો ત્યાં એ બધાનું સમાધાન શાસ્ત્ર આપે તેમ છે. કેવલ હિતનો ઉપદેશ, જેમાં પક્ષપાતનો છાંટો નહિ.

અઈમત્તા મુનિ બાળક છે. બ્હાર ગયા, પાણીની પાળ બાંધી, નાવડી તરીકે પાતરાં મૂકયાં. આજકાલ કહેનાર વિચારજો કે જોઈને આપો! તમારા બજારમાં કોઈ બુધવારિઓ નીકળે તેથી બજાર બંધ કરો છો? એમ અહિં પણ એવો બુધવારિયો નીકળે તેથી સાધુપણું નહિને? ન્યાય કોના ઘરનો! બ્હારગયા, પાણીની પાળ બાંધી નાવડી કોણ? તો પાતરૂં, અજાણમાં કોઇને માલમ નહિ. સ્થવિરોએ તે દેખ્યું. સ્થવિરોએ ભગવાનને કહ્યું, વાત ખરી. એનું કૃત્ય ખોટું છે. તે ભવમાંજ મોક્ષગામી છે માટે એ નિંદા ગર્હના કરવાને લાયક નથી પણ સંઘરવા લાયક છે, કેમકે હોડી તે તરાવતો હતો. એ આત્માનો ઉદ્ધાર કરનાર તેથી આ શું કર્યું તે નહિ કહી શકયા, વિચારો આ બાલકનો જ્યાં બચાવ નહિ, જ્યાં ગૌતમ-સ્વામિ જેવા બેઠા તેનો બચાવ નહિ, કોઇનો બચાવ નહિ. તેના શાસ્ત્રમાં દેખો તો આચાર્ય ઉપાધ્યાય થાય પછી બાયડી છોકરા ગાડી વાડી રાખે તો વાંધો નહિ? આવું અહિં કોઈ જગો પર જોયું?

**શાસ્ત્ર કહેનારા છે તેની ચાર કારણો વડે સિદ્ધિ.**

જ્યાં અથથી ઇતિ સુધી કેવળ આત્માના હિતનો ઉપદેશ. તે કયો? જીવાજીવાદિ નવતત્ત્વનો, તે સર્વજ્ઞ સિવાય કોઇ કહી શકે નહિ. તેમ જ એકરારમાં દ્વાદશાંગિ, ઉન્માદ કરનાર નીકળે તેમ નહિ. પણ કોના હાથમાં? સ્ત્રીની સોડમાં સુવાવાળા માટે નહિ, પરિગ્રહની પલોજણમાં પડી ગયેલા માટે નહિ, એ બે

છોડીને આવો ત્યારે. સાચી મોક્ષની ઈચ્છાવાળા હો તો જ આને અડો ! તે અમે વાંચીએ નહિ. સાધુએ ખાનગી નથી રાખ્યું, તમે સાધુ થાવને ? તે નથી થવું. જે ત્યાગ મોક્ષ નથી લેવા તૈયાર તેને આપવા માટે તૈયાર નથી. સાધુ બને, મોક્ષ મંડાણ કરે તેજ લઈ શકે. પ્રરૂપણા કરે, વાચના આપે. તેમાં ગોટાળો ન રહે. માટે અહિં કોઈ જગોપર અથડામણ થાય તેવું હોય તો કાઢો ! પહેલાં જે વાત કહિ તે આગળ આગળ કહીને પાછળ એકસરખું જેમાં કથન. આધાર કારણો હિતનો ઉપદેશ ૧, સર્વજ્ઞનું કથન ૨, મુમુક્ષુ એવા પુરૂષોએ લીધું ૩, પૂર્વાપરમાં વિરોધ નથી ૪. આ ચાર કારણો હોવાથી સર્વજ્ઞનું કથન છે. આને કહેનારા સર્વજ્ઞ જ છે. એટલું જ નહિ પણ બીજી વાતે નિશ્ચય કરાવે તેવું વચન તમારૂં છે, માટે કહીયે કે વચનની આરાધનાદ્વારાએ ધર્મ છે, તે વિના ધર્મ નથી. તે વચન અંગે ધર્મ કહેલો માનેલો છે. વચનનું સ્વરૂપ વિષય ફલ તરીકે જે જણાવવામાં આવશે તે અધિકાર અગ્રે વર્તમાન:

❀

## 卐 વ્યાખ્યાન ૫૭ 卐

'वचनाराधनया खलु'

**કિંમતી માલની નકલો હોય છે.**

શાસ્ત્રકાર મહારાજા આચાય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે—આ જગતમાં દરેક આસ્તિકો જો કે જુદા જુદા વાડામાં છે, ધર્મના વાડાઓ ઓછા નથી. જેઓ ધર્મની શ્રદ્ધા વગરના છે તેઓ વાડાના નામે ધર્મને ખસેડવા માંગે છે. જ્યારે બુદ્ધિશાળી વાડાના નામે ધર્મને કિંમતી ગણે છે ત્યારે મિથ્યાત્વપ્રેમિઓને જુદા જુદા ધર્મના વાડા છે તેઓ તે નામે ધર્મને ખસેડે છે; શ્રદ્ધાળુ

બુદ્ધિશાળી વાડાના નામે ધર્મની કિંમત ગણે છે. શ્રદ્ધાવગરવાળા કહે કે કયો માનવો? આ આમ કહે છે! આ આમ કહે છે? તે નામે ધર્મથી લોકોને ખસેડે છે. શ્રદ્ધાળુ વર્ગ આ આમ કહે છે તેથી ધર્મમાં મજબુત થાય છે. ધર્મની મજબુતીનું સાધન એક જ કહે છે કે-જેટલા વાડા વધારે-એટલે ધર્મની નકલો જેટલી વધારે થાય તેથી કિંમતી ગણાય. જગતમાં નકલો કોની થાય? દુનિયામાં હીરાની નકલ, મોતીની નકલ, સોના ચાંદીની નકલ બનાવે છે. પણ કોઈ ધૂળ-તાંબા લોઢાને નકલી બનાવે છે? તો ના. કેમ? તેની કિંમત નથી. કિંમતી ચીજ હોય તેની નકલો થાય છે. વગર કિંમતવાળાની નકલ થતી નથી ધર્મ કેવો કિંમતી હશે કે જેની આટલી બધી નકલો થઈ. કિંમતી ન હોત તો આટલી નકલો ન થાત.

**આસ્તિકોને આવતી જિંદગી મીંડાની નથી.**

માટે શાસ્ત્રકારને ચોકખા શબ્દોમાં કહેવું પડયું કે-

**'सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो'**

જેને ધર્મની ઇચ્છા હોય તેને ધર્મને બારિક બુદ્ધિથી તપાસવો પડશે. કારણ શાક લાવતાં ભૂલ થાય તો એક દહાડો બગડે, લુગડાથી ઋતુ બગડે, માલમાં ઠગાય તો પાંચ દશ હજારનું નુકશાન, બાયડી ખરાબ હોય તો આખો ભવ બગડે પણ ધર્મમાં ઠગાય તો શું થાય? ભવોભવ બગડે. આ ભવની સફળતાનો અને આવતા ભવની સફળતાનો આધાર ધર્મ ઉપર. નાસ્તિકોને તો શૂન્ય. મરણ પછી શું? તો મીંડુ. નાસ્તિકોને મરણે મીંડુ ત્યારે આસ્તિકોને તે નથી. તેને તો જીવ અમર છે. નાસ્તિકને જીવ, પરભવ, પુણ્ય પાપ માનવાનું નથી માટે મીંડુ. આસ્તિકોને આવતી જિંદગી મીંડાની નથી. તેનો આધાર ધર્મ ઉપર છે. તેનાથી જે સંસ્કાર આવે તેથી આવતો ભવ સુધરે.

**આઠ ભવ કોણે ?**

માટે શાસ્ત્રકારોએ જણાવ્યું કે–સમ્યક્ત્વની, ચારિત્રની, દેશવિરતિની જઘન્યમાં જઘન્ય આરાધના કરનારો આઠ ભવમાં મોક્ષે જાય. આ ભવથી બીજો ભવ ત્યાં આરાધના વધારે થાય તેમ આગળ આગળ વધતી જાય અને મોક્ષને આપે છે. આધાર શાના ઉપર ? સંસ્કાર નાંખવા ઉપર, ધર્મના આચરણ ઉપર. આવી રીતે શાસ્ત્રકાર જઘન્યમાં જઘન્ય આરાધનામાં આઠ ભવ કહે છે. આરાધના ચ્હાય જેવી હોય જ્ઞાન દર્શન ચારિત્રની, આ નિયમ કહો છો તો શાસ્ત્રકારે દેશવિરતિ અસંખ્યાતિ વખત, સર્વવિરતિ દ્રવ્યથી અનંતિ વખત આવવાની કઈ રીતે કહિ ? વાત ખરી છે. એ આરાધના વિરાધના વગરની લીધી. જેમાં વિરાધના નહોય તેવી આરાધના આઠ વખતથી વધારે ન હોય. પણ વિરાધના હોય; સાધુપણું લીધું હોય પણ વિરાધના કરી તો આઠ ભવનો નિયમ ક્યાંથી લેવો ? આરાધનાના ભવો આઠથી વધારે હોય જ નહિ. બીજા આચાર્યની વ્યાખ્યા–આરાધનાનો ભવ થઈ ગયો પછી ભલે પડી જાય, ખસી જાય તો પણ તે આઠ ભવ કરે. શુદ્ધ આરાધના પહેલેથી થવી જોઈએ. આરાધનાની જડવાળું સાધુપણું તે વિરાધના વાળું હોય તો પણ મોક્ષ આપે. જડ વિરાધનામાં હોય તો ખલાસ !

જિનેશ્વરોના વચનો માનવા ન હોય તેને મૂળમાં જ નકામું. આરાધનાની જડ પહેલી બેસે તો આઠ ભવમાં મોક્ષે જાય. તેને માટે સાધન આપે છે.

**હું અને મ્હારૂં હોય ત્યાં આરાધનાનું બીજ નંખાય નહીં.**

મહાવીર મહારાજ ગૌતમ સ્વામીને કહે છે કે હે ગૌતમ ! ફલાણા ખેડુતને પ્રતિબોધ કર ! ખેડુતને વાતમાં દીક્ષા માટે તૈયાર કરવો, કઈ સ્થિતિ. તેને ઠેકાણે લાવવો કેવી રીતે ! આ શું કરે છે ! તો ખેતી. આમાં હત્યા થાય છે ને ? તો હું શું કરૂં ? હત્યાનું

પાપ ક્યારે ભોગવીશ? ક્યાં સુધી કુટુંબ જોડે રહેશે? હત્યાનું પાપ ભવોભવને? કુટુંબ આ ભવમાં પણ વહાલું નથી. તો હું શું કરૂં? તારે હિંસા આરંભ ન કરવો પડે, કુટુંબનો ઓશિયારો નહિ. આવતા ભવનું ભાતું બંધાય તેવું કર! આકરૂં પડે તેથી શું કરૂં! આનાથી છૂટા થવાય તેવું થતું હોય તો દુષ્કર કરવામાં શો વાંધો છે? આ ખેડુતને ગૌતમસ્વામી કહે છે કે—અમારી સ્થિતિ આ છે. એટલા માટે અમે નીકળી ગયા છીએ. તો અમને કાઢો! દીક્ષા આપી મહાવીર ભગવાન પાસે લાવ્યા. ત્યાં મહાવીર મહારાજને જોતાંજ ગૌતમસ્વામીને કહે છે કે—આ તમારા વડેરા ને પૂજ્ય હોય તો આ ઓઘોને મુહપત્તિ!!! વિચારો કઈ હદે આવ્યો ને કઈ હદે વિરાધના થાય છે. વચલા જમાનામાં જે લેખકો, ઇતિહાસકારકો જણાવે છે કે–ઈન્દ્રો ગૌતમસ્વામિજીની મશ્કરી કરવા લાગ્યા કે—કેવો સારો દીક્ષિત લાવ્યા? દીક્ષા નથી પાળવી. પણ પોતાના વિચારો મહાવીર મહારાજના માથા ઉપર મૂકવા છે. આ વચલા કાળના લેખકો તે પ્રૌઢ ગ્રંથકાર નથી. મૂળવાતમાં આવો—જ્યાં આવા દ્વેષથી છોડીને ચાલતો થાય છે. સાંભળવાયે રહેતો નથી. વગર ઉત્તરનું વગર સમાધાનનું કથન આ હોય તો નહિ જ નહિ. છોડીને ચાલતો થયો ત્યાં ગ્રંથકાર મહારાજા ને પુછ્યું કે—આમાં શું? આમાં એકજ મુદ્દો—આઠમા ભવે આરાધનાના બળે મોક્ષ મળશે. માટે મહાવીર મહારાજે ગૌતમસ્વામિને મોકલીને કરાવ્યું. કઇ સ્થિતિમાં? લઈને તૂરત મહાવીરના નામે છોડી દે છે. દીક્ષા વખતે આરાધનાનું બીજ સજ્જડ વાવી દીધું. તે બીજના અંગે આઠમા ભવમાં મોક્ષ તેને માટે શાસ્ત્રકારને લખવું પડયું કે—ચારિત્ર આઠ ભવમાં મોક્ષ દેનાર જ છે. આ સિદ્ધાંતને અંગે મહાવીર મહારાજ જાણતા છતાં ગૌતમસ્વામીને મોકલીને હાલિકને દીક્ષા અપાવી. હું અને મારૂં હોય ત્યાં આરાધનાનું બીજ નાંખી શકે નહિ. આરાધનાનું બીજ નાંખે તો આઠ ભવમાં મોક્ષ મેળવે. એક ભવમાં આરાધનાનું બીજ ભવોભવ વધારીને આઠમે

ભવે મોક્ષ દેનારૂં છે. પણ વિરાધના ન હોવી જોઈએ. તે મુદ્દાએ વિચાર કરીએ.

**ધર્મ બારીક બુદ્ધિથી તપાસવો જોઇએ.**

વિરાધના કરીને પછી પડવું પણ સજ્જડ થાય. છાપરેથી પડે તો બેભાન થાય ને માથું ફૂટે. ઓટલેથી પડે તો બેભાન નહિં થાય. અહિંયાં જેઓ દેવ ગુરૂ ધર્મ ને અંગે વિરાધનામાં આવે તેવાને આરાધન પહેલાં થયું હોય છતાં તેવી સ્થિતિમાં ભવોભવ રખડવું પડે. એક ભવની વિરાધના વગરની આરાધના આઠ ભવમાં મોક્ષ આપે. આસ્તિક સમજે કે–એકજ જિંદગી જો સુધરે તો મોક્ષ સુધીની જિંદગી સુધરી જાય. એક જિંદગીમાં વિરાધના વગરની આરાધના ભવોભવ સુધારે, મોક્ષ ન પામે ત્યાં સુધી આરાધના ચાલુ રહે છે. એક વખત હારી ગયો તો ભવોભવ હારી ગયો. આ કોણ ગણે? આસ્તિકો. માટે રખે ધર્મમાં ઠગાવવું થાય નહીં તેવી સાવચેતી રાખવી પડે. શાક લુગડા હીરા, સોનામાં ઠગાયો તો નુકશાન વધારે નહીં, પણ ધર્મની પરીક્ષામાં ઠગાય તો ભવોભવની નુકશાની થાય. માટે ધર્મને બારીક બુદ્ધિથી તપાસવો જોઈએ. અને બારીક બુદ્ધિથી લેવો. કેમ? તેની નકલો ઘણી છે. કેમ નકલો ઘણી છે? તો ધર્મ કિંમતી છે માટે. આ કિંમતીપણું દરેક આસ્તિકે ગણ્યું છે. મનુષ્યપણું, લાંબુ આયુષ્ય, સંપૂર્ણ પંચેન્દ્રિયપણું, નિરોગીપણું કોને આધીન? તો ધર્મને આધીન સદ્‌ગતિ ધર્મને આધીન. ધર્મને આધીન આટલી વસ્તુ છતાં તેની કિમત કેટલી? જે વસ્તુથી વધારે વસ્તુ મળતી હોય તે બધાં કરતાં મૂળ વસ્તુ કિંમતી હોય. ધર્મથી મળે માટે કિંમતી.

એના આટલા બધા વાડા છે. ધર્મ વસ્તુ કિંમતી ન હોત તો વાડા નહોત. દુનિયામાં ગમાર સોનાને બદલે રૂપિયા લેવા માંગે છે. કારણ? તો પીત્તલ આવી જાય તો ક્યાં પંચાત કરવી. તેથી રૂપિયાને માંગે. તેમ આ ગમારો ઘણા વાડાને નામે ધર્મને કોરાણે મૂકે, ગમાર કાચને બદલે હીરાને કોરાણે મૂકે, કાચ આવી

જશે તેથી હીરો લેવોજ નહિ. તેમ અહિં આગળ ધર્મ ઘણા દેખીને વખતે કઈ ઉલટો ધર્મ આવશે, માટે ધર્મ જોઈએ નહિ; આથી ધર્મને ખસેડે છે. બુદ્ધિમાનો ધર્મની નકલો જોઈને ધર્મની કિંમત ગણે છે.

સંસારને સાર ગણનારા ધર્મના પગથિઆથી બહાર છે.

ધર્મના નામે જુદા જુદા વાડા છે છતાં એક વાત બધા પાસે મળતી છે, તેમાં વિરોધ નથી. કઈ વાતમાં? દેવને માનવા જોઈએ. જેટલા આસ્તિકો છે તે બધા પરમેશ્વરને ગુરૂને ધર્મને માનવાને અંગે એક મત છે, તેમાં મતભેદ નહિ. જો કે નામ, સ્વરૂપ, વ્યક્તિ, દેશ, કૂળમાં મતભેદ. પણ દેવ ગુરૂ ધર્મ નામને અંગે કોઇનો મતભેદ નહિ, બધાને કબુલ છે. કારણ? આસ્તિકો એ સ્થિતિમાં જરૂર હોય છે, કે સંસાર અસાર છે. દરેક મત-વાળાએ આ પ્રમાણે કહ્યું છે, કે આવો જે હોય તે અમારા ધર્મના છેડે છે. કેવો? જે જણાવીએ છીએ તે, જૈન કહે છે તેમ નહિ 'असारोऽयं संसारो' દરેક કહે છે.

જેઓ આ માનનારા હોય કે આ સંસાર છેવટે કેળનો થાંભલો માત્ર છે. ચ્હાય જેટલો મોટો હોય, જાડો કેળનો થાંભલો હોય પણ પડ ઉકેળીએ તો અંદર લાકડું ન નીકળે. કેળનો થાંભલો વગર ઉકેળે સારો, તેમ આ સંસાર ઉકેલવા જઈએ તો અસાર છે. ધન મા બાપ છોકરા છોકરી સગા નહિ. 'असारोऽयं' તમે કહો છો તે કબુલ છે. કેળના થાંભલાની માફક અંદર કંઇ નથી. પડોથી સુંદર દેખાય છે. દેખાવની સુંદરતા છે પણ વસ્તુ કંઇ નહિ. તેમ સંસાર દેખાવનો સુંદર પણ વસ્તુ તરીકે કંઈ નહિ. પરંતુ જેમ કેળનો થાંભલો અંદર લાકડા વગરનો છે છતાં જે અંદર રહેલા સુંવાળા રસદાર પડોએ કરીને ચકચકે છે કોણ? તો કેળનો થાંભલો. તેવું કોઇપણ ઝાડનું થડીયું ચકચક નહિ હોય. તેમ આ સંસાર અસાર તે અમે જાણીએ છીએ. આ શરીર બળ્યા પછી કંઈ નથી. આ સંસાર છેવટમાં મીંડુ છતાં

પણ ઘણો સારો છે. કેમ ? આ જીવનમાં દુધ, દહિં, ઘી, પાણી, પાન, બીડા મળે છે, મનોહર સ્ત્રીઓ મળે છે. તો તે સાર જ છે ! આવું આસ્તિકો ગણતા નથી. આવું જે માનનારા બોલનારા તે અમારા ધર્મના પગથિયાથી પણ બહાર છે.

આપણામાં જેને ભવાભિનંદી કહિયે છીએ તે કેવા હોય ? તો સંસારને સોભાગી ગણનારા. સોભાગી સંસાર માનનારા કહેનારા તે ભવાભિનંદી તેવાને દૂર જ રાખીએ છીએ. હરિભદ્રસૂરિજી કહે છે કે–જે હજી સકૃત બંધક, અપુનર્બંધક અન્ત્યપુદ્ગલપરાવર્ત-માં નથી આવ્યો. અત્યારે બંધ થયા છતાં એક વખત ૭૦ કોડાકોડી બાંધશે તે સકૃતબંધક. જે અત્યારે બંધ થયો તે પછી બાંધવાનો નથી તે અપુનર્બંધક. સમકિતથી અલગ માર્ગપતિત, માર્ગાભિમુખ, અપુનર્બંધક તેનાથી નીચી દશા સકૃતબંધક. તેવી દશામાં આવેલાને ધર્મ હોય નહિ. કારણ તેમને આ સંસાર સારવાળો લાગે છે દહિં દુધ વગેરે અહિં છે. સંસારને–સોભાગી બનાવવાની ચાહનાવાળાને ધર્મને પગથિએ ચડેલાઓ ધર્મી ગણતા નથી. ત્યારે ચડેલા કોણ ? તો સંસારને અસાર ગણનારો. સંસાર જન્મ જરા મરણ વિગેરેથી ભરેલો છે. ઈષ્ટનો અનિષ્ટનો સંયોગ વિયોગના દુઃખોથી ભરેલો છે. તે માન્યતા-વાળાને દરેક આસ્તિક ધર્મના પગથિએ ચડેલો ગણે છે.

**ભવાભિનંદી ધર્મને માટે નાલાયક છે.**

એવી રીતે જેઓ સંસારને સોભાગી ગણનારા છે તેને માટે ધર્મ કામનો નથી. તમને સમજાવતાં બોલતાં અર્થ કરતાં નહિ આવડતો હોય ? તો તમને પુછીએ કે–ગાયનનો ઉસ્તાદ હતો તેની આગળ ગધેડાને મૂકયો ? તેને ગાતાં બોલતાં નથી આવડતું ? જો આવડતું હોય તો કેમ ન શીખે ? તેમાં ઉસ્તાદનો વાંક નહી, તેમ ભવાભિનંદીઓ ધર્મ ન પામે તો વાંક કોનો ? ધર્મ કથનકારનો કે શાસ્ત્રનો વાંક ? ઉસ્તાદ ગધેડાને તૈયાર નથી કરતો તો વાંક કોનો ? તો ગધેડાનો. તેમ અહિં ભવાભિનંદી જે

હોય તે માર્ગને લાયક બનતા નથી. જૈન શાસ્ત્રકારે ભવાભિનંદીને નાલાયક ગણ્યા છે, બીજાએ પણ નાલાયક ગણ્યા છે.

**ધર્મની વાતો ક્યાં ?**

આસ્તિક માત્રને ધર્મ સારો છે, તે ભવોભવનો આધાર છે. તે ધર્મને બતાવનાર કેવલ ગુરૂ. ગુરૂ સિવાય દુનિયાની બીજી ચીજો બારોબાર મલી જાય. ચાર ભાઈ ભેગા થાય ત્યાં ઘરની વાત મલે, નાતીલા ભેગા થાય ત્યાં નાતની–વિવાહની વાત મળે, ગામવાળા મલે તો ગામની વાત મળે, દેશવાળા મલે તો દેશની વાત મળે. પરંતુ ધર્મની વાત કોઇ જગો પર જોઈ શકતા હો તો બોલો ? કુટુંબ–નાત–ગામ–દેશના મેલાપમાં ધર્મને સ્થાન હોય તો તપાસો ! ધર્મને સ્થાન ક્યાં ? તો ફક્ત ગુરુની પાસે. માટે શાસ્ત્રકારને 'विना गुरुभ्यो गुणनिरधिभ्यो तत्त्वं न जाणाति विचक्षणोऽपि' કહેવું પડ્યું—

**ધર્મ ક્યારે જણાય ?**

આ જગતમાં ગુરુ વગર ધર્મને કોઈ જાણી શકે ? ગુરુ કેવા જોઇએ ? ગુરૂ નામધારી ન હોય પણ ગુણના દરિયા હોય. તેવા ગુરુ મલ્યા વગર કોઇ મનુષ્ય ધર્મને જાણી શકતો નથી. ચ્હાય જેવો ડાહ્યો હોય પણ તેનું ડહાપણ ઘરમાં કિંતુ ગામ કે દેશમાં ન ચાલે; તેમ આત્મામાં સ્વતંત્ર ડહાપણ નથી આવતું. 'आकर्णदीर्घोज्ज्वललोचनोऽसौ दीपं विना पश्यति नान्धकारे' સામાન્ય રીતે આંખો લમણા સુધી હોય પણ કલ્પનાથી લો કે આંખો કાન સુધી હોય, શેરડીના શાંઠા જેવી હોય, નાળીએર જેવી હોય, અને નિર્મળ એવા ચક્ષુ હોય તો પણ અંધારામાં દીવા વગર દેખી શકે નહિ. જેમ અંધારામાં દીવા વગર પદાર્થ દેખી શકાય નહિ, તેમ સંસારની, મોહજાળની ફસામણમાં ધર્મ જાણી શકીએ નહિ. તો ધર્મ ક્યારે જણાય ? ગુરૂ હોય તો. માટે ગુરૂતત્ત્વ દરેક આસ્તિકે માનેલું છે.

ગુરુ કેવા જોઈએ ?

ધર્મ અને ગુરૂ માનવા કોના આધારે ? તો દેવના આધારે. દરેક આસ્તિકે આવી રીતે ત્રણને માન્યા છતાં જૈન ધર્મ મુખ્ય આધારને પકડી શકે છે. બીજાઓ આધાર પકડી શકતા નથી. બીજામાં ધર્મ ભક્તો માટે પણ ભગવાનને માટે નહિ. ચહાય જેવા પ્રપંચો, જુઠ, ચોરીઓ કરે તો ભગવાનને વાંધો નહિ. કેમ? તો ભગવાનને ધર્મનો સંબંધ નથી. જૈનેતરોમાં ભગવાન અને ધર્મને સંબંધ નહિ. એકાંત નિત્ય મત કેમ માનવો પડ્યો ? જો એકાંત નિત્ય મત ન માને તો તેમના ભગવાનના ભોગ લાગે ! જે જૈન દર્શન સ્યાદ્વાદ માને છે તેને નહિ માનતાં નિત્ય-એકાંત વાદ માને છે. તેમના ભગવાનનું એક સારૂં કાર્ય લાવો ? ત્યાં આગળ ભગવાનને ધર્મનો સંબંધ નહિ. તેમ ગુરૂને પણ ધર્મ સાથે સંબંધ નહિ. ત્યારે અહિં જૈનદર્શનમાં ભગવાન ગુરૂ પણ ધર્મના બંધાયેલા, તેના બંધ વગરના દેવ ગુરૂ નહિ. માટે જણાવ્યું કે- ભગવાન મહાવીર કેવલજ્ઞાન પામ્યા, વિહાર કરતા હતા છતાં 'संजमेणं तवेणं'-સંયમ તપથી આત્માને વાસિત કરતા. અહિં ગુરૂ ધર્મ પામે તો પણ તેની સાથે-ધર્મ જોડે માથું જડેલું હોય; 'पंचमहव्वयजुत्तो'-'चउव्विहकसायमुक्को' પાંચ મહાવ્રતવાળા, ચાર કષાયના નિગ્રહવાળા વિગેરે ગુણોવાળા જોઈએ. જૈનોને દેવ ગુરૂ ધર્મના સાથે માથું જડનારા જોઈએ, પણ રાજીનામાવાળા પાલવતા નથી. ગુરૂને જન્મભર ધર્મની આરાધના કરવાની. તેમાં વર્તવાનું અને તેમાં રહેવાનું. હવે વિચાર કરો કે- ધર્મની કિંમત ક્યાં માની ?

ગમારને હીરા મોતીની વાતચીત કહીએ પણ તેને પારખવાનું નહીં. તેમ અહિં ધર્મ જરૂરી ચીજ છે તેમ કહે છે. પણ તેના રસ્તે રહેવાનું નહિ અમારા દેવ ગુરૂ ધર્મના રસ્તે નથી તો અમારે આવીને શું ? વૈષ્ણવને પુછશો તો કહેશે કે ભગવાન જુગાર રમ્યા એટલે ભક્તોએ રમવો જોઈએ, તે ભગવાનનું

આચરણ લેવું. ભગવાનનું કામ જુગાર રમવાનું સરમુખત્યાર શાહી બોલે છે કે બસ હું કહું તે મારા કહેવા પ્રમાણે કરવું. મારા વિચારથી વિરૂદ્ધને મારી નાંખવામાં આવશે. જો સરમુખત્યારી ન હોય તો ધર્મના માર્ગે આવો. ધર્મનો માર્ગ લેવો હોય તો બસ હું કહું છું તે કરવું પડશે! નહિ કરો તો પરાણે કરવું પડશે! આ વાકય બોલાય નહીં. અહિં તો ધર્મનું બંધન છે. જેમ ન્યાયી રાજ્ય વખતે કાયદાનું બંધન જેટલું રાજાને પ્રધાનને તેટલું જ પ્રજાને હોય તેમાં ફેર નહીં તેમ જૈનમાં જેટલું ધર્મનું બંધન દેવ ગુરૂને છે તેમ ભક્તોને પણ તેટલું જ છે. માટે કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી મહારાજ કહે છે કે–હે ભગવાન! તમારા આગમને જે માનું છું તેમાં બીજું કારણ નથી. કેમ? તો મેં તમને કે તેમને દેખ્યા નથી. તેમના ને તમારા પરિચયમાં આવ્યો નથી. પણ બેયને મારે તપાસવાના છે. તેમના ને તમારા રિવાજો જુદા છે. તમારો રિવાજ હિતોપદેશ સિવાય કઈ નથી. ત્યારે ત્યાં આગળ ધંગધડો નથી.

**વેદ પુરાણો આદિમાં પૂર્વાપર દોષો આવે છે.**

તમારે આત્માનું સ્વરૂપ, ગુણો, તેને રોકનારા કર્મો, કેમ બંધાય, ઉદય, ઉદીરણા, સત્તામાં જે હોય તે બતાવવાનું છે. ત્યારે તેનામાં તેનું નામ નિશાન નથી. તારે મોક્ષ ગયાને આટલી બધી મુદ્દત ગઇ. છતાં આ કોણે ઝીલ્યું? તો સંસારના ત્યાગીઓ મહાવ્રતોના ધારકોએ, તેમાં ગોટાળો થવાનો સંભવ નથી; એટલું જ નહિ પણ આગળ કંઈક ને પાછળ કંઈક આવું પણ નહિ ત્યારે બીજામાં 'न मांसभक्षणे दोषो' માંસ ભક્ષણમાં દોષ નથી આ પ્રમાણે જણાવીને આગળ જણાવ્યું કે–જેનું માંસ મેં ખાધું તે પરભવમાં મને ખાશે! આમ જણાવે છે. તેથી વેદના નામે લોકોને ભડકાવે છે. બે માણસ બેઠા હોય ત્યાં અર્થ કરો પણ પહોંચી શકે નહિ. તદ્દન અનાચારનું ઘર; છેલ્લામાં છેલ્લું બિંદુ! ટુંકાણમાં તપાસીએ તો રાજસૂય યજ્ઞમાં–રાજાની રાણીનો

ઘોડાની સાથે સંબંધ માને, તેમાં મંત્ર અને વિધિ ગણે. આમાં અનાચાર સિવાય બીજું કયું છે? સ્મૃતિમાં, વેદમાં પણ તે પૂર્વાપરાર્થે વિરોધ એક બાજુ દયાના હુકમ કરે ત્યારે બીજી બાજુ મારવાના હુકમ કરે. ત્યારે જૈનશાસનમાં તે નથી, તેથી આગળ પાછળ જોવામાં આવે તો એક સરખું લાગે. માટે તારા આગમને સત્પુરૂષો પ્રમાણિકપણે ગણે છે. તારા નામે નહિ, પણ આ ગુણોથી. આ ગુણો બીજામાં હશે? આ રજીસ્ટર કર્યા નથી. બધાને છૂટ છે. પણ લઈ ન શકે તેમાં અમારે શું? તેમના નસીબ 'हिंसाद्यसत्कर्म'

**બીજાઓનાં શાસ્ત્રો અપ્રમાણ છે.**

બીજાના શાસ્ત્રોને જુઠા કહેવાની જરૂર નથી, કારણ? જુઠા કહેતાં દુઃખ થાય છે, છતાં કહ્યા વગર ચાલતું નથી. તારા સિવાય બીજા શાસ્ત્રોને અપ્રમાણિક ગણીએ છીએ. કારણ? હિંસા જુઠ ચોરી પરિગ્રહ વિગેરેના ધંધા તેમાં જગો જગો પર. પછી શું કહેવું? અપ્રમાણ ન કહેવું તો શું કહેવું? ધર્મના નામે ભકતોમાં ધાડ પાડનારા તેવા મનુષ્યો કરતાં લુંટારા તે પોતાના નામે ધાડ પાડે છે તે સારા છે. હિંસાદિ ખરાબ કામો, તેનો ડગલે પગલે ખરાબ ઉપદેશ. જીવવર્ધન નામના રૂષિ ભુખ્યા થયા છે, પોતાના છોકરાને મારવા દોડ્યા છે. તો કહેશે કે–તેમને પાપ નહીં! કારણ કે તેમને ભુખ લાગી તેથી તેનો ઉપાય કર્યો! આવાને હું પ્રમાણભૂત કેવી રીતે કહું? મંત્રનો સંસ્કાર કરીને માંસ ખાવામાં વાંધો નહિ. કોને? તો બ્રાહ્મણોને. બ્રાહ્મણોની ઇચ્છા થાય ત્યારે માંસ તૈયાર કરવું. આવા ઉપદેશોને પ્રમાણ કઈ રીતે કહું? આ હિંસા જુઠ વગેરેમાં એ સ્થિતિ છે. કોની? તો બીજાના શાસ્ત્રોની, તેને કોણ કબુલ કરે છે? યજ્ઞમાં જાનવર હોમીને ભાગ વહેંચનાર તેને કબુલ કોણ કરે? ચામડીયા મડદાનો ભાગ નહિ વહેંચે, રહેલા ભાગને ઓળગાણા લઈ જાય. તેની જગોપર આ લોકો માથું પગ ગળું પેટ ફલાણાએ લેવું.

આને શું કહેવું? દુષ્ટમાં દુષ્ટબુદ્ધિવાળાએ આ ચલાવ્યું છે. નિર્દય એવાએ ચલાવેલ છે.

**વીતરાગના શાસનને નમસ્કાર કેમ?**

તેઓએ શાસ્ત્રના કરનાર કોણ માન્યા? એકે સર્વજ્ઞ નહિ. જેને સર્વજ્ઞે કહેલું નથી, દુર્બુદ્ધિએ ગ્રહણ કરેલું, હિંસાદિના માર્ગો આ બધાને અપ્રમાણ સિવાય શું કહું? શાસ્ત્રનો ધર્મનો ગુરૂનો દેવનો આધાર વચન ઉપર. આપણને સારૂ આગમ મલ્યું તેથી સારા દેવાદિને માની શકીએ. બીજાને ખરાબ આગમ મલ્યા તેથી સારા દેવાદિને માનવાનો અવકાશ નથી. માટે વધારે જણાવ્યું કે—

**यदीयसम्यक्त्वबलात् प्रतीमः भवादृशानां परमाप्तभावम्।**
**कुवासना पाशविनाशनाय, नमोऽस्तु तस्मै तव शासनाय॥**

હે પ્રભુ! આ તમારૂં શાસન તમારા વીતરાગપણાનો સ્વભાવ શાસ્ત્ર દેખાડે છે. જે જગતમાં કુવાસના છે તેના હલ્લામાંથી બચી શકતા હોઈએ તો તારૂં શાસન છે માટે હે ભગવાન! તમારા શાસનને નમસ્કાર કરૂં છું.

આવું શાસન આગમ વચન છે માટે વચનની આરાધનાથી ધર્મ છે. વચન વક્તાના આધારદ્વારાએ જણાવ્યું. પણ વિષય. સ્વરૂપ, ફલદ્વારાએ જણાવવું જોઈએ. તો તે કઈ રીતે જણાવશે. તે અધિકાર અગ્રે વર્તમાન.

❀

## 卐 વ્યાખ્યાન ૫૮ 卐

**'वचनाराधनया खलु'**

**નાસ્તિક શબ્દથી ચીડાતાએ વિચારવાનું.**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે-આ જગતમાં જેટલા આસ્તિકો

છે તે બધા એક મતવાળા છે. આસ્તિકમાં આ બાબતમાં મતભેદજ નથી. કઇ બાબતમાં? સામાન્ય રીતે દરેક મતના દેવો ગુરૂઓ ધર્મો રિવાજો જુદા છતાં બધા એક મતે મળે છે. કયો વિષય? માટે શાસ્ત્રકારે કહ્યું કે દેવ ગુરૂ ધર્મ માનવો જોઇએ. આની માન્યતા બાબતમાં સર્વ આસ્તિકો એકજ મતમાં છે. કોઈ આસ્તિક દેવાદિને નહિ માનનારો નથી. જે જે આસ્તિક છે તે તે દેવાદિને માનનારજ છે.

સમાન્ય રીતે જેઓ પોતાને ભલે આસ્તિક કહેવડાવવા માંગતા હોય, આગળ જતાં નાસ્તિક શબ્દથી ચીડાતા હોય, તવાએ વિચારવું કે–આ ત્રણ વાતો તમારે માનવીજ પડશે. જો તમો નાસ્તિક ન કહેવડાવવા માંગતા હો તો ત્રણને માનવા પડશે. પારકું દેવું એક કોડીનું ન ઓળવે તે શાહુકાર ગણાય. હું કોઈનો દેવાદાર નથી તેવાવાળાએ જમે ખાતા વગરનો એક પૈસો રખાશે નહિ. તેમ આસ્તિક કહેવાવું હોય, હું નાસ્તિક નથી તેમ કહેવડાવવું હોય, નાસ્તિક શબ્દથી ચીડ રાખવી હોય તેને આ ત્રણ વસ્તુ કરવી પડશે. દેવ ગુરૂ ધર્મને માનવા, એને દરેક આસ્તિક ગણાતા લોકો આ ત્રણ વાતને મંજુર કરનારા હોય છે. પછી દેવ ગુરૂ ધર્મમાં નામ વ્યક્તિ નાત જાત દેશ રીતરિવાજમાં ફરક હોય પણ તેને દેવાદિ માનવા પડે. જો પોતાને આસ્તિક કહેવડાવવું હોય, નાસ્તિક ન કહેવડાવવું હોય તેને ત્રણ માનવાજ જોઈશે! દેવાદિ ત્રણ માનવા નથી ને આસ્તિક કહેવડાવવું તે કેમ બને? પારકી રકમ હજમ કરવી ને શાહુકાર ને ઈમાનદાર ગણાવવું છે તે કેમ બને? જેને બેઈમાન નથી ગણાવવું તેવાએ ઈમાનદારી રાખવી જોઈએ, ને બેઈમાની છોડવી જોઈએ. તે તારે કરવું નથી ને દુનિયા મને ઈમાનદાર કહે. સત્તાના જોરે કહિ દે પણ હૃદયમાં તે દેવાળિયોજ ધારે. અહિં પણ જેઓ દેવ ગુરૂ ધર્મને માનવા તૈયાર નથી. તેઓ પોતાના આસ્તિકપણાનો દાવો કઈ રીતે કરે? પોતે નાસ્તિક નથી.

તે કઇ રીતે સાબીત કરે ? વચનથી બોલવું પણ તેની સાબીતી નથી. આસ્તિક માત્રને નિયમ—તેને દેવાદિને માનવાજ જોઇશેજ. જગતમાં કોઈ પણ આસ્તિક દેવાદિની માન્યતા વગરનો નથી. તમારે દેવાદિને માનવા હોય તોજ આસ્તિકમાં આવી શકો, નહિ તો ન આવી શકો. માટે આસ્તિક માત્ર દેવાદિને માનનારા છે.

**સૃષ્ટિના સર્જનહાર પરમેશ્વર માનવામાં આવતી આપત્તિ.**

પરંતુ દેવાદિના નામે સરખાવટ છતાં જૈન ને જૈનેતરમાં માન્યતાને અંગે રાત દિવસ, આકાશ પાતાલ જેટલું આંતરૂં પડે. જૈનેતરો માત્ર દેવને કયા રૂપે માને છે ? સૃષ્ટિના સર્જનહાર તરીકે, ત્યારે જૈનો સૃષ્ટિ તો જીવના ઉદ્યમને આધીન માને છે. કોઇ જગોપર વગર વાવે ઝાડ ઉગ્યા નથી. પૃથ્વીકાયનાં પુદ્ગલો, અપ્—તેઉ—વાઉ—વનસ્પતિકાયના પુદ્ગલો લઈને તે પ્રમાણે પરિણમાવવાના. ખોરાક આપણે લઇએ તે શરીરપણે પરિણમાવીએ છીએ. ખોરાક લેવાનું શરીર બનાવવાનું આપણી ઇચ્છા પ્રમાણે, જે ઇન્દ્રિયના બંધન રક્ષણ તે આપણા હાથની ચીજ. તેનું રક્ષણ કરવું, તેને સુધારવું તે આપણા હાથની વાત છે. સૃષ્ટિના સર્જનહાર તરીકે માનીએ તો જગતનું નખ્ખોદ વાળનાર દેવને! વૈદો તો જગતના ઉપકાર કરનારા. રોગ કરનાર ઈશ્વર ને મટાડનાર વૈદ તો ઉપકારી ને અપાકરી કોણ? આંખમાં ફુલું પડયું તો પરમેશ્વરે પાડયું ને આંખ ચોકખી કરી ડૉકટરે તો ઉપકારી કોણ? પરમેશ્વરે દરિદ્ર કર્યા ને શેઠની મહેરબાનીથી ધનવાળા થયા તો ઉપકારી ને અપકારી કોણ? સૃષ્ટિના સર્જનહાર તરીકે લઇએ. તો પરમેશ્વરની સ્થિતિ અપકારીપણામાં આવશે. તે ન માનો તો આ બધા અપરાધ તમારા ઢોંગ ગણાશે. વૈદ ને ડૉકટરને ખોળવા તે ઢોંગ. તેને મટાડવું હશે તો મટાડશે. જ્યારે જવાબદારી ને જોખમદારી તેની છે, તો તમારે શું ?

ભાડુત ભાડાના ઘરમાં રહ્યો પણ ઘરની ચિંતા નહિ. પણ ઘરવખરીની ચિંતા હોય છે. ઘરમાં તડ તડે તો માલિક તપાસે.

પણ ભાડુત પુંજી ખર્ચીને સમાર કરાવે નહિ. ઘરની જવાબદારી જોખમદારી માલિકની પણ ભાડુત તો ભાડાથી રહેલો છે માટે તેને કંઈ લેવાદેવા નહિ. સૃષ્ટિના સર્જનહાર તરીકે માનીએ તો આપણે ભાડુતી, આપણે કરવાનું કંઈ નહિ.

**જૈનોને ઈશ્વર અપકારી નથી.**

જૈનો ઈશ્વરને અપકારી હેરાન કરનાર તરીકે માનવા તૈયાર નથી. પણ કેવલ ઉપકારી માનવા તૈયાર છે. અપકાર કરનાર નથી. ઉપકાર કરનાર છે. કયા રૂપે ? તો તે સ્વતંત્રપણે ઉપકાર કરતો જ નથી. ત્યારે ઉપકારનું સાધન જગત આગળ રજુ કરે છે. તેનો જે ઉપયોગ કરે તે ઉપકારનું ફલ મેળવે. ઉપયોગ ન કરે તે ન મેળવે. જેમ સૂર્યનો ઉદય થયો ને તેના અજવાળાનો ઉપયોગ કર્યો તો કાંટા ઢેફાથી બચ્યા તેમાં ઉપકાર કોનો? પણ ખાડામાં પડ્યા ને કાંટા વાગ્યા તેમાં સૂર્ય કર્તા નથી. સૂર્યનો ઉદય ફાયદા માટે અજવાળું કરનાર છે. તેનો ઉપયોગ કરો તો ફાયદો થાય અને ભૂલ કરો તો અપકાર થાય. સૂર્યના અજવાળે તમને બચવાનું સાધન આપ્યું. તમે તેનો ઉપયોગ કરો તો બચી શકો, ન કરો તો ન બચો! તેથી સૂર્ય તે તમારા અપકારનું કારણ નથી. તેમ ભગવાન જે જિનેશ્વરો તેને જૈનોએ માન્યા કયા રૂપે? તો દેશના દ્વારાએ જગતને અજાણપણાની જાણ કરવી. અહિં દીવો કરીએ તે કાંટા ને પથરાને ઉત્પન્ન કરતો નથી. સોના પિત્તલને ઉત્પન્ન કરતો નથી, પણ તે તો પહેલાંના છે, દીવો તો તમને દેખાડે છે.

**હિંસામાં પાપ અને દયામાં લાભ અનાદિ કાળથી છે.**

જૈનો ધર્મ અનાદિનો અને અધર્મ અનાદિનો તેમ પુણ્ય પાપ અનાદિના માને છે. ભગવાન રૂષભદેવજી થયા ત્યારે હિંસાદિ પાપ થવા લાગ્યું તે પહેલાં નહોતું તેમ નહીં ? ભગવાનની પહેલાં હિંસાદિ કરે તો તેમાં પાપ નથી તેમ કયારે કહેવાય ? તો

ભગવાને પેદા કર્યા હોય તો ? તેમ દયા પાળનારને ધર્મ થાય, સત્ય પવિત્રતા, બ્રહ્મચર્ય નિર્મમત્વનો ધર્મ તે કંઈ નહોતો ? ને ન હોય તેને કરી દીધો તેમ નથી; હિંસા વિગેરેમાં પાપ નહોતું દયા વિગેરેમાં પુણ્ય નહોતું તે તેમને કરી દીધું ? જો તે નહોત અને તેમને જો કર્યું તો જગતમાં જુલ્મ તેમને કર્યો. પહેલાં હિંસાદિથી પાપ ચાલ્યું જતું હતું તેથી તેમને તેમાં પાપ ઉભું કર્યું તેમ કહેવુંને ? સૃષ્ટિના સર્જનહાર માનીએ તો હિંસાદિના પાપ તેમને ઉભા કર્યા, પણ તે પહેલાંના નહોતા, કોઇ કાલ એવો નહોતો કે હિંસામાં પાપ ને દયામાં લાભ નહોતો. પરંતુ હિંસામાં પાપ ને દયામાં લાભ આ અનાદિથી ચાલતુંજ હતું.

**હિંસા આદિનું જ્ઞાન આપનાર ભગવાન.**

પરંતુ ભગવાને તે આપણને ઓળખાવ્યું. આનું નામ હિંસા, આનું નામ જુઠ, આનું નામ ચોરી, આનું નામ મૈથુન, આનું નામ પવિત્રતા, આનું નામ પરિગ્રહ તેનાથી પાપ થાય. આનું નામ દયા, નામ બ્રહ્મચર્ય, આનું નામ નિર્મમત્વ તેનાથી લાભ થાય. શું કર્યું ? પરમેશ્વરે હિંસા વિગેરે નહોતા દયા વિગેરે નહોતા તે ઉભી કરી ? દયાથી લાભ હિંસાદિથી પાપ અનાદિથી સિદ્ધ હતું, પણ જીવને તે જ્ઞાન નહોતું કારણ ?

**અર્થ અને કામમાં ઉપદેશની જરૂર નથી.**

ઉપદેશ '**विनोपदेशां**' વગર પણ મનુષ્ય અર્થ કામ ઇન્દ્રિયના સુખો અને તેના સાધનો તરફ તૈયાર છે, તેમાં ઉપદેશની જરૂર નથી. નાના છોકરાના મોઢામાં કડવું મૂકો તો તે કાઢી નાંખે છે. સુખથી રાજી થવું ને દુઃખથી રડવું તે કોને શીખવ્યું ? ગળી વસ્તુ આપો તો ગળી જવું ને કડવી આપો તો કાઢી નાંખવું તે કોણે શીખવ્યું ? સારો શબ્દ સાંભળવા તૈયાર ને ખરાબને છોડવો તે કોને શીખવ્યું ? તેમ તેના સાધનો જીવો લે છે. જાનવરો તે પણ ખોરાક લે છે, ખોરાકની ગંધ લે છે તે કંઈ

નિશાળમાં ભણ્યા છે? વિષય અને તેના સાધનો માટે શીખામણ દેવી પડતી નથી. આપણી ઉંમરમાં બાલપણાને વિચારો! ગળ્યું હોય તે ગળવું ને કડવું લાગે તે કાઢી નાંખવું તે કોણે શીખવાડ્યું? માબાપ જે કડવું ઉતરાવવા માંગતા હતા તે મમળાવીને કાઢતાં કોણે શીખવ્યું? માબાપે નહોતું શીખવ્યું, એળીયો દેવા તૈયાર હતા. લગીર ગોળ ન આપ્યો ને ભૂલી ગઈ તો મોઢામાં નાંખતાં કાઢી નાંખે. ગોળ લગાડયો હોય તો ગળી જાય. તે કોણે શીખવ્યું? દુનિયામાં વિષયો અને તેના સાધનો માટે શીખવવું પડતું નથી. પણ તેના તરફ ધસેલા છે. માટે વગર ઉપદેશે અર્થ અને કામ તરફ ધસેલો છે.

### ઉપદેશ વિના દાન આદિ થતાં નથી.

ત્યારે કયાં ધસેલો નથી? તો ધર્મમાં. ઉપદેશ વગર દાન શીલ તપ ને ભાવ સૂઝયા નથી. ઉપશમ–વિવેક–સંવર, જ્ઞાન દર્શન ચારિત્ર તે સૂઝતા નથી. તે કોઇને સૂઝયા? આપણા બચ્ચામાં ને આપણી નાની ઉંમરમાં વિચારો–દાનાદિ ઉપશમાદિ સૂઝયા ખરા? મંગળભાઈ છોકરાને પૈસો આપી પૂજા કરાવે. પણ રૂપિઓ આપ્યો હોય તે મૂકાવતાં ભારે પડે. તો મમત્વભાવ વિષયની તૃષ્ણા સ્વાભાવિક છે. દાનનીબુદ્ધિ સ્વાભાવિક કોઇને દેખી? મા બાપ શીખવે, તેમ શીલ પવિત્રતા રાખવી આ કોઇને પોતાની મેળે થાય છે ખરી? ગુરૂ મા બાપ વિગેરે કહે ત્યારે થાય. તપસ્યામાં વિચારો–ખાવાનું જન્મ્યા ત્યારથી શરૂ કર્યું પણ ઉપવાસ કયા દિવસે કર્યો? જૈનેતરોએ નામ ઉપવાસ રાખ્યું ને ભોજન દશમ કરતાં અગીયારશે વધારે કરવાનું રાખ્યું. તપસ્યા કરવી તે જીવને મુશ્કેલીની ચીજ.

### સુપાત્ર દાનમાં ગુણની ઉત્પત્તિ.

દાન કરવું ને મમત્વનો ત્યાગ કરવો તે સ્હેલું નથી. દીધું તે દાન થયું પણ તેનું ઉંડું તત્ત્વ કયું તે ધ્યાનમાં રાખ્યું? જે દાબડીમાં હતું તેને છૂટા પાડવામાં થયો. તો ધર્મ શામાં થયો?

દાબડી કે ખીસામાં નાંખવાથી ધર્મ નથી થયો. પણ મારો મમત્વભાવ–જેને અપાય છે તે હું છોડું છું. જે આ ચીજ કર્મ-બંધના કારણમાં રહેત તેના કરતાં ધર્મના કારણમાં બીજાને દઉં. સુપાત્રદાનને અધિક ગણીયે તેમાં કારણ શું? અનુકંપાદાનમાં ફલ કહીયે તે જીવન સધાય અને બચે. પણ ગુણની ઉત્પત્તિનું તત્ત્વ નથી. ત્યારે સુપાત્રદાનમાં ગુણની ઉત્પત્તિનું તત્ત્વ છે.

**સુપાત્ર દાનમાં બુદ્ધિ કઇ જોઇએ ?**

બે પ્રકારે સુપાત્રદાન છે. એક સુપાત્રદાન બંધન કરાવે ને એક સુપાત્રદાન નિર્જરા કરાવે. તેમાં એ ફરક–જ્યારે સુપાત્રદાન દેવાવાળો વિચારે કે આ સાધુ મહારાજ છે, સંસારથી વિરક્ત છે, તેને હું આપું. જો ફક્ત તેમના મહાવ્રત તપસ્યા ગુણો ધારીને આપે તો શુભ આયુષ્યતા બાંધે. એકલા ગુરૂપણાના ગુણ ધારીને આપવું તે એકાંત નિર્જરા. પોતાના સાટા તરીકે આપવું. તે કેવી રીતે? સાટા ખત લખે તેમાં કાગળ સહિ કલમ કેટલી? તેની કિંમત કેટલી? તો પુરેપુરી જોખમદારી સહિમાં. દાન જોખમદારીથી કરે છે. તે કેમ? તો મોક્ષ સાધુપણું લીધા વગર મલવાનો નથી. સમગ્ર કર્મનો ક્ષય કરવા ચારિત્ર સિવાય રસ્તો નથી. હું અસમર્થ છું. ચારિત્ર લેતો નથી. માયા મમતા છોડી શકતો નથી. ખાલી ખેતરમાં કેરેલું વાવેતર તે લીલુછમ કરી નાંખે. તેમ આ મોક્ષના માર્ગ માટે ખાલી પરંતુ જેમ ખેતરમાં વાવેતર કરાય તો લીલુછમ થાય છે. તેમ મારે અહિં ચારિત્રનું વાવેતર કરવું છે, મોક્ષ લેવો છે તે ચોક્કસ મોક્ષ ચારિત્ર વગર થાય તેમ નથી તે ચોક્કસ, હું ચારિત્ર લઈ શકતો નથી પણ લેવું તે ચોક્કસ, માટે વાવેતર કરૂ છું. ડાંગરના વાવેતરમાં ડાંગરને એક કયારામાં વાવેલી હોય પછી રોપાય આખા ખેતરમાં, આખા ખેતરમાં ન વવાય તો કયારામાં વાવીને આખા ખેતરમાં વાવવું. મારા આત્મામાં ત્યાગ પાલનની શક્તિ નથી કેળવી શકતો, પણ મને કયારો મલ્યો છે. કોણ કયારો? તો સાધુ. તેમાં ચારિત્ર, તપ, કર્મક્ષય, ગુણવૃદ્ધિ, મોક્ષ સાધનમાં મદદગાર થઉં તો તે

મને પ્રાપ્ત થશે. કકડો રોટલી અને લોટી પાણીથી તે મારા આત્મામાં ચારિત્રની પરિણતિ, અને મોક્ષની લાયકાત મેળવી શકું. આવી રીતે તપની, ચારિત્રની પુષ્ટિ, કર્મક્ષય, મોક્ષની સાધના ધ્યાનમાં રાખીને તે મને મળે માટે આ આપું છું. આવું મોક્ષની સાધના ધારીને જે દાન દેવાવાળા તેને શું ફલ થાય? તો 'एगंत निज्जरा' આ દાનમાં એકાંત નિર્જરા કરે છે. એટલું બધું શું થયું? ગૌતમસ્વામિએ પ્રશ્ન કર્યો કે ટુકડા રોટલી ને લોટી પાણી આપવામાં મોટું કર્યું શું? ત્યારે ભગવાન મહાવીર મહારાજે જણાવ્યું કે હે ગૌતમ! તેને દુષ્કર કર્યું અને દુસ્ત્યજ તજ્યું. આવી રીતે સુપાત્રદાન કરનાર તે દુષ્કર કરનારા ને દુસ્ત્યજ તજનારા છે. શા માટે? પોતાને સંયમ ને મોક્ષમાર્ગ મળે, પોતે મોક્ષ સાધવાની શક્તિવાળો બને માટે આ આપે છે. માટે દુષ્કર કરે છે ને દુસ્ત્યજ ત્યજે છે. આખી દુનિયાની માયા છોડે છે. આખો સંયમમાર્ગ મોક્ષમાર્ગ અમલમાં મૂકવાનું. મન કરે છે. સાકરભાઈને જીવ વિચાર આવડતા હશે? દાન તો બાલપણથી પ્રવર્તે છે. દાન પહેલાં પ્રવર્તે છે, દાન પહેલાં કહેવાય છે, છતાં શાસ્ત્રકારે બારમે વ્રતે મુકયું. તેથી શાસ્ત્રકારે અનાદિપણું કર્યું? જે દાન પહેલવહેલું છે. દેખીયે તો પહેલું તેને સ્થાન આપવું જોઈએ છતાં બારમે મુકયું સામાયિક, દેશાવગાસિક, પૌષધ કર્યા પછી દ્રવ્યથી-ખોરાક પાણી વસ્ત્ર પાત્ર તે દ્રવ્ય છે. જે મનુષ્ય દ્રવ્યથી ધર્મ થતો તેથી તેવું કહેનારે અતિથિસંવિભાગ ઉપર છીંણી ફેરવવી જોઈએ. માટે શાસ્ત્રકાર કહે છે કે દેવું તે ખરી મુશ્કેલી. કરારરૂપે આ દેવું છે. સાટારૂપે દેવું છે આટલું મને મળે માટે આ આપું છું. ચારિત્ર મોક્ષમાર્ગ પામું. સંયમ તપને કરનારો થઉં માટે આ બીજ વાવું છું. તે બીજ તરીકે જે આપવું તે કેટલી મમતા તૂટી હોય તો બની શકે? મારે મેળવવું છે. માટે સાટા તરીકે આપું છું. આ કયારે બને? સંયમ તપનુ પોષણ કરૂં તો તેના આધારે મને પ્રાપ્ત થાય. માટે આ કરૂં છું તો કેટલું મુશ્કેલ. સાટાખતમાં પણ બાનું પહેલું આપીએ. સાટાખતની

બુદ્ધિએ દાન કરનારા તે એકાંત નિર્જરા કરનારા છે. માટે જણાવ્યું કે-ત્યાં કઇ પણ પાપકર્મ નથી. આવી રીતે દાન તપની પ્રવૃત્તિ, ભાવનાની પવિત્રતા રાખવી તે કેટલી મુશ્કેલી પડે છે. વિષય અને સાધનો માટે જીવ આપોઆપ તૈયાર છે પણ દાનાદિને માટે, સંયમ માટે તપને ઉપશમાદિને માટે તૈયાર નથી. તે કયાંથી મળે ? તો પરમેશ્વરના ઉપદેશથી. જૈનો પરમેશ્વરને સ્વતંત્રતાના સર્જનહાર તરીકે માને છે. બીજાઓ જગતસૃષ્ટિના સર્જનહાર તરીકે માને છે. તે સ્વતંત્રતાનું સર્જન કયા દ્વારાએ ? જો સ્વતંત્રતા આત્માને આધીન હોત તો આખા જગતને અપાવી દીધી હોત પણ તેમના હાથની વાત નથી, જેમ સૂર્ય તેજ દ્વારાએ જગતને ઉપકાર કરે છે. અહિંયાં જૈનોના પરમેશ્વર સ્વતંત્રતાનો સંદેશ આપે છે. તે દ્વારાએ જગતમાં ફેલાવે છે. કયા દ્વારાએ ? તો વચન દ્વારાએ જિનેશ્વરનો સંદેશો તે જિનવચન, તે જગતના સંદેશરૂપ, ઉદ્ધારરૂપ, સ્વતંત્રતા મેળવવાનું કારણ છે. માટે વચનની આરાધનામાં તત્પર રહેવું જોઇએ. જેઓ જિનેશ્વરના સંદેશાને સમજે ધારે વિચારે તેવું વર્તન કરીને આત્માને આરાધનામાં દાખલ કરે. તે વચન કયું ? વિષય સ્વરૂપ ફલ કયું ? તે જે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

સદ્ધર્મ દેશના વિભાગ

બીજો સમાપ્ત.

आगमोद्धारक–आचार्यश्रीआनन्दसागरसूरिपुरन्दरप्रणीता

# आगमाधिकार–षट्त्रिंशिका (१)

वाङ्मयानि जिनोक्तानि, दृब्धानि गणधारिभिः।
आचारादीनि यतिभिरध्येयानि समाक्रमात् ॥१॥

અર્થ–શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલ અને શ્રીગણધરભગવંતોએ ગુંથેલ એવા આચારાંગ આદિ આગમોનું અધ્યયન વર્ષના ક્રમે એટલે દીક્ષા ગ્રહણ પછી ત્રણ વર્ષે નિશીથાધ્યયન, ચાર વર્ષે સૂત્રકૃતાંગસૂત્ર આ પ્રમાણે સાધુઓએ કરવું જોઈએ ॥૧॥

अध्येति सूत्रतः साधुरागमं पाठकाननात्।
अर्थतः सूरिराजानां, मुखतः पात्रतां गतः ॥२॥
अत एव श्रुते 'दीपो न गार्हस्थ्य' इतीरितम्।
साधोर्मनोरथो देवीभूतस्याल्पागमाश्रितः ॥३॥
चतस्रोऽपि प्रतिपदः स्वाध्याये वर्जिता मुनेः।
व्रते शिक्षापदं श्रौतयोगवत्तेति कीर्तितम् ॥४॥
श्राद्धाः शास्त्रेषु लब्धार्थादिविशेषणसंयुताः।
गदिता गणभृद्भिर्न, मुनिवत्सूत्रधारिणः ॥५॥
त्रिवर्षीयो मुनिः पाठ्यः, प्रकल्पः पुनरग्रतः।
वर्षवृद्ध्या क्रमात् शेषसूत्राणीति जगौ गणी ॥६॥

અર્થ–આગમોનું અધ્યયન સૂત્રથી ઉપાધ્યાયજીના મુખથી અને અર્થથી આચાર્યજીના મુખ કમલથી યોગ્યતાને પામેલ મુનિ કરે, આવું શાસ્ત્રનું કથન હોવાથી આગમ ભણવાનો અધિકાર સાધુને છે. નહિ કે ગૃહસ્થને ॥૨॥ આથી જ ગૃહસ્થપણામાં દીવો (આગમરૂપી) ન હોય એમ આગમમાં કહ્યું છે. તેમજ જે સાધુ દેવપણાને પામેલ હોય તે દેવને અલ્પાગમ સમ્બન્ધી મનોરથ હોય છે. ॥૩॥ તથા સૂત્રનું અધ્યયન કરવામાં ચાર મહા પડવાઓ

(સ્થાનાંગાદિસૂત્રમાં) વર્જ્યા છે, તે સાધુને ઉદ્દેશીને છે, ગૃહસ્થને ઉદ્દેશીને નહિ. તેમજ વ્રતમાં શિક્ષાપદ શ્રુતસંબંધી યોગવાલાપણું કહ્યું છે ॥૪॥ તથા આગમમાં શ્રીગણધરદેવોએ શ્રાવકોને 'लद्धट्ठा' (અર્થને જાણવાવાળા) વિશેષણવાળા કહ્યા છે પણ મુનિની જેમ સૂત્રધારક નથી કહ્યા. ॥૫॥ સાધુને પણ સૂત્ર ભણવાનો અધિકાર દીક્ષાની સાથે તત્કાલ નથી આપ્યો પણ ત્રણ વર્ષના પર્યાય થયા પછીજ, માટે ત્રણ વર્ષના પર્યાયવાળા મુનિને નિશીથાધ્યયન ભણાવવું. પછી આગલ જેમ જેમ વર્ષ પર્યાય વધે તેમ તેમ બાકીના સૂત્રો અનુક્રમે ભણાવવા એમ ગણધરદેવોએ ફરમાવ્યું છે. ॥૬॥

अत्राह कश्चित्–प्रथमं, ज्ञानं पश्चाद्दयेति यत्।
जगाद स्पष्टं भगवान्, श्रुते शय्यंभवो गणी ॥७॥
चारित्रकाङ्क्षिणां पुंसांहितवे प्राकृताः कृताः।
आगमा इति किं शास्त्रे, नोदितं मुनिपुङ्गवैः ? ॥८॥
तत् शास्त्राध्ययने योग्याः साधवो गृहिणोऽपि हि।
इत्थं न पक्षपातश्चेत्तदा वाच्यं मनीषिभिः ॥९॥

અર્થ–અહિં કેટલાક કહે છે–શ્રી દશવૈકાલિકસૂત્રમાં શ્રીશય્યંભવસૂરિજીએ સ્પષ્ટ કહ્યું છે કે પ્રથમ જ્ઞાન અને પછી દયા–સંયમ. ॥૭॥ તથા ચારિત્રની ઇચ્છાવાળા મનુષ્યોને માટે આગમો પ્રાકૃત ભાષામાં રચ્યા છે એમ મુનિપુંગવોએ શાસ્ત્રમાં કહ્યું છે. ॥૮॥ તે માટે આગમોનું અધ્યયન કરવામાં સાધુઓ તેમજ ગૃહસ્થો અધિકારી છે એમ વિદ્વાનોએ કહેવું જોઇએ. જો પક્ષપાત ન હોય તો. ॥૯॥

साधुधर्मानुरक्तानां विरतिर्देशतो भवेत्।
सम्यग्दृष्टेरपि स्वान्तं मुनिधर्मेण वासितम् ॥१०॥

અર્થ–તથા સાધુધર્મના રાગવાળા આત્માઓને જ દેશથી વિરતિ હોય છે, તેમજ સમકિતીજીવોનું મન પણ સાધુધર્મથી વાસિત જ હોય છે. ॥૧૦॥

उत्तितीर्षुर्भवाब्धिं प्राग्यथा देवं तथा गुरुं।
सुवर्णवत् परीक्षाभिर्निपुणं लक्षयेत् सुधीः ॥११॥
नार्हः स्याद् भावितो मुक्त्यै पार्श्वस्थादिकुमार्गगैः।
त्यक्त्वा शिवाध्वविघ्नांस्तदाश्रयेत् सुगुरुं ततः ॥१२॥
सर्वं न चेदं सूत्रार्थज्ञानं विना समर्थयेत्।
श्राद्धस्तत्सर्वविरतिर्योग्योऽत्रेति वचो मुधा ॥१३॥

અર્થ–ભવસમુદ્રને પાર પામવાની ઇચ્છાવાળો તેમજ સારી બુદ્ધિવાળો એવો આત્મા જેમ પ્રથમ ઉત્તમ દેવની તેમ ઉત્તમગુરૂની સુવર્ણની પેઠે પરીક્ષાવડે ઓળખાણ કરે. ॥૧૧॥ પાસત્થા વિગેરે ઉન્માર્ગે ચાલનારા કુગુરૂઓથી વાસિત એવો જીવ મુક્તિ માટે યોગ્ય થતો નથી માટે મોક્ષમાર્ગમાં કંટક સમાન એવા કુગુરૂઓને ત્યજીને સદ્‌ગુરૂને અંગીકાર કરે. ॥૧૨॥ આ બધું ઉપરોક્ત સૂત્ર અને અર્થના જ્ઞાન વગર શ્રાવક સિદ્ધ ન કરી શકે માટે 'સર્વવિરતિવાળો સાધુજ આગમોનું અધ્યયન કરવામાં અધિકારી છે ગૃહસ્થ નહિં' એ વચન વૃથા છે. ॥૧૩॥

किञ्च यान्येव निर्हेतुपार्श्वस्थत्वादिसाधने।
कारणानि हि तान्याप्तोपदेशात् मुनिताविधौ ॥१४॥
उत्सर्गानपवादांस्तत् ज्ञात्वा बुध्येत सद्गुरुं।
न तज्ज्ञानं च सूत्रार्थबोधं विरहय्य जातुचित् ॥१५॥

અર્થ–વળી પાસત્થાપણું વિગેરે સિદ્ધ કરવામાં જે કારણો છે તેજ કારણો આપ્તોપદેશાનુસાર મુનિપણું સિદ્ધ કરવામાં છે ॥૧૪॥ તે માટે ઉત્સર્ગો અને અપવાદોને સમજી સદ્‌ગુરુને ઓળખે અને તે (ઉત્સર્ગ અને અપવાદનું) જ્ઞાન સૂત્ર અને અર્થના બોધ વગર કદી થાય નહિં. ॥૧૫॥

जिनोपदिष्टतत्त्वानि, सम्मतानि सुदृष्टिना।
न जिनैरुदितं किञ्चित्कस्मैचित् रहआश्रितैः ॥१६॥

अपक्षेण ततो विज्ञैः, सूत्रार्थज्ञानगोचरं।
वाच्यं क्षमत्वमखिलश्राद्धानां मार्गसिद्धये ॥१७॥

અર્થ-સમ્યગ્દૃષ્ટિ જીવોને શ્રીજિનેશ્વરદેવોએ ઉપદેશેલા તત્ત્વો માન્ય હોય છે, અને શ્રીજિનેશ્વર ભગવંતોએ કોઈને કંઈ પણ એકાંતમાં રહીને કહ્યું નથી, અર્થાત્ એમનું કથન જગજાહેર છે. ॥૧૬॥ તે માટે શ્રાવકોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે સૂત્રાર્થવિષયક યોગ્યત્વ અર્થાત્ શ્રાવકો પણ સૂત્ર અને અર્થ ભણવાને લાયક છે એમ વિદ્વાનોએ નિષ્પક્ષપાતપણે કહેવું જોઈએ. ॥૧૭॥

गृहिणां मुख्यतो दानं, शीलादीन्युपसर्जनात् ।
तत्राऽपि पात्रदानस्य, महिमा वचनातिगः ॥१८॥

द्वयेषां पात्रदानं स्याद्, गृहिणां धर्मधीमतां।
संविग्न (आतुर) लुब्धकज्ञातभावितानां मुनिव्रजे ॥१९॥

आद्ये द्वयोर्हितं दातृग्रहीत्रोर्न परे ततः।
श्राद्धैर्ज्ञेयानि सूत्राणि, समस्तानीति युक्तियुक् ॥२०॥

અર્થ-ગૃહસ્થોને મુખ્યપણે દાનધર્મ છે, બીજા શીલ વિગેરે ધર્મો ગૌણપણે હોય છે. તે દાનધર્મમાં પણ પાત્રદાન શ્રેષ્ઠ છે કારણ એનો મહિમા વચન અગોચર છે, અર્થાત્ ઘણો છે॥૧૮॥ મુનિઓ વિષે ધર્મની બુદ્ધિવાળા બે પ્રકારના ગૃહસ્થોને પાત્રદાન હોય છે, અર્થાત્પાત્ર દેનારા બે પ્રકારના હોય છે, એક સંવિગ્ન-ભાવિત અને બીજા લુબ્ધકદૃષ્ટાન્ત ભાવિત ॥૧૯॥ પ્રથમમાં એટલે સંવિગ્નભાવિત દાતારના દાનમાં દેનાર અને લેનાર બન્નેને હિત-એકાંત-નિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્ય થાય છે. જ્યારે બીજા દાનમાં તે નથી. તે માટે શ્રાવકોએ તમામ સૂત્રો જાણવા જોઈએ, અર્થાત્ સૂત્ર ભણવાનો અધિકાર ગૃહસ્થોને હોવો જોઇએ, એ વાત યુક્તિ સંગત છે. ॥૨૦॥

कल्पनाकल्पितं सर्वमेतद् यत् पर्यवक्रमात्।
साधोः पात्रस्य सूत्राणामुद्देशादि प्रकीर्तितम् ॥२१॥

सूत्रार्थाध्यापने पापं, गृहिणां सूत्रकृज्जगौ।
त्रिविधेष्वप्यागमेषु, न चाप्येकोऽस्ति तेषु तु ॥२२॥

અર્થ—આ બધું ઉપરોક્ત વાદિનું કથન કલ્પના કલ્પિત છે, અર્થાત્ અસત્ય છે. કારણ—આગમોના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા વિગેરે શાસ્ત્રમાં પર્યાયના ક્રમથી યોગ્ય સાધુને ઉદ્દેશી કહેલ છે, શ્રાવકોને ઉદ્દેશીને નહિ ॥૨૧॥ ગૃહસ્થોને સૂત્ર ભણાવવામાં નિશીથસૂત્રમાં સૂત્રકાર ભગવાને પાપ બતાવ્યું છે. આ ઉપરથી સૂત્ર ભણવાનો અધિકાર શ્રાવકોને નથી એ સ્પષ્ટ થાય છે. તેમજ આત્માગમ—અનંતરાગમ—અને અને પરંપરાગમ એમ ત્રણ પ્રકારના આગમોમાંથી એક પણ આગમ શ્રાવકોમાં નથી ॥૨૨॥

ज्ञानमाद्यं दया तस्मादित्यत्र संयमो दया।
विना तं चाफलं ज्ञानं, भावार्थोऽयं बुधैर्मतः ॥२३॥

ज्ञात्वाभ्युपेत्याकरणं, 'यतो विज्ञैव्रतं मतं।
तज्ज्ञानं व्रतिभिः पूर्वं, कार्यमेषोऽत्र निश्चयः ॥२४॥

जीवाजीवौ त्रसस्थास्नू जानानः सद्व्रती मतः।
निश्रया ज्ञानिनः शुद्धो, माषतुषसमो मुनिः ॥२५॥

जीवाजीवौ विजानानो वेत्ति पुण्यमघं च ते।
विद्वान् बहुविधा विद्याद्, गतीस्तस्माद् व्रती भवेत् ॥२६॥

पारम्पर्यमिदं मोक्षावसानं मनसि स्मरन्।
गृह्याचारे इदं सूत्रं, विद्वान् नैव निवेशयेत् ॥२७॥

અર્થ—પ્રથમ જ્ઞાન અને તે પછી દયા (पढमं नाणं तओ दया) એ સ્થળે દયાનો અર્થ સંયમ છે, એટલે સંયમ વિનાનું જ્ઞાન નિરર્થક છે. આ ભાવાર્થ જ્ઞાનિઓએ માન્યો છે ॥૨૩॥ પ્રથમ હિંસાદિ જાણવું પછી તેની પ્રતિજ્ઞા કરવી અને હિંસાદિ ન કરવું

એને જ્ઞાનિઓએ વ્રત માન્યું છે માટે તે હિંસાદિ સંબંધી જ્ઞાન વ્રત લેનારાઓએ પ્રથમ કરવું જોઇએ એ અહિં નિશ્ચિત-જરૂરી છે. ॥૨૪॥ જીવ અજીવ ત્રસ સ્થાવરને જાણનારને સદ્વ્રતી-સુપ્રત્યાખ્યાની માનવામાં આવેલ છે. માષતુષ આદિના સરખા અલ્પજ્ઞાનવાળા પણ મુનિ જ્ઞાનિની નિશ્રાથી શુદ્ધ છે એમ સમજવું ॥૨૫॥ જીવ અને અજીવને જાણનાર પુણ્ય અને પાપને જાણે છે અને પાપને જાણનાર અનેક પ્રકારની ગતિઓ જાણે છે અને તેથી ધારણ કરનાર થાય છે. ॥૨૬॥ આવી રીતે મોક્ષસુધીની પરંપરાને વિચારનાર વિદ્વાન્ આ (पढमं नाणं) સૂત્રને ગૃહસ્થના આચારમાં જોડે નહીં.

सूत्रार्थाभ्यामगारिभ्यश्चतुर्थाध्ययनावधि ।
दशवैकालिकं देयं मुनिनाऽर्थाद्धि पञ्चमम् ॥२८॥
साध्वाचारं ततः श्राद्धा ज्ञास्यन्ति निखिलं पुनः ।
परोक्तानां विकल्पानां सिद्धसाधनता ततः ॥२९॥

અર્થ-ગૃહસ્થોને શ્રી દશવૈકાલિકસૂત્ર ચાર અધ્યયન સુધી સાધુએ સૂત્રથી તેમજ અર્થથી આપવું અને પાંચમું અધ્યયન અર્થથી આપવું પણ સૂત્રથી નહિં ॥૨૮॥ તેથી દશવૈકાલિકસૂત્રથી સમસ્ત સાધુના આચારોને શ્રાવકો જાણશે. એ પછીના વાદિએ કરેલા બધા વિકલ્પો સિદ્ધસાધન જેવા છે. ॥૨૯॥

चारित्रकाङ्क्षिता साधोः, सम्भवेत् गृहिणां पुनः ।
प्रतिमादि समभ्यस्यं, श्रुत्वा साधोस्तकच्छ्रयेत् ॥३०॥

અર્થ-ચારિત્રની આકાંક્ષા-અભિલાષા સાધુને સંભવે છે, ગૃહસ્થોને તો અભ્યાસ કરવા યોગ્ય જે પ્રતિમાદિ તેને સાધુપાસેથી સાંભળી અંગીકાર કરે. ॥૩૦॥

यथार्हं वा श्रुतं श्राद्धोऽध्येति तत्प्राकृते कृतिः ।
नैवं स सर्वसिद्धान्तपारदृश्वत्वमर्हति ॥३१॥

जिनेशगीर्यथास्वं स्यात्तद्धितं न रुणद्धि सा।
वृष्टेऽपि पुष्करावर्त्ते कुम्भे कुम्भोन्मितं जलम् ॥३२॥

जिनेशदेशना जीवोऽस्तीत्यादिर्न च सा रहः।
नोत्सर्गानपवादांस्तु, सर्वेभ्यो वदतीशिता ॥३३॥

दानस्य देशनां शुद्धोञ्छाद्यनुश्रित्य शृण्वतां।
लुब्धक (आतुर) ज्ञातयोग्यत्वं स्यात् श्रुताधीतिमन्तरा ॥३४॥

तन्वन् स्थूलां दयां कष्टात्, चक्षाणः सर्वगां दयां।
कथं न हास्यतां यायात्, तन्मुनिः शुद्धमार्गवाक् ॥३५॥

पार्षद्यान् हेयमन्वाख्यान्, स्वयं तद्विदधज्जने।
मिथ्यात्वं वर्धयेत्तस्मात्, शुद्धाचारं मुनिर्वदेत् ॥३६॥

અર્થ—યથાયોગ્ય દશવૈકાલિકસૂત્ર ચાર અધ્યયન સુધી શ્રાવક ભણે છે. માટે સૂત્રો પ્રાકૃતભાષામાં રચવામાં આવ્યા છે, આથી તે શ્રાવક તમામ સિદ્ધાંતનો પારગામી અર્થાત્ ભણવાનો અધિકારી સિદ્ધ થતો નથી. ॥૩૧॥ જિનેશ્વરની વાણી પોતાની યોગ્યતા પ્રમાણે ગ્રહણ કરેલી હોય તો તે હિતને રોકનારી થતી નથી, અર્થાત્ હિતકરનારી થાય છે. અર્થાત્ ગૃહસ્થ દશવૈકાલિકના ચાર અધ્યયન સુધી જ સૂત્ર ભણવાને યોગ્ય છે, વધારે નહિ. પુષ્કરાવર્ત મેઘ વરસે છતાં ઘડામાં ઘડા પ્રમાણ જ જળ માવે છે ॥૩૨॥ જિનેશ્વરની દેશના 'જીવ છે' એ વિગેરે હોય છે અને તે દેશના એકાંતમાં હોતી નથી. અર્થાત્ પર્ષદા સમક્ષ હોય છે એ વાત ખરી પરંતુ ભગવંત બધાને ઉત્સર્ગ અને અપવાદો કહેતા નથી ॥૩૩॥ શુદ્ધોઞ્છાદિ ભિક્ષા અનુસરતી દાનની દેશના સાંભળવાથી સૂત્રના અભ્યાસ વગર લુબ્ધકદૃષ્ટાંતભાવિત તેમજ સંવિગ્ન ભાવિત દાતારની યોગ્યપણાને પામે છે. ॥૩૪॥ સ્થૂલદયાને કષ્ટે કરનાર, એવો શ્રાવક સર્વવિરતિનો ઉપદેશ આપનાર થાય તો એ હાંસીને પાત્ર કેમ ન થાય ? અર્થાત્ થાય. માટે મુનિજ શુદ્ધમાર્ગની વાણીવાળો હોય અર્થાત્ ઉપદેશક હોય. ॥૩૫॥ પર્ષદામાં બેઠેલા

પુરૂષોને હેય-ત્યાજ્યનો ત્યાગનો ઉપદેશ કરનાર અને પોતે ત્યાજ્યને આચરનાર જીવોને વિષે મિથ્યાત્વને વધારે છે તે માટે શુદ્ધ આચારના પાલનકરનાર મુનિજ શુદ્ધાચારને કહે ॥૩૬॥

इत्थं शास्त्रवचः समाहितधिया बुद्ध्वा जिनेशोदितं,
सद्वाचंयमसाधितं शिवकरं श्राद्धाः गुणप्राप्तये।
उद्यच्छन्तु सदा प्रमादनिचयं प्रोज्झ्यादरात् धीयतां,
सन्मार्गादरणे मनश्च निखिलानन्दात्मसिद्धिप्रदे ॥३७॥

અર્થ-આ પ્રમાણે જિનેશ્વર ભગવંતે પ્રરૂપિત શ્રેષ્ઠ મુનિવરોએ આરાધિત અને કલ્યાણ કરનાર એવા આગમવચનને શાંતચિત્તથી સમજીને હે શ્રમણોપાસકો ! ગુણની શ્રેણીની પ્રાપ્તિ માટે પ્રમાદોને ત્યજી આદરપૂર્વક ધર્મોદ્યમ કરો અને સંપૂર્ણ આનંદ રૂપ મોક્ષને દેનાર એવા મોક્ષમાર્ગના આચરણમાં અંતઃકરણને સ્થાપો.

# आगमस्तवः (२)

यस्तीर्थपेन जगदे भविनां हिताय,
स्याद्वादलाञ्छनमयः कुमतैरबाध्यः।
यं सूत्रतो गणधरा धृतसंयमानां
मुक्त्यै ग्रबन्धुरनघं सुखधारणायै॥१॥ (वसन्ततिलका)

येनेष्टमापुरमिता असुमन्त आढ्या,
ज्ञानाद्यनन्तगुणरत्नगणैः शिवं द्राक्।
यस्मै नतिं वितनुते जिनराट् सभायां,
सर्वज्ञतामधिगतः सुरराजपूज्यः ॥ २ ॥

यस्माज्जना अधिगताः कुमताध्वमूढाः,
श्रद्धानबोधचरणत्रयसिद्धभावाः।
तस्य प्रभावमसमं जगदुर्गणेशा,
मत्यादितः प्रवरकेवलतोऽपि साक्षात् ॥ ३ ॥

यस्मिन् स्वरूपममलं जगतां समस्त-
मुद्देशमुख्यविधयोऽपि सदा हिताढ्याः।
मान्यः स तं धरतु तेन शिवर्द्धिकोऽ(र)स्तु,
तस्मै नमोस्तु तत उद्गमनोऽस्तु तस्य ॥ ४ ॥

कैवल्यमस्तु विमला रुचिरस्तु तत्र,
मान्यत्पदं महिमभागित आप्तमार्गे।
कालादिकं निगदितं वसुसङ्ख्यमग्र्यैः,
शुद्धागमस्य विधये भवभीतिभेदि ॥ ५ ॥

અર્થ—તીર્થપતિ શ્રી જિનેશ્વર ભગવંતે જીવોના ઉપકાર માટે અનેકાન્ત સ્વરૂપ કુમતોથી અબાધ્ય-અકાટ્ય એવો જે (આગમ) પ્રરૂપ્યો છે. જે (આગમ)ને ગણધરભગવન્તો મુક્તિ માટે સંયમને ધારણ કરનારા એવા સાધુઓ સુખે ધારણ કરે એ માટે સૂત્રથી

નિર્દોષ–દોષરહિત રચના હવા ॥ ૧ ॥ જે (આગમ) વડે ઘણા જીવો જ્ઞાન વિગેરે ગુણરત્નોથી યુક્ત થઈ જલ્દી ઇચ્છિત મોક્ષને પામ્યા છે. જે (આગમ)ને સર્વજ્ઞ અને ઇન્દ્રોએ પૂજનીય એવા જિનેશ્વર ભગવાન પર્ષદામાં નમસ્કાર કરે છે. ॥ ૨ ॥ જે (આગમ)થી કુમતના માર્ગથી મૂઢ–મોહ પામેલા જીવો શુદ્ધભાવવાળા થઈ દર્શન જ્ઞાન અને ચારિત્રને પામ્યા. જે (આગમ)ના પ્રભાવને ગણધર ભગવંતોએ મતિજ્ઞાન વિગેરેથી તેમજ ઉત્તમ કેવલ-જ્ઞાનથી પણ અસમ–અધિક કહ્યો છે. ॥ ૩ ॥ જે (આગમ)માં જગતનું તમામ શુદ્ધ સ્વરૂપ ( બતાવવામાં આવેલું ) રહેલું છે તેમજ હમેશાં હિત કરનારી એવી ઉદ્દેશ સમુદ્દેશ વિગેરે વિધિઓ પણ (બતાવવામાં આવેલી) રહેલી છે. તે (આગમ) માન્ય હો તેને ધારણ કરો, તે વડે મોક્ષઋદ્ધિ પ્રાપ્ત થાઓ, તેને નમસ્કાર થાઓ ! તેથી ઉત્તમ માનસ થાઓ ! ॥ ૪ ॥ તેનું સંપૂર્ણપણું થાઓ ! તેને વિષે નિર્મલ શ્રદ્ધા રહો ! જે આગમથી બીજું કોઈ પદ અધિક પ્રભાવશાલી જૈનમાર્ગમાં નથી. જ્ઞાનિઓએ શુદ્ધ આગમના વિધિ–અધ્યયન કરવા માટે ભવના ભયને ભેદવામાં પ્રધાન એવા કાલ વિનય આદિ આઠ (આચારો) કહ્યા છે ॥ ૫ ॥

मत्यादिकान् गणभृतो जगुरुक्तिशून्यान्
युक्तं गिराऽऽगममिहाऽस्ति ततोऽयमाढ्यः।
स्थाप्यान् तथैव चतुरोऽपि च बोधभावान्
नैवानुयोगमहिमापि च वित्त एषाम् ॥ ६ ॥

અર્થ—શ્રી ગણધર ભગવંતોએ મતિ આદિ ચાર જ્ઞાનોને મૂક કહ્યા છે. જ્યારે આગમ–શ્રુતજ્ઞાનને અમૂક બોલતું કહ્યું છે. અને તેવીજ રીતે એ ચારે જ્ઞાનભાવોને સ્થાપ્ય–ઉદ્દેશ સમુદ્દેશ આદિને અવિષય કહ્યા છે, અને પ્રસિદ્ધ જે અનુયોગ તે પણ એઓનો ચારજ્ઞાનોનો પ્રવર્તતો નથી ફક્ત શ્રુતજ્ઞાનનો જ અનુયોગ પ્રવર્તે છે. આ ઉપરથી આગમ આઢ્ય–મહાન છે.

सर्वज्ञतापदमपि व्रतितान्वितोऽपि,
यत्पृष्ठतो निविशतीह गणाधिपानां।
छद्मावृतां मुनिरशेषगमोऽयमूनः,
किं लेशतोऽपि महिमागमबोधभाजाम् ॥ ७ ॥

અર્થ—સમવસરણમાં ચારિત્રવંત તેમજ સર્વજ્ઞપણાનું સ્થાન-સમસ્ત પદાર્થને જાણનારા એવા કેવલી ભગવાન પણ છદ્મસ્થ એવા ગણધર ભગવંતોની પાછલ બેસે છે. આ આગમના જ્ઞાનવાળાનો શું ઓછો મહિમા છે? અર્થાત્ ઘણો છે. ॥ ૭ ॥

कैवल्यभाग्मुनिततीपरिवारयुक्ते,
तीर्थाधिपे दिशति धर्ममनन्तमार्गम्।
गच्छाधिपोऽर्हदनुसारिसमग्रवाक्यो,
यस्मान्न तं क इह नौति सदागमं ज्ञः ॥ ८ ॥

અર્થ—તીર્થંકર ભગવાન કેવલજ્ઞાનિમુનિવરોના પરીવાર સહિત હોવા છતાં અરિહંતદેવના આગમાનુસારિ વચનવાળા ગણધર ભગવાન મોક્ષમાર્ગરૂપ ધર્મની દેશના આપે છે, તે આગમને કયો બુદ્ધિમાન ન સ્તવે? અર્થાત્ સ્તુતિ કરે જ ॥ ૮ ॥

सर्वज्ञतामृत उदारवचो निशम्य,
गूढान् विभिद्य हृदयोद्गतसंशयांश्च।
सर्वज्ञमामनुत आगमलब्धबोधं,
वाचंयमेन्द्रमत आगमवाचमीडे ॥ ९ ॥

અર્થ—(ઇન્દ્રભૂતિજી) સર્વજ્ઞપણા વગર (પ્રભુના) ઉદારવચનને સાંભળી ગૂઢ-સૂક્ષ્મ એવા હૃદયના સંશયોને ભેદી-દૂર કરી (પૂર્વજન્મમા) આગમથી બોધ પામેલા એવા મુનીંદ્ર (મહાવીરદેવ)ને સર્વજ્ઞ માનવા લાગ્યા હતા આથી આગમવાણીને હું સ્તવું છું. ॥ ૯ ॥

शीलान्वितोऽपि न लभेत पदं तकद्यत्
सूत्रं दधद् विमलमात्मपदानुसृत्यै ।
गन्ता गतेक्षण इहाप्नुत आधिजालं,
दृष्टा न चागममम‍ुं न किमु स्तुवेऽहम् ॥ १० ॥

અર્થ—શીલવંત ચારિત્રવંત તે પદને પામતો નથી સ્વપદની પ્રાપ્તિ માટે સૂત્ર આગમને ધારણ કરનારો જે પદને મુનિ પામે છે. જેમ આંખ વગરનો ગમન કરનાર પ્રાણી કષ્ટ પામે છે. જ્યારે દેખનાર નથી પામતો તેમ આગમરૂપી ચક્ષુ વિનાના દુઃખ પામે છે. જ્યારે આગમચક્ષુવાળા અનંતસુખ પામે છે. તો એ આગમને હું કેમ ન સ્તવું ? અર્થાત્ સ્તવું છું. ॥ ૧૦ ॥

यावच्छासनमार्हतं विजयते तावत्समेषां सम,
हेयाद्यर्थनिरूपणैकनिपुणो जैनागमो मौग्ध्यहृत् ।
श्रोतव्यो मननीय आत्मनि निदिध्यास्यः सदा दायको,
मुक्तेः सम्प्रति सोऽस्तु भीतिहरणानन्दप्रदो देहिनाम् ॥११॥
( शार्दूलविक्रीडितम )

અર્થ—જ્યાં સુધી અરિહંત પ્રભુનું શાસન જયવંતુ છે ત્યાં સુધી સમસ્ત હેય ઉપાદેય આદિ વસ્તુને જણાવનાર અને અજ્ઞાનતાને હરનાર એવું જિનાગમ જે હંમેશા સર્વેને શ્રવણ કરવા યોગ્ય છે, મનન કરવા યોગ્ય છે, એનો અર્થ આત્મા સાથે ઓતપ્રોત કરવા યોગ્ય છે. તે જિનાગમ જીવોને મુક્તિ આપનાર અને હાલમાં ભવ ભયનું હરણ કરનાર અને આનંદ આપનાર થાઓ ! ॥ ૧૧ ॥

इतिआगमोद्धारक-आचार्यश्रीआनन्दसागरसूरिभिर्दृब्धः आगमस्तवः सम्पूर्णः ॥

## અમારાં પ્રકાશનો

### શ્રી આગમોદ્ધારક સંગ્રહ

| | | |
|---|---|---|
| ૧ | તાત્ત્વિક પ્રશ્નોત્તર (અનુવાદ સાથે) ભા. ૧ કિં. | ૯-૦-૦ |
| ૨ | ઉપાંગાદિ વિષયાનુક્રમાદિ | ૪- ૮-૦ |
| ૩ | પર્વદેશના (વ્યા. સં.) | ૫- ૦-૦ |
| ૪ | શ્રી સ્થાનાંગ સૂત્ર (વ્યા. સં.) ભા. ૧ | ૫- ૦-૦ |
| ૫ | પ્રશમરતિ અને સંબંધકારિકા (વ્યા. સા.) | ૫- ૦-૦ |
| ૬ | લઘુસિદ્ધપ્રભા વ્યાકરણ સલઘુતમ નામકોષમ્ | ૨- ૪-૦ |
| ૭ | ષોડશક પ્રકરણ (વ્યા. સં.) ભા. ૧ | ૩- ૮-૦ |
| ૮ | શ્રી આગમીય સૂક્તાવલ્યાદિ | ૨- ૪-૦ |
| ૯ | શ્રી પ્રજ્ઞાપનાસૂત્રમ્ (હારિ. ટીકા) ભા. ૨ | |
| ૧૦ | ઉપદેશ રત્નાકર (મૂળ તથા ભાવાર્થ) | ૫- ૦-૦ |
| ૧૧ | નવપદ માહાત્મ્ય (વ્યા. સં.) | ૦-૧૨-૦ |
| ૧૨ | તાત્ત્વિક પ્રશ્નોત્તરાણિ (સંસ્કૃતમ્) | |
| ૧૩ | આરાધના માર્ગ | |
| ૧૪ | ષોડશક પ્રકરણ (વ્યા. સં.) ભા. બીજો | ૨-૧૨-૦ |

: પ્રાપ્તિ સ્થાન :

જૈનાનન્દ પુસ્તકાલય

ગોપીપરા, સૂરત